એહવાલે

રાહનુમા-એ માઝદયસ્નાન :

યાને

પારસી કોમમાં પેવસ થયલા જુદદીન વેહમો અને ધર્મને
નામે ચાલતી ખોટી રસમો વગેરે દૂર કરાવવા, તથા
ભાષણો અને વએઝો મારફતે માઝદય-
સ્નાનોની જરતોશ્તી ધર્મ પ્રમાણે ખરી
રાહનુમાઈ કરવા, અને જરતોશ્તી
બાળકોને ધર્મનીતિનું ઉત્તમ
શિક્ષણ આપવા માટે રાહનુમા
-એ માઝદયસ્નાન સભાએ
માથે ઉઠાવી બજાવેલાં
કામો વગેરેનો શુરૂથી
હાલ સુધીનો
ઈતેખાબ.

સભાની કારોબાર મંડળીની ફરમાશથી તૈયાર કરનાર

પાહલનજી બરજોરજી દેસાઈ,

(સભાના માજી મુનશી.)

મુંબઈ.

ઇસ્વી ૧૯૨૧.

યઝદેજર્દી ૧૨૯૦.

એહવાલે

રાહનુમા-એ માજદયસ્નાન :

યાને

પારસી કોમમાં પેવસ થયલા જુદ્દીન વેહમો અને ધર્મને
નામે ચાલતી ખોટી રસમો વગેરે દૂર કરાવવા, તથા
ભાષણો અને વઅજો મારફતે માજદય-
સ્નાનોની જરતોશતી ધર્મ પ્રમાણે ખરી
રાહનુમાઈ કરવા, અને જરતોશતી
બાળકોને ધર્મનીતિનું ઉત્તમ
શિક્ષણ આપવા માટે રાહનુમા
—એ માજદયસ્નાન સભાએ
માથે ઉઠાવી બજાવેલાં
કામો વગેરેનો શુરૂથી
હાલ સુધીનો
ઇંતેખાબ.

સભાની કારોબાર મંડળીની ફરમાએશથી તૈયાર કરનાર

પાહલનજી બરજોરજી દેશાઈ.

(સભાના માજી મુનશી.)

મુંબઈ.

ઇસ્વી ૧૯૨૧.

યજદેજર્દી ૧૨૯૦.

આ પુસ્તક ધી જમશેદજી નશરવાનજી પીતીત પારસી ઑરફનેજ કૅપટન પ્રિન્ટીગ વર્કસ, નાં૦ ૧૪૧, લાલબાગ, પરેલ, મુંબઇમાં મી૦ મેહરજી એરાંમજી મીઠાઇવાળાએ છાપ્યું છે, અને પાહલનજી બરજોરજી દેશાઇએ મુંબઈમાં ધોબા સ્ટ્રીટ, નાં૦ ૭૪, કોટ, મધે છપાવી પ્રગટ કર્યું છે.

દીબાચો.

૧૯ મી સદીના છેલ્લા અર્ધા ભાગની શુરૂઆતથી પારસી કોમની સંસારી સુધારનાનો સૂર્યોદય થવા માંડયો હતો, અને "રાહનુમા-એ માજદયસ્નાન" સભાને પ્રતાપે આ નવા પ્રકાશમાં આપણી કોમ દાખલ થવા પામી હતી, એમ કેહવામાં શરાહધાત નથી. ખરી વાત છે કે ૧૮૫૧ માં સભાનો જન્મ થાય તેની થોડાં વરસ આગમજ કેટલાક મોબેદ સાહેબોએ કોમમાં દાખલ થવા પામેલી જુદદીન રસમો સામે ચોપડી ચોપાનિયાં પ્રગટ કરી હમદીનોની નજર ઉંઘાડવા માંડી હતી, અને આ વાત પણ ખરી છે કે આ મોબેદ સાહેબોની પણ આગમજ જુની પંચાયતના માનવંત ટ્રસ્ટી સાહેબોએ લગન અને મરણ પાછળના લખલુટ ખરચો કમી કરવા બાબે કેટલાક બંદોબસ્તો ઘડી કાહડીને તેથી કોમને વાકેફ કીધી હતી. પણ આ બંદોબસ્તોથી કે મોબેદ ગ્રંથકારો તરફની ભલામણોથી કોમ ઉપર જોઇતી અસર થવા પામી નહિ, કારણ કે જુના જુદદીન રિવાજો યા નુકસાનકારક માન્યતાઓ એકદમ જતાં નથી અને તેમને દૂર કરવા માટે વારંવાર ચારવણી થયા કરવી જોઇયે છે.

તે કામ રાહનુમા સભાએ બજાવ્યું. તેણે આ રિવાજો અને માન્યતાઓનાં નામો પાડીને તે બાબતમાં આપણી ભોળી અને વેહેમી બાઇઓ તેમજ ભાઇઓની આંખ ઉંઘાડવા માંડી. વળી તેમ કરીને બેસી નહિ રેહતાં તેણે વારંવાર એજ બાબતની ધોંકા-ધોંક ચાલુ રાખી. તેમ કરવામાં એ સભા અને તેના રાહબરોને ઘણી મુસ્કેલીઓ નડી, ઘણા અપશબ્દો સાંભળવા પડયા, ઘણું નુકસાન સહન કરવું પડયું; પણ દાદાભાઇ નવરોજજી અને નવરોજજી ફરદુનજી જેવા સભાના સ્થાપકો અને સુકાનીઓ પોતે માથે ઉઠાવેલાં કામથી ડગમગ્યા નહિ. પોતાના જમાનાના પંચાયતના ટ્રસ્ટીઓની મુરબ્બીગીરી માંગવા છતાં નહિ મળી તેથી તેઓ નિરાશ થયા નહિ, મોબેદ વર્ગની ભારી વિરૂધતા છતાં નાઉમેદ બન્યા નહિ, છાપાની કે હરીફોની તાનાજની અને સતાવણીની દરકાર રાખી નહિ. એ બધું છતાં પોતાનું કામ શુભ છે એમ જાણીને તે ચાલું

રાખવાથી અંતે સભા જે જે કામો પોતાની ૭૦ વરસની ઉમરમાં બજાવવાને શકિતમાન થવા પામી તેનો ટુંક ઇંતેખાબ આ સફાઓમાં નોંધાયલો જોવામાં આવશે.

પ્રથમ તો ભોળાં પારસી નરનારીઓએ જુદ્દીનોની હાથ કીધેલી તાબુત, હોળી, મોઠમાવલી વગેરેને લગતી માનતાઓ; રાંડેલ, ચોખ્યાર, છઠ્ઠી, વગેરેને લગતી ચોકસ અવસરો ઉપરની બુતપરસ્તી જેવી ક્રિયાઓ અને ખરચો; લગન અવસર પળાતી હિંદુઓ ઉપરથી લીધેલી રસમો; પલ્લી તથા સુના રૂપાંની આંખ અને બકરાં મરઘાં વગેરે આતશ બેહરામને ચઢાવવા જેવા અજરતોસ્તી વેહેમો, વગેરે વગેરે સવાલો હાથ ધરી સભાએ તે કિસમના વેહેમોના કિલ્લા તોડી પાડવાનો પ્રયાસ મોટા ખરચને ભોગે ચાલુ રાખ્યો. તે બાબેના નિબંધો લખ્યા અને હસ્ત પત્રકોથી લોકોને વાકેફ કીધાં; ત્યારબાદ મુકતાતને બહાને બેહરાં, મારી વગેરેના આકારો અને બેજા ખરચો સામે સભાએ લડતો ચાલુ કીધી, અને તે બાબે ધર્મનું ફરમાન શું છે તેથી 'હમદીનોને જાણીતા કરવા માટે નવ મરતબે દર સાલ ચોપાનિયાં છપાવી ફેલાવ્યાં; અને છેલ્લે સભાએ ગુજરનાર પુઠે થતા ખોટા ખરચો, જરૂર વિનાનાં ભણતરો, અને હદથી જિયાદા ખરચાલી ક્રિયાઓના સંબંધમાં માજદયસ્નાનોની રાહતુમાઇ કરવા માંડી. આ સઘળાં કામો માટે સભાના આગેવાનોને આપ બળ સિવાય બીજાં કોઇપણ બળની મદદ ન હતી. તેણે ઉપલાં કામો માટે હજારો હસ્તપત્રકો અને ચોપાનિયાંઓ છપાવી મુંબઇમાંજ નહિ પણ ગુજરાતમાં જ્યાં જ્યાં જરતોસ્તીઓની વસ્તી છે ત્યાં ત્યાં મુફ્ત વેંહચ્યાં. સભાની પેહલી જ્યુબિલી વેળા અડસટો કાહડવામાં આવ્યો હતો તે પ્રમાણે જોતાં પોતાની હસ્તીનાં પેહલાં ૫૦) વરસોમાં સભાએ આવાં લખાણો આશરે ૧। લાખની સંખ્યામાં બાહેર પાડયાં હતાં. ત્યાર પછીનાં વીશ વરસોમાં એવાંજ સાહિત્યનો મોટો ફેલાવો કરવામાં આવ્યો છે તે તો જુદો.

આટલેથી નહિ ધરાતાં સભાએ રાહનુમાઇ માટેનાં બીજાં અનેક સવાલો અને કામો પોતાની સામે આવી ઉભેલાં જોયાં. લોકોમાંથી ખોટા વેહમો, નુકસાનકારક રસમો અને નકામા ખરચો બંધ કરાવ્યા ખરા,

પણ આ બધું પોતાના બુલંદ મજહબની બેખબરીને લીધે થતું હતું માટે તે બાબેની ખબરદારી કોમને મળવી જોઇયે તે કોણ આપે? શેઠિયાઓ કે દસ્તુરો તે આપે એમ ન હતું—તેઓ તો એ કામમાં મદદ કે ટેકો આપવા જેટલાખી ખંતી જણાયા નહિ. ત્યારે એ કામ રાહનુમા સભાએજ માથે લીધું. તેણે તે માટેની જરૂરીયાત સમજાવવા જરતોસ્તીઓની સભાઓ બોલાવી, ભાષણો અપાવ્યાં, ઠરાવો પસાર કરાવ્યા, જરતોસ્તી બાલેકોની નિશાળોમાં ધર્મ શિક્ષણ આપવાની ફરજ તેમને સમજાવી. તે માટે સમજુ પારસી કોમની મદદથી "બુકફંડ" ઉભું કીધું, ધર્મનીતિના સબકો બાળકોને આપવા માટે ચઢઉતર દરજ્જાની સાત ચોપડીઓની પાઠમાળા તૈયાર કરાવી, અને તાલીમ લેનારાં ચંચળ બાળકોને દર સાલ ઇનામો આપવાના મેળાવડાઓ બનાવી દસ્તુરો અને બેરોનેટો જેવા કોમના આગેવાન સાહેબો તરફના શાબાશીના સખુનો હાંસલ કીધા.

હજી એક કામ બાકી હતું. બાળકોને ધર્મ શિક્ષણ આપતું કીધું, એ તો તેમને ખબરદાર જરતોસ્તી બનાવનારૂં પગલું થયું; પણ ઉમરે પુગેલા બાનુ અને ગૃહસ્થો માટે એવુંજ શિક્ષણ જોઇયે તે કોણ આપે? તે કામ વઅજો અને ભાષણોથી બની શકે અને તે વઅજો અને ભાષણો દસ્તુરો અને મોબેદોજ આપી શકે. પણ દીનના પેશ્વા ગણાતા વર્ગે એવું કાંઇ કીધું નહિ, ત્યારે એ કામ પણ રાહનુમા સભાએ પોતેજ માથે ઉઠાવ્યું. તેણે પ્રથમ હૈયાત દસ્તુરોને અમુક સારા લવાજમે એ કામ બજાવવાની અર્જ કીધી, પણ તેમાં જ્યારે નિષ્ફળતા મળી ત્યારે એક ચુનંદા ધર્માભ્યાસીને એ કામ સોંપ્યું, અને આજે ધર્મ સંબંધી વઅજો અને ભાષણોનો જે શરેસ્તો ચાલે છે તે આ ભણેલા વિદ્વાન અથોરનાનજાદાની નકલ માત્ર છે. સભાની સાહેતા હેઠળ પ્રખ્યાત એરવદ શેહરિયારજી ભરૂચાએ બેથી ત્રણ ડજન ભાષણો અને વઅજો આપીને પારસીઓના ધાર્મિક યકીનમાં મોટો અને રૂડો ફેરફાર કરી નાખ્યો.

સભાએ માથે લીધેલાં કામોનો વિસ્તાર બોહળો હોવાથી, તેની જિંદગીના વરસો પ્રમાણે, તે કામોના બે વિભાગ પડી શકે.

પેહલો—સભાના જન્મથી શેઠ ખ. રૂ. કામાજીના તેમાં બીજીવાર દાખલ થવા સુધીનો. એ મુદતમાં સભાનું ધર્મ સંબંધી ગ્નાન બહુ અલ્પ હતું. તે અવસ્તાઇ ભણુતરોને આરમાની પવિત્ર કલામો ગણતી હતી; તે ફરોહર અને રવાન વચ્ચે કશો તફાવત જોતી ન હતી; તે ફરવરદેગાનને મુકતાત પણ કેહતી; અવસ્તાઇ ફકરાઓના તરજુમા તે જમાનાની રીત પ્રમાણે કરાવી રજુ કરતી અને તે માટે તેને પારકે આધારે રેહવું પડતું, કારણ કે તે વેળા સભામાં એક પણ એવો ગૃહસ્થ ન હતો કેજે અવસ્તા અને પેહલવીનું ગ્નાન ધરાવતો હોય. વળી તે વેળા સભા સઘળાં અવસ્તાઇ ભણુતરોને અશો જરતોસ્તનાં પોતાનાંજ રચેલાં સમજતી. પણ મી૦ કામાજીના ઇંગ્લંડથી પાછા ફર્યા પછી સભાની ખબરદારીમાં મોટો ફેરફાર થઇ ગયો. એ વખ્તથી તેની જિંદગીનો બીજો તબકકો શુરૂ થયો. આ વિદ્વાન સાહેબે સમજ પાડયા પછી, તેમના ચેલાઓ બાહેર પડયા પછી, તેઓ આ સભામાં જોડાયા પછી, સભાની ઉપલી જુની માન્યતાઓ ફેરવાઇ ગઇ, અવસ્તાઇ ભણુતરોના શુધ્ધ તરજુમાઓ થયા, ખાસ અભ્યાસને આધારે સભા હરીફો સામે લડવા અને પોતાનો સ્વતંત્ર અભિપ્રાય ઉચ્ચારવાને શકિતમાન થઇ, અને એક વેળા તેની ૨૦ કારોબારીઓની કમિટીમાં ૧૧ સાહેબો-જેઓ મધેનાં એક તો બાનુ હતાં તેઓ—એવા હતા કે જેઓ સઘળા જાણીતા ધર્માભ્યાસીઓ હતા. શેઠ ખ. રૂ. કામા, એરવદ શે. દા. ભરૂચા, એરવદ ખુ. મી. કટેલી, એરવદ તે. દી. અંકલેસરિયા, એરવદ એ. કે. આંટીઆ, એરવદ જી. જ. મોદી, એરવદ જાં. એ. દાદાચાંદજી, એરવદ દા. પે. સંજાણા, એરવદ નો. બ. દેશાઈ, એરવદ જ. દા. નાદરશાહ, એરવદ બ. નો. ધાભર, શેઠ બે. તે. અંકલેસરીઆ, શેઠ ધ. મે. માદન, શેઠ ર. ફ. ગોળવાળા, મિસ ભીખાઇજી અ. એન્જીનીઅર, એ સઘળાં ધર્માભ્યાસીઓ એક યા બીજે વખતે કારોબાર મંડળીમાં હતાં અને તેઓમાંના કેટલાંક હાલ પણ છે.

હવે ધર્મ શિક્ષણ સભા મારફતે તાલીમ લેતી થોડીક નિશાળોમાં અપાય તે તેને બસ જણાયું નહિ,તેથી બને તેટલી વધારે અને સઘળી જરતોસ્તી નિશાળોમાં તે આપવાની સભાએ ચારવણી કરવા માંડી. તેણે

એ માટે જરતોસ્તી શિક્ષકો અને બીજાઓની એક કૉન્ફરન્સ ભેગી કીધી, અને તેણે ઠરાવેલી કમિટી મારફતે આ શિક્ષણ આજે વધારે ઓહળી રીતે અપાવા લાગ્યું છે.

સભાના સ્થાપક અશો નરોના ખ્યાલમાં પણ નહિ હશે કે આ સભા આટલી બધી હદ સુધી પોતાની અગત્યતા એકલે હાથે સાબેત કરશે. તેણે વળી ઉપલાં સઘળાં જોડે બીજું એક અપૂર્વ કામ બજાવ્યું તે પારસીઓના પેગમ્બર સાહેબનું શુધ્ધ અને સહી, તથા વળી દંતકથાથી નિરાળું, અને અવસ્તાવાણીનેજ આધારે રચાયલું જરતોશ્ત નામું બનાવવાને લગતું હતું. એ નામાએ સભાની નામનાને ઘણી વધારી દીધી. આવો ગ્રંથ ગુજરાતી કે ઇંગ્રેજીમાં બીજો એકે રચાયો નથી. વળી સભાએ જરતોસ્તીઓને જાહેર કીધું કે તેમનું દીની સાલ જમશેદી નવરોજથી બેસે છે. તેણે તેમનાં જુદાં જુદાં ધર્મ પુસ્તકોના જમાના જુદા પાડી આપી બતાવ્યું કે સાધારણ માન્યતા હતી તેમ સઘળું ધાર્મિક લખાણ એકજ જમાનાનું અને એકજ પુરૂષનું બનાવેલું નથી. તેણે પારસીઓને સમજ પાડી કે આજે આપણો મજ્દયસ્ની ધર્મ છે તે સુધારાનો ધર્મ છે, અને તે આગમજ ઇરાની પૂર્વજો યજદાંપરસ્તી ધર્મ પાળતા હતા તે એકથી વધારે ઇજદોને માનવાનો ધર્મ હતો. સભાએ વળી કોમને બીદાર કીધી કે બંદગી અવસ્તાવાણીમાં કરવાની છે તેમ તે બીજી ભાષાઓમાં પણ કરી શકાય છે, અને જમાના દર જમાના બદલાતી અને વપરાતી યાને સમજાતી ભાષાઓમાં બંદગીઓ થતી આવેલી છે, માટે બંદગી જેમ અવસ્તા ભાષાની તેમ સમજાતી ભાષાની પણ હોઇ શકે, અને વળી ગાયનની બંદગી વધારે અસર કરી શકે છે.

સભાનાં આ અને એવાં જે બીજાં કામોની હકીકત તેના તરફથી પ્રગટ થતાં ચોપાનિયાઓમાં વેવીખેર હાલતમાં પડેલી છે તેને ભેગી કરવાના, અને છેલ્લાં ૭૦ વરસનાં સર્વે કામોને ભૂલાઇ જતાં અટકાવવા માટે તેમને એક અહવાલ રૂપે સલામત રાખવાના ઇરાદાથી આ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. ૧૯૧૧ નાં સાલમાં સભાની ડાયમંડ જ્યુબિલીનો મહીમા પાળવામાં આવ્યો ત્યારે તેના મુનશીએ સભાના સ્થાપકોને તેમનાં કામમાં પડેલી જાતજાતની મુશ્કેલીઓના ચિતાર રૂપે એક નાન-

કડો નિબંધ તૈયાર કર્યો હતો. પણ તેમાં સભાની હસ્તીનાં પેહલાં થોડાંજ વરસોનો ઈતિખાબ આપવામાં આવ્યો હતો. આ ઈતેખાબથી આકર્ષાઈને સભાના કારોબારી સાહેબોને લાગ્યું કે સભાની શુરૂથી હમણા (૧૯૧૮) સુધીની કારકિર્દીનો અહવાલ રચાય તો સારૂં, કેમકે તેમાં સભાએ પારસી કોમની બજાવેલી કીમતી સેવાઓનો સમાવેશ થઈ શકે છે. આ બાબતમાં તા૦ ૧૮ મી ડીસેમ્બર ૧૯૧૮ ને દિને એક ઠરાવ કરીને આ અહવાલ તૈયાર કરવાનું કામ કારોબાર મંડળીએ નીચે સહી કરનાર સોંપ્યું હતું, અને મંડળીએ તે હાલ છપાવી પ્રગટ કીધો છે. ઉમેદ છે કે પારસી કોમ કશી પણ તાસુબી વગર સભાની કોમસેવા માટેની મેહનત અને જેહમતનો યોગ્ય આદરસત્કાર કરશે. તેણે જે કાંઇ કીધું છે તે પોતાની કોમના બુલંદ મજહબની જેબાયશને માટેજ કીધું છે અને તેના આગળા અને પાછળા સુકાનીઓએ જે કાંઇ ખમ્યું છે તે પોતાના હમદીનોની ધર્મ સંબંધી બેહતરીને કાજેજ ખમ્યું છે.

મુંબઇ, તા૦ ૮ મી જુન ૧૯૧૯.

પાહલનજી બરજોરજી દેશાઇ,
સભાનો માજી મુનશી.

સાંકળિયું.

ભાગ ૧ લો.

"પાપનાં કામો" અને "બુતપરસ્તી"–મુકતાત વિશે સભાના સરનશીનનો નિબંધ–દસ્તુરો જોગો પત્ર–સભાની મતલબને પેશ પડતો તેમનો જવાબ–બુતપરસ્ત આકારો અને ક્રિયાઓ –ફરી બેઠેલા દસ્તુરો–એક દસ્તુરના ફેરફાર વિચારો –એક એરવદે મરડેલી કોર–તેમના અકેકથી ઉલટા અભિપ્રાયો–પોતાની લાયકાત બાબેનો તેમનો એકરાર–એક બીજા દસ્તુરની ગોલાંટ–દબાણથી ડામાડોળ બનેલા દસ્તુરો–ફરવરદેગાન બાબે સભાસદો વચ્ચે બંદોબસ્ત.

(૨—નવી જિક.)

દસ્તુર દા૦ પે૦ સંજાણા સાથની તકરાર–સભા તરફના ચાર હસ્તપત્રકો–દસ્તુરો જોગો સભા તરફનો નવો પત્ર–તેમના જવાબો–સભાની જિક સામે દ૦ દારાબનો વાંધો–પિતાજીના અભિપ્રાય વિરૂધ તેમની વળણ–દસ્તુર જા૦ મી૦ જામાસ્પ આસાનાના અભિપ્રાય વિરૂધ તેમના બેટા દ૦ કેખુસરો–દસ્તુરોની તકરારનું ખંડન–સભા તરફના ૨૬ જવાબો–ફરવરદેગાનના આખા સવાલની સભા તરફથી લેવાયલી લંબાણ તપાસ–દ૦ દારાબજીની નવી "શોધ"–તેનું તકલીદીપણું–એક નવી હરીફ મંડળી–તેણે ખાધેલું ગોતું. ૭૬–૧૧૦

પ્રકરણ ૫ મું—સભાના શત્રુઓ—૧.

ડૉ૦ સો૦ મુનશીની સખ્ત વિરૂધતા–તેમના તરફનાં તોહમતો–સભા તરફના ૨૬ જવાબ–મી૦ મુનશીને સભાએ મારેલો તાનો–મુકતાત નહિ માંડવાનાં અને ધર્મ ચુંથવાનાં તોહમતો–રાસ્ત ગોફતાર અને રાહનુમા સભા–સભા ઉપર

ભાગ ૨ જો.

અહેવાલે રાહનુમા-એ માજ્દયસ્નાન.

પ્રકરણ ૧ લું—સભાની સ્થાપના.

સભા સ્થાપવાનો હેતુ.

રાહનુમાએ માજદયસ્નાન સભાની પહેલી સ્થાપના વાડિયાજીના આતશ બેહરામની પડોશમાં આવેલી છોડીઓની નિશાળના ઓરડામાં થઇ હતી, એવું એ સભાની ઉપજનિપજના પહેલવહેલા હેવાલ ઉપરથી જણાય છે. ઘણુંએક અગત્યનાં અને પાછળથી નામદારી મેળવી ગયલાં ખાતાંઓનું મૂળ મંડાણ એવીજ રીતે નાની જગા ઉપર થવા પામે છે. પ્રથમ સભાની બેઠકો કોઇવાર ધોબીતળાવ ઉપર તો કોઇવાર કોટમાં જુદા જુદા ગૃહસ્થોનાં મકાનમાં થતી હતી. પહેલી બેઠક રોજ ૧૧ માહ ૧૧, ૧૨૨૦ યજદજર્દીને દિને થઇ હતી. સભાના મુનશીઓનો કાયદો તે વેળા ઈંગ્રેજી તારીખ લખવાનો જણાતો નથી. ઉપલા રોજને મળતી તા. ૨૪ મી ઑગસ્ટ ૧૮૫૧ ની મળે છે. આ બેઠક વેળા ફક્ત ૪૦ બેહદીન તથા મોબેદ સાહેબો હાજર હતા, જે વેળા શેઠ નવરોજજી ફરદુનજીને સભાના સરનશીનની ખુરસી આપવામાં આવી હતી, અને ત્યાર બાદ એજ ગૃહસ્થને સભાના જાથુકના સરનશીન તથા શેઠ દાદાભાઇ નવરોજજીને તેના મુનશી નેમવામાં આવ્યા હતા. આ વેળા ફક્ત સભાનું નામ મુકરર કરવામાં આવ્યું અને તે "રાહનુમાએ માજદીઅશનાં" એવું હતું. તેના કાયદા પ્રથમ થોડાજ હતા, પણ પાછળથી તેમાં ઘણી વધઘટ થયા કીધી હતી.

સભા ઉભી કરવાનું મૂળ કારણ અને મતલબ પોતાનાં પહેલી બેઠક વેળાનાં ભાષણમાં શેઠ નવરોજજીએ કહી સંભળાવ્યાં તે ઉપરથી જણાય છે કે તેનો ખાસ હેતુ હિંદુઓ અને મુસલમાનો સાથના સેંકડો વરસોના વસવાટથી પારસીઓમાં દાખલ થયલી નઠારી રાહરસમો

ટોળામાંથી દૂર કરાવાનો હતો. સભાના આ હેતુના સંબંધમાં શેઠ નવરોજજીએ "ઇઆદદાસત" દાખલ એક લખાણ સભાની પહેલીજ બેઠકમાં વાંચી સંભળાવ્યું હતું તેનો સાર આ પ્રમાણેનો છે:—

૧—દેખાદેખીથી, લોકોની ઉસ્કેરણીથી તથા ચાલતી આવેલી રસમને લીધે, તેમજ મોટાઇ અને નામદારી માટે શાદી તેમજ ગમી વેળા અતિઘણો અણઘટતો ખર્ચ થતો હોવાથી કબીલાઓમાં કંકાસ ઉત્પન્ન થાય છે, તેઓ કરજદાર થાય છે, માટે તેમાં ઘટાડો કરવો.

૨—મરનાર પાછળ મીઠાઇ તથા ખાણું બનાવી, તથા શાદી વેળા ભોજન કરાવી, તે વહેંચવાની રસમ કહાડી નાખવી.

૩—મરનાર પાછળ પાંથરણું રાખવું, રદન કરવું, બેસવા જવું, ભાતી કરવી, વગેરે રસમો દૂર કરવી.

૪—છોકરાંઓને હોળિયા કરવા, ફકીર બનાવવા, તાબુતને માનવું, ફાતયા ભણાવવા, રોજા ભરવા, પલ્લી કરવી, રાંદેલ ભરવી, નેમ કરવી, ચોખ્યાર ભરવી, છઠી કરવી, અને એવીજ બીજી જુદદીન રસમો કહાડી નાખવી.

૫—ફીમ્યું, જાદુ કોતલ, ઝાડાપીછી, માંદરિયાં, દોરા ચીઠી, રાખ, ઉતાર, મૂઠ, ભૂત, સૈયદ, સેવડા વગેરેના વહેમો, તેમજ દાણા મતરાવવા, દિલમાં આવે તે કહડાવવું, નજર ઉતરાવવી, વગેરે પાછળ થતી ખુઆરી અને ખરાબીઓનો અટકાવ કરવો, અને તેવી સ્ત્રીઓ અને મર્દોના વિચારો સુધારીને તેમને રૂડું જ્ઞાન મેળવવાની બુદ્ધિ મળે એવી તજવીજ કરવી.

૬—આ અને એવાંજ બીજાં ફાયદેમંદ કામો બજાવવા માટે એક ફંડ ઉભું કરવું.

આ કામો બજાવવા માટે શેઠ નવરોજજીએ નીચલી મતલબના ઉપાયો સુચવ્યા હતા:—

૧—આ હેતુ પાર પાડવા માટે રસાલા લખવા, સભા બોલાવી તે વાંચી સંભળાવવા, તેનાં ચોપાનિયાં છપાવી પ્રગટ કરવાં અને મુફત આપવાં અથવા અતિઘણી સસ્તી કીમતે વેચવાં. નિશાળો,

અગ્યારીઓ અને આતશકદેહોમાં વહેંચવાં જોડે આ ચોપાનિયાં દેશાવરોમાં જ્યાં પારસીઓની બહોળી વસ્તી હોય ત્યાં મોકળવાં.

૨—વળી આ હેતુ પાર પાડવા માટે સભાસદો વચ્ચે એક લખત બનાવી તે ઉપર તેમની સહીઓ લેવી, અને તેમાં એવું જણાવવું કે ઉપલી સઘળી રસમો છોડી દેવાને અમો કબુલ છિયે, અને બની શકે તેમ કુટુંબીઓ પાસે પણ તે છોડાવવી.

૩—ખબરદાર, આબરૂદાર અને દુરઅંદેશ બેહદીનો તથા મોબેદોને તરબિયત આપીને તથા તેમને મુસારો આપતો કરીને તેઓ પાસે આતશ આદરાનમાં, યા હરેક જાહેર જગા ઉપર ઉપલી બાબતો વિષે વઅજ કરાવવી, તે એવી રીતે કે "તેહમાં જરતોશતી ધરમનું મુલ તતવ તથા અવશતાની નીતીને લગતી તથા બીજી તાલીમો આપવી, અને શરેહ તથા ખોલાશો કરીને શહમજ પાડવી, તથા બતલાવી આપવું કે ઉપલી ઘણી ખરી રશમો આપણી પાક દીન શંગાથે કશો એલાકો અથવા શંબંધ રાખતી નથી," ઇત્યાદિ.

આ "યાદદાસત" તથા "ઉપાયો" વંચાઇ રહ્યા બાદ કેટલીક તકરાર પછી સભાએ તે કબૂલ રાખ્યા, સભાનું નામ મુકરર કરવામાં આવ્યું, અને એક કરારનામાં ઉપર હાજર રહેલા જરતોસ્તીઓમાંથી જેઓ રાજી હતા તેઓએ પોતાની સહી મુકી.

એક હફતા પછી સભાની બીજી બેઠક થઇ તેમાં ૧૦૦ થી વધારે ગૃહસ્થો હાજર હતા, જેમાંના કેટલાકે તેના સભાસદ તરીકે નામો નોંધાવ્યાં. આ વેળા સભાના કાયદાઓ તૈયાર કરવામાં આવ્યા, કે જે ત્યાર પછી એક પખવાડિયાં બાદ મળેલી ત્રીજી બેઠકમાં વાંચી સંભળાવી નક્કી કરવામાં આવ્યા, જેમાંનો પહેલો સભાનાં નામ ("રાહનુંમાએ માજદીઅસના") બાબેનો અને ત્રીજો તેના હેતુ વિશેનો નીચે પ્રમાણે હતો:—

"૩ જો—એ શભામાં માજદીઅશની અથવા જુદદીન લોકોનાં ધરમની વાતો તથા બાબદો વીશે કોઇ ધણીને ભાંજગઢ કરવા દેવી નહી. એ શભાની મુખ્ય મતલબ એટલીજ છે કે જરતોશતીઓની કોમમાંથી જે જે અણુઘટતી રશમો કાહાડી નાખવાનો વીચાર હોએ તે રશમો જરતોશતી મજહબ શંગાથે

તાલુક રાખે છે કે નહી તે વીશે તકરાર કરવી તથા તે રશમો કહાડી નાખવાના ઘટતા ઉપાએઓ કરવા."

જોકે સભાના મૂળ હેતુ બાબે સરનશીનનાં ભાષણમાં તેમજ ઉપલા કાયદામાં ખુલ્લા શબ્દોમાં લખેલું છે તોપણ સભાના જન્મથીજ તેની સામે કોઇ કોઇ તરફથી બદગુમાન લઇ જવામાં આવેલું જણાય છે, જે ઉપરથી મુનશી શેઠ દાદાભાઇ નવરોજજી ઉપલા કાયદાના સંબંધમાં નોટ મારી આ પ્રમાણે ખુલાસો કરે છે—

> "ઘણાએક જરતોશતીઓનાં મનમાં હેવું ગુમાન છે કે 'આએ શભા જરતોશતી દીન વીશે ચુનોચરા કરવાની મતલબ રાખેચ તેથી ફીતનો પેદા થાએ'—પણ એ શભાની મતલબ હેવી છેજ નહી—એહેની મતલબ એટલીજ છે કે હરેક ચાલુ રશમ વીશે આપણી દીનનું ફરમાન હોએ તે રશમ કાએમ રાખીને તે વીશે તકરાર કરવી નહી, તથા જે રશમ દીનનાં ફરમાંનથી ઉલટી હોએ તેહેનો પુરતો ખોલાસો કરીને સઘલા જરતોશતીઓની રેહનુમાઇ કરવી."

સભા ઉપર તોહમતો-તેમનો રદ જવાબ—પણ આ સઘળી સભા તરફની સાવચેતી છતાં તેના વિરોધીઓ ચૂપ બેઠા નહિ. તેઓએ તેને માથે તરેહવાર તોહમતો મુકયાં. આમાંનું એક આ હતું કે આ સભાવાળા બાપદાદાની રાહરસમને ફેરવી નાખવા માંગે છે; બીજું એવી મતલબનું હતું કે તેમને ખ્રીસ્ટી ધર્મવાળાઓની અંદરખાનેથી મદદ હતી! આવાં તોહમતોને પહોંચી વળવું આપણી બાળક સભાને માટે મુશ્કેલ કામ હતું, તોપણ હરીફોની ગલત વાતો ઉઘાડી પાડવાની જરૂર હતી. માટે સભાના સરનશીનને માથે આ તોહમતો ખોટાં પાડવાની પહેલી ફર્જ, આવી પડી. શેઠ નવરોજજી ફરદુનજીએ સભાના જન્મ પછીના બીજા કે ત્રીજાજ મહિનામાં પોતાનું પહેલું જાહેર ભાષણ આ ખુલાસાના સંબંધમાંજ આપ્યું. તેઓએ જણાવ્યું કે—

> "એ શભાની મતલબ વીશે કેટલાએક જરતોશતીઓએ તરેહવાર ખોટા અને બીલકુલ વગર પાએઆનાં બુમાટા ઉરાડેઆચ અને અણુજાંણ્યા લોકોનાં દેલમાં વશવશો તથા બદગુમાન ઉપજાવવાની તજવીજ કરીચ, એટલુંજ નહી પણ તે શાથે એ શભાના મજ-

લશીઓ તથા આગેવાનોને ઘણો ઠપકો તથા બદનાંમી આપેચ અને તેઓના એખલાક વીશે બદ બોલેચ અને તેઓએ ધારેલાં કામથી તેઓને પાછા રાખવાની કોશેશ કરેચ, તે જોએઆથી હું ઘણો દલગીર છેઉં. એ શભાની વીરૂધમાં જે શખશો ખોટા ખુમાટા ઉરાડે તથા ઉંધુંચતું શમજાવે તથા જુઠી ગીબતો છપાવી પરગટ કરે તેહેનો એ શભાથી કશો અટકાવ થઇ શકતો નથી, અને તેહેનો રદ જવાબ વારે ઘડીએ આપીને અમશાયકો વખત ગુમાવવાની તથા લોકોને નકામી તશદી આપવાની એ શભાન કારોબારીઓની ધારણાં નથી, માટે શઘલા જરતોશતીઓને હું મોહોટી નમનતાઇથી અરજ કરૂંચ કે પરબાડા શખશો અંજાંણ-પણાં અથવા દુશમનીથી એ શભા વીશે તથા એ શભાએ ઉઠાવેલાં કાંમ વીશે અથવા એ શભાના કારોબારીઓ વીશે જે કાંઇ બેહુદી વાતો કરે અથવા છપાવે તે ઉપર કશો ભરોશો રાખવો નહીં."

ઉપલા સખુનો પછી બે માસ રહીને સભાના એક કારોબારી શેઠ કુવરજી રૂસ્તમજી મોદીએ આવોજ ખુલાસો નવેસરથી હાથ ધરવા મારેજ એક ભાષણ આપ્યું. સભાની વિરૂધમાં અપાતા ખોટા વિચારોનો રદ જવાબ આપતાં આ ગૃહસ્થે એક ઠેકાણે જણાવ્યું કે—

"ઘણાએક જરતોશતી લોકો એ મંડલી વીશે હેવું કેહેચ કે એ રેહનુંમાએ માજદીઅશનાં શભાની મતલબ આપણી પાક જરતોશતી દીનનાં દફતરોમાં ફેરફાર કરવાની છે તેથી આગલ ચાલતાં એ લોકોને હાથે આપણાં બુજોરગ અને માંન પાંમેલા ટોલામાં મોહોટી ખરાબી થશે, કાંજે એ કાંમમાં અંગરેજ લોકોની છુપી મદદ છે—હેવી મતલબ ધરાવનારી મંડલીને પાએદાર કરવામાં મદદ કરવી અથવા બીજાઓ પાસે કરાવવી એ જુદદીન લોકોનું અથવા દીન દુશમનોનું કાંમ છે."

આ એક બહુ નઠારૂં તોહમત એવું હતું કે જો તે એમનું એમ ઉભું રહેવા પામે તો શેઠ કુવરજી મોદીના જણાવ્યા મુજબ તે "એ મંડલીની આબાદાનીમાં ઘણોજ નાસકારક" બુમાટો થઈ પડે. એટલા

માટે એ તોહમત નાપાયદાર છે એમ ભાર મુકીને જણાવતાં તેઓએ પોતાના સાંભળનારાઓને ખાતરી આપવાની જરૂર જોઇ હતી કે—

> " માહારો તથા માહારા ભલા સોહોબતીઓનો તથા એ મંડલીમાં બીજા સઘલા શાંમેલ થનારાઓનો એ વગર પાઆનાં બોહોતાંનમાંથી અંગ છુટકો કરવા સારૂ ખોદાએતાલાને હાજર નાજર જાંણીને તમો મીજલશનાં દીનદાર ગરહસથોને—તથા બીજા દીનદાર દસતુરો—મોબેદો તથા બેહેદીન સાહેબોને આઓ મંડલીના સઘલા અધીકારીઓની તરફથી તથા તેઓની રજાથી હું જાહેર કરૂંચ કે આએ હમારી મંડલીમાં કોઇનેબી આપણાં પાક મજહબનાં દફતરોની અંદર કાંઇબી ફેરફાર કરવાની અથવા તે ઉપર મુજાહેમત કરવાની બાબદ પર ભાષણ કરવા તથા રીસાલા લખવા તો શું પણ એક બોલબી તે બાબદમાં બોલવાની છુટ આપી નથી, અને તે વીસેનો બંદોબસત કરવા સારૂ એ સભાનાં કાએદાઓમાંના તરીજા કાએદામાં આએ પરમાંણે બંદી કીધામાં આવીચ—' એ સભામાં માજદીઅશની અથવા જુદદીન લોકોના ધરમની વાતો તથા બાબદો વીસે કોઇ ધણીને ભાંજગડ કરવા દેવી નહી.'

સભાના કાયદાઓમાં પાછળથી કેટલીક ફેરફાર કરવાની અગત વારંવાર જણાઇ છે, તોપણ " ધર્મને ચુંથવા " કે " ધર્મપુસ્તકોમાં ફેરફાર કરવા " જેવું સભાને આજ સુધી સુઝયુંજ નથી અને તે પોતાના મૂળ હેતુને બોલેબોલ વળગી રહી છે. સભાના વિરોધીઓ તેની આખી હૈયાતી દરમિયાન વારંવાર ઉભા થયા કીધા છે અને વારંવાર તેઓએ જાત જાતના ખુમાટા ઉરાડયા કીધા છે, પણ તે સઘળા ખોટા હોવાથી પાણીના પરપોટા મિસાલ જેવા ઉભા થયા તેવાજ બેસી ગયા છે, અને સભા પોતાની ઉમર અને બળમાં વધતીજ રહી છે. સભાએ જુદદીન વહેમો અને રસમો કહાડી નખાવવાનું બિડું ઝડપ્યું હતું તેમાં પણ આજે તેણે પુરતી ફતેહ મેળવી છે. તેની સ્થાપના વેળા તેના હરીફો સભા તરફ તિરસ્કાર બતાવીને તેને ઠપકો દેતા હતા કે " આગલા " દહાડાઓ ઉપર મરનાર શેઠ ખરશેદજી માણેકજી તથા પંચાએ" તના બીજા નાંમવર અકાબર શાહેબોએ ઘણી મેહેનત લઇને

"કેટલાએક મજબુત બંદોબશત કરેઆ હતા અને તે બંદોબશને
"શતાથી અંમલમાં લાવેઆ હતા તોએ પણ તે બંદોબશત મુજબ
"ઘોઘાજ જરતોશતીઓ ચાલેઆ અને તે વખતની પંચાએતે પોતાની
"શતા તથા હકુમત ચલાવેઆ છતાં કાંઈ વલેઉં નહી અને તેઓની
"મેહેનત ફોકટ ગઇ, અને હાલના જમાનાંમાં પંચાએતનાં હાથમાં
"કશી શતા રહી નથી તારે 'રેહતુંમાંએ માંજદીઅશનાં' જેવી
"શભાના મીજલશીઓ જે ફાંફાં મારેચ તેથી શું વલશે અને તેવોનું
"કહેવું કોંણુ માનશે તથા તેવોએ ધારેલું કાંમ શી રીતે પાર પડી
"શકશે?"

આ કિસમની તિકરારમાં તરસ્કારનો ભેળ છે, તોપણ એ તકરાર કબુલ રાખીને શેઠ નવરોજજી ફરદુનજીએ તેનો યોગ્ય જવાબ આપ્યો હતો. તેમણે પોતાનાં ભાષણમાં જણાવ્યા પ્રમાણે પંચાયતનાં અકાબરો પોતાની કોશેશમાં ફાવ્યા નહિ તેનું ખાસ કારણ હતું:—

"તે શાહેબોએ કરેલા બંદોબશતને પોતાના કાબુથી અમલમાં લાવવાની કોશેશ કીધી હતી માંટે તેઓની મેહેનત ઘણું કરીને નીશફલ ગઇ, કાંએ જે કેટલાંએક કામ હેવાં છે કે જે જબરદશતીથી અને શતા તથા હકુમત ચલાવેઆથી હરગેજ પાર પડે નહી, તેજ કાંમ નરમાશ તથા ધીરજ તથા ભલમણશાઇ ભરેલી રીતે ખાશોઆંમને સમજાવેઆથી તથા દાખલા દલીલો બતલાવીને ખાતરી કીધાથી પાર પડેચ, માંટે શુધરાઈ કરવાનાં જે ઉપાએ ચલાવવાને હમોએ ઠરાવ કરેઓચ તે ઉપાએ વીશે કોઇથી વાંધો લેવાઇ શકાશે નહી. એ ઉપાએ કશી રીતે અણુઘટતા અથવા ખરાબી અથવા જબરદશતીભરેલા નથી, અને એ ઉપાએ ચલાવેઆથી આએ શભાએ ધારેલું કામ પાર પડશે એવી આશા છે. તે છતાં અગરજો એ ઉપાએ ચલાવેઆથી શુધરાઇ થવામાં અડચણ પોંહોંચશે તોએ પણ તેથી કોઇને દુખ-ઇજા-અથવા નુકશાંન પોંહોંચશે નહી તે શત જાંણવું. એ ઉપાએ હાલના શમેમાં અજમાવી જોવાની મોહોટી ફરજ છે હેવા વીચાર ઉપરથી આએ શભા ઉભી કરીચ."

જે જુદદીન રિવાજો, રસમો અને વહેમો પારસીઓમાંથી કહાડી નખાવવાનું સભાએ માથે લીધું હતું તેમને શેઠ નવરોજજીએ નીચલા ત્રણ ભાગોમાં વહેંચીને તે બાબતમાં પોતે તથા પોતાના ગોઠિઆઓ મારફતે નિબંધો વાંચ્યાં તથા વંચાવ્યા હતા:

૧—શાદી તથા ખુશી સંગાથે એલાકો રાખનારી રશમો.

૨—ગમી શંગાથે તાલુક રાખનારી રશમો.

૩—જુઠા વેહેમ તથા બેહુદા ખેઆલની શંગાથે શંબંધ રાખનારી રશમો.

જ્યારે ફરવરદેગાનનો સવાલ રાહનુમા સભાના અધિકારીઓએ પોતાના સરનશીન શેઠ નવરોજજી ફરદુનજીનાં વડપણ હેઠળ હાથ ધરવાની અગત વિચારી ત્યારે સભાના જુના વિચારના અને જુની માન્યતાઓને ચીવટપણે વળગી રહી રસમનેજ ધર્મ સમજનારા હરીફો તરફથી તેમના ઉપર એવા હુમલા થયા કે એ ધણીઓ તો નાદાન અને ચીબાવલા છે, માટે તેઓ કદાચ આગળ જતાં વધારે ખરાબી કરશે, ઇત્યાદિ. આમ કેહનારાઓને શેઠ નવરોજજીનો જવાબ પ્રથમથીજ આ મતલબનો હતો:—

> "જે શાહેબો હેવું વીચારતા હોએ તેવોને હમો એટલુંજ કહીએચ કે આએ ફારશી કેહેવત ઇઆદ રાખવી તથા તેહેને ઘટતું વજન આપવું અને તે ઉપર અમલ કરવો.

ફારશી બેત.

"બુજોરગી બ અકલ હશત ન બ શાલ,
તવંગરી બ દેલ હશત ન બ માલ."

ઇઆને

> "બુજોરગી અકલ શાથે તાલુક રાખેચ—ઓમર શાથે તાલુક રાખતી નથી. તવંગરી દેલગુરદાના શબબથી હોએચ—પઇશાથી તવંગરી કેહેવાતી નથી."

"માટે, જે પરમાણે પઈશાદાર શખશને દેલગુરદો નહી હોએ તે ખરેખર તવંગર કેહવાએ નહી, તે પરમાણે જે શખશ ઉમરે પોંહોંચેલો હોએ અને અકલનું જહુર ધરાવતો નહી હોએ તે શખશ બુજોરગ અથવા દાનાવ કેહેવાએ નહી, અને ટુંકી ઉમરનો જે ઘણી ડાહાપણ તથા કાબેલીઅત ધરાવતો હોએ તે વાજબીની રીતેના દાંત કેહેવાએ નહી. વલી બીજા કેટલાએક શખશો એ સભાના મીજલશીઓને હેવો ઠપકો આપે છે જે તેવો થોડો ઘણો એલમ શીખીને મોહોટો ફાંકો તથા ભારી અભીમાન રાખેચ, અને ઉંમરે પોંહોંચેલા તથા કશાએલા શખશોને ગણકાવતા નથી, અને પોતેજ ઘણું દાનાવમાં ખપવા માંગેચ તથા જેમ ગમેચ તેમ હુલડાઇ કરેચ. એ ઠપકોબી આએ શભામાં શાંમેલ થનારાઓને વાજબીની રીતે લાગુ પડતો નથી. એ શભાના મીજલશીઓ પોતાની દાનાઇ ઉપર મુશતાક નથી અને તેઓને કશી વાતનું અભીમાંન નથી, તથા તેઓ પોતાની નાકેશ અક્કલ મુજબ ચાલતા નથી—બલકે ઉમરે પોંહોંચેલા દાંનાવ તથા બુજોરગવાર શાહેઓની શલાહ તથા મશલેહત લેવાને ઘણાં ઈંતેજાર છે, અને હેવી ઉમેદથી તેવો ઉમરે પોંહોંચેલા બુજોરગ તથા મોહોભા, મરતબા અને આબરૂવાલા ઘરહશથોને પોતાની સંગાથે એ શુધરાઇનાં કાંમમાં શાંમેલ કરવા અને તેવોની મદદ લેવા અને આશરો માંગવાની કોશેશ કરેચ. માંટે એ શભાના મીજલશીઓ વીશે તથા તેઓની ધારણા વીશે જે શાહેબો ધાશતી રાખેચ તે વગર પાએઆની નજર આવેચ."

આ રીતનો ખુલાસો સભાની સ્થાપના વેળા થયલા હુમલાના જવાબમાં શેઠ નવરોજજી ફરદુનજીએ પ્રથમથીજ આપેલો હોવા છતાં, જ્યારે આપણી સભાની વિરૂધમાં "રાહે રાસ્તનુમાએ જરતોશતીઆંન" નામની નવી મંડળી ૧૮૫૫માં ઉભી થઇ ત્યારે તેની પેહલીજ બેઠકમાં કેટલાકોએ આપણી સભા ઉપર મજકુર મતલબને મળતાંજ તોહમતો મુકી તેને તોડી પાડવાની પેરવી કીધી હતી. તેમને જવાબ આપવાની મતલબથી શેઠ

કેખસરૂ હોરમજજી આલપાઇવાળાએ એક લંબાણ ભાષણ દરમિયાન નીચે પ્રમાણેના સખુનો કહી સંભળાવ્યા હતા:-

"કેટલાએક જરતોશતીઓ હેવું વીચારે છે કે 'રાહાનુમાએ માજદીઅશનાં' શભામાં નાંદાન, ચીબાવલા, અનઘડ, કમઅક્કલ છોકરાઓ છે. શાહેબો, આએ વીચાર જે છે તે ખોટો છે. હમારી મજલેશનાં અધીકારીઓનાં નાંમની ટીપ જેઓ જોશે તેઓને તે વાત ખરી છે કે ખોટી તે તુરત માલુમ પડી આવશે. વળી એમ છે તો નહીજ, પણ નાંધલી ઉમરનાં માણસો કમઅક્કલ હોવા જોઇએ એમ કેહે તે ખરેખર તાજુબ શરખી વાત કેહે છે એમ આપણને જાંણવું જોઇએ. શાહેબો, શેખ શાદીની નામીચી બેત કે જેહેમાં તે કેહે છે કે 'બોજોરગી અક્કલ તથા હુનર સાથે શંબંધ રાખેચ—ઉમર શાથે શંબંધ રાખતા નથી,' તે વાત શરવેને રોશન છે. વલી એ વીશેનો ખાતરી થાએ તેહેવો એક દાખલો જે મહને હાલ તુરત ઇઆદ આવેઓ છે તે આપું છેઉં જે ઉપરથી ઉપલી વાત પુરતી રીતે શાબેત થાશે. એ દાખલો 'એડીનબરો રીવીઉ' નામનું મોતેબર પુશતક કેમ ઉભું થાએઉં તે વીશેનો છે. એ પુશતક ઉભું થાએઆથી હેવી પરકારનાં બીજાં પુશતક ઉભાં થાએઆં તે સઘલાં અને તેહેમાં મુખીઅ કરીને પેહેલાંથીજ જેવો ઈંગલંડને ફાએદો થાએઓ છે તેહેવો કશાથીજ થઓ હશે. આએ પુશતકની મારફતે તે દેશની અવશથામાં એક મોજેજા જેવો ફેર પડેઓ છે. પરજામાં કેલવણીનો ફેલાવો કરવામાં—દેશના ધારામાં ઘટતો ફેરફાર કરવામાં—પરજાનાં લોકોને ઘટતા હકો આપીને પરજાનાં બલમાં હુમેરો કરવામાં—દેશની રાજનીતીમાં તથા વેપારને લગતા કાએદાઓમાં ફેરફાર કરવામાં, અને હેવી તરેહનાં અનેક સુધારામાં તે પુશતક આગેવાંન હતું. હવે એ પુશતક ઉભું કરનારા કહેઆ શખશો હતા ? ખરેખર કેહું છઉં કે તેમના બાલ પાકેલા હતા નહી. તેઓ મોહોટી વએના માંણસો હતા નહી, પણ મદરેશામાંથી તુરત શીકી ઉઠેલા તરણ વીદેઆરથીઓ હતા, કે જેઓમાંથી કાઇની

ક્ષહાડીના બાલ ફુટેલા હતા નહી—જેહેમાંના કોઇની ઉમર ૨૫ વરશની ઉપરની હતી નહી—તે શખશોનાં નાંમ લોરડ બરોહાંમ—લોરડ જેફ્રી અને શીડની ઇશમીથ. તેઓ કેવા નાંમીચા થાએલા છે કે તે વીશે માહારેથી કાંઈ પણ હાલ વખતની કોતાઇને લીધે કેહેવાએ નહી. બરૂહાંમને લોરડનો ખેતાબ મલેઓ છે—ને ઈંગલંડમાં મોહોટા જડજનો ઓહોદો ધરાવે છે. તેહેની જીનદેગાંનીનો એહેવાલ વાંચીએ તો આપણુને ઉદેઓગનો શાથી અને આલશાઇના દુશમન થાએઆ વગર રહીએ નહી.........

" એ પરમાંણે થોડાએક શખુન કહીને બેશું તેહેની અગાઉ ભલી દીનનાં નેક જરતોશતીઓને એક ભલામણ કરવા માગું છઉં કે તેઓએ એટલું ખુબ ઇઆદ રાખવું સજાવાર છે કે રાહનુમાએ માજદીઅશ્નાં શભાનું કાંમ કોણ કરે છે—જવાંન કે જઇફ—બેહેદીન કે અથોરનાંન—મોહોટા કે નાહના, તે ઉપર નજર રાખવી નહી. પણ તેમનું કહેલું અને લખેલું ખોટું છે કે ખરૂં તે ઉપર વીચાર કરવો, અને પછે ઘટતું દીશે તેમ ચાલવું અને પોતાનાં મલતાવીશેકોને તે પરમાંણે ભલાંમણ કરવી."

સભાની પહેલી કારોબાર મંડળી.

સભાની કારોબાર મંડળીનો તમામ વહિવટ એક સરનશીન, એક મુનશી, એક ખજાનચી અને બીજા ૧૭ મજલિસીઓ મારફતે ચલાવવાનું પહેલે ધરથીજ સુકરર થયું હતું અને તેજ તરીકો આજ સુધી ચાલુ છે. પહેલે વરસે ૧૪ ગૃહસ્થોને પ્રથમ ચુંટી કહાડવામાં આવ્યા હતા, કેજે કામ માટે પ્રથમ નીચલા છ સાહેબોની કમિટી ઠરાવવામાં આવીઃ એટલે કે સભાના મૂખ્ય સુકાનીઓ આ ગૃહસ્થો હતાઃ—

નવરોજજી ફરદુનજી	નવરોજજી રૂસ્તમજી લૉર્ડ
ધનજીભાઇ ફ્રામજી	સોહરાબજી હોરમજજી મેહતા
નવરોજજી દોરાબજી	દાદાભાઇ નવરોજજી

આ સાહેબોએ બીજા આઠ ગૃહસ્થોને ચુંટી કહાડયા પછી જે કમીટી બની તે આ મુજબની હતી :—

નવરોજજી ફરદુનજી—સરનશીન
ધનજીભાઇ ફરામજી (પટેલ)
નવરોજજી રૂસ્તમજી લૉર્ડ
સોહરાબજી શાપુરજી (બંગાળી)
ડોસાભાઇ ફરામજી (કડકા)
બહમનજી પેસ્તનજી (માસ્ટર)
નવરોજજી નાનાભાઇ ફરામજી (બનાજી)
સોહરાબજી પેસ્તનજી ફરામજી (બનાજી)
એદલજી નશરવાનજી (પ્રુશિયા)
કુવરજી રૂસ્તમજી મોદી
રૂસ્તમજી બેહરામજી ચીનાઇ
માણુકજી લીમજી આટરિયા
સોહરાબજી હોરમજજી મેહતા—ખજાનચી
દાદાભાઇ નવરોજજી—મુનશી.

બાકીના ૭ મજલિસીઓને ચુંટી કહાડયા વિના સભાનું પહેલાં વરસનું કામ ચાલેલું જણાય છે. પણ બીજાં વરસની કારોબાર મંડળી કાયદા પ્રમાણે સઘળા વીશ અધિકારીઓની બની હતી, અને તે સભાસદોએ "વોટિંગ લિસ્ટ" મારફતે ચુંટી કહાડી હતી. આ વેળા પહેલી મંડળીમાંના બે ત્રણ સાહેબોએ અનેક સબબો માટે રાજીનામા આપેલાં હોવાથી નવી કારોબાર મંડળીમાં નીચલાં જુદાં તેમજ નવાં નામો જોવામાં આવેછે:—

નવરોજજી ફરદુનજી—સરનશીન
દાદાભાઇ નવરોજજી—મુનશી
સોહરાબજી હોરમજજી મેહતા—ખજાનચી
* ખરશેદજી નશરવાનજી કામાજી—મજલિસી
કુવરજી રૂસ્તમજી મોદી— ,,
એદલજી નશરવાનજી (પ્રુશિયા)— ,,
માણુકજી લીમજી આટરિયા— ,,
નવરોજજી રૂસ્તમજી લૉર્ડ— ,,

નવરોજજી નાનાભાઇ—	મજલિસી
બહમનજી પેસ્તનજી (માસ્ટર)—	„
* જમશેદજી રૂસ્તમજી મોદી—	„
* અરદેશર ફરામજી મુસ—	„
સોહરાબજી પેસ્તનજી ફરામજી—	„
* કાવસજી હોરમજજી ગાંધી—	„
* મનચેરજી પેસ્તનજી ચીચગર—	„
* કેખુસરો હોરમજજી આલપાઇવાળા—	„
* કારસજી શાપુરજી મેહતા—	„
* પેસ્તનજી દાજીભાઇ ઉનવાળા—	„
* પેસ્તનજી હોરમજજી (કામાજી ?)—	„
સોહરાબજી શાપુરજી બંગાળી—	„

*** ઉપલી ટીપમાં * આ ફુલકીવાળાં નામો નવાં દાખલ થયલાં જાણવાં)

પહેલાં જાહેર ભાષણો.

કારોબાર મંડળીનાં પહેલાં વર્ષમાં તેનાજ મજલિસીઓએ નીચે ટાંકયા પ્રમાણેનાં છ ભાષણો જાહેર સભાઓમાં આપ્યાં હતાં:—

૧—" રાહનુમાએ માજદયસ્નાન સભાની ખરી મતલબ, તથા એ સભાથી આપણા લોકોને કેટલો ફાયદો થશે તે બાબે "— ભાષણ કર્તા શેઠ નવરોજજી ફરદુનજી

૨—" રેહનુમાએ માજદીઅશનાં સભાની વીરૂધમાં જરતોશતી લોકોમાં ચાલેલા ખોટા વીચારોનો ખોલાશો "—ભાષણ કર્તા શેઠ કુવરજી રૂસ્તમજી મોદી

૩—" પંચાએતના અકાબર શાહેઓએ રવાંન તથા લગનનો ખરચ કમ કરવા વીશે આગલ શું શું કોશેશો કીધીચ ? તથા આપણી ફરજીઆત શું છે ?" ભાષણ કર્તા શેઠ દાદાભાઇ નવરોજજી

૪—" જરતોશતી લોકોમાં રેવાજ પામેલી જુદદીનની રસમો, તેઓની ઉતપંતી, ગેરફાયદા અને ગુનાહ વીશે "—ભાષણ કર્તા શેઠ સોહરાબજી શાપુરજી બંગાળી.

૫—"આપણા ફીરકાનાં લોકોએ હીંદુ ધરમમાંથી અખતીઆર કીધેલી કેટલીએક રશમો."—ભાષણ કર્ત્તા શેઠ એદલજી નશરવાનજી.

૬—"આપણા ફીરકાના લોકોએ મુશલમાન લોકોના ધરમમાંથી અખતીઆર કીધેલી કેટલીએક રશમો"—ભાષણ કર્ત્તા સોહરાબજી હોરમજજી મેહતા.

આ ભાષણોનાં સંબંધમાં એક વાત નોંધવાજોગ આ છે કે તેઓમાં તે જમાનામાં કરવામાં આવતા તરજુમા સાથના અવસ્તાઇ ફકરાઓ જુદા જુદા ભાષણ કર્ત્તાઓ પોત પોતાના ભાષણોમાં પોતાની તકરારોના ટેકામાં દાખલ કરતા હતા, જેથી સાંભળનારાઓ તેમજ વાંચનારાઓ ઉપર ઘણી સારી અસર થતી હતી. આ તરજુમાઓ તે વેળાના કોઇ કોઇ હૈયાત દસ્તુરો કે બીજા અભ્યાસીઓ સભાના શુભ હેતુ તરફ પુરતી દીલસોજી ધરાવીને પુરા પાડતા હતા, અને એ જાતની મદદ આપવાને સભાની શુરૂઆતથીજ દસ્તુર મીનોચેહરજી દસ્તુર એદલજીએ તથા કેકોબાદજી મીનોચેહરજી જેઓ સભામાં હાજર હતા તેઓએ ખુશીથી કબૂલ કીધું હતું. પાછળથી શેઠ જમશેદજી લીમજીભાઇ અપુએ ઇરાન અને હિંદુસ્તાનની શાદીની રીતભાત બાબે ૧૮૬૧ માં ભાષણ આપ્યું ત્યારે તેમાં અવસ્તા અને પેહલવી ભાષાના ફકરાઓ અસલ લીપીમાં ઉતારીને દાખલ કીધા હતા, અને એ સઘળા ફકરાઓ જેમની સંખ્યા આઠની હતી તે તે વેળાના દસ્તુર પેશોતનજી બેહરામજી સંજાણાએ પુરા પાડયા હતા એવું તેમનાં નામ સાથે જાહેર કરીને મી૰ અપુએ તે દસ્તુરજીનો જાહેર આભાર માન્યો હતો. એજ ભાષણમાં અવસ્તા તથા પાજંદ આશીરવાદનો જે તરજુમો આપવામાં આવ્યો હતો તે પણ દસ્તુર પેશોતનજીનીજ મદદનું ફળ હતું.

સભાનો જે મૂળ હેતુ પારસીઓમાં દાખલ થયલી હિંદુ, મુસલમાન વગેરે જુદદીનોની રસમો કહાડી નખાવવાનો હતો તે માટે ઉપર મુજબના નિબંધો તૈયાર કરીને વંચાવવામાં તથા મુંબઇ અને દેશાવરો ખાતે તેની નકલ મુફત વહેંચવાનું સભાના પહેલા સુકાનીઓએ પહેલાંથીજ હાથ ધર્યું હતું. સભાનાં પહેલાં વરસના અહેવાલમાં જણાવ્યા પ્રમાણે આ ભાષણોનાં એકથી બે હજાર જેટલાં ચોપાનિયાં મુંબઇ ઉપરાંત સુરત, ભરૂચ,

નવસારી, પુણા, અમદાવાદ, વગેરે મળીને ૨૧ શેહરો અને કસ્બાઓ ખાતે વહેંચાવ્યા ઉપરાંત છેક ચીન સુધી તે રવાના કરવામાં આવ્યાં હતાં.

પહેલાં વરસનું ફંડ.

પહેલે વરસે સભાના માત્ર ૬૧ સભાસદો હતા, જેઓમાંના એક સાહેબ દર મહિને રૂ ૨૫), બીજા સાહેબ રૂ ૧૫), બે ગૃહસ્થો રૂ ૩, ૧૭ જણ રૂ ૧) અને બાકીનાઓ તેથી ઓછી રકમ દર માસે અદા કરતા હતા, જેથી વરસ દહાડે ઓછાંમાં ઓછું લવાજમ રૂ ૩ નું થતા ગયું હતું. આજે તો આ લવાજમ રૂ ૧ કરતાં વધારેનું નથી. પહેલેજ વરસે સભાને બક્ષેશ તરીકે રૂ ૩૬૪૭ ની રકમ મળી હતી, અને તેની એકંદર પુંજી બ્યાજ સાથે રૂ ૪૧૬૨ ની થવા પામી હતી. ખર્ચ રૂ ૬૫૩ નો થયલો હોવાથી બાકી પુંજી રૂ ૩૫૦૯ ની કમરસ્યલ બેંકમાં અનામત રાખી હતી.

સભાનું ઉપર મુજબનું ફંડ કરી આપનારા ગૃહસ્થોમાં કેટલાક નામીચા ગૃહસ્થો હતા, જેમકે

શેઠ ધનજીભાઇ નશરવાનજી કામાજી
શેઠ ખુરશેદજી નશરવાનજી કામાજી
શેઠ માણુકજી નશરવાનજી પીટીટ
શેઠ માણુકજી લીમજી બનાજી
શેઠ જીજીભાઇ દાદાભાઈના છોકરાઓ
શેઠ હોરમજજી ફરામજી ચીનાઇ
શેઠ દાદાભાઇ બેહરામજી બનાજી
શેઠ કાવસજી જેહાંગીર રેડીમની
શેઠ સોહરાબજી રતનજી બાટલીવાળા
શેઠ પેસ્તનજી રતનજી કોહલા
શેઠ ધનજીભાઇ ફરામજી પટેલ
આ૦ રૂસ્તમજી બહમનજી ગોરા
શેઠ ખરશેદજી ધનજીભાઈ રાણા
શેઠ એદલજી બહમનજી મૉરીસ
શેઠ ફરામજી સોહરાબજી વાડિયા
વગેરે, વગેરે.

પહેલા કાયદા કાનૂન.

પાછળથી ૧૮૬૪ માં જ્યારે શેઠ નવરોજજી ફરદુનજી ઈંગ્લંડ હતા ત્યારે શેઠ સો૦ શા૦ બંગાળીનાં પ્રમુખપદ હેઠળ મળેલી સભાના મજલિસીઓની ૯ માં થી ૧૨ માં સુધીનાં ચાર વરસોનો અહેવાલ અને હિસાબ બહાલ રાખવા માટે મળેલી સભામાં આપણી સભાના જુના કાયદાઓ રદ કરી નવા ઘડવામાં આવ્યા હતા, તેમાંના મૂખ્ય પેહલા બે આ પ્રમાણે મુકરર કીધા હતાઃ—

૧ લો—આ સભાની મતલબ જરથોશતી ટોલાના લોકોમાં ધરમ સંબંધી ગનેઆંન વધારવાની તથા ધરમનીતીના સબકો આપવાની તથા જરતોશતી કોમના લોકોમાં જે કાંઇ અણ-ઘટતી રસમો રેવાજ પાંમેલી હોએ તે કાહાડી નાખવાની છે. પણ જુદદીન લોકોના ધરમની વાતો અથવા બાબદો વીશે એ સભામાં કસસી ભાંજગડ કરવી નહી.

૨ જો—ઉપર કહેલી મતલબ પાર પાડવાને સારૂ એ મંડલીની તરફથી કારોબાર મંડલીથા બની આવે તેમ જાહેર સભા ભરવી, તથા મુંબઇ અને દેશાવરો ખાતે ચોપડી, ચોપાંનીઆંઓ તથા હેંડબીલો છપાવી પરગટ કરવા તથા "વાઅજ" કરાવવી, અને તે સેવાએ બીજા ઘટતા ઉપાઓ કામે લગાડવા.

સભા તરફથી વંચાતા નિંબંધો અને થતાં ભાષણો ઉપર ટીકા કરવાની મજલિસીઓને પ્રથમથીજ છુટ આપવામાં આવેલી હતી, પણ નવી હરીફ મંડળી સ્થાપાઈ તે વેળા આપણી મજલિસોમાં કેટલાક ધણીઓએ ગડબડ મચાવીને સભાનાં કામમાં હરકત કીધી હતી ત્યારથી આ છુટ બંધ કરવામાં આવી હતી. પણ ઉપલાં ૧૮૬૪નાં સાલમાં જ્યારે નવાજ કાયદાઓ બંધાયા ત્યારે એક મજલીસીના સવાલના જવાબમાં સરનશીને આ છુટ પાછી આપવાનું જાહેર કીધું હતું, અને તેમ કરતાં એવી ઉમેદ બતાવી હતી કે "જે સબબોને લીધે એકવાર હેવી બંધી કરવાની જરૂર પડી હતી તેવા સબબો હવે પછીથી બનસે નહી હેવી ઉમેદ આ સભાની તરફથી રાખીને, આ સભાની જાહેર બેઠકોમાં જે કાંઇ નીબંધો વંચાએ તથા ભાશણો થાએ તે સંબંધી પુછપરછ કરવા તથા સવાલો નાખવાની છુટ પાછી ચાલુ કરવામાં આવીછે."

પણ પાછળથી (૧૮૮૭ માં) એકવાર ફરીને આ છુટનો અટકાવ થયો હતો ત્યારથી આજસુધી સભા તરફની જાહેર મજલિસો દરમિયાન ભાષણો કે વચનો અપાયા પછી તે સંબંધી ચુનોચરા થતી બંધ રહીછે. એરવદ શેહરિયારજી દાદાભાઇ ભરૂચાએ "અશો જરતોસ્તની કેટલીએક બુલંદ ખાસિયતો" બાબે આપેલાં ભાષણો વેળા સભાના એક કારોબારી શેઠ દારાશાહ રતનજી ચીચગરે "એવી ઇછા જણાવી હતી કે સભાસદોને ભાષણો ઉપર પોતાના વિચારો જણાવવા દેવા." તે વિશે કારોબાર મંડળીના કેટલાએક સભાસદો સાથે મસલત કરીને સરનશીન સાહેબે (શેઠ ખ. ર. કામાએ) જણાવ્યું કે "હાલ તુરત તેમ બની શકતું નથી."

૧૮૮૭ માં એકવાર ફરીને સભાના નવા કાયદા રચાયા ત્યારે પહેલો કાયદો આ રીતનો ઘડવામાં આવ્યો હતો:—

"આ સભાની મતલબ જરતોસ્તી ટોળામાં નીતિ અને ધર્મ સંબંધી જ્ઞાનવધારવાની તથા જરતોસ્તી કોમમાં જે કાંઇ અણઘટતી રસમો ધર્મને નામે તથા બીજી હરકોઇ રીતે રેવાજ પામેલી હોય તે કાહડી નખાવવાની છે—પણ જુદદીન લોકોના ધર્મની વાતો અથવા બાબદો વશે એ સભામાં કશી ચુનોચરા કરવી નહિ."

પ્રકરણ ૨ જું.

સંસારી સુધારાઓ.

મરણ પછવાડેના ખર્ચો.

શેઠ દાદાભાઇ નવરોજજીએ આપણી સભાની સ્થાપના કરીને તથા તેના પહેલા મુનશીનો અધિકાર બજાવીને સભા તરફથી એક ભાષણ તા૦ ૨૩ મી ફેબ્રુઆરી ૧૮૫૨ને દને આપ્યું તે મરણ અને લગનના ખર્ચને લગતું હતું. તે જમાનામાં સઘળા સાહેબો પોતાને ઘેરથી રેસાલાઓ લખી લાવીને સભામાં વાંચી સંભળાવતા હતા તેમ મી૦ દાદાભાઈએ પણ આ નિબંધ વાંચ્યો હતો. આ નિબંધની અગત્યતા તેમાં રજુ કરેલા પુરાણી પંચાયતે મરણ અને લગન બાબતમાં કરેલા જુના બંદોબસ્તના દાખલાઓ ઉતારી લેવાને લગતી હતી. આપણી સભા હસ્તીમાં આવી ત્યારથી તેના શત્રુઓ ઉભા થઇ એવા આરોપ મુકતા હતા કે "આએ શભા જંદ અવશતાનાં પુશતકો ચુંથવા માગેચ, તથા એઓને છુપી અંગરેજ લોકોની મદદ છે." આપણા લોકો તે જમાનામાં કેટલાં બધા ભોળાં હશે અને મતલબી માણસો તેમને કેટલા ઝડપથી ભોળવતા હશે તે ઉપલાં ખોટાં તોહમત ઉપરથી સમજાયછે. કોમમાં પેવસ્ત થયલી અમુક રાહ રસમો ખોટી અને નુકસાનકારક હોય તો તે કહાડી નખાવવાની કોશેશ કરવાનાં કામને ઉત્તેજન અને મદદ આપવાને બદલે ધર્મ ચુંથવા અને ઇંગ્રેજોની મર્જી રાખી કામ કરવા જેવાં તોહમતો મુકવાને કોઇ ઓછી બુદ્ધિનો માણસજ તૈયાર થાય. હવે આ જાતના સુધારા કે જે આપણી સભાએ માથે ઉઠાવ્યા હતા તેમાં કાંઇ તેણે કોઇ તદન નવું કામ કરવા માંગ્યું ન હતું, પણ મરણ અને લગનની બાબતમાં છેક ૧૮૨૩ નાં સાલમાં તે જમાનાની પંચાયતના અકાબરોએ બરાબર એજ કામો બજાવવાનો આરંભ કર્યો હતો, પણ તેમાં તેઓ ફાવ્યા નહિ તેથીજ આપણી સભાએ કેટલાંક વરસો બાદ તેજ અને તેવાંજ બીજાં સુધારાનાં કામો ઉપાડી લેવાનું બીડું ઝડપ્યું હતું.

જુની પંચાયતના સુધારા–શેઠ દાદાભાઇના નિબંધનો જે અગત્યનો ભાગ છે તે ૧૮૨૩નાં સાલમાં છપાવવામાં આવેલાં બે ચોપાનિયાંઓ મધેથી લગન અને મરણના બેજા ખર્ચોના સંબંધમાં કરેલી ટીકાને લગતા

ઉતારા છે. તે ચોપાનિયાં આજે મળી શકે એમ નથી, કારણકે તે વેળાના અકાબરોએ તેની માત્ર ૧૨૫) નકલ છપાવી હતી, અને શેઠ દાદાભાઇએ પણ કોઇ મિત્ર તરફથી મળેલી એક નકલ ઉપરથી આ ઉતારા કીધા હતા. આ ઉતારા બતાવે છે કે જે નેમ અને મતલબથી આપણી સભાએ ઇસ્વી ૧૮૫૨ માં લગન અને મરણના ખર્ચો ઓછા કરવાની જરતોસ્તી આલમને ભલામણ કીધી હતી તેવીજ ભલામણ સભાની હસ્તીની આશરે ૩૦ વર્ષ આગમજ કોઈ જેવા તેવા નહિ પણ પંચાયતના અકાબર જેવા સાહેબોએ કીધી હતી.

"પારશીની પંચાએતનાં રીગલેશંન-નાં૦ ૧" આ નામથી પ્રસિધ્ધ થયલાં પોતાનાં પહેલાં ચોપાનિયાંમાં અકાબરો કોમનાં લોકોને જણાવે છે કે—

"આપડાંમાં જેવારે કોઇ બેહેદીન અથવા મોબેદ મરદ અથવા ઓરત અથવા છોકરૂ ગુજરેછે તેવારે તે રૂવાંન પછવાડે આપડી માજદીઅશની દીનનાં હોકમ પરમાંણે ચાર દરોન તથા મીઅજદ આફ્રરગાંન કરવુ જોઇએ, તથા શાવ તથા શરોશ તથા ઇજશની તથા વંદીદાદ કરાવવું જોઇએ તથા બની આવે તે પરમાંણે ખાંણુ પકાવીને બાજ ધરીને ખાવું જોઇએ તેને બદલે કેટલાએક લોકો એક એકની દેખાદેખીથી અશલ કરતાંને, હમણાં ખરચ ઘણો કરે છે, તે વ.રે કેટલાએક ભલાં માંણશથી તથા ગરીબ લોકોથી પોતાની આબર પરમાંણેનો વધતો ખરચ કરવાનું બની આવતું નથી, તારે બીજા લોકોનું કરજ કાહાડીને કરવું પડે છે કાંએજે હમણાં આપડી વધતી અશર કરતાંને ઘણી વધતી જાએ છે તે શારૂં જે ઘણી હેવાં કારણ શર વધતો ખરચ કરે છે તે ધણીને પછવાડેથી હેરાંન થાવું પડે છે."

આ હેરાનગતીનું કારણ ઉપલાં ચોપાનિયાંમાં એવું બતાવવામાં આવ્યું છે કે કોમનાં લોકોની રેહબરોને માટે અકાબરો કે બીજા આગેવાનો કે દસ્તુરો તરફથી કાંઈ પણ જાતનો કાયદા કાનુન કે બંદોબસ્ત કરવામાં કે લખી રાખવામાં આવ્યા ન હતા. આ ઉપરથી સંવત ૧૮૭૭ (ઇસ્વી ૧૮૨૧) નાં સાલમાં "બેહેશતી વાડીઆજી જંમશેદજી બહમનજીએ તથા તેહનાંની શાથે બીજા દસ્તુર તથા દાવર તથા મોબેદ જે કોઇ તે વખત ઉપર પંચાત મધે બેશનારા હતા તે શાહેબ લોકોનાં નામ પછવાડે બંદોબશત) મધે વાંચેઆમો આવશે તેનાંઓએ

રૂવાંન પછવાડે ખરચ કરવાના બંદોબશત ઠેહરેલા હતા તે હમણાંની શમશત પંચાતના બેસનારા શાહેબ લોકો છે તેનાંઓએ તે શરવે બંદોબશત ચોકશ કરી શરવે દાનાવ લોકોને વાંચવાને વાશતે ચોપડી (૧૧૫) છપાવી છે."

એવું જણાય છે કે તે જમાનાની પંચાયતના અકાબરો પ્રથમ ઉપર મુજબ એકમતથી બંદોબશત ઘડી તૈયાર કરતા હતા અને ત્યારપછી તેની નકલો કોમના લોકોમાં વહેંચાવતા હતા અને તેમને ખબર આપતા હતા કે "જે કોઇ દાનાવ લોકોની નજરમો કઇ વધતું અથવા ઓછું લખવું હોએ [યાને તેમાં સુધારો, વધારો કે ઘટાડો કરવો કરાવવો હોય] તે ઘણી શુખેથી શમશત પંચાતના બેશનારા શાહેબ લોકોને અગાઉથી કરે." ઉપલા ઇસ્વી ૧૮૨૧ વાળા બંદોશબતના સંબંધમાં તેમજ બન્યું હતું, કારણ ઉપલા ના૦ ૧ લા વાળા "રીગલેશન"માં વધુ એમ જણાવવમાં આવ્યું છે કે તૈયાર કરવામાં આવેલા સઘળા બંદોબસ્ત સમસ્ત અન્જુમન મલીને અમલમાં લાવશે, "કાંએ જે એ વાતનો અખતીઆર અનજુમનનો છે," અને અકાબરો જણાવે છે કે "જારે આપડે શમશત અનજુમન મલીને રૂવાંન પછવાડે ખરચ કરવાનાં બંદોબશત ... કબુલ રાખાશું તારે આપડે શરવ દશતુર તથા મોબેદ એહદીન તથા જે કોઇ હમણાં શ્રી મુંબઇ મધે છેઇએ તે પોતે તથા તેહેનાંનાં ફરજંનદાંન ફરજંદો શુધી ઘણાં શુખી થાશું તે શત જાંણજો."

તે જમાનામાં મરનાર પછવાડે જે કાંઇ ખરચ થતાં હશે તે હાલ કરતાં વધારે નહિ પણ ઓછાજ હશે, તોપણ તે વેળાના હમદીનોની હાલત જોતાં અકાબરોને તે ઘણા મોટા જણાયલા હોવા જોઇયે, કારણ કે તે સાહેબો લખે છે કે–"નીચે જે કઇ બંદોબશત બએઆંન કીધા છે તે પરમાંણે હવે પછે આપડે શરવ ખરચ ઓછો કરીશું તારે કોઇને રૂવાંન પછવાડે ખરચ કીધાથી કઇ હેરાંન થવું પડશે નહી તથા કોઇ ગરીબને હેવા ખરચ કરવાનું કઇ ભારી પડશે નહી, અને હેવા ખરચ કીધાથી કોઇ કોઇનો કરજદાર તથા મોહોતાજ રેહેશે નહી, તે શત જાંણજો."

હવે આ ઇસ્વી ૧૮૨૪માં જે બંદોબસ્તો તે વેળાના અકાબરોએ કીધા તે આગમજ તેવા કેટલાક બંદોબસ્ત તે વરસની અગાઉ થઇ

ચુકેલા હૈયાત હતા એવુંબી જણાય છે, કારણકે ઉપલાં ચોપાનિયાંમાં વિશેષ એમ જણાવવામાં આવેલું છે કે—

"રૂવાંન પછવાડે ખરચ કરવાનાં કેટલાએક બીજા જુના બંદોબશત અશલથી શમશત અનજુમને ઠેરાવેલા છે તેજ પરમાંણે શાબેત રાખેલા છે વાશતે જે કઇ અશલના બંદોબશત છે. તે તથા બીજા નવા બંદોબશત નીચે બએઆંન કીધા છે તે પરમાણે આપડે શરવેને કબુલ રાખવું શહી."

આગળા જમાનાની પંચાયતના અકાબરોએ મરણ અને લગનના ખર્ચો ઘટાડવા માટેજ નહિ, પણ આપણી કોમનાં ભોળાં અને વહેમી લોકોમાં દાખલ થવા પામેલી નુકસાનકારક યા આપણા મજહબને નકારૂં લાગે એવી રસમો તર્ક કરાવવા માટે પણ કોશેશ કીધેલી જણાય છે. તેઓ તરફથી પ્રગટ થયલાં લગનના ખર્ચને લગતાં ના. ૨) વાળાં ચોપાનિયાંમાં આ બાબતમાં જે લખાણ છે તે આપણી સભાએ પાછળથી ઉપાડી લીધેલા મોતેબર સવાલોને બંધબેસતું તથા આપણાં કામને ટેકો આપનારૂં છે, માટે શેઠ દાદાભાઇનાં ભાષણમાંથી તેટલો ભાગ નીચે ઉતારી લેવાનું વાજબી દીસે છે. તેઓ લખે છે કે "આપણા ટોલામાં જે બુતપરશતી તથા પીર, તાબુત, કબર, દેવ, રાંદેળ, નોરતાં, દેવલ, દેહેડાં પરશતી ચાલેચ, તેબી કાહાડી નાખવાને એ શાહેબો (અકાબરો) એ કોશેશ કીધીચ, તે હું વાંચી શંભલાઉંચ:—

"બીજું શંવત ૧૮૭૬ ના કારતક શુદ ૩ ને વાર ગરેઉ, તારીખ ૪ થી નવેમબર શને ૧૮૧૯ ને દંને પંચાએતના બેશનાર શાહેબોએ ઠેરાવીને પંનચાતની ચોપડી પાંને (૪૧) મધે લખેલું છે જે હવે પછે આપરા મરદ લોકો તથા બઇરાં લોકો, હીંદુનાં તથા મુશલમાંનનાં તથા હરકોઈ બીજી જાતવાલાનાં ધરમ પ્રમાણે માંનતા કરે નહી, તથા હવે પછે કોઈ બઇરાં પારકા ધરમવાલાનાં ઠેકાણાં ઉપર માનતા ચડાવા જાએ નહી.

"બીજું જારે કોઇને કાંઇ મુશકેલ આવી પરે તારે, પારકા ધરંમની માંનતા કરે છે, તે કરે નહી. જારે કોઇને કાંઇ માંનતા કરવી પડે તારે આપરા આતશ બેહેરાંમની, તથા આવાં અરદુઇશુરની, તથા આપરા શરવ ફરેશતાની માંનતા કરે શહી. આપરી જંદ

અવશતાની કીતાબ મધે, તથા બીજુ ઘણું માનતા કરવાનું લખું છે,* તે પરમાંણે માનતા કરે શહી.

"બીજુ કેટલીએક ઓરતો બીજા ધરંમવાલા શઇઅદ તથા જતી તથા બીજા જાદુગરોને ગેર કોટલ કાંમણુ કરવાને વાશતે જાએ છે તે હવે પછે કોઇ જશે તેહને પંચાત મધે ઉભી રાખીને જે શજા દેવી હશે તે દેશે શહી."

દાદાભાઇ નવરોજજીના ચાબકા—આ પ્રમાણેના આગળી પંચાયતના અકાબરોના બંદોબસ્તોને આધારે આપણી રાહનુમા સભાએ અનેક સુધારાઓ કરવાનું માથે લીધું હતું, તોપણ કેટલાક વિરોધીઓ અણજાણપણે અથવા બીજા સબબોને થકી સભાનાં રૂડાં કામને તોડી પાડવા માંગતા હતા, અને જે જુદદીન રસમો અને વહેમો કોમમાં દાખલ થયા હતા તેમને ચાલે છે તેમ ચાલવા દેવા માંગતા હતા તેમને શેઠ દાદાભાઈએ પોતાનાં ભાષણની છેવટે જે સવાલ રૂપી ચાબુક લગાવ્યા છે તેથી તેઓ ઉપર સારી અસર થયલી હોવી જોઇએ. તેઓ બોલ્યા કે—

"છેલ્લું, હું આએ શભાની તરફથી એટલી અરજ કરૂંચ કે જેવો હીંદુ, મુશલમાંન તથા ફીરંગી અને હેવી બીજી જુદદીનની રશમો કબુલ રાખેચ, તેઓ શું દીનદાર જરથોશતી કેહેવાશે? જો તેઓ જરતોશતીમાં નાંમ ધરાવીને અશો જરતોશતનાં હોકમોથી ઉલટા ચાલે, તો તેવોને તે નાંમ કેમ સજાવાર થાએ, ઇઆ તેવેવાજબીની રીતે જરથોશતી કેમ કેહેવાઈ શકાએ, તથા જો તેવો હેવું ધારતા હોએ કે ફલાંણાં પીરને માંનેઆથી અલબતાં તે પીર તેમને મદદ કરેચ, જો તેવો એમ શમજતા હોએ કે મુશલમાંન લોકોની કબરો ઉપર શમજો, ફુલ મુકેઆથી, તથા હીંદુઓના હરમાંનને તેલ ચઢાવેઆથી, તથા મોટમાવલીમાં મીનબતી ચડાવેઆથી, હરેક ઉમેદ બર આવવાનો મોજેજો બનેચ; જો તેવોની ખાતરજમાં ઇઆ નીશાં હોએ કે દેહડાં, દેવળ પુજેઆથી દોલત, ફરજંદ હાંસેલ થાએચ, તો તેવોની ફરજ છે કે જે મજહબની બરકતથી હેવા મોજેજા બનતા હોએ તેજ એકદમ

* જરતોશ્તી મજહબમાં માનતા બાબે કશું ફરમાન કે લખાણ નથી—અહવાલ લખનાર.

એખતીઆર કરે; પણ જો તેવો જરતોશતીમાંજ નાંમ રાખીને બીજી દીનની ફીરીઆઓ ઉપર ઇમાંન રાખે તો તેઓ અશો જરતોશતનાં ગોર તથા ખોદાએતાલાતા તકશીરવાર ઠડે કે નહી? શું કરવા જરતોશતને એ પરમાંણે એઓ ઠગેચ? તેઓની એવી ચાલથી શાફ માલુમ પડેચ કે તેઓનો તેઓની દીન ઉપર ચુશત એતેકાદ નથી વાશતે જુદદીનની શમો પછવાડે ભમેચ; બાકી જો તેવોનું તેઓની દીન ઉપર પુરતું એકીન હોય તો તેઓને એવી જુદદીનની મદદની કોઇ જરૂર નથી."

શેઠ દાદાભાઇની આ ટીકા જેમ તેમના જમાનાના બુતપરસ્ત પારસી નરનારીઓને લાગુ પડતી હતી તેમ આજે પણ ભોળાં લોકોને ભમાવનારાઓ અને આપણી સભાના શત્રુઓને આબાદ લાગુ પડે છે.

નવરોજજી ફરદુનજીના અસરકારક સખુનો.—મરણ પાછળ થતા ખર્ચના અટકાવના સંબંધમાં મી૦ દાદાભાઇની આગમજ સભા તરફથી પહેલો સખુન સરનશીન શેઠ નવરોજજી ફરદુનજીએ ઉચ્ચાર્યો હતો. તેઓએ સભાની ચોથી બેઠક વેળા આપેલાં ભાષણમાં જેમ લગન વેળાના ખર્ચના અટકાવની ભલામણ કીધી હતી તેમ મરણ પાછળના ખર્ચ વિશે પણ અસરકારક સુજાહેમત કીધી હતી. તેમના તે સખુનો મધેના થોડાક નીચે પ્રમાણેના હતાઃ-

"આપણા ટોલામાં બીજી તરેહની નુકશાનીએત ભરેલી રશમો પડી ગઇચ તે ગમીની શંગાથે તાલુક રાખેચ અને તેહેને શવાબનું તથા ધરમનું કાંમ જાંણીને આપણા લોકો તે રશમોનેબી છોડતા નથી...... આપણા ટોલામાં રવાંન થાએચ તે દંનથી તે છેક એક વરશ સુધી અતી ઘણો ભારે, અણુઘટતો અને ખમાઇ નહી શકાએ તેટલો ખર્ચ કરવાની બેહુદી રશમ પડી ગઇચ અને જાંણે આપણા ખોદાઇ કલામમાં શાફ હુંઘાડું ફરમાંન હોએ તેમ શઘલે વાંગના જરતોશતીઓ અતી ઘણો ઓહોલો ખરચ કરવાની ફરજ જાંણેચ. જે ઘણીને ખોદાતાલાએ દોલત બખશીચ તે ધણી જે પ્રમાણે ગમીનો ખરચ કરેચ તે પરમાંણે ગરીબ લોકોબી કરવા માંગેચ અને તેઓમાં તેવો ખરચ કરવાનું શામરથ નહી હોએ તથા તેઓના પાશે પઇશા નહી હોએ તો પોતાનું જેવર ગીરવી મેલી અથવા વેચી નાંખીને રવાંનની

પછવાડે એક વરશની ટુકી મુદતમાં ૫૦૦) થી તે ૨૦૦૦) રૂપીઆ ખરચી નાંખેચ, અને જે બીચારા ગરીબ જરતોશતી પાસે જેવર નહી હોએચ તો તે ધણી પોતાના મીતરો તથા શગાં વાહલાંઓની ખુશામત તથા કાકલુતી કરી રૂપીઆ વીઆજે કહડાવી કરજ કરીને ખરચ કરેચ......"

આ કિસમનો સભા તરફથી બળાપો કરીને શેઠ નવરોજજીએ મરણ પછવાડેના બેજા ખર્ચના ધટાડાની હિમાયત કરતી વેળા સંભાળ લીધી હતી કે સમાના કોઇ શત્રુઓ તેનો ખોટો અર્થ નહિ ઉઠાડીને અજાણ્યા લોકોને સભા સામે નહિ ઉશ્કેરે. તેઓએ ઉપલા સખુનો જોડે આમ પણ જણાવી દીધું કે—

"હમો એમ કેહેવા માંગતા નથી જે રવાંનની પછવાડે બાજ રોજગારનો કશો ખરચ કરવો નહી જોઇએ. ના—હમો કોઇનેબી હેવી ભલાંમણ કરતા નથી. હમારો અભીપરાએ એ છે કે આપણી દીનનાં ફરમાંન મુજબ ધુપ નેરંગ—મીઅજદ—દરૂન આફ્રરંગાન-બાજ—રોજગાર—કરવો તથા આપણી દીન આઇનિનાં કાંનુન મુજબ શઘલી ક્રીરીઆ કરવી, પણ આપણા લોકો મીઠાઇ કરીને તથા ખાંણું પકાવીને ઘેરેઘેરે ચેહારમ તથા બાજ રોજગારને દીને મોહોટું ખાંણું કરેચ તથા ભોંણાં વેહેંચેચ તે કંઇ આપણી દીનનું ફરમાંન નથી—બલકે એ શઘલું બરહક માજદીઅશની મજહબના હોકમથી ઉલટું છે, તે વીશે દીન આઇનની મોતેબર કેતાબોના દાખલાથી આએ શભાની મારફતે શઘલા જરતોશતીઓની ખાતરનીશાં કરેઆમાં આવશે."

નવી પંચાયતના અકાબરોને વિનંતી—આ કિસમનું શુભ કામ માથે ઉઠાવ્યા છતાં તેમાં સર્વ જરતોસ્તીઓની મદદની જરૂર હોવાથી શેઠ નવરોજજી તેમને તેમજ પંચાયતના અકાબરોને આ પ્રમાણે વિનવે છે——

"માંટે બરહક માજદીઅશની ફેરકાનાં શઘલા દીનદાર શાહેબો કે જેવો પોતાના જાતભાઇઓનું કલેઆંણ તથા ભલું ઇછતા હોએ તથા તેવોની ખેરખાઇ ચાહતા હોએ તેવા ધુંધી અને પરોપકારી ઘરશઘોને ઘટેચ કે આએ શભાએ ઉઠાવેલાં શુભ કાંમને પોતાનાં અંતઃકરણથી આશરો આપે અને હેવી રીતે મદદ કરવાની કોશેશ કરે કે શઘલી

અડચણો ટલી જાએ અને એ કાંમ ઉતાવલેથી પાર પડે...આપણી અંજુમનના નાંમવર અકાબર શાહેબોએ જે પરમાંણે આગલા દાહાડા ઉપર આપણાં ટોલાનું ભલું ચાહીને કેટલીએક અણુઘટતી રશમો કાહાડી નાખવાના બંદોબશત અમલમાં લાવવા શાફ દીલોજાંનથી મેહેનત લીધી હતી તે પરમાંણે હાલમાં આપણી પંચાએતના કાબુ તથા મરતબાવાલા નેકનાંમ અકાબર શાહેબો એ વાત દેલ ઉપર લઇને મેહેનત લેશે તથા આએ શભાને મદદ આપશે તો ધારેલું કાંમ આશાનીઅતથી અને તે શાથે ઉતાવલેથી પાર પડશે."

દિલગીરીભરેલું છે કે આપણી શભાની સ્થાપના વેળાના પંચાયતના અકાબરોએ પોતાની આગમજના અકાબરોએ ટોળાની બેહેતરી માટે ઘડેલા કાયદાઓને અનુસરીને તેવીજ રીતના સુત્રારા કામમાં દાખલ કરવાનાં કામમાં પોતાને થયલી બબે અરજીઓ છતાં સભાને મદદ આપી નહિ— બલકે તેને કશો જવાબ પણ આપ્યો નહિ. આ કિસ્સો આગળ ચાલતાં વાંચનારનાં જાણુવામાં આવશે.

સભાની દસ્તુર દાવરોને વિનંતી—પણ પંચાયતના અકાબરોની મદદની કોઇ કબૂલત કે ભરૂસા ઉપર સભાએ જન્મ લીધો ન હતો. તેના સ્થાપકો બાહોશ, હિમતવાન અને સ્વતંત્ર હતા. તેઓએ અકાબરોને તેમની ખુરસી ઉપર બેઠેલા રહેવા દઇને હવે દીનના દસ્તુરો અને દાવરો સાથ કામ લેવા માંડયું. તેઓએ આ દીનના પેશવાઓ ઉપર કાગળો લખીને મરનારને લગતી અગત્યની ક્રિયાઓ બાબેનો ખુલાસો માંગ્યો અને તે મેળવીને ટોળામાં જાહેર કરવા ચાહ્યું. તેઓએ ઠરાવ કીધો કે "દસ્તુરો અને દીનઆગાહ મરદો પાસેથી ફતવો લઇને જરતોશતી ધરમમાં રૂવાંનો પછવાડે જે કાંઇ કીરીઆ તથા ખરચ ફરમાવેઓ હોએ અને જે કાંઇ જરૂર હોએ તેહની ચોકશ વીગત એકઠી કરીને દીનનાં દફતરોના દાખલા તથા દલીલ શાથે તેહેની શઘલી હકીકત ભરી દીનનાં લોકોમાં જાહેર કરવી."

આ ઠરાવ મુજબ સભાની કારોબાર મંડળીએ "મુંબઈ તથા દેશાવર ખાતેના કેટલાએક જાણીતા દશતુરો તથા મોબેદો તથા દીનનાં કામોથી વાકેફી રાખનારા બેહેદીનો, તથા મુંબઈની પારશીની અનજુમનના અકાબર શાહેબો ઉપર એક પત્ર લખીને ૭ સવાલોના ખુલાસાની

આર્જુ કીધી. તેમાં પ્રથમ એવું જણાવવામાં આવ્યું હતું કે આપણા હિંદુસ્તાનમાં આવી વસ્યા પછી જુદદીન કોમો સાથના ઘાડા સંબંધને લીધે.

"આપણાં દીન ધરમની કીરીઆમાં કેટલીક રશમો દાખલ થઈચ તે વીશે હેવું ગુમાન આવે છે જે તે રશમો આપણાં મજહબ સંગાથે કશો એલાકો અથવા તાલુક રાખતી નથી, બલકે આપણી ખાલેશ દીનનાં ફરમાંનોથી ઉલટી છે. તે તેહવી બાબદો વીશે શક દુર કરવા તથા તે રેવાજ અને રશમો આપણી દીનનાં ફરમાંન મુજબ ઘટતા અથવા અણઘટતા છે તે વાત આપણી દીનનાં મોતેબર પુશતકોની ગવાહીથી તથા ભરોશો રાખવા જોગ દાખલાઓથી શાબેત કરવાની હાલમાં ઘણી અગત છે, માટે રવાનોની કીરીઆને લગતી કેટલીએક અગતની બાબદોમાં 'રાહનુમાંએ માજદીઅશનાં' શભાની તરફથી તમોને અરજ કરવાની રજા માંગુંચ કે નીચે લખી જણાવેલા શવાલોનાં જવાબ આપણી દીન-આઇનનાં દફ્તરોથી તેહકીક કરીને વીગતવાર ખોલાશાથી એ શભા ઉપર લખી મોકલશો તો ઘણીજ મેહરબાંની થાશે. આપણી ભલી દીનના જરતોશતીઓની ગહનુંમાઇ કરવા શારૂ તમો એ કામમાં 'રાહનુમાએ માજદીઅશના' શભાને મદદ કરશો તો આપણાં ટોલા ઉપર તમારૂં એહેશાંન થાશે અને તમોને શવાબનો હંમેશેરો હાંશેલ થાશે."

આ સવાલો નીચે મુજબના હતાઃ—

"૧ લું—આપણાં ફેરકામાં રવાંન થાએ તેવારે અને તે પછે આપણી દીનનાં ફરમાંન મુજબ તેહની પછવાડે શું શું કીરીઆ તથા ખરચ કરવાની આપણને ફરજ છે?

"૨ જું—રવાંનની નઇઅતે શું શું કામ કરાવવાની તથા શું શું ભણાંવવાની તથા મીઅજદ—દરન—શેઆવ—શરોશ વગરે બીજું શું શું કરાવવાની ફરજ છે તથા કહે કહે દીવશે અને કેટલી મુદત સુધી અને તેહેનો ખરચ કેટલો થવો જોઇએ?

"૩ જું—રવાંનના રોજગારને દીને વખતે વખત મીઠાઈ તથા ખાંણું કરાવીને ભોંણા તથા બાજ ઘેરે ઘેર વેહેંચાવવાની તથા જમણ કરવાની આપણને ફરજ તથા ફરમાન છે કે નહી અને હોય તો કહે કહે દને?

"૪ થું—આપણા લોકો હાલમાં તરીજે દીને રવાંનની નઇઅને જે રીતે પાછલી રાતનાં તથા ઓજીરન ગેહેમાં ઉઠીઆંણું કરાવીએચ તે રીતે શવલી કીરીઆ કરવાનું આપણી દીનમાં ફરમાન છે કે નહી અને ફરમાંન હોએ તો તે શી રીતનું છે?

"૫ મું—ઉઠીઆંણું—ચેહારમ—દસમુ—માસીસો—બમશી—છમસી—વરસી—તથા દર મહીનાંની અને દર વરસની બાજ ઇઆને રોજગારને દને શું શું કીરીઆ તથા ખરચ કરવાની દીનદાર જરતોશતીઓને ફરજ છે?

"૬ ઠું—મુકતાદના દાહાડામાં હાલમાં આપણાં લોકો જે પરમાંણે કીરીઆ કરે છે તે કરવાનું દીનનું ફરમાંન છે કે નહી અને મુકતાદની શું શું કીરીઆ તથા કહે કહે દીવશે તથા શી રીતે કરવાનો જરતોશતીઓને હોકંમ છે?"

ઉપલા સવાલો મુકતાં સભાએ જવાબ લખી મોકલનારા સાહેબોને વિનંતી કીધી હતી કે "ઉપલી બાબદોની શાબેતી અથવા રદીઆ" (અવસ્તા. પેહલવી તથા "બીજી ભરોશો રાખવાજોગ કેતાબોનાં દાખલા તથા ગવાહી શાથે" "વીગતવાર લખી મોકલશો તો તમારો મોટો ઉપકાર થાશે," અને "રાહાનુમાએ માજદીશનાં" શભા આશા રાખેચ કે આપણાં ટોલાનાં લોકોનાં હકમાં હરેક વાતે ફાએદો થાએ તે કામમાં તશદી લેવાને તમો શાહેબ હરગેજ ચુકશો નહી." પણ સભાએ ચોતરફથી જવાબો ફરી વળવાની જે ઉમેદ બાંધેલી તે બર આવી નહિ. સભાના ૧૮૫૩ ના વાર્ષિક રીપોર્ટમાં આ બાબતમાં ખેદ જાહેર કરવામાં આવ્યો હતો તે પ્રમાણે થોડાજ દસ્તુરોએ ઉપલા સવાલોના જવાબ આપ્યા હતા, અને તેઓ મધેના માત્ર બેજ સાહેબોએ સઘળા છએ છ સવાલોના જવાબો લખવાની તકલીફ ઉઠાવી હતી. "પુણાવાલા દસ્તુરજી નોશરવાંનજી દશતુર જામશપજી જામાશપ આશાવાલા તથા દશતુરજી ફરદુનજી દશતુર દારાબજી જામાશપ આશાવાલા* એ બે શાહેબો શીવાએ કોઇ બીજાઓની તરફથી ઉપર માંગેલા શવાલોનો જવાબ" સભા ઉપર લખાઇ આવ્યો નહિ. માત્ર છઠો સવાલ કેજે ફરવરદેગાનની

* આ ભુલ છે. સભાનાં પુ. ૧, અંક ૨૨ વાળાં ચોપાનિયામાં જણાવ્યા પ્રમાણે બીજા લખનાર તે દસ્તુર અસ્પંદીઆરજી ફરામજી રબાડી (સુરતવાળા) હતા.

ક્રિયાઓના સંબંધમાં પુછવામાં આવ્યો હતો તેનાજ જવાબો બીજા દસ્તુરો વગેરે તરફથી મળ્યા. દસ્તુરો વગેરે તરફની આ જાતની બેદરકારીને માટે સભા દિલગીર થઇ, પણ નિરાશ થઈ નહિ. તેણે પોતાની શુભ કોશેશ ચાલુજ રાખી. તે શી હતી તે હવે આપણુ જોઇએ.

મરનાર પાછળના બેજા ખર્ચ સામેની સભા તરફની પહેલી લડત.

તા. ૭ મી જુન ૧૮૫૯ ને દિને બોલાવવામાં આવેલી સભામાં સભા તરફથી શેઠ ડોસાભાઇ ફરામજી કરાકાએ સભાની કારોબાર મંડળીએ કેટલીક ચોકસાઈથી તૈયાર કીધેલો એક રેસાલો વાંચી સંભળાવ્યો હતો તેમાં મરનાર જરતોસ્તી પાછળ થતા બિન જરૂરી ખર્ચનો સવાલ હાથ ધર્યો હતો. આ નિબંધથી સભાના પુ૦ ૧ લાંનો ૪૬ સફાનો આખો ૨૨) મો અંક ભરાયો છે. "જરતોશતી ફેરકાના લોકોનાં ચાલતી આવેલી રશમ મુજબ રવાંનની પછવાડે જે અણુઘટતી કીરીઆ તથા બેજા ખરચ કરેઆમાં આવેચ તેનો 'રાહનુમાએ માજદીઅશના' શભા તરફથી બોલાશે" એવાં લાંબાં નામ સાથનો આ નિબંધ હતો, જેમાં અનેક અણુઘટતી રસમ અને નકામા ખરચનું બયાન ૧૮૨૩ ની પારસી પંચાયતના અકાબરોએ ઘડેલા બંદોબસ્તોને આધારે, તેમજ દસ્તુર નોશરવાનજી જામાસ્પજી જામાસ્પઆસાવાળા, તથા દસ્તુર અસ્પંદિયારજી ફરામજી રબાડીએ લખી મોકલેલા જવાબોને આધારે તથા વળી એરવદ કાવસજી મનચેરજી મોદી અને ઉપલાજ દસ્તુર અ૦ ફ૦ રબાડીનાં પ્રગટ કરેલાં ચોપાનિયાંઓને આધારે, અને વળી સભાએ પોતે ખાસ જુસ્તેજુઈ કરીને મેળવેલી હકીકતોને આધારે આ મોટો નિબંધ રચવામાં આવ્યો હતો. તેમાં જે જે બાબતોનો સમાસ કરવામાં આવ્યો છે તેનો ટુક સાર નીચે ઉપજાવી કાહડું છું:—

૧.—"રવાંનની પછવાડે રડવા કુટવાની મનાઇમાં જરતોશતી દીનનું ફરમાંન."—હિંદુ સ્ત્રીઓની માફક આપણી પારસણો સચકાર વખ્તે તેમજ અવલમંજલ પુગાડવા લઇ જતી વેળા "છાજીઆં લઇને છાતી કુટે છે તથા તરેહ તરેહનાં રદંન કરે છે," અને તે વેળા વળા "ઘરગતુ કજીઆ તંટા તથા બીજી બાબદો વીશે શઘલાઓને દેખતાં જાહેરદારીમાં ફરીઆદ તથા પોકાર ઉઠાવે છે," "એક બીજાની નીંદા કરે

છે," "એબ ખુલ્લી કરી આપે છે અને એક બીજા ઉપર તોહોમતો મેલે છે," પણ એમ કરવું વંદીદાદ પ્રમાણે દીનથી બીલકુલ ઉલટું અને ગુનાહ ભરેલું છે, આમ કહીને સભા જરતોસ્તીઓને શીખામણ આપે છે કે "મોહોત ઉપર રાજી રેહેવું જોઇએ." વળી સભાએ તેજ વખ્તે પોતાનો એવો કીમતી અભિપ્રાય જાહેર કીધો હતો કે "એ બાબદમાં ગમીની મીજલશ ભરાએ તે વેલાએ 'વાઅજ' કરીને માજદીઅશની દીનનાં બરગુજીદેહ ફરમાંનોનો ખોલાશો કરવાની આપણી દીનનાં દસ્તુરો તથા મોબેદોને ફરજ છે. પણ કેહવાને બેહદ દીલગીરી ઉપજેચ કે આપણા ટોલાનાં ઘણા ખરા મરદો તથા ઓરતો, બેહદીનો, મોબેદો, તથા દશતુરો પોતપોતાની ઉપર કહેલી ફરજો અદા કરતા નથી અને એ બાબદમાં ઘણીજ બેપરવાઈ કરે છે તેથી આપણાં ટોલાનાં લોકોને નામોશી લાગે છે."

૨. પંચકના ઢીંગલાં—આ એક હિંદુ રસમ છે, કે જે અણઘટતી અને ગુનાહભરેલી છે. તેની મતલબ એવી છે કે "હર કોઇ જરતોશતી ગુજરી જાએચ તે વેલાએ તેહેનાં ઘરની વેહેમી ઓરતો તથા મરદો હીંદુઓના જોશીઓએ બનાવેલું ટીપણું જોઇને તે દીને પંચક હોએચ તો પેહેલું, બીજું, તરીજું, ચોથું કઆ પાંચમું એ પરમાણે, જે પંચક હોએચ તેટલી કપડાંની ઢીંગલીઓ બનાવીને મરનારની લાશની શંગાથે ગેહાંનમાં મેલે છે." આ દીનથી ઉલટી રસમ કાહડી નાખવાનો ઉપાય સભા તરફથી અંજુમનનાં ધર્મ ખાતાંઓના ટ્રસ્ટીઓને એવો સૂચવવામાં આવ્યો હતો કે "તેઓએ આપણી અંનજુમનનાં ધરમખાતાંમાંથી પગાર આપતો કરીને રવાનને અવલમંજલ પોંહોંચાડવા શારૂં રાખેલા નશશાલારોને હેવો હુકમ કરવો જે રવાંનની શાથે કોઇ જરતોશતી 'ઢીંગલાં' મુકીને લઇ જવાને કેહે તે 'ઢીંગલાં' રવાંનની શાથે હરગેજ લઇ જવાં નહી."

[આજે આ રિવાજ લગભગ નીકળી ગયો છે.]

૩. નસાસાલારોનો જુલમ—તે જમાનામાં લાશને અવલમંજલ પુગાડતી વેળા રાખેલા નસાસાલારો પોતાને મળતા મુસારા છતાં "ઘણીવાર જબરદશતી તથા જુલમથી માસુલ કરતાં વધારે રૂપીઆ" લેતા હતા, "અને ઘણીવાર બમણો તરણગણો લવાજમો લઇનેબી

ધરાતા" નહતા, "અને રવાંનને દોખમે પોંહોંચાડીને પાછા ફરતી વેલાએ પાદશાની મીજલશમાં મરનારનાં ખેશાવંદોનાં દુખ તથા કકલાટમાં વધારો થાએ તેવી રીતનો તકાજો તથા જાશતી" કરતા હતા, "અને દરએક રવાંન દીઠ ૧૫) થી તે ૩૦) અને કોઇવાર તેથીબી વધારે રૂપીઆ" લેતા હતા, માટે તેમનો એ જુલમ ટાળવાની સભાએ ત્રસ્ટીઓને એલતેમાસ કીધી અને એવી અર્જ ગુજારી કે નસાસાલારોની મેહનત મુજબ તેમના હક મુકરર કરવો, તે પ્રમાણે રૂપિયા મરનારનાં ખેશીઓએ બીજે યા ત્રીજે દિને નસાસાલારોને નહિ પણ ત્રસ્ટીઓ ઠરાવે તે ઓધેદારને અદા કરવા, અને નસાસાલારોએ ધરધણી કનેથી નહિ લેતાં પેલા અધિકારી કનેથી લેવા, પણ જો તેઓ તકાજો કરે તો તેમને નોકરીમાંથી બર તરફ કરવા.

સભા તરફની બીજી એલતેમાસ એવી હતી કે નસાસાલારો લાશ ઉઠાવીને રસ્તામાં ઘણી ઝડપથી ચાલતા હોવાથી તે "ઘણુંજ નાંમુનાંશેબ જેવું" તથા "રવાંનને માંનને બદલે અપમાંન પોંહોંચે" તેવું હોવાથી ત્રસ્ટીઓએ "નશશાલારોને તાકીદનો હોકમ કરવો જે રશતામાં ઉતાવલેથી ચાલે નહી અને રવાંનને ઘટતું માંન મલે તેવી રીતે ચાલે."

[આ બન્ને એલતેમાસ મુજબ હાલ અમલ થતો જોવામાં આવે છે.]

૪. વિધવાનાં માથાં ઉપર નવી સાડી નાખવી—આગળ એક હિંદુ રસમ એવી પણ આપણા લોકમાં ચાલુ હતી કે મરનારની વિધવાનાં ખેશીઓ તેનાં માંથા ઉપર નવી સાડી નાખતા, જેને "દખોટા" કેહતા હતા. આ રસમ સામે સભાએ પોતાનો તેમજ ભણેલા એરવદોનો અભિપ્રાય દર્શાવીને જરતોસ્તીઓને એ મૂર્ખાઇભરેલી રસમ તર્ક કરવાની સલાહ આપી હતી.

[આ રસમ આજે લગભગ નીકળી ગઇ છે.]

૫. ઓટલો તથા પાંથરણું—છેક હમણાં સુધી એવી રસમ હતી કે લાશને અવલમંજલ પુગાડયા પછી મરનારને આંગણે સહવારે તેમજ સાંજે મર્દો ત્યાં ગોઠવેલા બાંક યા ખુરસી ઉપર અને ઓરતો મરનારની ખડકીમાં પાંથરણાં ઉપર જઇ બેસતાં, અને મર્દો પોતપોતામાં ટાપલું કરતા, તથા સ્ત્રીઓ તાતનિંદા કરતી. મર્દો ઉઠમણા પછી ઓટલે જવાનું બંધ કરતા પણ સ્ત્રીઓ તો દશ દાહડા અથવા

ત્રીશ દાહડા સુધી બેસવા જતી હતી. આ બાઇઓ ત્યાં જઇ શું શું કરતી તેનું બયાન સભા તરફના મજકુર નિબંધમાં આ મતલબનું આપ્યું છે—મરનારની બેશીઓ અને જાણુપીછાનની ઓરતો સહવારે ૯ કલાકથી સાંજે ૩ કલાક સુધી બેસવા જતી, જે વેળા કેટલીકો રાગડા કાહડીને છાતી કુટતી, પોતપોતાને ઘરનાં મરનારોને યાદ કરી તેઓનાં નામ દઈ કુટતી અને રદન કરતી, ઘેરે-ઘેરના કજિયા ટંટાની વાતો કરતી, પારકાં ઘરની બદગોઇ અને નાલેસી કરતી, એટલુંજ નહિ પણ "કેટલીક અશતરીઓ તો પોતાના ઘરનું "શીવવાનું લઇ જઇને મરનારનાં ઘરમધે ગમીની મીજલશમાં શીવવા "બેશે છે, અને ઠેરવેલે વખતે ઘણીખરી અશતરીઓ માંથા હેઠલ "તકીઆ લઇને પાંથરણાં ઉપર હુંગ કાહાડે છે તથા કેટલાએક "દાહડા શુધી રાતનાં શુવા પણ જાએ છે, અથવા બીજી ઘણીએક "કઢંગી રીતે વખત ગુજારે છે." વધારે આગળાં વરસો ઉપર મર્દોબી ત્રણને બદલે ૧૦ થી ૩૦ દાહડા "સુધી બેટસે" જતા હતા. તે વેળા ઓરતો એકને બદલે બેથી છ માસ સુધી "બેસવા" જતી હતી.

આ રસમથી કશો લાભ નથી પણ ગેરફાયદા ઘણા છે એમ જણાવીને સભાએ "દીનદાર જરતોશતીઓ"ને ભલામણ કીધી હતી કે તે રસમો કાહડી નાખવી.

[હાલમાં આ રિવાજ ઘણે મોટે દરજ્જે બંધ પડયો છે.]

"વસુરી" તથા "ભાતી"—મરનારની નૈયતે ત્રણ દાહડા સુધી ચાવલનું ખાણું પકાવી કુતરાંને જમાડવામાં આવતું તેને "વસુરી"નું નામ મલ્યું છે, તેમજ વળી મરનારનાં અતલકનાં બેશીઓ ભોજન પકાવી મરનારને ઘેર મોકલતા તેને "ભાતી"નું નામ મલ્યું હતું. આ કામને અણઘટતું અને બેવકુફી ભરેલું ગણીને સભાએ એ રસમ તર્ક કરવાની જરતોસ્તીઓને ભલામણ કીધી હતી.

[આજે તેવું કશું જોવામાં આવતું નથી.]

ઉઠમણું—પોતાના જન્મના જમાનાથીજ સભા જરતોસ્તીઓનું ધ્યાન ખેંચતી રહી છે કે જેમ ઓજીરન ગેહમાં તેનજ હોશન ગેહમાં ઉઠમણાંને નામે જે ક્રિયા કરવામાં આવે છે તે માટેનું કશું ફરમાન અવસ્તા વાણીમાં નથી, માટે "ઉઠમણું આપણી દીનમાં જાએજ છે

હેવું કેહવાનો આએ શભાને કશો મોતેબર આધાર મલી આવતો નથી. ' ઉઠમણું ' એતો ગુજરાતી હીંદુ લોકોનો શબ્દ તથા રશમ છે, અને ' શુતક 'ના દશ દીવશ પુરા થએઆ ' પછી મરનાંર હીંદુના કુટુંબીઓને ઘર મધેથી શોગમાંથી ઉઠારીને તેઓને ધનધે રોજગારે મોકલવા શારૂં બાહાર કાહાડતી વેલાએ હીંદુ લોકો જે ક્રીઆ કરે છે તેહેને ' ઉઠમણું ' કરીને કેહે છે."

તા. ૨૪મી જુલાઇ ૧૮૫૬ને દિને એક પત્ર દસ્તુર મનચેરજી એદલજી જામાસ્પઆસાના, દસ્તુર અરદેશરજી રૂસ્તમજી મુલ્લાંફીરોજના, તથા દસ્તુર કાવસજી દારાબજી મેહરજીરાણાના અને બેહદીન નવરોજજી રૂસ્તમજી લૉર્ડ લખીને જરતોસ્તીઓ માટે ધારા બંધાવી મંગાવવા માટે ઉભી થયલી સભાની સબકમિટી ઉપર મોકલ્યો હતો, તેમાં તેઓએ લખ્યું હતું કે.

" આપણાં લોકોમાં ' ઉઠમણું ' એ શબ્દ છેજ નહી, પણ હીંદુલોકોમાં એ ચાલ છે...આપણાંમો તરીજા દાહડાની ઓજીરન ગેહમો કે ઓશહેન ગેહમો ' ઉઠમણું ' કરવાનો કશો હોકમ લખેલો નથી. પણ તેહેની જગોએ તરણ દાહડા શુધી પાંહાંચે ગેહનાં હર વખતે વખતમાં રવાંનની નઇઅતે નીઆએશ, ઇઅશત પઢવાનો તથા પતેત કરવાનો હોકમ છે."

દસ્તુર અસ્પંદિયારજી ફ્રામજી રબાડીનાં મત મુજબ ઉઠમણાની " ક્રીઆ કાંઇ માજદીઅશની દીનના ફરમાંન મુજબ નથી." પુણેવાળા દસ્તુર નોશેરવાનજી જામાસ્પજી જામાસ્પઆસાનાનાં મત મુજબ " એ ઉઠમણું કરવાની ચાલતું ફરમાંન આપણી દીનની કેતાબોમાં નથી નજર આવતું, બલકે હેવું નામ રાખેઉંચ તે એક ગુજરાતી બોલ છે." વળી એજ દસ્તુર લખે છે કે " હાલમાં કેટલાએક શાહેબો વગર પાદીઆબ કુશતીએ દુરવંદ જેવા આવી બેશીને વાતો અને ઠઠા મશખરી કરી જાએ છે તેહેમાં કશો શવાબ નથી, બલકે; હેવા નાંહમવાર લોકો તે મીજલશમાં હમખીશતર થવાથી ઉલટો ગુનાહ જાંણવો."

પાળક—જેમ ઉઠમણાની ક્રિયા અજરતોસ્તી છે તેમ એ વેળાની મજલિસમાં મરનારના છોકરા અથવા પાળકને જે ફર્જો આપવામાં આવે છે તે રસમ પણ અવસ્તાવાણીનાં કોઇપણ ફરમાન મુજબની

નથી. સભાએ આ બાબત જરતોસ્તીઓનાં ધ્યાન ઉપર લાવતી વેળા, આ બાળકને કુર્જે આપતી વેળા દસ્તુર અથવા મોબેદ ઉઠમણાની ક્રિયા વેળા જે એકરાર કરાવે છે તે ટાંકી બતાવી જરતોસ્તીઓનું ધ્યાન ખેંચ્યું છે તેમ, એ એકરાર પોતે અવસ્તાઇ [જબાનમાં તો નથીજ પણ અર્ધી ફાર્સી અને અર્ધી ગુજરાતી જબાનના ખીચડા જેવી ભાષામાં છે. તે નીચે પ્રમાણે છે અને એ લાખ ભણાવવાની રસમ હજી ઘણે ઠેકાણે ચાલુ છે:—

"એક લાખ પાંનશો હેનવર, તરણ વંદીદાદ, તરણ ઇજિશને, ચોવીશ દરૂન, બેહદીન [(ફલાંણાં)ની આશોદાદ, આશોદાતાંન, ગેથીઆંન મીનોઆંન, હમાએશતે બેહાં, શુમા આંચે બુદ ફરમાંઈ કરદન, આશોદાતાંન ગેથીઆંન મીનોઆંન."

ગૌદાન—આગળાં વરસોમાં ઉઠમણાને દિને દસ્તુર અથવા મોબેદને "ગૌદાન" યાને ગાય ભેટ આપીને તનદુરસ્તી ભણાવવાનો ચાલ હતો. તેજ વેળા આ ગાયની પરવરશી માટે થોડાક રૂપિયા પણ આપતા હતા, અને દસ્તુર કે મોબેદથી આ પ્રાણીનું પોષણ થઇ શકતું નહિ ત્યારે તેઓ તેને વેચી ખાતા હતા. પાછળથી ગાયને બદલે એક યા બે રૂપિયા આપીને "ગૌદાન" કીધેલું સમજવામાં આવતું હતું. આના સંબંધમાં સભા તરફથી એવું જાહેર કરવામાં આવ્યું હતું કે ગૌદાન કરવાનું આપણા ધર્મનું ફરમાન નથી અને એ રસમ જરતોસ્તીઓની નથી પણ હિંદુઓ ઉપરથી લીધેલી છે, જેઓમાં એવો વેહેમ છે કે બ્રાહ્મણને મરનાર તરફથી ગાયનું દાન કરે તો તેનો આત્મા સ્વર્ગે જાય છે. પાછળથી હિંદુઓમાંથી પણ ગાયનું દાન કરવાને બદલે થોડા રૂપિયામાં ફાસળ પટાવવામાં આવે છે.

[આપણા લોકોમાંથી હાલ આ રસમ બિલકુલ નીકળી ગઈ છે.]

રૂપાંનાણું તથા સદરાનું વેંહચાણ—ઉઠમણાને દિને બેહદીનો મોબેદોને રૂપાંનાણું વેંહચે છે અને સદરા આપે છે. માતબર આસામીઓ તો આ વેંહચાણ માટે આગળ આખાં ગામના મોબેદોને બોલાવતા હતા. આ વેળા કેવો દુખ ભરેલો અને ધિક્કારવા જોગ દેખાવ નજરે પડતો હતો તેનું ટુક ચિત્ર સભા તરફથી આ મુજબનું દોરવામાં આવ્યું છે:—

"આપણાં ઘણાંએક મોબેદો હેવી વખતે એકજ વાર આશોદાદ લઇને ધરાતા નથી, પણ ફરી ફરીને આવીને બેએ તરણવાર આશોદાદ લઇ જાએ છે, તથા વેંહેંચનારાઓના હાથને વલગીને ઘણીએક જબરદશતી કરે છે, તેહનો અટકાવ કરવા શારૂં સઘલા મોબેદોને અટકાવ કરવા શારૂં શઘલા મોબેદોને એક જગોએ બંધ કરીને તે મકાનનાં દરવાજા આગલ એક, બે કદાવર માણશોના હાથમાં નેતર અથવા લાકડી લઇને આશોદાદ વેહેંચી આપવાની તથા ઘણી વેલાએ ફટકા મારવાની ફરજ પડે છે. હેવી અપમાનભરેલી રીતે આપણાં મોબેદ આશોદાદ લેવાને શરમ ભરેલું શહમજતા નથી, અને તેમજ આપનારનેબી હેવી રીતે બેહોરમતીથી આપવું શજાવાર નથી... આળશુ, નાવાકેફ અને ગુમરાહ મોબેદો, કે જેઓ પોતાની ફરજ તથા હક અને મરતબો તદન શહમજતા નથી, અને પોતાનાં ટોલાંને હીણું લગાડે છે તેઓને હેવી રીતે આશોદાદ આપેઆથી કશો શવાબ લાગતો નથી અને તે શાથે હેવી રીતે ધરમ કરેઆથી કશો ફાયદોબી થાતો નથી...શઘલાઓને જાણીતું છે કે 'અથોરનાંન' ટોલાના લોકો આપણી દીનનો અને દુનીઆંનો એલમ શીખવા તથા મોબેદોના બુજોરગ મરતબાને લગતી શઘલી કરજો શહમજીને બજા લાવવાની કશી મેહેનત લેતા નથી, અને આલશાઇ તથા શુશતીમાં પોતાનો ઘણો ખરો વખત ગુમાવેચ...વાશતે આપણાં જરથોશતીઓને ઘટેચ કે ઉપર કહેલી અણઘટની અને બેફાએદા ભરેલી રીતે મોબેદોને ધરમ કરવાની રશમ પડતી મેલીને હેવી રીતે ધરમ કરવો કે તેથી 'અથોરનાંન' ટોલાનાં લોકોને ફાએદો થાએ તથા તેઓની હાલતમાં શુધારો થાએ, તેઓને દીન દુનીઆંની શારી કેલવણી મલે, અને તેઓ પોતાનાં બુજોરગ ઓહ્દા તથા માંનને લાએક થાએ."

આટલું વિવેચન કર્યાં પછી સભાએ મોબેદોને દીન આઇનની કેળવણી આપવા નીચે પ્રમાણે ભલામણ કીધી હતી:—

"એ કારણશર આપણાં જરથોશતીઓને શજાવાર છે કે મોબેદોને વીદેઆની, નીતીની તથા દીન મજહબની તાલીમ તથા કેળવણી આપવા તથા તેઓની હાલત શુધારવા શારૂં એક ધરમ ખાતાંનુ ફંડ ઉભું કરે, અને પાદશ ઉઠમણાં તથા બીજી વેલાએ પઇશા, તથા

શદરા વેંહેંચીને નાંણાંની મોહોટી રકમો આપણાં લોકો હાલમાં બરબાદ કરે છે તેહેને બદલે શાદી ગમીને લગતે હરેક શર-અવશરે હેવાં ગુણુગારાં ફંડમાં પોતાની શકતી મુજબ નાણાં ભરે અને ધરમ કરે. હેવું ધરમ ખાતું કાહાડીને મોબેદોને શુધાર-વાનો એ તથા બીજા ઉપાએ કરવાની મોહોટી અગત છે... ધરમનાં હેવાં નેક કાંમમાં ખરચેલો પઇશો વખણાંએ અને શવાબનો હમબેહરો બેશક હાંસેલ થાએ...વાશતે આપણાં ફેરકાનાં દાનેશમંદ જરથોશતીઓને 'રાહનુમાએ માજદીઅશના' શભાની તરફથી મજબુત ભલાંમણ કરૈઆમાં આવેચ જે પાદશ તથા ઉઠમણાંની વખતે મોબેદોને પઇશા તથા શદરા વેંહેંચવાની રશમ બીલકુલ કાહાડી નાંખવી, અને મોબેદોનાં હકમાં ખરેખરો ફાએદો થાએ તથા તેઓને આરામ કેલવણી મલે તથા તેઓની હાલત શુધરે તેહેવું એક ધરમખાતું ઉભું કરીને તે ધરમખાતાંનાં ફંડમાં નાંણાં ભરે તો તેથી તે નાંણું શમારગે ખરચાએ અને મોહોટો શવાબ હાંશેલ થાએ, અને આપણાં લોકોની દાનાંઇની તારીફ થાએ; અને ગુમરાહ મોબેદો કે જે હાલમાં શુધરાઇની શાંહાંમને થાએ છે, તથા જરથોશતીઓની રાહનુમાઇ કરવાને બીલકુલ અશકત છે તેઓ આપણાં બેહેદીનોની રાહનુમાઇ કરવાને પુરતી રીતે લાએક થાએ તો તેઓ હરેક શુધરાઇનાં કાંમને દીલોજાંનથી મદદ કરે અને તેથી આએ શભાએ ધારેલું નેક કાંમ પાર પડે."

આ સભા તરફની ઉપલી મુજાહેમત પછી મોબેદોની કેળવણી માટે જંદ અને પેહેલવી મદ્રેસા બરપા થઇ છે, પણ તેનો લાભ મોબેદો તરફથી હજી સુધી જોઇએ તેવો લેવાતો નથી, અને સભા તરફની ફરિયાદ મોટે ભાગે હજી ચાલુજ છે.

મરનારની નૈયતે ભાણાં અને જમણવાર—ટોળામાં ચાલતા એક બીજા ખર્ચાલા અને અઘટતા રિવાજ સામે સભા તરફથી જરતો-શ્તીઓના નજર ઉઘાડવાની કોશેશ થઇ હતી તે મરનારની નૈયતે બાજનાં ભાણાં વેંહચવા અને જમણવાર કરવાને લગતી હતી. ચેહારમ, દશમું, માસીસો અને વરસી, એટલા ચાર અવસરો ઉપર ઘટતી ક્રિયા કરવાનું ફરમાન છે, તેમાં છમસીનો પાંચમો અવસર ઉમેરીને આપણા લોકો એ દિવસો ઉપર તરેહ તરેહની મીઠાઇઓ બનાવીને અને ખાણું

પઢાવીને બેશીઓ અને દોસ્ત આશનાઓમાં ભામલા અને ભાણું વેંહચતા અને મોટી જમણવાર કરતા તથા નાહાનિયા જમાડતા હતા, તે અણુઘટતા ખર્ચ કરવાનું "આપણી પાક દીનમાં કોઇ જગાએ ફરમાવેલું નથી, બલકે એ કામ દીનની શરીએતથી બીલકુલ ઉલટું છે," એમ જણાવીને સભાએ જરતોસ્તીઓને યાદ આપી હતી કે ૧૮૨૩ નાં સાલમાં આગળી પંચાયતના અકાબરોએ કાયદા બાંધીને કરેલા બંદોબસ્તમાં ઉપર મુજબનો બેજા ખર્ચ કરવાની સાફ મનાઇ કીધી હતી. પણ આ મનાઇ છતાં "કેહેવાને દીલગીરી ઉપજેચ કે તે મનાઇ મુજબ હાલનાં અકાબરો પોતે તથા ઘણાંખરા જરતોશતીઓ ચાલતા નથી, અને આગલા અકાબર શાહેબોએ કરેલા ગુણગારા બંદોબશતને કશું માન આપતા નથી."

દશમાને દિને આપણા લોકો હિંદુ લોકોનાં "બારમા"ના જેવી ક્રિયા કરે છે. મરનારની બાંય આગળ દશબાર દોરિયા અથવા કાદવનાં વાસણો, બાંબુના કરંડિયા અથવા ટોપલીઓ અથવા ત્રાંબાના વાસણો મુકી તેની આસપાસ કાચું સુતર લપેટે છે અને તે વાસણોને બાહેરથી કંકુના ટીલાં કરી વાસણનાં મોહડાં કોડિયાંથી ઢાંકી તેમાં "મીઅજદનો તથા મીઠાઇનો પરચુટણ ભુકો મુકેચ, અને તે વાસણોમાં દાલ, ચોખા અથવા પાંણી ભરેચ અને તેહેમાં કોઇએક તો પઇશા મુકેચ, અને પછી તેહેની આગલ મોબેદ પાશે શતુમ પહડાવેચ, અને પછી એ ચીજો પોતાના ખપમાં લાવેચ અથવા પોતાના શગાં વાહલાંને તાંહાં વેંહેંચેચ." આ હિંદુ રસમના સંબંધમાં આપણા ધર્મમાં કશું ફરમાન નથા માટે સભાએ કરેલી એલતેમાસ મુજબ આ રસમ આપણા લોકોમાંથી બિલકુલ બંધ પડેલી જણાય છે.

તોપણ દશમાંને દાહડે ચપટાં અને મીઠાઈ બનાવી વેંહચવાની રસમ હજી સમૂળગી ગયલી જણાતી નથી, તેમજ છબસીનું કશું ફરમાન નહિ છતાં અનેક ઠેકાણે એ દિને સીરોજાના દરૂન આફ્રીનગાન કરવામાં આવે છે.

બીજી કેટલીક અણુઘટતી રસમોનું વર્ણન આપતાં સભા તરફથી જણાવવામાં આવ્યું હતું કે પરદેશમાં મરનારની ઘટિત ક્રિયા થયા છતાં તેનાં વતનમાં તેવી ક્રિયા ફરીથી કરવાનો રિવાજ ખોટો છે. વળી સભાએ એમ પણ જણાવ્યું હતું કે સાત વરસ સુધીની ઉમરનાં બચ્ચાં

પછવાડે ચેહારમ, દશમું, માસીસો અને વરસીની ક્રિયા કરવાની કશી જરૂર કે ફરમાન નથી. એજ રીતની એક બીજી અણઘટતી રસમ દસ્તાનવાળી કે સુવાવડી ઓરતનાં મરણને લગતી સઘળી યોગ્ય ક્રિયા થઇ ચુકયા પછી બીજે વરસે તેજ ક્રિયા પાછી ફરીથી કરાવવાને લગતી છે. પેહલાં વરસમાં થયલી ક્રિયા તે મરનારને બરાબર પોંહચતી નથી એવાં ગુમાનથી અને "હેવું શહમજીને ફરીથી છમશી અથવા વરશીથી પાછું કાંમ જારી કરેય એ ઘણુંજ નામુનાશેબ તથા બેવકુફી ભરેલું છે. એ બાબે આપણાં લોકોને શહમજાવવાની ફરજ આપણાં ઘરનાં મોબેદોની છે, તેઓ પોતાની ફરજ અદા કરતા નથી એ ઘણુંજ અફ્‌શોશ કરવા જોગ છે."

એક બીજો ખોટો રિવાજ એવો છે કે એક મરનાર મર્દ પછી જ્યારે તેની ઓરત મરણ પામે છે ત્યારે ઓરત જોડે મર્દનો દાહડો લગાડી નવેસરથી તે મર્દના સરોશ, વંદીદાદ, સિયાવ વગેરે કરાવે છે તથા ઇજાવે છે, અને આખું વરસ જોડાંનું કામ કરવા પાછળ પૈસાની બરબાદી કરે છે. આ માટે દીનમાં કશો હુકમ નથી.

[**સિયાવ**--સભાએ પોતાના નિબંધમાં સિયાવની બાબતમાં જરનોશ્તીઓને એવી સમજણ આપી હતી કે મરનારની નૈયતે ચેહારમને દિને એક સિયાવ કરવાનું વંદીદાદની આઠમી પરગરદની પેહલવી શરેહમાં જણાવેલું છે તે સિવાય બીજા કોઇ પણ અવસરે સિયાવનું ફરમાન નથી. પણ રવાયતોમાં માસીસા અને વરસીને દિને પણ સિયાવ ઇજાવવા જણાવેલું છે, કે જેને દીનની કોઇ પણ કેતાબનો આધાર નથી.

મરનાર પછવાડે અણઘટતો ખર્ચ કરવાને બદલે ઉપયોગી ધર્મ કરવાના ફાયદા—ઉપર મુજબ સભા તરફના નિબંધમાં મરનાર પછવાડે એવા મોટો ખર્ચ કરવાનો દીનમાં હુકમ નથી તોપણ તે કરવાના અવગુણ બતાવ્યા પછી તેવા અઘટિત ખર્ચને બદલે બીજાં ઉપયોગી ધર્મના કામો કરવાની સભાએ જે ભલામણ કીધી છે તે આજ ૬૦ વર્ષ ઉપર જેટલી કીમતી હતી તેટલીજ આજે પણ ગણાવી જોઇયે. સભાના તે કીમતી સખુનો આ ઠેકાણે ઉતારી લેવા જોગ છેઃ—

"આપણાં લોકો ચેહારંમ, દહોમ ઇઓને દશમું, શીરોજો, માશીશો, અને દર મહીનાની બાજેબાજ, તથા છમશી અને વરશીને ટાંકણે તથા

દર વરશની બાજેબાજ તરેહતરેહની મીઠાઇ તથા ચપટાં કરે છે તથા તેઓને ઘેર જાંણે ખુશાલી હોએ તેમ વેંહેંચે છે, તથા અરદીબેહેશત મહીનાંમાં 'હરીશે,' 'શાંધણું,' તથા 'તીરીઆંન'ની મીઠાઇ તથા આદર મહીનાની મીઅજહની વખતે કેરી તથા ઢેબરી કરેચ, તથા બહમન મહીનામાં ખીચડી પકાવીને ઘેરઘેર વેહેંચે છે તથા ગહમબારીઆંમાં કાદવનાં કુહુલ્લાં ભરેચ, અને એ શીવાએ ગહમબાર તથા બીજે ટાંકણે કાંહાંશકી, પગનાં જોડા, છરી, રૂપાંની દાબડી તથા હેવીજ બીજી હશી કાહાડેઆ જોગ ચીજો જાંણે રવાંનને કામ આવતી હોય તેમ ધજાવેચ, તથા ઉપર બતલાવેઆ મુજબ હરેક નજીવે બાંહાંને ફરી ફરીને બબે તરણ તરણ વાર ખરચ કરેચ. એ સધલી રશમોખી દીનથી ઉલટી અને તે શાથે બેહુંદી છે. તોપણ આપણાં લોકો તેહેને દીનનાં ફરમાંનની પેઠે વલગી રહીને શેંહેંકડો બલકે હજારો રૂપીઆ બરબાદ કરે છે તે જોએઆથી આએ સભાને મોહોટો અફશોશ લાગે છે. આપણાં ધણાંએક લોકો હરેક રવાંનની પછવાડે વરશ એકમાં રૂપીઆ એક હજારથી તરણ હજાર અને તેથીબી વધારે ખરચે છે તે ધણું કરીને નકાંમાં અને બારેવાટ થાએ છે. જે પઇશા શમારગે અને ખરેખરાં શવાબનાં તથા ધરમનાં કાંમમાં ખરચવા જોઇએ તે પઇશા આપણાં લોકો હેવી રીતે કુમારગે ખરચે છે અને તેથી આપણાં જરતોસ્તીઓ પોતાની તરફની તથા પોતાનાં જાત ભાઇઓ તરફની સધલી ખરી ફરજો અદા કરવાને શકતીવાન થાતા નથી. આપણાં લોકો એ પરમાંણે નાણાંની મોહોટી રકમો ગેરરશતે ખરચીને બરબાદ કરેચ તે બચાવીને શમારગે ખરચે તો કેટલાં માંએબાપ વગરનાં છોકરાંઓ, કેટલાં કંગાલો, કેટલાં આધલાં પાંગલાંઓને આશરો મલે અને તેઓનાં દુખનું નીવારણ થાએ, કેટલા મોબેદોને એલમની તથા ધરમની કેલવણી મલે, અને તે શીવાએ બીજો કેટલો ધરમ તથા શવાબનાં કામો થાએ અને તેથી આપણાં લોકોને કેટલું માન મલે તથા કેટલો શવાબ લાગે, અને આપણાં જાતભાઇઓનાં સુખમાં કેટલો વધારો થાએ તેહનો શેઆંણાં જરતોશતીઓએ પોતેજ વિચાર કરવો."

આખાં વરસના ખર્ચનો અડસટો—ઉપલા મોતેબર સખુનો જોડે સભાએ તવંગર જરતોસ્તીઓને એલતેમાસ કીધી છે કે તેમને મોંગ્રા ખર્ચ કરતા જોઈ વચલે વાંગેના અને ગરીબ લોકો દેખાદેખીથી તણાઈ તુટે છે માટે પોતાની તરફનો ખર્ચ ઓછો કરી નાખીને તેઓમાં રૂડો દાખલો બેસાડવો. વળી કેટલાકો પોતાની શક્તિ નહિ હોયા છતાં કરજ કરીને ખર્ચ કરે છે તેમને સભાએ સમજણ પાડી હતી કે "રવાંનની પછવાડે 'હલાલ મેહેનતનો પઈશો ખરચવો'" એવી વંદીદાદની આઠમી પરગરદની પેહલવી શરેહમાં જણાવેલું છે, "માટે જરતોશતીઓએ કરજ કરીને રવાંનની પછવાડે ખરચ કરવો જોઈએ નહી."

આ સઘળું જણાવીને "દીનને લગતી કેતાબોમાં ફરમાવેઆ મુજબ વરશી શુધી જે કાંઇ કીરીઆ કરવાની ફરજ છે તેહના ખરચનો અડસટો" સભાએ દાનેશમંદ જરતોસ્તીઓની મુ.ासરી માટે પ્રગટ કર્યો હતો. તે મુજબ ફક્ત રૂ. ૫૪ નો ખર્ચ ગણ્યો હતો, અને તેથી ચારગણો વધુ ખર્ચ ગણીને રૂ. ૨૧૬ આખાં વરસ માટે પુરતા[1] જણાવ્યા હતા. સુરતના એક મરનાર જરતોસ્તીની રૂ. ૫૦૦) ની પુંજી તેના મરણ પાછળ ખરચી નાખીને તેના બેશીઓ પરવારી ગયા પછી વરસીના ખર્ચ માટે એક પૈસો પણ પાસે રહેલો ન હોવાથી તેઓને "ઉઘરાંણું કરીને મરનારની વરશી કરવાની ફરજ પડી હતી," એવી વાત સભાના સરનશીન શેઠ નવરોજજી ફરદુનજીના સુરત ખાતેના પ્રવાસ દરમિયાન સાંભળવામાં આવી તે વેળા ત્યાંના સમજુ જરતોસ્તીઓએ તેમને ભલામણ કીધી તે ઉપરથી શેઠ નવરોજજી જેઓ પારસીઓને માટે ધારા બંધાવી મંગાવવા માટે મુકરર થયલી કરોબાર મંડળીની સબકમિટીના પોતે એક સેક્રેટરિ હોવાથી તે સબકમિટીએ પોતાના રીપૉર્ટમાં આ બેજા ખર્ચના સંબંધમાં લાયક ધ્યાન આપેલું જણાય છે, અને તેમાં આ પ્રમાણે તેણે કરોબાર મંડળીને ભલામણ કીધી હતી કે—

"મરનારની પછવાડે અતી ઘણો બલકે નકામો અને બેજા "મઇએત ખરચ કરવામાં મરનારનાં શગાં વાહલાં મરનારની પુંજીનો "એક મોહોટો ભાગ ઘણીવાર બારેબાટ કરેચ, તેઓને તેવું કરવાથી "ધારાની મારફતે અટકાર થાએ તો તેથી આપણાં ટોલાનાં વચલે વાંધેના "તથા ગરીબ લોકોના હકમાં ઘણો ફાએદો થાએ."

વાજબી અને ગેરવાજબી ક્રિયાઓ અને ખર્ચો—ઇસ્વી ૧૯૦૦ નાં સાલમાં સભાએ એક નવું અગત્યનું અને આખી કોમને માટે દરરોજની જરૂરનું એક કામ માથે ઉઠાવ્યું. ચોતરફથી પુછાતું હતું કે "સભા મરણ વગેરે પાછળનો ખર્ચ ઓછો કરાવવા માગે છે તો એક ગુજરનાર પાછળ શી શી ક્રિયા કરવી જોઇએ તે તો સભાએ આજ સુધી બતાવ્યું નથી; વળી જે જે ક્રિયાઓ હાલ થાય છે તે શું સઘળીજ વાજબી છે, યા તેમાંની કોઇ કોઇ ગેરવાજબી પણ છે કે નહિ તેબી સભાએ જાહેર કીધું નથી. ત્યારે ખર્ચ ઓછો તે કેમ કરાય?" આ મતલબની વારંવારની પરપુછ ઉપરથી સભાએ એરવદ સાહેબ શેહરિયારજી દાદાભાઇ ભરૂચા જેવા કાબેલ ધર્માભ્યાસી પાસે એક નિબંધ તૈયાર કરાવી ૧૯૦૧ નાં સાલમાં સર્વ જરતોસ્તીઓની વાકેફીને માટે પ્રગટ કીધો હતો. આ નિબંધની ચાર આના કીમત રાખવામાં આવી હતી, તોપણ તેનો એટલો બધો ખપ જણાયો કે પેહલી આવૃતિની નકલો ખપી ગયાથી બીજી અને ત્રીજી આવૃત્તિ છપાવવી પડી.

આ નિબંધનું નામ આ પ્રમાણેનું રાખવામાં આવ્યું છેઃ—"જરથોસ્તી મરણ પુઠે કરાતી વાજબી તેમજ ગેરવાજબી ક્રિયાઓ ઉપર થતા ખરચો." (આ રેસાલાને ત્રણ ભાગમાં વેંહચીને પેહલા ભાગમાં વાજબી ક્રિયાઓ અને તેઓ પાછળના વાજબી ખરચોની વિગત તથા સમજણ આપી છે; બીજા ભાગમાં ગેરવાજબી ક્રિયા અને ખરચ દર્શાવ્યા છે; અને છેલ્લા ભાગમાં આગળ છપાયલી કેટલાક દસ્તુરો અને મોબેદોની કેતાબોમાંથી ગેરવાજબી ક્રિયાઓ અને ખર્ચો નહિ કરવા બાબેના ફકરા ટાળવી કહાડીને સમાવ્યા છે.

૧૮૭૫ માં આપણી સભાએ એ૦ શેહરિયારજીને અવસ્તા, પેહલવી પાજંદ અને ફારસી રવાયતો ઉપરથી ગુજરેલાંને લગતી તમામ ક્રિયાઓ વિશેનાં લખાણો ટારવી કાહડીને એક નિબંધ રચવાનું કામ સોંપ્યું હતું. આ નિબંધ ૧૮૮૧ માં તૈયાર થયા છતાં સભાએ તે વેળા તે આખો છપાવી પ્રગટ નહિ કરતાં તેમાંની બાબતોનો સારાંશ ઉપજાવીને તે પાંચ ભાષણોના આકારમાં જરતોસ્તીઓની જાહેર મજલિસો સન્મુખ એ૦ શેહરિયારજી પાસે રજુ કરાવ્યો હતો. તે ભાષણોમાં ગુજરનારની લાશને અવલમંજલ પુગાડવા સુધીની હકીકત છે; પણ ત્યાર બાદ

શી શી ક્રિયાઓ હકવાજબી છે તે જણાવવાનું બાકી હતું તે એ૦ શેહરિયારજીએ રચેલા ઉપલા નવા નિબંધથી પુરૂં થયું હતું.

લાશ લઈ જવા સંબંધી સુધારો—આપણી સભાને જ્યારેબી અગત જણાય ત્યારે યોગ્ય સુધારો કરવા માટે તેના તરફથી પારસી પંચાયતના ટ્રસ્ટીઓ ઉપર પત્ર લખી વિનંતી કરવામાં અને અમુક સુધારા માટે સભાને બંધબેસતી લાગતી સૂચના કરવામાં આવતી હતી. તે મુજબ ૧૮૮૦ નાં સાલમાં સભા તરફથી તેના ચેરમેન શેઠ નવરોજજી ફરદુનજીએ પંચાયતના તે વેળાના ટ્રસ્ટીઓ ઉપર એક પત્ર લખ્યો હતો. આ પત્ર લખાય તે આગમજ ચોમાસાના દિવસો ઉપર મરનારની લાશને અવલમંજલ પુગાડતી વેળા તેની જે ખરાબ સ્થિતિ થઇ પડતી હતી તે સામે પારસી છાપાઓમાં ઘણી કડવી ફરિયાદ થઇ હતી અને ઘણી ચર્ચા ચાલી હતી. આ ચર્ચાનાં શુભ પરિણામ દાખલ ટ્રસ્ટીઓ તરફથી એક ચોપાનિયું પ્રગટ કરીને તેમાં એવું જણાવવામાં આવ્યું હતું કે હાલની લાશને દખ્મે ચહડાવવાની રસમમાં સુધારો કરીને "ગેઆન ઉપરનાં ભાગ ઉપર ચેહરો ખુલ્લો તથા પગ અને માથાની બાજુએ માફકસર ઉંચાઇનાં લોહડાનાં શલીઆ જડાવીને તે ઉપર ઘટ કુમાશનાં કપડાંની ચાદરનું ઢાંકણ કરવું." ૧૮૭૯ નાં સાલમાં આ મતલબના ઠરાવવાળું ચોપાનિયું પ્રગટ થયા પછી તે પછીનાં વરસનું ચોમાસું માથે આવ્યા છતાં ટ્રસ્ટીઓ તરફથી તેમની પોતાનીજ ઉપલી સુચના મુજબનો સુધારો થવાની કંઇ નિશાની નહિ જણાયાથી શેઠ નવરોજજીએ તે વરસની તા. ૧૩ મી મેને દીને ટ્રસ્ટીઓ જોગો એક પત્ર લખીને ઉપલી સુચના બાબે તેમને યાદ આપતાં ઉમેદ બતાવી કે "ચોમાશાની મોશમ શરૂ થાય તેની આગમજ તશદી લઇને તમો સાહેબો એ બાબે ઘટતી ગોઠવણ કરશો."

આની જોડે શેઠ નવરોજજીએ નીચલી સૂચના કીધી હતી કે:—

"એ અગતની બાબદમાં રાહનુમાએ માજદીશનાં સભાની કારોબાર મંડલીએ જે તપાસ કીધી છે તે ઉપરથી તેઓનાં વીચારમાં કેવું આવેઉં છે કે ગુજરી ગએલા જરતોશતીઓની લાશને અવલમંજલ લઈ જતી વખતે માફકસર ઉંચાઇએ ઘટ કુમાશનાં કપડાંની ચાદરનાં ઢાંકણને બદલે લોહડાં અથવા પોલાદનાં પતરાનું

ઢાંકણું કરવાની ગોઠવણ કરશો તો તે ગોઠવણ વધારે લાએક અને આપણી દીનનાં ફરમાનને મળતી તથા મલાહજા ભરેલી કેહવાશે."

પણ આપણી સભા તરફની આ સુચનાના જવાબમાં "તરસ્ટી સાહેબોના ફરમાવેઆથી" તેમના સેક્રેટરીએ લખી જણાવ્યું કે તેઓએ ગયે સાલ "છપાવી પરગટ કીધેલાં ચોપાનીઆંમાં વરસાદના દીવશોમાં વાપરવાની ગેહાનનાં ઢાંકણમાં જે ફેરફાર કરવાને જણાવેઉં હતું તેને લગતી સરવે ગોઠવણ એ સાહેબો કરી ચુકા છે અને તે તુરત અમલમાં લાવવામાં આવશે," પણ લોખંડનાં ઢાંકણની જે સુચના આપણી તરફથી થઈ હતી તેનો જવાબ એવો મલ્યો કે "કેટલાએક શબબોને લીધે તે શુચનાં પરમાણે અમલ કરવાને બનતું નથી."

આ પછી તરત ચાદરનું ઢાકણ થવા લાગ્યું અને તેથી આપણી સભા તરફથી ઉપકાર માનવામાં આવ્યો હતો.

સભાનું વરસ જમશેદી નવરોજથી—તા૦ ૧૮ મી માર્ચ ૧૮૮૨ ને દિને શેઠ ખ૦ ર૦ કામાએ સભા તરફથી "જરથોસ્તી ધરમમાં નવાં વરસના શરૂઆત જમશેદી નોરોજથી થાએ છે" એ વિષય ઉપર એક જાહેર ભાષણ આપ્યું હતું, અને ત્યારબાદ તા૦ ૨૩ મી માર્ચે એક બીજી જાહેર સભામાં એ બાબત ઉપર કેટલીક તકરારો ચાલ્યા બાદ આપણી સભા તરફની નીચલી દરખાસ્ત વધુ મતે પસાર થઇ હતી કે— "આએ સભાને એવું જણાય એ છે કે જરથોસ્તી ધરમમાં નવાં વરશની શરૂઆત જમશેદી નોરોજથી થાએ છે."

આપણી સભાએ આ પછી ૧૮૫૦ થી સભાનું વરસ જમશેદી નવરોજથી ગણવા માંડયું છે.

સંસારી સુધારો—ભાગ ૨ જો.
લગન સબંધી સુધારો.

આપણી સભાએ પોતાની જરતોસ્તી કોમની બેહતરીને માટે પ્રથમથીજ જે ત્રણ મુખ્ય કામો માથે ઉઠાવ્યાં હતાં તેઓ મધેનું સૌથી પહેલું "શાદીની તથા ખુશીની શંગાથે એલાકો રાખનારી રશમો"ના સંબંધમાં અણઘટતા ખરચો અને જુદદીન રીતભાત દુર કરવાને લગતું હતું. સભાની સ્થાપના પછીની તેની ચોથી બેઠકમાં સરનશીન શેઠ નવરોજજી

ફરદુનજીએ સભા સ્થાપવાની ખરી મતલબ બાબે ખુલાસો કહી સંભળાવ્યો તે વેળા તેઓએ જણાવ્યા પ્રમાણે આપણા લોકોમાં આ દેશખાતેના વસ્વાટ પછી જે કેટલાક "અવગુણ ભરેલા રેવાજ" દાખલ થવા પામ્યા છે કે જે બાબે "આપણી દીનઆઇનની કોઇ કેતાબમાં ફરમાંન આપેલું નથી," તે કહાડી નખાવવાની સભાની મતલબ છે, અને તેઓ મધેના કોઇ રેવાજ જ્યારે ગમીના બનાવ સાથ સંબંધ રાખનારા છે ત્યારે કોઇ રેવાજો ખુશી ખુરમીના બનાવો સાથ તાલુકો રાખનારા છે. આ રેવાજો સેંકડો વરસોના વસ્વાટને લીધે, તેમજ અણજાણપણે તથા વળી એકબીજાની દેખાદેખીથી ટોળામાં પેવસ થયા છે. આમાંની અગત્ય કરીને જુદદીન રસમો બાબે બોલતાં સરનશીને લગન જેવી ખુશીની વેળાએ થતા ખરચના સંબંધમાં આ પ્રમાણે જણાવ્યું—

"આપણાં લોકોમાં જે દીનથી હરેક છોકરા છોકરીની શગાઇ થાએચ તે દીનથી તે લગન થાએચ તાંહાં શુધી બલકે તે પછીબી કેટલાંએક વરશ શુધી વર કનેઆંનાં માતપીતાને અથવા અતલગનાં શગાં વાહલાંઓને હજારો રૂપીઆ ખરચ કરવો પડેચ......વચલે વાંધેનાં તથા ગરીબ જરથોશતીબી તેવોની (યાંને "જેવોને ખોદાતાલાએ તવંગર કરેઆચ તેવોની") બરોબરી કરેચ તેથી તેવોએ ઘણાં દીવસ સુધી મેહેનત કરીને શંધરી રાખેલો દરવ થોડા દીવશમાં ખરચાઇ જાએચ એટલુંજ નહી પણ તે સાથે ઘણાંએક ગરીબ લોકો કરજદાર અને ખરાબેહાલ થાઇ જાએચ. એ પરમાણે એક બીજાની દેખાદેખીથી લગનનો હદ તથા મગદુરથી જીઆદા ખરચ કરવાનો મહાવરો લાંમબી મુદત સુધી ચાલેઆને લીધે આપણાં ટોલામાં એક મુકરર રશમ અને એક ચોકશ ધારો પડી ગએઓચ તે રશમ પરમાંણે શઘલાઓએ ચાલવું જોઇએચ અને તે ધારા પરમાંણે શઘલા કુટુંબીઓએ લગનનો ખરચ કરવો જોઇએ હેવો બેહુંદો વીચાર ઘણાખરા પારશીઓ તેમાં અગત કરીને અશતરીઓનાં દેલમાં પેવશ થાએઓચ અને તે વીચારે હેની તો મજબુતી પકડીચ કે અતી ઘણી મેહેનત લીધા વીના એકાએક બરતરફ થાઇ શકતો નથી. એ ધારો ઘણોજ અણુઘટતો તથા ખરાબી ભરેલો છે......જે શખસ એ ધારો તોડવા માંગેચ તે એકલો પડી

જાએચ—તેહનાં મતને કોઇ ટેકો આપતું નથી અને તેહેનું ચાલતું નથી તેથી તે બીચારો એકલો લાચાર થાઇ જાએચ, ભીડમાં આવેચ અને પોતાનાં શગાં શંબંધીઓને તાએબે થાવાની તથા તેવોનું કહેઉં માનવાની તેહેને ફરજ પડેચ, અને અગરજો તે બેહોશ કરી હટ પકડીને એ ધારાથી ઉલટો ચાલેચ તો તેહનાં કુટુંબમાં કંકાશ થાએચ અને લોકો તેહની બદગોઇ કરેચ તથા નામોશી પોહોચાડેચ...... આદરણી તથા પેહેરામણી કરતી વેલાએ કપડાં—શેશ—જમણવાર—ભાણાં વેહેચવાં તથા વરઘોડો કાહાડવો—શાબેલા કરવા તથા અધરણી બાંધવાનો અને એ શીવાએ લગનને લગતી બીજી ઘણીએક અણુઘટતી રશમોની પછવાડે આપણા લોકો જેટશો પઇશો ખરચેચ તે શઘલો બારેવાટ થાએચ અને બરબાદ જાએચ. નથી વરને કામ લાગતો કે નથી કનેઆને.........અગરજો એહેવો અણુઘટતો ખરચ કરીને હજારો રૂપીઆ થોડા દીવસમાં બારેવાટ કરેઆને બદલે જેટલા રૂપીઆ હાલની રશમ મુજબ લગન ઉપર ખરચવા કાહાડેઆ હોએ તેટલા રૂપીઆ અથવા તેહનો અરધો ભાગ અથવા પોતાની શકતી મુજબ જેટલા બની આવે તેટલા રૂપીઆ પકા બંદોબશતનું લખત કરીને કોઇ શારે ઠેકાણે વરકનેઆંને નામે વેઆજે મેલે તો તે વર કનેઆ ઉમરે પોહોંચે તાંહાં સુધી તે રૂપીઆ વેઆજે વધે અને એકનાં બમણા તમણાં થાએ અને આગલ જતાં તેહની મોટી રકમ થાઇ પડે તો વરકનેઆને કામ લાગે અને તેવો શુખી થાએ અને પોતાનાં માબાપના હકમાં દોઆ માંગે તથા તેઓની વાખવાખી કરે તથા લોકોમાં તેઓની તારીફ થાએ......એવી રીતે શાદીનો અણુઘટતો ખરચ કરીને નાણાની મોટી રકમ થોડા દીવસમાં બરબાદ કરેઆને બદલે આપણા લોકોમાં કેટલાએક શેઆણા જરતોશતીઓએ થોડું એક થાએઉં જે વખાણવા જોગ ચાલ કાહાડીચ તેઓનો દાખલો લઇને અગરજો સઘલા સાહેબો પોતાનાં શગાં વાહાલાં તથા દોશત આશનાવોને પાંન ગોલાબનાં એજન કરી શાદીને દીને મીજલેશ મેલવીને મોહોટી ધુમધામ કરેઆ વીનાં લગન કરે તો તેથી ઘણો ફાએદો થાએ......એ રશમ પરમાંણે ચાલેઆને લીધે આપણાં ટોલાનાં ઘણાંએક લોકો ખુવાર થાઇ ગએઆચ અને કેટ-

લાએક શખશોને કેદખાનું ભોગવવું પડેઉચ તથા નાહાર લોકોનો છુટકારો કરનારી અદાલતનો આશરો માંગવાની ફરજ પડીચ અને તેથી ઘણીજ નામોશી તથા પશેમાંની હાંશેલ થઇચ એ વાતનો કોઇ ઘણી ઇનકાર કરી શખશે નહીં..."

સંસારી લખલુટ અને અણુઘટતા ખરચો મધેનો એક દેખાદેખીથી થતો લગન પછવાડેનો ખર્ચ છે તેના સંબંધમાં સભાના સરનશીન તરીકે અને સભા તરફની સૌથી પહેલી નાપસંદગી તરીકે શેઠ નવરોજજી ફરદુનજીનાં મૂખમાંથી નીકળેલા ઉપલા દાનાઇ ભરેલા સખુનો આજે પણ તેટલાજ કીમતી ગણાવા જોઇએ. આવા ખર્ચો સભાની સ્થાપના વેળાએજ પારસીઓમાં સાધારણ હતા એમ નથી. તેની ત્રીશ વર્ષ આગમજ પણ તે તેવાજ હતા, અને તે વેળાની પારસી પંચાયતના અકાબરોને એ બાબતમાં ખાસ બંદોબસ્ત ઘડવા પડયા હતા, અને વળી તે અકાબરોની આગમજના તેવાજ સાહેબોએ પણ તેવાજ થોડાક કાયદા ઘડવાની પોતાના વખ્તમાં જરૂર જોઇ હતી. એટલા માટે રાહનુમા સભાએ જે સુધારો દાખલ કરવા માગ્યો હતો તે પોતાની આગમજ થએલી બે મરતબેની તેવીજ કોશેશની નકલ માત્ર હતી.

એવું જણાય છે કે સંવત ૧૮૭૭ (ઇસ્વી)નાં સાલમાં તે વેળાના અકાબરોએ લગનને લગતા લખલુટ ખર્ચનો સવાલ હાથ ધર્યો હતો. શેઠ દાદાભાઇ નવરોજજીએ કરેલાં ભાષણમાં તે બંદોબસ્તને લગતાં ચોપાનિયામાંથી ઉતારા આપ્યા છે તેમાંનો એક આ પ્રમાણેનો છે:—

"શમશત પંનચાતના બેશનારા બેહશતી વાડીઆજી જમશેદજી બહમનજી તથા દાવર તથા દશતુર તથા બેહેદીન જે કોઇ હતા તે શાહેબ લોકો...એ સંવત ૧૮૭૭ નાં વરશ મધે વીચાર કીધો હતો જે આપરા કેટલાએક લોકો પોતાનાં નાદાંન છોકરાંની કદબોદાઇ કરે છે તારથી તે આદરણી તથા લગન કરે છે તાંહાં સુધી આપરા બજરગ લોકો અશલ ખરચ કરતા હતા તે કરતાં હમણા એક બીજાની દેખાદેખીથી ખરચ ઘણો કરે છે, તારે બીજા ભલાં માંણુશને પોતાની આબરૂ પરમાંણે તેહવો ખરચ કરવાનું ઘણું ભારી પડે છે; અને કદાચ કોઇ પોતાની આબરૂ પરમાંણે વનો ખરચ કરે છે તારે

તે ધણીને પછવાડેથી હેરાંણ થવું પડે છે; વાશતે શમશત પંચાતને શરવે તરેથી ખરચ ઓછો કરવાના બંનદોબશત લખવાની ફરજ પડી છે તે શત જાંણુજો.

"(૨) જુ એ છે જે, જાહરે કોઇ આપરા ગરીબ લોકોથી છોકરીને ધણી રીત આપવાનું તથા શારો ખરચ કરવાનું બની આવતું નથી, તેવારે તેહનાંની છોકરીઓ વરશ (૧૨) થી તે વરશ (૨૦) શુધીની થાઇ જાએ છે, પણ તેહનાંની કદખોદાઇ તથા લગન થતાં નથી, તે શા વાશતે જે આપરી પાશે હેવાં કારણુશર ખરચ કરવાનાં બંનદોબશત અશલથી કઇ લખી રાખેલા નથી; તે વાશતે ઉપર બએઆંન કીધેલા શાહેબ લોકોએ ઠેરાવેઉં હતું જે હવે પછે આપરે હરએક વાતે ખરચ ઓછો કરીશું તારે આપરા ગરીબ લોકોને આગલ જતાં ઘણું શારૂં થાશે, તે વાશતે ઉપલા શાહેબ લોકોએ નાંદાંન છોકરાંની કદખોદાઇથી તે લગન કરીએ તાંહાં શુધી તથા લગંન થાઇ રહ્યા પછે જે કઇ ખરચ કરવાનું જરૂર છે તેહની ઇઆદદાશત લખી રાખી હતી......

(૪) ચોથું એ છે જે કંઇ પંનચાતના શાહેબ લોકોએ બંનદોબશત ઠેરાવેઆ છે તે પરમાંણે કરીશું તારે આપરા ગરીબ લોકોને વરશ (૧) મધે પોતાનાં જેટલાં ફરજંનદ હશે તેહનાંની કદખોદાઇ તથા આદરણી તથા લગન કરવાનું કોઇને કઇ બાહરી પડશે નહી, જે કઇ એ બંનદોબશત પરમાંણે ખરચ કરશે તે ધણીને પછવાડેથી પશતાવું પડશે નહી..."

આ રીતે આપણી સભાના જન્મ દિવસની ઘણાંએક વરસ આગમજ તે વેળાની પંચાયતના અકાબરોએ કોમના વચલા વાંધેના તથા ગરીબ લોકોના લાભને માટે ચોકસ બંદોબસ્ત અથવા કાયદા રચ્યા હતા, અને રાહનુમા સભાએ ત્યાર પછી કેટલેક વરસે ૧૮૫૨ માં તેવાંજ ધોરણ ઉપર કામ લેવા માટે જરતોસ્તીઓને નિબંધો વાંચીને તથાં તકરારો ચલાવીને ખાસ ભલામણ કીધી હતી. સભાની બેઠકોમાં વંચાયલા આવા અનેક નિબંધો મધેનો પહેલો બનિષના મહાન દાદાભાઇએ વાંચ્યો હતો.

આ નિબંધ બતાવે છે કે લગનનાજ સંબંધમાં નહિ પણ મરણના સંબંધમાં પણ આપણા લોકમાં આગળ બહુજ બેહુદા ખર્ચો થતા

હતા, અને તે બાબતમાં આપણી સભા ૧૮૫૧ માં થયલા પોતાના જન્મ પછી જે કોશેશો કરે તે આગમજ તે વેળાની પારસી પંચાયતના અકાબર સાહેબોએ પણ આવા ખર્ચો ઘટાડવા બાબે કાયદાઓ ઘડી, હુકમો કહાડી, ધાક ધમકી આપીને તજવીજ કીધી હતી. સભાના જન્મ પછી તેના કેટલાક વિરોધીઓ તેના ઉપર બેખબરીથી અથવા જાણી જોઇને એવું તોહમત મુકતા હતા કે આ ખર્ચોને બહાને સભા પારસીઓના રિવાજો અને ધર્મ ચુંથવા માગે છે, તેઓ બિલકુલ ખોટા હતા. શેઠ દાદાભાઇએ સભાની છઠી બેઠક જે ૧૮૫૨ નાં સાલમાં મળી હતી તેમાં વાંચેલા નિબંધનું નામજ આ પ્રમાણેનું હતું કે "પંચાએતના અકાબર સાહેબોએ રૂવાંન તથા લગનનો ખરચ કમ કરવા વીશે આગલ શું શું કોશેશો કીધીય? તથા આપણી ફરજીઆત શું છે?" એવું જણાય છે કે સભાના જન્મની ૨૮ વર્ષ આગમજ (૧૮૨૩ માં) તે વેળાના અકાબરોએ શેઠ દાદાભાઇના બોલોમાં કહિયે તો "પોતાની કોમની આબાદી તથા શુધરાઇ તથા શુખ ચાહીને ઘણીએક મેહનત લઇને કેટલાએક બંદોબશનો કીધા હતા." આ બાબે તે સાહેબોએ બે જુદાં જુદાં ચોપાનિયાં તૈયાર કીધાં હતાં, જેઓ મધેનું એક "રવાંનોની પછવાડે ખરચ કમ કરવા બાબેના" અને "બીજું લગણ સંબંધી ખરચ કમ કરવા બાબેનાં બંદોબશતનું" હતું. અકાબરોનાં આ કામને શેઠ દાદાભાઈ બહુ વખાણીને કહે છે કે તેઓએ "પોતાના ટોલાનું ભલું કરવાની ઇચ્છા દેખડાવી હતી તે ઉપર આફરીન કરીએચ." જોકે આ "બંદોબશ્તો" મધેના કેટલાક આપણી સભાનાં મતને અનુસરતા ન હતા, તોપણ આપણા પહેલવેહલા મુનશી સાહેબ લખે છે કે "એ બંદોબશતો શમશત અંજુમનમાં પશાર થઇને પછે કેટલુંએક સુધી અમલમાં લાવેઆ બાદ પાછા કેટલાંએક કારણોથી ભાગી પડેઆ છે તે ઉપરથી હાલમાં (૧૮૫૨ મા) અફશોશ કરવી પડેચ."

આ "બંદોબશતો" માં "રૂવાંન પછવાડેના ખરચ" વિષે આપણે ઉપર વાંચી ચુકયા છિયે માટે આ ઠેકાણે લગનના બેજા ખરચના સંબંધમાં થોડીક હકીકત ભેગી કરીશું. એવું જણાય છે કે તે જમાનામાં શેઠ જમશેદજી બહમનજી વાડિયાજી પંચાયતના સર્વ અકાબરોમાં વડા હશે, કારણકે તેનનુંજ નામ પ્રથમ વાપરવામાં આવ્યું છે.

તે જમાનામાં પારસીઓમાં બાળ લગ્નનો રવૈયો હોય એમ જણાય છે, કારણ કે પરણનાર છોકરી ૧૨ થી ૨૦ વર્ષની હોય તો તે ઉમરને ઘણી મોટી સમજવામાં આવી છે. માટે તે જમાનામાં "નાદાન છોકરાંની કદખોદાઇ" થતી હતી. તે જમાનાના અકાબરોની નેમ એવી હતી કે આગળ કરતાં તે વેળા લગન તેમજ મરણ પાછળના ખર્ચો દેખાદેખીથી વધી ગયા છે તેથી ગરીબો તણાઇ તુટે છે અને ખુઆર થઇ જાય છે અને પોતાના લખલૂટપણાંને માટે પાછળથી બહુ પસ્તાય છે તેમ નહિ થવા પામે તેવો બંદોબસ્ત કરવો.

શેઠ દાદાભાઇએ પોતાના નિબંધમાં ઉપલા પંચાયત તરફના બંદોબસ્તો ટાંકયા નથી યા તેમનો જરા જેટલો સાર પણ આપ્યો નથી. એ કામ તેઓએ સભાના એક બીજા અધિકારી શેઠ નવરોજજી નાનાભાઇ ફરામજી બનાજીને માટે રાખેલું દિસે છે, કે જે ગ્રહસ્થે ૧૮૫૩ નાં સાલમાં "જરતોશતીઓમાં રૈવાજ પામેલી લગનની કીરીઆ, રશમ તથા ખરચ"ની બાબદમાં નિબંધ વાંચ્યો હતો તેમાં આ બંદોબસ્તો ઉતારી લીધા હતા, એટલુંજ નહિ પણ ૧૮૩૨ માં વાડિયા ખાનદાનના ૧૯ ગ્રહસ્થોએ પોતપોતા વચ્ચે એક દસ્તાવેજ કરીને બાળકોની આદરણીથી તે લગન અને તે પછીની વારોવાર સુધીમાં કેટલી હદ સુધી નિયમિત ખર્ચ કરવો તેની યાદી બનાવી હતી તે પણ ઉતારી લીધી હતી. આ યાદી ઉપરથી જણાય છે કે તેઓએ છોકરાનાં માતપિતા માટે રૂ. ૩૬૪ થી રૂ. ૩૨૪૨ સુધીનો, અને છોકરીવાળાંઓ માટે રૂ ૩૫૩ થી ૧૨૧૧ સુધીનો વધતામાં વધનો ખર્ચ મુકરર કીધો હતો, અને જે કોઇ આથી વધારે કરે તેને માથે રૂ ૨૫૨૫) નો દંડ મુકરર કીધો હતો.

પણ જેમ પંચાયતના અકાબરોના બંદોબસ્ત પ્રમાણે કોઇ ચાલ્યું નહિ, તેમ વાડિયાજીના ખાનદાનીઓ પણ પોતાના ઠરાવને વળગી રહ્યા નહિ ! આ પછીજ આપણી સભાએ તેઓએ યોજેલું રૂડું કામ નવેસરથી માથે લીધું અને તે સાહેબો કરતાં જુદીજ રીતે લગનના બેજા અને અણઘટતા ખર્ચો સામે લડત ચલાવવા માંડી. તેઓએ નિબંધો વાંચીને પારસી માબાપોની કેટલાક ખોટા ખર્ચો સામે આંખો ઉઘાડી. તેઓએ બતાવ્યું કે કપડાં અને રૂપિયાની પહેરામણીમાંની ઘણીખરી તો હિંદુ અને મુસલમાનોના તેહવારોને લગતી છે, જેની સાથ જરતોસ્તીઓને કશો સંબંધ નથી. આ સર્વેને લગતી વિગતો આપીને શેઠ

૧૦–ના૦ ફ૦ બનાજીએ નીચલા વિચારો આપ્યા તે આજે પણ માબાપોએ નકલ કરવા જોગ છે. ખાણી પીણી અને જરૂર કરતાં વધારે કપડાં કે જનસનાં અઘટિતપણા વિશે વર્ણન કરીને તેઓએ શીખામણ દીધી હતી કે—

"રૂ ૫૦૦ થી તે ૫૦૦૦ સુધીનાં લગન પેહેરામણીનાં કપડાં—ખાંણાં—વગરેનો ખરચ થાએ છે તેટલા રૂપીઆની શરકારી નોટો લઇને રાખી હોએ તો અથવા શવર આશાંમાંને તાંહાં વેઆજે મુકેઆં હોએ તો તે નાણાં વેઆજ સાથે બમનાં થાએ. અને વર કનેઆં ઉંમરે પોંહોચે તાંહાં સુધીમાં અને તેઓને શંનશારનાં કામમાં ઘણાં ઉપેઓગી થાઇ પડે. પણ હેવે ડાહાપણ ભરેલો વીચાર આપણાં ટોલાના થોડાજ શાહેબોના મનમાં ઉતરેચ, અને જે જરતોશતીઓનાં મનમાં ઉતરેચ તેવોથીબી એ પરમાણે ચલાતું નથી અને લગનનાં અઇઆંમની વખતે માણશ એવું તો ઉલટમાં આવી જાએચ કે નહી પછી તવંગર ઇઆ ગરીબ તે વખતનો ખરચ કરવાને જોતા, ને બચારો ગરીબ તવંગરની સુહુજમાં અમશથકો દેખાદેખીથી તણાંઇને માથે મોહોટું કરજ કરે છે, કે જે ફીટાડવાને તેહેને ઘણું મુશકેલ પડેચ, ને જેહેને લીધે તે શંકટમાં તથા દલદરી હાલતમાં આવી પડે છે......"

આગળ ચાલતાં શેઠ બનાજી માતબર માબાપ જેઓ પોતાનાં એક પુરાં બચ્ચાંને ધામધુમથી પરણાવવાનો ઘણો હાંફરો ધરાવતાં જણાયલાં છે તેમને આ રીતે વિનવે છે:—

"હાવી નાપાએદાર દુનીઆંની જુઠી નામદારી મેલવવા પછવાડે તમારી શકમાંઇનો પઇશો અમશથકો વેરી નાંખો તેહેને બદલે જો વીચારથી અને શારા વખાણવા જોગ કામમાં વાપરો તો તેનો કેટલો બીજો શારો ઉપીઓગ કરી શકો! કાંએ જે લગનની અવશરે જે હજારો રૂપીઆ નકામાં ખરચોચ તે જો તમારી હેવીજ ખુશી હોએ કે તમારાં બચાં-નાજ ફાએદાને થકી કામ લાગે તો એમ ખરચેલા તેહેનાં સું કામમાં આવેચ? કાંઇજ નહી. તેને બદલે જો તે રૂપીઆ પકા બંદોબશતના લખત શાથે તમારાં બચ્ચાંને નામે અનાંમત રાખો તો જે વખતે તેવો ઉપર હાંદેશો આવે તારે તેવોને તે કેહેવા કામ લાગે! વલી જો એ પઇશો નકાંમોજ તમારી પાશે પડેઓ હોએ તો બીજાં કેટલાં

અગતનાં અને તમારા જાતભાઈનાં હકમાં ફાએદો થાએ તેહેવી રીતે કાંમે લગાડી શકો, કે જેવાં શારાં કામ કીધાથી તમો હજારો આદ-મીની દોઆ હાંશેલ કરશો."

આ કેવા દાનાઈ ભરેલા સાચા સખુનો તે જમાનાની સાદી ભાષામાં વપરાયલા છે! આ ઠેકાણે સભાએ એક મોટો સંતોષ લેવાનો એ છે કે પંચાયતના અકાબરો "બંદોબસ્તો" રચીને આખી કોમનું ભલું કરવાની તારીફ લાયક કોશેશમાં, તેમજ વાડીઆ ખાનદાનીઓ પોતપોતા વચ્ચે કરાર કરીને પોતાના કુટુંબીઓની બેહતરી કરવાની તેવીજ સ્તુતિપાત્ર તજવીજમાં જે ફતેહ મેળવી ગયા નથી, તે ફતેહ ઘણે નહિ તો કેટલેક દરજ્જે આપણી સભાએ પોતાના ઉપલા અને એવાજ બીજા નિબંધો જાહેર સભાઓમાં વાંચીને તથા તેમનાં હજારો ચોપાનિયાં કોમમાં મુફત વહેંચીને અને એ રીતે પારસી પ્રજામત આસ્તે આસ્તે કેળવીને મેળવી છે. ૧૮૨૨ અને ૧૮૩૨ અને ૧૮૫૪ નાં સાલમાં પારસીઓમાં જે હિંદુ અને ઇસ્લામી રસમો લગન વેળા જોવામાં આવતી હતી તેમાંની ઘણીખરી આજે બંધ પડી છે. પણ લગન પાછળનો ખર્ચ ? અફસોસ, તે તો વધ્યોજ ગયો છે!

૧૮૬૨ માં વાડિયાજીનાં આતશ બેહરામમાં આપણી સભાના મુનશી શેઠ જમશેદજી લીમજીભાઇ અપુએ એક નિબંધ પારસી લગન વેળા થતી જુદદીન ક્રિયાઓ અને ખુઆરી ભરેલા ખર્ચોના અઘટિતપણાં બાબે વાંચ્યો હતો, અને તેમાં અવસ્તાવાણી તેમજ પેહલવી પુસ્તકો મધેના દાખલા ટાંકીને જરતોસ્તી બાનુઓ અને ગૃહસ્થોની આંખ ઉઘાડી હતી કે તે જમાનામાં તેમજ તેની આગમજ માત્ર સાતથી આઠ વર્ષની ઉમરનાં અથવા તેથી પણ નાનાં બાળકોનાં લગન કરી આપવાનો રિવાજ અજર-તોસ્તી હતો, કારણ કે વંદીદાદ મધેનો દાખલો આપીને શેઠ જમશેદજી અપુએ જણાવ્યું હતું કે "આટલી નાની ઉમરે બાળકની શાદી કરવી, એ ચાલ આપણી મજદીઅસની દીનનાં હોકમથી ખચીત ઉલટી છે. આપણી બરહક દીનનાં હોકમ મુજબ હરએક ઓરતની ઓમર પંદર વરસની થાએઆ પછે તેહેની શેઆદી નેક મનશનીનાં દાનેશમંદ મરદ સાથે કરી આપવી જોઇએ."

બાળ લગન નાબુદ કરવા માટેનો રાહનુમા સભા તરફનો આનાવેજ

સુધારો હતો, પણ તે એક એવો ફતવો હતો કે જેને વંદીદાદ જેવાં ધર્મ પુસ્તક લેખે ગણાતાં પુરાણાં લખાણનો મજબુત ટેકો હતો. આમ કરતાં સભા તરફથી જણાવવામાં આવ્યું હતું કે

"લગનની પવીતર અને ગંભીર ક્રીઆથી આ દુનીઆના ચમન મધે ઓરત અને મરદનો સંબંધ સંસારનું શુખ ઉપજાવવાને માટે કરેઆમાં આવે છે. એ વાત કંઇ ઢીંગલી ગુડીઆંના ખેલના જેવી નથી; પણ એ કામ ઘણું માહભારત ગણાએ છે...ભરથાર અને બાએડી વચેથી કજીઓ, ફેસાદ અને અનબનાવ દુર કરવા સારૂં ઓરત તથા મરદ પુરતી ઓમરમાં આવીને પોતાની મરજીથી એક બીજાંને પસંદ કરી માંએ બાપની પરવાંનગી લેઇને લગન કરવાં ઘણાં સારાં છે."

અહીં વળી સભાએ એક બીજું કદમ આગળ વધીને ધણી ધણિ-યાણીએ એકબીજાને પસંદ કરીને પરણવાનું જાહેર કીધું છે, અને એ વાતને પણ આપણાં જુનાં લખાણોનો ટેકો છે. આ લખાણોનાં દાખલા આપીને વિશેષ એમ જાહેર કરવામાં આવ્યું છે કે——

"એ દાખલાઓ આપણને હેવું બતલાવી આપે છે કે, જરથોશતી મજહબમાં કાંઇ હેવું નથી ફરમાવેઉં કે સાત અથવા આઠ વરસની વએનાં નીરદોશ બાલકો જેઓમાં લગનની પવીતર ક્રીઆ સહમજ-વાની શકતી નહી હોએ, તથા એ ક્રીઆના સંબંધથી ઓરત તથા મરદ કેવી ફરજ તેન્રે આવી પડે છે તે જાંણવાની જેઓ કુદરત નહી ધરાવતા હોએ, તેવાં નાહાના બાલકોની શાદી કરવી અને લગનની વેલાએ હજારો રૂપીઆનો અણઘટતો અને નકાંમો અને પોતાની ગુનજાસ કરતાં વધારે ખરચ કરવો, તથા લગનની ક્રીઆની આગમજ પારકા ધરમની ઘણીએક બેહુંદી ક્રીઆવો કરવી, કે જે ક્રીઆઓ કાંઇ નહી પણ નીતીના ફાએદાથી ઉલટી અને અવગુણ તથા નુકશાનીઅત ભરેલી છે."

લગનના ખર્ચ ઉપર આવતાં પાછું સભાએ પોતાની કોમનું આમ કહીને ફરી ફરીથી ધ્યાન ખેંચ્યું છે અને એ ખર્ચ બંધ કરવા માટે ફરી ફરીથી ઓજરખાહી કીધી છે કે "આદરણી તથા પેહેરાંમની કરતી વેલાએ કપડાં, શેસ, જમણવાર, ભોણાં વેહેચવા, તથા વરઘોડો કાહાડવો, અને એ શીવાએ લગનને લગતી બીજી ઘણીએક અણઘટતી

રસમોની પછવાડે આપણાં લોકો જેટલો પઇસો ખરચે છે તે સંગલેક બારેવાટ થાએ છે અને બરબાદ જાએ છે. નથી વરને કામ લાગતો કે નથી કનેઆને." વર કન્યાને જે કાંઇ લાભકારક છે તે સભા તરફથી પ્રથમથીજ બાપુકાર જણાવવામાં આવ્યું છે અને શેઠ અપુએ ભાર મુકીને જણાવ્યું છે તેમ એજ છે કે " જેટલા રૂપીઆ હાલની રસમ " મુજબ લગન ઉપર ખરચવા કાહાડેઆ હોએ તેટલા રૂપીઆ, અથવા " તેહેનો મોટો ભાગ, અથવા પોતાની સકતી મુજબ જેટલા બની " આવે તેટલા રૂપીઆ સારા બંદોબસતનું લખત કરીને, કોઇ સારે " ઠેકાંણે વરકનેઆને નાંમે વેઆજે મેલે તો તે વરકનેઆ ઓમરે " પોંહોંચે તાંહાંસુધી તે રૂપીઆ વેઆજે વધે, અને એકનાં બમણાં " તમણાં થાએ, અને આગલ જતાં તેહેની મોહોટી રકમ થાઇ પડે તો " વરકનેઆને કાંમ લાગે અને તેઓ શુખા થાએ, અને પોતાના માબા- " પના હકમાં દોઆ માંગે તથા તેઓની વાખવાખી કરે. "

લગનના સંબંધમાં સભા તરફના એકજ સુધારાની હવે આપણુ અહીં નોંધ લઇને આ બાબત બંધ કરીશું. શેઠ અપુનાઃ જણાવ્યા પ્રમાણે તેમના જમાનામાં (૧૮૬૨ માં) લગનના અણુઘટતા અને હદથી જિયાદા ખર્ચથી પોતે એટલા બધા કાયર થઇ ગયા હતા તે ઉપરથી શીખામણ લઇને "આપણા ટોલાના ઘણાએક લોકો......એ ખરચ કાહાડી નાંખવાને તઇઆર છે, અને કેહેવાને ખુશાલી ઉપજે છે કે કેટલાએક શેઆણા જરથોશતીઓએ એ અણુઘટતો ખરચ ઘણું કરીને કાહાડી નાંખેઓ છે." પણુ આજે જે મામલો નજરે પડે છે તે ઉપરથી બહુ દિલગીરી સાથ કબુલ કરવું પડે છે કે જુદદીન રસમો મોટે ભાગે નાબુદ થયા છતાં લગન પાછળનો ખર્ચ કમી થયો નથી, પણુ અનેક દાખલાઓમાં ઓર વધ્યો છે.

પણુ સભાએ સુચવેલા જે સુધારા વિષે આપણે ઉપર ઇશારો કીધો છે તે પરણુતાં જોડાંનાં ઉમરે આવ્યા પછીજ લગન કરવાને લગતો અને લગનના કરારની ફર્જે તેને સમજાવવાને લગતો છે. શેઠ અપુના સખુનો એ બાબતમાં આ પ્રમાણેના છે——

" હવડાં થોડુંએક થાએઉં આપણાં કેટલાએક લોકોમાં કેવો રવઇઓ નીકલીઓ છે કે તેઓ પોતાના ફરજંદોની શેઆદીની

વખતે પાજંદ આશીરવાદનો ગુજરાતી તરજુમો આશેરવાદ દેનાર દશતુર અથવા મોબેદ પાસે કરાવીને તેહેની સહમજ બચાંઓને પાડે છે. શેઆદીનો કોલ કેહેવો છે, અને તેહેની ફરજ પરણનાં જોડાં ઉપર કેહેવી પરકારે લાગુ પડે છે તે વીશેની તે જોડાંને સહમજ આપવી જરૂર છે, બલકે તેમ કરવાની ફરજ છે. પણ આશીરવાદ દીધા પછે, ગુજરાતી ભાસામાં તેહેનો તરજુમો કરેઆમાં આવે તે આગમજ બચાંઓનાં માબાપોને ઘણીજ સંભાલ રાખવી જોઇએ છે કે પરણનું જોડું લગનના કોલકરારની ફરજ પોતે પુરતી રીતે સહમજી સકે તથા માથે લેઇ સકે એવી હાલતમાં અથવા ઓમરમાં આવેલું છે કે નહી. લગન સંબંધી જરથોશતી ફેરકામાં પરથમ શુધારો હેવો થવો જોઇએ છે કે નાધલા વએનાં બાલકોને પરણાવવાં નહી, અને પછી સહમજવાલાં જોડાંની શેઆદી કરતી વખતે તેઓને લગનના હક અને ફરજ વીશેની પુરતી સહમજ પાડવી, તથા પુગતી ઓમરમાં આવે તારેજ તેઓને સનસારના સંબંધમાં નાંખવાં. કાંએ કે હાલમાં ઘણી નાહાની ઓમરમાં સનસારમાં નાંખેઆથી ઘણી પરકારના ગેરફાએદા થાએ છે."

લગનના લખલુટ ખર્ચના સંબંધમાં રાહનુમા સભા ઝુંડો ઉઠાવી સુધારો કરવા મેદાન પડે તે આગમજ મુંબઇના વાડિયા ખાનદાનના ૧૯ આગેવાન સાહેબોએ પોતપોતા વચ્ચે એક લખત તૈયાર કરી તે ઉપર સહી લીધી હતી, અને પોતે માતબર હોવા છતાં બીજા ગરીબ જાતભાઇઓને બહુ રૂડો દાખલો આપવાની મતલબથી તેઓ આ ખર્ચ કમી કરવા માટે એકદિલ થયા હતા. તેઓએ કરેલા બંદોબસ્તો-મધેના ઘણા ખરા પસંદ કરવાજોગ હતા, પણ તે પ્રમાણે આ ખાનદાનીઓ પોતેજ પાછળથી ચાલ્યા નહિ અને પોતેજ તેની કલમ તોડીને આગળી ખરચાલી રસમ પ્રમાણે ચાલવા માંડયું.

એ બિના જેમ દિલગીરી ભરેલી છે તેમ આ ખાનદાનીઓ બંદોબસ્ત કરે તે આગમજ પંચાયતના અકાબરોએ સાથે મળીને તથા અંજુમન મેળવીને કરેલા બંદોબસ્ત કે જે આખી કોમને માટે ઘણાજ લાભકારી હતા તે પણ કોમના લોકોએ સ્વિકાર્યા નહિ અને આગળી

રાહ રસમ પ્રમાણે ચાલવા લાગ્યા, એ પણ થોડું દિલગીરી ભરેલું નથી. આમાંનો એક બંદોબસ્ત બીજીવારના આશીરવાદ કહાડી નાખવાને લગતો આ પ્રમાણેનો હતો:—

"બંદોબશત વીશમો—એ છે જે આપણે પાછલી રાતના ફરીથી આશરવાદ પાડીએ છઇએ તે કાંઇ આપણી દીન મધે ફરમાવેલું નથી, અને હેવી રીતે કોઇ બીજી દીનવાલા બેએ વખતે લગન કરતા નથી. પણ આપણે અશલ રાજાના વખતથી કરતા આવેલા છઇએ તે પરમાંણે કરીએ છઇએ. પણ હવે આપણી દીનનાં ફરમાંન પરમાંણે ઘણાં લોકો એક વખતે આશરવાદ પાડે છે તે પરમાણે આપણે શરવે કરીસું તો આપણુને ઘણો ફાએદો થાશે...તથા ઘણું શવાબ લાગશે ને મેહેનત તથા ઉજાગરો કરવો પડશે નહી તે શત જાણજો."

આપણી સભાના સરનશીન તથા બીજાઓએ લગન પછવાડે ખાનપાન અને બીજો હદથી જિયાદા ખર્ચ નહિ કરતાં પરણતાં જોડાંને નામે તે ખર્ચની રકમ અનામત મુકવાની જે ભલામણ કીધેલી છે તે ભલામણ પણ અવલમાં પંચાયતના આગળ અકાબર સાહેબોનીજ હતી એવું તેમના કરેલા એક છેવટના બંદોબસ્ત ઉપરથી જણાય છે, કે જેની મતલબને મળતીજ ભલામણ શેઠ નવરોજજી વગેરેએ કરલી છે. શેઠ નવરોજજી નાનાભાઈ ફરામજીએ લગનના ખર્ચ કમી કરવા બાબેના પોતાના નિબંધની શેવટે આમ કહીને સભાની તથા પોતાની દિલગીરી જાહેર કીધી છે કે——

"અતી ઘણી દલગીરી લાગે છે કે આપણી પંચાએતના બુજો-રગવાર અકાબર શાહેબોએ કરેલા બંદોબશતનેબી આપણાં ઘણાં ખરા જરતોશતીઓએ કશું માંન આપેઉ નથી અને હવડાંબી કશું માંન આપતા નથી, બલકે તેથી ઉલટા ચાલે છે, અને લગનની સઘળી ખરાબી ભરેલી તથા બેહુદી રશમોને હઠીલાઇથી છોડનાર નથી."

પ્રકરણ ૩ જું.

જુદદીન વહેમો અને બેહુદી માન્યતાઓ.

સભાએ ટોળામાં સુધરાઈ દાખલ કરવા માટે સૌથી પહેલાં જે ત્રણ કામો માથે ઉઠાવ્યાં હતાં તેઓ મધેનું ત્રીજું કામનાં અભણ લોકોમાં અને તેમાં અગત કરીને સ્ત્રી વર્ગમાં પેવસ થયલા ખોટા વહેમો અને જુદદીન લોકોની બેહુદી માન્યતાઓ કે જે જરતોસ્તી ધર્મનાં ફરમાનથી બીલકુલ જુદી અને ઉલટી હતી તે કહાડી નખાવવાને લગતું કામ હતું. એ બાબદતમાં સરનશીન શેઠ નવરોજજી ફરદુનજીએ સભાની ખરી મતલબ અને એ સભાની સ્થાપનાથી ટોળાનાં લોકોને કેટલો ફાયદો થશે તે સમજાવનારાં ભાષણમાં આ પ્રમાણેનાં વિચારો કહી સંભળાવ્યા હતાઃ—

"આપણાં ટોળામાં કેટલાએક શખશો તેહેમાં અગત કરીને અશતરીઓ હેવી તો વેહેમી છે કે જેવારે તેઓનાં કુટુંબમાં કોઇ આજારી પડેય તેવારે કોઇ ખબરદાર ડાકટર અથવા વઇદને બોલાવીને તેહેનો તુરત એલાજ કરાવેઆને બદલે બરાંહમણ—જોશી અને શેવડા વગેરે બીજા ઢોંગી ધુતારાઓને બોલાવેય અથવા તેવોને દાંણા ટપકો—જનમપતરી દેખાડીને દોરા—ચીઠી—રાખ—ઉતાર—જાહડો પીછી—વગેરે બીજા મુરખાઇ ભરેલા અને હશી કહાડેઆ જોગ ઉપાએ કરવામાં પઇશા ખરચેય તે કશી રીતે કાંમ લાગતા નથી, અને એ પરમાણે ફાંફાં મારીને દરદને વધારી મેલેય...અને તે બીચારો કમોહોને મરણ પામેય. કોઇ બાલકને ખહીનો અથવા બીજો કોઇ રોગ થાએય તો તેહેને નજર લાગીય હેવું શમજીને તેહેને મતરેલા દોરા બાંધેય તથા ચીઠી પાએય અને વાલનાં નખના હારડા પેહેરાવેય. કોઇ ધણીને કોઇ પરકારનો અંગ રોગ થાએય તો તેહેને બાહારનું છે અથવા કોઇએ મુઠ મારીય અથવા જાદુ કરેઉંય હેવું જાણીને બરાહમણ—જોશી—શેવડા—ફકીર અથવા બીજા કોઇ ધુતારાઓની પછવાડે ભટકેય અને તેવો પોતાની મતલબને શારૂં જે જે બેહુદા ઉપાએ કરેય અને જે દરવ શારે ઠેકાંણે ખરચ કરવા ધટેય તે આડે મારગે ખરચેય અને તેથી કશો ફાએદો થાનો નથી તે વારે આપણી વેહેમી અને ભોલા મનની અશતરીઓ ધની વેલા તરેહ તરેહની માંનતા

કરેચ, તેમાં દેવીઓને માંનતા ચહડાવેચ—દાતેઆ ભણાંવેચ—પીરની દરગાહમાં ફુલ શમજો વગેરે બીજી વશતુઓ ચહડાવેચ એટલુંજ નહી પણ મોટ માવલીનાં દેવલમાં બતી તથા કપડાં ચહડાવેચ—હોલીમાં નાંલીએર તથા ધાંણી ચહડાવેચ—પલલી કરેચ—ચોખીઆર ભરેચ, રાંડેલ કરેચ અને એ વગેરે બીજી ઘણીએક અણુઘટતી તથા આપણાં પાક મજહબનાં ફરમાંનથી ઉલટી રશમો ચલાવેચ......"

આ સઘલી હીણપસ્તી ભરેલી રાહરસમનું બયાન કરીને શેઠ નવરોજજીએ પારસી કોમને પોતાનાં કામમાં મદદગાર થવા માટે આ પ્રમાણે વિનંતી કીધી હતી કે—

"એહેવા શઘલા વેહેમ તેઓનાં દેલમાંથી કાહાડી નાંખીને તેવોને શુધારવાની અને તેવોની રેહેતુમાઇ કરવાની મોહોટી અગત છે. એ કાંમ ઘણુંજ નેક અને ગુણગારૂં છે, માટે શઘલા જરતોશતીઓને ઘટેચ કે એક મતથી એ કાંમમાં શામેલ થાએ તથા એ શુભ કાંમને મદદ કરે."

આ વહેમો અને દીનથી ઉલટી રસમોમાંની થોડીકના સંબંધમાં સભા તરફથી પંચાયતના અકાબરોની મદદ માંગવામાં આવી હતી તે બાબે આગળ ચાલતાં વાંચવામાં આવશે.

ઉપર મુજબ સભા તરફથી શેઠ નવરોજજીએ જેમ જુદદીન વેહમો તેમજ જુદદીન રસમોના સંબંધમાં સભાએ માથે ઉઠાવેલાં કામ બાબે સમજ આપ્યા પછી તુરતજ સભાનાં એક કારોબારી શેઠ સોહરાબજી શાપુરજી બંગાળી જેઓ પાછળથી તેનાં મુનશી અને ત્યાર બાદ તેના સરનશીન પણ થોડી થોડી મુદતને માટે નેમાયા હતા તેઓએ, "જરતોશતી લોકોમાં રેવાજ પામેલી જુદદીન રસમો, તેઓની ઉતપંતી, ગેરફાએદા અને ગુનાહ વીસે" એક નિબંધ તા૦ ૧૯ મી માર્ચ ૧૮૫૨ ને દિને વાંચી સંભળાવ્યો હતો, જેમાં જણાવ્યા પ્રમાણે આપણાં લોકોના ઇરાનથી મોટા જથામાં ગુજરાત ખાતે આવી વસ્યા પછી હિંદુ અને મુસલમાન લોકો સાથના અતલકનાં સંબંધ અને ભાઇબંધીને લીધે પારસીઓએ તે જુદદીન કોમોની કેટલીક એવી રસમો એખ્તિયાર કીધી હતી કે જે જો ફાયદા ભરેલી અને "આપણાં લોકોની સંસારી હાલતમાં કાંઇ સુધારો" કરનારી તથા "આપણાં ધરમને કસી હાંણી પોહોચતી નહી હોએ"

તેવી હોત તો તેની વિરૂધ બોલવાની કશી જરૂર ન હતી; પણ શેઠ સો૦ બંગાળીએ જણાવ્યું કે "જે ચાલચલણોથી આપણી કોમનાં લોકોને ગેરફાએદો હાંસલ થાએ તથા જે રસમો આપણી દીનથી ઉલટી તથા ગુનાહ ભરેલી હોએ તે આપણે જેમ બને તેમ જલદીથી તરક કરવી જોઇએચ."

જુદ્દીન વહેમનો એક મુંબાઈ ભરેલો દાખલો—જુદ્દીન વેહેમોને લગતી રસમ આપણા ટોળામાં કેટલા વખ્તની જુની હશે તે કહેવાઇ શકાતું નથી, પણ મી૦ બંગાળીએ તા૦ ૪ થી નવેમ્બર ૧૮૨૨ નાં સાલમાં પ્રગટ થયલા "મુંબઈ સમાચાર" નાં અંકમાં કોઇએ "બેહેદીન" નાં તખલ્લુસ હેઠલ ભરૂચનાં એક દીનચુસ્ત બેહદીનનાં કુટુંબમાં બનેલા એક દિલગીરીભરેલા બનાવનો દાખલો આપ્યો છે તે ઉપરથી જણાય છે કે આપણી રાહનુમા સભાની ૩૦ વરસ આગમચ પંચાયતના અકાબરોએ જુદ્દીન વેહેમો દૂર કરાવવા માટેના બંદોબસ્ત કીધા તેની શો સવાશો વરસ આગમચ ભરૂચમાં તેવાજ ધર્મથી ઉલટા અને નુકસાનકારક વેહેમોના સંબંધમાં ભરૂચના જરતોસ્તી આગેવાનોએ ધ્યાન્જે લીધા હતા. ઉપલો દાખલો જાણવા જોગ છે માટે તેનો સાર નીચે ઉતારી લઇશું :—

તે જમાનામાં ભરૂચમા કોઇ સોહરાબજી નામનો બેહદીન "ઘણો સાએસ્તે અને પરહેજગાર અને અશો અને મોબેદીનાં અરકાંનનો જાંણનાંર હતો," જે ઉપરથી તેને "ભરૂચનાં લોકોએ દીનનો દાવર ઠેડવેઓ હતો." દસ્તુર મોબેદથી બેહદીન સુધી સૌ કોઇ તેને માન આપતા હતા. તે જમાનામાં "ચોખીઆર તથા છઠી તથા રાંદેર ભરવાનો ચાલ બેહદીન લોકોમાં ઘણોજ" વધી ગયો હતો માટે તે વેળાના ભરૂચનાં દસ્તુર જમશેદજીએ ઉપલા સોહરાબજી દાવર તથા બીજા જરતોસ્તીઓએ અન્જુઅન ભરીને એવો બંદોબસ્ત કીધો કે જેનાં ઘરમાં ઉપલી જુદ્દીનની અને આપણા ધર્મથી ઉલટી રસમો જેવાં કામ થાય તે ઘર ન્યાત બાહેર મેલવું અને "પછે અંનજુમનને ગમે તેહેવી સજા તેહેને આપે અને તે સજા આપેઆ પછે તેહેનું ઘર નેઆતમાં લીએ; કારણ કે ઉપલા બંદોબસ્તમાં જણાવ્યા પ્રમાણે "એ ચોખીઆર તથા છઠી તથા રાંદેર ભરવી તે દોજખી દરવંદનું કાંમ છે ; જરતોસતી ફેરકાના લોકોને હેવું કાંમ કરવાને મુનાસબ નથી." આ બંદોબસ્તને લગતાં કાગળ ઉપર

અંનજુમનમાં શામેલ થયલા સર્વેએ પોતપોતાની સહી આપ્યા પછી તે સભા બરખાસ્ત થઇ, અને શેહરનાં સર્વે ઘરોમાં આ ઠરાવ બાબેની ખબર નસાસાલાર ફેરવીને અપાવી. આ પછી થોડીક મુદ્દત બાદ ઉપર જણાવેલા દીનદોસ્ત સોહરાબજી દાવરનાંજ ઘરની સ્ત્રીઓએ ઉપલું “દોજખી કામ” કરવાની હિમત ચલાવી. દાવર સાહેબની ધાકને લીધે તેઓએ જાહેર રીતે તો નહિજ પણ છુપી રીતે “ચોખીઆર ભરી.” “આ વાતની ખબર દાવર સોહરાબજીને પડવાથી તેમને જાતે તપાસ કરતાં માલુમ પડયું કે “પેટીમાં સાંતીને ચોખીઆર ભરી” હતી. આ ઉપરથી તે પરહેજગાર મર્દ પોતાને રીમન થયલા સમજીને ઘેરની બાહેર નિકળી એલાહેદા બેઠા અને તુરત નસાસાલારને બોલાવી તેની મારફતે ઘેરેઘેર મોટે સાદે પોતેજ ખબર અપાવી કે “શોહરાબજી દાવરનાં ઘરમાં ચોખીઆર ભરાઇ છે વાસ્તે તેહેનું ઘર નેઆત બાહેર મુકેલું છે, તેથી કોઇ તેહેનાં ઘર સાથે વેહેવાર રાખે નહી.” જ્યારે દસ્તુર જમશેદજીએ આ બુમ સાંભળી ત્યારે તેઓ બહુજ અજબ થયા અને જાણવા માંગ્યું કે આ નેઆત બાહેરનો હુકમ કોણે આપ્યો હતો? જવાબ મળ્યો કે સોહરાબજી દાવરે પોતે તે હુકમ આપ્યો હતો, ત્યારે દસ્તુરજી વધારે અચરત થયા અને નસાસાલારને બુમ મારતો અટકાવી ફરમાવ્યું કે સોહરાબજી દાવરને મારી આગળ તેડી લાવ. પણ દાવરે જવાબ કહેવાડયો કે “હું તથા માહારૂં ઘર સરવે ‘રીમન’ થાએલંચ તેથી દસ્તુરજીની આગલ માહારેથી અવાએ નહી.” આ ઉપરથી દસ્તુર જમશેદજી પોતે દાવરને ઘેર ગયા, જેમને તે પરહેજગાર મર્દે કહ્યું કે “માહારૂં ઘર તથા કુટુંબ ‘રીમન’ થાએલું છે વાસતે જે દીવસે અંનજુમન બેસીને હમોને સજા પોહોચાડીને હમોને નેઆતમાં લેસે તે વારે હું તમારા કદમ આગલ આવસ.” દાવરનું ઘર પાછું ન્યાતમાં લેવાયું તે આગમજ તેઓએ પોતાનાં ઘરમાં પાણીનું ટાંકું હતું તેમાંનું પાણીબી રીમન થયલું ગણીને તે વાપરવાની પોતાનાં ઘરની સ્ત્રીઓને મના કીધી અને નદીમાંથી પાણી ભરી લાવવાની તેમને ફર્જ પાડી. બીજી સ્ત્રીઓ તેમને હસવા અને ઠેકડી કરવા લાગી તેથી પેલા વેહમી બાઇઓને ઘણુંજ ખરાબ લાગ્યું અને પોતાના મુરબ્બી દાવર સોહરાબજીની આજેજી કરવા લાગી કે જેમ બને તેમ જલદી આપણું ઘેર ન્યાત-

માં લેવાડો. "હવે પછે હમો હેવું કામ નહી કરીએ." જ્યારે અનજુમન મળી ત્યારે દાવરે દૂર ઉભા રહીને કબુલ કીધું કે "હા સાહેબો, માહરા ઘરથી ભારે તકસીર થઇચ ખરી, વાસતે જે કાંઇ અંનજુમનનાં સાહેબનો હોકમ થાએ તે પરમાંણે હું બજા લાવું." અંજુમને ઠરાવ્યું કે "દાવર પોતાના ગલામાં પટકો નાખીને અંનજુમનની આગલ માંફ માંગે, અને સવા રૂપીઓ દોટીનો કરીને અંનજુમનને આપે, તથા દાવર અને તેહેંન ઘેરનાં સરવે માણુસો બરસનુંમ નાંહે, પછે તેહેનું ઘર નેઆતમાં લીએ." આ પ્રમાણે થયું, પણ અંજુમને ઠરાવ્યું કે આ પહેલીજ તકસીર હતી તેથી આટલી ટુક સજા કીધી છે, "પણ હવે પછેથી જો કાંઇ હેવું કાંમ કરશે તો તેહેનું ઘર નેઆત બાહેર મુકસું અને રૂપીઆ ૧૨૫) ગુનેહગારીનાં અનજુમનમાં લઇશું."

બશો હડીશો વરસની વાત ઉપર પણ આ રીતે જુદદીન ધર્મથી ઉલટી અને બુતપરસ્તીની રસમ પારસીઓમાં જાએજ હતી તે ઉપલા દાખલા ઉપરથી જણાય છે. મી૦ સોહરાબજી બંગાળી આ દાખલો આપીને જણાવે છે કે "છઠી, રાંદલ અને ચોખીઆર ભરવાની ચાલ, તથા હીંદુઓની સીતલા દેવીને તથા હનુમાંનને તથા બીજા દેવોને માનતા ચહડાવવાની ચાલ, એ તમાંમ બરાહમણી ધરમને લગતી છે અને આપણાં લોકોએ હીંદુસથાનમાં આવેઆ પછે હીંદુઓની સંગતમાં અખતીઆર કીધી છે," તેમ કરવું "જરતોસતીઓને સજાવાર નથી;" "જરતોસતી મજહબ પરમાંણે હેવી માંનતા તથા પુજા કરેવાના ગુનાહ" છે. એજ રીતે મુસલમાન લોકોના પીર તથા સૈયદ તથા ઓલીઆઓની કબરો ઉપર માનતા ચહડાવવી તેમજ તાબુતના દહાડાઓ ઉપર બચ્ચાંઓને ફકીરી બનાવવાની વગેરે "બીજી રસમો જે મહમદીઆંન લોકોની છે તે આપણાં ધરમ સાથે કશો તઆલુકો રાખતી નથી;" "આપણે જરતોસતી થાઇને મહમદીઆંન લોકોનાં એતેકાદ પરમાંણે ચાલવું એ ઘણુંજ બેહુદું તથા નાલાએક છે." શેઠ સોહરાબજીએ, વળી, એમ પણ જણાવ્યું કે "ઇશાઇ ધરમવાલાઓનાં દેવલોમાં ઇશુ ખરીશટની માતાને તથા તેહેનાં બચાંને જરતોસતીઓની જે અસતરીઓ માંનતા ચહડાવે છે તે પણ ગેરવાજબી છે અને તે અસતરીઓ જે મજહબનું નામ ધરાવેચ તે નાંમને એ કાંમ નાલાએક છે."

ઉપલા દાવર સોહરાબજીની જાહેર હિમત અને પ્રમાણિકપણાંની વાજબી સ્તુતિ ગાઇને તથા એવા બીજા સંખ્યાબંધ સોહરાબજી દાવરોની અગત બતાવીને શેઠ સો૦ બંગાળી આપણી સભાના વિરોધીઓની એક તકરાર આ રીતે તોડે છે કે:—

"આ સભાની વીરૂધમાં ઘણાએક લોકો હેવું કહેય કે એ સભા ઉભી કરનારાવો પોતાનાં વડવાઓની ચાલચલણમાં ફેરફાર કરવા માંગેય, તથા તે ચાલો કાહડી નાંખવાની તજવીજ કરેય; પણ હેવી રીતનો ઠપકો આપનાર સાહેબો જો ધેઆંન આપી જોસે તો જે અણઘટતી રસમો હાલ આપણાં લોકોમો રેવાજ પાંમેલીછે તે રસમો કાંઇ આપણાં વડાવાઓની નથી, પણ જેમ હવે પછીનાં જમાંનાની ઓલાદ એક નવી રસમ ઉપર ચાલે તેજ પરમાંણે આપણા અશલ વડાવાઓની ઓલાદે એ રસમો અખતીઆર કરેલી છે."

દખમા આગળ ઢોલ તાસા—પોતાના સમયમાં ભરૂચનાં જરતોસ્તીઓમાં ચાલુ રહેલી એક બીજી અણઘટતી રસમનો દાખલો મી૦ બંગાળી આપતાં જણાવે છે કે તેઓ ફરવરદીઆનનાં જશનને દહાડે દખ્મા આગળ પારસીઓ મોટી સંખ્યામાં ભેગા થઇ ત્યાંથી ઘેર પાછા ફરતી વેળા "હીનદુઓના રવાઆ પરમાણે સરગશ કાહાડીને ઢોલ-તાશાના આવાજ અને બલતી મસાલો સાથે" આવે છે. આમ કરવાનું કારણ એમ સમજાવવામાં આવતું હતું કે "બેસહમજ લોકો માતરે હેવું સમજેચ કે હેવે ઠેકાંણે અને હેને દાહાડે ઢોલ-તાશા વજાડેઆથી રવાંનો ખુશાલી પામે છે અને રવાંનોને પણ ખુશાલ કરવાને બીજે હેવાં વજંતરોની અગત છે."

હોળીની માનતા—આપણી સભાની સ્થાપના વેળા આપણી કોમમાં પેવશ થઈ ચુકેલી જુદદીનની અણઘટતી, નુકસાનકારક અને ધિક્કારવાજોગ રસમોની જે વિગત શેઠ એદલજી નશરવાનજી પૂણિયા અથવા માસ્તરે પોતાનાં ભાષણમાં આપી છે તે ઓછી કમકમાટ ભરેલી નથી. "આપણા ફીરકામાં હીંદુ ધરમમાંથી અખતીઆર કીધેલી કેટલીએક રસમો" બાબે આપણી સભાના આ કારોબારીએ તા૦ ૧૯મી એપ્રિલ ૧૮૫૨ને દિને નિંબંધ વાંચ્યો હતો, જેમાં આપણા લોકોમાં દાખલ થયલી હોળી, સહીવડ, માનતા, મૂર્તિપૂજા, વગેરે રસમોના સંબંધમાં કેટલીક નોંધવા જોગ વિગતો આપીને

આજથી ૭૦ વર્ષ ઉપરના જરતોસ્તી નરનારીઓના કાન ખોળી તેમનાં બુતપરસ્ત કામો મુકાવી દેવા માટે ઘણો કીમતી બોધ આપ્યો હતો. હોળીનાં સંબંધમાં તેઓએ કહ્યું કે કેટલાંકો જાહેરમાં અને બીજાંઓ છુપી રીતે હોળી માતાની પુજાપાત્રી કરે છે, અને તે આ રીતેઃ—

"આપણા ફીરકાની કેટલીએક વેંહેમી ઓરતો ફાગણ શુદ પુણમની રાતે (ઇઆને હોલીની રાતે) થાલીમો શુખડ, ધાંણી—ફુલ નારીએલ-શુનાં રૂપાંની આંખ-લાલ નાર, ચીતર, અબીર, ગુલાલ—અને તે શીવાએ બીજી કેટલીએક આપણી દીનનાં ફરમાંન મુજબ આતશમાં નહી બાલવા લાએક ચીજો લેઇને જાંહાં કોઇ હીંદુઓએ હોલી શલગાવી હોએચ તાંહાં જાએચ—અને હીંનદુઓની પેઠેજ ઉંધે મશતક પડીને જમીન સાથે પોતાનું ફેકટમાં નાંખ ધશેચ-પછી પેલી ધાંણી તથા શુખડ તથા થાલી માંહેલી બીજી શધલી જીનશો અંદર નાંખેચ—અને નારીએલની તો ચોટલીજ માતર બાલીને પાછાં કાહાડી લીએચ—અને ઘેર આગલ જઇને તેમાંનું કોપરૂં કાહાડી ખાએચ, કે હોલી માતા પરશન થાએ અને શધલાં કામ પાર પાડે—વલી પોતાના છોકરાઓને હોલી આ કરેચ, તેંને હોલીનાં હાર પેરાવેચ, ગેરીઆ રમાડેચ, અને નાણાની મોટી રકમ ખરચીને પોતાના જમાઇને તાશા તથા પીચકારી અપાવેચ......વલી આપણા ફીરકાની ઓરતો જોઓ કે બીજી કેરી નાદાની કરેચ—કે તેઓ હોલીની પુંજા કરી રહેઆ બાદ તે બલતા આતશ ઉપરથી ઓલાંગી જાએચ, તાંહાંની રખેઆ લેઇને કપાલે ચોપડેચ, અને ખોલો ઓલીને છોકરાં માંગેચ—અફશોશ ! કે જે તેઓનો પેદા કર ાર તેની તો તેઓ કશીજ દરકાર રાખતી નથી."

પારસી હોળીઆઓ—હોળીના તેહવારોને ટાંકણે આ રીતની બુતપરસ્તી પારસી ઓરતો કરતી હતી, એટલુંજ નહિ પણ પારસી મર્દો એ બાબતમાં ઓછા ઠપકાને લાયક કામો કરતા ન હતા. તેઓ મોહડાંમાંથી બદસખુન બોલતા, ધૂળ પડવાને દાહડે હિંદુઓ સાથ આમેખ્તા થઇને ધૂળ લેતા, ખાસડાં બાજી રમતા, અને "જંગલી હેવાનોની લડાઇમાંથી ફારેગ" થઇને તેઓ પોતાનાં નાદાન બાળકોને લઇ વાડીએ મોજ કરવા જતા. ત્યાં સાથેં કપડાંની એક ફાલતુ જોડી લઇ જતા, અને "ગુલાલ તથા ધુલ અને કીચલ આંગ ઉપર નાંખીને તથા મોહોડાંમાંથી ધણાંએક

બેહાઇ ભરેલા શખુનો બોલીને પોતાને માથેનો કર" ઉતારતા. આ રીતની પોતાની એ બદચાલથી "તેઓ પોતે બીગડેચ તથા પોતાનાં બચાંઓને બીગાડેચ."

શીતલા દેવીની માનતા—શીતલા અથવા સહિયડ વેળાએ ભોળી અને બેસમજ ઓરતો અજાણપણે જે નાદાની કરતી હતી તે મી૦ એદલજી પૃશિયાના શબ્દોમાં આ રીતની હતીઃ કોઇ કાબેલ ડાકટરની મદદ નહિ લેતાં આ બાઇઓ "શીતલા દેવીથી બીહીને તેનીજ કેટલીએક માનતા કરેચ અને તે શીતલા દેવીને બચાઓને પગે પચ, અને તે દેવી ઉપર ભરૂસો રાખેચ કે તે અમારાં બચાંઓને આરામ કરશે". વળી તેઓ તે દેવીને "મરઘાં, બકરાં અને એ વીગેરે બીજો કેટલોએક ભોગ આપવાને કબુલ કરેચ. દરરોજ તે દેવીને પાણી રેડવાનું દોહોડીઉ ભુલેશ્વરમાં જઇ બરામણને આપી આવેચ... વલી દરરોજ તે શહીઅડવાલાં બચાંની આગલ તેની માએ નાખઘશણી કરેચ તથા ખાંશડું લઇ પોતાનાં નાખરો ઘશેચ કે શહીઅડકાકા ટાઢક મુકે...પછી નવમે દાહાડે શહીએડ કાકાને 'નમાવેચ,' તે એ પરમાંણે કે તરેહે તરેહેની મીઠાઇ મંગાવી તે બચાંની માએ તેને પેલી દેવીને નાંમે ધુપેચ, પછી શઘલાંઓને વેંહેચી આપેચ. પછી છેલ્લે દાહાડે જારે શહીએડકાકાને વરાંમણા આપેચ ઇઆને નવડાવેચ તે દાહાડેનો તો તમાશો જોઓ! પેલાં બચાંને પાંણીએ અને દુધે નવડાવેચ અને તે પોતાના રોગથી કેટલું બધું કચવાઇ ગીએલું તેમાં તેનું બદન વલી પુરૂં ચીકણું કરેચ. પછી દેવાલ ઉપર ખરપડું કરી તેની ઉપર રૂનાં પોહોલીઆંનાં તોરણ બાંધેચ, અને શીતલા દેવીની મુરતી પાડેચ તથા છાંણનાં પુતલા બનાવેચ. પછી તે મુરતીની સાંમણે લાવીને પેલાં શહીએડવાલાં છોકરાંને બેસાડેચ. પછી લાડવા કીધા હોએચ તે નીતે ઉપર 'ઓતેચ' અને તે બચાં પાશે પેલી મુરતીની આગલ નાંખ ઘશણી કરાવેચ."

જંગલી ગુલામગીરી—પોણાશો વરશની વાત ઉપર આપણા ટોળાની ભોળી એરતો પોતાનાં બુલંદ મજહબનાં ફાયદાકારક ફરમાનોની બેખબરીને લીધે કેટલી બધી હદ શુધી ગાફેલ અને વેહમી અને બુતપરસ્ત બની ગઇ હશે તે આ બયાન ઉપરથી ખુલ્લું સમજાયછે. પણ એટલામાંજ

તેમનાં અજ્ઞાનપણા લીધે થઇ પડેલી ધિક્કારવાજોગ હાલતનું વર્ણન પુરૂં થતું નથી. મી૦ એદલજી માસ્ટર કાંઇક વિશેષ જણાવે છે તે ઓછું કમકમાટ ભરેલું નથી. આ ભોળવાયલી માતા પોતાનાં બાળકને લઇને ભૂલેશ્વરનાં દેહડાંમાં જાયછે તેના સંબંધમાં તેઓ કહે છે કે—

"વલી તાંહાંબી જોઓ કેવો ઢોંગ થાએચ! આખે રશતે પેલી બચાંની માએ પોતાનાં મોહોડાંમાં ખરડાએલું ખાશડું લેઇને જાએચ. એવો બનાવ મારા એક દોશને પોતાની નજરે દીઠેલો છે—પછી જારે ડેરાંના દરવાજાની આગલ આવેછ તારે પેલાં બચાંની માએ તાંહાંથી તે છેક શીતલા માતાની મુરતી બેશાડી હોએ તાંહાં શુધી એક હીંદુની ઓરતની મીશાલ જમીન ઉપર લોટતી લોટતી જાએચ. પછી પોતે અને પેલું બચું બંધે જણુ પેલી દેવીને પગે પડેચ તથા તેની શાંમણે નાંખ ધરેચ. પછી જો રૂપાનો દીકરો કઇઆ દીકરી ચડાવવાની માનતા કીધી હોએ તો તે તથા તરબુજ, ભાજી, શેરડી, ધાંણી, કેલાં, કાગલનો એક તાવ, કલંમ કંઇઆ પેનશીલ, પાંન, શુપારી, ફુલ, ઘીનો દીવો કરવા શારૂં એક કોડીઉં, મરઘે,ા બકરો અને તે શીવાએ બીજું કેટલુંએક બરામણને આપેચ. અને આએ શઘલું અજુ તો થોડું પડીઉં તેથી બરામનની પોતાની વલી જુદી દખશણા તેને આપેચ."

બેરામો ગોત—આપણી બેવકુફ વહેમાયલી ઓરતો આટલાજ વહેમોમાં દટાયલી ન હતી. હોળીમાતા અને શીતલા દેવી કાંઇ છોકરી આપતી નથી, માટે વાંઝણી સ્ત્રીઓને માટે તેવી કોઇ શકિત પણ ઢોંગી, ધુતારા અને લુંટારા પુજારાઓએ શોધી કહાડેલીજ હતી, અને "હલકે વાંધેનાં હીંદુઓ" ને પગલે ચાલીને તેઓ બચ્ચાં મેળવવાની માનતાઓ અને પુજાઓમાં પણ ખરડાવાને ચુકતી ન હતી. મી૦ પુશ્રિયાના જણાવ્યા પ્રમાણે "જે અશતરીઓ વાંજણી રેહેચ—તેઓ જુદી જુદી જાતની ગોત માનેચ—એટલે જે તેઓને ફરજંદ થએઆથી તેઓએ કરેલી માનતા તેઓ પુરી પાડેચ." પણ વધારે દુખ ભરેલું તો આ છે કે "તેઓને પેટે જે ફરજંદો થાએ તેઓનેબી તે માનતા પાલવાની ફરજ પાડેચ." આવી માનતા "ગોત" ને નામે ઓળખાય છે. આમાંની એક "બેરાંમી ગોત" છે કે જે જ્યારે માનતા પ્રમાણે વાંજણી ગણાયલી સ્ત્રીને ફરજંદ અવતરે છે ત્યારે માનતા પુરી કરવા માટે તે બાઇ સુવાવડમાં પાંચથી

દશ દહાડા સુધી બિલકુલ ભુખી રહેતી; અને તેને કોઇ પણ પ્રકારનું અન્ન મોં પર મુકયા વિના ફકત પાણી ઉપરજ ગુજારો કરવો પડતો ! આવાં કામથી પેલી માતા નાતવાન થઇ જતી, ભુખમરાથી કોઇવાર તેનું મોત નિપજતું અને તેનું બાળક દુધ વિના ટળવળતું !

ઉપર આપણે " રાંદેર ભરવા " નો ઇસારો કીધો છે. એ પણ કોઇ જુદદીન વેહમ છે અને બેશક તે હીંદુઓ ઉપરથી લીધેલો હોવો જોઇએ, કેમકે ઇસ્લામીઓમાં તેવું કાંઇ જણાયું નથી. આબી એક જાતની બુતપરસ્તી છે, જેના સંબંધમાં મી૦ એદલજી પૃશિયા આ મતલબની સમજ આપે છે :—

રાંદલ ભરવાની ક્રીયા—" આપણા જરતોશતીઓની ઓરતો પોતાનાં બચાંનાં લગન થઇ રહેઆ બાદ, થોડા દહાડા યા મહીના રહીને રાંદલ ભરેચ—તે એ પરમાંણે કે, દેવાલ ઉપર ખરપટું કરીને તેની શાંમણે બેએ તરણ ચોખંડા બાજટો માંડેચ; પછી તે ઉપર ઘઉંનાં છઆ કાંઇ બીજા અનાજના ઢગલા કરેચ, પછી તેની અંદર દીવાશલીનો કેલનાં થડનો માંડવો બાંધેચ, અને તેની ઉપર એક કોરી શાડી અથવા કાંઇ બીજું રેશમી કપડું ઓલવેચ. એ પરમાણે એક સુરતીનો આકાર કરીને તેને કેટલુંએક ઘરેણું પેહેરાવેચ અને તેની આશપાશ પાંણીનાં કલશીઆ ભરી તેઓ ઉપર નારીએલ મેલેચ. તેની આગલ પછી એક ઘીનો દીવો કરેચ, લોબાંન ધુપાવેચ, અને બાજટો ઉપર કેલાં, ખારક, પાન, સુપારી તથા મેવો મેલેચ—અને એ વીગેરે બીજા ઘણા ઢોંગ કરેચ પછી બીજે દહાડે કેટલાંએક બઇરાંઓને નંને કોઠે જમવાનું ઇજન કરેચ—અને તેઓ પાંતમાં બેહા પછી તેઓને ધાંન, દાલ, આંમલીનું ડોહોલું, શાલીઆ, પાપટ, વરાં, અને એ વીગેરે બીજું કેટલુંએક પીરશેઆમાં આવેચ–તે જમી રહેઆ બાદ કોઇ બુઢી ઓરત કાંઇ બેહુદ રાંદલનું ગીત ગવડાવેચ—અને તાર પછી શઘલાંને રૂખશત આપેચ; પછી તરીજે દહાડે શઘલો અશબાબ ઉઠાવી નાંખેચ, અને પેલા અનાજના ઢગલા પેલી ગીત ગવાડનારી ઓરત ઘેર લઇ જાએચ. તથા બરાબર જો જોઇએ તો રાંદલ માતા તો તે થઇ—પછી પેલી ખારક, નારીએલ, પાંન, સુપારી, પાંણી, એ શઘલું તરીજે દહાડે દરીઆ-

વમાં હોમાવેચ અને એને લગતી એવી કેટલીએક ઘેલી ગાંડી કરીઆ કરીને છડી પણ ભરેચ. "

આ સઘલી ગાંડી ઘેલી ક્રીયાઓ બેશક ઉતરતે વાંધેના હિંદુઓ ઉપરથીજ લીધેલી હોવી જોઇયે, અને તેમની આવી મુરખાઇ ભરેલી નકલ કરનારી પારસી સ્ત્રીઓ પણ અભણ વર્ગની અને ઉતરતે વાંધેનીજ હોવી જોઇએ. ભરૂચવાળા દાવર સોહરાબજીનાં ઘરની સ્ત્રીઓએ બશો વરસ ઉપર જે " રાંદલ ભરી " ને પોતાનાં ઘરને ન્યાત બાહેર મુકાવ્યું હતું તે આવીજ બેવકુફી ભરેલી તુચ્છ ક્રિયા હોવી જોઇયે. પણ એટલામાંજ આપણી બેવકુફ બાઇઓનાં જગલી જમાનાને છાજે તેવાં અજ્ઞાનપણાંની હદ આવી રહેતી નથી. જેમ હિંદુ અને મુસલમાન પાડોસીઓની તેમ ગોવાના ફિરંગીઓની પણ તેવીજ વહેમી ક્રિયાઓ અને માનતાઓ પોતાની કરી લીધી હતી, તેના દાખલા પણ મી૦ એ૦ ન૦ પૃરશિયા આપી જાય છે. રાંદલ ભરવા જેવા વેહમોનું વર્ણન કરીને તેઓ પુછે છે કે " શું આપણેબી હીંદુ છઇએ કે આપણે તેઓનો ધરમ પાલીએ અને મુરતી પુંજીએ ! તારે એવાં દેવ ડેહેરાંને પુંજનારા જરથોશતીઓને ઘટેચ કે પોતાનો ધરમ છોડી હીંદુ ધરમજ પાલે ! પણ તે બી કાંહાંથી બને ! આપણા લોકોનું કાંઈ ઠેકાણું છે? " એટલે કે જેમ આ બાઇઓ જરતોસ્તી ધર્મ ઉપર એતેકાદ રાખનારી ન હતી તેમ હિંદુ પુજા પાત્રી પર પણ તેમને વિશ્વાસ ન હતો. તેઓ તો જેમ કબરોને માનતી તેમ ફિરંગીઓનાં દેવલોમાં પણ ભટકતી હતી—એટલે તેમનાં ધર્મધ્યાનનું ઠેકાણું કયાંથી હોય ! તેમને માટે મી૦ પૃશિયા લખે છે કે :—

" વલી મોઠમાવલીને પણ પુંજેચ, તેને મીઠાઇ ચહડાવેચ, મીણનાં પુતલાં તથા હાથ પગ ચહડાવેચ, જભલું ટોપી ચહડાવેચ, ઘીનો દીવો કરવાનાં તાંહાંનાં ફરંગીઓને પઇસા આપેચ, અને પછે તે મુરતીને પગે પડીને તેની પાશે છોકરાં તથા બીજી મુરાદો માંગેચ."

આવી મુર્તિઓ જેબી ધર્મમાં હોય ત્યાં ત્યાં શોધ કરીને તેમને ભેટો આપવી અને ભોગો ચહડાવવા, અને તનદુરસ્તી અથવા છોકરાંની મુરાદ માંગવાનો વેહમ જેબી પારસીઓમાં હોય તેમને માટે એટલુંજ કહી શકાય કે તેમને પોતાના ધર્મ ઉપર એતેકાદ છેજ નહિ. અને તેટલાજ

માટે મી૦ પૃશિયા ખરૂંજ કહે છે કે " 'મોઠમાવલી' અથવા 'મેરી' ને માંનતા ચહડાવેઆથી જો છોકરાં થતાં હોએ તારે તો તે ઉપરથી એવો અરથ નીકલેચ કે પારશીઓનું પોતાના ધરમ ઉપર પુરતું એકીન નથી અને તેઓની મુરાદ પોતાના ધરમ ઉપર એકીન લાવેઆથી બર આવતી નથી, માટે ફરંગીઓનાં દેવલ મધે ગોઠવી બેશાડેલી લાકડાંની મુરતીને પુજવાની તેઓને ફરજ પડેચ. અને અગરજો એવુંજ હોએ તારે તો એવી રીતનું ડામાડોલ એકીન રાખનારાઓને ઘટેચ કે પોતાનો ધર્મ છોડીને ફરંગી થઇ જાએ." રાહનુમા સભાએ ટોળામાં દાખલ કરવા માંડેલા ફાયદાકારક સુધારાઓ ઉપરથી સુગાઇ ઉઠીને તેના હરીફો તેના સુકાનીઓ ઉપર એવું તોહમત મુકવાને તઇયાર થયા હતા કે તેઓ ધર્મ ચુથે છે અને તેમને ઇંગ્રેજ લોકોની છુપી મદદ છે! પણ એ તોહમત જેટલું જુઠું અને બનાવટી હતું તેટલું આ સાચું અને વાજબી હતું કે આ હરીફો અથવા તેમના જેવાજ વિચાર ધરાવનારા કેટલાકોનું તથા તેમનાં કુંટુંબની અભણ સ્ત્રીઓનું યકીન પોતાના બુલંદ અને ખાલેસ મજહબ ઉપર નહી હોવાથી તેઓ દેવ દેહરાં પુજતી હતી, કે જે વેહમી રિવાજ તેઓ કનેથી મેલાવી દેવાની રાહનુમા સભાએ બનતી કોશેશ કરીને તેમાં ઘણેક દરજજે ફતેહ મેળવી હતી. મી૦ પૃશિયા ખરૂં અનુમાન કરી ગયા છે કે ઉપલી કિસમના પારસી નર નારીઓને "ફીરંગી તથા મુસલમાન થઇ જવાનું એક કારણ આએ પણ છે કે આપણે આપણો ધરમ જેમ ઘટેચ તેમ નથી શમજતા તથા નથી જાળવતા."

વઅજની જરૂર—આપણો ધર્મ જેમ ઘટે તેમ કેવી રીતે સમજી શકાય? મી૦ એદલજી નસરવાનજી પોતેજ તેનો ઇલાજ બતાવે છે, જે પરથી જણાય છે કે આપણા ટોળામાં ધર્મની વાત સમજાવવા માટે વઅજ અને ભાષણોની જરૂર છે એ જેમ બીજી તરફથી પાછળથી સમજવામાં આવ્યું હતું તે રાહનુમા સભાના સુકાનીઓ પહેલાંથી સમજતા અને સમજાવતા આવ્યા હતા. હવે પછીના સફાઓમાં આપણુ જોઇશુંકે એ ઇલાજને માટે સભાએ પ્રથમથીજ કોશેશ કરવા માંડી હતી અને પાછલથી વઅજોનું મંડાણ થયું તે સભા તરફથી પહેલ વહેલું થયું હતું. મી૦ પૃથીયા આ વઅજોની અગત આ પ્રમાણે બતાવે છે:—

" અવે એ પરમાંથે જુદદીનવાલાંઓની રશમો જે આપણા ફીરકાના

ઘણાખરા લોકોએ અખતીઆર કીધીય તેનું મારી નાકેશ અકલ પરમાંણે એ કારણ દીશેચ, કે જે પરમાંણે પારકાં ધરમવાલાવોની, તેમાં અગત કરીને ઇશાઇ, મહમદીઆંન, તથા હીંદુ લોકોના પાદરીઓ તથા મુલાંઓની તથા પુરાંણીઓની પોતાનો ધરમ આંમ લોકોને શમજાવવાની ચાલ છે તે પરમાંણે જો આપણા લોકોમાંથી પોતાનાં દીનનાં ફરમાનો વીશે વાએજ કરીને સમજાવવાની ચાલ હતે, તો તેથી કરીને જે જરતોશતીઓ ગુમરાહીની રાહારશમ ઉપર ચાલુ છે તેઓ એ રશમોને ધુનાહભરેલી જાણીને તેઓથી દુર રેહેતે, એવું હું ધારૂંચ; અને જુદ્દીનોની રશમોનો આપણા લોકોમાં જેટલો ફેલાવો થએઓચ તેટલો થાતે નહી. વાશતે દીનદાર અને દીનઆઇનની શઘલી બાબદોથી વાકેફગાર દશતુર, મોબેદ, તથા દાવરોને ઘણીજ આજરખોઆઇથી હું અરજ કરૂંચ કે તેઓએ મહીનામાં એક યા બે વાર વાએજ કરી જરતોશતીઓને જંદ અવશતાનાં ફરમાંનોથી વાકેફ કરવા એ તેઓની ઉપર ખોદાતાલાની તરફથી ઉતરેલી એક મોહોટી ફરજ છે.''

૧૮૫૨ માં યાને સભાના જન્મનાં પહેલાંજ વર્ષમાં સભાએ દસ્તુરોની આ ફર્જની તેમને યાદ આપી હતી, અને ત્યારબાદ મહીનામાં બે વાર વઅજ કરવા માટે રૂ. ૪૦ થી ૫૦ ની રકમ આપવાની ખાહેશ બતાવી હતી, પણ તેમ કરવાને કોઈબી દસ્તુર કે દાવર બાહેર પડયા ન હતા. પણ પાછલથી સભા તરફથીજ આવી વઅજોની પહેલ નીકળી અને એટલી બધી અગત્યની બાબતોના સંબંધમાં સભાએ ખાસ રચવામાં આવેલી વઅજો અપાવી કે તેની નકલ બીજે ઠેકાણે થવા માંડી તેમ દસ્તુરોએ પણ તેમ કરવા માંડયું. સભા તરફની આ વઅજો અને ભાષણોની એક ટીપ પાછલા ભાગ ઉપર ઉતારી લેવામાં આવેલી છે.

સભાના શત્રુઓ જાણી જોઇને તેનું કામ તોડી પાડવાને ગમે તેટલું બરખેલાફ બોલ્યા, પણ સભાનો એતેકાદ પોતાના બુલંદ મજહબ તરફ કેટલો મજબૂત હતો અને પોતાના ટોળાનું ભલુંજ કરવાની તેનો નેમ કેટલી ઉમદા હતી તે છુપી રહી શકી નહી. સભાની હસ્તીનાં પહેલાં વર્ષમાં છ યા તેથી વધારે નિબંધો વંચાયા તેમાંના દરેકમાં સરનશીન શેઠ નવરોજજી ફરદુનજીથી તે બીજા સઘળાઓ અવસ્તાના કલામોને ''આસમાની,'' ''આકાશવાણી,'' વગેરે નામે ઓળખાતી ગયા છે, તે કલામોને મળતી સર્વે રસમ કે

ફરમાનને કબૂલ રાખી રખાવી ગયા છે, અને તેથી ઉલટી જે રસમો જુદ-દીનની હોયા જોડે નુકસાનકારક હોય તે રદ કરવા અને તર્ક કરવાનો આગ્રહ કરી ગયા છે, તે બતાવે છે કે તેમના જમાનાના બેખબર, બેદરકાર કે બેફદરે દસ્તુરો, દાવરો કે બેહદીનો કરતાં તેઓ વધારે ખુદાપરસ્ત અને વધારે દીનદોસ્ત તેમજ કોમના વધારે ખેરખાહ હતા. શેઠ એ૦ નો૦ પૃશિયાના રેસાલામાંથી આ બાબતના સંબંધમાં મળી આવતા ફકરા અતરે ટાંકી લીધા છે તે બતાવશે કે આપણી સભાને હૈડે પોતાના ધર્મની દાઝ કેટલી બધી હતીઃ—

"પણુ નેક જરતોશતીઓ મેં તમને આગલ કહીઉં તે મીશાલ દેવ, ડેહેરાં, મશજીદ, અને દેવલો પુંજેઆથી આપણે દાદાર હોરમજદના તથા આપણા રાહનુમા અશો પેગંમબર હજરત જરથોશતના મોહોટા તકશીરવાર થડીએચ. આપણે બોલીએચ એક અને કરીએચ બીજું. દેહેડેબી જઇએચ અને મશીદેબી જઇએચ. જાહેરાતમાં જરથોશતીઓ છઇએ એવું બતલાવીએ અને બાતેનમાં પારકા ધરમ ઉપર એતેકાદ રાખીએ એ કેવું બેહુંદુ છે? દાદાર હોરમજદનો એવો કલામ છે કે "પુછનાર નાંમ માહારૂં છે" તારે આપણુને જેવારે તે પુછશે કે તમો જરથોશતી થઇને દેવ, ડેરાં તથા દેવલો અને મશજીદો શા વાશને પુંજતા હતા? તારે આપણે તે શાહેબની આગલ શું ઉત્તર કાહાડશું અને કીઉં બાંનુ બતલાવશુ?"

ઉપલાજ બાહોશ બાપણુ કર્તાના નીચલા સખુનોબી એક ભવિષ્યવાણી જેટલાજ અગત્યના છે. સભાને માથે પાછળથી એવું તોહમત મુકવામાં આવ્યું હતું કે તેના લાગતાવળગતાઓ ધર્મને ચુંથવા માગે છે, એટલુંજ નહીં પણુ જે રિવાજો અને માન્યતાઓને કહાડી નખાવવા માગે છે તેમ જો થશે તો પછી જરનોસ્તી ધર્મ જેવું રેહશેજ શુ? પણુ વેહેમો અને જુદદીન રસમો તે કાંઇ ધર્મ નથી અને તે કહાડી નખાવ્યાથી નહિ પણુ તેમને વળગી રહી ચાલુ રાખ્યાથીજ ધર્મનો પાયો બેસી જશે એવું સભા તરફથી તેની હસ્તીનાં પહેલાંજ વર્ષથી બાપુકાર કહેવામાં આવતું હતું જે નીચલા સખુનો પરથી સમજાશે :—

"વલી—જો આપણામાંથી કોઇ ફીરંગી કે મુસલમાન થઇ જાએચ તો આપણે તેને વાશતે બાપોકારથી ફરીઆદ કરીએચ અને બેહદ

દલગીર થઇએચ—અને આપણા આખા ફીરકામાં જુદદીનની રસમો ચાલુ છે તે ઉપર તો આપણે ઠંડે પેટે જોએઆ કરીએચ, અને તેનો કશો ઉપાએ કરતા નથી—પાએઓ ધશેચ, તેને નથી સંભાલતા અને છાપરાં ઉપરનાં નલીઆંઓ તપાશેઆ કરીએચ.

"પછી એવી રશમો ચાલુ રહેઆથી મબાદા એક વખત એવું પણ બનશે કે જરથોશતી મજહબ જેવું કાંઇ રેહેશેજ નહી—પણ એક ભેલશેલીઓ જુદોજ ધરમ ઉભો થશે—આપણે ગમે એવી પરહેજગારી દેખડાવીએ અને તે શાથે દેવ ડેહેરાં પુંજીએ તો આપણને બુતપરશતોનું નામ બેશક લાગુ પડે.*"

સભાની હસ્તીનાં બીજાં કે ત્રીજાં વર્ષમાં તેને શેઠ ડોસાભાઇ સોહરાબજી મુનશી સાથ તકરારમાં ઉતરવું પડયું હતું ત્યારે તે વિદ્વાન ગૃહસ્થે સભાના સુકાનીઓને "નાસ્તિક" યાને ખુદાની હસ્તી કબુલ નહિ રાખનારા જેવા ગણ્યા હતા. તેનો જવાબ તે વેળા સભા તરફથી એવી અછી રીતે અપાયો હતો કે શેઠ ડોસાભાઇ ત્યાર પછી બિલકુલ ચુપજ થઇ ગયા હતા. પણ તેઓ યા તેમના જેવા બીજાઓ સભાને માથે આવું તોહમત કદી પણ મુકી શકે નહિ એવી રીતે મી૦ એ૦ નો૦ પૃશિયા અને બીજાઓ પોત પોતાનાં ભાષણોમાં અનેક ઠેકાણે ખોદાનો ડર બતાવી ગયા છે. મી૦ પૃશિયાના સખુનો એ બાબતમાં આ મુજબના છે:—

"આપણી હાલની ચાલથી આપણે બપોરના અજવાલાની મુઆફેક ઉઘાડું દેખડાવીએચ કે કુલ જેહાનનો પેદા કરનાર તથા પાલનાર જે ખોદાતાલા તેના હોકમ ઉપર તથા તેની દીન ઉપર પુરતો એતેકાદ નથી રાખતા—તથા આપણને તે શાહેબનો કશો ડર નથી—આપણને ડર માતર દેવ દરૂજોનો છે—અને તે કીરતારની તો આપણે કશી દરકાર રાખતા નથા, એવું માલુમ પડેચ. અવે એ રીતે આપણી દીન ઉપર શોખુન લાવવો અને પારકા દીનનાં ફરમાન મુજબ ચાલવું એ કેવો મોહોટો ધુનાહ છે તે તમેજ શાહેબો વીચાર કરો. શું પારકા ધરમવાલાઓનાં ડેહરાં તથા દેવલોમાં બેશાડેલાં પુતલાં આપણને શારૂં કરશે?—એવો ખેઆલ કરવો આપણને શજાવાર નથી—વાશતે હું દીનદાર જરથોશતીઓને નમનતાઇથી પાછી

અરજ કરૂંચ કે આપણા પાક, ખાલેશ, અને બરહક મજહબમાં જીુદદીનોની ધુનાહ ભરેલી રશમો જે કાંઇ ચાલતી આવીચ તે રશમો કહાડી નાખવાની શરવે કોઇએ કોશેશ કરવી ".........

કોમમાં દાખલ થયલી હિંદુ અને ફિરંગી લોકોને લગતી જીુદદીન રસમો પ્રમાણે ચાલ્યાથી થતાં નુકસાન દર્શાવીનેજ રાહનુમા સભા મુંગી બેઠી નહિ. ઇસ્લામીઓ કનેથી લીધેલી તેવીજ વેહેમી રશમોના સંબંધમાં એક નિબંધ મારફતે તેણે કોમને સચેત કીધી. શેઠ સોહરાબજી હોરમસજી મેહતા જેઓ સભાના ખજાનચી હતા, તેઓએ તા૰ ૨જી ઑગસ્ટ ૧૮૫૨ ને દીને " આપણાં લોકોએ મુશલમાન લોકો પાશેથી જે જુદદીનની રશમો અખતીઆર કીધીચ તેહેનાં ગુનાહ તથા ખોલાશા" એ બાબત ઉપર એક નિબંધ વાંચીને અફસોસ બતાવ્યો કે " કેટલાએક જરતોશતીઓની તાબુતો જાએજ તારે તેની પછવાડે પાણી નામેચ, હોશનના નામના ફાટીઆ ભણાવેચ, તેના નામ ઉપર શરબત, અગરબતી, અબીર અને મલીદો ચહડાવેચ," ઇત્યાદિ. આ બાબતમાં તેઓએ વધારે ખુલાસાથી આ પ્રમાણે કહ્યું હતું:—

"તાબુતના દીવશોમાં ઘણાએક મુશલમાંનો ફકીર થાએચ ઇઆને હોશનની માહાતમ કરવાને શારૂં એક જાતનો ફકીરી લાલો પોશાક લીએચ, તેજ પરમાણે આપણાં પારશીના બઇરાંઓ પોતાને તાંહાં છોકરાં નહી આવતાં તારે માનતા કરેચ કે જો મારે તાંહાં છોકરૂં આવશે તો તેને ફકીર કરશ, ઇઆને તેહેને હોશેનની માહાતમ કરનારાઓમાં શામેલ કરશ, અને જારે છોકરૂં આવેચ તારે જાંહાં તાબુત હોએચ તાંહાં જઇને મુશલમાંનોના ફકીરો પાશે ફાટીઆ ભણાવી, બરફી ચહડાવી, પઇશા ખરચીને તેહેના હાથમાં અને ગલામાં લાલ, લીલું, પીરૂ નારૂ બાંધેચ અને એમ કરીને પોતાનાં દીલને ખુશી કરેચ અને પોતાના દીનના ગુનેહગાર થાએચ. પણ તેહેવી ગુમરાહીની જાલમાં ફશેલી અશતરીઓને તો એ વીશેની કાંઇ ખબર નથી તેથી તે બઇરાંઓ ઉપર આપણને દએઆ આવેચ, કાંએ જે તે લોકોનાં દીલ હજીુર કાંઇ કેલવણીથી રોશન થઆં નથી; પણ જે મરદો પોતાંની ઓરતોને હેવાં ગુનાહનાં કાંમ કરવાની રજા આપેચ અને તે કામ પર ખરચવાના પઇસા આપેચ તેઓને આપણે શું કહીએ ?"

વારંવાર બોલાય છે કે અભણ સ્ત્રીઓને લીધે કોમમાં ધર્મ સંબંધી વેહમો અને રસમો દાખલ થવા પામી છે તે નિકળતાં નિકળતી નથી. પણ તેવી ઓરતોને મદદ આપનાર તેમના મર્દ બેશીઓ એ બાબતમાં થોડા કસુરવાર નથી. ભાષણ કર્તા મુજબ તેવા મર્દોની "માઠી ચાલથી આપણી કોમ ઉપર તથા આપણા નેક ધરમ ઉપર" ઘણો મોટો ડાગ લાગે છે. તેઓનીજ ઢીલી દોરીને લીધે યા આપેલી મદદને લીધે બલકે તેમનીજ સંમતિ અને શામેલગીરીથી તાબુતને દરીયામાં હોમાવવા લઇ જાય છે ત્યારે તેમની ઓરતો "પાણીના હાંડા ભરીને તાબુતના ઉંચકનારાઓના પગ આગલ રેડેચ," એવું સમજીને કે પાણીના તરસ્યા મરણ પામનારને માટે એ પ્રમાણે તાબુત આગળ "પાણી નામવાનું સવાબ છે". આવી અણઘટતી રસમ આપણી સભાની માફક પંચાયતના અકાબરોને પણ જણાયાથી તેઓએ નસાસાલારને પારસી મહોલ્લાઓમાં ફેરવીને તથા તાબુતો આગળ રાખીને પારસી સ્ત્રીઓને તાબુત જોગી માનતા ચહડાવતી અટકાવવા માગી હતી, પણ ૧૮૫૧ નાં "હાબલ" વેળા જ્યારે આમ ચોકસાઇ રાખવામાં આવી હતી ત્યારે આપણા ભાષણ કર્તા મુજબ "ઘણીએક ઓરતોજ નહી પણ કેટલાએક મરદોબી હરૂશે જઇને માનતાઓ પોતે ચહડાવી આવેઆ" હતા. તેઓ વળી બીજું એમ જણાવે છે કે—

"એજ મહમદી ધરમ ઉપરથી લીધેલી બીજી ચાલ કેટલાએક પારશીઓ ચાલેચ તે એ છે જે મુશલમાંનોના પીરની ગોર ઉપર વાલ, હોજરી, નેવટા, રોટલી, શબજો, મીઠાઇ, નરીએર વગેરે બીજી ચીજો ચહડાવેચ."

આવીજ એક બીજી વેહમી રસમ પારસીઓ ઇરાનથી હિંદુસ્તાનમાં આવ્યા ત્યારે લાવેલા કેહવાય છે, પણ તે ખરૂં દીસતું નથી. તે "વેલાતી રોજો" એ નામે ઓળખાય છે. તેના સંબંધમાં મી૦ મેહતા આ પ્રમાણે સમજાવે છે:—

"એની ઉતપંતી અથવા મુલ શા ઉપરથી નીકલેઉચ તે હમોને ચોકશાઇ કરતાં જાણેઆમાં આવેઉં નથી, પણ ધારેઆ મેલે એ રશમબી મુશલમાન લોકોથીજ એખતીઆર કીધેલી છે. જે લોકો એ રોજો ભરેચ તેઓ તરેહ તરેહનાં ફુલો તથા મેવો તથા શરબત અને

તે શાથે ભાંત ભાંતનું ખાવાનું બનાવેચ અને જો શાંહજ હોએચ તો દીવા શલગાવીને તેની આશપાશ નાહી ધોઈને શારાં કપડાં પેહેરી અને શનગાર કરીને બેશેચ. તાર બાદ એક ઇરાની જરતો-શતી ઓરત આવીને તે મેવાને એક શારાં બીછાંણા ઉપર ગોઠવીને માંડેચ અને લોબાંન મુકીને એક વાત કરેચ તેમાં એમ કેહેચ કે એ રોજે આશમાંની પરીઆંની નધ્અતે ભરાએચ, અને તેનું કારણ એ જે એની બરકતથી આપણી શારી મોરાદ બર આવેચ, અને એ વીશેનો ખોલાશો એક વાત કહીને કરી બતાવેચ......હવે એ વાતો કેવી હશવા જોગ તથા નાદાંનીઅત ભરેલી છે કે અફશોશ છે કે આપણી ઓરત ભુલાવો ખાઇને વેહેમમાં પડેચ, તે શાથે ઘણાએક મરદો જેઓ દીનદારમાં ખપેચ તેઓ પોતાનાં કેરતારની પાશે પોતાની મોરાદનું ફલ ચાહવાને બદલે એક વેહેમ ભરેલી વગર પાએઆની અને અકલથી ઉલટી વાત શાંભળીને તે ઉપર ભરોશો લાવેચ અને પોતાના પઇશા ખરચીને શેવટે વેહેમીમાં ખપેચ."

સભાએ કોમનું હીત હૈડે ધરીને જે સુધરાઇનાં કામો માથે લીધાં હતાં તે માટે તેના લાગતા વળગતાઓને જશને બદલે ગાળોનો સરપાવ મળતો હતો તેની નોંધ સભાનાં પહેલાં વર્ષનાં કામકાજના હેવાલમાં મી૦ દાદાભાઇ નવરોજજીએ લીધી છે. સભા ઉભી થઇ ત્યારેજ અને ત્યારબાદ કેટલાક માસ સુધી સભાની મતલબ અને ધારણા સારી નથી એવા ખોટા ઘુમાટા ચાલુ રહ્યા તેથી અણજાણા હમદીનોનાં દિલમાં વેહમ અને વસવસો ઉપજતો હતો, પણ સભાના સરનશીને એ બાબતમાં અગત્યનો ખુલાસો કર્યા પછી તથા બીજા સુકાનીઓએ વાંચી સંભળાવેલા કીમતી નિબંધો પછી સભા વિષેનું બદગુમાન ઘણાઓનાં દિલમાંથી નિકળી ગયું અને જેઓ દાના હતા તેઓ સભાના લાભમાં પોતાનાં મત આપવા લાગ્યા. આ બધું જણાવીને મી૦ દાદાભાઇ પહેલાં વર્ષના હેવાલમાં લખે છે કેઃ—

"તોએ પણ કેહેવાને દલગીરી ઉપજેચ કે કેટલાએક અણસમજ શખશો એ સભાની વીરૂધમાં વારે ઘડીએ તકરાર કરે છે તથા આપણી કોમની ઘણીએક વહેમી તથા અણસમજ અશતરીઓ એ મંડલીએ ઉઠાવેલાં કાંમને અતીશે ધીકારે છે, તેહનું કારણ એ જે જે રશમો

તેઓ શેંકડો વરશ થાએઆં ચલાવતાં આવેઆંચ તે રશમો અણુ-ઘટતી ગુનાહ ભરેલી અથવા નુકશાંનીઅન ભરેલી છે હેવું એકએક તેઓનાં નાંજુક ધેઆંનમાં ઉતરતું નથી અને તેવો એ અણઘટતી રશમોને દીન ધરમનાં શારાં નેક કાંમ શહમજીને કોઇને તેહેની વીરૂધમાં બોલવા દેતા નથી, અને જેવો મેદાંન પડીને જાહેર શભામાં તે રશમોની વીરૂધમાં મુજાહેમત કરેચ તથા આપણા ફેરકાની ખેરખાહી ચાહેચ તેવોને માંઠું બોલેચ તથા તેવોની શંગાથે અદાવત રાખેચ, અને તેવોની નેક મતલબ તથા શારી શુચનાં ઉપર કશું ધેઆંન પોંહોચાડતાં નથી. તોપણ હાલનાં શમે પરમાણે હેવી આશા રાખેઆમાં આવે છે જે હેવા શખશોનું બદગુમાંન રફતે રફતે દૂર થાતું જશે અને તેવો દનપરદન શહમજતા જશે, તથા શુધરાઇનો મારગ પકડતા જશે.”

શેઠ દાદાભાઇની આ આશા બહુ જલદીથી તો નહીજ પણ આસ્તે આસ્તે સફળ થઇ એમ પારસી ટોળાની આજની સ્થિતિ ઉપરથી હિમતથી કહી શકાશે. સભાનાં કામની મુસ્કેલી તેના સુકાનીઓ પ્રથમથીજ સમજતા હતા, તોપણ પોતાની નિષ્ફળતાથી તેઓ હારી ખાતા ન હતા. મી૦ દાદાભાઇ આગળ ચાલતાં લખે છે કેઃ—

“આએ સભાએ ઉઠાવેલું કામ જેમ અતી ઘણું અગતનું અને ગુણગારં છે તેમ ઘણુંજ મુશકેલ તથા બદનામી ભરેલું છે. ખલકત અથવા અનજુમનનાં હજારો લોકો જે રસમો પોતાનાં બાપદાદાના વખતથી શેંહેંકડો વરશ થાએઆ ચલાવતા આવેઆચ તેવોનાં વીચાર ફેરવવા તથા તેઓને શુધરાઇનો રશતો દેખાડવો એ કાંમ ઘણુંજ મુશકેલ તથા બીકટ ભરેલું છે, અને જેવો એ કાંમમાં મેહેનત લીએ તેઓને હજારો લોકો અંજાણપણાથી ઠપકો આપે તથા બદનામ કરેઆ વનાં રેહે નહી. પણ હેવા ઠપકા તથા હેવી બદનાંમીથી બીહીને અથવા દલગીર થાઇને નીરાશ થવું અથવા પાછા હટવું ઘટે નહી. જે કાંઇ આપણને નેક તથા ફાએદેમંદ નજર આવે તેહની પછવાડે હંમેશાં કોશેશ કરવી જોઇએ અને તેહવું કરેઆથી આખેરશ ઇનશાફની રાહે શેઆંણું લોકો આપણે માથેથી ઠપકો અથવા બદનાંમી કાહાડી નાંખેઆ વીના રેહેશે નહીં.”

જુદદીનોની મુર્તિપુજક રસમો કે જે આપણાં લોકોમાં દાખલ થવા પામી હતી તેઓ મધેની એક આતશબહેરામમાં ભોગ આપવા માટે હોય તેમ મરઘાં અને બકરાં ચઢાવવાની હતી. આની જોડે સોનાં રૂપાંના પુતળાં બનાવી તે પણ ચઢાવવામા આવતાં હતાં. "બકરાં અને મરઘાંને આતશબહેરામ શાહેબના તખતના ઓરડા સુધી લઇ જાએચ, તાંહાં તેહને ઉબરની સાથે નાખ ધશણી કરાવેચ, અને સુનાં રૂપાંનાં પુતલાંનાં પતરાંઓ માનના દાખલ ચહડેલું" વાડિઆજીના "આતશ બેહેરામના મોબેદો કબૂલ રાખેચ અને મોહોટી ખુશીથી લીએચ." આ પ્રમાણેનો મામલો આપણી સભાની સ્થાપના વેળા હતો, પણ તે બાબે સભાએ મુજાહેમત ચલાવ્યાથી પાછળથી આતશ બેહેરામમાં આ જાતની માનતા ચહડાવેલી કબૂલ રાખવાનો તેના મુતવલીઓએ અટકાવ કીધો હતો. સભાએ એ જુદદીનોને મળતા આવતા નઠારા ચાલ બાબે શેઠ બહમનજી હોરમજજી વાડીયાજી ઉપર એક પત્ર લખી ફરિયાદ કીધી હતી અને તેનો અટકાવ કરાવવા માંગ્યો હતો, જે ઉપર સારી પેઠે ધ્યાન પુગાડીને "તેવણે શકત મનાઇ કીધી હતી, અને તેઆર પછી હેવી માનતા નહી લેવાનો પોતાના મોબેદો તથા માણસોને હોકમ આપેઓ હતો." આ સખ્ત તાકીદ અને મનાઇ છતાં વેહમી લોકો મરઘા બકરા લાવતા અને "હુરત અને જીતથી" તે કબૂલ રાખવાનો આગ્રહ કરતા હતા, તે ઉપરથી વિશેષ એમ ફરમાવવામાં આવ્યું હતું કે "લોકો જોર જુલમથી તે મુકી જાએ તો તેહેવાં જાનવરોને તરત પાંજરાપોલમાં મોકલી દેવાં અને તેહની પોંહોંચો લખી મંગાવવી." આ હુકમ પ્રમાણે અમલ થયલો જણાય છે, કારણ વાડિયાજી તરફથી સભાને ખાતરી મળી હતી કે "તેહેવી પોંહોંચો પાંજરાપોલનાં માણશોની શહી શાથે હાલ મોજુદ છે." આ રીતે આ "આ બુરી રશમનો અટકાવ કરવાની પરથમ કોશેશ કરવાનું માન" આપણી સભાને ઘટે છે.

સભાની શુરૂઆતનાં વરસોમાં જુદદીન લોકોના હોળી, તાબુત, વગેરે તેહવારો ઉપર સભા તરફથી હજારોની સંખ્યામાં હસ્ત પત્રકો છપાવીને ટોળાનાં લોકોને તાકીદ આપવામાં આવતી હતી કે એ તેહવારોમાં જરતોસ્તી મર્દ તેમજ ઓરતો ભાગ લે અને વેહેમી માન્યતાઓમાં શામેલ થાય તે આપણા ખુદાપરસ્ત ધર્મથી બિલકુલ ઉલટું અને ગુનાહ

ભરેલું છે. સભા તરફની આ ચાલુ ચેતવણીથી, તેમજ આવાં અને આદરનાં જશનોને દિને "ભોલી બીઓ જુદદીનની રસમ મુજબ ચાલીને દરીએ કીનારે પોલી પરઠવા લઇ જાએ છે, તથા આતશ કદેહો-ઓમાં પોલીનાં ફુલારાં ચડાવે છે," તે સામેની પણ ચાલુ ચેતવણીથી જરતોસ્તીઓ ઉપર સારી અસર થયલી જણાયાથી સભાએ એ બાબતોને લગતાં વાર્ષિક હસ્ત પત્રકો ૧૮૭૪ નાં સાલથી પ્રગટ કરી વેંહચવાનું બંધ કીધું હતું.

પ્રકરણ ૪ થું.

ફરવરદેગાનનો સવાલ.

ફરવરદેગાનના દશ દિવસના તેહવારો.

સભા તરફથી પ્રથમથીજ અપાતી આવેલી સમજણ.

રાહનુમા સભાની પારસી પ્રજાસેવા મધેની એક મુખ્ય ફરવરદેગાનના દિવસો અવસ્તાઇ કલામો પ્રમાણે માત્ર દશજ છે તે દેખાડવા અને સાબેત કરવાને લગતી છે. આ સાબેતી સભાના સુકાનીઓએ તેના જન્મથીજ તે વેળાનાં પોતાનાં ટુંક જ્ઞાનને અનુસરીને આપવા માંડી હતી, અને આજના સુકાનીઓ તે કરતાં વધારે મજબૂત પુરાવાઓ અને દલીલોથી આ વાત સાબેત અને વધારે સાબેત કરી આપવાને શકિતવાન થયા છે. સભાના જન્મ વેળા તે વેળાના આગેવાનોને દશ દહાડાઓનાં ફરવરદેગાનની તરફેણમાં જેમની સામે લડવું પડયું હતું તેઓમાં ધર્મ પુસ્તકોનું વધતું ઓછું જ્ઞાન ધરાવનારા થોડાજ જરતોસ્તીઓ હતા. તેઓ સઘળા દસ્તુરો અને એરવદો હતા. સભાના પક્ષમાં તેવા સાહેબો બહુજ થોડા હતા, અને દસ્તુર પેશોતનજી જેવા પક્ષકારો પાછળથી સભાને છોડી ગયા હતા. પણ આ સઘળું છતાં સભાએ ફરવરદેગાનના દિવસો માત્ર દશજ છે એવો જે ફતવો દીનની રાહે જાહેર કીધો હતો તેનેજ તે છેવટ સુધી વળગી રહી—આજે પણ તેનો તેજ અભિપ્રાય એક મજબૂત ખડક મિસાલ ઉભેલો છે—અને એજ અભિપ્રાય હમદીન અને જુદદીન ધર્માભ્યાસીઓની સંમતિથી ખરો સિધ્ધ અને સાબેત થયો છે, તો જો કે એક દસ્તુરે જુના જમાનાને પણ કદાચજ છાજે એવી તકરાર અને તાલતલાવતથી આ દિવસોને ૧૫ થી ૧૮ સુધી લંબાવવાનું હાલ જમાનામાં નવેસરથી બીડું ઝડપ્યું હતું. આ તકરાર ઘણી અગત્યની તેમજ જાણવા જોગ છે, માટે તેની ટુંક તવારીખ આ ઠેકાણે આપેલી ઉપયોગી થઇ પડશે. પણ તેમ કરતાં જણાવીશું કે સભાની શુરૂઆતનાં વરસોમાં દસ્તુરો કે બેહદીનો સર્વ કોઇ ફરવરદેગાનને ગુજર પામેલાં જરતોસ્તીઓનાં “રવાન” (જાનઉર્વન)ની યાદ તથા સેતાયશના દિવસો સમજતા અને સમજાવતા હતા, તેમ આપણી સભા પણ કરતી

હતી. પણ પાછળથી એ ભૂલ સભાએ પોતેજ પહેલી સુધારી અને તેણેજ પ્રથમ જાહેર કીધું કે આ કાંઇ "અશો રવાનોની ઇઆદ તથા શેતાએસ કરવાના" નહી પણ ગુજરનારનાં ફરોહરોની યાદ અને સેતાયશના દિવસો છે, અને તેટલા માટેજ તેમને "ફરવરદેગાન" નું નામ મળેલું છે. આમ હોવાથી નીચે આપેલા કોઇ કોઇ ફકરાઓમાં સભા તરફથી "રવાન" શબ્દ વાપરવામાં આવેલો જણાય તો વાંચનાર દાનેશમંદોએ પાછળથી અપાયલી સમજણને આધારે "ફરોહર" કરી સમજવો.

છેક ૧૮૫૪ નાં સાલમાં, યાને સભાની સ્થાપના પછીનાં ચોથાં વર્ષમાં, તેના તે વેળાના મુનશી મરહુમ શેઠ સોહરાબજી શાપુરજી બંગાળી સી. આઇ. ઇ. એ ફરવરદેગાનના સંબંધમાં જે પહેલ વહેલો ખુલાસો બાહેર પાડયો હતો તેનું વિગતવાર નામ સભા તરફથી પ્રગટ થયલા ૯ માં અંકમાં આ પ્રમાણેનું જણાય છેઃ—

"રવાંનોની ઇઆદમાં શેતાએશ કરવાના ફરવરદેગાંનનાં ઇઆને મુકતાદનાં દાહાડામાં જરતોશતીઓને પોતાની દીનનાં ફરમાન મુજબ જે ફરજ છે, તથા હાલમાં અનજાણપણાને લીધે તેઓ કેવી રીતે પોતાની ફરજ અદા કરે છે તે વીશેનો "રાહનુમાએ માજદીઅસના" સભાની તરફથી માજદીઅશનાંનોને વાકેફ થાવા સારૂ કરેલો મુખતેસર ખોલાસો"

આ ખુલાસો સભા તરફથી અનેક મરતબે પ્રગટ કરવામાં આવ્યો હતો, અને સભા તરફના દરેક અંકની માફક તે જરતોસ્તીઓની વાકેફીને માટે મુફત વહેંચવામાં આવ્યો હતો. તે થોડાક પાનાંનો ટુક ખુલાસો હતો, જેમાં પોતાના જમાનાની ખબરદારી જેટલીજ વાકેફીનો સમાસ કરવામાં આવ્યો હતો, જેમ કરતાં અર્દાફ્રવશનાં આફ્રીનગાન મધેથી "યાઓં વીસાત"નો કર્દો તેના તે જમાનાનાં જ્ઞાનને અનુસરતા તરજુમા સાથ આપવામાં આવ્યો હતો. તેમ કરીને તેની સમજણ દાખલ જણાવવામાં આવ્યું હતું કેઃ—

"વરસની આખેરીનો ફરવરદેગાંનનો વખત ઇઆને મુકતાદના દશ દીવસો ખસુસન ગુજરેલાં રવાંનોની ઇઆદ તથા શેતાએશ કરવા અને તેઓનાં નાંમથી સવાબનાં કાંમ કરવાને સારૂ મજદીઅસની દીનમાં મુકરર કરેઆમાં આવેઆ છે. એ દાહાડાઓમાં હરરોજ લાગત અશો ફરોહરોની ઇઆદમાં શેતાએસ તથા બંદગી કરવી, અને દીનનાં ફર-

માંન મુજબ અશો રવાંનોની નઇએતે કીરીઆ કરાવવી આપણને ઘટારત છે. પણ આપણા ટોલાના લોકો દીનઆઇનનાં કાંમમાં કેટલીએક અણુઘટતી અને નામુનાસેબ રસમો, આજ લાંમબી મુદત થઇ ચલાવતા આવેઆ છે અને તે મુજબ મુકતાદના પાક દાહાડાઓ ઉપર ૧૭ દીવશો શુધી રવાંનોની નઇઅતે કેટલીએક બેજા નકામી અને દીનનાં ફરમાંનથી ઉલટી કીરીઆ કરે છે, વાસતે...તેવા લોકોને લાએક છે જે સંગલી અણુઘટતી રસમો તથા દીનનાં ફરમાંનોથી ઉલટી કીરીઆઓ તરક કરીને મજદીઅસની દીનનાં ફરમાંનો ઉપર ચુસત અને સાબેત કંદમ રેહેવું."

દીનમાં આ ક્રિયા શી છે તેની સમજણ આ પ્રમાણે આપવામાં આવી હતી કે "ફરવરદેગાંનના દાહાડા માતરે દસ છે" અને તે સફંદારમદ મહિનાના આસ્તાદ રોજથી શુરૂ થઈ પાંચમા વહિસ્તોઇશ્ત ગાથાથી આખેર થાય છે," જે મુદતમાં "અશો રવાંનોની ઇઆદગારી તથા તેઓની નઇઅતે સવાબનાં કાંમો કરવાને કાજે" જે કાંઇ ફર્જ જરતોસ્તીઓને ફરમાવેલી છે તે એટલીજ કે "તેઓનાં નાંમ લેઇને તેઓની નઇઅતે ઇજિશને કરાવવી તથા તાજું ખાંણું બનાવીને તે ઉપર તેઓની નઇઅતે સતુંમ પઢાવવું તથા શીઆવ ઇજાવવો, તથા ખુશબોદાર ફુલ પાંન અને તાજા મેવા ઉપર આફ્રીગાંન—ફરૂઅશી—દરૂનબાજ તથા તેવીજ બીજી કીસમની આરાધના કરાવવી, અને રવાંનોની ઇઆદમાં દીનનાં હોકમ મુજબ એબાદત તથા શેતાએશ કરવી તથા કરાવવી."

પણ આ કિસમની ક્રિયાઓને બદલે "ટોળાનાં ઘણાએક લોકો" શું કરે છે? "જેઓ જરથોશતી ધરંમની ખુબી અને ખાલેશીથી અણજાણ્યાં છે, તેહેવાં લોકો ફરવરદેગાંનના દાહાડાઓ ઉપર પોતાનાં મકાન મધે એક લોહોડાંની મારી ઉભી કરે છે, અને તેહની આસપાસ આરણીઓ ઉપર પાણીનાં ભરેલાં વાસણોની ચોર ઇઆ બીલોર કાંમ ગોઠવી મુકે છે અને તેહેની અંદર તરેહ તરેહનાં ફુલ ખોસે છે, અને એક ખુમચાની અંદર લીલો તથા શુકો મેવો મુકે છે, તથા મારીના વચલા ભાગમાં જે લોહોડાંનું તાક બનાવેલું હોએ છે તેહેને જાંમો પેહેરાવે છે, તથા તેહેની અંદર શુદરેહ કુસતી મુકે છે, તથા રવાંનોના બદનના આકાર તરીકે શેરડી, નારીએલ, અને કેલાંના કાતરા વગેરે બીજી ચીજો ગોઠવે

છે, અને તે આકાર મધે ગુજરી ગએલાં રવાંનોએ મુકાંમ કીધો હોએ એવો એતેકાદ લાવીને તેહેને નમસકાર કરે છે."

આજથી ૬૭ વર્ષની વાત ઉપર ફરવરદેગાનના પવિત્ર દિવસો ઉપર ફરોહરને બદલે રવાન આવે છે એવા એતેકાદથી તે વેળાના જરતોસ્તીઓ મોટે ભાગે મુર્તિ જેવો ફળ ફુલનો જે આકાર બનાવી દેખાવ કરતા હતા અને ત્યાં તેની સામે ઉભા રહીને તે ગોયા કોઇ કેબ્લો હોય તેમ પોતાને આવડે તેવું ભણતર કરતા હતા તેનું ઉપલા ફકરામાં જે ચિત્ર દોરેલું છે તે ખરેખરૂં છે. તેવો આકાર બનાવવાનું આજે રાહનુમા સભાની દર સાલની ખાતરી ભરેલી સલાહ અને સુચના ઉપરથી નીકળી ગયું છે એ મોટી ખુશીની વાત છે. પોતાના જમાનાના જરતોસ્તી ભાઇ બહેનોની ખરી ફર્જથી ઉપર મુજબની ઉલટી રીતભાત જોઇને સભાના સુકાનીઓ તેમને આ રીતે સમજાવતા આવ્યા હતા કેઃ—

"નેક જરથોસ્તીઓ, પાક પરવરદેગારે પોતાના ફજલો કરંમથી અકલ અને દાનાઇનું જે કીંમતી ગોહર આપણુને બખસીઉં છે, તે ગોહરની બરકતથી આપણાં જોએઆમાં આવે છે જે ઉપર જણાંવેઆ જેવી સંગલી ચાલ જરથોશતી મજહબની ઇઅજદાંપરસતીથી બીલકુલ ઉલટી અને ગુનાહ ભરેલી માલુંમ પડે છે. આપણા ધરંમ પુસતકોનાં બુજોરગ ફરમાંન મુજબ ફરવરદેગાંનના દસ દાહાડા પાકી પરહેજગારીનાં કાંમો કરવામાં, તથા ખોદાતાલાની શેતાએસમાં, અને પોતાનાં ગુજરી ગએલાં રવાંનોને ઇઆદ કરીને, તેઓની નઇઅતે, તેઓની ઇઆદગારીને ખાતર સવાબ અને ધરંમનાં કાંમો કરવામાં ગુજારવા જોઇએ છે. હેવું કીધાથીજ એ તેહેવારને લગતી આપણી જે ફરજો છે તે અદા થાશે—કાંઇ મારી અને બહેરાં માંડીઆથી એ ફરજ અદા થવાની નથી."

આ કેવી ખાલેસ દિલની, ભલી અને ફાયદા ભરેલી સલાહ છે! તે તેવી છે તેથીજ તેનો રૂડો લાભ આસ્તે આસ્તે પારસી કોમે લેવા માંડયો અને આજે આ જુની મુર્તિ પુજા જેવું મોટે ભાગે ટોળામાંથી નીકળી ગયું છે. જે કાંઇ હાલ નજર આવે છે તે બાબે આગળ ચાલતાં બોલીશું. ઉપલું ચિત્ર અને તેના સંબંધમાં રાહનુમા સભાએ કરેલી નુકતે-

ચીની હજી અધુરી છે તે શેઠ જમશેદજી શીમજીભાઇ અપુ[1] પોતાની સહી સાથના લેખમાં નીચે મુજબ લખીને સંપૂર્ણ કરે છેઃ—

" આપણા ટોલાના લોકો મુકતાતના દીવશો ઉપર બીજો ઘણો આડો અને નકાંમો ખરચ કરે છે, અને જુદદીન લોકોના જેવી કેટલીએક નામુનાસેબ રસમો ચલાવે છે, જેમકે કોઇ આદમી ગુજરે છે તો તેહેના પેહેલાં વરસે નવું બેહેડું માંડે છે, તથા ગાથા ગાહમબારમાં મુકતાતની જગો આગલ કાદવનાં કુલલાંની અંદર કાંઇ એક ભુજેલો અનાંજ તથા કાંઇ બીજી ચીજો ભેલીને મુકે છે. અને તે જગો આગલ કેટલીએક બેહુદી કીરીઆ કરે છે, તથા ઘણીએક તહરેની મીઠાઇ બનાવીને લોકોને ઘેરઘેર રજડાવે છે, તથા ફરવરદીન મહીનો અને ખોરદાદ રોજે પાછલી રાતનાં રવાનોને મીનોઇ આલંમમાં પોંહોંચાડવાને બાંહાંને ભાત અથવા રસતાની ખોરાકી તઇઆર કરે છે, અને તેહેની સાથે શુનાં રૂપાનાં દાગીનાં તથા રૂપીઆ બાંધે છે, તથા એ સીવાએ બીજી તરેહવાર ઘેલી ગાંડી અને હસી કાહાડેઆ જોગ કીરીઆ કરે છે. પણ હેવી નાલાએક કીરીઆ કરવી તથા કરાવવી એ મોહોટું પાપનું કામ છે, અને પાપનાં કાંમથી દુર રેહેવા વીશે પાક અવસ્તા મધે ઘણે ઠેકાણે ફરમાન આપેઆમાં આવેલ છે."

ઉપલા ફકરામાં જે કામોને "પાપના કામ" તરીકે ઓળખાવ્યાં છે, તેમને પાછળથી (૧૮૭૦ માં) "બુતપરસ્તી" લેખે ગણવામાં આવ્યાં છે, અને તેમના સંબંધમાં તે વેળાના મુનશી શેઠ જ. શી. અપુ સભા તરફના તે વેળાના ખુલાસામાં આ પ્રમાણેની ઓજરખાહીથી જરતોસ્તીઓને વિનંતી કરે છેઃ—

" હેવી નાલાએક કીરીઆ કરવી અથવા કરાવવી એ એક જાતની બુતપરસ્તી છે, અને બુતપરસતી આપણા ખોદાપરસ્તી મજહબની સાંમણે એટલી તો બુરી અને નાસકારક છે, કે આપણાં આગલા નીઆગાંનો એ નાપાક રસમનો નાસ કરવાની પોતાની ફરજ જાણતા હતા......અને જેઆરે આપણાં વડવાઓએ બુતપરસતીનો તીરસકાર કીધો હતો તેઆરે આપણાં તેઓની ઓલાદના ફરજંદો બુતપરસતીના

1 સભાના મુનશી (૧૮૬૧)

વેહેમી મારગ ઉપર શું કરવા ચાલીએ ? તે વીશે લગાર ધીરજ અને તમીજ અને બેરદમંદીથી શેઆણા જરતોશતીઓ વીચાર કરી જોશે તો બેશક આ રાહનુમાએ સભાના મત સાથે તેવો એકમલતા થાશે. બુતપરસતી કરવાનું કાંમ એટલું તો ગુનાહ ભરેલું અને ખોદાનો કોપ ઉપજાવનારૂં છે કે જેહેની બદ અસરથી દુનીઆમાં ખરાબી પેદા થાય છે......

"હવે આ ખોલાસો બંધ કરતી વેળાએ 'રાહનુમાએ માજદીઅસના' સભાની કારોબાર મંડલીના અધીકારીઓની તરફથી જરથોશતી ટોળાનાં લોકોની સેવામાં વીનંતી કરેઆમાં આવે છે જે તેઓએ મજદીઅસની દીનના ઉપર ટાંકેલાં બુજોરગ અને પાક ફરમાન મુજબ ચાલવું તથા જે રાહ રસમો આપણી દીનમાં જાએજ નહી હોએ, અને જેથી આપણી ખાલેસ દીનને હીણું લાગે તથા અપમાંન મલે, તેહેવી રાહરસમો કાહાડી નાખવી."

હવે આ પ્રમાણેના નવ વરસો સુધી દર સાલ ખુલાસા છપાવી તથા જરતોશતીઓમાં તે મુફત વહેંચીને સભા ચુપ બેઠી નહિ. તેણે હવે દસ્તુરો અને એરવદોને પત્ર લખી ફરવરદેગાનનાં દિવસોની સંખ્યા કેટલી છે તથા તે હિંગામ ઉપર શી શી ક્રિયા કરવી જોઇયે, તે તેમની પાસેથી જાણવા ચાહ્યું. સને ૧૮૫૪ માં તે વેળાના મુનશી શેઠ સો૦ શા૦ બંગાળીની સહીથી આ કાગળો લખાયા હતા અને તેની જોડે સભા તરફથી પ્રગટ કરવામાં આવતા વાર્ષિક ખુલાસાની નકલ બીડવામાં આવી હતી, અને સાથે એમ પણ જણાવવામાં આવ્યું હતું કે દસ્તુરો વગેરે તરફથી જે જે જવાબો મળશે તે ટોળાની રેહબરીને માટે છપાવી પ્રગટ કરવામાં આવશે. આ છેલ્લી ચેતવણીને લીધે જેમને અર્જ કરવામાં આવી હતી તે સઘળા ધરમગુરૂઓએ જવાબો નહિ મોકળતાં નીચલા સાહેબોએ તે લખી મોકલીને સભાને હેસાનમંદ કીધી હતી:— દસ્તુર નોશરવાનજી જામાસ્પજી જામાસ્પઆસાવાળા, દસ્તુર જમશેદજી બરજોરજી (સુરતવાળા), દસ્તુર પેશોતનજી બેહરામજી સંજાણા, દસ્તુર અરદેશરજી મુલ્લા રૂસ્તમજી, દસ્તુર પેશોતનજી અસપંદિયારજી (ભરૂચવાળા), મોદી શેઠ એદલજી ખુરશેદજી (સુરતવાળા), એરવદ

કેખુસરો વકીલ પેશોતનજી (ભરૂચવાળા), અને દસ્તુર મીનોચેહરજી એદલજી જામાસ્પઆસાવાળા.

સભાના સરનશીન શેઠ નવરોજજી ફરદુનજીએ ઉપલા જવાબો મળ્યા પછી "મુક્તાદની બાબદમાં" એ નામે એક રેસાલો જરતોસ્તીઓ સન્મુખ વાંચી સંભળાવ્યો તેમાં ઉપલા સઘળા દસ્તુરોનાં મતો ટાંકી બતાવ્યાં હતાં. તે ઉપરાંત વળી દસ્તુર ફરદુનજી દારાબજી જામાસ્પઆસાવાળાએ "ફરમાને દીન" નામનું એક ચોપાનિયું જુદા જુદા અંકોમાં પ્રગટ કરવા માંડ્યું હતું તેમાં, તથા એરવદ અરપંદીઆરજી ફરામજી રબાડીએ ૧૨૧૭ યજદજર્દી (ઇસ્વી ૧૮૪૮) માં "આઇને જરતોશતી" નામથી એક કેતાબ પ્રગટ કીધી હતી તેમાં ઉપલા દસ્તુરોના અભિપ્રાયને મળતાજ વિચારો જાહેર કીધા હતા તે પણ શેઠ નવરોજજીએ પોતાના નિબંધમાં ઉતારી લીધા હતા, અને બતાવ્યું હતું કે ફરવરદેગાનના દિવસો દશ છે, અને તે હિંગામ ઉપર ઘણોજ ઓછો ખર્ચ થવો જોઇયે. પાછળથી ઉપલા સઘળા અભિપ્રાયો સભાએ એક ચોપાનિયાંમાં ભેગા કરીને જરતોસ્તીઓની જાણ માટે છપાવી પ્રગટ કીધા હતા.

દસ્તુરો જોગા પત્ર ઉપરથી ફરવરદેગાનની બાબતમાં તેઓએ જે અભિપ્રાયો આપ્યા હતા તે ઉપરથી સભાએ જે સાર ખેંચી કહાડયો તે નીચે પ્રમાણેનો હતો (પુ૦ ૧ લું, અંક ૧૯ મો) :—

"૧ લું— એ જે આપણા લોકો અરદેશગ રોજથી તે ખોરદાદ રોજ શુધી મુકતાદની કારીઆ (૧૭) દાહાડા સુધી કરે છે તે દીનનાં હોકમ મુજબ નથી. દીનની કેતાબો મધે મુકતાતના માંતરે આશતાદ રોજથી તે પાંચમા ગાથા સુધીનાં ૧૦) દાહાડા ફરમાવેલા છે.

"૨જું—ફરવરદેગાનના ૧૦ દાહાડા અશો રવાનોની ઇઆદ તથા શેતાએશ તથા સવાબનાં કામ તથા તેઓની નઇઅતે બાજ આફ્રીનગાંન વગેરે તેને લગતી દીનની શઘલી કીરીઆ કરવાનું જરથોશતીઓને ફરમાંન છે, પણ એ દાહાડામાં રવાંનોની નઇઅતે મારી તથા તરેહવાર ફુલોથી શીનગારેલાં બેહેડાં તથા શીશા માંડીને તથા આકાર ઉભો કરીને તથા તેને શેજદો કરવા તથા તેહેની આગલ દીન આઇનની કીરીઆ કરાવવાનું આપણી દીનમાં ફરમાન નથી, બલકે હેવી રીતની પરશતેશ આપણી દીનની શરીએતથી બીલકુલ ઉલટી છે.

"૩ જું—તરેહવાર મેવો તથા ફુલ તથા પાણીના વાસણો કોઈબી આકારમાં એ દશ દીવશ શુધી આખી રાત અને આખો દાહાડો જાથુક મેલી રાખવાને આપણી દીનમાં કોઇ જગોએ ફરમાવેલું નથી. પણ માતરે બાજ આફ્રીનગાંન શતુમ તથા બીજી કીરીઆ દીનના હુકમ મુજબ કરાવતી વખતેજ ફુલ ફૂળ પાણી તથા ખોરાક મોજુદ રાખવો જોઇએ અને પછે તેહેને આપણા ખપમાં લાવવું જોઇએ.

"૪ થું—ફ્રવરદેગાંનના દાહાડા તમામ થાઇ રહેઆ પછે શાતમે રોજે ઇઆને અમરદાદ રોજની બાંમદાદે રવાંનોને વરાવવા સારૂ આપણા લોકો ભાતીઉં કરેચ તે રશમબી દીનથી ઉલટી છે.

"૫ મું—રવાંનોની નઇઅને તરેહ તરેહની મીઠાઇ તથા પકવાન બંનાવીને તેહેનાં ભોંણાં વેંહેંચવાની રશમ આપણા લોકોમાં પડી ગેઇચ, તે રશમબી આપણી પાક દીનમાં જાએજ નથી."

ઉપર મુજબનાં કામો ઉપરાંત ગાથા ગાહામ્બારના દહાડાઓ વેળા "આપણાં ઘણાંએક લોકો "કુહુલાં" ભરેચ તથા પહેરવાના કપડાં તથા ખરીઓ, કાગજ, વીટી, જોડા, દાબડી, કાંશકી, હેવી ચીજો ખુમચાઓમાં મુકીને તેહેનું લોબાન મુકેચ એ રશમને પણ સભાએ "ગુનાહ ભરેલી" જણાવી છે. એ ઉપરાંત વળી "એક 'બહાવલુ" બનાવીઉ હોએ તેમ મુકતાદની 'મારી' ને જામો પેહેરાવવો, ઓરત લોકોએ તેઓને શુનાં રૂપાંનાં ફુલોથી વધાવી લેવાં, નવાં બેહેરાં બજાવવાં," એવી એવી વહેમી અને બેહુદી "રશમો આપણા મજહબની નથી, તે વેહેમી, મુરખ અને અણુઘડ લોકોની છે, કે જેથી આપણા મજહબની ખુબીને જહાંખ પોંહોંચે છે, અને આપણી કોમના લોકોને પાપ તથા હીનપશતી લાગે હેવું છે." આમ જણાવીને સભા જાહેર કરે છે કે "મુકતાદના દાહાડા માતરે દશ છે," અને એ બીના "સભાના "સઘલા હમનબરદો કબુલ રાખે છે." વળી "એ દાહાડાઓમાં 'મારી' બઆ ગોહા જેવો આકાર ઉભો કરીને તે જગોએ બેહેડાં—શીશા તથા ફુલ ગોઠવવાં અને તેમાં રવાંન આગેચ એ રીતનો એતેકાદ લાવવો અને તેહેની શનમુખ ઉભા રહીને બંદગી કરવી, હેવું કોઇ કેતાબમાં જરતોશતીઓને ફરમાવેલું નથી અને દીન-

શની રીઅતથી તે ઉલટું છે. સભાનું આ શિક્ષણ છે, અને તે આ રીતે ભાર મુકીને ફરી ફરીથી જણાવવામાં આવ્યું છે કેઃ—

"આએ સભા માજદીઅસની ટોલાનાં સરવે લોકોને શાફ અને ખોલલી રીતે જાહેર કરેચ કે મારી ઇઆ પનીઆરાં ઉપર ધાતુનાં બનાવેલાં ઇઆ બીલોરનાં પાંણીથી ભરેલાં વાશણો ગોઠવવાં, તેમાં ફુલ ખોશવાં, અને તેમાં ગુજરેલાં રવાંનોએ મુકામ કીધોચ હેરો વીચાર લાવવો, અને તે પછી આકારનો કેબલો કરીને તેહેની શનમુખ બંદગી તથા આરાધના કરવી એ ચાલ અતીશે ગુનાહ ભરેલી છે."

ફરી બેઠેલા દસ્તુરો.

૧–દસ્તુર પેશોતનજી બેહરામજી સંજાણા.

સભાએ ઉપર મુજબનો અભિપ્રાય દસ્તુરો તરફથી મળેલા ફત્વાને આધારે હિમ્મતથી જાહેર કીધો તેથી પારસીઓમાં મોટી ચર્ચા ચાલવા લાગી, સભા સામે ટીકા અને ગાળગળોચી થવા લાગી, તીખાસ ભરેલો પત્રવહેવાર ચાલ્યો, મોબેદો અને બેહદીનોની એક નવી સભાએ આપણી સભાને તોડી પાડવા માટે જન્મ લીધો, અને તે કારણ ઉપરથી સભાને પોતાના અભિપ્રાયો લખી આપનારા તથા સભાનાં મત મુજબનાં ફત્વા આપનારા કેટલાક દસ્તુરો અને હેરબદોને કાર મંડવી પડી. તેઓ ઉપર એવું સખ્ત દબાણ થયું કે તેઓ આપણો પક્ષ છોડીને સામા પક્ષને જઈ મળ્યા, એટલુંજ નહિ પણ પોતે જે કાંઈ લખેલું અથવા આપણને લખી આપેલું તે ઉપર પાણી ફેરવ્યું. આવા દસ્તુરો મધેના મુખ્ય દસ્તુર પેશોતનજી બેહરામજી સંજાણા હતા. એ સાહેબે સભા તરફથી પુછાયલા સવાલોનો જવાબ આપતાં પોતાના રોજ ૧૪, માહ ૧૨, ૧૨૨૩ યજદજર્દી (૧૮૫૪ ઇસ્વી)ના પત્રમાં શેવટે આ પ્રમાણે લખ્યું હતું કે——

"બીજું તમોએ રોજ ૨ જો માહ ૧૨ મો શેહેનશાહીને દીને લખેલો કાગજ બીજેબી ચોપાનીઆં સાથે હમોને પોહોતો છે. તેહેમાં તમો હેવો શવાલ કરોચ કે ફરવરદેગાંનનાં અથવા મુખતાદનાં દાહડામાં રવાંનોની ઇઆદમાં શેતાએશ કરવાની જરતોશતીઓને માજદીઅશની દીનનાં ફરમાંન મુજબ ફરજ છે તથા તે ફરજ તેઓ શી રીતે અદા કરેચ તે વીસે રાહનુમાએ માજદીઅશનાં શભાનાં

કારોબારીઓએ કેટલોએક મુખ્તેશર ખોલાસો છપાવી પરગટ કરેઓય તે વાજબી, ઘટતો અને આપણી બરહક માજદીઅશની દીનનાં ફરમાન મુજબ છઆ તેથી ઉલટો છઆ ગલત છે. એ શવાલના જવાબમાં હમો લખી જણાવીએય કે રાહનુમાએ માજદીઅશના શભાનાં કારોબારીઓએ છપાવી પરગટ કરેલો ઉપર કહેલો ખોલાશો હમોને **વાજબી અને ઘટતો તથા દીનનાં હોકમ મુજબ** નજર આવે છે."

આ રીતે એક વાર સભા જોગ પત્રમાં દસ્તુર પેશોતનજીએ લખી આપ્યા પછી પાછળથી થયલાં દબાણને લીધે તેમને ફેરવી તોલવું પડયું. ફરવરદેગાનને લગતી તકરાર જ્યારે ભારે જોશથી ચાલી ત્યારે આ દસ્તુરજીએ "હકાએતે ફરવરદેગાન" નામનાં બે ચોપાનિયાં પ્રગટ કીધાં, જેમાં તેઓએ પોતાનાં ઉપર ટાંકેલાં મતને આ શબ્દોથી ફેરવી તોલવાની ફરજ વિચારી છેઃ—

" હમોએ રાહનુમાએ માજદીઅસના શભાનાં ચોપાનીઆંમાં કરેલા ખોલાશા વીશે લખીઉંય કે તે વાજબી અને ઘટતો છે તે માતરે દીનનાં પુશતકો મધેથી એ શભાએ પરગટ કરેલા અવશતા તથા પેહલવી અને ફારશી એબારતોની માએનીની શચાઇ વીશે હમોએ લખી જણાવીઉં છે, કાંઇ તે ચોપાનીઆંમાં પરગટ થાયલો શગલો ખોલાસો કબુલ રાખીને હમોએ હમારૂં મત આપીઉં નથી."

આ રીતે દસ્તુર પેશોતનજીએ પોતાની દામાન પાક કરવા માંગી હતી, પણ તેમના ઉપર ટાંકેલા બન્ને ફકરાઓ તપાસી જોતાં દાનેશમંદ વાંચનારાંઓને જણાઇ આવશે કે તેઓ પાછળથી બચાવ કરે છે તેવો અર્થ તેમના પહેલાં લખાણ ઉપરથી ઉઠતો નથી.

એજ રીતે વળી દસ્તુર પેશોતનજીએ પોતાનાં "હેકાએત ફરવરદેગાન" નામનાં ચોપાનિયાંમાં પોતેજ ખુલ્લા શબ્દોમાં આ રીતે લખેલું છે કે "તેઓ [યાને આપણા ટોળાનાં લોકો] એ ફુલ અને પાણી એકજ વાશણમાં હરગેજ થાઇને ગોઠવવાં નહી, અથવા **બેહેદા મુતલક મારવા નહી**, કેમકે હાલમાં આપણાં લોકો જેમ બેહેડાં માડેય તે રીત દીનનાં દફતરોના હોકમથી બીલકુલ ઉલટી નજર આવેચ" પણ આ અકલપસંદ તથા દીનની સંહે આપેલો અભિપ્રાય પણ એ

દસ્તુરે પાછળથી ફેરવી નાખીને "બેહેસ્તનો બાગ" બનાવવાની કલ્પના ઉભી કીધી.

એક બીજી બાબતમાંબી દસ્તુર પેશોતનજીએ પોતાના આગળા અભિપ્રાય ઉપર છેકો માર્યો. તેઓએ રાહનુમા સભાને લખી આપેલા જવાબમાં એવું જણાવ્યું હતું કે "આપણી બરહક માજદીઅશની દીનનાં હોકમ પરમાંણે ફરવરદેગાંનનાં દશ દાહડા શુધી આપણુ જરતોશતીઓએ પોતાનાં મકાંનમાં આલાએશથી એલાહેદી એક શફાઈદાર અને પાકીજેહ જગો બનાવીને તે પવીતર જગો ઉપર આતશને રોશન રાખી ઘણીએક પરહેજગારીથી પોતાનાં અંદામને પાક રાખવા સાથે ફરેજીઆત પઢીને ઇઅજદ અમશાશપંદો તથા અશો રવાંનોની શતાએશ કરવામાં મશગુલ રેહેવું ઘટારત છે."

આ ઠેકાણે દસ્તુર પેશોતનજી "ફરોહરો" ને બદલે "રવાન" શબ્દ વાપરીને તેમની આમદરફતના દશ દહાડાઓ ઉપર તેમની "સેતાયશ" યાને સ્તુતિ અથવા વખાણ ગાવા કીજે એક સ્વચ્છ એલાહેદી પવિત્ર જગા બનાવી ત્યાં આતશ રોશન રાખીને ભણતર કરવા જણાવે છે. એજ અભિપ્રાય રાહનુમા સભાનો પણ હતો અને છે, અને તેથીજ સભા તરફથી પ્રગટ થયલા ફરવરદેગાન બાબેના ખુલાસાનાં ચોપાનિયાં માટે તેઓએ લખ્યું હતું કે સભાએ "છપાવી પરગટ કરેલો ખોલાશો હમોને વાજબી અને ઘટતો તથા દીનના હોકમ મુજબ નજર આવે છે."

દસ્તુર પેશોતનજી બેહરામજી સંજાણાએ ૧૮૫૪ માં પ્રગટ કરેલાં "હેકાએતે ફરવરદેગાંન" નામનાં પોતાનાં ચોપાનિયાંમાં (સફે ૩૩) જે વિચારો જણાવેલા હતા તે આપણી સભાના વિચારોને મળતાજ હતા. ત્યાં તેઓએ ફરિયાદ ઉઠાવી હતી કે "આપણાં ટોલાનાં લોકો મુકતાદના દીવશો ઉપર બીજો ઘણો આડો અને નકાંમો ખરચ કરેચ અને જુદદીન લોકોનાં જેવી કેટલીએક નામુનાશેબ રશમો ચલાવેચ," જેમકે "નવું બેહેડું માંડેચ," "કેટલીએક બેહુંદી કીરીઆ કરેચ," "મીઠાઇ બનાવીને લોકોને ઘેરઘેર રખાવેચ," "બાત અથવા રશતાની ખોરાકી તઇઆર કરેચ અને તેહેની સાથે શુનાં રૂપાનાં દાગીનાં તથા રૂપીઆ બાંધેચ, તથા એ શીવાએ બીજી તરેહવાર ઘેલીગાંડી અને હશીને કાહાડેઆ જોગ કીરીઆ કરેચ કે જે વીશે રાહનુમાએ માજદીઅશના

શભા વાજબીની રાહે ફરીયાદ કરેચ તથા પોતાની દલગીરી જણાંવેચ, તેથી ખરેખર તેઓના અધીકારને મોહોટું માન અને ભારે બુજોરગી મલેચ." વળી આ દસ્તુરે એમ પણ જણાવ્યું હતું કે "બેહેડાં મુતલક માંડવાં નહી, કેમકે હાલમાં આપણાં લોકો જેમ બેહેડાં માંડેચ તે રીત દીનનાં દફતરોના હોકમથી બીલકુલ ઉલટી નજર આવેચ."

દસ્તુર પેશોતનજીના ઉપલા કીમતી અભિપ્રાય નોંધી લેતાં આપણી સભાએ એક નોંધ એવી પણ કીધી છે (પુ૦ ૧ લું, અંક ૨૦ મો, સફે ૭-૮) કે

"એ દશતુરે આપેલા ઉપર કહેલા છેલા ફતવા મુજબ વાડીઆજી શેઠ હોરમસજી બહમનજીના આતશબેહરામમાંથી દશતુર પેશુતનજીએ બેહેડાં તથા 'મારી' માંડવાની રશમ ગએ વરશ (૧૮૫૭) થી કાહાડી નાખી છે અને ફકત પાણીનાજ કલશીઆ તથા ફુલ ફલ ખાંનચામાં મેલાવે છે."

આમ છતાં પાછળથી એજ દસ્તુરે પોતાનાં "હેકાએતે ફરવરદેગાન" નામનાં ચોપાનિયાંમાં પોતાના વિચાર બદલી નાખીને એવી મતલબનું લખ્યું છે કે "રવાંનો" (ફરોહરો) બહેસ્તના બાગમાંથી આ જેહાનમાં આવવું કરે છે માટે તેઓને છાજતી પરોણાચાકરી કરવા માટે આપણે પણ તેમની આમદરફ્ત વેળા બેહેસ્તના બાગને મળતી જગા બનાવવી જોઇયે. વળી તેઓએ લખ્યું કે "મુકતાદની આરાસતગી ભરેલી જગો ઉપર પવીતર પાણીથી ધોએલી તાજી મીઅજદ તથા તરેહતરેહના ખુશબોદાર ફુલપાન અને પાક પાણી દરરોજ હાજર રાખવા સજાવારછે."

હવે આપણી સભા તરફના પ્રગટ થયલા જે "ખોલાશા" ને દસ્તુર પેશોતનજીએ "વાજબી ઘટતો અને દીનના હોકમ મુજબ" નો કહ્યો હતો, તેમાં ફરેહરોને માટે "બેહેશતના બાગ" ને મળતો ફળ ફુલ અને પાનનો બાગ આપણાં ઘરોમાં દશ દિવસ માટે બનાવવાનું કશું લખ્યું નથી, પણ દસ્તુર પેશોતનજીનાં ઉપલાં ચોપાનિયાંનો રદિયો આપતી વેળા સભાના તે વેળા (ઇસ્વી ૧૮૫૪) ના મુનશી શેઠ સોહરાબજી શાપુરજી બંગાળીએ "મુકતાદની બાબતમાં જરનોશતી ટોલાના લોકોને રાહનુમાએ માજદીઅશના શભાની તરફથી બીજી વાર કરેલો

ખોલાશો" એ નામનાં પોતાનાં જાહેર ભાષણમાં આ બાબતમાં સભા શો અભિપ્રાય ધરાવતી હતી તે આ પ્રમાણે જણાવ્યું હતું:—

"મુક્તાદના દાહાડામાં કલશીઆ તથા શીશા પાણીથી ભરી રાખવા અને તેમાં અથવા તેની બોરદુ ઉપર ફુલ તથા મેવો મુકી રાખવો જોઇએ તે બાબે દસ્તુર પેશોતનજી તથા હેરબદ કાવશજી [મોદી]એ આપેલી દરેક દલીલ આએ રેશાલામાં તપાસીઆમાં આવી છે, અને એ દલીલોનું વજન તથા મુકતાદ સાથે તેઓને કેટલો સંબંધ છે તેહેની ચોકશાઇ કરેઆમાં આવી છે. મુકતાદના દશ દાહડા શુધી હેવી ચીજો રાત દીશ મુકી રાખવાનો આપણી દીનમાં કોઇ જગોએ હોકમ નથી, તે ઉપરથી એ શાહેબોને તરેહવાર કલપના તથા તદબીરથી પોતાના વીચારોને ટેકો આપવાની ફરજ પડી છે." "રવાંનો કાંઇ આરાસતા કરેલો ઓરડો માંગતાં નથી ઇઆ પાણીનાં ભરેલાં વાશણ અને ફુલ અને મેવો મુકી રાખવો હેવું કશું તેઓને જોઇતું નથી. હેવી જો દીનમાં કાંઇ ફરજ હતે તો ઉપલા અવશતાઓ [કે જે ઉપલા રેસાલામાં શેઠ સોહરાબજીએ તેમના અર્થ સુધાં ટાંકેલા છે તે] માં જાંહાં એ બાબેનો વીગતવાર ફરમાન આવેલો છે તેમાંજ બતલાવીઆમાં આવી હતે અને તાંહાંજ આરાશતેહ જગો તથા ફુલફલનું મુકી રાખવાનું તથા બેહેસ્તનો બાગ બનાવવાનું ફરમાંન આવતે, પણ એ કરદા મધે બાજ આફરીનગાનની અને શતુમની કીરીઆ તથા અશો ફરોહરની નઇએતે બંદગી અને શવાબનાં કામ એટલું કરવા શવાએ મુકતાદ બાબેની આપણને બીજી કોઇ ફરજ જણાવેલી નથી. વાશતે 'રાહનુમાએ માજદીઆશના' ની કારોબાર મંડલીનો હેવો વીચાર છે કે મુકતાદની બાબતમાં હાવો ઉઘાડો અને શાફ ફરમાન જે આપણને મલેલો છે તે ઉપર જ ખાતરે એતબાર રાખીને ચાલવું, તેમાં કરેલી ભલાંમણ મુજબ અશો ફરોહરોની આરાધનાં કરવી, તેઓની નઇએતે શવાબનાં કંમો કરવાં, તથા દરન બાજ આફરીનગાંન કરાવવું, પણ પાણીના કલશીઆ-શીશા અને ફુલ ફલ મુકીને રવાનને કીજો બાગ કીધાચ હેવાં બાંહાંનાંથી પઇશા ખરાબ કરવા નહી, તથા પોતાના મ..હબને અપમાન પોહોચાડવું નહી." (પુ૦ ૧ લું, અંક ૧૪ મો.)

૨–હેરબદ કાવસજી મનોચેહેરજી મોદી.

દસ્તુર પેશોતનજીને પગલે ચાલીને હેરબદ કાવશજી મીનોચેહેરજી મોદીએ તો "બંદે ખોદા" નામ રાખીને પોતાના "બાગે અનોશેહરવાન" નામનાં ચોપાનિયાંમાં આપણી સભાના ઉપર મુજબના વિચારોની વિરૂધમાં લખાણ કરતાં "બેહેશતના નમુના" જેવો નાનકડો બગીચો બનાવવાની બલામણ કીધી હતી. પણ તેમની તકરારોનું તથા તેઓએ ટાંકેલા અવસ્તાઇ ફકરાઓનો તરજુમાની સમજનું ખોટાઉ શેઠ સો૰ બંગાળીએ પોતાના રેસાલામાં વિગતવાર બતાવી આપેલું છે (જુઓ પુ૰ ૧, અંક ૧૪). હેરબદ કાવશજીએ "બેહેશતનો નમુનો" બનાવવાની કલ્પના કીધી તે માટેનો એક પણ અવસ્તાઇ પુરાવો આપ્યો નથી, અને સભા તરફથી તેની માંગણી થવા છતાં તેઓ એ બાબતમાં કેવળ ચુપ રહ્યા હતા. અજાયબ જેવું છે કે એજ હેરબદ મોદીએ પોતાનાં ઉપલાં ચોપાનિયાંની આગમજ "ખોલાશે માજદીઅશને" નામનાં પોતાનાં ચોપાનિયાંમાં આપણી સભાના અભિપ્રાયને મળતાજ વિચારો આપેલા હોવા છતાં પાછળથી તેમણે ખી દસ્તુર પેશોતનજીની માફકજ વળાણ બદલી હતી. "ખોલાશે માજદીએશને" માં આ હેરબદ સાહેબે છેવટે આ પ્રમાણે લખી સર્વ જરતોસ્તીઓને વાજબી તાકીદ આપી હતી કે—

"હોરમજદની તથા પેગમબર જરતોશતની ખાએશ પરમાંણેનાં ફરમાંન અથવા હોકમ તોડીને પોતાને મન ગમતે મારગે ચાલનાર ગોનાંહના વાંકમાં આવેચ, તેથી તેહેવા શખશને પશેમાંન થાઇ પોતાના ગોનાહની પતેત કરવી પડેચ. વાશતે એ ઉપરથીબી ખુબ ધેઆંન પોહોંચાડી દીનનાં હોકમને તાબે રેહેવું, ઇઆને દીનની કેતાબોમાં જે જે ફરમાંનો અથવા હોકમો વાજબીની રાહે લખી દેખાડેઆ હોએ તે ઉપર એકીન લાવીને ચાલવું."

ઉપલાંજ પ્રથમ ચોપાનિયાંમાં એજ હેરબદે વળી જરતોસ્તીઓને બલામણ કરતાં એમ પણ લખ્યું હતું કે "દીનદારીનાં કાંમમાં તો "જે તે વાતે ખોદાનું ફરમાંન અને પેગમબર જરતોશતનો હોકમ "શાવાએ મનમાંનતી રીતે ચાલવું નહી, અથવા જુહદીનોના "વેહેમી માંરગોને રશતે ઉતરવું નહી, ઇઆ મમત અને "હટ પકડવી નહી, પણ તેહેને બદલે એ બહી દીન જે બાલથીબી "બારીક કેહેવાએચ તેહેની અંદર જે ખતર અથવા વશવશા

"ભરેલી ચાલો મેલવાઇ બેઇચ તેહેને તમો શાહેબો ખાલેશ
"દેલથી એક મલતા થાઇને જેમ શોનું રૂપું ગારી કાહાડીએ તેવું
"કરવા પછવાડે દેલ બાંધો, ઈમાને નેક કામ અથવા શારી શુધરાઇ
"કરનારાઓને ખુશી ભરેલાં દેલથી મોહોટી મદદો કરો.........."

ઉપલા ફકરામાં "શારી શુધરાઈ કરનારાઓ" બાબેનો જે ઈશારો છે તે આપણી સભાના તે વેળાના સુકાનીઓ બાબેનો ધારવામાં આવે છે. ગમે તેમ હોય, પણ આ સઘળા તારીફલાયક વિચારો ઉપર. હેરબદ કાવસજીએ પોતેજ પાછળથી પાણી ફેરવવાનું દુરસ્ત ધાર્યું.

પ્રથમ એ એરવદે "ખોલાશે માજદીઅસને" નામની પોતાની ચોપડીમાં આપણી સભાને લગતોજ અભિપ્રાય આપીને ફરવરદેગાનના દિવસો ઉપર મારી બનાવવા અને બેહેડાં ભરવા અને આકાર બનાવવા સામે બહુ સખ્ત લખાણુ કીધું હતું અને લખ્યું હતું કે "૨) શેરડીના પગ અને પાંચ શાત પેહેરીઆંનાં હાથ, અને કેરાંના એક કાતરાનો પનજો, અને નારીએરોનાં માંથાં, હેવું શઘલું આકાર તરીકે મુકેચ, કે જાંણે દીનની કેતાબોમો લખેલું હોએ તેમ" પણ એ રસમ, તેમજ મરનારને "પેહેલે વરશે નવું બેહેરૂં જાંણે "ખશુશંન દીનમાં ફરમાવેલું હોએ તેમ માંડવાની રશમ" તથા "કેટલેએક ઘેર રવાંનોને શારૂં પાંણીનાં બેહેડાંઓની ચોરો ભરી મુકેચ, એ શઘલી ચાલ તદન ખોટી છે, પછે નવું બેહેરૂં કેહો કે જુનું કેહો, તે કાંઇ ભરી મુકવાં જોઇતાંજ નથી."

આવા ખુલ્લા સખુનો લખીને પોતે બંધાઇ ગયા પછી જ્યારે "રાહે રાસ્ત" સભા બરપા થઇ ત્યારે એરવદ મોદીએ "બાગે અનોશેહ-રવાંન" નામનાં ચોપાનિયાં પ્રગટ કરીને તેમાં પોતાના ઉપલા અભિપ્રાય ઉપર પાણી ફેરવ્યું. એ ચોપાનિયાંના બનાવનાર "બંદે ખોદા" નું નામ તેના એ અંકો ઉપર પ્રગટ કરવામાં આવ્યું ન હતું, તોપણ તે એ૦ મોદીનાંજ બનાવેલાં મનાતાં હતાં અને તે ઉપરથી તેમની ઉપર આપણી સભા તરફથી કેટલાંએક પતરો લખાયાં તેના જવાબમાં તેમણે જણાવ્યું કે એ લખનાર તેઓ પોતે નથી, પણ તેમનો એક મિત્ર છે, કે જે પોતાનું નામ જાહેર કરવા માંગતો નથી. પણ ત્યાર પછી તેજ ચોપાનિયાંના ૩ જા અંકમાં તેના બનાવનાર

તરીકે પોતાનુંજ નામ જાહેર કીધું અને વધુમાં એમ જણાવ્યું કે "બંદે ખોદા" તે તેઓ પોતેજ હતા!

આ રીતે પોતેજ પોતાને ખોટા પાડવા છતાં એરવદ મોદીએ ચુપ નહિ બેસતાં આપણી સભા સામે હરીફાઈ બતાવવાને તેઓ મેદાન પડયા. પોતાનાં "બોલાંશે બાજદીઅશને" ચોપાનિયાંમાં "રાહાનુમાએ માજદીઅશના શભાની તથા એ શભાના મીજલશીઓની તારીફ કરીય, તે છતાં હાલમાં (૧૮૫૪ માં) પોતાનો વીચાર ફેરવી નાખીને થોડું-એક થાઇઉં એ શભાની તથા એ શભાના મીજલશીઓની ખોટી ગીબત તથા નીનદા" કીધી, અને "તેઓના એખલાક ઉપર અણુઘટતો હુમલો કરીને શરેઆમ ખોટાં તોહોમતો મેલેઆંય તથા તેઓનો નાલાએક ગીલલો" કરવા માટે આપણી સભાને તે વખ્તે કડવી ફરિયાદ કરવી પડી હતી, જેમ કરતાં આ હરીફની તકરારો તોડયા પછી સભા પોતાના ૧૭ મા અંકમાં (સફે ૧૬-૧૭) આ પ્રમાણે લખેછે:—

"એ ધણી પોતાનાં ચોપાનીઆંને (૬૦) મે શફે પોતાની માહેતગારી તથા ગનેઆંન વીશે લખે છે જે 'હું કમતરીન ગુજરાતી શેવાએ પેહેલવી, ફારશીનો ઇઆ બીજો એલમ જાંણતો નથી... તેહેવું નહી હોવાનાં શબબથી આગલા દશતુર શાહેબોએ પોતપોતાનાં એલમની શકતી પરમાંણે દીનની કેતાબોમો અવશતાના અરથો લખી ઇઆ છપાવી જાહેર કીધાય તેહેમોનાં જે જે પદો ફરોખશીનાં અવશતામાં મલતા આવેલા જોઇ તે ઉપરથી માંએનીઓ મેલવી બંધ બેશાડીય."

આ એકરાર પછી એ૦ કાવશજી મોદીની હરીફાઇ વિશે વધુ લંબાણ કરવાની જરૂર રેહતી નથી.

૩–દસ્તુર ફરદુનજી દારાબજી જામાસ્પઆસાના.

એજ રીતે પોતાના પ્રથમ વિચારો કે જે આપણી સભાને મળતા હતા તે પાછળથી બદલી નાખનાર દસ્તુર ફરદુનજી દારાબજી જામાસ્પઆસાવાળા હતા. તેઓ "ફરમાને દીને જરતોશતી" નામનું ચોપાનિયું જુદા જુદા અંકોમા પ્રગટ કરતા હતા તેના ૧૦ મા અંકમાં એવું જણાવવામાં આવ્યું હતું કે "આપરી કોમનાં બોરાં ઓરતોએ "કોઇ હીનદુની ચાલ ઉપરથી શેરડીનાં શાંઠાંઓ અને પાંણીનાં

"ભરેલાં બેહરાંઓમાં ગોઠવેલાં ફુલો શાથે નેઆંમત શરખી મેજો
"પાંચ અને છઅ દાહડા તુલીક બગાડી નાંખેચ એ ચાલ કોંણુ
"જાંણે કીએ દંનેથી નીકલીચ તે હમો ચોકશ કહી શકતા નથી...
"એ ચાલ બીલકુલ ખોટી અને નાલાએક છે."

આ દસ્તુરે જે ચાલને આ રીતે તુચ્છકારેલી તેજ ચાલ તેમણે પોતાનાં ચોપાનિયાંના ૧૨ મા અંકમાં બહુ વખાણીને પોતાના પ્રથમ અભિપ્રાય ઉપર આ રીતે પાણી ફેરવ્યું:—

"હવે આપરા લોકો જે રચના અને રાંમશની ભરેલી પાકીજેહ જગો કરીને તે જગોએ નવી તાજી મીઅજદ તથા ફ્રૂટ અને ફુલ અને ચોખાં પાણી ભરેલાં વાશણો રાખતા આએઆચ તે એહેવી શહમજથી કે મીનો જેહાંનમો પાંણીનાં ચશમાં શાથેની બેહેશતી બાગ જેહેવી આએ દુનીઆંમો કોઇ બાગ નથી તેહેરી નાંમીચી બામનાં મકાનોના રેહેવાશી શાહેબો જે ઇઅજદાંનો હોકંમ બજાવીને આએ દુનીઆંની શેએર કરવાને આવે ને (૧૦) દાહાડા તુલીક મેહેમાંન તરીકે રેહે તેઓનો એક પાકીજેહે રચના રાંમશની ભરેલો પાંણીનાં ચશમાંની બાગ જેહવો મકાંન કરી રાખવો જોઇએચ તે શબબથી આપરા લોકોએ ઉપર લખેલા મેવા ફુલ અને ચોખાં પાંણીનાં ભરેલાં વાશણો શાથે એક મુખતાદની જગા એલાહેદી રાખીને તે રશમ ચલાવેઓ."

દરેક માણસને પોતાનો વિચાર બદલવાની છુટ છે, પણ તે માટેના કાંઇ મજબુત સબબો જોઇયે. દસ્તુર ફરદુનજી દારાબજીને "હિંદુની ચાલ ઉપરથી" જરથોસ્તીઓમાં ઉત્પન્ન થયલી બેહેડાં માંડવા વગેરેની રીત કે જેને તેઓ "બીલકુલ ખોટી અને નાલાયક" જણાવી છે તેજ ચાલને થોડાજ મહિનાને અંતરે વખાણવા મંડી જઇને ફરોહરો માટે આપણા મકાનોમાં "બાગ જેવો મકાંન" બનાવવાની ભલામણ કરવી પડી છે તેનો ખરો સબબ ગમે તે હોય—કદાચ દસ્તુર પેશોતનજીને પગલે જેમ હેરબદ કાવશજી મોદી ચાલ્યા અને "બેહેશતના બાગ" ની કલ્પના લઇ દોડયા તેમ દસ્તુર ફરદુનજી જામાસપઆસાવાળાએબી કીધું હોય—પણ રાહનુમા સભાના તે વેળાના સુકાનીઓએ તે સમયમાં

બનતા બનાવોને આધારે આમ કોર મંડી દેવા અથવા ગોલાંટ ખાવાનું કારણુ આ મતલબનું જાહેર કીધું હતું:—

"એ દસ્તુરને પોતાનો વિચાર ફેરવવાની અગત એટલા ઉપરથી પડી કે 'રાહનુમાએ માજદીઅશનાં' શભાએ મુકતાત ll બાબતમાં છપાવી પરગટ કરેલાં ૧૦)માં આંકવાલા ચોપાનીઆં મધે એ દસ્તુરના ઉપર જણાવેલાં ૧૦) માં આંકવાલાં ચોપાનીઆં મધેથી જે દાખલો લીધો હતો અને જેમાં આપેલો અભીપરાએ આએ સભાના અભીપરાએની શંગાથે એકમલતો આવેઓ હતો, તે વીશે અતરેના જરતોશતીઓમાં ઘણી ચરચા ચાલવા લાગી, અને એ દસ્તુરે આપેલા પેહલા વાજબી અને ઘટતા ફતવા ઉપરથી મોબેદ લોકો એ દસ્તુરને ઘણો ઠપકો આપવા લાગેઆ, તે ઠપકામાંથી મોકલો થાવા તથા આથોરનાંન ટોલાનાં લોકોને રાજી રાખવા શારૂ એ દસ્તુરે પોતાનો વીચાર પોતાનાં ૧૨) માં આંકવાલાં ચોપાનીઆંમાં ફેરવીઓ અને તેવું કરવામાં કશો આંચકો ખાધો નહી."

પણુ આથી આપણી સભાને કશો ખોફ કે દિલગીરી ઉપજી નહિ. શેઠ સો૦ બંગાળી પોતાના રેસાલામાં દસ્તુરોના ફરી બેસવાના દાખલાઓની લંબાણુથી નોંધ લઇ તેમની તકરારોના રદિયા આપતાં સભાને નામે ઉદાર દિલથી જણાવે છે કે "હર એક માંણુશે પોતાના વીચારમાં જો ભુલ કીધી હોય તો તે શુધારવાની અથવા પોતાના વીચાર ફેરવવાની તે માણુશને છુટ છે; અને હેવાંજ કારણુ ઉપરથી રાહાનુમાએ માજદીઅશનાની કારોબાર મંડલી હેવું ધારેછે કે ઉપલા દશ્તુરોએ પોતાનો આગલો વીચાર ફેરવીઓ હશે." હવે આ સભાએ પોતે જે સુધારો કોમમાં દાખલ કરવા કરાવવા માંગયો હતો તે દસ્તુરોએ આપેલા અભિપ્રાયનેજ આધારે હતો એવું કશું નથી. ૧૮૫૩ ઇસ્વીથી ફ્રવરદેગાનની તકરારને સભાએ ઉપાડી લીધી ત્યારે "શભાએ પોતાનો શંગલો આધાર ફકત દશતુરોનાં મત તથા ખુલાશા ઉપરજ રાખીઓ તો નહી, પણુ તેઓએ (યાને સભાના કારોબારીઓએ) મોહોટો આશરો દીનનાં દફતરો ઉપર રાખેલો હતો, અને દીનનાં દફતરો કાંઇ દશતુરોનાં મતની માફક ફરતાં નથી, વાશતે દીનનાં

દફતરોનીજ મદદથી આએ શભા શધલા નેક અંદેશાના જરતોશતીઓની ખાતરી કરી આપવાની ઉમેદ રાખેચ કે જે રીતે આપણાં લોકો હવડા 'ઉશલાં' માંડેચ તે રીત જરતોશતી મજહબની નથી, અને માજદી-અશની દીનની ઇઅજદાં પરશતીથી એ રશમ બીલકુલ ઉલટી છે." દસ્તુરોએ કલ્પેલા "બેહેશતના બાગ" ના સંબંધમાં હેરબદ કાવશજી મોદી દસ્તુર પેશોતનજીને પગલે ચાલ્યા છે ખરા, પણ તેઓ જ્યારે બલામણ કરેછે કે "મુકતાદની જગોએ બાગને ઠેકાણે શોભતાં ફુલ ફુલોના જાહાડોની ડાંખડીઓ પાક પાણીનાં વાશણોમાં ખોશી રોજે-રોજ તે જગોએ બાગના નમુનાં તરીકે તાજાં મુકવાં જોઇએ," ત્યારે દસ્તુર પેશોતનજી પોતાના "જાતભાઇ જરતોશતીઓને મજબુત બલામણ" કરે છે કે "તેઓએ ફુલ અને પાંણી એકજ વાશણમાં હરગેજ થાઇને ગોઠવવાં નહી." આ બન્ને સાહેબોમાં "બેહેશતના બાગ" ના સંબંધમાં પડેલા મતફેર ઉપરથી આપણી સભાએ મત ઉચાર્યું છે કે "અશો ફરોહરોને કીજે હેવી કાઇ ચીજો મુકી રાખવાની જરૂર નથી અને 'બેહેશતના બાગ' નો નમુનો આપણે તઇઆર કરવો એ શીરફ બેવકુફી છે" (પુ૦ ૧, અંક ૧૪) "એ શાહેબોને આએ મંડલીની તરફથી શવાલ એટલોજ છે કે તમોએ બેહેશતનું બેઆંન કીધુંચ તે પરમાણેનો બેહેશતનો નમુનો રવાંનોને વાશતે આપણાં ઘેરોમાં બનાવવો જોઇએચ અને તે બનાવેઆ શેવાએ રવાંનોની આરાધનાં થાઇ શકતી નથી અને મુખતાદના દહાડામાં હેવું કરવાની ફરજ તથા ખાશ ફરમાંન છે, હેવું દીનની કહી કેતાબથી તમો બતલાવી શકોચ? મુખતાદની બાબતમાં આટલી બધી બાંજગડ થાઇચ પણ હેવો દાખલો તથા પુરવારી આજ દન શુધી કોઇએ આપી નથી અને 'રાહનુમાએ માજદીઅશના' શભાની ખાતરી છે કે હેવો દાખલો કોઇ આપી શકશે નહી." સભા આનું કારણ આમ કહીને બતાવે છે કે "વગર જીશમનાં રવાંનોને કશી રીતનો "શનગાર જોઇતો નથી અને હોએજ નહી અને રવાંનોની આરાસ્તગી "હેવું કેહવું તથા ધારવું એ શીરફ બેવકુફી છે."

ફ્રવરદેગાનની બાબતમાં સભાએ કરેલા બંદોબસ્તનું લખત.

સભાએ જન્મ લીધા પછી તેણે જે મૂખ્ય કામ હાથ ધર્યું તે ફ્રવરદેગાનને લગતું હતું. પણ તેના દર સાલના ખુલાસાથી અને ૧૭ ને બદલે ૧૦ દિવસનીજ ક્રિયાને લગતા ફ્તવાથી ટોળાના અથોરનાન તેમજ બેહદીનોમાં બારી ચર્ચા થવા લાગી, અને તેઓની એક નવી સભા "રાહે રાશતનુમાએ જરતોશતીઆન" એ નામથી ઉભી થઇ. દસ્તુર પેશોતનજી બેહરામજી અને દસ્તુર ફ્રદુનજી દારાબજી જામાસ્પઆસાના પોતાના અસલ ફ્તવા ભૂલી જઇને આ નવી સભાને જઇ મળ્યા. આ નવી સભાએ પણ પ્રથમ તો આપણી સભાને મળતાજ વિચારો જાહેર કીધા હતા, પણ જુના વિચારના જરતોસ્તીઓનું બારે દબાણ આલદાને લીધે તેણેબી પાસુ ફેરવ્યું અને પછી આપણી સભાને તેની સાથે તકરારમાં ઉતરવું પડ્યું. આ બધું ઇસ્વી ૧૮૫૪ માં બનતું હતું તે વેળા બીજાઓ પણ નહી ફરી બેસે એટલા માટે આપણી સભા તરફથી એક લખત તૈયાર કરીને તે ઉપર સહીઓ લેવામાં આવી. આ લખત નીચે ઉતાર્યું છે, જે તા૦ ૯ મી સપ્ટેમ્બર ૧૮૫૪ ને દિને થયું હતું અને તે ઉપર સભાના મજલિસીઓ અને બીજા જરતોસ્તીઓ મળી પચાશ જણે સહી મુકી હતી, જેઓ મધેના એક દસ્તુર શાપુરજી રૂસ્તમજી મુલ્લાંપીરોજના હતા, જેઓ પણ પાછળથી ઉપલી નવી સભામાં શામેલ થયા હતા.

લખત—હમો નીચે શહી કરનારા રાહાનુમાએ માજદીઅશના સભાનાં મીજલશીઓ તથા બીજા જરતોશતીઓ એકરાર કરીએછ તથા કબુલ થાઇએચ કે ફ્રવરદેગાંનનાં ઇઆને મુકતાદનાં દાહાડામાં રવાંનોની નઇઅતે બેહડાં તથા શીશા તથા માલી માંડવા તથા તેહને શેજદો કરવા તથા તેહેની આગળ આપણાં દીન ધરમની ક્રીરીઆ કરવા અથવા કરાવવા તથા રવાંનોની નઇઅતે તરેહવાર મીઠાઇ તથા પકવાંન કરાવી તેહેને ઇજાવીને ઘેરઘેર વેંહેંચવાનું આપણી પાક અને બુજોરગ માજદીઅશની દીનમાં કશું ફરમાંન નજર આવતું નથી, માટે એ શઘલી રશમો હમોએ હવેથી બીલકુલ તરક કરવી તથા હમારા મલતાવીશેકાનેબી તરક કરવાની હમોએ બલાંમણ કરવી. હેવી રીતની કબુલાત કરીને હમો આએ બંદોબશત કરીએચ તે હમોએ પોતાના શત ધરમથી પાલવો શહી."

ભાગ ૨ જો.

ફરવરદેગાન બાબે દસ્તુર દારાબજી પેશોતનજી સંજાણા સાથ ચાલેલી નવી જિકર.

"રાહેરાસ્તનુમાએ જરતોશતીઆન" નામની હરીફ સભાના મરણ પામવા પછી ફરવરદેગાનની બાબતમાં સભાની સામે બીજો કોઇ હરીફ રહ્યો નહિ, અને આપણી સભા દર સાલ એ બાબતમાં જે ખુલાસો બાહેર પાડતી હતી, તે પણ બંધ થયો. પણ ત્યાર બાદ આપણી વિરૂધમાં એક નવી સભાએ જન્મ લીધો અને તેનું વડપણ મુંબઇના એક દસ્તુરે લઇ ફરવરદેગાનના સંબંધમાં રાહનુમા સભાએ આગળા દસ્તુરો વગેરેના અભિપ્રાયોને આધારે જે ખુલાસા બાહેર પાડેલા તેમની અસર રદ કરવા જેવાં ભાષણો વગેરે આપવા અપાવવાથી આપણી સભાને એજ અગત્યની બાબતમાં પાછી કમર બાંધવી પડી. પ્રથમ તેણે નીચલી બાબતોની સમજણ આપવા માટે ચાર હસ્ત પત્રકો તૈયાર કરી તેમની વીશ હજાર નકલો જરતોસ્તીઓમાં છુટથી વેંહચી:—

૧—અશો ફરોહરોને યાદ કરવાના પવિત્ર દિવસો.

૨—ફરવરદેગાનના દિવસો દસજ છે, અને અઢાર નથી.

૩—ફરવરદેગાનના દિવસો ઉપર અશોઓનાં ફરોહરોને ખુશનુદ કરવાં.

૪—આઇતાં પુણ્યથી તારણ નહિ મળે.

આ પછી ૧૯૦૨ નાં સાલમાં સભા તરફથી એક પત્ર તૈયાર કરીને મુંબઇના તેમજ દેશાવરો ખાતેના દસ્તુરો, પંથકીઓ અને ધર્મનાં મકાનોના મુતવલીઓ ઉપર મોકલવામાં આવ્યો હતો. પચાશ વરસની વાત ઉપર જેમ સભાએ તે જમાનાના દસ્તુરો વગેરેનાં મતો ફરવરદેગાનનાં દિવસોની સંખ્યા અને એ તેહવારોને લગતી ક્રિયા બાબે મંગાવ્યાં હતાં, તેમ ઉપલા પત્રમાં પણ તેવીજ માંગણી કરતાં જણાવ્યું હતું કે "જરતોસ્તી કોમની કેટલીક ભોળી બાઇઓ તથા કોઇ કોઇ મર્દો એવું માને છે કે ફરવરદેગાનના દિવસો ઉપર ફરોહરો ફળ ફુલમાં આવી વસવું કરે છે અને એમ માનીને તેઓ તેને પગે લાગે છે તથા પરસ્તેશ જેવું કરે છે; વળી કેટલાંક જરતોસ્તીઓ જાત જાતનાં પકવાનોની ક્રિયામાં ગોયા જરૂર હોય એમ માની લઇને પોતાની શક્તિ ઉપરાંત દેવું કરી

મીઠાં પકવાનો બનાવી તે ઘેરે ઘેર વેંહચે છે; અને ફરવરદેગાનના દિવસો અવસ્તામાં દશ ઠરાવેલા છતાં કેટલાકો ૧૬, ૧૭ થી ૧૮ દિવસો ફરોહરની યાદના ગણે છે. એટલા માટે ઉપલી ત્રણ બાબતોના સંબંધમાં "આપણા દસ્તુરો, એરવદો, મોબેદો, અને પંથકીઓ" એ એ બાબતમાં પોત પોતાના અભિપ્રાયો "મેહરબાની અને દીન દોસ્તીની રાહે" મોકલી આપવાની તેમને અર્જ કરવામાં આવી હતી. આ પત્ર ૨૨૫ સાહેબો ઉપર રવાના કીધેલો હોવા છતાં તેઓ મધેથી જે થોડાક સાહેબો તરફના જવાબો ફરી વળ્યા હતા તેમને ભેગા કરી તેનું એક ચોપાનિયું (પુ૦ ૬, અંક ૧૨) સભા તરફથી બાહેર પાડવામાં આવ્યું હતું. ઉપલો પત્ર રવાના કરતી વેળા અર્ધી સદી ઉપર દસ્તુરો તરફથી પોતાને મળેલા જવાબોનું ચોપાનિયું (પુ૦ ૬, અંક ૭) ત્રીજી વખતે છપાવીને સભાએ સર્વ સાહેબોની જાણ માટે મોકલી આપ્યું હતું. જે જવાબો ફરી વળ્યા હતા તે મોટે ભાગે સભાની લડતોને ટેકો આપનારા અને તેનાં કામોને વખાણનારા હતા.

પણ એક તરફથી સભાનો ઉપલો અંક ૧૨ મો બાહેર પડયો કે બીજી તરફથી તેનાં એ કામ સામે નવેસરથી નતીજ તરફથી નહિ ધારેલે ઠેકાણેથી વિરૂધતાનો ઝુંડો ઉઠાવવામાં આવ્યો. આ વિરૂધતા બતાવનાર શમ્સ ઉલ ઓલમા દસ્તુર દારાબજી પેશોતનજી સંજાણા બી. એ. અને દસ્તુર કેખુસરો જામાસપજી જામાસપઆસાના હતા. જ્યારે આપણી સભાએ ૧૯૦૧ માં ઉપર જણાવેલું ચોપાનિયું પ્રગટ કીધું કે જેમાં સાઠ વરસ ઉપરના દસ્તુરોએ આપેલા અભિપ્રાયો ઉતારી લેવામાં આવેલા હતા, ત્યારે તે ચોપાનિયું સભા તરફના પત્ર જોડે જેમ બીજા દસ્તુરો વગેરે ઉપર મોકળવામાં આવ્યું હતું તેમ ઉપલા બન્ને દસ્તુરો ઉપર પણ મોકળવામાં આવ્યું હતું, કે જેમાં જેમ બીજા દસ્તુરોના અભિપ્રાય હતા તેમ દસ્તુર દારાબજીના પિતાજી દસ્તુર પેશોતનજીના અને દસ્તુર કેખુસરોના બપાવા દસ્તુર મિનોચેહરજી એદલજી જામાસપઆસાનાના પણ અભિપ્રાય હતા, અને તે અભિપ્રાયોમાં જેમ બીજા દસ્તુરોએ તેમ તે બેઉ દસ્તુરોએ પણ ફરવરદેગાનના દિવસોની સંખ્યાના સંબંધમાં એકસરખો ફતવો આપેલો હતો કે તે માત્ર દશજ છે. હવે સભા તરફનાં આ ચોપાનિયાં તથા પત્રના જવાબો જેમ બીજી

તરફથી વેળા સર લખાઇ આવ્યા તેમ ઉપલા બન્ને દસ્તુરો તરફથી લખાઇ આવ્યા નહિ, ત્યારે તેઓને તે બાબે ફરીથી યાદ આપવામાં આવી અને ત્યાર બાદ વળી ત્રીજી મરતબે યાદ આપતાં જણાવવામાં આવ્યું કે "હજીસુધી આપ સાહેબ તરફથી અમારી અદના માંગણી મુજબનો કશો જવાબ ફરી વળ્યો નથી, માટે આપ સાહેબને તે બાબે આ ત્રીજી મરતબે યાદ આપવાની રજા લઉં છું એવી મતલબથી કે ફરવરદેગાનના દિવસો નજદીક આવી લાગ્યા છે તે તકે તમો સાહેબના દીનની રાહે અપાયલા અભિપ્રાય જો અમને મળે તો તેથી આપણા ટોળાના ખાસોઆમને વાકેફ કરવાને બની આવે." પણ આ ત્રણ ત્રણ વેળાની માંગણીનો જવાબ તેઓએ મોકલ્યો નહિ, પોતાના અભિપ્રાય તો આપ્યાજ નહિ, પણ સભા તરફના પત્રનો સ્વિકાર પણ કર્યો નહિ.

સભાએ પોતાના સામાન્ય પત્રમાં પ્રથમથીજ જેમ બીજા સાહેબોને તેમ ઉપલા દસ્તુરોને પણ લખી જણાવ્યું હતું કે

"તમારા મરહુમ મુરબ્બીના મજકુર ફતવાઓને વધારે પાયેદારી અને મજબુતી મળે એવા તમારા વિચારો આજનાં જ્ઞાનના જોરે નવી દલીલો વધારીને જાહેર કરવામાં આવશે તો એ વડીલના તેમજ તમારાં માન અને ઇજતમાં વધારોજ થશે. એટલામાટે આ તમારા વિચારો અમારી ઉપર લખી મોકલવાની તસ્દી લેશો તે અમારી સભા છાપી પ્રગટ કરે તેમાં તમો સાહેબ કશી પ્રકારે અડચણ લેશો નહિ એવો અમારી કારોબાર મંડળીને ભરૂસો છે."

આ રીતે આ દસ્તુરોનાં મતો બાહેર પાડવાને સભાએ તમામ સવળતા કરી આપી હતી માટે તેઓએ વાજબીની રાહે પોતાના જોબી કાંઈ અભિપ્રાય કે મત હોય તે આપણી સભા ઉપર લખી મોકળવાં જોઇતાં હતાં, અને તેમ તેઓએ નહિ કીધું ને ચુપ રહ્યા તો છેવટ સુધી ચુપ રેહવું જોઇતું હતું; પણ તેમ નહિ કરતાં જાણે સભા સાથ તેમને કાંઈ સંબંધ પડયોજ ન હોય તેમ અને સભાએ જાણે કોઈ ભગતોજ વિચાર બાહેર પાડયો હોય તેમ ગણીને ઉપલા બેઉ દસ્તુરો—દસ્તુર દારાબજી અને દસ્તુર કેખુસરો—છાપામાં દોડી ગયા અને આપણી સભાનાં કામને પોતપોતાના મુરબ્બીઓની માફક વખાણવાને બદલે તેને—અને તેમ કરીને ગોયા પોતપોતાના મુરબ્બીઓનાં કામને પણ—વગોવવાને તૈયાર થયા!

તેઓએ "મુંબઈ સમાચાર" માં બે પત્રો લખ્યા. પ્રથમ દસ્તુર દારાબજીએ જે કાંઈ લખ્યું તેને દસ્તુર કેખુસરો બોલેબોલ મળતા થયા. દસ્તુર દારાબજીએ લખ્યું અને તેને દસ્તુર કેખુસરોએ ટેકો આપ્યો કે—

"ઘણી દલગીરી સાથે અમોને લખવાની ફરજ પડે છે કે "રાહનુમાય મજદયસાનાન સભાએ જે વધુ પગલું હમણાં ભર્યું છે "તે દીનદાર જરતોશતીઓનાં યકીન દામાડોળ કરનારૂં છે." હવે જો આ તોહમત ખરૂં હોય તો "દીનદાર જરતોશતીઓનાં યકીન દામાડોળ" એકલી રાહેનુમા સભાએજ કીધેલાં કેહવાય નહિ, પણ દસ્તુર દારાબજીના મરહુમ પિતાજી દસ્તુર પેશોતનજીએ અને દસ્તુર કેખુસરોના બપાવાજીએ પણ કીધેલાં કેહવાય, કેમકે બેઉ પુરાણા દસ્તુરોએ રાહનુમાને જે ફતવા આપ્યા હતા તેજ એ સભાએ સ્વિકારી પારસી આલમમાં જાહેર કીધા હતા. વળી એજ રીતે દ૦ કેખુસરોના બાવાજી દસ્તુર જામાસ્પજીએ પણ પોતાનાં ભાષણો અને વઅજો મારફતે ઉપલા અભિપ્રાયને મળતાજ અભિપ્રાય આપી જાહેર કીધેલા છે, માટે તે બેહસ્તી દસ્તુરજીએ પણ "યકીન દામાડોળ" કીધેલાં ગણાય કે નહિ?

સભાને માથે ઉપર મુજબ તોહમત મુકવા જોડે ઉપલા દસ્તુરોએ બીજા અનેક ન છાજતા સખુનોથી સભાનું અપમાન કીધું છે. આ દસ્તુર દારાબજીના પિતાજી દસ્તુર પેશોતનજી તો સભાના પ્રથમથીજ મિત્ર અને વખાણનારા હતા. તેમણે સભાને ફ્રવરદેગાનના દાહડાઓની સંખ્યા બાબે જે મત લખી આપ્યું હતું તેથી તેઓ કોઈ દાહડો ફર્યા ન હતા. જોકે બીજી બાબતમાં સભા સાથ તેમને મતફેર પડ્યો હતો અને સભાની વિરૂધ ઉભી થયલી મંડળી "રાહે રાસ્ત" માં તેઓ જોડાયા હતા, પણ તે મંડળીની ટુક હૈયાતી ખતમ થાય તે આગમજ તેઓ તેમાંથી છુટા પડયા હતા, અને પાછળથી તેઓએ ખરાં મનથી સભાની મજલિસોમાં હાજર થઇ, તેમનું પ્રમુખપદ લઇ સભાનાં ધર્મ શિક્ષણનાં કામને બહુ વખાણ્યું હતું, એટલુંજ નહિ પણ પ્રમાણિક એકરાર કીધો હતો કે જેમ બીજા દસ્તુરોને તેમ તેમને પોતાને પણ અમુક દબાણને લીધે સભાથી છુટું પડવું પડયું હતું. પોતાના પિતાજીનાં આ વચનો દસ્તુર દારાબજીએ તો તે મજલિસોમાં હાજર રહીને પોતાને કાને કાન સાંભળ્યાં હતાં. પણ ઉપલો અલાપ સભા ઉપર લેતી વેળા તેઓ તે બધું તો વીસરીજ

ગયા, પણ પોતે ૧૮૯૦ થી ૧૮૯૪ સુધી રાહનુમા સાથે જોડાયા હતા, પોતે તેના સભાસદ હતા એટલુંજ નહિ પણ તેની કારોબાર મંડળીમાં કારોબારી તરીકે શામેલ હતા. તે શામેલગીરી દરમિયાન તેઓએ સભાના દશ દિવસના ફરવરદેગાન બાબેના લાંબાં વરસોના એતેકાદની વિરૂધમાં, પોતાનું મત કોઇપણ વાર ઉચાર્યું ન હતું, યા તે બાબતમાં સભાની કસુર કે ખાંમી બતાવવાની ફર્જ વિચારી ન હતી. એ બધું ૧૯૦૨ માં ભૂલી જઇને તેઓ કેહવા નિકળ્યા કે ફરવરદેગાનની બાબતમાં સભાએ તો "શેત્રંજની બાજી રચીછે," "રાહનુમાયના અધીકારીઓ હાલમાં જાલ નાખી બેઠા છે," ઇત્યાદિ.

આ અને એવુંજ બીજું ભળતું બોલાય તેની સભા દરકાર કરે નહિ, પણ જયારે દસ્તુર દારાબજીએ પોતાના પત્રમાં એમ જણાવ્યું કે "સોલ દિવસનાં મુકતાદની ક્રિયા જારી રાખવાનો જે દુરઅંદેશી ભરેલો રેવાજ હાલ સુધી આપણા જરતોસ્તીઓમાં ચાલુ છે તે રેવાજની જરૂરીઆત દીનનાં ફરમાન પ્રમાણે છે" અને "સાધારણ રીતે આપણે મુકતાદની રોકાણ ૧૮ દહાડા ગણયે છીયે" તેની તેઓએ હિમાયત કીધી, ત્યારે આપણી સભાને લાગ્યું કે આ નવા ફત્વાનું ખોટારૂં હાથ ધાલીને બતાવી આપવું જોઇએ અને એ દસ્તુરોનાં લખાણથી સમજુ જરતોસ્તીઓ ભૂલાવામાં પાછા નહિ પડે તેવી રીતે તેમની તથા બીજા લોકોની ખાતરી કરવી જોઇયે.

આમ સમજીને સભાની કારોબાર મંડળી, કે જેમાં ઘણાં વરસોથી ધર્મનો અચ્છો અભ્યાસ કરીને જાણીતા થયેલા નવ ધર્માભ્યાસી બાનુ અને ગૃહસ્થો, એરવદો અને બેહદીન સાહેબો શામેલ હતા, તેણે ૧૯૦૨ નાં સાલમાં દસ્તુર દારાબજી અને દસ્તુર કેખુસરો તરફનાં મુંબઇ સમાચારમાં પ્રગટ થયલાં પત્રની સચ્ચાઇની તપાસ લેવા, તેનો રદ જવાબ આપવા અને તેમાં લેવામાં આવેલી તકરારનું ખંડન કરવા માટે પોતાની સંખ્યાબંધ બેઠકોમાં બારીક તપાસ ચલાવીને ધીરજથી તથા વ્યાકરણ અને જબાનશનાસીના કાયદાની રૂએ એક લખાણ ઘડી કાહડયું. આ લખાણ સભાનાં પુ૦ ૭ માના અંક ૧ લા તરીકે બાહેર પાડવામાં આવ્યું; પણ તે લખાણ એક તરફથી તૈયાર કરતી વેળા કારોબાર મંડળીએ અવલમાં ઉપલા બે દસ્તુરો સિવાય બાકીના સઘળા હાલના તેમજ આગળ-

દસ્તુરો, મોબેદો, એરવદો, તેમજ ફારસી રેવાયતો અને પેહલવી લખાણો વગેરે કેવી રીતે જુદાં પડે છે તે તેઓના દાખલા, વિચારો અને અભિપ્રાયો, પેહલવી કે ફારસી કે ગુજરાતી ભાષામાં ઉતારી લઇ તેમજ તરજુમા આપી લંબાણથી અને સર્વ જરતોસ્તીઓને તુરત સમજ પડી જાય એવી ઢબથી તૈયાર કરીને છપાવી પ્રગટ કર્યું, અને તે સભાના પુ૦ ૬ ઠાંના અંક ૧૪ મા તરીક બાહેર પાડયું. આ અંક ૧૪ મામાં (૧) પ્રથમ સભા તરફથી ૧૮૫૪ માં પ્રગટ કરેલો ફરવરદેગાન બાબેનો ખુલાસો ઉતારી લીધો હતો, અને તે ખુલાસા પછી સભાએ તે જમાનાના દસ્તુરો વગેરે ઉપર પત્ર લખી આ ખુલાસા બાબે તેમનો અભિપ્રાય તથા ફરવરદેગાનના દિવસો અને ક્રિયાઓ બાબેનાં તેમનાં દીનની રાહે અપાયલાં મતોની માગણી કીધી હતી (૨) તે મતો લખાઇ આવ્યાં તે પ્રમાણે તેમાંનાં થોડાંક આ નવાં ચોપાનિયાંમાં એક વાર ફરીને ઉતારી લીધાં કે જેઓમાં સૌથી પહેલું દસ્તુર દારાબજીના પિતા દસ્તુર પેશોતનજીનુંજ છે, જેમાં તે સાહેબે લખ્યું હતું કે "આપણી બરહક માજદીઅશની દીનનાં હોકમ પરમાંણે ફરવરદેગાનના દશ દાહાડા" છે, ઇત્યાદિ. આ સઘળા જવાબોમાં દશ જ દાહડા ફરવરદેગાનના જણાવેલા છે, અને તે પછીના સાત દાહડા ફરવરદેગાનના નહિ પણ જશનના છે એમ સઘળાઓએ જણાવ્યા જોડે દસ્તુર કેખુસરોના બપાવા દસ્તુર મીનોચેહેરજી એદલજીએ તો એમ પણ જણાવેલું છે કે હોરમજદ, રપીથવન તથા ખોરદાદ રોજે ઉપરની ક્રિયાને ફરોહરો સાથે કશી નિસ્બત નથી, ઇત્યાદિ.

આ ઉપરથી ચોખ્ખું જણાય છે કે ફરવરદેગાનના દિવસો માત્ર દશજ છે—પણ ૧૭ નથી, એવું આ સભાએજ જણાવેલું નથી, અને તેણે જો "જાળ" પાંથરી હોય કે "શેત્રંજની બાજી" માંડી હોય તો તેમાં તેની જોડે ચુનંદા દસ્તુરો શામેલ હતા! પણ એટલુંજ નથી. સભાની હરીફાઇમાં તેનાં સુધરાઇનાં કામોને તોડી પાડવા અને જુના રિવાજોને કાયમ રખાવવા માટે ઉભી થયલી "મુંબઇના સઘળા દસ્તુરો અને દાનાવ બેહદીનોની મંડળી" કે જે "રાહે રાસ્તનુમાએ જરતોશતીઆંન" ને નામે ઓળખાઇ ગઈ છે (૩) તેણે વટીક પોતાના પોતાની તરફથી પ્રગટ થયલાં માત્ર ત્રણજ ચોપાનિયાંઓ મધેનાં બીજા અંકમાં અવસ્તા, પેહલવી, સંસ્કૃત, અને ફારસીમાંથી મળતા ફકરાઓ તેમના તર-

ઝુમા સાથ ઉતારીને એમ જણાવ્યું છે કે "ફરવરદેગાનના દાહડા ઉપર અશો ફરોહરો દશ દાહડા તથા દશ રાત સુધી મેહમાન તરીકે પોતાનાં ઐશાવંદોનાં મકાનોમાં આવે છે." આ સઘળું પણ આપણી સભા તરફનાં ઉપલાં ચોપાનિયાંમાં ઉતારી લેવામાં આવ્યું. આ પછી (૪) દસ્તુર કેખુસરોના બાવાજી દસ્તુર જામાસ્પજીએ ૧૮૭૨ માં "ફરોહરો" અને "ફરવરદેગાન" એ નામની બે વઅજો છપાવી પ્રગટ કીધી હતી તેમાંથી ઉતારાઓ ટાંકવામાં આવ્યા છે, કે જેમાં તેઓએ ખુલ્લું જણાવ્યું છે કે "ફરવરદેગાન યાને અશો ફરોહરોની જાથુક આરાધનાં કરવાના દિવસો અવસ્તાને આધારે દસ છે." ૧૮૯૪ માં આપેલી એક બીજી વઅજમાં પણ તે દસ્તુરજીએ એમજ જણાવેલું છે કે "પવીત્ર અવસ્તાના દાખલા પ્રમાણે દસજ દીવસ ફરવરદેગાનનાં છે, અને તેમજ પેહલવી, ફારસી કેતાબોમાં પણ એકશાંન રીતે દસજ દહાડા જણાવેલા છે." અને તોપણ પોતાના બાપ અને બપાવાનાં જ્ઞાની પગળે ચાલી તેમની રૂડી અને સાચી રાહનુમાઇની નકલ કરવી જોઇયે, તેને બદલે દસ્તુર કેખુસરોએ એકદમ અભિપ્રાય આપી દીધો કે "દસ્તુર દારાબે કરેલાં વિધ્નતા ભરેલાં અને બોલાસાવાર લખાણ સાથે અમો સામાન્ય રીતે મળતા થઇએ છીએ."

એક નવી હરીફ મંડળી—તેણે ખાધેલી ગોલાંટ.

આપણી સભાએ પુ૦ ૬ ઠાના અંક ૧૪ માવાળાં ચોપાનિયાંમાં ભેગા કરેલા જાતજાતના સાહેબોના દશ દિવસનાં ફરવરદેગાનવાળા ઉપર ઇશારો કીધા જેવા દાખલાઓ ઘણા છે, અને તે સર્વનાં સંગ્રહથી તે અંકના મોટા ૪૭ સફા રોકાયા છે. તેના સારાંશ ઉપર આવ્યા આગમજ આ ઠેકાણે આપણી સભાની હરીફાઇમાં ઉભી થવાનું માન ખાટવા નિકળેલી એક નવી મંડળી વિશે બે શબ્દ લખવાની જરૂર છે. આ મંડળી ઘણાં વરસથી ઉભી થઇ હતી અને રાહનુમાનાં કામને તોડી પાડવાની મકસદ છતાં તેના એકાદ બે મુખ્ય સુકાનીઓ કશું કરી શક્યા ન હતા. તેના સરનશીન દસ્તુર જામાસ્પજી તો ત્રણ ત્રણ વઅજો કરીને ફરવરદેગાનના માત્ર દશ દિવસની તરફેણમાં પોતાનો વાજબી અભિપ્રાય આપી ચુક્યા હતા. આ ત્રણમાંની છેલ્લી વઅજ ૧૮૯૪

તે દસ્તુરે ઉપલી નવી હરીફ મંડળી તરફથી આપી હતી, અને તે મંડળી કે જેનું નામ "જરથોસ્તી ધર્મ અને ક્રિયા ઉપર એતેકાદ વધરાવનારી મંડળી" એવું હતું, તે મંડળીએ પોતાની તરફથી દસ્તુર જામાસ્પજી કને ઉપલી વઅજ અપાવ્યા બાદ ૧૮૯૫ માં પોતાને ખર્ચે તે છપાવી પ્રગટ પણ કીધી હતી. આ રીતે તે મંડળી ફ્રવરદેગાનના દિવસોની સંખ્યાના સંબંધમાં એકવાર બંધાઇ ગયા પછી ૧૯૦૨ માં તે આ વાત ભૂલી ગઇ. તેના સુકાનીઓના ગુજર પામવા પછી એ મંડળી સુસ્ત પડી રહી અને તે હસ્તીમાં હતી કે નહિ તે જાણ્વામાં આવ્યુંજ નહી. પણ ત્યાર બાદ જ્યારે દસ્તુર દારાબ અને તેમની પુઠે દસ્તુર કેખુસરો રાહનુમા સભાની સામે કલમની તલવાર લઇ મેદાન પડયા ત્યારે પેલી જુની મંડળીમાં પાછો જીવ આવેલો જણાયો, કારણકે તેણે પ્રથમ હરેક પત્રક મારફતે અને ત્યાર બાદ "પુસ્તક ૧લું" એવાં નવી તેજીના ભપકાદાર ઇશારા સાથે ૬૭ સમાનુ એક નાના કદનું ચોપાન્યું બાહેર પાડીને તેમાં આપણી સભા સામે લખેલો ચર્ચા પત્રનો સંગ્રહ પ્રગટ કીધો હતો. એ પછી તેનાં તરફથી "પુસ્તક ૨ જું" પ્રગટ થયલું જોવામાં આવ્યું નથી, પણ તેણે ઉપલાં ચર્ચા પત્રોથી ખુશ ખુશ થઇ જઇને પોતે જાણે કેવોક વાઘ માર્યો હોય અને પોતે રાહનુમાની હરીફાઇમાં કેવીક સેવા બજાવી હોય તેમ દીબાચારૂપી લખાણ કરીને તેમાં વડાઇ લીધી હતી કે રાહનુમા સભા ભોલાં લોકોને ફ્રવરદેગાન બાબે "ખોટા ફત્વા" આપેછે તેની "સામે હમારી મંડળી કેટલાંક વર્ષો થયાં લડત ચલાવતી આવીછે." આ "લડત" દરમિયાન ૧૮૯૫ માં દસ્તુર જામાસ્પજીની ઉપલી વઅજ તેણે અપાવી અને છપાવીને ગોવા પોતાના હાથ કાપી આપ્યા હતા તે વાત ભૂલી જઇને તેણે વધુ એમ જણાવ્યું હતું કે "પણ હમોને ભારે સંતોષ સાથે જણાવતાં ખુશી ઉપજેછે કે આખરે હમારી લડતની ફત્તેહ થઇ છે અને ઉપલા ખોટા ફત્વાનું પોકળપણું આપણા અવસ્તા પેહલવીના પુખ્ત અભ્યાસ કીધેલા શમ્સુલ ઓલમા દસ્તુર સાહેબ દારાબજી પેશુતનજી સંજાણાને હાથે સાબેત થયું છે. દસ્તુર દારાબજી આપણને જણાવે છે કે ચાલતી આવેલી રસમ મુજબ અશો ફ્રોહરોની યાદના મુકતાદના દીવસ દસ નહી પણ અઢાર દીવસ બરહક છે."

ઠીક, પણ ત્યારે તો એમ ઠર્યું કે ૧૮૯૫માં દસ્તુર જામાસ્પજીએ

એ દિવસો માત્ર દસજ જણાવ્યા તે "બરહક" ન હતું! દસ્તુર દારાબજીનાં ઉપલાં ચર્ચાપત્રો આ નવી મંડળીએ પોતાને ખર્ચે છપાવી પ્રગટ કરવામાં ગોયા એક જાતનો ગુનાહ નહિ તો મોટી ચુક કીધેલી જણાય છે. તે ચુક તેણે કબૂલ કીધી નથી, કારણ કે દસ્તુર જામાસ્પજી ગુજર પામેલા હોવાથી મંડળીના તે સ્થાપક અને સરનશીનની સેવાઓ ભૂલી જવાનો તખ્ત આવે ત્યારે તે યાદ રહી શકતી નથીજ! એકજ મંડળી બે દસ્તુરોના સંબંધમાં આ રીતે ગોલાંટ ખાય તે રાહનુમા સભાને માટે તદન નવો અનુભવ નથી. ૧૮૫૪માં તેની સામે ઉભી થયલી પેહલી હરીફ મંડળીએ પણ ફરવરદેગાનના દસ દિવસોના સંબંધમાં એવીજ ગોલાંટ ખાધી હતી. ત્યારે પેહલી હરીફ મંડળીનાં મરણ પછી તેની બેહનપણી બીજી હરીફ મંડળી પણ તેની નકલ કરે તેમાં નવાઇ જેવું શું હોય? આ નવી મંડળીની આપણી સભાએ કશી ખબર કોઇ પણ દાહડે લીધીજ નથી અને તેની દરકાર કીધીજ નથી.

દસ્તુર જામાસ્પજી મીનોચેહરજી અને દસ્તુર પેશોતનજીનાં લખાણો ઉપરાંત દસ્તુર એરચજી,સોરાબજી મેહરજીરાણા, દસ્તુર દારાબજી જામાસ્પ-આસાના, એરવદ ડા૦ મ૦ મોદી, દસ્તુર એદલજી દારાબજી સંજાણા, દસ્તુર ફરામજી સોહરાબજી મેહરજીરાણા, મોબેદ અરપંદિયારજી ફરામજી રબાડી, મોબેદ સોહરાબજી દોરાબજી ચાનદારૂ, વગેરે ઘણા સાહેબોએ અને તેઓમાં કેટલાક તો આપણી સભાની હસ્તીની પણ આગમજ ફરવરદેગાનના દિવસોની સંખ્યા માત્ર દસનીજ જણાવી ગયા છે તેમના અભિપ્રાયો સભાનાં પુ૦ ૬ ઠાના અંક ૧૪મામાં ઉતારી લઇને સભા તરફથી જરતોશ્તી આલમની ખાતરી કરવામાં આવી છે કે રાહનુમા સભા પ્રથમથી જે મત જાહેર કરતી આવી હતી અને છે તેને દા૦ દારાબજી અને દા૦ કેખુસરો સિવાય બીજી સર્વ તરફનો ટેકો હતો. એવોજ ટેકો "સદદરે બુન્દેહશ" અને "સદદરે બેહરે તવીલ" નામની ફારસી કેતાબો તરફથી તથા રેવાયતો તરફથી, તેમજ "વજર કરદ દીની," "દીને વજરકર્દ," "દાદેસ્તાને દીની," "દીનકર્દ," "નીરંગસ્તાન" વગેરે નામીચી પેહલવી કેતાબોનો પણ આ બાબતમાં એવોજ ટેકો છે, તેના સઘળા લાગુ પડતા ઉતારા ઉપલાં ચોપાનિયામાં આપણી સભા તરફથી ઉતારી લેવામાં આવ્યા છે, અને કાંઇજ બાકી રાખ્યું નથી, કે જેથી વાંચનારની ખાતરી

થયા વિના રેહજ નહિ કે ફ્રરવરદેગાનના દિવસો દ૦ દારાબજીના જણાવ્યા પ્રમાણે અવસ્તા મુજબ દશથી વધારે નથી પણ માત્ર દશજ છે.

જયારે એમજ છે ત્યારે દ૦ દારાબજીને પોતાનાં એક પાછળાં ચર્ચાં પત્રમાં કબૂલ કરવાની ફર્જ પડી કે "ફ્રરવરદેગાનના દીવસોના સંબંધમાં જરતોસ્તી દીનને લગતી ચોપડીઓમાં દશનો આંક મળે છે એ ખરી વાત છે," પણ તેમ કહીને તેઓ એમ નથી કબૂલ કરતા કે ફ્રરવરદેગાનના એટલાજ દિવસો છે. તેમની તકરાર એ જાહેર થઇ કે આ દશ દિવસો તો તે કે જે ગાથા ગાહામ્બારની આગળના પાંચ અને એ ગાહામ્બારની પાછળના પાંચ મળીને દશ, અને તે ઉપરાંત ગાથા ગાહામ્બારના પાંચ દાહડા તે તો જુદા! તેઓએ લખ્યું હતું કે "તે દશના આંકમાં ધંબારના પાંચ દિવસ સાથે ગણવા જોઇયે કે તે પાંચ દીવસો ઉપરાંતના છે. મારૂં મત એવું છે કે તે પાંચ દીવસ પેલા દશ દીવસ ઉપરાંતના છે."

આ છેલ્લા એકરારથી ખુલાસે થાય છે કે ફ્રરવરદેગાનના દિવસો દશજ છે એવું તમામ જરતોસ્તી કેતાબોમાં લખેલું છે તેની દ૦ દારાબજી ના પાડતા નથી, પણ તેઓથી તેમનું "મત" જુદૂં છે. અહીં ત્યારે મતની વાત આવી. આમ મત તો સૌ સૌનાં જુદાં હોય — પણ એક જણનાં એક મતથી એકામતી થતી નથી, સભાઓમાં દરખાસ્ત પસાર થતી નથી, અભ્યાસીઓ તેનો સ્વિકાર કરતા નથી. એક જણનું એક મત તે કાંઈ કાયદો ગણાય નહિ. ખરેખર, પોતાનાં એકલાનાં એક મતને ખાતર દ૦ દારાબજીએ રાહનુમા સભા સાથ લંબાણ જિકમા ઉતરવું જોઇતું ન હતું. સભાએ જે મત આપ્યું હતું તે કાંઇ પોતાનું કે એકલું મત ન હતું. તે તો દીનની કેતાબોનું અને તેમને આધારે થયલાં લખાણોનું મત હતું. એમ હોવાને લીધે પોતાનું એક જુદૂં મત ધરાવવાને ખાતર એ દસ્તુરે સભા ઉપર નઠારાં તોહમતો મુકવાં જોઇતાં ન હતાં. સભા તરફનાં અંક ૧૪ મા વાળાં ચોપાનિયાંમાં છેવટે એમ જે જણાવ્યું છે તે વાંચનારની ખાતરી કરવાને પુરતું છે કે—

"હવે સાહેબો, એ તો દસ્તુર દારાબજીનું એકલું પોતાનું નવું સવું મત છે, નહિ કે દીનની કેતાબોનું લખાણ. પણ અમો તો

દીનની કેતાબોમાં જે લખાણો હોય તેમને આધારે ધર્મના ફતવાઓ રજુ કર્યે છીયે. અને જે દીનને લગતી ચોપડીઓમાં દશનો આંક મલે છે એ ખરી વાત છે તો એઓને (દ૦ દારાબજીને) અમારી સાથે આટલી બધી ભાંજગડ ઉઠાવવાનો કશો સબબ હતો નહિ. વાસ્તે દીનની કેતાબોને આધારે આગળા લખનારાઓની સાથે એકમત થઇને અમોએ ફરવરદેગાનના દિવસ જે દશજ જણાવ્યા છે તો તેથી લોકોનાં આગલનાં યકીન ડામાડોલ કરવાને બદલે અમોએ તો ઉલટાં મુસ્તકીમ કીધાં છે એમ બોલવું સચ્ચાઇને મલતું આવે છે."

પણ લોકોનાં યકીન ડામાડોળ કરવાનું જે તોહમત રાહનુમા સભાની ઉપર અને એ સભાને બહાને બીજા આગળા પાછળા દસ્તુરોને માથે દ૦ દારાબજીએ મુકવાની હામ ભીડી તેનું એક કારણ છે. તેમણે એક "શોધ" કીધી છે કે "દસ પઇરિક્ષફ્નો" લોગતનો અર્થ "દશ રાત સુધી" નહિ પણ "દશ રાતની આસપાસ" એવો લેવો જોઇયે, અને તેવો અર્થ લેવાથી ફરવરદેગાનના દિવસો માત્ર દશજ નહી પણ "આસપાસના દશ" અને વચમાંના યાને ગાથાના પાંચ મળીને પંદર થવા જોઇએ. આ "શોધ" માટે દ૦ દારાબજી આપોઆપ મગરૂરી માની લે છે, પણ સાથે સાથે ચોખો મુકે છે કે "રાહનુમાય સભાના સરનશીન અને તેમની પુઠે ચાલનારા થોડાક કેળવાયલા અથોરનાન ગોઠયાઓ જેઓમાં બીજા અભ્યાસીઓનો મોટો ભાગ સમાઇ જાય છે તેઓના કેટલાક દાયકાના અભ્યાસમાં તેઓને અવરતા "દસ પઇરિ-ક્ષફ્નો" લોગતોનો અમોએ અમારી અદના શોધથી જરથોસ્તી આલમને જાહેર કીધેલો તરજુમો કાંય નહી સુઝયો, અને તેઓમાંના કોઇ એકબી એવો અર્થ કાંય નહી સુચવી શકયા, એવી ઓચ-બાની લાગણી તેઓના કાનમાં જે પડશે ઉતપન કરે તેથી કુદરતી રીતે દોરવાયલા તેવા અભ્યાસીઓને મારો અર્થ કેમ એકદમ ગળે ઉતરી શકે."

એક શબ્દ અથવા લોગતનો સામાન્ય રીતે થતો આવેલો અર્થ પોતાની કોઇ મતલબ પાર પડતી હોય તો ઉલટાવી નાખીને અથવા રદ કરીને નવો અર્થ કરવાનાં કામને "શોધ" તરીકે લેખવા કે ઓળખાવવાનું અભિમાન કોઇપણ અભ્યાસીએ કીધું ન હશે. હવે આ વાત ખરી છે કે ફરવરદેગાનની

ઉપલી નવેસરથી ચાલી રહેલી તકરાર દરમિયાન આપણી રાહનુમા સભાની કારોબાર મંડળીના વીશ ગૃહસ્થોમાંના ૧૧ સાહેબો જરતોસ્તી ધર્મ પુસ્તકોના જાણીતા અભ્યાસીઓ હતા. તેઓમાં વડા શેઠ ખ૦ ૨૦ કામા હતા. આ સઘળા સાહેબોને ઉપલા લોગતનો દ૦ દારાબજીએ કીધો છે તેવો અર્થ સુઝ પડયો નહિ તે માટે તેઓ અચરતી બતાવે છે. પણ તેનું કારણ છે, અને તે એ કે દ૦ દારાબજીએ "શોધ" તરીકે જાહેર કરેલો અર્થ "અવસ્તા ટેક્ષ્ત, વ્યાકરણ, ફાહલોજીને આધારે" તપાસતાં ખરો નહિ પણ ખોટો છે. આ ખોટારૂં બતાવવું જોઇયે—રાહનુમા સભાએજ તે બતાવવું જોઇયે—તેટલા માટે એ સભાના "થોડાક કેળવાયલા અપોરનાન ગોહથાઓ" જેઓ કારોબાર મંડળીમાં શામેલ હતા તેઓ ભેગા મળ્યા, અનેક ખાસ બેઠકોમાં દસ્તુર દારાબજીએ જાહેર કરેલી નવી "શોધ"ને મૂળ મંડાણથી હાથ ધરી છેવટ સુધી પકડેલી રાખીને તેની ખુબી હોય તો ખુબી અને ખામી હોય તો ખામી જરથોસ્તી આલમને બતાવી આપવાનું બિડું ઝહપ્યું, અને જ્યારે એ કામ પાર ઉતાર્યું ત્યારે સભા તરફથી દફતર ૭માના અંક ૧લા તરીકે ૬૪ મોટા સફાનું એક ચોપાનિયું પારસી આલમની વાકેફીને માટે બાહેર પાડવામાં આવ્યું; જેમાં વળી ૧૮ સફા વધારાના ઉમેરીને તેમાં દ૦ દારાબજીની "શોધ" ના સંબંધમાં યુરોપના ધર્માભ્યાસીઓના અભિપ્રાયો આપવામાં આવ્યા છે. ફ્રરવરદેગાનના દિવસોના સંબંધમાં સભા તરફથી દસ્તુરો, મોબેદો અને એરવદોને પુછવામાં આવેલા સવાલોના જે જે સાહેબોએ જવાબો લખી મોકલ્યા હતા, અને જે જવાબો પુ૦ ૬ઠાના અંક ૮ મામાં છાપી પ્રગટ કરવામાં આવ્યા હતા, તે તે સાહેબો જોગા પોતાના ખાસ પત્ર તરીકે સભાએ જેમ પુ૦ ૬ઠાનો અંક ૧૪ મો બાહેર પાડયો હતો તેમ આ પુ૦ ૭માનો અંક ૧ લો પણ તેજ સાહેબો જોગો સભા તરફનો ખાસ પત્ર ૨) જો તરીકે બાહેર પાડવામાં આવ્યો, જેનું નામ આ મુજબનું રાખવામાં આવ્યું કે—

"ફ્રરવરદેગાનના દિવસો દસજ છે.તેના સંબંધમાં જબાનશનાસી અને વ્યાકરણને આધારે દસ્તુર દારાબજી પેશોતનજી સંજાણાની તકરારનો આપવામાં આવેલો રદ જવાબ યુરોપના વિદ્વાનોએ આપેલાં મતો વગેરેના વધારા સાથે."

સભા તરફના ના૦ ૨) જવાળા આ ખાસ અંકમાં સભાએ દસ્તુર

દારાબજીની " નવી શોધ " અને તે માટેના આધાર અને તેઓએ કરેલા "દસ પઇરિ-ક્ષફ્નો" વાળા ફકરાના તરજુમા અને તેના સંબંધમાં તેઓએ આપેલા ખુલાસા કે ઉઠાડેલી સમજણ વગેરે વગેરેનો સભાએ ચુનંદા ધર્માભ્યાસીઓ, કે જેમની સંખ્યા કારોબાર મંડળીમાં જેવી તેવી ન હતી, જેઓ મધેનાં એક તો બાનુ ધર્માભ્યાસી હતાં, તે સર્વેની મદદ અને અસ્લેહેતથી ખુલાસાવાર "રીવ્યુ" લઇને એટલુંજ બતાવી આપવાની બનતી કોશેશ કીધી છે કે દસ્તુર દારાબજીએ કરેલો અર્થ વ્યાકરણુની રૂએ, જબાન-શનાસીને કાયદે, આગળા અને હાલના પારસી અને ખ્રીસ્ટી ધર્માભ્યાસીઓએ કરેલા અર્થથી તદન જુદોજ અને ભુલ ભરેલી મતલબ ઉઠાડનારો છે. આ જવાબમાં જણાવ્યું છે કે " આગળોની માફક હાલના અવસ્તાના ઓલમા-ઓની એકે આવાજે 'યાઓ વીસાધ' નાં ફકરામાં **ફરવરદેગાનના દહાડાઓ દસજ** છે એમ જણાવે છે, અને જો અવસ્તામાં ફરવરદીન યશ્તના લખનારને ૧૫ દિવસ લખવાની જરૂર હતે તો જ્યારે અવસ્તામાં 'પન્ચ દસ' બોલ મળે છે ત્યારે તેજ બોલો વાપરવાની તેને કશી હરકત નહિ હતી. એ ઉપરથી લાગેછ કે તેનાં મનમાં ૧૫ નહિ પણુ દસજ દિવસ હોવા જોઇએ,"— કાંઇ દસ્તુર દારાબજીની " નવી શોધ " પ્રમાણે ૧૫ નહિ.

આ ઠેકાણે બન્ને પક્ષો વચ્ચેની તકરારમાં ઉતરવાને બદલે આપણી સભાના ના૦ રજાવાળા રદ જવાબમાં તે જે છેવટ ઉપર આવી છે તેજ જણાવીને સંતોષ પકડીશું:—

ફરવરદેગાનના સંબંધમાં પોતે જાણુવા માગેલો ખુલાસો જે જે દસ્તુરો વગેરેએ લખી મોકલાવ્યો હતો તેઓ જોગા પોતાના જવાબના બીજા પત્રમાં સફે ૫ મે સભા તરફથી લખવામાં આવ્યું છે કે—

" અમારી રાહનુમા સભાએ ફરોહરોની યાદના ફક્ત દસજ દહાડા છે અને ફરોહરોની યાદ આખું વરસ નહિ થઈ શકે એવું કંઈ અને કોઇ કાળે કહ્યુંજ નથી. એથી ઉલટું અમારી સભાએ તો એમજ કહ્યું છે કે 'યાઓ વીસાધ' વાળા ફકરા મુજબ ફરવરદે-ગાનની દસજ રાત છે અને તેથી વધુ નહિ. ફરોહરોની યાદ વરસના

૩૬૫ દહાડામાંથી કોઇપણ દિવસે થઈ શકતી હોવાથી ફ્રવરદેગાનના દિવસો પણ ફ્રોહરોની યાદના દિવસો તરીકે લેખી શકાય, પણ તેથી ઉલટું વરસના ૩૬૫ દાહાડા ફ્રવરદેગાનના દિવસો તરીકે લેખી નહિ શકાય....

"એક સવાલ પુરતી તેહકીક કરી જવાબ વાળવા માટે જો કાંઇ ઢીલ થાય તો તે વગર શકે વાસ્તવિક ગણાવી જોઇયે. પણ તે તેહકીકનું પરિણામ અમારી સભાના સવાલના જવાબમાં અમારી ઉપર મોકલવાને બદલે, એકદમ વર્તમાનપત્રોમાં દોડી જઇ તે આલમ આગળ ધરવાની—અને તે પણ અમારી રાહનુમાય સભાની વિરૂધમાં વગર સબબે લખાણ કરી ધરવાની—ઉતાવળ કરવી બિલકુલ વાસ્તવિક લેખી શકાય નહી.

"પોતાનાં ચોપાનિયાંમાંની દસ્તુરજીની દલીલો તેમજ તેવણનાં લખાણની ઢબ ઉપરથી આપણને માનવાને કારણ રહે છે કે દસ્તુરજીનો મુખ્ય હેતુ એક અભ્યાસીને બરની તપાસ લેવા કરતા કાંઇક બીજોજ હોવો જોઇયે. અને તે એ કે 'યાઓ વીસાધ'વાળા ફકરા મુજબ ફ્રવરદેગાનના કેટલા દિવસ હોવા જોઇયે તેની તપાસ લેવાને બદલે, હાલમાં કેટલાંક પારસી ઘરોમાં ચાલતી ફ્રવરદેગાનની ૧૮ દિવસની રસમને કોઇ પણ પ્રકારે મજકુર 'યાઓ વીસાધ'વાળા ફકરાને આધારે ટેકવી રાખવાની તજવીજ કરવામાં દસ્તુરજીએ પોતાનો વખ્ત લીધો હોય એમ આપણને દિસે છે. એ વિચાર બાંધવાને આપણને એક નહી પણ અનેક મુસ્તકીમ કારણો છે."......(સફે. ૫૭-૫૮).

"એ રીતે એક નવી શોધ કરવાની પોતાની ઉલટને શરૂઆતમાં કાબુમાં નહિ રાખી શકવાથી, દસ્તુરજી એક પછી એક વધુ અને વધુ ભૂલોમાં પોતાને લાવી મેલે છે."......(સફે ૫૮)

"અગરજો આપણે દસ્તુરજીના જણાવ્યા મુજબ ગાથાના પાંચ દિવસો ધારિયે તો એમ કેવી રીતે બની શકે કે દસ્તુરજીના લખ્યા મુજબ, તે પાંચ દિવસની આસપાસની દસ રાતનો અર્થ તે દસ રાતોને બરાબર બે સરખા ભાગમાં વેંહેંચી નાખી ગાથાના દિવસોની આગમજના બરાબર પાંચ અને તેની પછીના બરાબર પાંચ દિવસનોજ નિકળી શકે? અને તે છતાં પણ ફકત ૧૫ રાત થાય છે, અને ફ્રવરદેગાનની ૧૮ રાત બનાવવા માટે દસ્તુરજીને વગર આધારે જેમ તેમ બીજા ત્રણ દિવસ ઉમેરવા પડે છે. વળી એટલો બધો ગુચવાડો ઉત્પંન

કરે એવી રીતે 'દસ આસપાસની રાત' લખવાનો બદલે જો ૧૫ દીવસજ જણાવવાની મતલબ હતી તો ફરવરદીન વસ્તના લખનારને ખુલ્લા બોલોમાં ૧૫ ('પન્ચ દસ') લખવાને શી અડચણ હતી ?"...(સ૦ ૬૨).

"આ સઘળી તકરાર પરથી જે સાર આપણે ખેંચી શકિયે તે એટલોજ કે એક ખોટી રીતે પડેલી રસમને ધર્મનાં લખાણને આધારે કોઇ પણ રવેશે ટેકવી રાખવાની ઉલટમાં દસ્તુરજીને એક વિચિત્ર તર્ક બાંધવાનું ગોથા સુઝ પડયું. આપણે એ તકરારને એક રીતે આવકારદાયક લેખવાનો સંતોષ લઇશું. એ તકરાર બરપા થવામાં જોકે અમારી રાહનુમા સભાની વિરૂધમાં ન છાજતા હુમલા થયા હતા, તોપણ આયંદે એ તકરારનાં પરિણામમાં અમારી સભાને નહિ પણ અમો ધારિયે છિયે કે તમો જેવા અવસ્તાના અભ્યાસીઓના વર્ગને પણ એક રીતે ફાયદોજ થયો છે. એ તકરારના સંબંધમાં અવસ્તા સાહિત્યના જુદા જુદા ભાગોનો બારીકીથી અભ્યાસ કરી વ્યાકરણ, શબ્દ રચના વગેરે પર પુરતું લક્ષ આપી, છુટા છુટા અવસ્તાના વિદ્યાર્થિઓ ખભે ખભે સાથે શામેલ થઇ અરસપરસ એકેકના વિચારો જાણી લઇ, અને એક બીજાને પોતાના વિચારોથી પુષ્ટિ આપી અવસ્તાના અભ્યાસી વર્ગને માટે આ ચોપાનિયાં મારફતે એક ભોજન તૈયાર કરે એ એક સંતોષકારિક પરીણામ લેખાવું જોઇએ.

"શેવટ—અમારી કારોબાર મંડળીના અભ્યાસીઓના અવસ્તા ભાષાના અભ્યાસની મદદથી જોકે આ ચોપાનિયું બાહેર પડયું છે, તોપણ તે તદન સંપુર્ણ છે અને બીલકુલ ભુલ રહીત છે એવું કહેવાનું ગુમાન અમારી સભા રાખતી નથી. અવસ્તા ભાષા એક એવી ભાષા છે કે જે ઉપર દીન પર દીન વધુ નવું અજવાળું વર્ષો સુધી પડતું રહેવાનું અને એટલા માટે આ ચોપાનિયાંમાં એવી કેટલીએક ભુલો પણ રહી ગઇ હશે કે જે અમોને નહિ જણાતી હોય પણ બીજાઓને ખુલ્લી નજરે આવે. એ કારણે સર તમો અભ્યાસીઓને આ સમાપ્ત કરતાં અમારી એટલી એલતેમાસ છે કે અગરજો તમારી નજરમાં આ ચોપાનિયાંમાં કાંઇ ભુલભાલ દિસે તો તે મેહરબાની કરી વગર આંચકીએ અમારી સભા ઉપર લખી મોકલી આપવી કે જેથી તે જાણવાને અમોને બની આવે." (સ૦ ૬૪).

પ્રકરણ ૫ મું.

સભાના શત્રુઓ— ૧

શેઠ ડોસાભાઇ સોહરાબજી મુનશીની સખત વિરૂધતા.

દસ્તુરોમાંના એકાદ બે ફરી બેસે તે આગમજ સભા સામેની વિરૂધતા ચાલુ થઇ ચુકી હતી. સભાની મુખ્ય નેમો અને મતલબો મધેની એક આપણા ટોળાની ભોળી ઓરતો તેમજ કેટલાક મર્દોમાં પેવસ થયલી જુદદીનની તથા આપણા ધર્મથી ઉલટી અને તેને ખેજાલત લગાડનારી વહેમ ભરેલી અને ખર્ચાલી રસમો કહાડી નાખવાની હોવાથી સભાએ પોતાની હસ્તીની શુરૂઆતથીજ એ બાબતમાં પ્રયાસ કરવા માંડયો હતો અને લાગતે વળગતે ઠેકાણે વારંવાર અર્જીઓ કીધી હતી તથા કોમનાં લોકોને ખાબે ગફલતમાંથી જગાડવાની કોશેશ કીધી હતી. આ કોશેશની ઘણી તરફથી પીછાન થઇ હતી જેથી સભાને એ કામમાં વધારે ઉલટથી મેહનત કરવાને ઉત્તેજન મળ્યું હતું. આમ છતાં કેટલાક એવાબી ઘણીઓ હતા જેમને સભાનું આ બિનસ્વાર્થી તેમજ ફાયદાકારક અને વળી તારીફલાયક કામ ગમ્યું નહિ, જેથી તેઓ તેના અને તેનાં તે કામોના સંબંધમાં વિરૂધ બોલવા અને લખવા લાગ્યા, તે અહીં સુધી કે પંચાયતના શેઠિયાઓ ઉપર મોકલવામાં આવેલી કોમના ફાયદાને લગતી અર્જી ઉપર ધ્યાન નહિ આપવા અને તેનો જવાબ નહિજ દેવા જેવી સલાહ તેમને આપવાની ખબર સભાના મુખ્ય સુકાનીઓના કાનપર આવી. પણ તે બાબતમાં કશાં પણ પગળાં ભરવાનું સભાએ તે વેળા દરૂસ્ત ધાર્યું નહિ, ને પોતે પોતાનાં રૂડાં કામમાં મશગુલ રહી.

આ પછી સભાએ ફરવરદેગાનનો સવાલ ઉઠાવ્યો, અણઘટતી રસમો સામે લડત ચલાવી, અવસ્તાઇ ફરમાન મુજબની જરૂર જોગી ક્રિયા કરવાની હિમાયત કીધી, એ બાબતમાં દસ્તુરોનાં મતો મંગાવ્યાં અને તે મતો પોતાના અભિપ્રાયને મળતાં જણાયાથી એકવાર ફરીને પંચાયતના શેઠિયાઓને અર્જ કીધી, પણ આથી તો સભા સામેની વિરૂધતામાં ઘણો વધારો થઈ પડયો અને તેના જે હરીફો છુપા રહી તેની નાલેસી કરતા હતા તેઓ અજવાળામાં આવ્યા. આ ઘણીઓ

મધેના એક શેઠ ડોસાભાઇ સોહરાબજી મુનશી હતા. આ ગૃહસ્થ અથો-રનાન હતા, માથે સફેદ પાઘડી રાખતા હતા, ફારસી વગેરે અનેક ભાષાઓનું જ્ઞાન ધરાવતા હતા અને એકવાર પારસી પંચાયતના શેઠિયાઓ મધેના એક હતા.

હવે સભાએ ઉઠાવેલાં સઘળાંજ કામો કોમમાં એકદમ ઉથળ-પાથળ કરી નાખે એવાં કેવળ નવાંજ ન હતાં. સભાની હસ્તી (૧૮૫૧માં) થ.ય તે આગમજ કેટલાંક સુધારાનાં કામોની ચર્ચા ચાલુ થઇ ચુકેલી હતી. તેવાં જુનાં કામો મધેનું એક ફ્રવરદેગાન અથવા તે જમાનામાં સાધારણ રીતે બોલાતા "મુકતાત" અથવા ડોસલાં" ને લગતા ચોકકસ જુદદીન દિવાજ અથવા રસમને લગતું હતું. સભા આ રસમ કહાડી નખાવવાની જુંબેશ ઉઠાવે તે આગમજ અનેક દસ્તુરો અથવા મોબેદોએ એ રસમ સામે ચોપડી ચોપાનિયાં પ્રગટ કરીને ભાંજગડ ઉઠાવી હતી અને "મારી" બનાવવા તથા " બેહડાં ભરવા" વગેરેને હિંદુની રસમ તથા મૂર્તિપૂજાનું નામ આપ્યું હતું.

આ બાબેની બેખબરીને લીધે અથવા જાણી જોઇને, દુસ્મનીને લીધે અથવા હસદથી, કેટલાકોએ સભાનાં આવાં કામો ઉપર હુમલા કરવા માંડયા. તેના મુનશી શેઠ સો० શા० બંગાળીના શબ્દોમાં કહિયે તો " સભાની ખરી મતલબ તથા ધારણા, તથા એ સભાએ ઉઠાવેલાં કામ તથા એ સભાએ આપેલા અભીપરાએ વીશે કેટલાએક નાલાકેક શખશો તથા એ શભાના કેટલાએક શતરૂઓ તથા અતરેનાં એક બે ગુજરાતી વરતમાન પતરનાં અધીપતીઓ એ સભા વીશે અનજાંણ્યાં જરથોશતીઓને ઉંધું ચતું શમજાવેય તથા ભુલાવો " ખવાડવા લાગ્યા. આમ કરનારા ધણીઓને જવાબ આપવા કે તેમની સાથ તકરારમાં ઉતરવાનું કામ સભાનું હતુંજ નહિ. જો "કોઈ વીદેઆવાંન, માહીતગાર અથવા આબરૂવાલો જરતોશતી પોતાને ખરે નામે મેદાંન પડીને સભા સાથ તકરાર કરવાની મરજી દેખાડે તો તેહની શંગાથે ભાંજઘડ કરવાને " સભા તૈયાર હતી. પણ " જે શખશો અદાવતની રાહે જાંણીબુજીને લોકોને ઉલટું શમજાવે તથા ખોટી અને વગર પાએઆની વાતો એ શભાને નામે જાહેર કરે અથવા છાપી પરગટ કરે તથા એ શભાને વગર કારણે બદનામ કરે, અને જે ધણીનાં મત કશુ વજન નહી રાખે તથા

જે શખશો કાબેલીઅત અથવા એલમની માહીતગારી નહી ધરાવે અને ફક્ત મમત તથા આપખુદીથી બેજા અને ખોટી તકરાર ચલાવે તથા શારી સુચનાં રાખનારા દીનદાર જરતોશતીઓની જુઠી ગીબત કરે તેહવા શખશોની શંગાથે મુકાબલો કરેઆથી તથા ભાંજઘડ ચલાવેઆથી કશો ફાએદો થાતો નથી અને એ કામમાં કાધેલી શઘલી મેહેનત તથા વખત ફેકટમાં જાએચ" (પુ૦ ૧, અંક ૧૧ મો, દીબાચો.)

પણ શેઠ ડોસાભાઇ મુનશી તેવા નવરા નકામા નાલેસીખોરોથી તદન નિરાળા હતા. તેઓ કાબેલ અને ફાજેલ હતા, માટે સભાએ તેમની જોડે તકરારમાં ઉતરવાનું દરસ્ત ધાર્યું. એવું જણાયું કે શેઠ ડોસાભાઇ ખાનગી રીતે મંડળનાં કામોને પહેલે ધરથાજ નાપસંદ કરતા અને વગોવતા હતા. પણ ફરવરદેગાનની તકરાર સભાએ ઉઠાવી ત્યારે તો તેમણે સભાના સરનશીન અને બીજા સુકાનીઓના સંબંધમાં હલકા સખુનો વાપરીને તેમના ઉપર નાલાયક હુમલો કરવા માંડયો. આ ઉપરથી તેમની સાથ સભાને પત્ર વહેવાર ચાલ્યો. સભાની જિંદગીમા આવો તીખો પત્ર વહેવાર જેમ આ પહેલો તેમજ છેલ્લો હતો. સભાપર હુમલા તો વારંવાર થતા, તકરારોમાં તો વારંવાર ઉતરવું પડતું, પોતાનાં કામોનો બચાવ તો વારંવાર કરવો પડતો, પણ જે તરિયાપાત ઉપર એક તરફથી શેઠ ડોસાભાઇ અને બીજી તરફથી સભા આવી ગઇ હતી તેવો બનાવ ફરીથી બનવા પામ્યો નથી. આ સઘળા પત્ર વહેવારથી સભાનું ૯૪ સફાનું એક આખું ચોપાનિયું ભરાયું છે (પુ૦ ૧, અંક ૧૧), જેના અગતજોગ તોપણ બહુ ટુંક સારનીજ નોંધ આ ઠેકાણે ઉતારી રાકાશે.

આગળા સફાઓમાં આપણુ જોઇ ગયા તેમ રાહનુમા એ માજદયસ્નાન સભાની મૂળ નેમ જરતોસ્તીઓમાં લાંબી મુદતથી રિવાજ પામેલી કેટલીક અણઘટતી રસમો કે જે નુકસાનકારક હોવા જોડ "દીન આઇનની કારીઆ જોડ ભેલાઇ ગઇચ અને જેવા આપણી ખાલેશ દીનને અપમાન પોહોંચે છ" તે કહાડી નખાવીને ટોળામાં "શુધરાહી" અથવા સુધરાઇ દાખલ કરાવવાની હતી. આ હેતુથી સભા જે દિવસથી સ્થાપાઇ તે દિવસથી શેઠ ડો૦ મુનશી સભાનાં કામને જાહેર તેમજ ખાનગી મજલિસોમાં ધિક્કારવા લાગ્યા હતા, તેના કારોબારીઓને વગર આધારના ઠપકા આપતા હતા અને તેઓનો ગિલ્લો કરતા હતા. આ તેમનાં કામો

તેમને પ્રથમ લખી જણાવીને સભાના મુનશી શેઠ સો૦ ક૦ બંગાળી એ તે ગૃહસ્થ જોગા પોતાના તા. ૨૭ મી સપ્ટેમ્બર ૧૮૫૪ ના પત્રમાં વિશેષ એમ જણાવ્યું કે જો કોઇ અણસમજ કે ના વાકેફ શખ્સ આવું કરને તો સભા તેની દરકાર કરને નહિ, "પણ તમો જેવા ભણેલા, ફાઝેલ, બુજોરગ અને દીનદાર જરથોશતી આપણાં ટોલાના અકાબર સાહેબોની તથા બીજી જાહેર મજલેશોમાં તથા ઉઠમણાની મજલેશોમાં એ શભાએ ઉઠાવેલાં કાંમની શાંમને થાઓ તથા જોશથી અને બાજે વખત ગેર શલુકાઇથી વારેવાર અને હરએક બાંહાંને તકરાર કરો" તો તેથી સભાનાં કામને "નુકસાન પહોંચે" અને તેની સામે જરતોસ્તીઓનાં દિલમાં બદગુમાન ઉત્પન્ન થાય. દાખલો આપવામાં આવ્યો કે કેટલાક દસ્તુરોએ સભાના માંગવાથી ફરવરદેગાનની ક્રિયાના સંબંધમાં ફતવા આપ્યા છે તેમને એક ઉઠમણા-ની ભર મજલિસમાં એરવદ ડોસાભાઇ મુનશીએ કેટલાક સવાલો પુછ્યા, જેના તેઓથી જવાબો આપી શકાયા નહિ એવું "મુંબઇ ચાબુક" માં છપાયું છે. આ અને એવીજ બીજી રીતે દસ્તુરોએ "કરેલી ભલામણને તમો નાપશંદ કરો છો," એટલુંજ નહી પણ "દશતુરો તથા બીજા શખશો કે જેઓ એ શભાને કાંઇબી પરકારની મદદ કરે છે તેઓને તમો ઠપકો આપોછો તથા તેઓને અલગા અને દુર રાખવાની તજવીજ કરો છેઓ." આમ ફરીથી નહિ કરવાની એલતેમાસ કરતાં શેઠ ડોસાભાઇ ઉપર સભા તરફથી પ્રગટ થઇ ચુકેલા દશ અંકોનાં ચોપાનિયાં મોકલી આપીને જણવા માંગ્યું તેમાં જે કાંઇ બાબદ "અણઘટતી નાસુનાસેબ" અથવા "પાક દીન તથા આશમાંની કલામ તથા બરહક ફરમાંનથી ઉલટી નજર આવતી હોએ," અથવા સભાએ જરતોસ્તીઓને કોઈ આડો માર્ગ બતાવ્યો કે ખોટું સમજાવ્યું હોય તે "તમોએ ઉતાવલેથી બતાવી આપવું," કારણ કે તમો "ગીલલો કરો" અને "ઠપકો આપો" તે કરતાં "તમો-ને સજાવાર છે, બલકે તમારી ફરજ છે કે" સભાના કારોબારીઓને "કાંઇબી ખામી તથા ચુક" હોય તે "મોતેબર દાખલા અને દલીલોથી એકવાર બતલાવી આપો" કે જેથી પોતાની ખાતરી થવાથી તેઓ તમારૂં હેસાન માનીને પોતાની ચુક સુધારે."

હવે સભા તરફના આ ટુકા પત્રમાં જે વિવેક અને સભ્યતાથી પરપુછ કરવામાં આવી હતી તેવાજ વિવેકી અને સભ્યતા ભરેલા જવાબની સભાના લાગતા વળગતાઓએ વકી રાખેલી હોવી જોઇએ. પણ તેમાં તેઓ ઠગાયા. એરવદ ડોસાભાઇને પ્રથમ લાગ્યું તેમજ મિત્રોથી સલાહ મળી કે તેમણે સભાના કાગળનો જવાબ આપવોજ નહિ. પણ પાછળથી તેમને એવો અંદેશો પડયો કે જો જવાબ નહિજ આપીશ તો એમ કેહવામાં આવે કે ડોસાભાઇ મુનશી હાર્યાને રાહનુમાવાલા જીત્યા; એટલા માટે એક પખવાડિયાં પછી તેઓએ સભાના મુનશી ઉપર છાપેલા ૧૨ સફા જેટલો જવાબ લખી મોકલ્યો. જો તેઓ એ તે નહિ લખ્યો હોત તો આજે આ ઠેકાણે તેની જે ખાસ નોંધ લેવી પડે છે તેની જરૂર રહેત નહિ, અને ત્યાર બાદ જે નવા નવા બનાવો બન્યા તે બનત નહિ. શેઠ ડોસાભાઇએ જવાબ તા૦ ૧૫ મી અકટોબર ૧૮૫૪ ને દિને લખ્યો, કે જે એટલો તો કડવાસથી ભરેલો અને તીખો ટમટમતો હતો કે સભાના સરનશીન અને મુનશી અને બીજા સર્વ સુકાનીઓ યાને કારોબારીઓને તેથી ભારે દિલગીરી પેદા થઇ. એરવદ ડોસાભાઇએ પોતાના આ જવાબમાં સભાના કારોબારીઓને તેમજ તેમના સરનશીન (શેઠ નવરોજજી ફરદુનજી) ને કેટલાક અપશબ્દો વાપરવાની છુટ લીધી, તેમના ઉપર નવેસરથી હુમલો કીધો, ફરી ફરીથી તોહમતો મુકયાં, ટપકા પર ટપકા ચલુ રાખ્યા, અને છેલ્લે તેઓને નાસ્તિકની ઉપમા આપવાને પણ આ બુજર્ગ શેઠિયા ચુકયા નહિ. તેઓએ ભારે ખોરૂથી આ જવાબ લખેલો લાગે છે, પણ તે માટે પાછળથી તેઓએ કશી દિલગીરી બતાવવાની અગત જોઇ નહિ.

પ્રથમ તો તેઓએ સભાનાં "રાહનુમાએ માજદીઅશના" નામ સામેજ વાંધો લીધો. એનો અર્થ "જરતોશતીઓને રાહ દેખાડ નાર" એવો થાય છે, માટે એ નામ તેમને "માહભારત" લાગ્યું, તે નામને લાયકના તેના કારોબારીઓ તેમને જણાયા નહિ, કારણ કે "હરએક ધરમ અથવા ફીરકાના લોકોમાં રાહ બતલાવનાર" "ચંચલ અને ડાહેઓ અને દીનદાર જોઈએ;" પણ "માજદીઅશની દીન કેહેવી છે અને તે દીનનાં દફતરોમાં શું લખેલું છે તે વાતથી તમામ

માંનો એકભી શખશ જાણીતો હોએ એવુ' નથી.'' વળી તેમણે જણાવ્યું કે "જરતોશતી ધરમ પુશતકો કે જે આશમાંની જુબાંન માં લખેલાં છે તે તથા તેહેનો તરજુમો કે જે પેહેલવી જુબાંનમાં થાએલો છે તે જુબાંનો જાણવાથી તમો તદન બે નશીબ છેવો-તે કાંહાંસુધી કે તમારો શરનશીન વડીક એ જુબાંન જાંણવાનાં માનને પોંહોંચેઓ નથી,'' ત્યારે "મોટી અચરતી ઉપજેચકે તમારે જેહેવા ગાફેલ જરતોશતીઓ માજદીઅશની ટોલાનાં લોકોની દીનનાં કાંમમાં કેહેવી રીતે રેહેનુમાઇ કરી શખશો ?''

સભાનાં કામ તરફના પોતાના ધિક્કાર અને તે માટે કારોબારીઓને ઠપકો આપવાનું તોહમત શેઠ ડોસાભાઇ ના પાડતા નથી. પોતાના જવાબમાં તેઓ લખે છે કે "જાણવું જે એ વાત શાચીછે;'' પણ તેનું કારણ એવું આપે છે કે "શભાએ પરથમમાં આપેલી કબુલાત ઘણે એક દરજજે તોડીને જે વાતની તકરાર અથવા બાંજધડ કરવાને તમોને હક નથી તે વાતની બેજા ચરચા કરવા માંડી; જેથી મુંબઇના જરતોશતીઓના પોણા ભાગથી વધારે લોકો તમારાં કામને બીલકુલ ના પશંદ કરેછે;'' "તમોએ 'મુકતાદ' નહીં માંડવાને વાશતે ઘણીએક નાહાએક કોશેશ કીધી-દશતુરોના ફતવા મોધમમાં લીધા''—"જરતોશતી ધરમની બારીક બાબતોને ચુંથીઆથી તથા એ બાબતોની વધારે ચરચા કરેઆથી તથા આપણા આગલા બુજોરગોથી ચાલતી આવેલી દીન આઇનની કીરીઆ કે જે તમો મેલાવી દેવા માગોચ તે મેલી દીધાથી આગલ ચાલતાં મોટી ખરાબી થશે; તમારી મંડલીવાલાઓ કે જેહમોના ઘણા ખરા ઉધરતી વએનાં છે તેઓ વગર શમજને જોશમાં આવીને માંઠા શબદો બોલવા તઇઆર થાઓચ તથા જાહેર વરતમાંન પતરોમાં ધીકારવા જોગ શબદો છાપીને લોકોનાં દેલને દુખવેછે.'' આ છેલ્લાં તોહમત મુકવાનો સબબ શેઠ ડોસાભાઇ એવો બતાવે છે કે તેમના ઉપર આપણી સભા તરફથી ગયલાં પત્રનો જવાબ તેઓ લખી મોકલે તે આગમજ "રાસ્ત ગોફતાર પત્રમાં તેમની ઠઠા મશકેરી'' કરવામાં આવી હતી. આ પત્ર "તમારા આશરા હેઠલ'' ઉભું થયું છે એમ ગણીને મી૦ મુનશી સભાને ગળે પડેછે કે તેના લાગતા વળગતાઓએજ "હમારી ઠેકડી કરાવીછે.'' વળી તેઓ કહે છે કે "તમારી મંડળીનો શરનશીન

નવરોજજી ફરદુનજી તેવાંજ નીલાંજરાં પતરને પોતાને નામે હમારી ઉપર વાંચવા મોકલેચ કે તે વાંચીને હમારૂં દીલ દુખે. પણ ઇઆદ રાખવું જોઇએચ કે તમારાં હેવાં કામથી તમારી મંડલીવાલાઓ પશતાવાં શીવાએ બીજું કશું શારૂં ફલ પાંમનાર નથી," ઇત્યાદિ.

સભાએ પોતાની કાંઇ ચુક હોય તો તે બતાવી આપવાની શેઠ ડોસાભાઇને ચેલેંજ કીધી હતી તેના જવાબમાં તેઓ જણાવે છે કે જે બાબતથી તમો અંજાણછો તે જાણવાનું પડતું મુકીને "ખાલી મોટાઇ બતલાવવાનાં કારણશર તેહેવી બાબતોને તમો ચુથોચ," અને "મુકતાદને 'ગવરી' તથા 'ગણુપતી' અને 'બુતપરશતી' હેવાં નાંલાએક નાંમ આપોચ" તેજ "તમારી અને તમારી મંડલીની મોટી ચુક" છે. પારસીઓ ઇરાનથી હિંદુસ્તાનમાં ગુજરાતમાં પ્રથમ આવી વસ્યા, કે જ્યાં "'ગવરી' અને 'ગણુપતી' ને તો કોઇબી હીનદુ જાણતોજ નથી;" "ગુજરાતના લતા તરફ વસનારા જરતોશતીઓ અશલથી મુકતાદ માડતા આવીઆચ-તારે તમારેથી શી રીતે કેહેવાઇ શકાશે કે મુકતાદ માંડવાની ચાલ આપણા લોકોએ હીનદુઓથી અખતેઆર કીધીછે?" શેઠ ડોસાભાઇને "મોટી ધાશતી લાગેચ": કે "આજે તમે હેવું બોલોચકે 'ગવરી' તથા 'ગણુપતી' ઉપરથી મુકતાદ માંડવાની ચાલ નીકલીચ માટે હવે પછી તમો હેવું પણ બોલશો કે પારસીઓ 'સુદરેહ તથા 'કુસ્તી' બાંધેચ તેબી હીનદુઓની જનોઇના દાખલો લઇને બાંધેચ! અવાખશે પરેમાન-ખોદા તમારીથી પનાહમાં રાખે—તમારા કુફર ભરેલા વીચારો લોકોનાં મનમાં ઉતારીને શેવટે તમો મોટી ખરાબી કરશો." આટલેથી સંતોષ નહી પામતા મુનશીજી વધુમાં એમ જણાવે છે કે "તમારા આવા ભુંડા વીચાર પરમાણે અજબ નથી કે તમો હવે પછી હેવું પણ કેહેશો કે આપણા લોકો મીઅજદ તથા આફ્રીનગાન" જેમાં મેવો, ફુલ, ફળ, ચોખું પાણી, સુખડ, લોબાન વગેરે મુકે છે અને બાળેછે તે પણ આપણે હિંદુઓની રસમ ઉપરથીજ કરવા માંડ્યું હોય. "તમારા હેવાજ વીચાર હોએતો કશો શનધે નથી કે તમોએ 'શુફી' તથા 'દેહેરીઆ' લોકોના જેવો વીચાર એખતીઆર કીધેચ," "તથા દીનની ખરાબી કરવા ઉપર તમોએ કમર બાંધેલી નજર આવેચ." આમ કહીને શેઠ મુનશી આપણી સભાના લાગતા

વળગતાઓને આ રીતે નાસ્તિક ગણાવવા માગેછે: — "કેટલાએક ગુમરાહ લોકો પેદાના કરનાર પરવરદેગારની હશતીનો પણ ઇનકાર કરે છે અને હેવી દલીલ બતલાવવા માંગેચ કે શરવે વશતુ 'નેચર' એટલે જે તબીઅતથીજ ઉતપંન થાએ છે--એહેવા નઠારા લોકોને દીન ધરમ પાલનારા લોકો 'દેહરીઆ' તથા 'નાશટીક' કરીને કેહે છે."

પોતાના પત્રના છેવટના ભાગમાં શેઠ ડૉ૦ મુનશી સભાને તાનો મારે છે કે સભાની સ્થાપના વેળા તો એવો કાયદો ઘડવામાં આવ્યો હતો કે "આએ શભામાં માજદીઅશની અથવા જુદદીન લોકોના ધરમની વાતો તથા બાબદો વીશે કોઇ ધણીને ભાંજગડ કરવા દેવી નહી," ત્યારે "હવે આંખ ઉઘાડીને જુઓ કે ઉપર લખેઆ પરમાણે તમે તમારી કબુલીઅત કેવી રીતે બજવી—અફશોશ છે કે જે વાતનો તમોએ એકરાર કીધો હતો તે તમોએ તોડેઓ," ધર્મની બાબતો "ચુંથવા લાગેઆ" અને જરતોસ્તીઓને "મુરતી પુજનારા કેહવા લાગેઆ."

શેઠ ડૉ૦ મુનશી જોગો સભાનો રદ જવાબ.—સભા અને તેના સુકાનીઓ તથા તેના સરનશીન ઉપરના હુમલા તથા ઠપકા વગર ખબર લેવાવે પસાર થવા પામ્યા નહિ. એક તો શેઠ ડૉ૦ મુનશીએ કરેલી તાનાજની આપણા સુકાનીઓને ખોટી અને ભુલ ભરેલી જણાઇ તેથી પોતાના બચાવમાં તે ખોટી પાડવાની અગત હતી, અને બીજું તો મી૦ મુનશીએ પોતાનો કડવો જવાબ સઘળાં વર્તમાન પત્રોમાં છપાવી સભાની અને તેનાં કામની વગોવણીને વધારે જાહેરાંતી આપવાની તજવીજ કીધી હતી:—આ બે કારણોને લીધે સભાએ પોતાના આ હરીફને જતા નહિ મુકતાં તેમની તમામ તકરારો તોડનારો એક કડક રદ જવાબ આપવાનું દરૂસ્ત ધાર્યું. પણ કહેવાની જરૂર નથી કે આ જવાબ શેઠ નવરોજજી ફરદુનજી અને શેઠ સોહરાબજી શાપુરજી જેવા રાહબરોની આગેવાની હેઠલ કેવળ સલુકાઇ ભરેલો અને વિવેકી હતો; તે મધ્યમ ભાષામાં રચાયલો, દલીલોથી ભરપુર અને પોતાના હરીફે મુકેલાં તોહમતોનો ઇનકાર કરી તેમને તોડનારો હતો. સભાની કારોબાર મંડળીને લાગ્યું કે સભાની "શારી ધારણા તથા નેક મતલબનો ઇનકાર કરીને" શેઠ ડોસાભાઇ

એ "શભાના મીજલશીઓની શંગાથે શતરૂપણાનો ગાંઠ મજબુતીથી બાંધેઓય તે છુટવો મુશકેલ છે." મંડળીને વળી લાગ્યું કે પોતાનો જવાબ લખતી વેળા મી○ મુનશીએ "હશદ" "બદગુમાંન." "અદાવત," "ગેર શલુકાઇ," "બદ મનશની," "દુશમની," "તોછડાઇ," "બેદુારમતી" કામે લગાડીને એવું લખ્યું છે કે મી○ સો○ શાપુરજી બંગાળીએ તેમને લખી જણાવ્યું છે તેમ "તે ઉંપર તમો ફરીને ધીરજથી વીચાર કરશો તો તમોને પશ્ચતાવો ઉતપંન થાએઆ વીનાં રેહશે નહી હેવી હમારી ખાતરી છે." વળી બીજું એવું પણ લખ્યું છે કે "તમોએ જે રીતનો જવાબ હમારા ઉપર લખી મોકલવાને મુનાસેબ જાણેઉંય તે ઉપરથી તમારી ભલમણુશાઇ-શલુકાઇ તથા બુજોરગી વીશે હમો જે શારૂં મત ધરાવતા હતા તે મત ફેરવવાની હમોને ફરજ પડીય."

રાહનુમા સભાએ ઉઠાવેલાં કામ બાબે કોઇ નાવાકેફ અને બણુજાણુ શખ્સો કાંઇ કાંઇ ખોટા બુમાટા ઉરાડે છે અને ઠપકા આપે છે "તેહેવા બુમાંટા તથા ઠપકાનો એક શંઘરહ તમારા જવાબમાં તમોએ દાખલ કરીને તમારો આખો પતર ભરી કાહાડેઓય," એમ જણાવીને સભાના મુનશી મી○ ડો○ મુંનશીને લખે છે કે જોકે આ બધાંને હાલ ઉડેલી ફરવરદેગાનની તકરાર સાથ કશો અતલકનો સંબંધ નથી તેથી તેનો વિગતવાર જવાબ આપવાની સભાને ફર્જ જેવું કાંઇ ન હતું, "તોપણ હમારી શભા વીશે ચાલતી અફવા તથા બુમાટાનો વધારે ફેલાવો થાએ તેહેનો અટકાવ કરવા શારૂ તથા હમારા શતુરૂઓનું ખોટારૂં શઘલા શેઆણાં જરતોશતીઓને પુરતી રીતે બતલાવી આપવા શારૂ તથા તેઓએ ઉઠાવેલી બીજી તકરારનું ગેરવાજબીપણું દેખાડી આપવા શારૂ તમારા પતર મધે તમોએ દાખલ કરેલી શગલી તકરારનો તથા સઘળાં તોહ-મતોનો વીગતવાર શીલશીલાબંદ રદીઓ અએ પતરમો આપવાને હમોએ મુનાશેબ જાંણેઉંય."

અને ખરેખર શેઠ ડોસાભાઇ મુનશીની તકરારો અને તોહમતો અને ઠપકાઓના આપણી સભા તરફના આ રદ જવાબથી છાપેલા ૬૨ (બાસઠ) સફા ભરાયા છે. આ અતિલાંબા જવાબમાં કેટલીક નવીજ બાબતોનો સમાસ કરવામા આવેલો છે, જેમકે આપણી સભાએ પોતાની હસ્તીનાં પહેલાંજ વરસમાં તે વેળાની પારસી પંચાયતના અકાબરોની

મુરબ્બીગીરી મેળવવા માગી હતી, તથા મુકતાદ માંડવાની ક્રિયાને હિંદુઓના નોરતાંની ક્રિયા સાથ સંબંધ હોય એવું તેઓ વચ્ચેનું મળતાપણું વગેરે,–ને બાબતોને જુદાં મથાળાં હેઠળ જુદી પાડીને અહીં આપણ શેઠ ડૉ૦ મુનશીની દલીલો કેવી રીતે તોડવામાં આવી છે તેજ માત્ર ટુંકમાં જોઇ જઇશું.

સભાનું નામ—આ નામ રાખવા સામે ઉઠાવવામાં આવેલા વાંધાના જવાબમાં જણાવવામાં આવ્યું છે કે—"તમોએ જે પાએઆ ઉપરથી ઉપર જણાવેલી તકલીદી દલીલ ઉભી કરીચ તે બીલકુલ નાપાએદાર છે; કાંએ જે તમો હમોને પોતાનાં ધરમથી નાવાકેફ તથા ગાફેલ ઠેઅવોચ, પણ એ વાતની મુનશફી કાંઇ તમારા હાથમાં નથી, કાંએ જે તમો તો હમારા હરીફ તેથી અદાવતને લીધે હમારા વીશે જે કાંઇ બોલો તથા જે અભીપરાય આપો તે ઉપર ઇનશાફની રાહે ભરોશો રખાઇ શખાએ નહી; માટે એ વાતની મુનશફી શેઆણાં તથા દીનદાર જરતોશતીઓને હમો શોંપીએચ;" સભાના આગેવાનો "કેવી લીકત ધરાવેચ તથા પોતાના ધરમ વીશે કેહેવી અને કેટલી માહીતગારી રાખેચ તે વીશે મત આપવાનો અપખશપાત મુનશફોને અખતીઆર છે. તમો જેવા મુદઇને કશો અખતીઆર નથી; માટે એ બાબદમાં તમો જે અભીપરાએ આપો તે હરગેજ કશું વજન ધરાવશે નહી."

સભાના સુકાનીઓ—મી૦ મુનશીએ ઠપકો આપ્યો હતો કે "તમારી શભા માંહેલો કોઇબી શખશ જંદ ઇઆ પેહેલવી જુબાંન જાંણતો નથી તારે તમારા જેવા ગાફેલ જરતોશતીઓ માજદીઅશની ટોલાનાં લોકોને દીનનાં કામમાં કેહેવી રીતે રેહેનુમાંઇ કરી શકશો?" આનો જવાબ એવો અપાયો કે અવસ્તાવાણીનાં દફતરોના તરજુમા ગુજરાતી ભાષામાં થઇ ચુકેલા છે તેમનો અભ્યાસ કર્યાથી કોઇપણ જરતોસ્તી કહી શકે કે "આપણાં ટોલામાં કેટલીએક મુદત થાઇ ચાલતી આવેલી જુદદીનની અણઘટતી રસમો કે જે આપણાં મજહબની કીરીઆ સાથે આંમેજ થાઇ ગેઇચ તે રસમો વીશે આપણી દીન આઇનની કેતાબોમાં કોઇ જગોએ બએઆંન અથવા ફરમાંન આવેલું નહી હોએ તો તે રસમો તરક કરવાની આપણને ફરજ છે." એ અગતનું કામ જંદ પેહેલવીના તરજુમાઓની મદદથી "તથા

અવશતા અને પેહેલવી ભણેલા દીનઆગાહ દશતુરો એરવદો, તથા બેહેદીનોને પુછેઆથી તથા તેઓનો ફતવો લીધાથી તથા બીજી ઘણીએક રીતે ચોકશાઇથી ખોલ અને તપાશ કરેઆથી હમો શાબેત કરી શકીએચ, કે કેટલીએક અણઘટતી રસમો કે જે આપણા લોકો ઘણું એક થાએઉં અનજાંણપણાંથી ચલાવતા આવેઆય તે રસમો આપણા ખાલેશ મજહબ શંગાથે કશો એલાકો અથવા શંબંધ રાખતી નથી."

શેઠ ડૉ૦ મુનશીને તાનો-સભાની સ્થાપનાની આગમજનાં ઘણાંએક વરસો ઉપર મુંબઇમાં તે વેળા જાણીતા થયલા ક્રીસ્ટી ધર્મગુરૂ ડૉ૦ વિલ્સને જરતોશ્તી ધર્મ ઉપર ચુનોચરા અને મુજાહેમત કરીને પારસી કોમના ભારે દિલ દુખવ્યાં હતાં. તે વેળા શેઠ ડોસાભાઇ મુનશીએ ડૉ૦ વિલ્સનની વંદીદાદ ઉપરની ચુનોચેરાના જવાબમાં "તાલીમે જરતોશત" એ નામથી એક કેતાબ છપાવી બાહેર પાડી હતી, "તે મધે જંદ અવશતાની દલીલો બતલાવી આપી હતી." હવે તેમ કરતી વેળા આ ગૃહસ્થ "જંદ તથા પેહેલવી જબાનો જાંણવાથી તદન બેનશીબ હતા" તોપણ તેમણે જ્યારે "તે દાહાડા ઉપર દીન આઇનની તકરારો ચલાવી હતી" ત્યારે હાલ સભા તરફથી તેમને પુછવામાં આવ્યું કે "શું તમો એ કાંમ કરવાને લાએક અને શકતીવાન નહી હતા? એ શવાલનો તમોએ મેહેરબાંની કરીને જવાબ આપવો." આમ કહીને મી૦ સો૦ બંગાળી મી૦ મુનશીને સપડાવવા માંગે છે કે "તમોએ એ બેમાંથી એક વાત કરવી, તે એ જે તમારે ગમે તો 'તાલીમે જરતોશત' કેતાબને રદ કરવી, ઇઆતો તમોએ તમારાં પતરના બીજા પારેગરાફમાં 'રાહનુમાએ માજદીઅશના' શભા ઉપર જે ઠપકો મેલેઓશ તેહને તમારેજ હાથે રદ કરીને તમારી ચુક શુધારવી. એ બેએમાંથી એકબી વાત કરેઆ શીવાએ તમને કશો દીરગ અથવા છુટકો નથી."

મુકતાત નહી માંડવાનો સવાલ—મી૦ ડૉ૦ મુનશીએ એક તોહમત એવું મુકયું હતું કે "તમોએ મુકતાદ નહી માંડવાને વાશતે ઘણીએક નાલાએક કોશેશ કીધી—દશતુરોના ફતવા મોઘમમાં લીધા અને શભા મેલવી કે મુકતાદ માંડવાની જરૂર નથી અને હેતું કરવું તે દીનનું ફરમાન નથી." આના જવાબમાં તેમને જણાવવામાં આવ્યું કે "જરતોશતીઓ મુકતાદના દાહડામાં મારી તથા બેહેડાં

નહી માંડે એટલા શારૂં હમારી શભાએ જે કોશેશ કરીચ તે 'નાલાએક' નથી, પણ લાએક છે અને દશતુરોના ફતવા મોધમમાં નથી લીધા, શાફ ખુલ્લી રીતે લીધેલા છે." તે ફતવાઓની અને સભાએ "અવશતાની ગવાહીથી" અને બીજા મોતેબર દાખલાથી શાબેત કરી આપેઉચ કે "માંરી તથા બેહેડાં ની શનમુખ ઉભા રહીને પગે લાગે છે તથા તેહેની આગલ આપણી દીન ધરમની કીરીઆ કરાવે છે તે કરવું કાંઇ દીનનું ફરમાન નથી" આ બધાંથી "તમારા જણાવેઆ પરમાણે જરતોશતીઓમાં કાંઈ થોડી અશર થાઇ નથી, પણ ઘણી અશર થાઇ છે."

ધર્મની બારીક બાબત ચુંથવાનો સવાલ—શેઠ ડૉ૦ મુનશી તરફનો એક ઠપકો સભાને માથે એવો હતો કે "જરતોશતી ધરમની બારીક બાબનોને ચુંથેઆથી" "વધારે ચરચા કરેઆથી" તથા આગળથી "ચાલતી આવેલી દીનઆઇનની કીરીઆ કે જે તમો મેલાવી દેવા માંગોચ તે મેલી દીધાથી આગલ ચાલતાં મોટી ખરાબી થાશે," ઇત્યાદિ. આના રદ જવાબમાં સભાનો ઉત્તર એવો હતો કે આ તોહમત વગર આધારનું છે, કારણ કે સભાએ દીન આઇનની કોઇબી ક્રિયા મેળાવી દેવા માંગી નથી. "તમારા વગર આધારનાં બોલવાને કશું વજન મલતું નથી," કારણ કે "આપણા આગલા બુજરગોથી ચાલતી આવેલી દીન આઇનની કહી કહી કીરીઆ હમો મેલાવી દેવાડવા માંગીએચ તે કાંઈ તમોએ શાબેત કરી આપેઉ નથી," એરવદ ડૉ૦ મુનશી પાસે જો આ બાબેની કાંઇ સાબેતી હોયતો તે તેઓએ બતાવવી. સભાનો એવો એકરાર કરે છે કે દીનની જે ક્રિયાઓ બાબે દીનનું ઉંઘડું ફરમાન છે તે મુકાવી દેવાની તે તજવીજ કરતી નથી, કદી કરનાર નથી, તેવી બાબતોને તે ચુંથતી નથી, તે વીશે તકરાર કરતી નથી, "બલકે હમારી શભાએ કરેલા કાએદા મુજબ તે વીશે હમારેથી કોઈ વેલાએ તકરાર થાઈ શકે નહી," પણ "જે રશમો તથા જે કીરીઆ આપણા ધરમની નથી, તથા જે વીશે આપણને ફરમાંન મલેલું નથી, અને જે આપણને અણઘટતી તથા ગેરફાએદા ભરેલી નજર આવે તથા જેથી આપણા પવીતર ધરમને અપમાન મલે હેવી હોએ તે રશમો તથા કીરીઆ મેલાવી દેવાડેઆથી તથા કહડાવી નાંખેઆથી તમારા બતલાવેઆ મુજબ 'આગલ ચાલતાં ખરાબી થાએઆ' ને બદલે ઉલટો ફાએદો થાશે," "ટાલાને

માંન મલશે," અને "'કાચી વએના જુવાન પુરૂશોનું મંન આપણા દીન ધરમ ઉપરથી ઉઠી' ગીઆને બદલે આપણા ધરમની અશલી પવીતરાઈ વીશે તેઓની રાહાનુમાઇ થાએઆથી તેઓનાં મન આપણા મજહબ ઉપર વધારે લાગશે તથા તેઓનું ઇમાંન વધારે ઉશતવાર થાશે."

રાસ્ત ગોફતાર અને રાહનુમા સભા—શેઠ ડો૦ મુનશી એમ સમજેલા લાગે છે કે જે વરસમાં રા૦ મા૦ સભાએ જન્મ લીધો તેજ વરસમાં તેને જન્મ આપનારાઓએજ રાસ્ત ગોફતાર નામનાં અઠવાડિક પત્રને પણ જન્મ આપ્યો હતો, માટે તે પત્રમાં જે કાંઇ લખાણ આવે તે રાહનુમા સભાના લાગતા વળગતાઓ તરફનું જ હોવું જોઇએ. દાખલા તરીકે ઉપલા ગૃહસ્થ ઉપર સભા તરફનો પહેલે પત્ર લખાઇને ગયો ત્યારે રાસ્ત ગોફતારમા એજ બાબતના સંબંધમાં કાંઇક એવું લખાણ આવ્યું હશે કે જેને શેઠ ડોસાભાઇ પોતાની "ઠેકડી" અને "ઠઠા મશખરી" ભરેલું સમજયા અને તે લખાણ રાહનુમાના સરનશીન અને મુનશી વગેરે તરફથીજ લખાયલું ગણીને તેમને ગળે પડયા. પોતાનો આ ખોફ તેઓએ સભા જોગા પોતાના જવાબમાં જાહેર કીધેલો આપણે ઉપર જોઇ ગયા છિયે. પણ તેના સંબંધમાં સભાનો ખુલાસો માનવા જોગ હતો. તેના તરફથી જણાવામાં આવ્યું કે તમે "હમારી શભા ઉપર તથા હમારી શભાના શરનશીન ઉપર મેલેલો ઠપકો બીલકુલ ખોટો તથા વગર પાએઆનો છે તે વાત ભરોશો રાખવા જોગ દાખલા તથા દલીલોથી હમો શાબેત કરી આપીએચ." આમ કહીને સભા તરફથી જણાવવા માં આવ્યું કે રાસ્ત ગોફતાર પત્ર "હમારી શભાના આશરા હેઠલ ઉભું થાએઉં અથવા જનમ પામેઉં નથી અને તેહેમાં હમોએ ઠેકડી અથવા ઠઠા મશખરી કરી અથવા કરાવી નથી." વલી શેઠ દાદાભાઇ નવરોજજીએ તા૦ ૧૫ મી નવેમ્બર ૧૮૫૧ ને દિને એ પત્ર પહેલું સ્થાપ્યું તેમને પુછાવી જોતાં તેઓએ સભાને લખ્યું કે "એ વાત તદન ખોટી છે. રાશત ગોફતારનાં ઉભા થવામાં રાહનુમાએ માજદીઅશનાં શભાએ કશી પણ પરકારનો એલાકો નહી હતો." એજ રીતે વળી રાસ્ત ગોફતારના તે વેળાના અધિપતિ શેઠ જાંહગીરજી બરજોરજી સભાની પરપુછના જવાબમાં લખે છે કે શેઠ ડોસાભાઇએ પોતાના

સંબંધમાં થયલી ટીકા માટે જે ઠપકો સભાને આપ્યો છે તે "બીલકુલ ગેરવાજબી વગર પાએઆનો છે. 'રાશત ગોફ્તાર' રાહનુમાએના આશરા હેઠલ ઉભું થાએલું નથી. બીજું હમારા પતરમાં અંધેઆરૂ ડોશાભાઈની ચાલ તથા વીચાર ઉપર જે ટીકા થાએઆય તેહેનો શંધો જોખમ હમારે માથે છે અને તેહેની અંદર રાહનુમાંએ કશી રીતે શામેલ નથી."

આ ખુલાસા ઉપરાંત સભાએ પોતાની તરફથી વિશેષ એમ જણાવ્યું કે કેટલીક વાર રાસ્ત ગોફ્તારે સભાથી જુદું મત આપેલું છે અને સભાની વિરૂધમાં તકરાર કીધી છે તે પરથીબી જણાય છે કે "એ પતર કાંઇ હમારૂં અથવા હમારી શભાના આશરા હેઠલ ઉભું થાએલું નથી." વળી શેઠ ડોસાભાઇને શેઠ નવરોજજી ફરદુનજી સાથે પાછળથી ઉપલી "ટેકડી" અને "ઠઠા મશખરી" ના સંબંધમાં ખાનગી તકરાર થાઇ હતી ત્યારે પણ "તમોને હમારા શરનશીને શાફ ઉઘાડી રીતે કહું હતું જે 'રાશત ગોફ્તાર કાંઇ હમારૂં પતર નથી અને એ પતરને હમારી શભા શંગાથે કશો શંબંધ નથી.' એ એકરાર ઉપરથી તમોને તમારી ચુક શુધારવાની ફરજ હતી તેમ કીધાને બદલે તમો મમતથી પોતાની ચુકને વલગી રેહોય તથા તે ઉપર અમલ કરીને તેહેનાં આધાર ઉપરથી તમારા પતરમાં એક નકામી તથા તકલીદી દલીલ ઉઠાવોય તે તમને ઘટે નહી." આમ રોકડું પરખાવીને સભાએ પોતાના આ હરીફને સલાહ આપી કે તમને જો કાંઇ વાંધો હોય તો રાસ્તના અધિપતિને પુછવું યા તેનીસાથ તકરાર કરવી, પણ "હમારી શભાને ગલે પડીને બદનામ કરવું નહી."

સભા ઉપર નાસ્તિકપણાંનો વાંક—ધર્મમાં જે જે ક્રિયાઓ ફરમાવેલી હોય તે ઉપરાંતની જુદદીન લોકો સાથના સમાગમથી આપણા લોકોમાં ધર્મ તરીકે દાખલ થવા પામી હોય અથવા આપણી ક્રીયાઓ સાથ ભેળભેળ થઈ ગઇ હોય તેવી બીજી ક્રીયાઓ કહાડી નખાવવાની સભાએ ભલામણ કરવાથી શેઠ ડો. મુનશી તેના ઉપર એટલા બધા છેડાંઇ પડયા કે તેના સર્વ લાગતાં વળગતાઓને બીજાં હલકાં વિશેષણો ઉપરાંત "નાસતીક" ગણવાને પણ ચુકયા નહિ. બેશક આ તોહમતનો રદ જવાબ પોતાની સર્વ શકિત કામે લગાડીને સભા તરફ-

અપાવો જોઇએ તેમજ આપવામાં આવ્યોછે. આ "ગુશ્શામાં આવીને" "શરત્રેથી મોહોટું તોહમત" મેળાયુંછે તે "બીલકુલ ખોટું અને વગર આધારનુંછે" એમ જણાવીને સભા લખેછે કે આ તોહમત ઉપરથી "શાફ ઉઘાડું માલુમ પડેચ કે તમો હમોને બરહક માજદીઅશની મજહબનો તથા એ મજહબનાં બરહક ફરમાન તથા રાહ રશમ અને કીરીઆના ઇનકાર કરનારા ઠેડવોચ એટલુંજ નહી પણ આપણા પેદાનાં કરનાર પાક પરવરદેગાર કે જેણે આપણી રાહનુંમાઇને શાફ પેગમબર હજરત જરથોશતની મારફતે અશો માજદીઅસની દીન મોકલીચ તે શાહેબની ઇઆને દાદાર હોરમજદની હશતીનો ઇનકાર કરનારા 'નાશતીક લોકોમાં હમોને શામેલ કરોચ અને તમારા બેહુદા ખેઆલ મુજબ હમો એવાતો 'કુફર' છઇએ કે ખોદાતાલાનેબી માંનતા નથી અને તે કામેલ કુદરતનાં ખાવંદનો બીલકુલ ઇનકાર કરીએચ."

આ જબુન તોહનતથી તે વેળા આપણા સુકાનીઓને જરતોસ્તી ટોળા વચ્ચે ભારે ખેજાલત લાગી હોય એ બનવાજોગ છે, અને તેથી તેવાજ કઠણ શબ્દોમાં શેઠ ડોસાભાઇને લખવામાં આવ્યું કે "દીનદાર જરતોશતીઓને જાણીબુજીને શતાવવા તથા તેઓને વગર કારણે ફજીહત તથા રૂશવા કરવાની ધારણાથી તમોએ હમારી આબરૂ ઉપર "હેવો ના લાએક હોમલો કરેઓચ તેથી તમો ગુનેહગાર થાએઆચ તે ગુનાહની તોજેશ કરવી તમોને શજાવારછે." મહોડેની તકરાર દરમિયાન "હેવા બદ શખુન પછી તમોને પશતાવો થાતે" અને "હમો તે વાતની દરગુજર કરતે પણ તમોએ જાંણીબુજીને હેવા બદ શખુન હમારા વીશે તમારા પતરમા એકથી વધારે જગોએ લખેઆચ એટલુંજ નહી પણ તે પતરને અતરેનાં શગલા ગુજરાતી વરતમાંન પતરેમાં છપાવી પરગટ કરીને આલમને આશકારો કરેઆચ અને શીધી રીતે તકરાર કરવાનું કામ પડતું મેલીને તથા તમોએ પોતાની 'દીન દોશતી' તથા નેક મનશાીને દુર કરીને કપટ તથા અદાવતથી હમારી શંગાથ હેવી નાં-લાએક ચાલ ચલાવીચ તે વીશે પશતાવો કરીને તમોને પોતાની દલગીરી જાહેર ર તે કહી જણાવવાની ફરજછે." છેવટે સભા તરફથી જણાવવામાં આવ્યું કે "હમોએ કરેલા એકરાર ઉપરથી તથા હમારી શભાએ છપાવી પરગટ કરેલાં શઘલાં ચોપાનીઆંની શાખશી ઉપરથી શઘલાંઓ-

ની ખાતરી થશે જે તમારા કહેઆ મુજબ હમોએ કાંઇ 'સુરી' 'દેહેરીઆ' અથવા 'નાશતીક' લોકોના જેહેવા વીચાર અખતીઆર કરીઆ નથી અને તમારા કહા મુજબ હમોએ કાંઇ 'લોકોના મનમાં નઠારા વીચારો ઉતારવા તથાં દીનની ખરાબી કરવા ઉપર કમર બાંધી નથી અને હમો કશું 'નાલાએક કામ' કરવા માગતા નથી."

મુકતાત બાબે દસ્તુરોના અભીપ્રાય—ફરવરદેગાનની ક્રિયા બાબે સભાએ પોતાની તરફનાં ખુલાસા પછી દસ્તુરો વગેરેનાં મત અને અભિપ્રાય લખાવી મંગાવી પ્રગટ કીધા હતા તે કામ પણ શેઠ ડો. મુનશીને ગમ્યું નથી. તેમને એવું લાગ્યું કે આ મતો દસ્તુરોએ ખુલાસાવાર નહિ પણ મોગમ આપ્યાં હતાં; અથવા તેમના પોતાના સમજાવ્યા પ્રમાણે સભાએ દસ્તુરોને "માતરે એટલુંજ પુછેઉં કે મુખતાદ કીરીઆ એટલે જે ભણવા ગણવાનું શી રીતે કરવું અને તેટલુંજ માતરે તે લોકોએ બતલાવી આપેઉંચ."

પણ આમ સમજવા અને સમજાવવામાં શેઠ ડોસાભાઈએ ભુલાવો ખાધેલો જણાયછે. સભાએ પોતાના રદ જવાબમાં તેમને જણાવ્યું તેમ સભાએ એક નહિ પણ બે મરતબે દસ્તુરો જોગા પત્રો લખીને તેમના અભિપ્રાય માંગ્યા હતા. પુછાયલો સવાલ એવો હતો કે ફરવરદેગાનના દીવસો ઉપર "આપણી ભલી દીનનાં ફરમાંન મુજબ આપણને શું શું કીરીઆઓ કરવી ઘટેચ અને દીનનાં દફતરોમાં તે બાબેનો હોકમ શુંછે?" આ કાંઇ મોગમ નહિ પણ ખુલ્લો સવાલ છે અને તેના જવાબો ખુલ્લા ખુલાસાવાર અપાયલાછે. સભા રદ જવાબમાં લખેછે તેમ "કીરીઆ કાંઇ ફકત ભણવા ગણવાને કેહેતા નથી." પોતાના બીજા પત્રમાં સભાએ દસ્તુરોને ખુલ્લા શબ્દોમાં પુછ્યું હતું કે તેણે મુક્તાતની બાબતમાં જે ખુલાસો પોતાનાં ચોપાનિયાના ૯મા અંકમાં આપ્યો હતો તે "બોલાશો તમોને વાજબી—ઘટતો અને આપણી બરહક માજદીઅશની દીનનાં ફરમાંન મુજબ ઇઆ આપણા મજહબ તથા શરીઅતથી ઉલતો બર ખેલાફ અથવા ગલત નજર આવેછે અને તે વીશે તમારો વીચાર શુંછે તે દીન દોસ્તીની રાહે જણાવવું." આના જવાબમાં દસ્તુરોએ જે કાંઇ લખી જણાવ્યું તેનો ટુક સાર આ પ્રમાણેનો છે—

દસ્તુર અરદેશરજી બિન મુલ્લા રૂસ્તમજી લખેછે કે—"...... અને તમોએ જે ખોલાશો ચોપ.નીઆંમાં બતલાવેઓ છે તે દીનની શરીઅત મુજબ બરાબરછે."

દસ્તુર પેશુતનજી બેહેરામજી સંજાણા લખેછે કે ઉપર પ્રશારો કરેલો ખોલાશો "વાજબી અને ઘતતો તથા દીનનાં હોકમ મુજબ નજર આવેછે."

દસ્તુર પેશુતનજી અસ્ફંદિયારજી કામદીનજી કે જેઓ શેઠ ડોસાભાઇ મુનશીના બેશી હતા તેઓએ સભાને લખ્યું હતું કે "તમારૂં ચોપાનેઉ શરવે કોઇએ પશંદ કરેઉંછે."

સુરતવાળા મોદીજી શેઠ એદલજી ખુરશેદજી "કે જે ઘરશથ (સભા મુનશીજીને લખેછે કે) હમારા ધારેઆ પરમાણે આપણી દીન આઇનની તમારા કરતાં વધારે માહીતગારી ધરાવેચ" તેઓ લખેછે કે "હમોએ તમારો રેશાલો મજકુર અછી તરાંથી વાંચી જોઇ ઘણા ખુશી થાએઆ જે તમોએ આપડી દીનની ખરી હકીકતનો ખુલાશો કરવા પછવાડે ઘણી શારી કોશેશ કરીછે, અને એ મુખતાદના દાહાડાઓમાં દીનનાં ફરમાન કરતાં જેટલું વધારી મુકેઉંછે તે શાફ બેજા ને અણઘટ્ટુંછે તેમાં શક નહી."

ભરૂચવાલા એરવદ કેખુશરો પેસ્તનજી વકીલ લખેછે કે "હાલનાં ચોપાનીઆંને માંન આપવા ટુક વશતીમોંનાં ઘણા જરતોશનીઓ ઈછા ધરાવેછે કે મુકરર બેહેડાં નહીજ માંડવાં."

એરવદ અસ્ફંદિયારજી ફરામજી રબાડી "કે જે ઘણીને મુખતાદની બાબદમાં ખુલલી રીતે પુછેલા કેટલાએક શવાલોના વાગવાર જવાબ હમારી શભા ઉપર લખી મોકલેઆચ" તેઓ લખેછે કે—"મુખતાદના દાહાડામાં પાણીનાં બેહેડાં ભરવાને તથા શીશા ભરવાને તથા મ.રીમાં મેવો વગેરે મેલી રાખવાને માજદીઅશ્નની દીનનું કશું ફરમાન નથી."

દસ્તુર પેશુતનજી બેહેરામજી અને રાહનુમા સભા—શેઠ ડો. મુનશીને સભાનાં સઘળાંજ કામો કાળાં કાળાં દેખાયાંછે તેમ તેમને એવું પણ લાગ્યું કે દસ્તુર પેશોતનજી બેહેરામજી સંજાણા જેઓ તે સમય (૧૮૫૪)માં ઘણા જવાન હોવા જોઇએ તેમણે સભાને જે મત લખી આપ્યું હતું તેમાં તેઓએ ભુલ કાધી હતી. મી.

મુનશી સભાને લખેછે કે "તે જવાન દશતુરે પોતાની દલગીરી કહી જણાવીચ કે માહાચ આપેલા હેવા ફતવામાં મારી મોહોટી ગફલત થઇછે, અને તે બીજું એ કેહેછે કે તે દશતુરે પોતાની ખુશીથી જે જવાબ લખેઓ હતો તે જવાબમાંથી તમારા શરનશીને પોતાની મતલબ પાર પાડવાના કારણ શર કેટલીએક વાતો વધરાવીચ તથા કેટલીએક વાતો કહાડી નખાવીચ કે જે વાતો તેહેનાં કાગજમાં રહી હોને તો શરવે કોઇની ખાતરી થઇ હતે કે મુખતાદ માંડવાનાં કારણ શર એક એલાહેડી જગો બનાવવી જોઇએ—ચોખાં પાંણીના વાશણો ભરી રાખવાં જોઇએ—ફુલ અને મેવો મેલવો જોઇએ."

ઉપલાં તોહમતનો રદ જવાબ આપ્યા આગમજ આપણી સભાના સરનશીન શેઠ નવરોજજી ફરદુનજીએ દસ્તુર પેશોતનજી બેહરામજી ઉપર એક પત્ર લખીને જાણુવા માંગ્યું કે મી. ડો. મુનશીએ જે કાંઇ લખ્યું હતું તેમાં કાંઇ પણ સચ્ચાઇ હતી કે ? આના જવાબમાં આ જવાન દસ્તુરે ખુલ્લા શબ્દોમાં ઉપલું તોહમત ખોટું પાડતાં જણાવ્યું હતું કે-"તે વાંચેઆથી હમો અતી ઘણા હેરત થાએઆ છઇએ જી. મુનશી શાહેબ હાવા ફાજેલ શખશ થાઇને હમારે નાંમે કેટલીએક ઉડતી અફવા શાંભલી તે ઉપર પોતાનો પાએઓ બાંધી જે બીના લખેચ તે વાંચી હમો ખરેખર દલગીર છેઈએ. હમોએ કોઇ જગોએ અને કોઇ ઠેકાંણે હેવું નથી કહીઉ કે જેથી મુનશીજી શાહેબને હમારે નાંમે લખેલા ફકરાને કંઇબી વજન મલે." વળી તેઓએ છેવટે એવું પણ લખ્યું હતું કે "હમોએ રાહનુમાએવાલાવોને મુખતાદ બાબે જે કાંઇ લખી આપેઉચ તેહેમાં ઉતાવલને લીધે કેટલોએક ખોલાશો કીધો નથી તેથી હમો દલગીર છઇએ." દસ્તુર પેશોતનજીના આ જવાબથી પોતાના હરીફને વાકેફ કરતી વેળા સભાએ તેમને આમ લખીને ખોટા પાડયા છે કે સાંભળવામાં આવેલા કોઇ બુમાટાની "શચાઇ અથવા ખોટાશ વીશે કશી ચોકસાઇ કરે આ વીનાં તે ઉપર ભરોશો લાવીને તમોએ જે વાત...જાહેર કરીચ તે વાત કશી રીતે માંનવા અથવા ભરોશો રાખવા જોગ નથી. માટે ઉપલા દાખલા ઉપરથી શાબેત થાએચ કે હમારા શરનશીને ઉપર કહેલા દશતુરના પતરમાંથી કાંઇ વાતો કહાડી નખાવી નથી તથા તેહેમાં ફેરફાર કરાવેઉં નથી,......બેહેરા માંડવાનો દીનનો હોકમ છે

હેવું દશતુર પેશુતનજીએ કોઇ વેલાએ કહ્યું નથી, અને હજુબી એ જવાન દશતુરનો એજ અભીપરાએ કાએમ છે."

મી૦ ડૉ૦ મુનશીના જણાવ્યા પ્રમાણે સભાએ પોતાની સ્થાપના પછીનાં પહેલાં વરસમાં દહેરાં અને મસ્જીદમાં માનતા ચઢાવવા તથા રાંદેલ, છઠી, અને ચોખ્યાર ભરવાના જુદ્દીન વહેમો સામે મજબુત લડત ચલાવી હતી તે જેમ બીજા જરતોસ્તીઓને તેમજ આ ગૃહસ્થને પસંદ પડી હતી, પણ પાછલથી સભાવાળાઓ "ધરમઆચાર ઉપર વેલા વીચારો આપવા અને રવાંનોની ફીરીઆ કરમોનાં કાંમ ઉપર મુજાહેમત કરવા તથા શક લાવવા લાગા અને ખાજાં, શીંગરની નજીવી ભાંજગડ લઇ બેઠા." આ બન્ને વાતો સભા પોતાના રદ જવાબમાં ખોટી પાડે છે. તે લખે છે કે "હમારાં કાંમને બીજા ઘણાએક લોકો એ પશંદ કરેઉં હતું, પણ તમોએ કોઇ વેલાએ હમારૂં કાંઇબી કાંમ પશંદ કરેઉં નથી, અને જેવારથી હમારી શભા નીકલીચ તેવારથી તે છેક હવડાં શુધી તમો હમારી વીરૂધમાં મત આપતા આવેઆચ... હમારી શભાનું કાંમ શરૂ થાએઉં તેવામાંજ તમોએ આપણી કોમના અકાબરોની આગલ હમારી શભાની બદગોઇ કરી હતી અને વલી તેજ વેલાએ રાંદેલ છઠી વગેરે બીજી હેવી અણઘટની રશમો કાહાડી નાખવાનાં કાંમમાંબી અકાબરોએ હમારી શભાને કશો આશરો આપવો નહી હેવી રીતે તમોએ આપણી કોમના અકાબરોની આગલ મત આપેઉ હતું."

વળી સભાએ એમ પણ જણાવ્યું કે "ધરમઆચાર ઉપર પછવાડેથી અથવા કોઇ વેલાએ હમોએ 'વેલા વીચારો' આપેઆ નથી, તથા રવાંનોની ફીરીઆ કરમોનાં કાંમ કે જે વીશે આપણી દીનનું ફરમાંન છે તે કાંમ ઉપર હમોએ કોઇ વેલા 'મુજાહેમત' કરી નથી તથા 'શક લાવેઆ' નથી. માટે તમો એ વીશે જે કાઇ ઉપલા ફકરામો લખોચ તે બીલકુલ ખોટું છે."

વળી "રવાંનોની નઇઅને તેઓના રોજગારને દીને તથા મુખતાદના દાહાડાઓ ઉપર આપણાં જરતોશતીઓ નાણાની મોહોટી રકમો ખરચીને તરેહ તરેહની મીઠાઇ તથા પકવાંન બનાવે છે અને પોતાનાં શગાં વાહાલાં તથા દોશતોને તાંહાં મીઠાઇઓનાં ભોણાં મોકલે છે તે પ્રમાણે કરવાનું

આપણી દીનમાં કોઇ જગોએ ફરમાન આવેલું નથી માટે એ બેજા, અણુઘટતો તથા નકામો ખરચ કાહાડી નાખવાની હમારી શભાએ જરતોશતીઓને ભલાંમણ કરી હેમાં તેઓએ 'નજીવી ભાંજગડ' કરી હેવું તમારીથી અથવા કોઇબી વીચારવાલા પુરૂશથી કેહેવાઇ શકાશે નહી.' આમ લખીને સભા ખુલ્લું જણાવે છે કે એમ કરવાની "રસમ દેખઇતી જુદદીન લોકેની છે." છેક ૧૮૨૩ નાં સાલમાં યાને આપણી સભાની સ્થાપનાની ૨૭ વરસ આગમજ તે જમાનાની પંચાયતના શેઠયાઓએ એજ બાબતમાં કરેલા બંદોબસ્તનો દાખલો આપીને સભાએ શેઠ ડોસાભાઇને લખ્યું કેઃ—

"વલી આપણી કોમની આગલી પંચાએતનાં બુજોરગવાર અકાબર શાહેબોએ આપણા શઘલા જરતોશતીઓને વાશતે શને ૧૮૨૩ ઇશવીની શાલમાં કરેલા બંદોબશત મધેનાં ૧૨ માં બંદોબશતમાં તેઓ શાફ ઉઘાડી રીતે ફરમાવે છે જે રવાંનોનાં રોજગારને દીને મીઠાઇ તથા ખાણું પકાવીને એક બીજાને ઘેર આપણાં લોકો મોકલે છે તે કાંઇ આપણી દીનમાં ફરમાંન નથી માટે તેહેવું કરવાની તે વખતના અકાબર શાહેબોએ આપણા લોકોને મનાઇ કરીચ તે ઉપરથીબી શાબેત થાએચ કે રવાંનોની નઇઅને મીઠાઇ કરવાની તકરાર કાંઇ તમારા બતલાવેઆ મુજબ આગલી પંચાતના અકાબરોએ 'નજીવી' વીચારીતી નહી, બલકે ઘણી અગતની વીચારીને એ અણુઘટતી રશમ બીલકુલ કાહાડી નાખવાનો તેઓએ બંદોબશત કરેઓ હતો."

સભા ઉપર છાપામાં ટીકા—રાહનુમા સભાની સ્થાપના જુના વીચારના પારસીઓને પ્રથમથીજ ભડકાવતી આવી છે, અને વર્તમાન પત્રવાળાઓ પોતાના ખાનગી આચાર વિચાર જુદા હોવા છતાં જુના વિચારનાં લોકોને પંપાળવાનો ધંધો લઇ બેઠા હોય તેમને પણ સભાનાં સુધારાનાં કામો ફાયદેમંદ છતાં ખોટાં અને ખરાબ લાગે તેમાં નવાઇ નથી. સભાના જન્મ વેળા મુંબઇમાં એક બે નહિ પણ અગ્યાર ગુજરાતી પત્રો પ્રગટ થતાં હતાં અને તે સઘળાં પારસી કલમથી લખાતાં હતાં. મી૦ ડૉ૦ મુનશીએ સભાને તાનો માર્યો કે "આપણાં દીનદાર લોકો તમારાં હેવાં (એટલે સુધારાનાં) અણુઘટતાં કામને જાહેરમો તથા ખાંનગી મજલેશોમાં તથા વરતમાંન પત્રોમાં ધીકારવા લાગા" હતાં. પણ આ

તોહમતની સચ્ચાઇ સભાએ પોતાની તરફના ૨૬ જવાબમાં "બનાવટ" કીધેલી ગણીને જણાવ્યું કે અમારાં કામથી "તમારા શીવાએ અને તમારા જેહેવા થોડાએક" સિવાય બાકીના કોઇ નાપસંદ કરતા નથી. "અતરે ૧૧ ગુજરાતી વરતમાન પતરો હાલમાં છપાઈ પરગટ થાએચ તે મધેનાં માતરે એકુ બેએ વરતમાન પતરોના પરવરતાવનારાઓ હમારી શભાએ ઉઠાવેલાં કામને હાલમાં ધીકારેચ તથા હમારા ઉપર અણુઘટતો હોમલો કરેચ તે વાત હમો કબુલ કરીએચ; પણ તે વરતમાન પતરવાલાઓની આબરૂ તથા ખાશીઅતથી આપણાં ઘણાં ખરાં જરથોશતીઓ જાંણીતા છે તથા તેઓના લખવા ઉપર અથવા તેઓએ જુદી જુદી વેલાએ આપેલા એક બીજાથી ઉલટા અભીપરાએ ઉપર તમારીથી અથવા બીજા કોઇ ધણીથી ભરોશો રખાઇ શકાશે નહી હેવું હમો ધારીએચ; કાંએજે તમોને માલુમ છે કે ઉપર કહેલા ગુજરાતી વરતમાંન પતરોનાં અધીપતી પોતાના વીચાર વગર કારણે પવનની પઠે ફેરવેચ અને જેહેવો શમો જોએચ તેહેવી વાત કરેછ તથા એક મારગી લોકોની નીનદા છાપીને તેઓને શતાવવાનો પેશો લઇ બેઠાચ, તેહેવા લખનારાઓએ તરણ વરશ ઉપર હમારી શભાની ઘણીએક તારીફ તથા વખાંણ છાપી હતી તે વાંચીને જેમ હમો ખુશી થાએઆ નહી હતા તેમ તેઓએ હાલમાં થોડુંએક થાએઉં છાપેલી હમારી ગીબત તથા નીનદા તથા હમારા ઉપર કરેલા નીલાજરા અને નાલાએક હોમલા વાંચીને હમો દલગીરબી થાતા નથી."

ધર્મની બાબતો ચુંથવાનું તોહમત—સભાની હસ્તીના જે જમાનાની આપણ વાત કરિયે છિયે તે વેળા શેઠ ડો૰ મુનશી જેવા ધણીએ પણ ધર્મ અને રસમ વચ્ચે કશો તફાવત નહિ સમજતાં એ બન્નેને ધર્મનુંજ નામ આપતા હતા. આવી ભુલમાં ગોતું ખાઇને આ ગૃહસ્થે સભાના સુકાનીઓ ઉપર તોહમત મુકયું કે પારસી કે જુદદીન કોઇ પણ ધર્મ ઉપર ચુનોચરા કરવામાં આવશે નહિ એવો જે એકરાર સભાએ કીધો હતો તે આવી બાંજગડ ઉઠાવીને તેણે પોતેજ તોડયો છે. પણ આ તોહમત ખોટું હતું, એટલુંજ નહિ પણ તે સાબેત કરવા માટે મી૰ મુનશીએ સભાનો જે કાયદો ઉતારી લીધો હતો તેનો પાછળો અગત્યનો ભાગ તેઓએ મેલી દીધો હતો. પોતાના

આ હરીફ તરફનાં આ કામને "એક ઘણુંજ નાલાએક તરકટ" નું નામ આપતાં સભાએ તેમને લખી વાળ્યું કે અમારા "કાએદાનો અરધો ફકરો તમોએ જાહેર કરેઓય અને કાએદાનો બાકીનો અરધો ફકરો કે જે ઘણોજ અગત્યનો છે અને જેહેમાં એ કાએદાના પેહેલા અરધા ફકરાનો વીગતવાર ખોલાશો કરેલો છે તે ફકરો તમોએ મેલી દીધોય" અને "જાંણી બુજીને અખાડા કરી ગએઆય, કે તેવું કરેઆથી અનજાંણ્યાં લોકો ભુલાવો ખાએ તથા તમોએ હમારી સભા ઉપર મેલેલો ઠપકો લાગુ પડે અને હમારી શભાને બદનાંમી મલે." શેઠ ડોસાભાઇએ "આ શરતાપા ખોટો ઠપકો" આપ્યો છે એમ જણાવીને સભાએ તેઓ જોગા પોતાના પત્રમાં ઉપલો તકરારી કાયદો ઉતારી લીધો છે, જેનો જે ભાગ મી૦ મુનશીએ પોતાની મતલબને પેશ પડતો જોયો છે આ પ્રમાણેનો છે—

"એ શભામાં માઝદીઅશની અથવા જુદદીન લોકોના ધરમની
"વાતો તથા બાબદો વીશે કોઇ ઘણીને ભાંજગડ કરવા દેવી નહી."

આને લગતો બાકીનો જે ભાગ મી૦ મુનશીએ મેલી દીધો હતો તે આ પ્રમાણેનો છે—

"એ શભાની મુલ મતલબ એટલીજ છે કે જરથોશતીઓની
"કોમમાંથી જે જે અણઘટતી રશમો કાહાડી નાંખવાનો વીચાર હોએ
"તે રશમો જરતોશતી મજહબ શંગાથે તાલુક રાખે છે કે નહી તે
"વીશે તકરાર કરવી તથા તે રશમો કાહાડી નાંખવાનાં ઘટતા ઉપાએ
"કરવા."

આ ઉતારો કરીને સભાએ બતાવ્યું કે શેઠ ડોસાભાઇએ જે ફકરો મુકી દીધો હતો તે પણ જો ઉતારી લીધો હતે તો તેમની તકરારને વજન મળતેજ નહિ, અને તેમણે સભા ઉપર એકરાર તોડવાનો જે ઠપકો મુકયો હતો તે "બીલકુલ ખોટો તથા વગર પાએઆનો નજર આવતે," કારણ કે તે ફકરા પ્રમાણે તો અણઘટતી જે રસમો ધરમને નામે દાખલ થઇ હોય તેમને મજહબ સાથે કાંઇ પણ તાલુકો છે કે નહિ અને તે કહાડી નખાવવી જોઇએ કે નહિ તે બાબે તકરાર ચલાવવાને સભાને પુરતી છુટ હતી.

આ રીતના "ખોટા ઠપકા" અને "બોહોતાંનો," "ઇઉકતીઓ" અને "બનાવટો" મી૦ ડો૦ મુનશીના પત્રમાં અનેક છે, જેમના સંબંધમાં સભા પોતાના બુજર્ગ વીરોધીને ખુલ્લું જણાવે છે કે "તમો ગમે એટલી બનાવટો કરશો તેથી ખરાંનું ખોટું થાઇ શકશે નહી." પોતાની ઉપરના સર્વ હુમલાઓનો ખુલાસાવાર જવાબ લખી વાળ્યા પછી સભાના મુનશી શેઠ સો૦ શા૦ બંગાળી પોતાનો અતિ લાંબો પત્ર બંધ કરતાં શેઠ ડો૦ મુનશીને ભલામણ કરે છે કે:—

"તમોને ઘટેચ કે આએ હમારા જવાબ ઉપર શારી પડે ધેઆંન પોહોંચાડો, અને તમથી થાએલી ચુક શરવે વાજબીની રાહે કબુલ કરીને શુધારો, તથા હમોને તથા હમારી શભાને વગર કારણે માઠું બોલવા તથા હમારી નીનદા કરવાનાં કાંમથી હવે પાછા હટો."

પણ આ રદ જવાબ એટલો મજબુત સાબેત થયો કે શેઠ ડો૦ સો૦ મુનશીએ તેની પાછી ખબર લેવાની હિમત કીધીજ નહિ, જેથી સભાનો બોલ ઉપર રહ્યો અને તેના બીજા હરીફો તુરત વેળા ચુપ થઇ ગયા.

પંચાતના અકાબરોનો આશરો મેળવવા માટે સભાએ કરેલી અર્જી—એવું જણાય છે કે આપણી સભાની સ્થાપના પછી તેણે માથે ઉઠાવેલાં કામમાં તેને પારસી કોમ તરફથી જેવી જોઇયે તેવી ઉલટ કે મદદ મળી ન હતી. આથી સભા નિરાશ તો થઇજ નહિ, પણ તેને લાગ્યું કે જો પંચાયતના અકાબરો સભાની મુરબ્બીગીરી કબુલ રાખે યાને તેને પોતાના આશરા હેઠલ લે તો તેથી અનેક ફાયદા થાય, અને જે સંસાર સુધારાનાં કામો સભાએ ઉપાડી લીધાંછે તે પાર ઉતારવાનું ઘણું સહેલ થઇ પડે. આમ ધારીને સભા તરફથી અકાબરો ઉપર બે અર્જીઓ મોકળવામાં આવી. બીજી અર્જી મળ્યા પછી અકાબરોએ પોતાની બેઠક દરમિયાન મસ્લેહત કરવા માટે સભાની કારોબાર મંડળીના બે અધિકારીઓને નોતર્યા, તકરાર ચાલી, સઘળા ખુલાસા થયા અને શેવટે આ વાત બંધ પડી. પંચાયત જોગી સભાની અર્જી આ રીતે અધુરે ગયાની ખબર તે વેળાનાં "જામે જમશેદ" પત્રને પડી, જે ઉપરથી તેના અધિપતિ અથવા માલેકને સભા ઉપર હુમલો કરવાની નવી તક મળી. "જામે" અને "મુંબઇ ચાબુક" આપણી સભા

તરફ મુતલક દિલસોજી ધરાવતાં નહતાં અને જયાર ત્યાર તેનાં કામોને, તેના સુકાનીઓને અને તેના સરનશીનને વગોવતાં હતાં. તા૦ ૧૭મી નવેમ્બર ૧૮૫૨ના પોતાના અંકમાં જામેએ અકાબરો સાથની ઉપલી મસ્લેહતના સંબંધમાં લખતાં એવું તોહમત મુક્યું કે એ સભાના કારોબારીઓ "શરેઆંમ જુઠું બોલવાને કશી રીતે આંચકો ખાતા નથી અથવા શરમાતા નથી અને લોકોને જુઠું સમજાવવાની કોશેશ કરેચ."

આ તોહમત છપાયું તેજ વેળા તેને ખોટું પાંડવા માટે સભાના મુનશી શેઠ દાદાભાઇ નવરોજજીએ જામે જમશેદમાં પોતાનો મજબુત જવાબ છપાવીને જણાવ્યું કે જામેએ કરેલી મુજાહેમત "ગેરશલુકાઇ અને બેઅદબી ભરેલીછે." હવે આ બાબતમાં જે ખરી બિના બની હતી તે આપણી સભાનાં દફતરોમાં નોંધાયલીછે, તે ઉપરથી નીચલો સાર ઉપજાવી શકાયછેઃ—

આગળા સફાઓમાં આપણુ જોઇ ગયા તેમ તા૦ ૨૨મી ઑગસ્ટ ૧૮૫૧ ને દિનેં સભાની સ્થાપના થયા પછી તા૦ ૧૮મી સપ્ટેમ્બરને દિને યાને એકજ મહિનામાં સભાએ "નેકનામ શર જમશેદજી જીજીભાઇ નાઇત તથા પારશીની શમશત અંનજુમનનાં બીજા અકાબર શાહેબો જોગ" એક અર્જી પોતાના મુનશી દાદાભાઇ નવરોજજીની સહી સાથ મોકલાવીને તેમાં સભાની મતલબ સમજાવી, અને પછી લખ્યું કે પંચાયતના આગળા અકાબરોએ પણુ પારસી કોમમાંથી અણુઘટતી રસમો કહાડી નાખવાનો ઠરાવ કર્યો હતો, પણુ તેને લગતા બંદોબસ્ત પ્રમાણે થોડાજ જરતોસ્તીઓ ચાલતા હોવાથી રાહનુમા સભાએ તેજ મતલબનુ કામ હાલ માથે ઉઠાવેલુંછે તે "કામ તમો શાહેબોને પશંદ પડેઆ વીના રેહેશે નહી તથા એ બલાં કામમા તમો શાહેબોથી બની આવે તેટલી મદદ કરવાને ના પાડશો નહી." આમ લખીને શેઠ દાદાભાઇએ અકાબરોને આ પ્રમાણે વિનંતી કીધી હતી—

"હેવી આશાથી તથા 'રાહનુમાએ માજદીઅસના' શભાના અધીકારીઓના માંગેઆથી એ શભાની તરફથી હું તમો શાહેબોને અરજ કરંચ કે એ સભાના મુરબી તરીકે તમો નામવર શાહેબોનાં મુબારક નામ દાખલ કરવાની હમોને રજા આપવી કે તમો જેવા મેહેરબાન મુરબીઓના નામના આશરાથી એ સભાને ટેકો મલે

તથા એ શભાએ ધારેલું કાંમ ઉતાવલેથી પાર પાડવાને બની આવે તથા એ શભાના અધીકારીઓને એ કાંમમાં લીધેલી મેહેનતનો જશ મલે તથા વધારે મેહેનત લેવાની ઉલટ છુટે. એ અરજ કબુલ રાખેઆથી તથા એ શભાને મદદ આપેઆથી 'રાહનુમાએ માજદીઅશના' શભા ઉપર તમો શાહેબોનુ મોહોટું એહેશાન થાશે તથા તમારી નેક નાંમીની ચંદરોકાલ સુધી ઇઆદગારી રહી જાશે."

અતિ ઘણા વિનય અને વિવેકીથી કરેલી આ અર્જી પછી તેવીજ એક બીજી અર્જી દાદાભાઇનીજ સહી સાથ તા. ૬ ઠી અકટોબરને દિને રવાના કરવામાં આવી. દરમિયાનનાં પખવાડિયાંમાં પહેલી અર્જીનો જવાબ નહિ મલ્યો તેથીજ નહિ પણ સભાના ભવીષના કામો બાબે અકાબરોના કાન ભરવામાં આવવાની વાતો બાહેર આવ્યા ઉપરથી આ બીજો અર્જ પત્ર લખવો પડયો હતો. તેમાં એવું જણાવવામાં આવ્યું હતું કે આ સભા તથા તેના અધિકારીઓ વિષે તરેહવાર બુમાટા ચાલેછે તેમજ જેઓને સભાનું કામ પસંદ નથી તેઓ "અંણુજાણ લોકોને ઉંધું ચતું શમજાવીને બદગુમાન ઉપજાવેચ તથા લોકોના દેલમાં ખતરો નાંખેચ માટે હમોને ધાશતી લાગેચ કે કદાપી તેવા બુમાટા તમો નામવર શાહેબોનાં શાંભલેઆમાં આવેઆ હોએ અને તે ઉપરથી એ શભાને મદદ કરવાને તમો શાહેબો આંચકો ખાતા હોવો તો" સભા તરફથી પ્રગટ થયલું ચોપાનિયું વાંચી વાકેફ થવું અને કોઈ વાતનો અંદેશો હોય તો સભાના લાગતા વળગતાઓને જોઇતો ખુલાસો પુછી પુછાવી વાકેફ થવું. ફરીથી વિનંતી કરવામાં આવી કે "શભાએ ઉઠાવેલું કામ તહમે બુજરોગવાર શાહેબોની મદદ વીનાં આશાનીઅતથીં પાર પડી શકે નહી હેવા વીચાર ઉપરથી" "આશરો માંગવાની ફરજ" પડીછે.

પણ આ બીજી અર્જીમાં સભા તરફથી શેઠ દાદાભાઇ હજી એક વધુ કદમ આગળ વધીને પંચાયતના અકાબરોની તાબેદારી અને કદમ બોસી કરવાને લલચાયલા જણાય છે. સભાને જન્મ લીધાને હજી તો ઘણા દહાડા થયા ન હતા તેટલામાં તેના શત્રુઓએ એવી વાતો ફેલાવી કે આ સભા તો દીનઆઇનની વાતો વિશે ભંજગડ ચલાવશે અને દીનનાં ફરમાનો સાથ તાલુકો રાખતા હોય એવા રિવાજો સામે પણ તકરાર ચલાવશે જેથી તેને મદદ આપનારાઓ બદનામ થશે, તેમને

ઠપકો મળશે, અને ટોળાની ઘણી ખરાબી થશે, ઇત્યાદિ. આ જાતની ખોટી નાલેસા ભરેલી અફવા બાબે અંદેશો કરીને સભા તરફથી અકાબરો ઉપર લખવામાં આવ્યું કે—

"અગર જો હેવી ધાશતી રાખીને એ શભાને મદદ કરવાને તમો શાહેબો આંચકો ખાતા હોવો તો એ શભાની તરફથી હું તમો શાહેબોને અરજ કરવાની રજા માગુંચ કે એ વીશે તમો શાહેબો-ની મરજીમા આવે તેહેવો બંદોબસત કરી માંગશો તો આએ શભા-ના કારોબારીઓ તે રીતનો બંદોબશત કરી આપવાને તઇઆર તથા રાજી છે. માટે તમો શાહેબોને જે વાતની ધાશતી અથવા અંદેશો હોએ તે દુર કરવા શારૂ જેહેવી કબુલાત માંગવાને ઘટારત વીચારશો તેહેવી કબુલાત આએ શભાના કારોબારીઓ તમો સાહેબો-ને આપવાને કશી અડચણ લેશે નહી."

આજના સમયમાં રાહનુમા સભા આ કિસમનો અર્જ પત્ર પંચા-યતના ટ્રસ્ટીઓ ઉપર તેમનો આશરો મેળવવા માટે લખવાને કદી રાજી થાય નહિ. પણ તે વખ્ત જુદો હતો. છતાં આ એકેક ઉપર લખાયલી અર્જીઓ અને વિનંતીઓની તે જમાનાના પંચાયતના અધિકારીઓ ઉપર જાણવાજોગ અસર થયલી જણાતી નથી. તેઓએ જે કાંઇ કીધું તે એટલુંજ કે આપણી સભા તરફની અર્જી મળ્યા પછી તુરતજ યાને તા૦ ૯ મી અકટોબરને દિને તેઓની મંડળીની બેઠક થઇ, જેમાં પરપુછ કરવા અને હકીકત જાણવા માટે અકાબરોએ સભા તરફના બે પ્રતિનિધિઓને નોતર્યા, જેઓ મધેના એક મી૦ દાદાભાઇ નવરોજી (મુનશી) હતા. અત્રે જણાવવું જોઇએ કે મી૦ દાદાભાઈએ "જામે જમશેદ" ઉપર લખેલા પત્રમાં જણાવ્યાં મુજબ સભા તરફની પહેલી અર્જી લઇને તેના બે કારોબારીઓ સર જમશેદજી જીજીભાઇને બંગલે તે હાથોહાથ પુગાડવા ગયા હતા ત્યારે "એ બુજોરગ અકાબર શંગાથે કેટલીએક ખાંનગી વાતચીત થાઈ" હતી, પણ એક પખવાડિયું સુધી તે અર્જીનો કશો જવાબ નહિ મળ્યો ત્યારે બીજી અર્જી કરવામાં આવી અને આ બીજી અર્જી પછીજ સર જ૦ જી૦ વાળી સ્કુલનાં મકાનમાં અકાબરોની બેઠક થઇ અને સભાના પ્રતિનિધિઓ ત્યાં હાજર થવા.

આ ઠેકાણે શું બન્યું તે શેઠ દાદાભાઇ "જામે" જોગા પોતાના ૨૬ જવાબમાં આ પ્રમાણે લખે છે—

"તે વેલાએ એક અકાબર શાહેબે 'રાહનુમાએ માજદીઅશના' શભાની વીરૂધમાં મોહટા જોશાથી મત આપેઉં; તથા ઘણાએક વાંધા લીધા અને કેટલાએક અકાબર શાહેબોએ શારૂ મત આપેઉ તથા આશ્રરો આપવાની મરજી દેખાડી અને બીજા શાહેબોએ હેવી તકરાર કીધી કે 'પારશી બેનેવોલેનટ ઇનશટીટીઉશન'ની પુંજીમાંથી આશરો અપાએ નહી તે ઉપરથી એક નામવર અકાબર શાહેબે પંનચાએતની પુંજી માહેથી આશ્રરો આપવાની મરજી દેખાડી. એક શાહેબે કહેઉ જે એ શભાએ ઉઠાવેલું કાંમ આપણી દીન આઇનની વાતો ચુંથવાનું તથા બદનાંમી ભરેલું છે માટે આશરો આપવો મુનાશેબ નથી વાશતે એ શભાવાલાવોથી અલગા અને દુર રહેવું જોઇએ. એ પરમાંણેનાં જુદાં મત પડેઆં તે ઉપરથી તે મીટીંગના શરનશીન નેકનાંમ શર જમશેદજી જીજીભાઇ નાઇટે 'રાહનુમાએ માજદીઅશના' શભાનાં કારોબારીઓને કેટલોએક દેલાશો આપીને કહેઉં જે 'હવે તો ઘણું અશુર થાએઉ અને હમોને બીજું કાંમ છે માટે બીજી વાર વીચાર કરશું' એ પરમાણે કહીને 'રાહનુમાએ માજદીઅશના' શભાના કારોબારીઓને રવાંને કીધા."

પંચાયતના અકાબરો કને આશરો માગવાના સંબંધમાં આ પ્રમાણે બનેલા બનાવ પછી સભાએ તેઓ તરફના વધુ જવાબની આશા રાખી હોય તો તે ફોકટ ગઇ. એક વર્ષ દહાડો પસાર થઇ ગયા છતાં અકાબરોએ નહિ સભાના પ્રતિનિધિઓને પાછા બોલાવ્યા કે નહિ સભાની અર્જીઓનો લેખીત યા મહોડેનો જવાબ મોકલ્યો. આ ઉપરથી સભાએ તા૦ ૧૨ મી અકટોબર ૧૮૫૨ ને દિને મળેલી પોતાની પહેલાં વર્ષની વાર્ષિક બેઠકમાં તે વર્ષનાં કામકાજનો હેવાલ રજુ કરતાં તેમાં ઉપલી બન્ને અર્જીઓ છાપી જાહેર કર્યા જોડે વિશેષમાં એવું જણાવ્યું કે "કેહવાને દલગીરી ઉપજેચ કે એ અરજીઓનો આપણા બુજરોગવાર અને નેકનાંમ અકાબર શાહેબોએ આજ દન શુધી કશો જવાબ વાલેઓ નથી." આની જોડે વળી સભાએ તેજ હેવાલમાં એવી ઉમેદ જાહેર કીધી કે "અગર જો તે શાહેબો એ કાંમને

હજુબી મદદ કરશે તો એ શભાએ ધારેલું કાંમ ઉતાવલેથી અને આશાંનીથી પાર પડશે હેવી આશા રાખેઆમાં આવે છે."

સભા તરફના હેવાલ મધેના ઉપલા નમ્ર સખુનો "જામે જમશેદ"ના તે વેળાના અધિપતિને ગળે ઉતર્યા નહિ, અને સભા ઉપર હુમલો કરવાની તક લઇને એવું લખાણ કીધું કે જેને મી. દાદાભાઈ નવરોજજીએ તેજ વેળા ખોટું પાડયું. મી. દાદાભાઇએ આ અધિપતિને લખી જણાવ્યું તેમ "અકાબર શાહેબોની મીટીંગમાં ફેરફાર મત પડેઆં તથા જુદી જુદી તરેહવાર વાતચીત તથા તકરાર થઇ અને કાંઇ ચોકશ ઠરાવ થાએઓ નહી તથા કશો શાર આવેઓ નહી તે છતાં તમો શરેઆમ ખોટું લખોછો જે અકાબર શાહેબોએ પોતે પોતાને મોહડે જવાબ આપીઓ હતો અને તે ઉપરાંત હેવું પણ કહેઉં હતું જે તેઓ ધારતા હતા કે તે જવાબ તેઓને બશ થાશે." પણ "જામે" વાળાની જાહેર કીધેલી "એ વાત બીલકુલ વગર પાએઆનીછે" એમ કહીને મી. દાદાભાઇ લખેછે કે "હમો ખાતરીથી કહી શકીએચ કે અકાબર શાહેબોની મીટીંગમાં ઉપર લખી જણાવેલી તકરાર થઇ તથા ફેરફાર મત આપેઆમાં આવેઆ તેહેને હમારી અરજીના જવાબ તરીકે હરગેજ ગણાઇ શકાએ નહી."

"જામે જમશેદ" નો તે વેળાનો અધિપતિ આપણી સભાની સ્થાપના પછી થોડા એક મહિના એ સભાનો એક કારોબારી હતો અને ત્યારપછી "પારસી બેનેવોલેનટ ઇનશટીટીઉશન" નો તે મદદનિશ સેક્રેટરી નેમાયો હતો, માટે "તે ઉપરથી કદાપી અનજાંણું લોકો તમારા બોલવા ઉપર ભરોશો લાવે અથવા તમોએ 'રાહનુમાએ માજદીઅસ્નાના' ની વીરૂધમાં કરેલી તકરારને મોતેબર અથવા શતા ભરેલી ગણે" અને ભોળવાય એવા અંદેશાથીજ સભા તરફથી મી૦ દાદાભાઇએ ઉપલો જવાબ આપવાની પરવા કીધી હતી; બાકી "જામે જમશેદમાં જે મુજાહેમત કરીચ તે મુજાહેમત હેવી તો ગેરશલુકાઇ તથા બેઅદબી ભરેલી છે કે એ શભાના કારોબારીઓ તે ઉપર કશું ધેઆંન પોહોંચાડતે નહી અને તેહેવાં નાલાએક લખવાને ઘટતી રીતે ધીક્કારતે." શેવટે શેઠ દાદાભાઇ ઉપલા અધિપતિને આ શબ્દોમાં ઠપકો આપી પોતાનો રદ જવાબ સમાપ્ત કરેછે કે "શાહેબ, આપણા લોકોનાં ફાએદા તથા કલેઆણને શારૂ ઉભી

થાએલી શભાનાં કારોબારીઓ ઉપર તમો હેવું શરેઆમ ખોટું તોહમત મેશોચ તે તમોને લાએક નથી અને તેથી તમારી પોતાની આબરૂને તથા તમોએ લીધેલી કેલવણીને મોટું અપમાન મલેચ."

અર્જીની બાબતમાં શેઠ ડો૦ મુનશીના બખાળા—હવે પંચાએતના અકાબરોનો આશરો અને મદદ માંગવાનાં સભાનાં કામના સંબંધમાં જેમ "જામે જમશેદે" તેમજ મી૦ ડોસાભાઇ સોહરાબજી મુનશીએ પણ જુદીજ રીતે સમજાવવાની કોશેશ કીધેલી હોવાથી પોતાના આ હરીફના કાગળનો રદ જવાબ આપતાં સભાના તે વેળા (૧૮૫૪) ના મુનશી શેઠ સો૦ શા૦ બંગાળીએ કેટલેક વીશેષ ખુલાસો કીધેલો જણાય છે. મી૦ ડો૦ મુનશીના લખ્યા પ્રમાણે પંચાયતના અકાબરોએ સભાના બન્ને પ્રતિનિધિઓને પોતાની બેઠક વેળા બોલાવીને એવી મતલબનો જવાબ આપ્યો હતો કે "દીનઆઇનની શુધરાઇ કરવાનાં કારણશર" સભા જે ચોપાનિયાં છપાવી પ્રગટ કરે "તેહેનાં તથા તેહેનેજ લગતા બીજા વાજબી ખરચનાં કામમાં મદદ અને આશરો આપવાને હમો (અકાબરો) ઘણા ખુશી છેઇએ, પણ તે એ શરતે કે" તમો (યાને સભા) "જે બીના છપાવી પરગટ કરવાની ખાહેશ રાખે તે આખી બીના છપાવી પરગટ કરવાની આગમજ પંનચાએતના શાહેબો ફેરફાર કરી આપે અથવા તે મધેની જે બીનાંને પંનચાએતના શાહેબો દીનના હોકમથી ઉલટી જાંણે તે બીનાંને તમારી શભાએ કાહાડી નાંખવી."

આમ લખીને શેઠ ડોસાભાઇ સભાને ઠપકો આપે છે કે ઉપલી શરત કબુલ રાખવામાં આવેલી હોવા છતાં ત્યાર પછી સભાએ પોતાના દશ અંકો પ્રગટ કીધા તેમાંનું એક પણ ચોપાનિયું અકાબરોની પસંદગી માટે નહિ મોકલીને કબુલાત તોડી હતી, તેનું કારણ એજ કે "તમારી મંડલીનો વીચાર જરતોશતી ધરમમાં સુધરાઇ કરવાનો નહી અને તેહેને બદલે બીગાડ કરવાનો" હતો. આ ઠપકો "અણુઘટતો અને ખોટો છે, એમ જણાવીને સભાએ મી૦ મુનશીને લખી જણાવ્યું કે ઉપલી બાબતમાં "જામે જમશેદ" સાથ બે વરસ ઉપર તકરાર થઇ ચુકેલી હતી તે "જુની ભાંજગડને તમોએ નવેશરથી તાજી કીધીચ" ખરી, પણ તેમાં "તરણ મોહોટી ગલતી" યાને જુઠી વાતો અડાવી દેવામાં આવેલી છે. પહેલી એ કે "હમોએ અકાબર શાહેબોની હમારી શભાને માથે 'મુરબીગીરી' માંગી હતી તે આપવાને તેઓએ શાફ ના પાડી એ વાત

તમો બીલકુલ ખાઇ ગએઆય અને જાહેરમાં લાવેઆ નથી. બીજી જુદી વાત એ કે " હમારી શભાનાં ચોપાનીઆં છપાવી પરગટ કરવાને વાશતે પઇશાની મદદ કરવા શારૂ શઘલા અકાબરોએ ખુશી જણાવી હતી એ વાત કદાચ બીજા અકાબર શાહેબોને લાગુ પડી શકશે પણ તમુને પોતાને લાગુ પડતી નથી," અને તેનું કારણ એ કે સભા તરફથી મદદ માંગવામાં આવી " તે વેલાએ એ શભાને આશરો આપવાની બલાં-મણ કરેઆને બદલે અકાબરોની નજદીક હમારી શભાની વીરૂધમાં તમોએ પોતેજ ઘણીજ ગેરશલુકાઇથી તથા મોહોટા જોશથી તકરાર કરી હતી તથા એ શભાને આશરો આપવાની વીરૂધમાં બલતવારીથી તમોએ કેટલાએક વગર પાએઆના વાંધા લીધા હતા તથા કહું હતું કે હમારી શભા દીનને ચુથવા તથા ખરાબ કરવા માંગેચ માટે એ શભાને કશો આશરો આપવો જોઇએ નહી. એ ઉપરથી પુરવાર થાએચ કે તમો (મી૦ ડા૦ મુનશી) એ અશલથીજ હમારી શભા શંગાથે શતરૂપણુંનો ગાંઠ બાંધેઓચ."

શેઠ ડોસાભાઇની ત્રીજી ભુલ એવી બતાવી આપવામાં આવી કે અકાબરો આગળ ગયલા સભા તરફના બેઉ પ્રતિનિધિઓએ સભા તરફનાં લખાણો છપાયા આગમજ અકાબરોને બતાવા અને તેમને ગમે તે ફેરફાર કરવા દેવાની કબુલાત આપવાની "વાતબી ખોટી છે. હેવી રીતની કબુલાત અકાબર શાહેબોએ માંગી નથી અને હમારી શભાની તરફથી ગએલા બેએ મીજલશીઓએ કાંઇ હેવી કબુલાત આપી નથી; બલકે હમારી કારોબાર મંડલીની રજા વનાં હેવી કબુલત કવચીત તેઓથી અપાઇ શકાએ નહી; તારે હમારી શભાએ કોઇબી કબુલત આપી તથા તોડી હેવું તમારીથી હરગેજ કેહેવાઇ શકાએ નહી." વળી " હમારી શભાએ બનાવેલા રેશાલા અકાબર શાહેબો ઉપર તેઓની પશંદગીને વાશતે મોકલવાની બાબદમાં હમારી શભાએ કશો ઠરાવ કરેઓ નથી, અથવા કશી કબુલત આપી નથી, " તો જોકે એ બાબતમાં સભા તરફની અર્જીમાં ખુલ્લું જણાવવામાં આવેલું હતું કે " તમો (અકાબર) શાહેબોની મરજીમાં આવે તેવો બંદોબશત કરી માગશો તો આએ શભાના કારોબારીઓ તે રીતનો બંદોબશત કરી આપવાને તઇઆર તથા રાજી છે."

ટુંકમાં, સભા તો અકાબરોનો આશરો અને મદદ મેળવીને પોતાનું કામ આગળ વધારવાને હર પ્રકારે રાજી હતી, પણ મી૦ ડોસાભાઇ મુનશી જેવા અકાબરોની ફાંચડથી પંચાયતના વડા નામદાર સર જમશેદજી જીજીભાઇની ખાહેશ અને દિલસોજી છતાં સભાની મુરબ્બીગીરી અકાબરોએ કબુલ રાખવાના અખાડા કીધા હતા. અને સભાને સીધો જવાબ આપ્યોજ ન હતો. આથી ગોયા રીશે બરાઇને સભા અકાબરોને બુરૂં બોલતી હોય એવો જે વાંક આ બુજર્ગ હરીફે સભાને માથે મુકયો છે તે પણ "ખોટો અને વગર પાએઆનો છે" એમ જણાવી સભા મી૦ ડોસાભાઇને લખે છે કે "હમારી શભાના મીજલશીઓ તો તેઓ (અકાબરો) ને મોહોટું માન આપતા આવેઆચ," પણ "દીનદાર જરતોશતીઓ કે જેઓ પોતાના ટોલાનું ભલું ઇછેચ તેઓને નાંલાએક અને અણઘટતા ઠપકા આપવાનું કાંમ તો તમો પોતે લઇ બેઠાચ. પણ એ કાંમથી તમોને પરહેજ કરવી ઘટારત છે."

મારી બેહડાંની રસમ અને હિંદુઓનાં નોરતાં–આપણી સભાના પુસ્તક ૧ લાંના અંક ૧૦ મામાં તેના સરનશીન મી. નવરોજજી ફરદુનજીએ "મુકતાદની બાબતમાં" લખેલો રેસાલો છાપી પ્રગટ કરવામાં આવ્યો છે તેમાં નીચે પ્રમાણે આવેલું છે:—

"જાણવું જે હીનદુ લોકો ભાદરવા શુદ ચોથથી તે તેરશ શુધીના દશ દાહાડા કે જે દાહાડા આપણા મુખતાદની નજદીકમાં આવે છે તે દાહાડામાં તેઓ પોતાનાં ઘરમાં એક જગો આરાશતે કરીને તાંહા ચંદરવટો બાંધે છે તથા ઘણીએક રોશની કરે છે તથા તરેહ તરેહનાં ફુલ તથા મેવો ગોઠવે છે અને 'ગણપતી' તથા 'ગવરી' ની મુરતી બેસાડે છે તથા તેહેની પુજા કરે છે તથા તેહેને પગે લાગે છે તથા 'શરાધ' ના દાહાડામાં પાણીના કલશીઆ ભરી મુકેચ અને તાહાં અગરબતી વગેરે બીજી ખુશબો બાલે છે તથા પોતાના ધરમને લગતી બીજી કીરીઆઓ કરે છે તે જોઇને આપણા લોકોએબી 'માલી' તથા 'બેહેડા' તથા શીશા તથા 'ડોશલાં' માંડવાની ચાલ કાહાડેલી નજર આવે છે."

ઉપલા શેઠ નવરોજજીના સખુનો ઉપરથી બારે રીશમાં આવીને શેઠ ડો. સો. મુનશીએ આપણી સભાએ માગેલા ખુલ્લાસાના જવાબમાં લખ્યું કેઃ

"તમારી તથા તમારી મંડલીની મોટી ચુક એજ છે કે જે બાબતમાં તમો અણુજાંણા છેવો અને જે બાબતો જાંણુવાની પરથમમાં તમોને જરૂર છે તે જાંણુવાનું કાંમ પડતું મેલીને ખાલી મોટાઇ બતલાવવાનાં કારણશર તેહેવી બાબતોને તમો ચુંથોચ તથા દીન આઇનની હરેક કીરીઆ બાબે શક ભરેલા ખોટા વીચારો આંમ લોકોની આગલ મેલોચ અને અશો મુખતાદને 'ગવરી' તથા 'ગણુપતી' અને 'બુતપરશતી' હેવાં નાલાયક નાંમ આપોચ, અને વલી તમારા આંક દસમાં વાલાં ચોપાંનીઆંના ૨૧માં શફામાં તમો લખોચ કે" [અહીં ઉપર આપેલો ફકરો ઉતારી લઇને શેઠ ડોસાભાઇ વધુ એમ જણાવે છો કે—] "તમારા ઉપલા બેહુધા વીચારને ઘડીભર તકરારને વાશતે કબુલ રાખીએ કે મુખતાદ માંડવાની ચાલ હીંદુ લોકોથીજ આપણા લોકોએ પકડેલી છે તો તેહેની શાબેતીમાં કોઇ મજબુત આધાર જોઇએચ તે આધાર તો તમો બતલાવી શકતા નથી અને તમારી હેવી હુજ્જતને ટેકો આપવાને વાશતે તમોએ 'ગવરી' અને 'ગણુપતી'નો દાખલો બતલાવીઓચ તે દાખલો તો શરતાપા ખોટો છે," "ગુજરાતના લતા તરફ 'ગવરી' અને 'ગણુપતી'ને તો કોઇબી હીનદુ જાંણુતોજ નથી,"[૧] "ગુજરાતના લતા તરફ વશનારા જરતોશતીઓ અશલથી મુકતાદ માંડતા આવીઆચ—તારે તમારેથી શી રીતે કેહેવાઇ શકાશે કે મુખતાદ માંડવાની ચાલ આપણાલોકોએ હીન્દુપરથી અખતેઆર કીધી છે?"

આના રદ જવાબમાં સભાએ પોતાના હરીફને લખી જણાવ્યું કે "હમારી શભાએ મુખતાદની બાબદમાં કરેલા ખોલાશા વીશે તમો આપણાં અંનજાણાં લોકોને ઉલટ પાલટ શમજાવવાની મોહોડેથી તજવીજ કરતા આવેઆચ તેહેવીજ તમોએ તમારા પતરમાંખી કોશેશ કરીચ તે ધીકારવા જોગ છે. હમોએ દીન આઇનની કોઈબી કીરીઆ બાબે 'શક ભરેલા ખોટા વીચાર આંમ લોકોની આગલ મેલેઆ' નથી, તથા

૧ વડોદરા અને નવસારી જેવાં ગાયકવાડી શેહેરોમાં ગણુપતિના તેહવાર જાણીતા હતા અને છે.

તમારા બતલાવે આ મુજબ અશો મુખતાદને 'ગવરી' 'ગણુપતી' અથવા 'બુતપરશતી'નાં નામ આપેઆં નથી." વળી દશમાં અંકના ચોપાનીઆં મધેના ઉતારી લીધેલા ફકરાવાળા દાખલા બાબે સભાએ લખ્યું કે "હમોએ એ દાખલો આપેઓય તેહેની મતલબ એ છે જે હીનદુ લોકો 'ગવરી' તથા 'ગણુપતી'ની તથા 'શરાધ'ની ક્રીરીઆ કરેચ તે જોઇને આપણાં લોકોએ મારી તથા બેહેડાં માંડવાની રશમ ચાલુ કરી હશે હેવું નજર આવેચ. એ ઉપરથી કાંઇ તમારા બતલાવેઆ મુજબ હેવું શાબેત થાતું નથી કે હમોએ અશો મુખતાદ ને 'ગવરી' તથા 'ગણુપતી' તથા 'બુતપરશતી'નાં નાંમ આપેઆંચ. હેવું છતાં તમોએ તથા કેટલાએક બીજા અણુશમજ જરતોશતીઓએ ઉધુંચતું શમજાવીને આપણાં ફેરકાના લોકોમાં અમશથકો ઘભરાટ તથા બદગુમાન ઉપજાવવાની પેરવી કરીચ તે ઉપરથી હમો અતી ઘણાં દલગીર થાએઆ છઇએ."

આગળ ચાલતાં સભા મુકતાત માંડવાની રસમનું એક બીજું કારણુ હિંદુઓનાં "નોરતાં" ને લગતી ક્રિયા ઉપરથી મળેલું સમજાવે છે. શેઠ સો૦ બંગાળી સભાના હરીફ જોગા પત્રમાં "કબુલ" કરે છે કે ગણુપતિ અને ગવરીની પુજા ગુજરાતના ગુજરાતી હિંદુઓ કરતા નથી, પણ નોરતાંની ક્રિયા કે જે તેઓમાં ઘણી જુની છે તે ઉપરથી જણાય છે કે તે ક્રિયાને મુકતાતની ક્રિયા સાથ ભેળી નાખીને "આપણા જરતોશતીઓએ મારી તથા બેહડાં માંડવાની રશમ ચાલુ કરી હશે." નોરતાંની આ ક્રિયાનું જે વર્ણન સભાએ મી૦ ડૉ૦ મુનશીની જાણુને કીજે લખી જણાવ્યું છે તે આ ઠેકાણે જરતોસ્તી કોમની જાણુને કીજે ફરીથી ઉતારી લેવા જોગ છેઃ—

"આશો સુદ ૧ થી તે ૯ શુધી કે જે દાહાડાઓ ઉપર, આપણી કોમની અશતરીઓ નોરતાંના 'ગરબા' ગવડાવેચ તે દાહાડાઓ ઉપર 'દુરગા નવરાતરી' અથવા 'નોરતાં'નાં તેહેવાર આવેચ તે દહાડામાં ગુજરાતી હીનદુ લોકો પોતાનાં ઘર મધે પુજા કરવાના ઓરડામાં અથવા દેહેડામાં કાલી મટોડીની ગોલ પાલ કરીને તેહેની વચમાં પાંણીથી ભરેલી એક અથવા વધારે ઘાઘર અથવા તરાંબરીનું એહેડું માંડેચ અને તેહેની ઉપર એક થાલ ગોઠવીને તે થાલમાં

દેવીની મુરતી મેલેચ અથવા ફકત નાંલીએર મેલેચ અને તેહેની માંનતા કરેચ તથા તેહેની ઉપર ઘણુંએક ફુલ ચહડાવેચ અને તે બેહેડાંની આગલ શોપારી, કેલાં વગેરે બીજો શુકો તથા તાજો મેવો મેલેચ તથા તે તરાંબરીનાં મોહોડાંની આશપાશ હરરોજ પુંજા કરતી વેલાએ આંબાના અથવા બીજા પાતરાં તથા ગોટાનાં તથા બીજા ફુલો ગોઠવેચ અને પેલી મટોડીની પાલમાં રાઇ તથા ભાત તથા ધાંણું નાંખેલા હોએચ તે ઉગી નીકલેચ અને તે તરાંબરીનાં બેહેડાંનાં માંથાં ઉપર બાંધેલા ચંદરવા ઉપરથી હરરોજ ગોટાનાં તથા બીજા ફુલની એક માલા ટાંગેચ હેવી રીતે કે ચંદરવાથી તે છેક તરાંબરીનાં બેહેડાં શુધી આવી પોંહોચે એ પરમાંણે હરરોજ એક એક માલા નવ દાહાડા શુધી ટાંગતા જાએચ, અને વાશી ફુલની માલાબી મેલી રાખેચ, તેહેને કાહાડી લેતા નથી, તથા તે જગોએ ફુલની જાલીબી ટાંગેચ, તથા ઘણીએક રોશની કરેચ તથા એક ખાશ દીવો નવરાત તથા દાહાડા શુધી બલતો રાખેચ, તથા તાંહાં 'ચંદી પાટ' હેવે નાંમનો ગરંથ વંચાવેચ, તથા આઠમે અથવા નવમે દાહાડે હોમ કરેચ. એ ક્રીઆંને તેઓ 'ઘટ અશથાપન' કરીને કેહે છે. તેઓ જે ઘડો અથવા તરાંબરી એ જગોએ માંડે છે તેહેને તેઓ પોતાની દેવીની 'પીઠ' અથવા 'બેઠક' કરીને ગણે છે અને પુંજા કરતી વેલાએ તેહેને પગે લાગે છે તથા તેહેની આગલ 'ભગતી' અથવા 'પરારથનાં' કરે છે. એ 'નવરાતરી' ના દાહાડામાંથી કેટલાએક લોકો 'શરાધ' કરે છે, પણ અગત કરીને ભાદરવા મહીનાંમાં તેઓ જે વારે શરાધ કરે છે તે વારે તેઓ પોતાનાં ગુજરી ગએલાં દરએક શગાંઓને નાંમનાં 'પીંડ' અથવા લાડવા કરીને એક પવીતર કરેલી જગાએ ભોંએ ઉપર ગોઠવે છે અને તેહેની ઉપર ફુલ તથા કંકુ વગેરે બીજી ચીજો મેલેચ તથા તેહેની આગલ મેવો મેલેચ અને તેહેને પગે લાગેચ તથા નમશકાર કરે છે અને એ શીવાએ બીજી કેટલી એક ક્રીઆ કરે છે."

આ દાખલાને ખોટો પાડવાની શેઠ ડોસાભાઇ મુનશીએ કે બીજા કોઇ પણ વીરોધીએ કોશેશ કીધેલી જોવામાં આવતી નથી. આ

ઠેકાણે ઇશારો કરી શકાશે કે શેઠ ડોસાભાઇએ] ગુજરાતમાં ગણપતિને તો "કોઇ હીનદુ જાણુતોજ નથી" એમ જે સભાને ખોટી પાડવા માટે પોતાના જવાબમાં જણાવ્યું છે તે બરાબર નથી. ગુજરાતમાં વડોદરા, નવસારી વગેરે શેહરોમાં ગણપતિની પુજા થાય છે અને તે માટેની સરકારી સવારીઓ નિકળે છે, અને "ડોસલાં" જેવોજ કેટલોક દેખાવ મરાઠા હિંદુઓનાં મકાનોમાં જોવામાં આવે છે.

પ્રકરણ ૬ ઠું.

સભાના શત્રુઓ.—૨.

સભા વિરૂધ ઉભી થયલી શેઠિયાઓ અને દસ્તુરોની મંડળી—તેનો ધામધુમ સાથનો જન્મ અને તેનું અકાલ મરણ.

શેઠ ડો. સો. મુનશીના ચૂપ રહેવાથી સભા સામેની વિરૂધતા બંધ પડી નહિ. જો આ વેળા તેના ગણતરીના હરીફો હોય તો હવે તેમની સંખ્યા વધી પડી. જો મી. મુનશી જેવા થોડા અથોરનાનોને સભાનાં સુધારાનાં કામો ગમે તે કારણે અણગમતાં હતાં તો હવે તેવા અથોરનાનોમાં દસ્તુરો અને મોબેદોનો મોટો વધારો થયો, અને જો થોડા બેહદીનોને સભાના સખુનો કડવા લાગ્યા હતા તો હવે તેવા ઘણા બેહદીનોમાં થોડાક શેઠિયાઓનો પણ ઉમેરો થયો. સભાના હરીફો જેઓ અત્યાર સુધી છુપા હતા તેઓ હવે પ્રગટ થયા, છુટા હતા તે હવે ભેગા થયા, અને સભા સામે અહીં તહીં બેસીને બોલતા હતા તે હવે પોતાની નવી સભા બરપા કરીને તેની મારફતે નવાં ચોપાનિયાં પ્રગટ કરીને, ખામખા સભાનાં કામને તોડી પાડવાનીજ મતલબથી ભારી ધામધુમ સાથ મેદાન પડયા. તે વેળા આપણી સભાના સુકાનીઓની સ્થિતિ કેવી મુશ્કેલ થઇ પડી હશે તેનો ખયાલ કરવો સેહલ છે. પણ તે મુશ્કેલી થોડાજ મહિનાઓની મુદતમાં કેવી આસાન થઇ જવા પામી તે જયારે જોઇએ છિયે ત્યારે તે સાહેબોની હિમત અને જેહમત, ધીરજ અને તકરાર કરવાની રીતભાત માટે આફ્રીન કર્યા વિના રેહવાતું નથી.

ઉપર ઇશારો કરેલી મંડળીને જન્મ લેવાનું એક અમૂક કારણ મળ્યું હતું. સભાએ ફ્રવરદેગાનનો સવાલ હાથ ધરીને અને તે બાબતમાં ટોળાનાં લોકોની ખરી રાહનુમાઇ કરવા માંડીને જુના વિચારનાં જરતોસ્તીઓનો, અને તેમાં મૂખ્ય કરીને મોબેદ વર્ગનો, ભારે ખોફ ખેંચી લીધો હતો. શેઠ ડોસાભાઈ મુનશી જેવા દાનેશમંદ મોબેદ સાહેબનેબી એજ મોટો ગુસ્સો હતો કે ફ્રવરદેગાનના દિવસો અને ક્રિયાકામ વચ્ચે હાથ ઘાલીને સભાએ લોકોના દિલ શા માટે દુખવવાં જોઇએ?

આ ભણેલા અથોરનાન જેમ સભાનો ખરો હેતુ સમજયા ન હતા અને બળતી બાબતો વચ્ચે આણીને સભાને વગોવવાને લલચાયા હતા, તેમ તેઓ પછી બીજાઓ પણ એવાજ ખોટા ખયાલથી ખીરમાયા હતા કે સભા ધર્મને ચુંથેછે, ધર્મ પુસ્તકોને કબૂલ રાખતી નથી, અને સુધરાઇ કરવા નિકળવાનો તેનો હેતુ કોઇ જુદોજ છે! પ્રથમ તો આવા ધણીઓએ સભાના સંબંધમાં ખોટી ખોટી વાતો પોત પોતામાં કરવા માંડી, પછી તેવી વાતોનો ફેલાવો થવા માંડયો, એક મોહડેથી અનેક મોહડે અફવા રૂપે વાતો ચાલવા લાગી, લોકોમાં બદ ગુમાન ઉત્પન્ન કરવાની કોશેશો થઇ, અને સભાના કારોબારીઓ ઉપર જાત જાતના ઠપકા મુકાયા જોડે એવાં પણ તોહમતો મુકાયાં કે તેઓ દીનની કેતાબોથી અજાણ્યા છે માટે દીન આઇનની માહિતગારી વિના બાજદયસ્નાન લોકોની રાહનુમાઇ કરવાને તેઓ અશકત છે.

આ બધી તકરારો અને તોહમતોને ખોટાં ઠરાવી આપવાને સુકાનીઓએ બનતું કીધું. તેઓએ જાહેર કીધું કે દીનની કેતાબોના ગુજરાતી ભાષામાં તરજુમા થયલા છે તેમને આધારે, અને તેમાં જણાવેલાં ફરમાનો અને ક્રિયાઓ બાબે ભણેલા ધણીઓ મારફતે ઘટતી તપાસ કરાવીને તેને આધારે, અને સભાના અધિકારીઓમાં જેઓ અવસ્તા અને પેહલવી અને ફારસી જાણનાર છે તેમની મદદને આધારે, સભા ધર્મનાં ફરમાનો લોકોને જાહેર કરી શકે છે.

આ ઠેકાણે સેહજ ઇશારા તરીકે જણાવવું ઘટિત જણાશે કે સભાની સ્થાપના વેળા આજના જેવું ધર્મજ્ઞાન ટોળામાં ફેલાવો પામેલું ન હતું, માટે આપણા સુકાનીઓ જેમ લાશને સ્વાન ગણતા હતા, ફરવરદેગાંનને મુકતાત કેહતા હતા, તેમ અવસ્તાવાણી ઉપરાંત પેહલવી અને ફારસી રવાયતનાં પુસ્તકોને પણ "દીનનાં દફતરો" માનતા હતા, અને ક્રિયાના ફરમાનોને "હકની દરગાહથી ઉતરેલાં" સમજતા હતા. પોતાના શત્રુઓનાં તોહમતોનો જવાબ આપતાં એક ઠેકાણે સભા પોતાના બચાવમાં નીચલા સખુનો વાપરેછેઃ—

"આપણા મજહબની હરેક પાક કીરીઆની શાથે જારે કાંઈ બીજી રશમો આમેજ થાએલી આએ શભાના જોએઆમાં આવેચ તારે તે બાબદમાં આપણી દીનનાં દફતરોના ઉપર કહેલા તરજુમાં

તપાશી જોએઆમાં આવેચ અને તેહેમાં જે જે કીરીઆનું ફરમાંન આપણી ઉપર તે હકની દરગાહથી ઉતરેલું શાબેત થાએથ તે પરમાંણે ચાલવાની આએ શભા શઘલા જરતોશતીઓને શલાહ ભલામણ કરતી આવેચ, એટલુંજ નહી પણ તે બાબદ દીનનું ફરમાન શું છે તે વીશે આપણા દશતુરો તથા દીનઆઇનની માહીતગારી ધરાવનારા બીજા ગરહશથો ઉપર પતરો લખી અરજ કરીને પુછેઆમાં આવેચ અને બીજી ઘણી એક રીતે તજવાજ કરી ખોલ કાહાડી તે વીશેનો ખોલાશો જાહેર કરેઆમાં આવેચ."

પણ આ જાતના ખુલાસાથી કાંઇ હરીફોની ખાતરી થઇ નહી. ફરવરદેગાનના સંબંધમાં પણ સભાએ ઉપર મુજબ ખોલ અને તપાસ પછીજ પોતાની તરફનો ખુલાસો બાહેર પાડયો હતો. તેણે જરતોસ્તીઓના ખાતરી કરવા માંગી કે "જારે મુખતાદની કીરીઆ શાથે બીજી આપણી દીનથી ઉલટી—અણુઘટતી અને બેહુદી રશમો શામેલ થએલી આએ શભાના જોએઆમાં આવી તારે" એ બાબતમાં દીનનાં દફતરો તપાસી જોતાં તેની ખાતરી થઇ કે "એ રશમો આપણી દીનના ફરમાનોથી ઉલટી છે તથા આપણા મજહબમાં જાએજ નથી" ત્યારે "એ ગુનાહ ભરેલી રશમો કાહાડી નખાવા શારૂં દીનનાં ફરમાનોમાં મુખતાદની ખરી કીરીઆ તથા ફરજ શું છે તે વીશેનો એક રીશાલો બનાંવી આપણાં લોકોને જાહેર કીધો, અને તેહેમાં આવેલી બીનાને વધારે વજન આપવા શારૂ અતરેના તથા દેશાવરોનાં કેટલાએક દશતુરો—હેરબદો—તથા બેહદીનોને કાગલો લખીને એ બાબદમાં દીનનું ફરમાંન શું છે તે પુછાવી મંગાવેઉં, અને તેઓના આપેલા જવાબો એ શભાએ છપાવેલાં ચોપાંનીઆંના આંક ૧૦ મા મધે પરગટ કરીને શઘલા જરતોશતીઓને વાકેફ કીધા."

પણ આ જાતની વાકેફગારી તેજ વખ્તે હેરબદ કાવસજી મનચેરજી મોદી જેવા અથોરનાનોને ગળે ઉતરી નહિ. તેઓ "બાગે અનોશેહેરવાંન" નામનું ચોપાનિયું પ્રગટ કરતા હતા, તેના એક અંકમાં તોહમત મુક્યું કે આપણી સભાવાળાઓ "પોતાની આપેલી કબુલાતને એક કોરે મુકીને દીનનાં દફતરોમાં આવેલી કીરીઆઓને ચુંથવા નીકલેઆચ." હેરબદ કાવસજી મોદીજ નહિ પણ દસ્તુર ફરદુનજી દારાબજી જામાસ્પ આસાના પણ એવોજ ઠપકો પોતાનાં "ફરમાંને દીને જરતોશતી"

નામનાં ચોપાનિયાંના એક અંકમાં આપવા લાગયા, તો જોકે એજ દસ્તુરે એજ ચોપાનિયાંના એક અંકમાં સભા તરફના ખુલાસાને મળતુંજ લખાણ પોતાની તરફથી પ્રગટ કર્યું હતું. સભા તરફના અંક ૧૫ મામાં "રાહાનુમાએ માજદીઅશનાં શભાની વીરૂધમાં જરતોશતી લોકોમાં ફેલાએલા ખોટા વીચારોની બાબદમાં" સભા તરફથી લંબાણ ખુલાસો ૧૮૫૫ માં બાહેર પાડવામાં આવ્યો હતો તેમાં ઉપલી બાબતના સંબંધમાં સભાથી જેઓ ફરી બેઠા હતા તે બાબે આ પ્રમાણે જણાવવામાં આવ્યું હતું:—

"જેવારે આપણા લોકોમાં મુખતાદની તકરાર મોહોટા જોશથી ચાલી અને આએ શભાના ઘણાએક શતરૂઓએ મોહોટો ગોંઘાટ કરી મેલેઓ તથા આએ શભાને ઘટતી રીતે મદદ કરનારા તથા ટેકો આપનારા દશતુરો વગેરેને ઠપકો આપવા તથા બદનામ કરવા લાગા, તેવારે જે પરમાંણે દશતુર પેસુતંનજી બેહેરાંમજી શંનજાણાંએ પોતાનો વીચાર ફેરવેઓ તે પરમાંણે દશતુર ફરદુનજીએબી લોકોનાં ઠપકામાંથી મોકલા થાવા શારૂ પછવાડેથી પોતાનો વીચાર ફેરવેઓચ. પણ આએ શભા ધારેચ કે હેવા શબબ ઉપરથી એ દશતુરોએ ફેરવેલા વીચાર ઉપર શેઆંણાં જરતોશતીઓ ભરોશો રાખશે નહી. દશતુરોની મોહોટી ફરજ છે કે આંમ લોકોનાં અણઘટતા ઠપકાનો ડર નહી રાખીને જે કાંઇ ખરેખરૂં દીનમાં ફરમાવેલું હોએ તે વગર દેહેશતે જાંહેર કરે અને એકવાર આપેલા ફતવા ઉપર ચુશત અને શાબેત કદમ રેહ તથા ઘડીઘડી શમોં જોઇને પોતાનાં મત ફેરવે નહી તથા આપણાં લોકો ગુમરાહીપર ચાલતા હોએ અથવા દીનનાં ફરમાંનથી કાંઇબી ઉલટું કરતા હોએ તો તે નીરભએથી બતલાવી આપે, અને આંમ લોકો વગર શમજથી ઠપકો અથવા બદનાંમી આપે તેહેની જે ભીશાલે આએ શભાનાં અધીકારીઓ કશી પરવા રાખતા નહી તેમ તેઓબી કશી દરકાર કરે નહી, અને શાચા ફતવાને હમેશ સુધી વલગી રેહે, કે જેથી આખેરશ આએ જેહાંનમાં તેઓને શાબાશી તથા નેકનાંમી મલે અને પેલી જેહાંનમાંબી તેઓને શવાબનો હમબેહેરો હાંશેલ થાએ. બાકી દોશતોની અથવા આંમ લોકોની મરજી રાખેઆથી અને જુદી

જુદી વખતે જુદી જુદી રીતના ફતવા આપેઆથી તેઓને બુજોરગી મલશે નહી તે શાત જાંણવું."

તે જમાનાના ઉપલા ત્રણ અથોરનાનો ઉપરાંત એક ચોથો સભાનો જબરો હરીફ હતો. "મુમબઇ ચાબુકનો અધીપતી અંધેઆરૂ નવ-" રોજજી દોરાબજી ચાંનદારૂ કેજે ઘણી હાલમાં મુખતાદની તથા " બીજી બાબદોમાં રાહાનુમાએ માજદીઅશનાં શભાને વગર તકશીરે " બદનાંમ કરેચ તથા એ શભાના મીજલશીઓની ખોટી ગીબત તથા " નીનદા કરેચ તથા તેઓને બદ શખુન બોલેચ તથા તેઓ ઉપર તરેહ " તરેહનાં જુદાં તોહમનો મેલેચ," તે અધિપતિએ પણ પોતાનો અસલ વિચાર બદલીને આમ લોકોને પંપાળવા જેવું કીધેલું જણાય છે, કારણ કે ૧૮૫૧નાં સાલમાં સભાના જન્મ વેળાએજ પોતાની તરફથી સભાના જેવાજ વિચારો જાહેર કીધા હતા, અને ખુલ્લું લખ્યું હતું કે " હીન-દુશતાંનનાં બેહેદીનો હીનદુઓની રશમ જોઇ બેહેરાં ભરેચ અને મારી મેલેચ," ઇત્યાદિ.

હવે આ રીતે સભાના શત્રુઓ સભા ઉપર "ધર્મ ચુંથવા " નું તોહમત મુકવા લાગ્યા ત્યારે તેના સુકાનીઓ તેમને પુછવા લાગ્યા કે સભાની હસ્તીની આગમજ જેઓએ સભાના જેવાજ વિચારો જાહેર કીધા હતા તેમની સામે કાં નહિ આવાં તોહમતો મુકાયાં હશે? સભા પોતાના હમ્નબદોંને પુછે છે કે—" જે વખતે ઉપર કહેલી કેતાબો—ચોપાંનીઆં તથા વરતમાન પતરમાં ઘણાં વરશ ઉપર મુખતાદની બાબદમાં તકરાર છપાઈ બાહાર પડી તારે જેમ હમણાં રાહાનુમાએવાલાઓ ઉપર 'દીનની બાબદ ચુથવાનું' બોહોતાંન મુકવા તથા ઠપકો આપવા એ શભાના હમનજરદો મેદાંન પડેઆચ તેમ તે વખતે હેરબદ અશફંદીઆરજી ફરાંમજી રબાડી તથા દશતુર ફરદુનજી દારાબજી તથા અંધેઆરૂ નવરોજજી દોરાબજી ચાંનદારૂની ઉપરથી કાંએ નહી તેહેવા ઠપકો તથા બદનાંમી મુકી?" સભાના વિચારો અને ઉપલા ધણીઓના વિચારો એકસરખાજ છે, એટલુંજ નહિ પણ દસ્તુર પેશો-તનજી સંજાણા, હેરબદ કાવશજી મોદી અને બીજા હરીફાના અને સભાના વિચારો વચ્ચેનો ફર્ક પણ ઘણો ન હતો. ઉપલા હરીફાનું કેહવું એવું હતું કે ફરવરદેગાનના દશ દિવસો ઉપર પાણીના શીશા અથવા બેહડાં ભરી તેમાં ફુલ ખોસી અથવા જુદાં વાસણમાં ફુલ ગોઠવીને એક

પાકીજેહ જગો ઉપર મુકી રાખવાં, અને તે ફુલ તથા પાણી તથા મેવો દરરોજ બદલવાં, અને તે જગા ઉપર બાજ, આફ્રીનગાન, સતુમ વગેરે ક્રિયાઓ કરવી. બીજા હાથ ઉપર આપણી સભાનું કેહવું એવું હવું અને આજે પણ છે કે "ઉપર લખેલી કીરીઆઓ કરતી વખતેજ યઆને બાજ આફ્રીનગાન કરતી વેલાએ પાંણી તથા ફુલ તથા મેવો જેમ બાજ રોજગારને દીને મેલીને કીરીઆ કરેઆમાં આવેચ તેમ કરવું; પણ રાત દાહાડો પાણીનાં બેહેડાં ભરી રાખવાં તથા તેમાં ફુલ ખોશી રાખવાં તથા માલીમાં મેવો મુકી રાખવાનું ફરમાંન આપણી દીનનાં દફતરોમાં કેયે આવેલું નથી."

બન્ને પક્ષો વચ્ચે આ રીતનો ફળફુલ રાખી મુકવા અને નહિ રાખી મુકવા જેટલોજ ફર્ક હોવા છતાં એ બાબદનો ફડચો લાવવા માટે સભાએ સુચવ્યું કે સઘળા દસ્તુરોની એક સભા બોલાવીને દીનનું ફરમાન ખરેખરૂં શું છે તે મોતેબર દાખલા દલીલોથી મુકરર કરવું. પણ તેવું કાંઇ થયું નહિ, અને તેને બદલે એક નજીવા બનાવનું બહાનું પકડીને સભાના વિરોધીઓ તેની હરીફાઇમાં એક નવી મંડળી ઉભી કરી નિકળ્યા. આ મંડળીની કાહણી જાણવાજોગ છે, માટે આ ઠેકાણે તે લગાર વિસ્તારથી લખવામાં આવી છે. તે ઉપરથી આપણી સભાની તે વેળાની મુશ્કેલી અને તેને છેવટે મળેલી ફતેહની સર્વ બિના હાનેશ-મંદ વાંચનારના જાણવામાં આવશે.

એવું જણાય છે કે રોજ ૧૫ માહ ૧૨ સને ૧૨૨૪ યજદજર્દી (ઇસ્વી ૧૮૫૫)ને દિને બનાજીનાં આતશ બેહરામ મધે આપણી સભા તરફથી જાહેર બેઠક થઇ હતી તે વેળા ફરવરદેગાનને લગતો સભા તરફનો વાર્ષિક ખુલાસો બીજીવાર, વાંચી સંભળાવવામાં આવ્યો હતો. આ કામની શુરૂઆતમાંજ કોઇ એક "અંધેઆરૂ કે જે ઘણો હુજતી અને અનશમજ છે તે એક બાંકની ઉપર ઉભો થઇને બેઅદબીથી" કાંઈ બોલવા લાગ્યો તે અણઘટતું અને કબૂલ રાખી નહિ શકાય એવું જણાયાથી તેને બોલતો અટકાવવામાં આવ્યો, જે ઉપરથી "તે અંધે-આરૂ તથા તેહેનાજ જેવા બીજા કેટલાએક અંધેઆરૂઓ વધારે ગરબડ કરવા લાગા તથા રીશાલો વાંચવામાં હરકત કરવા લાગા." તેઓને કેહવામાં આવ્યું કે તેમને જે કાંઇ પુછવું યા બોલવું હોય તે રેસાલો

પુરો વંચાઇ રહ્યા પછી તેમ કરવું, પણ વચ્ચે વચ્ચે ઉઠીને બોલવું તે "મંડલીનાં કાયદાથી ઉલટું" છે. આ વેળા તેઓ ચુપ બેઠા ખરા, પણ "વખતે વખત ગરબડ કરેઆ કીધી, જેથી રશાલો વાંચનારને ઘણી વાર અચકાવું પડેઉં."

વાંચવાનું કામ પુરૂં થયા પછી સરેનશીન શેઠ નવરોજજી ફરદુનજીએ તાકીદ આપી કે જેઓ ધીરજ અને સલુકાઇથી સવાલો પુછશે તેમને જવાબ આપવામાં આવશે, પણ ગોંઘાટ અથવા ટંટો ફિસાદ કરવાની મતલબથી અણઘટતા સવાલો કરશે અને સઘળી સુધરેલી મંડળીઓના કાયદા મુજબ નહિ ચાલશે તેમને બોલતા અટકાવવામાં આવશે. સભાની સ્થાપના પછીનાં કેટલાંક વરસો સુધી મજલિસમાં હાજર થનારાઓને ભલમણસાઇ અને સલુકાઇથી તકરાર કરવાની છુટ મુકવામાં આવતી હતી તે મુજબ ઉપલી બેઠકમાં પણ તેવી છુટ હતી, પણ તેનો અણઘટતો લાભ લઇને ઉપર ઇશારો કરેલા અંધ્યારૂએ ગેરસલુકાઇથી તકરાર કરવા માંડી અને શાહાનશાહી ટોળાના અને કદીમી ટોળાના જરતોસ્તીઓમાંથી ખરી ગણતરી કોણુની છે તે બાબતની ભાંજગડ કરવા માંડી, જે ઉપરથી તે ભાંજગડ સાથ સભાને લાગતું વળગતું નથી એમ જણાવ્યા છતાં તે મોબેદે મમત મુકી નહિ અને તેની સાથવાળા "કેટલાએક મોબેદો હુજત પકડી બેઠા અને ઘોંઘાટ કરવા લાગા" જેથી અંતે સરેનશીનને સભા બરખાસ્ત કરવાની ફરજ પડી.

આ બનાવના કેટલાક રંગીન હેવાલો મુંબઈના ઈંગ્રેજી તથા ગુજરાતી છાપાઓમાં પ્રગટ થયા તેમાં અથોરનાન વર્ગનો વાંક કાહડવા જેવાં લખાણો થયાં. આથી અથોરનાન વર્ગ તરફથી તે લખાણો માટે સભાને બદનામ કરવા અને અણઘટતો ઠપકો અપાવા લાગ્યો. આમ કરવું "ઇનસાફથી ઉલટું" અને "શરફ નાદાંની છે," એમ જણાવીને સભા તરફથી એ બાબતના ખુલાસામાં જણાવવામાં આવ્યું કે સભાએ કોઇબી વેળા "અથોરનાંન ટોળાનાં શઘલા લોકોને બદનાંમ કીધા નથી" તથા "થોડા એક મોબેદોએ જે અણઘટતી ચાલ ચલાવી તેહેની ફરીઆદ પણ સભાના હેવાલમાં દાખલ નહિ કરીને તેણે તે બાબે "દરગુજર કીધી તે ઉપરથી એ મંડલીને શાબાશી આપવી ઘટારત હતી, તેહેવું કરેઆને બદલે અથોરનાંન ટોલાના ઘણાએક શાહેબો આજે શભાને ઉલટો ઠપકો આપીને બદનાંમ કરેચ અને પારકા ધણીઓએ

છાપેલી બીના તેઓને લાગુ પાડવા માંગેચ એ ઘણું અણુઘટતું તથા દલગીર થવા જોગ છે."

આ રીતે સભા ઉપર હુમલા થતા હતા તે દરમિયાન કોઈ ધણીએ "ડોશલાંનો ગરબો" છપાવી પ્રગટ કીધો હશે તે કામ પણ "રાહનુમાએને મલતા શખશોએ" કીધેલું જણાવીને સભાને બદનામ કરવા માંગ્યું, પણ સભાએ આવાં "શરવેને દુઃખ ઉપજાવવા જોગ" ગરબાનાં ચોપાનિયાં પોતાની તરફથી છપાવી પ્રગટ કરવામાં આવવાનાં તોહમતનો ખુલ્લો ઇનકાર કીધો.

પણ આ ઇનકારથી સભાના શત્રુઓ શાંત થયા નહિ. ઉપર ઇશારો કરેલી સભામાં "કેટલાએક મોબેદોએ ચલાવેલી નાંલાએક ચાલ ઉપરથી આખા અથોરનાંન ટોલાનાં લોકોને કેટલાએક વરતમાન પતરવાલાઓએ લગાડેલી હીણુપશતીને લીધે ઘણાંએક મોબેદોને માઠું લાગું તેથી તેઓએ આએ શભાની શાહામણે થાવા તથા આએ શભાએ છપાવેલાં ચોપાનીઆંનાં જવાબ આપવા તથા આપણાં લોકોને જરતોશતી દીનનાં ફરમાંન જાહેર કરવાનાં કારણશર ઉઘરાંણું કરીને એક ફંડ એકઠું કરવા તથા એક મંડલી ઉભી કરવાનો મનશુબો તથા ઠરાવ કરેઓચ;" આ રીતે આપણી સભા સામેની ઉશ્કેરણીએ નવું રૂપ લીધું અને નવી મંડળી બરપા થઇ. આ સઘળાં કામના આગેવાની આ૦ શેઠ ખરશેદજી બહમનજી પંથકીએ લીધી અને મુંબઇના અથોરનાનો તથા બેહદીનો જોગી છાપેલી ચીઠીઓ કાહડીને ઉપલાં કામોની અગત્ય બતાવતાં રાહનુમા સભા ઉપર તથા તેના આગેવાનો અને મજલિસીઓ ઉપર "કેટલાએક વગર પાએ-આના અને શરેઆંમ ખોટા ઠપકા" મુકયા. પોતાની ઉપલી ચીઠીમાં મી૦ પંથકીએ જણાવ્યા પ્રમાણે "હજરત જરતોશતના હોકમો ખાશો-આંમ લોકોને જાહેર કરવા" ના હોવાથી મુંબઇના "શવ્રલા દશતુરો તથા મોબેદો તથા દાંનાવ દાવરોની એક મંડલી" ઉભી કરવામાં આવી છે; પણ આ મતલબ જોડે મી૦ પંથકીએ પોતાની ચીઠીમાં એમ પણ જણાવ્યું હતું કેઃ—

"કેટલાએક બેહદીનનાં અને કેટલાએક મોબેદોનાં અંગરેજી શીકેશા જવાંન છોકરાઓ આપરી દીનમેં શુધારા કરવાને બાહાંને કોણ જાંણે શી મતલબને વાશતે પાક દીનનાં અવશતાન કલાંમાં

ઉપર આધાર રાખેઆ વગર જુઠી તકરાર કરીને પાક દીનની ઠેકરી કરાવેચ અને કરેચ."

શેઠ ખરશેદજી પંથકીએ પોતાની ચીઠીમાં ઉપલા સખુનો આપણી સભાના લાગતાવળગતાઓનાજ સંબંધમાં વાપરેલા છે એવી પોતાની ખાતરી કરીને સભાના સેક્રેટરિ શેઠ સોહરાબજી શાપુરજી બંગાળીએ રોજ ૫ માહ ૧ શાહાનશાહી સને ૧૨૨૫ યજદેજર્દી (ઇસ્વી ૧૮૫૫) ને દિને તે ગૃહસ્થ ઉપર એક પત્ર લખીને જણાવ્યું કે સભાને આપવામાં આવેલો ઠપકો "બીલકુલ ખોટો અને વગર પાએઆનો છે," અને સભાને "તદન લાગુ પડતો નથી," કારણ કે "આપણી "બરહક દીનનાં ફરમાંન જે અવશતાનાં પાક કલાંમમાં આવેલાં છે "તેહને હમારી શભા હમેશાં કબુલ રાખેચ તથા માંન આપેચ અને "એ આધારને હમારી શભાએ કોઇ વેલા પડતો મેલેઓ નથી". વળી "તેમાં લખ્યું હતું કે આ સભા "જુઠી તકરાર" કરતી નથી તેમજ "પાક "દીનની ઠેકરી પણ કરતી કે કરાવતી નથી," પણ તેથી ઉલટું એ સભા તો એવી નેમ, મતલબ અને આરજુ ધરાવે છે કે "આપણી "બરહક ઇઅજદાંપરશતી દીનમાં જુદદીન લોકોની કેટલીએક રશમો "આમેજ થાઇચ તથા આપણાં લોકોમાં કેટલાએક દીનથી ઉલટા "ગુનાહ ભરેલા—અણુઘટતા તથા નુકશાંનીએત ભરેલા રેવાજ દાખલ "થાએઆચ તે રશમો તથા રેવાજ બીલકુલ નીકલી ગએઆથી આપણાં "ખાલેશ તથા પવીતર મજહબને બુજોરગી મલશે તથા આપણાં માંજદી- "અશનાંનોને નેકનાંમી, માન તથા શાબાશી મલશે."

આ રીતનો રદ જવાબ આપવા જોડે સભા તરફથી નવી મંડળી ઉભી કરનારાઓને ઉત્તેજન આપવામાં આવ્યું હતું કે તેઓએ જે નવી મંડળી ઉભી કરવા ધારી છે તે "કાંમ ઘણુંજ નેક અને "ગુણગાર છે તથા રાહનુમાએ માજદાઅશનાં શભાએ માંથે લીધેલા કામને એહેની મંડલીથી નુકશાન પોહોંચેઆને બદલે ટેકો થાશે તથા આશરો મલશે" અને એ નવી મંડળીની સામે થવાને બદલે "હમારી શભાને ખુશાલી ઉપજશે."

છેલ્લે સભા તરફથી મલામણ કરવામાં આવી હતી કે "હમારી શભાને અણુઘટતી તથા શરીઆંમ ખોટી બદનાંમી આપવાનાં કામથી

દુર રહીને" "ટોલાની રાહતુમાઇ" કરવી, કારણકે "હરએક બાબદમાં "જાુશતજો તથા શોધ કરેઆથી તથા શત્રભાવીક રીતે તકરાર "ચલાવેઆથી અજવાલું થાશે તથા ખરૂં ખોટું પોતાની મેલે "શ્રધલાઓને માલમ પડી આવશે."

સભા તરફના આ પત્રનો પાછો જવાબ મલ્યો નહિ, તથા ત્યારપછી રોજ ૫, માહ ૨-૩, ૧૨૨૫ યજદ૦ (તા. ૩૦ મી અકટોબર ૧૮૫૫) ને દિને ઉપલી નવી મંડળીવાળાઓએ નોતરાં કાહડીને પોતાની પેહલ વેહલી બેઠક કીધી, તેમાં આપણી સભાના સરનશીન કે મુનશી કે કારોબારીઓને બોલાવ્યા નહિ, એટલુંજ નહિ પણ તેમની ગેરહાજરીમાં તેમના સંબંધમાં કેટલાક અઘટિત શબ્દો ઓચરીને પ્રથમથીજ આપણી સભા સાથની પોતાની શત્રુવટ સાબેત કરી આપી. તેઓની આ નવી મંડળીનું નામ આપણી સભાને કંઇક રીતે મળતું આવે તેમ "રાહે-રાશતનોમાએ જરતોશતીઆંન" રાખ્યું અને તેની સ્થાપના વેળા તેમાં "આપણી કોમના ઘણાએક આબરૂવાલા શાહેબો તથા દશતુરો અને મોબેદો શાંમેલ" હતા. તે મંડલી સાથે "હલીમલીને ચાલવાની" આપણી "સભાની ઘણી ખુશી" હતી, પણ મંડાણમાંજ તેના "કેટલાએક આગેવાનોએ" આપણી સભાના આગેવાનોના "એખલાક ઉપર હોમલો કરેઓ," તેમજ "માઠા શખુનો વાપરીને તેઓની ચાલચલણ વીશે ગેરશલુકાઇથી કઠણુ મુજાહેમત કીધી." આ તેનાં વિરૂધ કામની ખબર આપણા આગેવાનોને પડતાંજ બીજેજ દિને તેઓએ પોતાની મજલિસ બોલાવીને તેમાં એ બાબતમાં પોતાની નાપસંદગી જાહેર કરવાની સૌથી પેહલી તક હાથ કીધી. આ બાબતમાં સભાના મુનશી શેઠ સો૦ શા૦ બંગાળીએ એક ભાષણ કરીને મોબેદો સાથની ખટપટને સામા પક્ષ તરફથી ખોટું અને ઉશ્કેરણી ભરેલું રૂપ આપવામાં આવ્યું હતું તે જાહેર કીધું. તેનો સાર એવો છે કેઃ—

ચાર વરસની વાત ઉપર (૧૮૫૧ માં) આપણી સભાની સ્થાપના થઇ ત્યારે "તેને થોડાજ લોકો ગણકારતા હતા" અને "થોડાજ લોકો તેહેને વજન આપતા હતા," પણ ત્યારપછી "ઇમાનદારી અને શચાઇનાં બલથી આપણી શભાનું કામ એટલું તો મચીઉંચ કે જે શેઠીઆઓ આપણાં કાંમ વીશે આગલ હશતા હતા તેઓ આપણી શાંમને થાવા

-શાર" નવી મંડલી ઉભી કરવાનાં કામમાં શામેલ થયા છે. આ નવી મંડળી ઉભી કરનારાઓ શેઠ રતનજી કેરાંવાળાની વાડીમાં ભેગા થયા હતા, જેઓમાં શેઠ બહમનજી હોરમજજી વાડિયા, શેઠ માણકજી નશરવાનજી (પીટીટ), શેઠ ખરશેદજી જમશેદજી (જીજીભાઇ), શેઠ ફરામજી નશરવાનજી પટેલ, શેઠ સોહરાબજી જમશેદજી (જીજીભાઇ) વગેરે હતા.[1] આ સ્થાપના વેળા ભેગા મળેલા ધણીઓમાંથી કેટલાકોએ "સભાની જુઠી બદગોઇ કીધી" અને બોલ્યા કે તેણે "મુખતાહને ગણપતી અને ગવરી કરીને કહેઆં." તથા "જરતોશતીઓને પુતલાં પુજનારમાં ગણેઆ," તેમજ "મોબેદોના આખા ટોલાને 'હાટંનટાટ' અને કાફરી કરીને કહેઆ," અને વળી એવુંબી તોહમત મુકયું કે "આપણુ મહજબ ચુંથવા લાગાય, આપણે દીનની રૂશવાઇ કરવા માંડીય," ઇત્યાદિ. આ સ્થાપના વેળા આપણી સભા તરફથી એક સિવાય બીજા કોઇપણ

૧ જોકે રાહેરાસ્તની સ્થાપના વેળા આ અને એવાજ બીજા વગવાળા સાહેબો હાજર થયા હતા, પણ તેઓનો એ મંડળી સાથ કશો જાહેર સંબંધ હોય એમ જણાયુ નથી. મંડળીનાં પ્રમુખ દસ્તુર એદલજી દારાબજી જામાસ્પઆસાનાને ઠરાવવામાં આવ્યા હતા, અને એ સરનશીન ઉપરાંત ચાર દસ્તુરોને નાયબે સરનશીન ઠરાવ્યા હતા, જેઓ મધેના એક દસ્તુર પેo બેo સંજાણા હતા, તથા જોડિયા સેક્રેટરિઓ તરીકે શેઠ માણકજી સોહરાબજી એશબરનર તથા ડૉo ડોસાભાઈ બેજનજી હલગીરવાળા નેમાયા હતા. આ સાત ગૃહસ્થો ઉપરાંત નવી મંડળીનો કારોબાર ચલાવવા માટે બીજા ૪૪ ધણીઓની નેમણૂક થઈ હતી. આ નવી મંડળીમાં સભા કેમ ચલાવવી તે બાબેનાં ભાષણો તેની સ્થાપનાને દિને થયાં તે કરનારાઓ મધેના એક શેઠ ધo ફo પટેલ હતા. પારસી પ્રકાશ, પુo ૧ લું, સફે ૬૯૨-૯૩

આ મંડળીના એક કારોબારી શેઠ ધo ફo પટેલ રાહનુમા સભાની સ્થાપના વેળા તેના કારોબારી હતા, અને ત્યારબાદ ઘણાં વરસ સુધી તેના સભાસદ હતા. બીજા કારોબારીઓ પાછળથી રાહનુમા સભા તરફ ખેંચાયા તેઓ મધેના મુખ્ય શેઠ જમશેદજી લીમજીભાઇ અપુ અને શેઠ સોહરાબજી મનચેરજી જાલ હતા, જેઓ આપણી સભાની કારોબાર મંડળીમાં ચુંટી કહડાયા હતા, અને શેઠ અપુ તો ૧૮૬૦ માં રાહનુમાના મુનશીનો ઓહ્દો મેળવવા પામ્યા હતા. દસ્તુર પેશોતનજી બેહરામજી સંજાણા પણ પાછળથી આપણી સભાના દિલસોજ દોસ્ત અને મદદગાર થઇ પડયા હતા.

અધિકારીને ધ્રુજન ન હોવાથી આ બધાં તોહમતો રદ કરવાની કોઇએ હિંમત કીધી નહિ. જે અધિકારી હાજર હતા તેઓ શેઠ ધનજીભાઇ ફરામજી (પટેલ) હતા, પણ તેઓ ત્યાં ચુપજ બેઠા હતા, માટે ત્યાં "હાજર રેહનાર દાંનાવ શાહેબો પોતાના મનમાં જે સુજીઉ તેમ છુટથી અને બેમલાહેજાથી બોલીઆ હતા, અને "એ શાહેબો જે કાંઇ બોલીઆ તે બાબે તે ઠેકાણે તેઓનો કોઇ તરત અટકાવ કરનાર તથા જવાબ આપનાર હતું નહી અને તેહેનો લાભ તેઓએ પુરતી રીતે કામે લગાડેઓ હતો."

આ નવી મંડળીવાળાઓ બોલ્યા હતા કે આપણી સભા તરફથી શુરૂઆતમાં જે કબુલતો અપાઇ હતી તેથી ઉલટી રીતે પાછળથી કામ લેવાવા માંડયું હતું; એટલે કે પ્રથમ આપણે હિંદુઓ અને મુસલમાનોની સંગતથી જે રસમો એખ્તિયાર કીધેલી છેતે કાહડી નખાવવાનોજ આપણો હેતુ હતો, પણ હાલ (૧૮૫૫ માં) તો આપણુ "દીનઆઇનની વાતો ઉપર પગલાં ભરવા લાગાય. પણ સભાએ ત્રણથી ચાર મરતબે ટોળાનાં લોકોને જાહેર કીધેલું તથા બતાવી આપેલું છે કે આપણી સભા જે રસમો દીનની રાહથી ઉલટી યા નકામી હોય-પછી તે હિંદુઓ કે મુસલમાનો ઉપરથી લેવામાં આવી હોય યા "કોઇ બીજા કારણો ઉપરથી ઉતપન થાઇ હોએ," તો તે બાબે તકરાર ચલાવીને તે રસમો જરતોસ્તીઓ પાસે તર્ક કરાવવા માટે તેમને "ભલામણ કરવાનો આએ શભાના અશલ કાએદા મુજબ આએ શભાનો હક છે." આને મળતોજ "ટપકો ડોશાભાઇ મુનશી આપણી ઉપર લઇ આવેઆ હતા તેવણુને આપણી સભાએ ખોટા પાડેઆ; એ ટપકો વલી 'બાગે અનોશેહરવાંન' ચોપાંનીઆંનો બનાવનાર આપણી ઉપર લઇ આવેઓ હતો તે ખોટો પડેઓ; પણ તેઓમાંથી કોઇ આપણુને પાછો ઉત્તર આપી શકીઆ નહી." સભાના આ અને એવાજ બીજા હરીફોની "ઇમાનદારી એટલીજ છે કે પોતાના બોલવાની શાબેતી આપવી નહી, અને એક શરીઆંમ જુદી વાત ફરી ફરીને હરેક જોગવાઇએ બોલેઆ કરવી."

વળી બીજાં તોહમતોબી ખોટાં છે. સભાએ "કોઇ દાહાડે મુખતાદને અને અશો ફરોહરોને ગવરી અને ગણપતીનું નામ આપીઉ નથી,"

પણ એમ કહ્યું છે કે "ભાઇ શાહેબો, તમો ફરવરદેગાનના દાહાડાઓ ઉપર બંદગી કરો, એબાદત કરો, ધરમદાંનનાં કામો કરો, દીનના હોકમ મુજબ પઢવું ગણુવું જારી રાખો, પણ એ દાહાડાઓ ઉપર તમો આએ મારી અને બેહેરાંનો આકાર શું કરવા ઉભો કરોચ ? હેવો આકાર તો હીનદુઓ ગવરી અને ગણપતીની વખતે કરેચ, પણ જરતોશતી દીનની ઇઅજદાંપરશતીને હેવો આકાર ઉભો કરવો એ લાએક નથી."

મોબેદોને એક ગુસ્સો એમ લાગ્યો કે આપણી સભાએ જે જરતોસ્તી નર નારીઓ જુદદીન લોકોની રસમ પ્રમાણે ચાલીને માનતા સુનતા કરતાં હતાં તે ઉપરથી તેમને "પુતલાં પુજનારા" ગણ્યા. "આ સખુનો વાપરવા વિશે સભા ના પાડતી નથી, પણ તેના સંબંધમાં મી૦ સો૦ બંગાળીએ દાખલો આપીને કહ્યું કે "હોરમસજી વાડીઆવાલાં આતશ બેહરામમાં કેટલીએક હેવી કીરીઆઓ થાએચ કે જે કીરીઆઓ પુતલાં પુજનારા લોકોનીજ છે. એ આતશબેહરામમાં બકરાં, મરઘાં અને શુના રૂપાનાં પુતલાંનાં પતરાંની માનતા ચહડેચ," ઇત્યાદિ* થોડાક મોબેદોએ સભાની એક બેઠક વેળા તુફાન કરી સભાનું કામ બંધ પડાવ્યું તે બાબે લખતાં એક ઈંગ્રેજી છાપાએ ટીકા કીધી કે "તે મોબેદોની ચાલ જંગલી હોટેન્ટૉટ અને કાફરી લોકોના જેવી હતી. આ સખુનો સઘળા મોબેદ ટોળાને માટે લખાયા હતા એવું નવી મંડળીવાળાઓએ તોહમત મુકયું, અને કેહવા લાગ્યા, કે તે આપણી સભા તરફથીજ લખાયું હતું. પણ ખરી વાત તો એ હતી કે ઈંગ્રેજી છાપામાં આવેલું લખાણ ગુજરાતી છાપાવાળાઓએ પ્રગટ કીધું ત્યારે સભા તરફથી તે સામે સખ્ત વાંધો લઇને જેટલી ખરી હકીકત હતી તેટલી જાહેર કરવામાં આવી હતી અને તેમ કરીને આખા મોબેદ ટોળાનો બચાવ કીધો હતો. આના સંબંધમાં જણાવવામાં આવ્યું કે છાપાવાળા જો રાહનુમા સભાના કહ્યા પ્રમાણેજ સઘળું છાપતા હોય અને જો ગામમાં રાહનુમાએનો ડંકો વાગતો હોય તો ખુદ એ સભાની સામે ખોટાં તોહમતો છાપામાં આવે છે તેનું કેમ ? દાખલો આપવામાં

*પાછળથી આતશ બેહરામના મુતવલીઓએ આવાં કામોનો ખાસ તાકીદથી અટકાવ કરાવ્યો હતો.

આવ્યો કે નવી મંડળીવાળા "શાહેબોનો હીમાએતી શાબુકવાલો "જે આગલ આએ શભાની પખશ ખેંચતો હતો તે ધણી આજે "રાહનુમાએના મીજલશીઓને મજહકી કેહેચ, તેઓને નાપાક કેહેચ, "તેઓનું માશ શાંચુશી વતે ડુપાવા માંગેચ, તે વીશે હમો તો નહી "ફરીઆદ કરતા કે એ શાહેબો ઉશકેરીને હેવું લખાવેચ? પણ "આપણામાં એક શાદો ગુજરાતી બોલ છે નેમ જેઆરે નહી ચાલે "તેઆરે ચીઠરાં ફારવાની એ વાત છે."

આપણી સભાના સરનશીન શેઠ નવરોજજી ફરદુનજીને નવી મંડળીવાળાઓએ પોતાની સ્થાપનાને દિને નોતર્યા ન હતા તેની દરકાર વિના તેઓએ "એક જરતોશતી દાખલ પોતાની તરફથી એ શભા (યાને નવી મંડળી) ને બેએ બાબતની ભલામણ લખી મોકલી હતી," તે એ કે "આપણાં અવશતાનાં દફતરોનો શહી ગુજરાતી તરજુમો કરાવવાનું કામ તેઓએ માંથે લેવું અને બીજું એ કે દશતુરોને મુકરર કરીને તેઓની પાશે મહીનામાં તરણ ચેઆર વેલાએ દીનઆઈનિની બાબતો વીશે વાઆજ કરાવવી." આ ખાનગી ભલામણ હતી, પણ તેનો પાધરો હા—નો જવાબ આપવાને બદલે નવી મંડળીમાંજ સભાની ખોટી નિંદા કરતી વેળા જવાબ અપાયો કે, 'અમને આવી ભલામણ કરવા નિકળ્યાછો તો તમો પોતેજ તમારી સભા મારફતે એજ કામો માથે કેમ નથી લેતા?' હવે આપણી સભાએ આ કામો માથે નહિ લીધાં તેનું કારણ એ કે તેના પક્ષમાં અત્યાર સુધીમાં થોડાજ શીખેલા દસ્તુરો હતા, અને તેઓબી જાહેરમાં આવીને મદદ આપતા ન હતા, પણ નવી મંડળીમાં તો "જંદ અને પેહલવી જુબાંન જાણનારા દશતુરો તથા બેહદીનોનો" સારો જમાવ થયો હતો, અને એ ભાષાઓની "જાહેર માહીતગારી ધરાવનાર ઓછામાં ઓછા છ શખશો શામેલ" હતા. છતાં વાઅજો કરાવવાની બાબતમાં તો આપણી સભા કોશેશ કરી ચુકી હતી અને તેમાં તેને કડવો અનુભવ મળી ચુકયો હતો, કારણકે દસ્તુર મીનોચેહેરજી એદલજી જામાસ્પઆસાના તથા દસ્તુર પેશોતનજી બેહરામજી સંજાણા જેવા વડા દસ્તુરોને તેમજ દસ્તુર જમશેદજી બરજોરજીને "દર માશે બેએ "વખત વાઆજ કરવાને શારૂ આએ શભાની તરફથી રૂ ૪૦)થી ૫૦)

"શુધીનો પગાર આપવા કબુલ કરેઓ હતો, પણ કોઇએ હીમતથી "એ કાંમ માથે લીધું નહી અને એ શંગળી મેહેનત ફોકટ ગેઇ."

સભાના મુનશી શેઠ સો. બંગાળી તરફના ઉપલા વિગતવાર ખુલાસા પછી શેઠ ડોસાભાઇ ફરામજી કરાકાએ સભાની ઉપલીજ બેઠકમાં જણાવ્યા પ્રમાણે તેઓએ નવી મંડળીની સ્થાપના વેળા હાજર થવા માટે તેજ દિને સહવારે શેઠ ખ. બ. પંથકી ઉપર એક ચીઠી લખીને પરવાનગી મંગાવી હતી, જેનો જવાબ મોહડેથી એવી મતલબનો મલ્યો હતો કે "તમારી ચીઠીનો જવાબ પરમ દાહડે [મંડળીની સ્થાપના પછી ત્રીજે દાહડે !] મોકલશ, એ શભા કંઇ જાહેર નથી—એ તો હમારી ખાંનગી મીટીંગ છે, અને માહરે ખરચે છે, વાશ્તે તમારેથી તાંહાં અવાએ નહી."

રાહનુમા સભાએ પોતાની બચગીના વખતમાં પંચાયતના શેઠિયાઓની મદદ મેળવવાની વારંવાર કોશેશ કીધી હતી, પણ તેમાં તેને ફતેહ મળી ન હતી. ત્યારે સભાની શેઠિયાઓ દરકાર ન હતી પણ ફરવરદેગાનના તેહવારો વેળાની ક્રિયાનો સવાલ સભાએ હાથ ધર્યાં પછીજ સભાની હસ્તીની દરકાર કરવાની તેમને તેમજ દસ્તુર મોબેદોને જરૂર જણાઇ, અને તેથીજ નવી મંડળીમાં તેઓ મોટે ભાગે શામેલ થયા. એ બાબતમાં બોલતાં મી. ડો. કરાકાએ જણાવ્યું કે "જે શાહેબોને આએ શભાનું કામ તપાશવા અને આએ શભાને પોતાની શલાહ આપવાને વારેઘડીએ અરજ તથા ભલામણ કરેઆમાં આવી હતી, તેઓએ તે અરજ ઉપર કોઇ દીને ધેઆન આપીઉં નહી અને જરાક બીજી બાજુ ઉપર જોશશો ઉઠેઓ કે તે તરફ એકદમ જવાને તઇઆર થાએઆ. વલી આપણા ટોલાનાં દસતુરો જેવોને લાએક હતું એટલુંજ નહી, પણ હાવી શભામાં આવી પોતાના ખરા વીચાર આપવાની ફરજ હતી, તેઓએ આજ ચાર વરશ થાએઆં આએ શભા ઉભી થાઇચ તેટલી લાંમબી મુદતમાં એકબી જાહેર મીજલશમાં આવીને પોતાની ફરજ અદા કીવી નથી."

આવોજ મજબૂત ચાબકો શેઠ બેહરામજી ખરશેદજી ગાંધીએ ઉપલીજ બેઠક વેળા પોતાનાં ભાષણની છેવટે લગાવ્યો. તેઓ બોલ્યા કે—

"રાહનુમાએ માજદીઅશના શભા ઉભી થાઇ તારે આપણી પંનચાતના શેઠીઆઓ તથા દીનના દશતુર મોબેદોએ એ શભાનાં કાંમને ટેકો આપવાને ના પાડેઉ તેવારે એ રાહનુમાએ શભાના

આગેવાનોએ પોતાના પાક પેગમબરે બતાવેલો દાખલો ધ્યાનદ રાખી દીનનાં કામમાં દુનીઆંનાં લોકની પરવા નહી કીધી અને તે શેઠીઆઓને તથા દશતુર મોબેદોને પડતા મેલેઆ, તારે તે લોકો એ શભા ઉપર એટલાતો ગુશશે ભરાએઆ કે તેહેનું વેર લેવાની તેઓ શદા વેતરણમાં રહેઆ છે...... તેવોએ આએ શભાની સાથે મીજલશનાં કાનુનથી ઉલટી ચાલ જે ચલાવી છે તેહેને ઘટતા ધીકારમાં મેલીને એટલુંજ કેહુંચ કે આએ શભા કોઇબી હરીફોથી અને દુશમનોથી કશી ધાશતી રાખતી નથી. જે દશતુર મોબેદો અવશતાવાંણીનું એક પાંનું જાહેરમાં વાંચી શમજાવવાને કદી રાજી દેખાતા નહી, જે શેઠીઆઓ દીનની બાબતમાં ઘટતાં કામને ટેકો આપવાને ખુશી થાએઆ હતા નહી, જેઓ પોતાનું માંન તથા દરજજો ઘણો ઉનચો ગણે છે, તેઓ એક ચીઠીનાં શાદાં નોતરાં ઉપરથી દોડીને ગેઇ કાલ દીને આપણી હરીફાઇ કરનારી શભામાં શામેલ થાએઆ હતા, અને પોતાની દબદબા ભરેલી હાજરીથી લોકોની નજરમાં તે શભાનું માંન તથા મોભો વધારીને આપણી શભાને હલકું લગાડવાનાં ફાંફાં મારેઆં; પણ તેઓએ જાણવું જોઇએ કે હેવી સઘલી ધુમધાંમથી રાહનુમાએ માજદીઅશના સભાના મીજલશીઓનાં દેલ કોઇબી પરકારે આજુરદા થનાર નથી...... આએ વીચાર હું પુરી હીમતથી જાહેર કરંચ કે રાહાનુમાએ માજદીઅશના શભાના હીમત ભરેલાં શાચાં બોલવાની આગલ, અને તે શભાના કારોબારીઓનાં ખરાં ડાહપણ ભરેલાં કાંમની આગલ, મકરખોરા લોકોના ઢોંગશોંહોંગ અને તદબીર, તથા વગવાલા લોકોનો શઘલો કાબુ, અને કાહારૂનનો ખજાનો ફાવી શકનાર નથી. વાસતે આએ શભાના શતરૂઓ શેઠીઆઓને પોતાની શંફમાં તેડીને તથા દશતુરોને પોતાની બગલમાં લઇને ગમે તેટલી ધુમધાંમ કરે તોબી રાહનુમાએ શભાના દીનદાર મીજલશીઓ પોતાનાં નેક કાંમથી હરગેજ બીહીને પાછા હટનાર નથી."

એવું જણાય છે કે નવી મંડળીવાળાઓએ શેઠ ધનજીભાઈ ફરામજી પટેલને પોતાની સ્થાપના વેળા નોતર્યા હતા, જેઓ રાહનુમા સભાના એક સભાસદ હતા, અને તેનાં પેહલાં વર્ષમાં નેમાયલા ૧૪ કારોબારીઓ મધે સરનશીન પછી તેમનું નામ જોવામાં આવે છે. આ

જંદ પેહલવીનો અભ્યાસ ધરાવનાસ કાબેલ ગ્રહસ્થ હતા, અને તેમની દિલસોજી આપણી સભા તરફ પ્રથમથીજ હતી. આ ગ્રહસ્થ હરીફાની સભામાં હાજર હતા તોપણ તેઓએ ત્યાં આપણી સભાની વિરૂધમાં થયલી ખોટી યા ભુલ ભરેલી ટીકાઓનો જવાબ આપ્યો કે સભાનો બચાવ કીધો ન હતો. તોપણ સભાએ પોતાની તરફનો રદ જવાબ આપવા માટે બોલાવેલી ઉપલી સભામાં શેઠ ધનજીભાઇ હાજર હતા, એટલુંજ નહિ પણ તેઓએ ત્યાં એક ભાષણ વાંચી સંભળાવ્યું હતું. આ ભાષણ સભાનાં દફતરોમાં પ્રગટ થયું નથી; કેમકે તે પ્રગટ થવા નહિ દેતાં તે ગ્રહસ્થે તે ભાષણ પાછું મંગાવી લીધું હતું. એટલા-માટે આ ભાષણમાં તેઓએ કેવો અભિપ્રાય દર્શાવ્યો હતો તે જણાયું નથી. એજ બેઠકમાં શેઠ કેખશરૂ હોરમજજી આલપાઇવાલાએ પોતાનાં ભાષણમાં આ મી૰ ધનજીભાઈ પટેલના સંબંધમાં ઇશારો કરતાં દિલ-ગીરી બતાવી કે નવી મંડળીના આગેવાનો મધેના એક એ ગ્રહસ્થ હતા તે છતાં આપણી સભાના કારોબારીઓને વેગળા રાખવામાં આવ્યા હતા!

આપણી સભા તરફની ઉપલી બેઠકનું કામ પુરૂં કરતી વેળા સરનશીન શેઠ નવરોજજી ફરદુનજીએ જણાવ્યું કે તેમને નવી મંડળીમાં નોતરેલા ન હોવાથી પોતાની તરફની ભલામણો અને સુચનાઓનો એક પત્ર તેમણે એક માણસ મારફતે મંડળીના વડા જોગ મોકલાવ્યો હતો, તે માણસથી તેમજ મંડળીમાં હાજર રહેલા "બીજા શખશોથી મને ચોકશ અને ભરોશો રાખવા જોગ ખબર મલીય તે ઉપરથી હું ખાત-રીથી કહી શકુંચ કે તે મજલેશમાં કેટલાએક આગેવાંનોએ આએ શભાના મીજલશીઓ વીશે ઘણાજ માઠા અને દુરગંધ તથા કમકમાટ છુટે તેહેવા નાલાએક શખુનો વાપરીને આએ શભાવાલાઓની શંગાથે ઘણીજ ગેરશલુકાઇ ભરેલી ચાલ ચલાવી" હતી. એ માટે તેઓની બુધ્ધિ અને અકકલ ઉપર અફસોસ કરીને શેઠ નવરોજજીએ આશા બતાવી કે "તેઓ પોતાની ચુકને શુધારીને આએ શભાના મીજલશીઓ શંગાથે શલુકાઇ તથા ભલામણશાઇથી ચાલશે."

આપણી સામે ઉભી થયલી નવી મંડળી સાથના ઝગડાનો પેહલો તબકો અહીં પુરો થાય છે. બન્ને વચ્ચેની ધુરકાધુરકી અને સખુન-

દરાજી પછી કેટલાક મહિના વીતી જાય છે, અને તે દરમિયાન બેઉ વચ્ચે કાંઇક મિત્રાચારીના આવજાવજા જેવો પત્ર વેહવાર ચાલુ થાય છે. નવી મંડળી બરપા થયા પછી તેના તરફની શુરૂઆતની સઘળી ધામધુમ છતાં તેણે પોતાની હસ્તી સાબેત કરવા જેવું કશું કામ કીધેલું જણાતું નથી, કારણકે ત્યાર પછી રોજ ૨૮, માહ ૧૧-૧૨, ૧૨૨૫ યજદ૦ ને દિને આપણી સભાની બેઠક થઇ ત્યારે શેઠ નવરોજજીએ ખુલાસો કરતાં જણાવ્યું કે આપણી તરફથી ફરવરદેગાન વેળાની ક્રિયા બાબેનો વાર્ષિક ખુલાસો પ્રગટ કરવામાં તે વેળા ઢીલ થઇ હતી તેનું કારણ નવી મંડળી એજ બાબતમાં શો ખુલાસો કરે છે તે જાણવા સુધી થોભવાનું હતું, "પણ વરશ તમામ થવા આવ્યું તાંહાં શુધી તે મંડલીની તરફનો ખોલાશો બાહેર પાડયો નહી" હતો.

એવું જણાય છે કે નવી મંડળી તરફની લાંબી ચુપકીદી છતાં તેના આગળા કડવા બિન જરૂરી અને બેજા સખુનો ભૂલી જઇને "આપણી શભાની તરફથી પરગટ થએલા શઘલા રેશાલાનું એક દફતર" આપણી સભાની કારોબાર મંડળીએ "પોતાના હરીફ઼ીની મંડલી ઉપર એક પતર લખીને મોકલેઉં હતું અને તેહેમાં હેવું લખી જણાવીઉં હતું કે 'આએ શભાએ પરવરતાવેલા શઘળા રેશાલા તપાશી જોએઆ પછી તેહેમાં કાંઇબી ભુલચુક અથવા ગલતી "રાહેરાશતનુમાએ જરતોશતીઆંન" શભાની કારોબાર મંડલીને નજર આવે તો તે શુખેથી હમારી મંડલીને બતલાવી આપવું.' આ પછી નવદશ મહિનાની લાંબી મુદત વીતી ગઇ પણ નવી મંડળીવાળાઓ તરફથી કશો જવાબ મલ્યો નહિ. એ લાંબી મુદતની ઉંઘ પછી તેઓએ લખી જણાવ્યું કે ઉપલા "રેસાલાઓમાં આપેલા દાખલાઓ મધે અવસ્તાનાં પદના કેટલાએક લોગતોની માએનીઓમાં કેટલીએક ગલતી તથા તફાવત છે તેહેની એક ટીપ બનાવીને" આપણી મંડળી ઉપર મોકલી આપી. હવે આ વાત સર્વેને જાણીતી છે કે અવસ્તાઇ શબ્દો અને લોગતોના અર્થ દસ્તુરોજ નહિ પણ આજના ધર્માભ્યાસીઓ અને યુરોપીઅન વિદ્વાનો પણ એકસરખા આપતા નથી, માટે આપણી સભા તરફથી છેક છ દાયકાની વાત ઉપર અપાયલા અર્થોમાં કેટલેક ઠેકાણે તફાવત પડયો હોય તેમાં નવાઇ નથી. આના સંબંધમાં આપણી સભા તરફથી સામાવાળાઓને પાછું લખી

જણાવવામાં આવ્યું કે "હમારા રેશાલામાં આપેલા અવશતાનાં દાખલાઓની માંએની પરગટ કરેલી છે તે ઘણું કરીને તમારી (રાહે રાશતનુમાએ જરતોશતીઆંન) મંડલી મધેનાં દશતુરોની મદદ લઇને કરેલી છે, તે ઉપરાંત અગરજો તે માંએનીની મતલબ તથા મોરાદમાં કાંઇ અગત જેહેવી ભુલચુક થાએલી હોએ અને તે ઉપરથી હમારી મંડલીએ કરેલા મુખતાદની બાબદનાં ખોલાશામાં કાંઇ ફેર અથવા તફાવત પડતો હોએ તો તે તમારી મંડલીએ શુખેથી બતલાવી આપવું"

પણ આપણા તરફનું આ "વાજબી માંગવું આપણાં હમન બરદોએ નકાંમી હુજત કરીને કબુલ રાખેઉં નહી, અને અશલ મતલબને છોડી દેઇને ફકત છુટા છુટા શબ્દોની માંએની વીશે બેફાએદે તકરાર કરવાની મરજી દેખાડી," કે જેમ કરવાને આપણી તરફથી દરૂસ્ત ધારવામાં આવ્યું નહિ, "શબબ કે હેવા હેવા છુટા છુટા લોગતો વીશે તકરાર કીધાથી મુકતાતની બાબદમાં કશો ખોલાશો થાએ હેવું હતું નહી," પણ જો આપણી તરફથી થયલી "અવશતાની માંએનીમાં એ શાહેબોની તરફથી મોરાદ-ઇઆ મતલબનો કાંઇ ફેર બતલાવેઆમાં આવેઓ હતે તો તે ઉપર તકરાર કરવાને" આપણા સુકાનીઓ તૈયાર હતા.

અહીં નવી મંડળી સાથનો પત્ર વેહવાર બંધ થયો, ત્યાર બાદ પોતાના જન્મ પછી બાર મહિને તે મંડળીવાળા "દશતુરો અને ઓબેદો તથા દાનાંવ દાવરો" તરફથી ફરવરદેગાનની બાબતમાં એક નિબંધ તૈયાર કરી જરતોસ્તીઓમાં આશકારા કરવામાં આવ્યો, જેની સામે થઈ "તે રેશાલામાં દાખલ કરેલી બાબદોની શાબેતી માંગવા તથા તે વીશે શવભાવીક રીતે ધટતી તકરાર કરવાની" આપણી કારોબાર મંડળીએ ફરજ વિચારી, કારણ કે આપણી તે મંડળીની "તેમજ બીજા ઘણાં એક વીચારવાલા તથા ચંચલ જરતોશતીઓની ખાતર તશલી થાઇચ કે 'રાહે રાશતનુમાંએ જરતોશતીઆંન' શભાવાલા શાહેબોની અંદરખાનેથી હેવી મતલબ છે કે આપણાં ટોલાના લોકોમાં રેવાજ પાંમેલી શઘલી અથવા ઘણી ખરી રશમોને હરેક રીતે ટેકો આપવા તથા કાએમ અને ચાલુ રાખવાની કોશેશ કરવી."

નવી મંડળી તરફનો આ પેહલવેહલો નિબંધ બનાજીનાં આતશ બેહરામમાં જરતોશતીઓની જાહેર સભા બોલાવીને વાંચી સંભળાવ્યો

હતો, પણ એ કામ દરમિયાન "શભામાં અતીઘણી ગડબડ તથા ગોંધાટ થઇઓ તેહને લીધે શભા ઉતાવલેથી બરખાશત કરવાને તેઓને ફરજ પડી" હતી. આ સભામાં આપણા સરનશીને હાજર રહી નવી મંડળીના સરનશીન તથા બીજા આગેવાનોને "કેટલીએક ખુલાશો પુછેઓ તથા કેટલીએક તકરાર લીધી," તોપણ "આપણાં શરનશીનથી પોતાની ધારણાં પરમાંણે શવાલો પુછવાને બની અવેલ નહી." આ રીતે પોતે બોલાવેલી સભાનું કામ ગડબડ અને ગોંધાટને લીધે અધુરે ગયલું જોઇને નવી મંડળીવાળાઓએ ઉપલા દિલગીરી ભરેલા બનાવ પછી થોડેક દિવસે આપણી સભા જોગ એવી મતલબનો પત્ર લખી ખબર આપી કે ઉપલા રેસાલાની બાબતમાં "આમણુ શાંમણુ તકરાર તથા બોલાશો કરવા શારૂ એક ખાશ શભા ભરવાની તેઓની "મરજી છે માટે તે વીશે તમારી કારોબાર મંડલી જે ગોઠવણ તથા બંદોબશત કરવા માંગે તે પરમાંણે ખાશ શભા ભરવાને તેઓ તઇઆર છે." આપણા હરીફોની તરફની આ દરખારત આપણી તરફથી મોટી ખુશી સાથે તુરત કબૂલ રાખવામાં આવી, અને તે તકરાર માટે તા૦ ૨૫ મી ડીસેમ્બર ૧૮૫૬ નો દિવસ મુકરર થયો, અને એવું નક્કી થયું કે તે સભા શેઠ માણકજી નોશરવાનજી પીટીટની ગોવાલિયા તળાવ આગળની વાડીમાં ભરવી.

પણ આ બીજી સભા ઠરાવ પ્રમાણે મળીજ નહિ. તેમ રાહનુમા કે રાહે રાસ્ત એ બે મધેની કોઇ પણ મંડળીનો કસુર હતો નહિ. આ ખાસ સભા નહિ મળી તેનું કારણ જાણવાજેમ છે. તા૦ ૨૫ મી ડીસેમ્બર વાળી તે જાહેર સભા મળે તેની "બે ચાર દિવસ આગમજ પોતાની તરફથી એક રેશાલો વાંચવાને શારૂં એજ મકાન ઉપર એ શાહેબોએ એક મીજલશ મેલવી હતી અને તે શભામાં આપણી શભાના મીજલશીઓને બોલાવેઆ હતા," તે વેલાએ આ બન્ને સભાઓએ એકબીજા સાથ લડવા વઢવાને બદલે એક-દિલીથી કામ લેવાની શેઠ માણકજી પીટીટે બન્નેના ભેગા મળેલા આગેવાનોને ભલામણ કીધી. એ કારણ માટે નવી મંડળી તરફનો નિબંધ વંચાય તે આગમજ તે શેઠે નીચે પ્રમાણેની દરખાસ્ત પોતાની તરફના વિચારો અને કારણો સાથ રજુ કીધી:—

'શાહે રાશતનુમાંએ જરતોશતીઆંન' તથા 'રાહનુમાએ માજદીઅશનાં' એ બંધે શભાની મતલબ એકશરખી છે અને આપણાં ટોલાનાં લોકોએ અખતીઆર કરેલી અણઘટતી રશમો કેજે આપણી પાક-દીનમાં જાએજ નથી તે કાહાડી નાંખવાની એ બંધે શભાવાલાઓ આરજુ રાખેચ, પણ એક શભા બીજી શભાની શાંહાંમેજ થાઇને એક બીજાની વીરૂધમાં તકરાર કરે તેથી આપણાં ટોલાનાં લોકોને કશો ફાએદો થાએઆને બદલે અવગુણ થાશે, માટે હું બંધે શભાવાલાઓને હેવી દરખાશત કરૂંચ કે તેઓએ એકઠા થાઇ મલી જઇને એતેફાકથી આપણા ટોલાનાં લોકોની શુધરાઇ કરવાની કોશેશ કરવી. એ માહારી દરખાશત હું બંધે શભા ઉપર લખ્યા મોકલશ અને પછી તેઓને ભેગા કરવા શારૂ બોલાવશ."

આ એક નહી ધારેલો એતેફાક હતો, અને શેઠ માણેકજી નોશરવાનજી પીટીટનાં સખુન અને સલાહને માન આપીને બન્ને પક્ષોએ એકબીજા સાથ જોડાઇ જઈ પોતાનું કામ ચાલુ રાખવાની હા પાડી. આ કારણને લીધે તે દિને નવી મંડળીવાળા જે નિબંધ વાંચવા માંગતા હતા તે જેમ વંચાયો નહિ, તેમ તા. ૨૫મી ડીસેમ્બરને દિને જે ખાસ જાહેર સભા તકરારને માટે મળનાર હતી તે પણ બંધ પડી.

અને તે બંધ પડી તે પડીજ! ઉપલી દરખાસ્ત લખી મોકલવા માટે અપાયલી કબુલાત પછી ચારથી પાંચ મહિના પસાર થઇ ગયા છતાં તે દરખાસ્ત આપણી સભા ઉપર લખાઇ આવીજ નહિ, કે જેને ભરૂસે આપણી સભા તરફનાં બીજાં કામો પણ મુલતવી રહ્યાં. આમ છતાં મોબેદોનો સભા તરફનો ગુસ્સો નરમ પડયો હોય એમ જણાતું નથી, તેમજ હરીફ મંડળીવાળાઓબી પરસ્પરની મિત્રાચારીના કોઇ ખયાલમાં હોય એમ લાગતું નથી, કારણકે આપણી સભા તરફથી ૧૮૫૭માં બાહેર પાડવામાં આવેલા અંક ૧૯મા માં "દ્રરવરદેગાંન ઇઆને મુકતાતની બાબતમાં દશતુરોના ફતવા" ને નામે તે દસ્તુરો તરફથી મળેલા પત્રો છપાવી પ્રગટ કર્યા છે તેમાં (સફે ૩૭એ) એવી મતલબનું જણાવવામાં આવ્યું હતું કે:—

"આપણા ટોલાના મોબેદ લોકો હેવું ગુમાંન લઇ જાએચ કે તેઓની કમાંઇ તથા રોજીમાં નુકશાંન કરવાના એરાદાથી સાહનુમાએ

મજદીઅશના શભા કોશીશ કરેચ. માંટે અથોરનાનોએ ગભરાતમાં પડીને કેટલાએક દશતુરો પારશી તેઓનાં આગલાં મનો ફેરવવાની તજવીજ કરી, એટલુંજ નહી પણ તે શાથે આએ શભાની શાંહાંમણે થાવા શારૂ 'રાહે રાશતનુમાએ જરતોશતીઆંન' હેવે નામની શભા ગએ વરશી ઉભી કરી, અને તેમાં અતરેના શઘલા દશતુરોને શામેલ કરેઆ, તથા જે દશતુરો રાહનુમાએ માજદીઅશના શભાને અગાઉ મદદ આપતા હતા તેઓને શભાથી વેગલા તથા દુર રાખેઆચ, બલકે આએ શભાની શાહામણે થવા શારૂ તેઓને મજબુત ઉશકેરણી કરેચ. પણ હેવી રીતની કોશેશમાં તેઓ ફાવનાર નથી અને ખરાંનું ખોટું થનાર નથી તે શત જાણવું."

શેઠ માણકજી પીટીટવાળી દરખાસ્ત છ મહિના સુધી વાટ જોવાડયા પછી જેમ આપણી તેમજ હરીફ સભા ઉપર લખાઇ ગઇ, જે ઉપરથી તા. ૯મી જુલાઈ ૧૮૫૭ને દિને આપણી કારોબાર મંડળીએ સભાના મજલિસીઓની એક ખાસ સભા બોલાવીને તેમાં તે રજુ કીધી, જે ઉપરથી તે ખાસ સભામા નીચે પ્રગટ કરેલો ઠરાવ થયો હતો, કે જે આ ભાંજઘડનો ઇતિહાસ સંપૂર્ણ કરવા માટે અગત્યનો જાણીને આખો ઉતારી લેવામાં આવેછેઃ—

ઠરાવ.

"શેઠ માંણેકજી નશરવાંનજી પીટીએ આપણી શભા ઉપર લખી મોકલેલા પતરમાં કરેલી દરખાશતનાં જવાબમાં આપણી શભાની તરફથી એ શેઠને નીચે મુજબ જવાબ લખી જણાવશો.

'તમારા કાગજ તથા તે મધે બીડેલી તમારી દરખાશત ઉપરથી તમારી મતલબ એહેવી નજર આવેચ કે "રાહનુમાએ માજદીઅશના" તથા "રાહે રાશતનુમાએ જરતોશતીઆંન" એ બંધે શભાને એકઠી કરવી, કે એ બંધે મંડલીઓ મલી જઇને આપણા ટોલાના લોકોની શુધરાઇ કરવાના ઉપાએ તથા તજવીજ કરે. તમોએ હેવી મતલબથી કરેલી બલાંમણ કબુલ રાખવાને હમારી મંડલી ખુશી છે, પણ તમો જે શરતે દરખાશત કરોચ તે શરતે એ મતલબ પાર પડી શકશે નહી. તેહેનો શબબ એ જે તમો પોતાની દરખાશતમાં હેવું માંગોચ કે "તમારી

મંડલીનું નાંમ રદ કરો અને નવેશરથી એક બીજી શભા ઉભી કરીને તેહેને નવું નાંમ આપો." અગરજો હેવું કરીએ તો "રાહનુમાએ માજદીઅશના" શતગ બીલકુલ કાહાડી નાંખી હેવું થાએ. તમો હેવી રીતની શભા જે ભલાંમણ કરોચ તે હમારી મંડલીથી કબુલ રખાઇ શકાતી નથી, કાંએજે હમારી મંડલી આજ ૭ વરશ થાએઆં જે મુલ કાએદાથી અશથાપેઆમાં આવીચ અને પાએદાર થાઇચ તે મુલ કાએદાથી હમારી મંડલી બીલકુલ કાહાડી નાંખીને એક નવી મંડલી ઉભી કરવાને હમારી મંડલીને મુનાશીબ નજર આવતું નથી. પણ બંધે શભા એકઠી કરવાની તમારી મતલબ એક રીતે પાર પડી શકશે, તે એ છે જે "રાહે રાશત નુમાએ જરતોશતીઆન" શભાના મીજલશીઓ હમારી શભામાં શામેલ થાએ અને તેઓમાંથી દશતુર મોબેદો તથા બેહેદીન શાહેબો શુધાં જે વીશ અધીકારીઓને તેઓ ચુંટી કાહાડે તેઓને હમારી શભાની કારોબાર મંડલીમાં શામેલ કરીને બંધે શભાએ ધારેલું કાંમ એ રીતે મલી જઇને કરવા માંગશું તો તે બની શકશે. માંટે "રાહે રાશતનુમાએ જરતોશતીઆન" શભાવાલા શાહેબો એ ગોઠવણ કબુલ કરે તો હમારી મંડલીની તરફથી ઉપર લખી જણાવેલા કરાર મુજબ બંધે શભા મેલવી નાંખીને એકઠી કરવાને હમારી મંડલીને કશી અડચણ નથી.''

આપણી સભા તરફનો ઉપલો પત્ર મળ્યા પછી શેઠ માણકજી પીટીટે તેની નકલ નવી મંડળીવાળાઓ ઉપર મોકલી આપી તેમનો જવાબ માંગતાં તેઓએ એવું જણાવ્યું કે "જો બંધે શભાનું નાંમ રદ કરી એ જોડાએલી શભાને કોઇ જુદુંજ નાંમ આપેઆમાં નહી આવે તો" તેઓ આપણી સભા સાથ જોડાવાને રાજી નથી. આ જવાબથી આપણી સભાને જાણીતી કરતાં તેણે શેઠ પીટીટને છેવટનો જવાબ એવો આપ્યો કે આગળ લખી જણાવેલા ઠરાવ સિવાયે બીજી કોઇબી રીતે અમો સામી પક્ષ સાથ જોડાઇ જવા માંગતા નથી. આથી શેઠ મા૦ પીટીટે જણાવ્યું કે આ ભાંજગડ વધારે આગળ લંબાવવાને તેઓ રાજી નથી.

અહીં આપણી હરીફ સભા સાથની સમજુતીની કોશેશનું છેવટ આવ્યું અને તે અધુરે ગઇ. પણ તેથી કંઇ નવી મંડળી સાથની

જીકરનો છેડો આવ્યો નહિ. તેના આગેવાનો ઉપર હવે રાહનુમાનાં આગેવાનોએ એક પત્ર લખીને તાકીદ કીધી કે ફ્રવરદેગાનની બાબતમાં વાંચેલા તેમના ફેસાલા ઉપર તકરાર ચલાવવા માટે જે ખાસ સભા બોલાવવાની કબૂલાત અપાઇ હતી તે તેઓએ જલદીથી પાળવી. આના જવાબમાં હરીફો તરફથી એક લાંબો પત્ર મળ્યો, જેમાં રાહનુમા ઉપર "ઘણુંએક તોછડાઇ અને ગેરસલુકાઇ ભરેલો હોમલો" કીધો, અને ઉપલી ખાસ સભા બોલાવવાના અખાડા કરીને તેને બદલે એવું જણાવ્યું કે રાહનુમા તરફના "ફ્રવરદેગાંની ફરમાંનના રદીઆ તથા હમારી મંડલી તરફનાં ફરમાંનનો ખોલાશો" વાંચી સંભલાવવા માટે તા૦ ૧૪-૮-૧૮૫૭ ને દિને સાંજે માણકજી શેઠની વાડીમાં એક સભા ભરવામાં આવશે, ત્યાં રાહનુમાવાળાઓએ "જે શવાલ ખોલાશા તરીકે કરવા હોએ તે શવાલો શુખેથી તે શભાની અંદર કરવા કે શેહેલાઇથી સુખતાર બાબેનો નીવેડો આવી જાએ."

પણ પોતાના હરીફોને તકરારનાં મેદાનમાંથી આમ સેહલથી છટકી જવા નહિ દેતાં રાહનુમા તરફથી એક બીજો પત્ર મોકલાવી તેમને યાદ આપી કે "તમારી મંડલીએ જે કબુલાત આપીચ તે પરથંમ પુરી પાડવી જોઇએચ, અને તે પછી બીજી બાબદો ઉપર ધેઆંન પોંહોંચાડવું જોઇએચ" માટે જે દાહડે ખાસ સભા બોલાવો તે દાહડેજ "તમારા ફ્રવરદેગાંનની બાબદનાં રીશાલા વીશેજ પેહેલાં તકરાર કરેઆમાં આવશે." પણ આ સુચના સામાવાળાઓએ કબૂલ નહિ રાખી, અને પોતાની "હુજત હટીલાઇથી પકડી રાખી" અને આપણી સભાને જણાવ્યું કે "હમારાં ઇજનને જો તમો માંન નહી આપશો (ઇઆને; જાહેર શભામાં હાજર નહી થશો) તો શત કરીને જાંણવું જે હવેથી દીન આઇનની બાબદમાં કાગજ પતરનો વેહેવાર હમારી મંડલી તમારી શાથે કશી પરકારનો રાખશે નહી."

જાહેર તકરારમાંથી છટકી જવાની આ એક નવી તદબીર હતી, અને જો આપણી સભા ઉપલાં "ઇજનને માન નહી આપે" તો "જરતોશતી આલમને ખરાં ખોટાંની પરીખશા કરવાની જે શારી જોગવાઈ મલીઆવીચ તે હાથથી જતી રેહશે" એમ સમજીને અપણુ કારોબારીઓએ હરીફોની માંગણી કબુલ રાખી, અને માણકજી શેઠની

વાડીમાં ભરાયલી જાહેર સભામાં શામેલ થયા. ત્યાં રાહે રાસ્તવાળાઓએ એક રેસાલો વાંચ્યો, જે લાંબો હોવાથી "તે રીશાલો તમામ કરતાં ઘણું અશુરં થાએઉ તથા ગોંઘાટ ઘણો થાએઓ તે શબબને લીધે 'મુકતાતમાં' તથા 'ફ્રવરદેગાન' એ બેએ શબદોની જોડણી તથ અરથ વીશે કેટલીએક તકરાર થાઇ, અને રવાંનોની નઇઅને ફ્રવરદેગાંનના દહાડામાં દીનના હોકમ મુજમ શું શું કરવું જોઇએ અને કેટલા દીવશ શુધી ક્રીરીઆ કરવી જોઇએ તે મુલ તકરાર કરવાની કશી જોગવાઇ મલી નહી," તેથી અધુરં કામ બીજી સભા માટે રાખવું પડયું.

આ બીજી સભા ઉતાવળે બોલાવવા માટે આપણી સભા તરફથી તાકીદ કરનારો એક પત્ર લખવામાં આવ્યો, તેમાં એવી મતલબની પણ માંગણી કરવામાં આવી કે ગઇ સભામાં વંચાયલા લાંબા નિબંધની તફસીલવાર નોંધ લેવાનું બન્યું ન હતું માટે તે નિબંધની એક નકલ બીજી સભા મળે તે આગમજ મોકલી આપવી, અથવા માણસ મોકલવામાં આવે તેને નકલ ઉતારી લેવા દેશે. આમ કરવાનું કારણ એવું બતાવવામાં આવ્યું કે "તમારી મંડલીએ (અમારી તરફની) માંએનીઓની જે જે ગલતીઓ બતલાવવાની કોશેશ કરીચ તે તથા બીજી બાબદો આગમજથીજ તપાશી જોએઆ વનાં તે ઉપર પતીજ ભરેલી રીતે તકરાર થાઇ શકશે નહી." પણ આ અર્જ સ્વીકારવામાં આવી નહિ, કારણ કે સામાવાળાઓની કોઇબી બહાને "આમણ સામણ તકરાર કરવાના અખાડા કરવા" નીજ મતલબ જણાતી હતી. આમાં તેઓ ફાવી નહિ જાય તે માટે આપણા કારોબારીઓ બીજી સભામાંબી શામેલ થયા, અને સામાવાળા "મુકતાતની મુલ તકરારને પડતી મેલી પોતાની આદત મુજબ નકાંમી ભાંજગડ કરવામાં મશગુલ થાએ નહી" તે મતલબથી આપણી કારોબર મંડલીએ તકરારને માટે ચાર બાબતો આગમજથી મુકરર કરી રાખી હતી તે આ પ્રમાણેની હતીઃ—

૧ લું.-મુકતાતના દાહડા ફકત ૧૦ છે, ૧૭ દાહડા નથી.

૨ જુ.—એ દશ દીવશ અશોફ્રોહરને ઇઆદ કરવામાં અને બંદગી, એબાદ૭ તથા શવાબનાં કામો કરવામાં ગુજારવા જોઇએચ; એ દીવશોમાં 'મારી' તથા 'શીશા' માંડવાનું તથા બેહેડાં ભરવાનું આપણી દીનમાં કશું ફરમાંન નથી.

૩ જુ.-પવીતર કરેલી જગોએ આફ્રીનગાંન, ફરોખશી, શતુમ, બાજ ઇતીઆદી ક્રીઆઓ જેટલો વખત થાતી હોએ તેટલોજ વખત શુધી તે જગોએ ફુલફલ પાંણી અને ખાંણું મેલી રાખવું જોઇએચ, પણ આખી રાત અને આખો દાહાડો હેવી ચીજો અમશ-થકી મેલી રાખવાનું આપણી દીનની કોઇબી કેતાબોમાં કશું ફરમાંન આવેલું નથી.

૪ થું—ખોરદાદ રોજની બાંમદાદે આપણાં લોકો રવાંનને રશતાની ખાધખોરાકીની અગત હોએ તે પરમાણે બાતીક બાંધેચ તે રશમ આપણી દીનથી ઉલટી અને ગુનાંહ ભરેલી છે.

હરીફાવાળી સભામાં આ ચાર મધેની પેહલી બાબતના સંબંધમાં આપણી સભા તરફથી શેઠ સો૦ શા૦ બંગાલીએ કેટલીક તકરાર લીધી, પણ ત્યારપછી—

"તેવણને તથા આપણી મંડલીના શરનશીનને એ તથા બીજી મુલ તકરારની બાબદો ઉપર ભાંજગડ કરવાની રાહેરાશતવાલાઓએ જાહાજી જોગવાઇ આપી નહી, અને 'રાશત ગોફતાર' પતર મધે રાહેરાશતવાલાઓ વીશે થાએલી મુર્જાહેમત બાબે, તથા આપણી શભાના મીજલશીઓ જંદ તથા પેહેલવી કેટલી જાણેચ તેહેની તપાશ લેવા બાબે, તથા બીજી નકાંમી ગેરશલુકાઇ ભરેલી અને બખેડા ભરેલી તકરાર એ રાહેરાશતવાલાઓએ કરીને તેમાં કેટલોએક વખત કાહાડી નાંખેઓ, અને હેવી અણુઘટતી તકરાર મોહોટા જોશ તથા પોકારથી અશવભાવીક રીતે કીધી તે તથા બીજા શબબોને લીધે શભામાં અતી ઘણો ગોંઘાટ થાએઓ અને શભાનું કાંમ આગળ ચાલતાં બીલકુલ અટકી પડેઉ. હેવો મામલો જોઇ શેઠ ધનજીભાઇ ફરાંમજી પટેલે હેવી દરખાશત કીધી જે 'જાહેર શભામાં હેવી રીતે તકરાર કરવાને બની શકશે નહી, અને તેનું કશું શેવટબી આવશે નહી, વાશતે બંધે શભાની કારોબાર મંડળીએ હવેથી ખાસ સભા ભરીને તકરાર ચલાવવી અને તે તકરાર તમામ કરીને તેહેનો એહવાલ જાહેર શભા ભરીને પરગટ કરવો.' એ દરખાસતને રાહેરાશત શભાના મુનશી ભાઇ ડોશાભાઇ મેજનજીએ ટેકો આપેઓ ને મીજલશે કબુલ રાખી,

તથા એ ખાસ શભામાં કેટલા માજલશીઓ બોલાવવા તે બાબે આંમણુ શાંમણુ કેટલીએક ગોઠવણુ થાઇ અને શભા બરખાશત થાઇ."

હવે આ બન્ને સભાઓની કારોબાર મંડળીઓના અધિકારીઓની ખાસ સભા માટે એક અઠવાડિયું વાર જોઇને રાહનુમા તરફથી સામાવાળાઓને તે બાબે યાદ આપવામાં આવી, પણ ત્યારબાદ ત્રણ હફતા પસાર થઈ ગયા છતાં કશો જવાબ નહિજ મળ્યો ત્યારે બીજો પત્ર લખીને રાહેરાસ્તવાળાઓને જાગ્રત કરવાની તજવીજ થઇ. તે નવી મંડળીવાળાઓએ જ્યારે જોયું કે રાહનુમાવાળા તો અમારો પીછો છોડતાજ નથી અને જરતોશતી આલમમાં અમારી ઘણી હસી થાય છે, ત્યારે હવે તકરારનાં મેદાનમાંથી સરતાપા નાસી જવાનું તેઓએ એક નવું બહાનું શોધી કાહડયું. શેઠ ધ૦ ન૦ પટેલની દરખાસ્ત ઉપરથી કારોબારીઓની ખાસ સભા બોલાવવાની પોતાના એક મુનશીના ટેકા સાથ પોતે હા પાડી હતી તે વાતના તેઓ અખાડા કરી ગયા, અને રાહનુમાવાળાઓ ઉપર એક પત્ર લખીને એવું તોહમત મુકયું કે

"તમારી શભાએ આગળ 'ફરવરદેગાંન,' 'મુખતાર' તથા 'મુખતાતમાં' એ શબ્દોનાં અરથ બાબે 'શખુનપરવરી કીધી,' વાશતે તમારી શભા શરખી શખુંનપરવર અને આપમતલબી શભાની શંગાથે હેવી અણુઘટતી તકરારનો સંબંધ રાખવાનાં કરતાંને બીજાં ફાએદેમંદ કામોમાં હમો મશગુલ રહીએ તો જરતોશતી આલમને તેથી વધારે ફાએદો હાંશેલ થાએ."

આગળી અનેક કબૂલાતો ઉપર પાણી ફેરવી વાજબી તકરારમાંથી છુટી જવાની પોતાના હરીફોની આ તદબીરમાં આપણી સભાએ તેમને સેહલથી ફાવવા દીધા નહિ. સભાને ખબર હોય કે નહિ હોય કે તેને ખામખા સતાવવા માટેજ જન્મ ધારણ કરનારી હરીફ મંડળી લગભગ મરણ કાંઠે આવી હતી માટે તેની શુરૂઆતની સઘળી ધામધુમ છતાં માત્ર બે વરસમાંજ તેનામાં જાહેર તકરારમાં ઉતરવા જેટલી શક્તિ રહી ન હતી. તોપણ તા. ૭ મી નવેમ્બર ૧૮૫૭ ને દિને આપણા તરફથી "રાહેરાસ્ત" સભા ઉપર એક પત્ર ગયો, જેમાં તેની વારંવારની કબુલાતો ઉપર તેણે પોતેજ કેવી રીતે પાણી ફેરવ્યું હતું અને પોતાનાં મંડળમાં "ઘણાંએક દીન આગાહ અને કાબેલ દશતુરો, મોબેદો તથા

મેહદીનો શાંમેલ" હોવાનાં "ઘણીવાર બતાવેલાં અભીમાન" છતાં "નજીવું બાંહાનું લેઇ તકરારનાં મેદાંનમાંથી છટકી જવાની અણુઘટતી કોશેશ" કીધી હતી તે બાબે ઠપકો આપીને જણાવ્યું કે "હમારી શભાને તથા તે સાથે બીજા જરતોશતીઓને ઘણીએક મેહનત તથા કંટાલો આપેઆ પછી" અંતે "ખાશ શભા ભરવાને તમારી મંડલી ના પાડેચ એ ત્રણુંજ અણુઘટતું છે. તમારી મંડલી હેવી ચાલ ચલાવેચ તે જોએઆથી શઘલા અકલમંદ જરતોશતીઓ તમારી મંડલીની અકલ તથા શહમજ ઉપર અફશોશ કરેઆ વના રેહેશે નહી હેવું હમો ધારીએચ." છેવટે એમ પણ જણુવવામાં આવ્યું કે "હમારી શભા શંગાથે તમારી શભાએ શેવટની ઘડી શુધી કેહેવી રીતની ચાલ ચલાવીચ તેહેની મુનશફી જરતોશતી આલમ કરી લેશે."

અહીં નવી હરીફ મંડળી "રાહે રાશત" સાથ આપણો દરેક સારો માઠો સંબંધ બંધ થાય છે. આ મંડળી થોડે થોડે મહિને આપણી સભાની માફક ચોપાનિયાં બાહેર પાડતી હતી, તેમ તેણે ત્રણુ અંકો બે વરસમાં, અથવા બરાબર બોલિએ તો તા૦ ૩૦ મી અકટોબર ૧૮૫૫ ને દિને તેનો જન્મ થયા પછી ૧૮૫૭ ની આખેરીએ તેની આખર આવી[૧] ત્યાંસુધીના ૨૬ મહિનામાં બાહેર પાડયા હતા. આમાંનો છેલ્લો અંક તેણે ૧૮૫૮માં છપાવી પ્રગટ કીધેલો જણાય છે અને તેજ અંકમાં તેણે આપણી સભાનાં કામો ઉપર ટીકા કરી આપણી તરફથી જાહેરમાં મુકવામાં આવેલાં અવસ્તાઇ ફરમાનોનો રદિયો આપવાની કોશેશ કીધી છે, તથા પોતાની તરફથી ભરવામાં આવેલી ફકત બેજ જાહેર સભાઓમાં થયલી ગડબડ અને ગોંધાટનો સઘળો જોખમ આપણી સભાને માથે નાખવાની તજવીજ કીધી છે. તે ઉપરથી લાગે છે કે ૧૮૫૮ માં પણુ એ મંડળી રીઅતી હાલતમાં હૈયાત હોય. ગમે તેમ હોય પણુ એ પછી તેની હસ્તીની બીજી કોઇ સાબેતી મળતી નથી.

હવે તેનાં આ છેલ્લાં ચોપાનિયાંમાં તેણે આપણી સભા અને તેનાં કામો બાબે જે મરતી વેળાની છેલ્લી અઘટિત ચાલ ચલાવી છે તેને પણુ

(૧) "આએ રાહે રાસ્ત સભાનું કામ એજ સાલની ઈયાને ઈ૦ સ૦ ૧૮૫૭ ની આખરીથી સદાબરં બંધ પડયું હતું."—પારસી પ્રકાશ, પુ૦ ૧ લું, સફે ૬૯૩, નોટ ૧ લી.

આપણી તરફથી એમની એમ પસાર થવા દેવામાં આવી નથી. આપણા સરનશીન શેઠ નવરોજજી ફરદુનજીએ તે મંડળી સાથની તકરારમાં પ્રથમથીજ ઘણો આગેવાન ભાગ લીધો હતો અને તેના તકરારોનું ખોટાર્ં બતાવી આપવાને બનતું કીધું હતું, તેમના ઉપર તે મંડળીએ ઘણો હુમલો કીધો હતો, માટે શેઠ નવરોજજીએ તેના તરફનાં ઉપલા ૩ જા અંકનાં ચોપાનિયાંવાળા રદ જવાબનો એક છેવટનો રદ જવાબ આપવાની તક જવા દીધી નહિ. એ ગૃહસ્થે તા૦ ૯ મી સપ્ટેમ્બર ૧૮૬૦ ને દિને સભાની ઑફિસમાં મજલિસીઓ અને બીજા કેટલાક જરતોશતીઓ સમક્ષ એક લાંબો પણ અગત્યનો નિબંધ વાંચી સંભળાવ્યો હતો, કે જે પાછળથી આપણી સભાનાં પુસ્તક ૧ લાં ના અંક ૨૭ મા તરીકે સર્વ જરતોસ્તીઓની વાકેફી માટે છપાઇ પ્રગટ થયો હતો. "રાહે રાશતનુમાએ જરતોશતીઆન' શભાવાલાઓએ ફરવરદેગાનની બાબદમાં છપાવી પરગટ કરેલાં બીજા તથા તરીજા આંકવાલાં, ચોપાનીઆંનો 'રાહનુમાએ માજદીઅશના' શભાની તરફથી એ શમાના શરનશીન નવરોજજી ફરદુનજીએ આપેલો રદીઓ"—એવું આ નિબંધનું ખુલાસાવાર નામ હતું. આ રદીઆવાળો સભા તરફનો રદ જવાબ સાંભળી તેના સંબંધમાં તકરાર ચલાવવાને નવી મંડળીવાળાઓને બોલાવ્યા હતા પણ તેઓએ એક પત્ર લખીને કાંઇ પણ ખાસ સબબ બતાવ્યા વિના તે સભામાં શામેલ રહેવાની ના પાડી હતી. આ ઉપરથી જણાયછે કે તે મંડળી ૧૮૬૦ સુધી તો કંઇક હસ્તી ધરાવતી હતી, કે જે લગભગ નહિ સરખીજ હતી, કેમકે ૧૮૫૭ પછી તેણે પોતાની હસ્તીની કશી જાહેર નિશાની બતાવી ન હતી.

શેઠ નવરોજજીનો રચેલો ઉપલો નિબંધ ૫૦ છાપેલા સફા જેટલો લાંબો હતો, અને તે પુરેપુરો વાંચતાં સવાત્રણ કલાક લાગ્યા હતા. આ લાંબા નિબંધમાં લંબાણથી ઉતરવાની આજે કશી જરૂર રહી નથી, તોપણ એટલું જણાવીશું કે બહુ સંભાળથી મેહનત લઇને તથા અવસ્તા અને પેહલવી વગેરે જમાનોના દાખલા ભેગા કરીને શેઠ નવરોજજીએ પોતાને જે કાંઇ કેહવું અને સાબેત કરવું હતું તે વાંચનારની ખાતરી થાય તેવી રીતે આ નિબંધમાં કરી દેખાડયું છે. તેમાં તે શેઠે પ્રથમ 'મુકતાત" અને "ફરવરદેગાન" શબ્દોના અર્થ તે જમાનાની પોતાની અને પોતાને આપવામાં આવેલી સમજ પ્રમાણે

સમજાવ્યા છે, અને ફ્રવરદેગાનના દિવસો ૧૦ થી વધારે નથી એમ પુરવાર કીધું છે, તથા એ દિવસો ઉપર ખાસ ભણાતા "યાઑ વિસાત" ના કર્તાની પોતાની સમજ મુજબની પણ હરીફો તરફથી કરવામાં આવતી માએની કરતાં જુદીજ માએની આપી છે અને તેનાં કારણો સમજાવ્યાં છે, અને 'મારી' તથા 'બેહેડાં' ની રસમનું ખોટાઈ બતાવ્યું છે, તેમજ એ રસમને ટેકવી રાખવા માટે " રાહેરાશત" મંડળીવાળા હરીફ દસ્તુરો વગેરેએ પોતાનાં ચોપાનિયાંમાં આપેલા અવસ્તા તથા રેવાયતના દાખલાઓની તપાસ લઇ તે મંડળીની તકરારનું ખોટાઈ બતાવી આપ્યું છે. આ સઘળું પોતે વિગતવાર રીતે સમજાવ્યું છે તેથી સઘળા "દાનેશમંદ જરતોશતીઓની ખાતરી થશે જે રાહેરાશતવાલાઓએ પોતાની તકરારની શાબેતીમાં બતલાવેલા સઘલા દાખલા તથા દલીલો બીલકુલ ખોટી પડી છે" એમ જણાવીને શેઠ નવરોજજી જરતોસ્તી આલમને સુચવે છે કે "મેવાની મારી તથા પાણીના શીસા તથા " બેહેડાં માંડવાની રાહે રાસતનું માએ જરતોસ્તીઆંન સભાવાલાઓએ " પોતાના રસાલાઓમાં દીનની ફરજ તરીકે સઘલા જરતોશતીઓને " જે ભલામણ કરી છે તે ભલામણ બીલકુલ વગર પાએઆની છે, " માટે તે ઉપર આપણી કોમનાં લોકોએ એતેકાદ લાવીને અમલ " કરવો નહી."

આટલું જણાવીને શેઠ નવરોજજી લખે છે કે તેમના આ નિબંધમાં જણાવેલી સઘળી બાબતો સારી પેઠે ધ્યાનમાં ઉતાર્યાથી સર્વ કોઇની ખાતરી થશે કે નીચલી ચાર બાબતો ચોકકસ રીતે સાબેત થઇ છે:—

" ૧ લું. આપણાં લોકો અરશેશંગ રોજથી તે અમરદાદ રોજ સુધી મુકતાતની કીરીઆ ૧૮ દાહાડા શુધી કરે છે તે દીનથી ઉલટું છે; કાંએજે દીનની કેતાબોમાં મુકતાતના આશતાદ રોજથી તે પાંચમાં ગાથા સુધીના માતર ૧૦ દાહાડા ફરમાવેલા છે.

" ૨ જું. એ દાહાડા અશો ફરોહરોની ઇઆદ તથા શેતાએશ કરવા તથા પાકી પરહેજગારી અને શવાબનાં કાંમમાં ગુજારવાને મુકરર કીધેલા છે; એ દાહાડાઓ ઉપર 'મારી' ઇઆ ગોફા જેહેવો કોઇ આકાર ઉભો કરીને તે જગોએ બેહેડાં, શીશા, મેવો તથા ફુલ ગોઠવી રાખવાનું માજદીઅશની દીનમાં ફરમાન નથી.

"૩ જું. મુકતાતનાં હીંગામપર અશો રવાંનોની નઇઅતે તરેહ-વાર મીઠાઇ પકાવીને શગાંવાહાલાંને તાંહાં આપણાં લોકો મોકલે છે, તથા ગહંબારના દાહાડાઓ ઉપર આપણાં ઘણુંએક લોકો 'કુહુલાં' ભરેચ તથા ખરીઓ, કાગજ, વીટી, જોડા, દાબડી, કાંશકી, અને હેવી બીજી ચીજો ખુમચાઓમાં મુકીને તેહેનું રવાંનોની નઇઅતે લોબાન મુકેચ, એ રશમ અણુઘટતી અને દીનથી ઉલટી છે.

"૪ થું. ફરવરદેગાંનના દશ દીવશ તમાંમ થઆ પછે ખોરદાદ શાલની પાછલી રાતે અશો રવાંનો આએ જાંહાંનથી કુચ કરીને પેલી જાંહાંન જાએચ, હેવા ખેઆલથી તેઓને કીજે રશતાના ખરચ તથા ખોરાકને શારૂં આપણાં લોકો બાતીઉ તઇઆર કરે છે, તે રશમ દીનથી ઉલટી અને બેહુંદી છે."

પોતાનો પોતાના જમાનાની વિદ્વતાને છાજતો નિબંધ સમાપ્ત કરતી વેળા શેઠ નવરોજજી ફરદુનજીએ પોતાના કોમી ભાઇબંધોને જે છેલ્લી સુચના કીધી છે તે આજના ઘણાખરા જરતોસ્તીઓને એક-સરખી રીતે કરી શકાય એવી છે. આપણી સભાના તે પેહલા કાબેલ સરનશીનની ખુબીભરેલી સલાહનાં શુભ વચનો આ મુજબનાં છેઃ—

"ઓ શેઆંણા જરતોશતીઓ ! તમોને રાહાનુમાએ માજદીઅ-શના શભાની તરફથી આજેજીથી વીનંતી કરેઆમાં આવે છે જે તમો પોતાની દીનનાં ખરાં, બરહક અને અશલ ફરમાંનોથી પુરતી રીતે વાકેફ થાઓ, અને અવશતાના ઉપર કહેલા કલાંમમાં ફરમાવેઉંચ તે મુજબ જાહેરમાં દાનાઇની રાહે તકરાર તથા પુછપરછ કરો, અને શવાબનો મારગ અખતીઆર કરો, તથા દીનનાં બુજોરગ અને પાક ફરમાંન મુજબ ચાલો, તથા જે રાહા રશમો આપણી બરહક દીનને હીણું લાગે તથા અણુઘટતો ખરચ કીધાથી આપણુને અવગુણ અને ખરાબી થાએ તેહેવી રાહારશમો કાહાડી નાંખીને પોતાના મજહબને ચોખો કરો, કે તેહેવું કરેઆથી અવશતાનાં ઉપર કહેલાં ફરમાંન મુજબ તમો ગુનાહને ટાલનાર કેહેવાઓ, તથા શવાબનો હમબેહેરો હાંશેલ કરો."

ભાગ ૨ જો.

પ્રકરણ ૭ મું.

ધર્મ શિક્ષણ.

તે આપવા માટેની ફતેહમંદ કોશેશ.

૧૮૭૬ નાં સાલથી આપણી સભાએ એક અતિ અગત્યનું અને સભાનાં નામને જેશ આપે એવાં કામનું મંડાણ કીધું. એ કામ આપણા ટોળામાં ધર્મનીતિનું શિક્ષણ દાખલ કરવાને લગતું હતું. આ વેળા મુંબઈ ટાપુ મધે જરતોસ્તી માલેકોથી ચાલતી નજદીક બે ડજન નાની મોટી નિશાળો હતી, પણ તેમાંની કોઈકજ એવી હશે કે જ્યાં શીખતાં બાળકોને ધર્મનીતિની કેળવણી અપાતી હોય. ૧૮૬૪ માં આપણી સભાએ પોતાના નવા કાયદા પસાર કીધા ત્યારે તેઓ મધેના પેહલાજ કાયદામાં સભાની એવી નેમ ઠરાવી હતી કે આપણા ટોળાનાં લોકોમાં ધર્મ સંબંધી જ્ઞાન વધારવું તથા ધર્મનીતિના સબકો આપવા. આ નેમ તુરતવેળા પાર પડી નહિ, પણ તા૦ ૪ થી મે ૧૮૭૬ ને દિને સભા તરફથી ઉપલા કાયદાને અનુસરતી દરખાસ્તો જરતોસ્તી બાનુઓ અને ગૃહસ્થોની જાહેર સભા સન્મૂખ રજુ કરીને અને તે ઉપર છુટથી વાદવિવાદ અને તકરાર કરી કરાવીને તે દરખાસ્તો પસાર કરાવી હતી, અને ત્યારબાદ યોગ્ય સમયે તે પ્રમાણે અમલ કરીને કોમમાં ધર્મ શિક્ષણનો પાયો નાખવા અને તે ઉપર ઇમારત રચવાનું માન ખાટયું હતું.

આ બાબતમાં આપણી સભા મારફતે આપણા લોકોની જાહેર બેઠકો બે મરતબે થઇ હતી. પેહલી મરતબે તા૦ ૪-૫-૧૮૭૬ ને દને ફ્રરામજી કાવસજી ઇન્સ્ટિટયુટનાં દીવાનખાનાંમાં શેઠ ખરશેદજી રૂસ્તમજી કામાએ " જરતોશતીઓની સંસારી તથા ધર્મ સંબંધી હાલત તથા તેઓને પોતાના ધર્મ જાણવાની અને ધર્મનીતિનું જ્ઞાન હાંસલ કરવાની અગત " વિશે ભાષણ આપ્યું હતું. આ ભાષણ ઉપર ત્યાર પછી એક એક અઠવાડિયાંને અંતરે ત્રણ મરતબે સભાઓ બોલાવીને તકરાર ચલાવવામાં આવી હતી. ઘણી ઉલટ ભરેલી તકરારો ચાલ્યા પછી જરતોસ્તીઓની આ સભાઓમાં નીચલી ત્રણ દરખાસ્તો ઠરાવરૂપે પસાર થઇ હતી.

ઠરાવ ૧ લો—" મુંબઇ મધે જરતોસ્તીઓને વિદ્યાની તથા સાધારણ કેળવણી આપવા સારૂ સ્થાપેલી જાહેર તથા ખાનગી નિશાળો તથા ઇંગ્રેજી સ્કુલોના મુતવલીઓ તથા માલેકોને આ સભાની તરફથી ભલામણ કરવી કે તેમના હસ્તકનાં કેળવણી ખાતાંમાં જરતોસ્તીઓને આપણા ધર્મની તથા નીતિની કેળવણી આપવાની ગોઠવણ કરે."

ઠરાવ ૨ જો—" સઘળે વાંગેના જરતોસ્તીઓને પોતાના ધર્મ નીતિની માહિતગારી મેળવવાની અતિઘણી અગત્ય છે, એવું જાણીને આ સભા આપણા દીનચાશીદાર દસ્તુરોને ભલામણ કરવાની રજા માંગે છે કે તેઓએ તસ્દી લઇને એ અગત્યની બાબતો વિશે ઘટતી જોગવાઇએ વાઅજ કરીને માઝદયસ્ની ફિર્કાનાં લોકોની રાહનુમાઈ કરવી."

ઠરાવ ૩ જો—"આ સભાની તરફથી રાહનુમા એ માઝદયસ્નાન સભાના સરનશીનને એલતેમાસ કરવી કે આ સભામાં એકમતથી પસાર થયલા ઠરાવો જાહેર તથા ખાનગી કેળવણી ખાતાંના મુતવલીઓ તથા માલેકો તથા આપણા દસ્તુરો ઉપર લખી મોકલવા."

આ ઠરાવો મધેના પેહલાને અનુસરીને સભાના સરનશીન શેઠ નવરોજજી ફરદુનજીએ મુંબઇ ખાતેની જાહેર તથા ખાનગી ૧૮ નિશાળોના માલેકો ઉપર કાગળો લખીને તેમને એવી મતલબની અર્જ કીધી હતી કે તેઓએ " પોતાના હાથ હેઠળનાં કેળવણી ખાતાંમાં આપણા પુરાતન ધર્મ તથા ધર્મનીતિનાં મૂળતત્વો તથા આપણી દીન આઇનની મૂખ્ય વાતો શીખવવાની તસ્દી લઇને ગોઠવણ કરવાથી આપણી ઉધરતી ઓલાદના હકમાં ઘણોજ ફાયદો થશે."

ઉપલો પેહલો ઠરાવ જરતોસ્તી આલમની મોટી જાહેર સભા આગળ રજુ કરતી વેળા શેઠ ખ. ર. કામાએ એવી મતલબની સુચના કીધી હતી કે જરતોસ્તી માલેકો હસ્તક ચાલતી છોકરાઓ તથા છોકરીઓની નિશાળોમાં કેળવણી લેનારાં પારસી બાળકોને જરતોસ્તી ધર્મ અને નીતિની કેળવણી આપવા માટે ચહડઉતર દરજાની ચોપડીઓ બનાવી પ્રગટ કરવા માટે એક જાહેર ફંડ થવું જોઇયે, અને એ કામ પાર પાડવા પાછળ જે ખર્ચ લાગે તેટલું જો આ ફંડ પુરતું નહિ થઇ પડે તો જેટલી ખુટ પડશે તેટલી રૂ. ૨૦૦૦) સુધી તેઓ પોતે પુરી પાડવાને તૈયાર છે.

આ જાહેર ફંડ ભેગું થાય તે આગમજ આપણી સભાએ તો ઉપલા પેહલા ઠરાવ મુજબ ધર્મનીતિની કેળવણી આપવાનું મંડાણ કીધું અને ચહડઉતર તબકકાની સાત ચોપડીઓ કેવાં ધોરણ ઉપર રચાવવી તે બાબેનો એક નિબંધ રૂ. ૩૦૦) નું ઇનામ જાહેર કરીને જાહેર હરીફાઇથી લખાવી માંગ્યો. શેઠ નવરોજજી ફરદુનજીના પત્રને માન આપીને નીચલી આઠ નિશાળોએ ધર્મ શિક્ષણ પોતાનાં ખાતાંઓમાં દાખલ કરવાની ખુશી બતાવી હતીઃ—

પ્રોપ્રાયટરિ હાઇ સ્કુલ–કોટ.

ફોર્ટ હાઇ સ્કુલ.

ફરામજી નશરવાનજી એંગ્લો વર્નાકયુલર સ્કુલ–ખેતવાડી.

એમ૦ બાદરજી કાવસજીવાળી એંગ્લો વર્નાકયુલર સ્કુલ–ગોવાલીઆ તળાવ.

ચંદનવાડી હાઇ સ્કુલ.

જરથોસ્તી છોકરીઓની નિશાળ મંડળ હસ્તકની કોટ, ચંદનવાડી તથા મજગામની નિશાળો.

એક તરફથી નિશાળો હાથ કરીને સભાએ ત્યાં શીખવવા માટેની ચોપડીઓ માટેની યોજના તૈયાર કીધી. રૂ ૩૦૦) નું ઇનામ આપીને લખાવી માંગેલા નિબંધ ત્રણ ધણીઓ તરફથી મળ્યા હતા, જેમને તપાસનારી શેઠ નવરોજજી ફરદુનજી અને બીજા ચાર ગૃહસ્થોની કમિટીએ બેને ઇનામને લાયકના ઠરાવ્યા, અને ભલામણ કીધી કે જો આ બન્ને લખનારાઓ સાથે મળીને એક ભેગો નિબંધ તૈયાર કરી તેમાં કેળવણી માટેની યોજના રજુ કરે તો રૂ ૩૦૦) ની રકમમાં બીજા રૂ ૧૦૦) વધારીને દરેકને રૂ ૨૦૦) નું ઇનામ આપવું.

આ બે લખનારાઓના તખલ્લુસ ઉપરથી તેમનાં નામનાં બિડેલાં પરબીડાં ઉખેડી જોતાં એરવદ શેહરિયારજી દાદાભાઈ ભરૂચા અને મી૦ હોરમજજી નવરોજજી લાડનાં નામો જાહેર થયાં; અને એ બન્ને ગૃહસ્થોએ તપાસનાર કમિટીની ઉપલી સૂચના કબૂલ કરીને પોતાની તરફની ભેગી યોજના દર્શાવનારો નિબંધ સભા ઉપર મોકલી આપ્યો.

હવે આ નિબંધમાં આપેલાં સાત ચોપડીઓનાં સાંકળિયાને અનુસરીને સાત ધોરણને બરની સાત ચડઉતર તબકકાની ધર્મનીતિની

કેતાબો રચાવવી જોઇયે, અને તે પાછળ મોટો ખર્ચ લાગવો જોઇયે. આ ખર્ચ માટે એક જાહેર ફંડ ભેગું કરવાની મતલબથી આપણી સભાએ જરતોસ્તીઓની એક જાહેર સભા ૧૮૮૧ ના એપ્રિલમાં ફરીથી બોલાવી. આ સભામાં શેઠ ખ. રૂ. કામાએ એક બીજું અસરકારક ભાષણ કરી ધર્મશિક્ષણની અગત્યતા બતાવી, અને ત્યારબાદ બીજી પાંચ તેવીજ જાહેર સભાઓમાં નીચલા ઠરાવો ઉપર તકરારો ચાલ્યા બાદ તે પસાર કરવામાં આવ્યાઃ—

ઠરાવ ૧ લો—"આ સભાનું એવું મત છે કે જરતોશ્તીઓનાં ફરજન્દો જ્યારે સમજમાં આવે ત્યારે તેઓની નવજોતની ક્રિયા કરવી, અને તે વેળા તેઓને ધર્મ સંબંધ કેટલાંએક મૂળતત્વોનું ગ્નાન હોવાની જરૂર છે."

ઠરાવ ૨ જો—"આ સભાનું એવું મત છે કે જરતોશ્તી માબાપોએ પોતાનાં ફરજન્દોને વિદ્યા તથા એલમહુનરની કેળવણીની સાથે ધર્મ સંબંધી કેળવણી આપવી જોઇએ છે."

ઠરાવ ૩ જો—"આ સભાનું એવું મત છે કે જે અથોરનાનો નાવર મરાતબ થઇ અથોરનાનનો ધંધો કરવાની ઉમેદવારી ધરાવતા હોય તેઓ સારા પાયા ઉપર જરતોશ્તી ધર્મની કેળવણી લઇ લાયક ગ્નાન મેળવેલા હોવા જોઇયે, અને તેવી રીતની કેળવણી પામેલા મરાતેબોને જરતોસ્તીઓએ પોતાનાં ઘરનાં ક્રિયા માર્ગનાં તથા ધર્મબોધ આપવાનાં કામ સોંપવાં ઘટે છે."

ઠરાવ ૪ થો—"આ સભાનું એવું મત છે કે જરતોશ્તી ધર્મના અભ્યાસનાં સાધન તરીકે આપણા ધર્મને લગતાં જુદી જુદી ભાષાઓમાં રચાયલાં પુસ્તકોનું એક કેતાબખાનું સ્થાપવાની ઘણી જરૂર છે."

ઠરાવ ૫ મો—"આ સભાનું એવું મત છે કે જરતોશ્તી ધર્મને લગતાં ગ્નાનનો આપણા ટોળામાં જેમ બની શકે તેમ વધારે ફેલાવો કરવા સારૂં ધર્મ સંબંધી પુસ્તકો રચાવવાં તથા છપાવી પ્રગટ કરવાં, તથા જરતોસ્તીઓનાં ફરજન્દોને સારા પાયા ઉપર આપણા ધર્મની કેળવણી આપવાનાં કારણ સર એક ફંડ ઉભું કરવાની ઘણી જરૂરછે; અને આ સભા તે ફંડમાં નાણાં ભરાવવા

સારૂ રાહનુમા એ માજદયસ્નાન સભાની કારોબાર મંડળીને એવી એલતેમાસ કરેછે કે જરતોસ્તીઓમાં ઉઘરાણાનું એક લિસ્ટ ફેરતું કરે તથા નાણાં વસૂલ કરે, અને તે નાણાં ઉપર જણાવેલાં કારણ સર વાપરે."

આ છેલ્લો ઠરાવ પસાર થયા પછી શેઠ ખ૦ રૂ. કામાએ ઉપલાં ઉઘરાણાની ટીપમાં પોતાની તરફથી રૂ ૧૦૦૦) ની રકમ ભરવાની ખુશી બતાવી. અને ત્યાર પછી થોડીક મુદતમાં આ ફંડ રૂ ૧૮૧૩૨) સુધી વધવા પામ્યું હતું.

આ રીતે એક તરફથી ઉઘરાણાની રકમ ભરાતી ગઇ તેમ સભાની તરફથી ધર્મનીતિની કેળવણી માટેની તૈયારીઓ પણ થતી ચાલી. સાત તબક્કાની ચોપડીઓ તૈયાર થતાં વિલંબ લાગે એમ હોવાથી તુરત વેળા એરવદ જામાસ્પજી એદલજી દાદાચાનજીને ઉપર જણાવેલી છ નિશાળોમાં મોઢેથીજ ધર્મ શિક્ષણ આપવા માટે રોકવામાં આવ્યા. આ એરવદ સાહેબે જ૦ જી૦ જંદ પેહલવી મદ્રેસામાં ઘણાં વરસ સુધી તાલીમ લીધી હતી અને મુલ્લાં ફીરોજ મદ્રેસામાં તેઓ વિદ્યાર્થીઓને ફારસી ભાષાની તાલીમ આપતા હતાં. પાછળથી એરવદ જામાસ્પજીએ આપણી સભાના મુનશીનો ઓધ્ધો પણ ભોગવ્યો હતો. આ એરવદ સાહેબે જુન ૧૮૮૧થી પોતાનું કામ શુરૂ કીધુ હતું, અને દર ત્રણ મહિને તેઓ સભા જોગ પોતાનાં કામનો રીપોર્ટ મોકલતા હતા.

આ શિક્ષકનો માસિક પગાર પ્રથમ રૂ ૬૫ નો હતો જે પાછળથી વધારીને રૂ ૮૦નો કરવામાં આવ્યો હતો. આ પગારના ખર્ચમાં પોત પોતાનો ફાળો આપવા માટે આપણી સભાની કારોબાર મંડળીએ બે મરતબે ૨૨ નિશાળોના માલેકોને નોતરીને અંતે તેઓમાંથી ઉપર જણાવેલી આઠ નિશાળોના ૮૩૫ બાળકોને તાલીમ આપવા માટે દર બાળક દીઠ વરસ દાહડે રૂ ૧ નો લવાજમ આપવાની ગોઠવણ કીધી હતી.

આ કામ ૧૮૮૦માં પાર પડયા પછી સભાએ હવે ચહડ ઉતર ચોપડીઓ તૈયાર કરાવવાનું કામ હાથ ધર્યું. એ૦ શેહરિયારજી ભરૂચા અને મી૦ બોર્ડે સાથે મળીને આ ચોપડીઓ માટેનું એક વિગતવાર

સાંકળિયું તૈયાર કીધું હતું, તેમાં આપેલા પાઠોનાં મથાળાંને અનુસરતી આ ચોપડીઓ બનાવવા ધારી હતી અને તે મુજબ પેહલી ચોપડી બનાવનારને રૂ ૧૦૦)નું ઇનામ આપવાનું સભાએ જાહેર કીધું. પાછળથી આ રકમ બેવડી કરવામાં આવી અને ત્રીજી મરતબે રૂ ૩૦૦)નું ઇનામ પ્રગટ થયું ત્યારે ચાર ગૃહસ્થોએ પોત પોતાની તરફના નિબંધો મોકલી આપ્યા તેમાં સૌથી સરસ મી૦ હો. ન. ફોર્ડનો જણાયાથી તેમને ઉપલું ઇનામ આપવામાં આવ્યું, અને ત્યાર બાદ ધર્મ નીતિનો પેહલો અંક બાળકોના અભ્યાસને માટે છપાવી પ્રગટ કરવામાં આવ્યો.

આ અંક માટેના રૂ ૩૦૦) તથા તે આગમજ પ્રગટ થયલા સાંકળિયાંવાળા નિબંધને લગતું રૂ ૪૦૦)નું ઇનામ મર્હુમ શેઠ નોશરવાનજી મંચેરજી કામાજીનાં ધર્મ ખાતાંના ટ્રસ્ટી સાહેબોએ અદા કરવાની ખાહેશ બતાવ્યાથી તેમની આ મદદ આપણી સભાએ ઉપકાર સાથ કબૂલ રાખી હતી. વળી એજ ટ્રસ્ટી સાહેબોની ઉદાર ખાહેશ તો એવી હતી કે આપણી તરફની પાઠમાળાના અંક ૧ લાથી અંક સાતમાં સુધીના સઘળા અંકો લખવા માટે જે ઇનામો આપવાનું ઠરાવવામા આવશે તે ઇનામોની રકમ મજકુર ધર્મ ખાતાંનાં ફંડ મધેથી તેઓ આપ્યા જશે. પણ પાછળથી આપણાં કેળવણી ફંડની હાલત સારી જણાયાથી અને બીજી મદદો મળવાથી આ ખર્ચ સભાએ પોતાની તરફથીજ કરવામાં માંડયો હતો.

ઇનામના મેળાવડાઓ.

આઠ નિશાળોમાં ૮૩૫ બાળકોને જરતોસ્તી ધર્મજ્ઞાનનાં મૂળ-તત્વોની કેળવણી આપવાનું ચાલુ કીધા પછી આ કેળવણી કેવા પ્રકારની અપાય છે તેથી એ માટેનાં ફંડમાં નાણાં ભરનારી પારસી આલમને વાકેફ કરવા માટે સભા તરફથી ચંચળ બાળકોને ઇનામો આપવાનો પેહલ વેહલો મેળાવડો તા. ૨૯ મી માર્ચ ૧૮૮૪ ને દિને ફ૦ કા૦ ઇન્સ્ટિટયુટનાં દીવાનખાનામાં શેઠ નવરોજજી ફરદુનજીનાં પ્રમુખપદ હેઠળ થયો હતો. આ વેળા આ કેળવણીનાં કામનું મંડાણ ૧૮૭૬ માં અને ત્યારબાદ કેવી પ્રકારે થયું હતું, જાહેર સભાઓમાં શા શા ઠરાવો થયા હતા, કઇ કઇ નિશાળોમાં કેટલાં બાળકોને એરવદ જા૦ એ૦ દાદાચાનજી મારફતે શિક્ષણ અપાતું હતું, અને આ શિક્ષણની પરીક્ષા લઇને એરવદ

એદલજી કેરશારપજી આંટિયા અને એરવદ જીવનજી જમશેદજી મોદીએ કેવો સારો રીપોર્ટ કીધો હતો, તે સઘળું ઉપલા મેળાવડા આગળ વાંચી સંભળાવવામાં આવ્યું.

આ પછી દસ્તુર પેશોતનજી બેહરામજી સંજાણાએ ૩૪ છોકરીઓ અને ૭૯ છોકરાઓને તેમની ચંચળાઇને લાયકનાં ઇનામો વેંહચી આપીને એક ભાષણ કરતાં જે સારા સખુનો કહ્યા હતા તેમનો સાર સભાનાં પુ૦ ૪ થાંનાં અંક ૧૧ મામાં આ મુજબનો આપવામાં આવ્યો છે. સભા કેવી રીતે અને કયાં સ્થાપવામાં આવી હતી તેનો દસ્તુરજીએ પ્રથમ એહવાલ આપ્યા પછી જણાવ્યું કે—

"આગળ તેઓ સભામાં શામેલ હતા પણ તેમને કેટલાક સંજોગોને લીધે દબાંણથી એ સભામાંથી નીકલી જવું પડયું હતું, પણ આ સભા હસ્તકથી જે સરસ કામ ચાલે છે તે જોઇને આજે તેઓ એ સભામાં પાછા દાખેલ થાએ છે, કારણકે એ સભા જરતોશતી ધરમને ખીલવવાને લગતાં સારાં કામમાં ઘણીજ જેહમત અને તસદી ખેંચીને અપમાંન ખમવા છતાં ઘણી મશગુલ રહી છે, અને હાલ એ સભાએ પોતાની એ મેહેનતનો જે સારો બદલો મેલવેઓ છે તેથી દસ્તુર પેશોતનજીને ઘણી ખુશી ઉપજે છે. તેઓ વધારે એમ બોલેઆ જે જે કાંમ અથોરનાન મંડલીઓ તથા જરતોશતી ટોલાના વડા અકાબરોને હાથથી થવું જોઇએ તે કામ રાહનુમાએ માજદીયશનાં સભાએ માથે લઇ તેનો પાએઓ રચી હાવી સરસ રીતે પાર ઉતારીઉં છે. એ સભા પોતાના અનુભવને આગલ વધારી હેવીજ રીતે કાંમ ચલાવતી જશે તો જરતોશતીઓમાં ધરમની માહીતગારીનો ઘણો વધારો થાશે. એ મંડલીનાં હાવાં શુભ પરીનામ માટે સરવેથી શરસ માન એ મંડલીના વડા શેઠ નવરોજી ફરદુનજીને ઘટે છે, કારણકે સરૂઆતથી એ શેઠ એ મંડલીને માટે ઘણીજ ખંતથી મેહેનત કરતા આવેઆ છે."

આ પછી સરનશીન શેઠ નવરોજજી પોતાનાં ભાષણ દરમિયાન બોલ્યા કે આ સભાએ ધર્મશિક્ષણ આપવાનું માથે ઉઠાવેલું કામ દસ્તુર પેશોતનજી જેવા "લાએક અને ચંચલ ધર્મગુરૂએ પસંદ કર્યું છે" તેથી ખુશી ઉપજે છે. "થોડોક વખત સુધી દસ્તુર પેશોતનજીના

કેહવા મુજબ તેઓ આ મંડલીથી અલગ થયા હતા, પણ તેવણુ હવે એ સભામાં પાછા શામેલ થયા છે એ બિના વધારે સંતોષકારક છે, અને ઉમેદ છે કે એ દસ્તુરનો દાખલો લેઇને કેળવાયલા બીજા દસ્તુર સાહેબો અને અથોરનાનો એ સભાને મદદ કરશે જેથી એ સભાએ ઉઠાવેલું કામ ઉલટભરી રીતે આગળ વધશે.''

કેળવણી લેતાં બાળકો પ્રથમ ૮૩૫ ની સંખ્યામાં તાલીમ લેતાં હતાં તે ઘટીને ૬૮૩ અને ત્યારબાદ ૫૮૦ ઉપર આવી ગયાં હતાં તે બાબે દિલગીરી બતાવતાં શેઠ નવરોજજીએ કહ્યું કે હિંદુસ્તાનની સરકારે કેળવણી સંબંધી નેમેલાં કમિશને પોતાના રીપોર્ટમાં ધર્મનીતિ શીખવવાનું કામ ઘણું પસંદ કર્યું છે અને તે ચાલુ રાખવા માટે મજબુત તાકીદ કીધી છે. નીતિની કેળવણી માટે કેવાં પુસ્તકો રચવાં તેનું વર્ણન ઉપલાં કમિશને પોતાના રીપોર્ટમાં આપ્યું છે તે જણાવીને સરનશીને કહ્યું કે "તેમાંની મૂખ્ય બાબતોની તરબિયત આ સભા હસ્તકથી આપવામાં આવે છે." ધર્મ શિક્ષણ આપનાર "ચંચળ શિક્ષાગુરૂ" એરવદ જાં૦ એ૦ દાદાચાનજીએ "પરીક્ષકોના રીપોર્ટ મુજબ ઘણી મેહેનત લઇ ખંતથી પોતાનું કામ સારી રીતે બજાવ્યું છે" તે માટે તેમનો જાહેરમાં ઉપકાર માનતાં શેઠ નવરોજજીએ કહ્યું કે "ખરેખર એ શિક્ષાગુરૂએ જે કામ માથે લીધું છે તેમાં તેઓને ઘણીજ તસ્દી અને મેહનત પડેલી હોવી જોઇએ," કારણ કે જુદી જુદી આઠ નિશાળોનાં બાળકોને કેળવણી આપવાનો બોજો એ એરવદને એકલાને માથે પડેલો છે.''

આ બોજો થોડીજ મુદતમાં એરવદ જામાસ્પજીને ભારી લાગ્યાથી છોડવો પડયો. સભાના (પુ૦ ૪, અંક ૧૩ મો) એહવાલમાં જણાવ્યા પ્રમાણે એરવદ જામાસ્પજીએ "ઘણી ઉલટ સાથે મેહેનત લઇને પોતાનું કામ ખાતરી પુરવક બજાવ્યું હતું," પણ "પાછલથી તેઓની તબીઅતમાં બિગાડો થવાને લીધે તબીબોની સલાહથી તેવણને પોતાના ઓધાનું રાજીનામું આપવાની ફરજ પડી હતી." તેમની જગા પર એરવદ બેજનજી ફરામજી દસ્તુર તથા એરવદ મેહરનોશજી બરજોરજી મેહરજીરાણાને ધર્મ શિક્ષક ઠરાવ્યા હતા, પણ એરવદ બેજનજીએ થોડાજ માસમાં ઓધ્ધો છોડવાથી એરવદ મેહરનોશજી એકલા ધર્મ શિક્ષકનું કામ બજાવવા લાગ્યા હતા.

શિક્ષણ આપનાર ઉસ્તાદ માટે આ મુજબ ગોઠવણ થયા છતાં તે શિક્ષણ માટેની પાઠમાળા હજી તૈયાર થઇ ન હતી. ઇનામોની મોટી રકમો આપવા છતાં જેમ ધર્મને લગતાં ભાષણો અને વાઅજો કરનાર તેમ ચહડ ઉતર તબકકાની ચોપડીઓ બનાવનાર લાયક ધણીઓ બાહેર નહિ પડવાને સબબે કારોબાર મંડળીનું ધ્યાન નવસારી જરતોશ્તી મદ્રેસાના આગળા જંદ શિક્ષક એરવદ શે૦ દા૦ ભરૂચા તરફ દોડયું અને તા૦ ૧ લી ઓગસ્ટ ૧૮૮૫ થી રૂ. ૧૨૫) ને માસિક દરમાયે તેમની સાથે નીચે મુજબનાં કામોની ગોઠવણ કીધીઃ—

૧ લું—બાળકોને જરતોસ્તી ધર્મ તથા નતિની તરબિયત આપવાને લાયક ચહડ ઉતર દરજ્જેની ત્રણ ચોપડીઓ ત્રણ વરસમાં બનાવી આપવી.

૨ જું—એટલીજ મુદ્દતમાં જરતોસ્તી ધર્મ અને નીતિને લગતાં બાર ભાષણો આપવાં, અને કોઇબી વરસ ભાષણ વિના ખાલી જવા દેવું નહિ.

૩ જું—મુંબઈ ખાતે જરતોશ્તીઓથી ચાલતી સ્કુલોમાં બાળકોને ધર્મ નીતિની કેળવણી સભા તરફથી અપાય છે તે ઉપર બને તેટલી દેખરેખ રાખવી.

આ શર્તની રૂએ ઉપલી મુદ્દતમાં પોતાને સોંપાયલાં કામો મુજબ ધર્મ નીતિનો અંક બીજો, ત્રીજો અને ચોથો તૈયાર કરી આપ્યા ઉપરાંત બાર ભાષણોમાંનાં કેટલાંક જરતોસ્તીઓની જાહેર સભાઓમાં વાંચી સંભળાવ્યાં, જેમની ત્રણ ત્રણ હજાર નકલો છપાવી મુંબઇ તથા દેશાવરો ખાતેના જરતોસ્તીઓમાં બોહળી રીતે વેંહચવામાં આવી હતી. બાકીનાં ભાષણો ત્યાર બાદ વાંચી સંભળાવવામાં આવ્યાં હતાં. ઉપલી મુદ્દત પુરી થવા બાદ "કારોબાર મંડળીએ બીજાં ત્રણ વરસની મુદ્દતે એરવદ શેહરિયારજીની એજ ઓધ્ધા ઉપર નેમણુક કરી," "અને એઓએ ગયાં ત્રણ વરસમાં આપેલા સંતોષ અને દેખાડેલી દિલભરીની કદર બુજીને એમને આપતા કરેલા લવાજમમાં દરમાસે રૂ. ૨૫)નો વધારો કરી તા૦ ૧ લી ઑગસ્ટ ૧૮૮૮ ઇસ્વીથી દરમાસે રૂ. ૧૫૦) નો કીધો," "અને એઓનાં કામની બીજી બધી શરતો ગયાં ત્રણ વરસમાં જે રાખી હતી તેજ રેહવા દીધી."

એરવદ શેહરિયારજી સાથે ભાષણો અને વઅઝો તથા ધર્મ-નીતિના અંકો રચવાના સંબંધમાં ફરી ફરીથી એવીજ ગોઠવણો થયા કીધી હતી, અને એ રીતે એમનો સભા સાથનો આ કામોને લગતો સંબંધ ઘણાં વરસો સુધી ચાલુ રહ્યો હતો.

૧૮૮૯ અને ૧૮૯૦ને દિને ધર્મશિક્ષણ લેનારાં ચંચળ બાળકોને ઇનામો આપવા માટેના બે મેળાવડા થયા હતા, જેમાંના પેહલા મેળાવડા વેળા છોકરાઓને માનવંત શેઠ ફરામજી નશરવાનજી પટેલને હાથે અને છોકરીઓને બાઇ ભીખાઇજી ડોસાભાઇ કામાને હાથે ઇનામો વેંહચી આપવામાં આવ્યાં હતાં. બીજા મેલાવડા વેળા શમ્સઉલઓલમા દસ્તુર પેશોતનજી બેહરામજી સંજાણાએ ઈનામોની આ ક્રિયા કીધી હતી, અને એક સુંદર ભાષણ કરીને સભાનાં કામને બહુ વખાણ્યું હતું, જે બીજા ભાગ ઉપર ઉતારી લેવામાં આવ્યું છે.

આ મેળાવડા દરમિયાન સભા તરફથી જાહેર કરવામાં આવ્યું હતું કે ધર્મશિક્ષણનાં કામને વખાણનારાં એક જરતોસ્તી બાનુએ પોતાનું નામ છુપું રાખીને ધર્મ નીતિના અંક ૧ લાની તેમજ અંક ૨ જાની દરેકની ૩૫૦) નકલ ખરીદ કરીને જરતોસ્તીઓથી ચાલતી નિશાળોમાં જરતોસ્તી બાળકોમાં વેંહચાવી હતી. એજ રીતે એજ બાનુએ પાછળથી ધર્મ નીતીના અંક ત્રીજાની ૩૫૦ નકલો પણ પારસી બચ્ચાંઓને ભેટ અપાવી હતી.

સભાનાં ૩૯ અને ૪૦ માં બન્ને વરસો (૧૮૯૦–૯૨) દરમિયાન ધર્મ શિક્ષણ જુદી જુદી આઠ નિશાળોમાં કુલે ૧૨૫૩ છોકરા છોકરીઓને અપાયું હતું, કે જે સંખ્યા શિક્ષણની આખી મુદતમાં સૌથી વધારે બાળકોની હતી.

એજ મુદતથી સભાના સરનશીન શેઠ ખ. ર. કામાએ તાલીમ લેનારાં આ બાળકોને ઉત્તેજન આપવા માટે ૧૮૯૧ નાં સાલથી રૂ. ૧૦૦) ની કીમતની બે સ્કોલરશિપ તે માટેની ખાસ પરીક્ષામાં જે બાળકો સૌથી ઉપર આવે તેમને પોતાની તરફથી આપવાનું ચાલુ કીધું હતું, અને તે પ્રમાણે કેટલાંક સાલ સુધી રૂ. ૬૦ ની કીમતની પેહલી અને રૂ. ૪૦) ની બીજી સ્કોલરશિપ અપાયા કીધી હતી, જે ઘણું કરીને છોકરાઓ કરતાં ચંચળ છોડીઓજ વધારે મેળવતી જણાઇ હતી.

તા. ૧૮ મી એપ્રિલ ૧૮૯૧ ને દિને ઇનામો આપવાનો મેળાવડો બાહેરકોટ ખાતે દાદીશેઠના આતશબેહરામને લગતા મોટા ચોકમાં થયો ત્યારે ત્યાં એક કુશાદે મંડપ તૈયાર કરીને આશરે ૧૨૦૦ છોકરાંઓને ભેગાં કરવામાં આવ્યાં હતાં, જેઓ પોતપોતાની આઠ નિશાળોના રંગ-બેરંગી વાવટાઓ સાથે ત્યાં હાજર થયાં હતાં. આ વેળા સભાના સરનશીન શેઠ ખ. રૂ. કામાએ મોટી મજલિસ સન્મૂખ ધર્મનીતિની કેળવણીના ફાયદા લંબાણથી દર્શાવ્યા હતા.

બીજો મેળાવડો તા. ૨૦ મી માર્ચ ૧૮૯૨ ને દિને શમ્સઉલ ઓલમા દસ્તુર પેશોતનજી બેહરામજી સંજાણાનાં પ્રમુખપદ હેઠળ થયો હતો, જેઓએ આ વેળા આપણી સભાના સંબંધમાં ત્રીજી મરતબે સુભાષિત ભાષણ કીધું હતું, જે બીજી જગાએ ઉતારી લેવામાં આવ્યું છે.

એજ રીતે બીજાં મેળાવડાઓ દરમિયાન સર જમશેદજી જીજીભાઇ (ત્રીજા બેરોનેટ), સર જમશેદજી જીજીભાઇ (ચોથા બેરોનેટ), સર દીનશાહ માણેકજી પીટિટ (બીજા બેરોનેટ), લેડી સર કાવસજી જહાંગીર વગેરે સાહેબોએ સભાનાં કામના સંબંધમાં કરેલાં ભાષણો જુદાજ ભાગ-ઉપર આપવામાં આવ્યાં છે.

ધર્મનીતિની કેળવણી તરફ બેદરકારી.

ધર્મનીતિની કેળવણી લેનારાં બાળકોની સંખ્યા દિન પર દિન ઓછી થતી જતી જણાયાથી તેનાં અનેક કારણો મધેનું એક કારણ મા બાપોની બેદરકારી છે એવું જણાયાથી આ સંખ્યામાં ઘટાડો થતો અટકાવવા અને વધારો કરવાના હેતુથી સભાના સરનશીનની સૂચના ઉપરથી કારોબાર મંડળીએ ઠરાવ્યું કે શેહરના જે જે લત્તાઓ ખાતે ધર્મ શિક્ષણ લેનારી નિશાળો છે ત્યાં ત્યાંના જરતોસ્તી મા બાપોને અમુક ઠેકાણે ભેગાં કરીને સભા તરફથી કેવી પ્રકારની કેળવણી અપાય છે તેનો તેમને જાતિ ખ્યાલ આપવો. આ કારણ માટે બાહેરકોટ એલાહી બાગમાં, ખેતવાડી હોરમજજી બાટલીવાળાની વાડીમાં, અને ધોબીતળાવ અનજુમનનાં આતશ બેહરામવાળાં દીવાનખાનાંમાં ત્રણ જુદી જુદી સભાઓ ભરવામાં આવી હતી, જ્યાં શેઠ કામાજીએ કેટલોક ખુલાસો કીધો હતો અને માબાપોને આ શિક્ષણના સંબંધમાં જે કેહવાનું હોય તે સાંભળ્યું હતું. બાહેર-કોટવાળી મજલિસમાં બિરાજ્યા ગર્લ્સ સ્કુલનાં માસ્તર બાઇ ડોસીબાઇ

રૂસ્તમજી માસ્ટરે એક ભાષણ કરીને સભાનાં કામની ઘણી વખાણ કીધી હતી અને બાળકોને ધર્મ કેળવણી આપવાની જરૂર બતાવી હતી.

આમ છતા ધર્મ કેળવણી લેતાં બાળકોની સંખ્યા ઘટતીજ ચાલી અને તેની જોડે તેમને એ કેળવણી અપાવનારી નિશાળોની સંખ્યામાં પણ વધ ઘટ થવા લાગી. આમ થવાનાં અનેક કારણો અપાયાં. મરકીના ઉપદ્રવને લીધે કેટલાંક માબાપો મુંબઈમાં પોતાનાં મકાનો બદલવા લાગ્યાં, યા કોઇ કોઈ ગુજરાત વગેરે ઠેકાણે પોતાના કબીલા સુધાં ચાલી ગયાં; વળી કેટલાંક માબાપ ધર્મ શિક્ષણના સંબંધમાં બેદરકાર બની ગયાં, અને ઇંગ્રેજી શિક્ષણના વધારા માટે ઘણાં આતુર બન્યાં; અને ધર્મ શિક્ષણ લેતાં દર બાળક દીઠ વરસ દહાડે માત્ર રૂ. ૧ ની ફી આપવાના પણ તેઓ અખાડા કરવા લાગ્યાં. શિક્ષણ અપાવનારી નિશાળોના માલેકો અને વડા શિક્ષકોએ પણ ઉપલા ઘટાડાનાં મુખ્ય કારણમાં માબાપોની બેપરવાઈજ જાહેર કીધી. સભાને પરપુછ કરતાં જણાયું કે જે જે ખાતાંઓમાં ધર્મ નીતિની કેળવણી મુફત અપાતી હતી ત્યાં પણ બાળકો તે લેતાં ન હતાં.

ઉપલી કેળવણી લેનારાં બાળકોના માબાપો અને વાલીઓ વગેરેને આવી કેળવણીની જરૂરત અને તે આપવાના ફાયદા દર્શાવવા તથા માબાપોને એ બાબતમાં કંઇ પરપુછ યા સૂચના કરવી હોય તો તે સાંભળી તેને લગતા ખુલાસા આપવા માટે બાળકોની નિશાળોવાળા લત્તાઓ ઉપર નાના નાના મેળાવડા કારોબાર મંડળી તરફથી ૧૯૦૨ થી ૧૯૦૪ સુધીની મુદતમાં કરવામાં આવ્યા હતા. ખેતવાડી, બાહેરકોટ અને ધોબીતળાવ ઉપર અંજુમનના આતશ બેહરામમાં આ મેળાવડા થયા હતા, જે વેળા સભાના સરનશીન ધર્મ નીતિની કેળવણીની અગત્યતા સમજાવવા પ્રથમ એક નાનું ભાષણ કરતા, અને પછી બીજા ગૃહસ્થો પોત પોતાના વિચારો જણાવતા, જેમાં ધર્મ શિક્ષણ અપાવનારી નિશાળોના શિક્ષકો પણ ભાગ લેતા અને એ શિક્ષણ ચાલુ રાખવાની પોતાની ખુશી જાહેર કરતા હતા.

ધર્મ કેળવણીની કૉન્ફરન્સ.

એક તરફથી આપણી સભા તરફથી જરતોસ્તી બાળકોને તેમના મજહબને લગતું તત્વજ્ઞાન આપવાનું કામ આગળ ચાલ્યા પછી અને અમુક નિશાળોએ સભાના ફંડમાં અમુક વાર્ષિક રકમ આપતી કરીને આ શિક્ષણ પોતાનાં બાળકોને અપાવવા માંડ્યા પછી, સભાને લાગ્યું કે હવે સઘળી જરતોસ્તી નિશાળો પોતેજ પોતપોતાનાં ખાતાં મારફતે આ શિક્ષણ સભાની મદદ વિના સ્વતંત્રપણે અપાવવા માંડે તે વધારે પસંદ કરવા અને ઇછવા જોગ થઇ પડે. આ ઉપરથી તા. ૧૫મી મે ૧૯૦૧ને દીને આપણી સભા તરફથી કેટલાક જરતોસ્તીઓની એક સભા જરતોસ્તી નિશાળ મંડળીની કોટ ખાતેની બાઇ બીખાઇજી બંગાળીવાળી નિશાળનાં દીવાનખાનામાં બોલાવવામાં આવી. આ સભા સર્વ પારસી સ્કુલોના માલેકો, ત્રસ્ટીઓ, કારોબારીઓ, સેક્રેટરીઓ તેમજ શિક્ષકો તથા ધર્મ શિક્ષણના કામમાં ઉમંગથી ભાગ લે એવા ગૃહસ્થોની હતી.

આ સભાનું પ્રમુખપદ શેઠ ખ. ર. કામાજીએ લીધા બાદ તકરારને માટે નીચલી બાબતો રજુ કરવામાં આવી:—

"ધર્મ કેળવણીની અગત્યતા સિધ્ધ કરવી. એ કેળવણીએ કેવા પ્રકારનું રૂપ પકડવું જોઇએ તે નકી કરવું; એક વર્ગ એવો ઉંઘાડવો કે જેમાં અવસ્તા ભાષા જાણનારો ઉસ્તાદ જુદી જુદી નિશાળોના શિક્ષકોને ધર્મને લગતુ જ્ઞાન આપે, અને તે જ્ઞાન તે શિક્ષકો પોતાના વર્ગનાં બાળકોને શીખવે; જુદાં જુદાં ધોરણોની નિશાળોમાં શીખવાની ચોપડીઓ તૈયાર કરવી; સરકારી કેળવણી ખાતાનાં વડા સાથ પત્રવેહવાર ચલાવી જેમ ખ્રીસ્ટી મજહબ શીખવનારી શાળાઓને સરકાર તરફથી નાણાંની મદદ મલેછે તેમ પારસી ધર્મ શીખવનારી શાળાઓને પણ તેવીજ મદદ મળે એવી માંગણી કરવી; સઘળી જરતોશ્તી નિશાળોના માલેકોએ એકમત થઇ જરતોશ્તી ધર્મ નીતિની કેળવણી ફરજીયાત આપતી કરવાની ગોઠવણ કરવી, અને તે માટેનો ખાસ લવાજમ વધુ લેતો કરવો."

આ પછી મી૦ કામાજીએ લંબાણ ભાષણ કરીને ધર્મ નીતિની કેળવણીની જરૂરત અસરકારક રીતે સમજાવી, અને ત્યાર પછી ચાલેલી તકરારમાં સ્કુલોના માલેકો અને બીજા ગૃહસ્થોએ ઉલટથી ભાગ લીધો.

સભાનું કામ અધુરૂં રેહવાથી તા. ૨૨મી મેને દિને કૉન્ફરન્સની બીજી બેઠક ઉપલેજ ઠેકાણે પાછી મળી, જે વેળા બીજા જાણીતા સજ્જનો ઉપરાંત સર જમશેદજી જીજીભાઇ બેરોનેટ પણ શામેલ હતા. આ બેઠકમાં મુખ્ય કામ એક જૅનરલ કમિટી નેમીને તેને ધર્મ કેળવણી બાબે વિચાર ચલાવી રીપોર્ટ કરવાનું સોંપવાનું થયું.

આ રીતે રાહનુમા સભાએ બોલાવેલી કૉન્ફરન્સમાં ને માયલી કમિટીએ કેટલીક બેઠકોમાં તકરાર ચલાવીને પોતાનો રીપોર્ટ તૈયાર કીધો અને છેવટે આ કામના સંબંધમાં આપણી સભાએ કરેલી શુરૂઆત માટે તે કમિટીની છેલ્લી બેઠકમાં સભાનો ઉપકાર માનવાનો ઠરાવ થયો તે તેના સેક્રટરી તરફથી આપણી ઉપર નીચે પ્રમાણે લખાઇ આવ્યો હતો:—

"રાહનુમાએ માજદયશ્નાન સભાએ જરતોસ્તી તોલામાં ધર્મની કેળવણી ફેલાવા માટે આ હીલચાલ શરૂ કીધીછે, તે માટે આ કમીટી તે સભાનો અને ખાસ કરીને તેના સરનશીન સાહેબનો મોટો ઉપકાર માનેછે અને સેક્રેટરીને અરજ કરેછે કે તેવણે આ ઠેડાવની એક નકલ રાહનુમાએ સભા ઉંપર મોકલી આપવી."

આ પછી તા. ૧૪ મી નવેમ્બર ૧૯૦૧ને દીને ઉપલી કમિટીએ તૈયાર કરેલો રીપોર્ટ તેના સરનશીન સર જમશેદજી જીજીભાઇ અને સેક્રેટરી શમ્સઉલઓલમા એરવદ જી૦ જ૦ મોદીની સહી સાથ શેઠ ખ. રૂ. કામા ઉપર "જરથોસ્તી ધર્મની કેળવણી આપવા માટે વિચાર ચલાવવાને મલેલાં કૉન્ફરન્સના સરનશીન" તરીકે મોકલી આપવામાં આવ્યો હતો, જે તેમણે કૉન્ફરન્સની સભા બોલાવી તેમાં રજુ કીધો હતો અને તે પસાર થયો હતો. આ પછી જરતોશ્તી બાળકોને ધર્મની કેળવણી આપવાના સંબંધમાં મજકુર રીપોર્ટની એક કલમને અનુસરીને એક મંડળી સ્થાપવામાં આવી હતી.

કૉન્ફરન્સની ઉપલી કમિટી મજકુર રીપોર્ટ તૈયાર કરતી હતી તે દરમિયાન એરવદ જીવનજીએ એક પત્ર લખી કારોબાર મંડળીથી જાણવા માંગ્યું કે મજકુર કેળવણીનાં કામમાં આપણી સભા દર સાલ કેટલી રકમ આપતી કરશે. રાહનુમા સભા તરફથી અપાતી ધર્મ

નીતિની કેળવણી કાંઇ તેણે હજી બંધ કીધી ન હતી, માટે કારોબાર મંડળીએ વિચાર ચલાવીને તે વેળા એવો જવાબ મોકલાવ્યો હતો કેઃ—

"રાહનુમાએ માજદયસ્નાન સભા હસ્તક ધર્મ જ્ઞાનની કેળવણી આપવાનું જે ફંડ છે તેની ઉપજ હાલમાં સભા હસ્તક અપાતી કેળવણી પાછલ ખર્ચવામાં આવે છે; એટલા માટે અમારી કમિટી પોતાનાં મજકુર કેળવણી આપવાનાં કામથી જયારે મોકળી થઇ શકશે ત્યારે અમારે હસ્તકનાં મજકુર ફંડની આવકમાંથી શુમારે રૂ ૩૦૦) ત્રણશેની રકમ વરસ વરસે (yearly) વિચાર કરીને તમારી કમિટી ઉપર મોકલી આપવાને અમારી કમિટી ખુશી થશે."

પ્રકરણ ૮ મું.

ભાષણો અને વઅઝો.

વઅજ કરાવવા અને ઈનામી નિબંધ લખાવવામાં સભાની પેહલી મુશકેલી.

આપણી સભાએ ફરવરદેગાનની બાબતમાં જરતોસ્તીઓની રાહ-નુંમાઇને માટે ધર્મનાં ફરમાનોની રૂએ ખુલાસાઓ પ્રગટ કરવા માંડયા અને દસ્તુરોનાં મતો મંગાવી તે જાહેરમાં મુકયાં તેજ વેળા આપણા આગેવાન સુકાનીઓએ દસ્તુરો પાસે અમુક દરમાયાથી મહિનામાં બે વાર ધર્મની બાબતો ઉપર વાઅજ કરાવવાની પેહેલ કહાડવા માંગી હતી, અને એ રૂડાં કામ માટે ત્રણ દસ્તુરોને અર્જ કીધી હતી, પણ તેમાં તેને નિષ્ફળતા મળી હતી. આનું કારણ એ હશે કે તે વેળા સભાના પક્ષમાં દસ્તુરો જાહેર પડવાથી ડરતા હતા, અને વાઅઝો કોઇ દાહડો પોતે આગળ કદી આપેલી ન હોવાથી એ કામ તેમને મુશ્કેલ લાગ્યું હતું.

આમ હોવાથી જ્યારે સભાની હરીફાઇમાં ૧૮૫૫ માં નવી મંડળી બરપા થઇ ત્યારે આપણા સરનશીન શેઠ નવરોજજી ફરદુનજીએ તે મંડળીના સરનશીન જોગો એક પત્ર લખીને તમાંમ અવરતાનો તરજુમો તથા જાહેર વાઅજો પોતાના પક્ષમાં આવેલા દસ્તુરો પાસે કરાવવાની ભલામણ કીધી હતી. આના ઉત્તરમાં એવી ટીકા થઇ કે શેઠ નવરોજજી પોતાની સભાની મારફતેજ એ કામની શુરૂઆત કાં નથી કરતા? આનો જવાબ સભાના મુનશી શેઠ સો૦ શા૦ બંગાળીએ નીચે પ્રમાણે આપ્યો હતો:—

"દશતુરો પાશે વાઅજ કરાવવા વીશે મેહેનત લેવામાં આપણી શભાએ કાંઇબી કશુર રાખી નથી. હું કેહેવાને દલગીર છેઉં કે ગેઇ કાલની 'રાહે રાશતનુમાએ જરતોશતીઆંન' શભામાં દશતુર મનચેરજી એદલજી તથા દશતુર પેશુતનજી બેહરામજી તથા બેહેદીન પેશતનજી માણેકજી એ તરણે જણા હાજર હતા તેઓને શારી પેઠે રોશન છે કે વાઆજ કરવા શારૂ કોઇ ખબરદાર દશતુરને મુકરર કરવાની બાબતમો આએ શભાએ જેટલી બનીચ એટલી કોશેશ કીધીચ અને તેમાં,

કરી કશુર રાખી નથી, પણ એ તરણ શાહેબો એ વીશે કાંઇ જાણતાજ નહી હોએ તેમ તે મીજલશમાં ચુપકીદા બેશી રહેઆ હતા. એ દશતુર મનચેરજી તથા દશતુર પેશુતનજી તથા મરનાર દશતુર જમશેદજી બરજોરજીને દર આશી બેએ વખત વાઆજ કરવાને શારૂ આએ શભાની તરફથી રૂ ૪૦) થી ૫૦) સુધીનો પગાર આપવા કબુલ કરેઓ હતો, પણ કોઇએ હીમતથી એ કાંમ માથે લીધું નહી અને એ શઘળી મેહેનત ફોકટ ગેઇ."

પણ પાછળથી ૧૮૬૧માં દસ્તુર પેશોતનજીએ આપણી સભા તરફથી વાઅજ આપવાનું મંડાણ કીધું હતું, અને એક વાઅજ આપ્યા પછી બીજબી આપશે એવી ઉમેદ પેદા થઇ હતી, પણ તે ભ્રષ્ટ થઇ હતી. એજ બાબતના સંબંધમાં સભાનાં ૯માંથી ૧૨માં વરસના એહવાલમાં આ પ્રમાણેનો ખુલાસો આપવામાં આવ્યો હતોઃ—

"પારસી ટોલાનાં લોકોને જરતોશતી ધરમનું ગનેઆંન તથા શીખામણ આપવાનું કામ આપણા દશતુરોની મારફતે વઆજ કરાવીને ચાલુ રાખવાને કીજે તમારી કારોબાર મંડળીએ અતી ઘણી મેહેનત લીધી હતી, અને ગુજરાતી વરતમાંન પતરો મધે જાહેર ખબરો છપાવીને અતરેનાં તથા દેશાવર ખાતેનાં દશતુરો તથા મોબેદોને એ બાબતમાં ઉતેજન મલે તેવી તજવીજ કરેઆમાં આવી હતી, પણ તમારી કારોબાર મંડલીને એ કામમાં વધારે ફતેમંદી મલી નહી તેથી તમારી કારોબાર મંડલી અતીઘણી દીલગીર થાઇછે, તોએ પણ કારોબાર મંડલી ઉમેદ રાખેછે જે આપણા દશતુરો તથા મોબેદોની પાશે વઆજ કરાવવા બાબેની આએ શભાની તરફની કોશેશ હવે પછી પણ ચાલુ રેહેશે."

દસ્તુર પેશોતનજી બેહરામજી સંજાણાની વાઅજ.

સભા તરફથી વાઅજો કરાવવાને આપણા પહેલા સુકાનીઓ બહુ ખંતી હતા. અર્ધા કે પોણા કલાકની દરેક વાઅજ માટે તેઓએ રૂ. ૪૦ થી ૫૦ આપવાની ખાહેશ બતાવી હતી, પણ શુરૂઆતમાં કોઈ પણ દસ્તુરે તે કામ માથે ઉઠાવાની હિમત કીધી ન હતી. પણ આસ્તે આસ્તે અથોરનાન વર્ગની આપણા તરફની ખફગી ઉતરતી

ગઇ, અને સભાની જિંદગીનાં દશમાં વર્ષમાં તેના તરફથી પહેલવહેલી વાઅજ એક ભણેલા દસ્તુરેજ આપી, કે જે તે સાહેબની વાઅજ આપવાનાં ભલાં કામમાં પહેલવહેલીજ કોશેશ હતી. આ ધર્મગુરૂ કોઇજ નહિ પણ દસ્તુર પેશોતનજી બેહરામજી સંજાણા હતા, જેઓ સભાની સ્થાપના વેળા તેના પક્ષમાં હતા, પણ સભા સામે વિરૂધતા ધરાવનારી 'રાહે રાસ્ત" નામની નવી મંડળી નીકળી ત્યારે જેઓ તેની હિમાયતમાં ગયા હતા, પણ પાછળથી જેઓ આપણી સભાનાં કામોને વખાણવા લાગ્યા હતા, તેના મેળાવડાઓમાં શામેલ રહેવા લાગ્યા હતા, અને પ્રમુખસ્થાન લઇને ભાષણો કરવા લાગ્યા હતા. શમ્સઉલઓલમા દસ્તુર ડૉ૦ પેશોતનજી બેહરામજી સંજાણા પી. એચ. ડી. એ આપણી સભા તરફથી આ વાઅજ તા૦ ૯ મી માર્ચ ૧૮૬૧ ને દિને વાડિયાજી હોરમજજી બહમનજીનાં આતશ બેહરામમાં આપી હતી, અને તે વેળા આપણી સભા તરફથી બોલાવવામાં આવેલી મોટી મજલિસ સનમુખ જાહેર કીધું હતું કે આ વાઅજ તેઓએ રાહનુમા સભા તરફથી આપી હતી. આ વેળા સરનશીનની ખુરસી સભાના પોતાના સરનશીન શેઠ નવરોજજી ફરદુનજીએજ લીધી હતી, જેઓએ વાઅજની શુરૂઆતમાં ખુલાસો કરતાં જણાવ્યું કે આપણા ધર્મમાંથી જુદદીન રસમો કહાડી નાખી મજહબને તેની અસલ ખાલેસ હાલતમાં લાવવા માટે સભાની સ્થાપના થઇ તે વખ્તથીજ એવી મતલબ રાખવામાં આવી હતી કે "દીનનાં ફરમાનોથી સઘળા જરતોશતીઓને વાકેફ કરવા સારૂં, દીનના એલમની માહીતગારી ધરાવનાર દસતુરો પાસે આતશ બેહરાંમ સાહેબની દરગાહમો અથવા બીજાં હરેક જાહેર મકાનમાં વઆજ કરાવવી. પણ દીનનાં કોઇબી પેશવાએ તે વખતે વઆજ કરવાની મરજી દેખાડી નહી તેથી એ કામ પાર પડી સકેઉં નહી.'' પણ પાછળથી દસ્તુર પેશોતનજીએ "દીનને લગતી સર્વેથી અગતની બાબદ ઉપર" વાઅજ કરવાની ખુશી બતાવી તે બાબે બોલતાં શેઠ નવરોજજીએ ઉમેર્યું કે "દિનની બાબદો વીશે વઆજ કરીને મોતેબર દાખલા અને દલીલોથી દીનના એલમનો ખોલાસો કરવાની દસતુર પેશોતનજી જે ઉલટ રાખેછે, તેનો પેહલો નમુનો તમોને આજ દીને દેખાડશે '' અને "તેથી સરવે કોઇને આપણા મજહબનું સારૂં ગનેઆન મલશે. એ કામ અતરે પેહલ

વેહમાં ઉઠાવેઉંછે," ઇત્યાદિ. શેવટે શેઠ નવરોજજીએ એમ પણ જણાવ્યું કે દસ્તુર પેશોતનજીની માફક "દશતુરજી શાહેબ અરદેશરજી રૂસતમજી મુલ્લાંપીરોજનાએબી 'રાહનુમાએ માજદીઅસનાં' સભાની એલતેમાંસથી વઆજ કરવાને કબુલ કીધું છે." પણ પાછળથી આવી કશી વાએજ દસ્તુર અ૦ રૂ૦ મુલ્લાંપીરોજે કે દસ્તુર પેશોતનજીએ પોતે ફરીથી કરવાની તકલીફ ઉઠાવી ન હતી.

દસ્તુર પેશોતનજીએ સભા તરફથી કરેલી વએજ "માજદીઅસનાન લોકોની ખોદાપરસતી" એ વિષય ઉપર હતી, અને તેમાં એવું સાબેત કરનારા દાખલા દલીલો અને તકરારો રજુ કરવામાં આવ્યાં હતાં કે "પારસીઓ એકજ ખોદાને માનનારા તથા પુંજનારા છે." આ એક ખોદાની પરસ્તેશ બાબેની વાએજની શુરૂઆતમાં દસ્તુર પેશોતનજીએ કેટલોક દીબાચા રૂપી ખુલાસો કીધા પ્રમાણે વાએજ કરવાનો શરેસ્તો જરતોસ્તીઓમાં આજ કાલનો નથી. તેમણે જણાવ્યું કે

"તમો સાહેબોને સારી તરેહથી રોશન છે કે હીનદુ મહમદીઆંન, અને ઇસાઇ લોકો, જેઓની સંખેઆ હાલમાં આપણી દુનીઆંની સપાટી ઉપર બીજી કોમનાં કરતાં ઘણી વધારે છે, તેઓમાં ધરમ સંબંધી ભાશણુ તથા ખોલાસા કરવાનો રેવાજ લાંમબી મુદત થઇ ચાલુ રહેલો છે, અને તે કાંમ તેઓના ધરંમગુરૂઓ પોતે કરે છે, તેથી તે લોકો પોતાના મજહબની વાકેફગારી મેલવે છે, અને પોતાની દીનનો કેહેવો તરીકો અને ફરમાંનો છે તે સારી પેઠે તેઓ સમજે છે અને તે પરમાણે ચાલવા ઉપર પોતાનું દેલ લગાડે છે, અને તેથી તેઓનો પેઆર પોતાના ધરંમ ઉપર વધતો જાએ છે, અને તેઓનું એકીન પોતાની દીન ઉપર વધારે મજબુતીથી કાએમ રેહે છે. આએ સબબને લીધે તેઓના ધરમનો ફેલાવો દુનીઆની સપાટી ઉપર વધતો જાએ છે. પણ હાવો કાએદેમંદ તરીકો આપણા જરથોસ્તી ટોલામાંથી આજ લાંમ્બી મુદત ગુમ થઇ ગએઓ છે, અને તેથી આપણા ફેરકામાં આપણા પવીતર મજહબનું ગનેઆંન તથા તેહેની વાકેફકારી ઘણી કમ થતી ગઇ છે, તે કારણન લીધે ઘણાંખરા જરતોશતીઓ પોતાના પવીતર મહજબનાં ફરમાંનોથી ઉલટા ચાલે છે અને પારકા ધરંમની રીતીઓ એખતીઆર કરે છે,

જેથી આપણું પવીતર મજહબની ખરાબી થાએ છે, અને તેહેને હીણું લાગે છે, તથા પરગણેઆતના લોકો આપણુને તાનાજણી કરે છે. આએ સઘલી ખરાબી, આપણા ટોલામાં પોતાના ધરંમને ઉપદેશ કરવાને રવઇઓ બંધ પડવાને લીધે થાએ છે."

આવો રવૈયો આગળ આપણી શાહાનશાહત વેળા હતો તેના દાખલા આપતાં દસ્તુરજી પેહલવી "દીન્કર્દ" કેતાબમાંથી એક દાખલો આપી જણાવે છે કે શત્રુ પાદશાહ અરજાસ્પ સાથની ધર્મસંબંધી લડાઇમાંથી ફારેગ" થયા પછી શાહ ગુસ્તાસ્પે "બીજા પાદશાહો ઉપર દીન કબુલ કરાવવા થકી પેગાંમો મોકલેઆ" અને તેઓને જાતજાતના એલમ અને હિકમતથી વાકેફ કરવા મજદયસ્ની ધર્મને લગતાં "વીદેઆનાં પુસતકો તેમનો ખોલાસો સહમજાવનાર અને તે ઉપર વઆજ કરનાર મોબેદોની સાથે મોકલાવ્યાં."

એક બીજો દાખલો ઉપલાંજ પુસ્તકમાંથી શેહેનશાહ શાપુર બિન હોરમજદનો ટાંકવામાં આવે છે કે જેણે "સઘલી રઇયતને ધરંમની બાબતથી વાકેફ કરવા સારૂ 'વઆજ' અથવા ભાશણોની મારફતે ધરંમનું ગણેઆંન તથા શીખાંમણો આપી હતી."

"દીન્કર્દ" ઉપરથી જણાય છે કે આગલા જમાનાઓમાં પાદશાહી ચાલુ હતી ત્યારે પણ ઇરાનમાં જરતોસ્તી મજહબથી ઉલટી રસમો તે વેળાના લોકોમાં દાખલ થઇ હતી અને માથે રાજસત્તા છતાં લોકો પરધર્મની રાહરસમો પોતાના ધર્મમાં દાખલ કરતા અથવા દાખલ થવા દેતા હતા. આ બાબતમાં દસ્તુર પેશોતનજી ઉપલાં પુસ્તકમાંથી નીચલો ફકરો ટાંકે છે જે બતાવે છે કે ધર્મની સફાઇ કરવાનું અને સમજણ આપવાનું કામ ધર્મગુરૂઓજ બજાવતા હતા, અને જે તરીકો આજે આપણી રા૰ મા૰ સભાએ એખ્તિયાર કીધો છે તેજ પ્રમાણે તે જમાનાઓમાં પણ થતું હતું. જેમ કે પ્રખ્યાત નોશીરવાન આદેલ આમ ફરમાવી ગયો છે કેઃ—

"ઇરાંન દેશના આગલા ભલી દીનના પાદશાહો મજદીઅસની દીનની હાલત સુધારવા અને તેહેનો ફેલાવો કરવા સારૂ જગે।જગોએ તેજ દાનાઇના પેશવા લોકોને મોકલી તેઓની મારફતે ધરમની સહમજ આપતા હતા, અને ઇરાનના સઘલા દેશમાંથી ભલી દીનનાં

લોકોમાં આમેજ થએલી ધરમથી ઉલટી રસમો તથા વાતોને કહાડી નખાવતા હતા. અને વારેવાર અવસતાના કલાંમોનાં ખુલાસાઓ કરાવતા તથા બાશાંણો-કેતાબો-ચોપાનીઆં અને રેસાલાઓ લખાવી તેહેની મારફતે તરેહવાર રીતે લોકોને દીનની સહમજ આપવાનું કાંમ ચાલુ રાખતા હતા. વાસતે આએ કારણુસર હવડાં આપણા લોકોમાં જેઓ મજદીઅસની દીનની સારી વાકેફકારી ધરાવનારા અને બીજા લોકોને મજદીઅસની દીનની સહમજ આપવામાં આવી સઘલી રીતે કાબેલ અને પરખેઆત હોએ તેઓ જાહેરમાં આવે અને બીજા લોકોને જેમ બને તેમ વઆજના આકારમાં મજદીઅસની ધરમની સહમજ આપીને તેઓ સાથે એ દીન વીશે નવો સંબંધ કરે. જે લોકો આલમના લોકોમાં ધરંમ બાબેનો ફાએદો તથા ખોલાસો કરવાની શકતી ધરાવતા હશે તે લોકોનો બુજોરગ દરજ્જો તથા દરમાએઓ તેઓની વધારે દાનાઇ તથા સહમજ મુજબ હું ખુશીથી મુકરર કરીશ."

રાહનુમા સભાએ પોતાની જિંદગીનાં શુરૂઆતના વરસોમાં તથા ત્યારપછી પાક જરતોસ્તી મજહબનાં જ્ઞાનનો ફેલાવો કરવાને માટે જે જે પ્લાઓ લીધા છે અને હાલ લે છે તે નામદાર શાહાનશાહ નોશીરવાનના ઉપલા હુકમમાં દર્શાવેલી વાતનો બિલકુલ અનુસરતા-બલકે હુબહુ તેજ-છે. તે નામદાર શાહે "ઘણાં ખબરદાર, દીનના તાબેદાર, સારા સવભાવના અને ઘણાં નેક" એવા મોબેદોને "તરેહવાર રીતે ઉત્તેજ આપીને" દીનનાં ફરમાનો અને શિક્ષણો "વીશેની સહમજ આલમનાં લોકોને આપીને ઇઅજદાં પરસ્તી દીન ઉપર તેઓનું હેત વધારવા સારૂ, ઘટતી રીતે મુકરર કીધા" હતા, એવું દીનકર્દમાં જણાવેલું છે, તેજ પ્રમાણે રાહનુમા સભાએ પ્રથમથીજ દસ્તુર પેશોતનજી જેવા અને એરવદ શેહરિયારજી ભરૂચા જેવા ખબરદાર અને નેક ધર્મગુરૂઓને ઉપલાંજ ભલાં કામ માટે મુકરર કીધા હતા. વળી "દીનનાં લોકોમાં આંમેજ થાએલી ધરમથી ઉલટી રસમો તથા વાતોને કાહાડી નખાવવા", "વારેવાર અવસ્તાના કલાંમોનાં ખોલાસાઓ કરાવવા", તથા બાશણો-કેતાબો-ચોપાનીઆં અને રેસાલાઓ લખાવી તેહની મારફતે તરેહવાર રીતે લોકોને દીનની સહમજ આપવાનું કામ ચાલુ રાખવા"નું જે કામ શાહ નોશીરવાને અને બીજાઓએ બરપા કીધું હતું, તેજ કામ બોલેબોલ રાહનુમા

સભાએ પણ માથે લઇને પોતાથી બની આવતી જરતોસ્તી કોમની સેવા બજાવવાનું આજ નજદીક ૭૦ વર્ષથી ચાલુ કીધું છે. તેનાં આ કામમાં તે આગળા નામચીન પાદશાહોને પગલેજ ચાલી છે એ તેને માટે થોડા હરખ અને થોડી મગરૂરીની વાત નથી.

છેલ્લે એક ખાસ અગત્યની બિના દસ્તુર પેશોતનજીનાં ભાષણ અથવા વએજ ઉપરથી એ માલુમ પડે છે કે "ઇરાંન મધે આપણા લોકોમાં ધરમની બાબતો ઉપર વઆજ અથવા ભાશણો કરવાનો તરીકો મરદ લોકોમાં હતો એટલુંજ નહી પણ એ કાએદેમંદ રેવાજ ઓરત લોકોમાંબી ચાલુ હતો અને ઓરતનાં ટોલામાં કાબેલ ઓરતો ધરમની વઆજ કરતી હતી." રાહનુમા સભાએ આવી વએજો ઓરતો પાસે કરાવવાનો અખ્તરો એકવાર કરી જોયો હતો, પણ તેમાં તેને ધારેલી ફતેહ મળી ન હતી.

રાહનુમા સભાનાં કામને પસંદ કરીને પોતે શા સબબથી એ સભા તરફથી વએજ આપવાને કબૂલ કીધું હતું તે દસ્તુર પેશોતનજી આ રીતે સમજાવે છેઃ—

"...પારકા ધરમના રેવાજો આપણા લોકોનાં મગજ ઉપર જલદીથી અસર કરતા ગએઆ તેથી કેટલાંએક ખરાબ પરીણાંમો નીપજેઆં છે, તેહનો અટકાવ કરવા સારૂ તથા આપણા લોકોમાં પોતાના ધરમની માહીતગારી બેસાડવા સારૂ તથા જરતોશતીઓને તેમના ખરા ધરમની ખુબીથી વાકેફ કરવા સારૂ, તેઓની સામણે આપણી ભલી દીનની બાબતો વીશે ભાશણો કરવા સારૂ થોડીએક મુદત થાઇ માહારૂ દેલ લાગેલું હતું અને હું એ કાંમ માહારી પોતાની તરફથી સરૂ કરનાર હતો એટલામાં 'રાહનુમાએ માજદીએસના' સભાની તરફથી મને ફરમાએશ થાઇ કે આપણી પવીતર દીનનાં લોકોમાં જુદદીનોની જે અણુધટતી રસમો આજ લાબંબી મુદતના માહવેરાને લીધે આંમેજ થાએલી છે તે રસમોના અણુધટારતપણા વીશે ભાશણોના આકારમાં હુંએ આપણા લોકોને સબક આપવો. આએ ફરમાએશ માહરી મતલબને મલતી જાંણીને હુંએ મોહોટી ખુશીથી કબુલ રાખી છે."

પણ દસ્તુર પેશોતનજીએ આ પોતાની પહેલી વએજ પછી ફરીથી આ તરફથી એક ભાશણ કે વએજ આપી ન હતી, તો જો કે સભાના

કામોની વખાણુ તેઓએ પાછળથી અનેક મરતબે કીધેલી સભાનાં દફતરોમાં નોંધાયલી છે. જોકે સભાએ માથે ઉઠાવેલું ભલું કામ દીનના હુકમ પ્રમાણેનું અને પાદશાહોની નીતિરીતિને બોલેબોલ અનુસરતું છે, તો પણ દસ્તુર અરદેશર રૂસ્તમજી મુલ્લાંફીરોજનાએ પણ પોતાની કબૂલત પ્રમાણે સભાની એલનેમાસને માન આપવાનું દરૂસ્ત જોયું ન હતું. દસ્તુર જામાસ્પજી મીનોચેહરજી જામાસ્પ આસાનાએ તો આ સભાની વિરૂધમાં એક નવી સભા ઉભી કરીને પાછળથી તેની સાથે તકરારમાં ઉતરવા માગ્યું હતું, જે સભાને દસ્તુર પેશોતનજીના જાયેનશીન દસ્તુર દારાબજી પેશોતનજી સંજાણા પણ પાછળથી જઇ મળ્યા હતા. આજે તે નવી સભા વારંવાર સજીવન થયા છતાં કેવી કિસમની હસ્તી ભોગવે છે તેની આપણને ખબર નથી.

સભા તરફના ઇનામી નિબંધો.

ઇનામી નિબંધોના સંબંધમાં પણ એમજ બન્યું. અનેક નિબંધો સભાના કારોબારીઓએ એક પછી એક સભાની મજલિસોમાં વાંચી સંભળાવ્યા, જેઓમાંના થોડાક તો ભારે મેહનત અને શોધખોળથી ભરેલા ધાર્મિક બાબનોને લગતા હતા. ત્યાર પછી સભાને ઇનામ આપીને નિબંધો જાહેર હરીફાઇથી લખાવી માંગવાનું દરૂસ્ત લાગ્યું. પણ એ બાબેનો તેને મળેલો અનુભવ સભાના સાતમાં અને આઠમાં વરસોની ઉપજ નિપજના એહવાલમાં આ પ્રમાણે નોંધવામાં આવ્યોછે:—

"ગએઆં વરશોમાં ઉપર જણાંવેલો રવાંનની બાબતનો રેશાલો તઇઆર કરવામાં તથા તે ઉપર ઘણીજ ધીરજ અને તમીજ અને બારીકીથી પુછપરછ તથા તજવીજ કરવામાં તમારી કારોબાર મંડલી ઘણું સુધી મશઘુલ હતી. અને તે સેવાએ 'રાહનુમાએ માજદીઅસના' સભાની મતલબને મલતો ચારસો રૂપયાનાં ઇનાંમનો એક રેશાલો લખાવવાની તમારી કારોબાર મંડલીએ ગોઠવણુ કરી હતી. અને તે બાબે અતરેનાં કેટલાંએક ગુજરાતી વરતમાંન પતરો મધે જાહેર ખબરો છપાવી હતી. અને તે રેશાલો લખવાને શારૂ જે અસલ મુદત આપી હતી તેમાં બીજા ચાર મહીનાનો પછવાડેથી વધારો કરેઓ હતો, તોપણુ એકબી રેશાલો તમારી કારોબાર મંડલીના અધીકારીઓને મલી આવીઓ નહી તે જોએઆથી તેઓ ખરેખર દલગીર થાએઆ છે."

પણ હવે સભાની આ બન્ને બાબતોની મુશ્કેલી દૂર થવાનો વખ્ત આવી લાગ્યો. આપણી સભાએ ૧૮૭૬માં જાહેર સભાઓ ભરીને જે ઠરાવો કીધા હતા તેઓ મધેનો એક ધર્મનીતિનું શીક્ષણ પારસી બાળકોને આપવાને લગતો અને બીજો દસ્તુરો અને મોબેદો પાસે જાહેર વાઅજો અપાવવાને લગતો હતો. આ બીજો ઠરાવ આ પ્રમાણેનો હતો;—

ઠરાવ ૨ જો — "સઘલે વાંધેના જરતોશતીઓને પોતાના ધરમ તથા નીતીની માહેતગારી મેલવવાની અતી ઘણી અગતીય છે હેવું જાણીને આ સભા **આપણા દીનઆશીદાર દશતુરોને ભલામણ કરવાની રજા માગેછે કે તેઓએ તસદી લઇને એ અગતીયની બાબદો વીશે ઘટતી જોગવાઇએ વાઅજ કરીને મજદીઅસની ફેરકાના લોકોની રાહનુમાઈ કરવી.**'

આપણા તે વેળાના (૧૮૭૬) દસ્તુરો પેશોતનજી બેહરામજી સંજાણા તથા જામાસ્પજી મીનોચેહેરજી જામાસ્પઆસાના તથા સોહરાબજી રૂસ્તમજી મુલ્લાંફીરોજ પર ઉપલી જાહેર સભાઓમાં થયલા એક ઠરાવમાં થયલી ફરમાયશ મુજબ શેઠ નવરોજજી ફરદુનજીએ તા. ૨૭-૬-૧૮૭૬ને દિને પત્રો લખીને તેઓને ઉપર ટાંકેલા બીજા ઠરાવથી વાકેફ કરતાં ઉમેદ બતાવી હતી કે "એ અગતનું કામ માથે લેવા "અને પાર પાડવાની તમો સાહેબ તાકીદે કોશેશ કરશો. આપણા "પુરાતન ધરમ તથા આપણી ધરમ નીતીનાં મુલ તતવો તથા આપણી "દીન આઇનની મુખીઅ વાતો જરતોસ્તીઓનાં મનને અસર કરે "તેવી રીતે સમજાવવાની તસદી લેઇને તમો સાહેબ તાકીદે ગોઠવણ "કરશો તો તેથી આપણા ટોલાના હકમાં ઘણોજ ફાએદો થાશે."

પણ બહુ દિલગીરી ભરેલું છે કે ઉપલા દસ્તુરોએ શેઠ નવરોજજીની અર્જ સ્વિકારી તો નહિજ પણ તે સાહેબ ઉપર હા યા નાનો પાછો જવાબ લખવા જેટલો પણ વિવેક બતાવ્યો નહિ! તે ગૃહસ્થે આ બાબત ઘણી લાગણી સાથ ૧૮૮૧ વાળી જાહેર સભામાં જરતોશ્તીઓ આગળ ખુલ્લી કરતાં જણાવ્યું કે "કેહવાને "દલગીરછું કે આ તરણે દસ્તુર સાહેબોએ સભા તરફથી હુંએ "લખેલાં પતરોનો કસો જવાબ વાળવાની તસદી લીધી નથી. કાંઇ "અડચણ અથવા ચોકસ સબબને લીધે તેઓથી એ કામ જો નહી

"બનને તો તેનો પણ તેઓએ ખુલાસો કરવો હતો, પણ તેઓએ કસો "જવાબ નહી વાલ્લયાથી તેઓએ સભાને તુછકારીને ગોએઆ કશું "માન આપતા નથી એમ તેઓએ દેખાડયું છે."

એરવદ શે. દા. ભરૂચાની સભામાં આમદ.

પણ ઘણીવાર બને છે તેમ જે માઠું થાય છે તે સારાંનેજ કાજે થાય છે. તે જમાનાના દસ્તુરો અગર આપણા સરનશીનના પત્રને કે જાહેર સભાવાળી જરતોસ્તી આલમના ઠરાવને માન આપીને જે વાઅજો કરતે તે ઘણામાં ઘણી તો તે ૪૦–૪૫ વરસ ઉપરના જમાનાનાં લોકોને કાંઇક નવાઇ જેવી લાગવા ઉપરાંત વધારે અસર કદાચજ કરી શકતે, અને ત્યાર બાદ સભા તરફથી જુદાંજ મૂળથી જે ભાષણો અને વાઅજો અપાવવાની ફતેહમંદ કોશેશ થઇ તે ભાષણો અને વાઅજો જેવી કીમતી આ દસ્તુરોની વાઅજો કદાચજ સાબેત થાત. દસ્તુરોને જે માન અને મરતબો આપવા માંગ્યો તેનો તેઓએ મુગે મોહડે અનાદર કરવાથી જરતોસ્તી ખાસ વ આમને ખોવું પડયું હોય એમ હતુંજ નહિ. તેમની જગા પુરવાને એક અથોરનાનજાદો મેદાન પડયો, કે જેનો ધર્માભ્યાસ, જેની ખબરદારી, જેની કેળવણી, જેનું જ્ઞાન ટોળાને જેમ મળે તેવું સાબેત થયું. તે જવાન અથોરનાન એરવદ સાહેબ શેહરિયારજી દાદાભાઇ ભરૂચા હતા, જેઓ પાઠમાળાનું સાંકળિયું મી૦ લેડિ સાથ રચવાનું સભા તરફનું ઇનામ મેળવીને સભાનાં ઓળખાણમાં આવ્યા હતા, એટલુંજ નહિ પણ જેમણે એક ગુજરે પામેલા જરતોસ્તીને લગતી તમામ ક્રિયાઓને લગતો એક કીમતી ગ્રંથ રૂપી નિબંધ લખીને સભા તરફનું મોટું ઇનામ મેળવ્યું હતું. એરવદ શેહરિયારજી આ વેળા નવસારીની સર કાવસજી જેહાંગીર જરતોસ્તી મદરેસાના પહેલા મદદનિશ શિક્ષક હતા, અને એ અધિકાર ઉપરથીજ તેઓએ ઉપલો ગ્રંથ રચ્યો હતો, અને તે ગ્રંથેજ તેમને આપણી સભા સાથના ઘાડા સંબંધમાં આણ્યા હતા. એરવદ શેહરિયારજી આ સભાનાં એક કીમતી આભુષણ જેવા થઇ પડયા અને તેમનાં આવગમનથી સભાનો ગોયા સિક્કોજ બદલાઇ ગયો. જો આ સભાએ પોતાની જિંદગી દરમિયાન બજાવેલાં અનેક કામોને એકવાર બાજુએ રાખીને એરવદ શેહરિયારજી મારફતે તેણે અપાવેલાં ભાષણો અને વાઅજોને તથા રચાવેલા ધર્મનીતિના

ગ્રંથોનેજ ગણતરીમાં લઇએ તો માત્ર એટલું કરીનેજ આપણી સભાએ જરતોશ્તી આલમની એક એવી કીમતી સેવા બજાવેલી ગણાય કે જેવી બીજી કોઇ સભા કે મંડળીએ એજ દિશાએ બજાવી નથી.

અગરજે આ સભાએ ૧૮૮૧નાં સાલથી જરતોસ્તીઓમાં તેમના બુલંદ મજહબ તરફ નવું જોમ અને જોશ પેદા કરવાનું માન મેળવ્યું હોય અને બાળકોને ધર્મનીતિનું શિક્ષણ આપવાનું મંડાણ કરીને સભાની જિંદગીનો નવો તબકકો ચાલુ કીધો હોય, તો એ શિક્ષણ માટે અવશ્યની ધર્મનીતિના ઉત્તમ સબકોની નાનકડી કેતાબો રચીને એરવદ શેહરિયારજીએ તેનાં તે કામમાં પોતાની કીમતી મદદ આપીને વધારો કીધો હતો. પણ એટલુંજ કામ સભાનું ન હતું, અને એટલીજ મદદ એરવદ શેહરિયારજી તરફની ન હતી. સભાની બીજી મતલબ જરતોસ્તી નરનારીઓને પોતાને પણ તેમના ધર્મને લગતી શુધ્ધ અને સહી રાહનુમાઇ કરીને પોતાનાં નામને અનુસરતું કામ બજાવી પોતાની હસ્તીની ખાસ જરૂરિયાત બતાવી આપવાની હતી, અને તે તારીફ લાયક કામમાં સભાને ફતેહમંદ બનાવવામાં એરવદ શેહરિયારજીનો મદદગાર હાથ હતો. શેઠ દાદાભાઇ નવરોજજી, શેઠ નવરોજજી ફરદુનજી અને શેઠ ખ. રૂ. કામા વગેરે આ એરવદ સાહેબનાં કામથી ખુશખુશ થઇ ગયા, કારણકે ૧૮૫૧ થી ૧૮૮૧ સુધીમાં સભા ભાગી તુટી ધર્મ સંબંધી રોશનીમાં અથડાતી ઠોકડાતી, મુશ્કેલીથી પોતાનો માર્ગ લેતી અને કોમને તે માર્ગ બતાવતી આગળ વધતી હતી. તે રોશનીમાં શેઠ કામાજીના યુરોપથી પાછા ફર્યા પછી તેમનાં રચેલાં જરતોસ્તનામાંથી તથા તેમનાં ચોકસ ભાષણોથી જે આવકારદાયક વધારો થયો હતો, તે વધારાને ચાલુ રાખી ધર્મને વધારે તેજસ્વિ સ્વરૂપમાં બતાવવાનું તથા જરતોસ્તીઓને તેમના બુલંદ ધર્મનાં ફરમાનો અને રાહરીતિઓથી નિડરપણે, સ્વતંત્રપણે, બાહિમત વાકેફ કરવાનું કામ એરવદ શહેરિયારજીએ બજાવ્યું હતું.

આટલા દીબાચા પછી હવે આપણુ જોઇએ કે ઉપલા એરવદ સાહેબે સભાના સંબંધમાં શું બજાવ્યું. તેઓ શેઠ ખ. રૂ. કામાના પ્રથમ ચેલા હતા. કામાજી તરફથી તથા ત્યારબાદ સર જ. જી. જંદ પેહેલવી મદ્રેસામાં ધર્મજ્ઞાન લેવાય તેટલું લઇને અને પાછળથી તેમાં પોતાની

જાત મહેનતથી જેટલો ઉમેરો થાય તેટલો કરીને એરવદ શેહરિયારજી નવસારીની મદ્રેસામાં જોડાયા. તેઓ ત્યાં હતા તે વેળા ૧૮૭૪નાં સાલમાં આપણી સભાએ પોતાના સરનશીનની યાદગારીમાં ત્રીજી મરતબે એક ઇનામનો નિબંધ જાહેર હરીફાઇથી માંગ્યો. એવા બે નિબંધો અત્યાર આગમજ સભા પ્રગટ કરી ચુકી હતી, જેમાંનો પહેલો "પરસ્તેશ કરવાને લાયક એકલો પરવરદેગાર છે," અને બીજો "દુવા નાંમ સેતાએશને-તરજુમો તથા શરેહ સાથે," એ નામના હતા, અને એ બન્ને નિબંધો શેઠ કામાજીનાજ એક ચેલા એરવદ ખુરશેદજી મીનોચેહરજી કટેલીએ બનાવ્યા હતા, જે સાહેબ પાછળથી સભાની કારોબાર મંડળીના એક અધિકારી હતા. આ પછી સભાએ જે ત્રીજો નિબંધ માંગ્યો તે તેણે આગળ ૩૪૦૦ સુધીનું ઇનામ આપવાનું જાહેર કરીને માંગેલા સભા જે મતલબથી બરપા થઇ હતી તે મતલબને અનુસરતા નિબંધને મળતો હતો. તે માટેની શર્તો એવી મતલબની હતી કે—

માણુસના ગુજર પામ્યા પછી લાશને ઠેકાણે પાડવા કીજે, તથા તેનાં રવાંન અને ફરોહરની યાદને કીજે, તથા તેઓનાં બીજી દુનિયાના ફાયદાને કીજે, તથા હરેક બીજા કારણને કીજે તેનાં લાગતાં વળગતાંઓને આ દુનિયામાં જે ઉપાયો લેવાને જરતોસ્તી દીનમાં ફરમાવેલું હોય તે દાખલા દલીલો સાથ બતલાવી આપવા, તે એવી રીતે કે પ્રથમ એ બાબતમાં અવસ્તાનાં ભણુતરોમાંથી જે લખાણો મળી આવે તે ઉતારવાં, એકબીજાથી અથવા પેહલવી કે ફારસી કેતાબોનાં લખાણોથી વેગળાં યા ફેરફાર હોય તો તેમને સરખાવવાં, અને તેવી જુદાઇ અથવા ફેરફારનો ઘટતો ખુલાસો કરવો. વળી અવસ્તા, પેહલવી અને ફારસી લખાણોમાંથી મળી આવતા ઉપાયો સાથ મુંબઇમાં કે દેશાવરોમાં ચાલતા રિવાજોનું મળતાપણું તેમજ ફેરફાર બતાવવા, અને એ સઘલું ધ્યાનમાં લેતાં ગુજરનારના હકમાં પહેલાંથી છેલ્લાં સુધી શું શું કરવું સજાવાર છે તે એક સિલસિલાબંધ રેસાલાના આકારમાં બતલાવી આપવું.

આ બોહળી મતલબને લગતો નિબંધ એરવદ શેહરિયારજીએ લખીને નામ કાહડયું. પ્રથમ આ મોટા નિબંધને થકી માત્ર ૩૧૫૦ નું ઇનામ જાહેર કરવામાં આવ્યું હતું, અને તે કોઇએક અથોરનાને લખ્યો

હતો, પણ તે સભાને પસંદ પડનો નહિ જણાયાથી ઇનામની રકમ ૩૩૦૦ ની કરીને એ કામ આપણા એરવદ સાહેબને સોંપવામાં આવ્યું. ૧૮૮૨ માં આ નિબંધ જોઇતા સુધારા વધારા સાથ તૈયાર થયા પછી તપાસનાર કમિટીએ તે પસાર કીધા પછી કારોબાર મંડળીએ એમ જણાવીને ઇનામની રકમ બેવડી યાને ૩૬૦૦ ની કરી આપી હતી કે આ નિબંધ લખવાની "મેહેનતમાં પછવાડેથી ઘણો વધારો થયો હતો" અને એરવદ શેહરિયારજીને "લાંબી મુદ્દત સુધી એ કામ માટે રોકાવું પડયું હતું." આ નિબંધ પાછળથી યાને છેક ૧૯૧૮નાં સાલમાં છપાઇ બાહેર પડયો છે, પણ તે આગમજ તેને એક મોટાં દફતરના આકારમાં બાહેર નહિ પાડતાં સભાએ તે ઉપરથી પાંચ ભાષણો બનાવવાનું કામ એરવદ શેહરિયારજીને સોંપી તેનું જુદું દામ તેમને આપ્યું, અને એ રીતે જરતોસ્તીઓની મોટી મજલિસો સમક્ષ એ એરવદ સાહેબે "જરતોસ્તી ગુજરેલાંઓની ક્રિયાઓ" એ નામથી આ સઘળાં ભાષણો ફરામજી કાવસજી ઇન્સ્ટિટયુટમાં આપણી સભાની તરફથી આપ્યાં.

ગુજરનાર પુઠેની ક્રિયા.

આ ભાષણોમાં શી શી બાબતોનો સમાવેશ કરવામાં આવ્યોછે તે છેલ્લું ભાષણ પુરૂં થયાં બાદ એરવદ શેહરિયારજીનો ઉપકાર માનતી વેળા સરનશીન શેઠ નવરોજજી ફરદુનજીએ કરેલાં ભાષણમાં આ રીતે સમજાવ્યો હતો. તેઓ બોલ્યા હતા કે આ ભાષણોમાં પાંચ અગત્યની બાબતો એ વિદ્વાન એરવદે સમાવેલી છે તેની વીગત-

૧ લું-ગુજરેલાં જરતોશ્તીઓની લાશને દખ્મે અવલમંજલ પોંહચાડવાની રસમ, તેની ફીલસુફી તથા ફાયદા.

૨ જું-ગુજરેલાં જરતોસ્તીની પછવાડે થતી ક્રિયા.

૨ જું-ચેહારમની બામદાદે જરતોસ્તી રવાન આ ફાની જેહાનથી કુચ કરીને પેલી મીનોઇ જેહાન તરફ જાય છે, તે વેળા ચીન્વતપુલ આગળ તેને મેહર દાવરની હજુર પોતાનાં કર્તુકનો હિસાબ આપવો પડે છે, તે વેળાએ તેની કરણી પ્રમાણે તેનો ઇનસાફ થાય છે, તથા નેકી બદીનો બદલો મળે છે. અને તેનાં પોતાનાંજ કામ તેને ઉપયોગી થઇ પડે છે, પણ બીજા શખ્સે કરેલો સવાબ તે રવાનને બિલકુલ કામ આવતો નથી એવી ઉત્તમ ધર્મનીતિનો ખુલાસો.

૪ થું-ક્રિયાઓ મધેથી કેટલી ક્રિયા કરવાનું તથા કેવી રીતે કરવાનું આપણા ધર્મનું ફરમાન છે, અને કેટલી ક્રિયા કરવાનું ફરમાન મળી આવતું નથી તેનો ખુલાસો.

૫ મું-આપણા ધર્મમાં જે રસમો તથા ક્રિયાઓ જાએજ નથી તેના ગેરફાયદા અને તે રસમો તથા ક્રિયાઓ તર્ક કરવાની અગત્ય.

આ રીતે પાંચે ભાષણોમાં સમજાવેલી બાબતોનો સાર છે. રાહનુમા સભા લગભગ પોતાના જન્મકાળથી જે વાતો જરતોસ્તી આલમનાં ધ્યાન ઉપર ઠસાવવા માંગતી હતી તેમાંની ઘણીખરી આ એકજ હફતે ઉપલાં ભાષણોની હારમાળા મારફતે તે ટોળા સન્મુખ રજુ કરવાને શક્તિમાન થઇ હતી તે બાબે શેઠ નવરોજજીએ સંતોષ બતાવ્યો, અને વધુમાં એમ કહ્યું કે આપણા લોકો ઘણીએક ક્રિયાઓ દીનનું ફરમાન સમજીને કરે છે તેમાંની જે ક્રિયાઓની તરફેણમાં અવસ્તાવાણીનો આધાર મલી આવે છે તેમને એ. શેહરિયારજીએ ચાલુ રાખવા ઠરાવી છે, પણ જે બાબે તેવો આધાર નથી અને ફકત પાછલા જમાનામાં રચાયલી રેવાયતો વગેરે કેતાબોનો આધાર છે તે તેઓએ રજુ કરીને પોતાના વિચારો જણાવ્યા છે. આ વિચારો એ૦ શેહરિયારજીના "પોતાના સમજવા", એમ કહીને શેઠ નવરોજજીએ ઉમેર્યું કે "કદાચ હેમાંના કોઇ કોઇ વિચાર સાથે 'રાહનુમાએ માજદીઅશના' સભા એકમલતી નહી થાએ, તોપણ એરવદ શેહરિયારજીએ કરેલાં પાંચે ભાષણોની મકસદ તથા નેમ 'રાહનુમાએ માજદીઅશના' સભાની તેમને મલતી છે હેમાં કશો સંદેહ નથી."

પાછળથી કોઇ છાપામાં અને બીજે ઠેકાણે એવી અફવા ચાલી રહી હતી કે એ૦ શેહરિયારજીનાં લખાણોમાં તેના સરનશીન વગેરે ફેરફાર કરે છે, અને તે એરવદ સાહેબ જે વિચારો જણાવે છે તે તેમના નહિ પણ તે સરનશીનના અથવા કારોબાર મંડળીના છે, ઇત્યાદિ. આ જુઠાં તોહમતનું ખોટાપું ઉપલાં ભાષણો અપાયા પછી તુરતજ શેઠ નવરોજજીએ બતાવી આપ્યું હતું. સભાના ૩૧માં અને ૩૨મા વરસોનો અહેવાલ તથા હિસાબ બહાલ રાખવા માટે તેના મજલિસીઓની ખાસ સભા તા૦ ૬૫મી અકટોબર ૧૮૮૪ને દિને મળી હતી તે વેળા સરનશીન શેઠ નવરોજજીનો ઉપકાર માનતાં શેઠ કેખુશરો નવરોજજી કાબરાજીએ એમ કહ્યું હતું કે "શેઠ નવરોજજીની સભા તફરની અથાગ

મહેનતનો આ એક દાખલો છે કે એરવદ શેહરિયારજી દાદાભાઇ ભરૂચાએ 'નીરંગે રીસ્તગાન' નામનો મોટાં તરણ વાલમનો એક રેસાલો લખી મોકલ્યો તે આખો રેસાલો શેઠ નવરોજજીએ મોટા અભ્યાસથી મેહેનત લઇ તપાસી જોયો. હેવી મેહનત તેઓની કમકુરસત છતાં બીજી સભાઓના કોઇજ સરનશીનો કરતા હશે, માટે શેઠ નવરોજજીનો ઉપકારતો ખરેખરજ આ સભા ઉપર થયો છે." પણ આ મેહેનતનો સ્વિકાર કરવાની ના પાડતાં શેઠ નવરોજજીએ જણાવ્યું હતું કે "એરવદ શેહરિયારજી દાદાભાઇ ભરૂચાએ 'ગુજરેલાંઓની ક્રિયા' બાબે જે પાંચ ભાષણો કીધાં તથા તેઓએ 'નીરંગે રીસ્તગાન' નામનો રેસાલો લખી મોકલ્યો તે તેઓએ તપાસ્યો નથી કેમકે એરવદ શેહરિયારજી પોતાનાં લખાણના જોખમદાર છે. કારોબાર મંડળીની ફરજ એટલીજ હતી જે 'રાહાનુમાએ માજદીઅશના' સભાની અસલથી જે નેમ હતી કે દીનની ક્રિયાઓ તથા ખરચ જે બેજા હોય તેમાં સુધારો કરવો, તે નેમ ધ્યાનમાં રાખીને એરવદ શેહરિયારજીએ પોતાનો રેસાલો તથા ભાષણો રચ્યાં હતાં, અને તેમાં આપેલા વિચાર તેવણના પોતાંના છે. એરવદ શેહરિયારજીના લખાણમાં સરનશીને કશો ભાગ લીધો નથી."

એરવદ શેહરિયારજીને ઉપલાં પાંચ ભાષણો માટે સભાએ ૩૨૫૦) ની રકમ ભેટ આપી હતી, અને એ ભાષણોનું ચોપાનિયું (પુ. ૪ થું અંક ૧૦ મો) પ્રગટ કરીને તેની ૩૦૦૦ નકલો મુંબઇ તથા દેશાવરો ખાતેના જરતોસ્તીઓમાં મુફત વેંહચી હતી.

ધર્મ અને રસમ વચ્ચેનો તફાવત.

તા. ૧૫ મી અને તા. ૨૨ મી માર્ચ ૧૮૮૯ ને દિને એરવદ શે. દા. ભરૂચાએ સભા તરફથી બીજાં બે ભાષણો બહુ અગત્યના વિષય ઉપર આપ્યાં ત્યારે બેઉ દિવસો ઉપર જાહેર મજલિસોનું પ્રમુખપદ શેઠ દાદાભાઇ નવરોજજીને આપવામાં આવ્યું હતું. આ ભાષણો "જરતોસ્તીઓનો ધર્મ અને તેઓમાં ધર્મ તરીકે ગણાતી રસમો" બાબે હતાં અને "જરતોસ્તી પુસ્તકોની તપાસ ઉપરથી" તે આપવામાં આવ્યાં હતાં. આ ભાષણો સભાની કારોબાર મંડળીએ બારથી વધુ બેઠકોમાં વાંચીને બારીકીથી તપાસ્યાં હતાં, અને તે સઘળી બેઠકોમાં

શેઠ દાદાભાઇએ હાજર રહીને તેમનો ખાસ અભ્યાસ કર્યો હતો. આ ભાષણો જરતોસ્તીઓની જાહેર સભાઓમાં અપાઇ રહ્યા બાદ ભાષણ કર્તા એરવદ સાહેબનો ઉપકાર માનતાં પ્રમુખસ્થાનેથી શેઠ દાદાભાઇએ જણાવ્યું કે સભાની મૂળ નેમને અનુસરતાંજ આ ભાષણો છે અને તે નેમ એ એરવદે ઘણી અછીરીતે સમજાવી છે. પ્રમુખે વિશેષમાં જણાવ્યું કે માણસે પ્રથમ ત્રણ સવાલો બાબે વિચાર કરવાનો છે તે એ કે—તે પોતાની મેળે પેદા થયલો છે કે તેને પેદા કરનાર કોઇ છે; તેને પેદા કરનાર કોઇ હોય તો તેના તરફ તેમજ પોતાની આસપાસનાઓ તરફ માણસની શી શી ફરજ છે; અને માણસને માણસની મદદની જરૂરછે માટે તેણે સંસાર સંબંધી કાયદા રચવા જોઇયે. આ કાયદા પોતાને ફાયદો કરે એવી રીતે સમજીને રચાયછે કે, જરૂર પડે ત્યારે પ્રસંગને અનુસરીને તેમાં વધઘટ કે ફેરફાર થઇ શકે. પેદા કરનાર એકજ છે માટે તેના તરફની ઇનસાનની ફરજ સદા એકની એકજ રહેવાની; નેક વિચાર, સખુન અને કરણીના ખુદાઇ નિયમો સદા કાયમ રેહશે, અને તે ધર્મ છે. પણ ઇનસાનની હાલતને લગતા રિવાજો અને કાયદા કાનુનો તો જે એક જમાનામાં સફાઇ સુઘડાઇનાં સાધનો તરીકે હોય તો બીજા જમાનામાં નજીસાત ફેલાવનારા ગણાય. ખુશી અને ગમીના અવસરો વગેરેને લગતું કાર્ય ઇનસાનની સમજને અનુસરતું થવું જોઇયે; તે હમેશ એકસરખી હાલતમાં રહી શકે નહિ. એ બાબતમાં વડવાઓની જે રીત હોય તેથી જુદા પડવા માટે કોઇ ઠપકો આપી શકે નહિ. હજરત જરતોસ્તે બતાવ્યા મુજબ આગલી રાહ-રસમો આપણને સુખ થાય તેવી રીતે ફેરવવી અને અણઘટતી હોય તે દુર કરવી, ગાથામાં આપણો પુરાણો ધર્મ છે, અને બાકીના અવસ્તા પાછલા જમાનાના છે. તે જમાનાના લોકોએ પોતાની હાજતો અને જરૂરિયાતો મુજબ પોતાની રસમોને લગતા ધારા બાંધ્યા હતા, જેમાં તેઓ પોતાના વિચાર મુજબ વધઘટ કરતા હતા. જો તેમ નહિ કરે અને માણસ પોતાની અસલ હાલતનેજ વળગી રહેવા માગે તો જંગલી-પણાંમાંથી કદી બાહેર આવી શકાયજ નહિ. જે કાંઇ સુધારો કરવો તે વખ્ત, જ્ઞાન અને કોમને અનુસરતો થવો જોઇયે.

એરવદ શેહરિયારજીએ પોતાનાં ભાષણોનો જે સાર કાહડી બતાવ્યો હતો તે પ્રમાણે જોતાં ગાથા અશો જરતોસ્તના રચેલા હતા, અને તે ઉપરાંતના અવસ્તા તેના પછી રચાયલા હોવાથી તે જરતોસ્તના પોતાના ન હતા; પણ આગલા ઇરાનીઓમાં ગાથા ઉપરાંત જુદાં જુદાં અવસ્તાઇ લખાણોની સત્તા લગભગ ગાથાના જેવીજ ગણાતી હતી. જરતોસ્ત પછીથી મહાન સિકંદરના જમાના સુધીમાં જે જે નવી ભક્તિઓ અથવા નવા કાયદાઓ અસલ સાહિત્યમાં ઉમેરવામાં આવ્યાં હતાં તે અવસ્તા ભાષામાંજ રચાયલાં મળે છે, પણ જેમ પાછલાં પાજંદ, પેહલવી અને ફારસી લખાણો કરતાં આ અવસ્તાઇ લખાણો ચહડતાં યાને પુરાણાં છે, તેમ એ પુરાણાં અવસ્તાઇ લખાણો કરતાં ગાથાનાં લખાણો વધારે પુરાણાં છે. એટલા માટે જો આ પાછલાં અવસ્તાઇ ભણતરોમાંના કોઇ વિચાર "અથવા બાબત ગાથામાંથી પુરતો ટેકો નહિ મળે તો તેની મોતેબરી પેગમ્બરે "શીખવેલા ધર્મની ફરજ ગણવા જેટલી નહી પણ ફક્ત આગલા "જરતોસ્તીઓમાં ધર્મ તરીકે મનાતી તેઓની રસમ જેટલીજ છે."

પોતાનાં ભાષણોની છેવટે એરવદ શેહેરિયારજીએ હમદીન જરતોસ્તીઓને "ધર્મ અને રસમનું જ્ઞાન મેળવવાની અને રસમોનાં ઘટતો સુધારો કરવાની ભલામણ" કીધી હતી. તેમણે જે કહ્યું હતું તે વાતને આજે ૩૪ વરસ થઇ ગયાં છે તોપણ તે આજે પણ આપણા કાનને એકસરખી રીતે અસર કરે એવું છે. તેમણે કહ્યું હતું કે—

"હમદીન જરતોસ્તીઓ ! આપણી પડતીનો હજારો પુરો થવા પછી છેલ્લાં બશો વરસ થયાં આ દેશમાં નામદાર ઇંગ્રેજ સરકારના ઇનસાફી રાજ્યના છાયડા તળે આપણે દર દિવસ આપણી હાલતમાં સુધારો અને વધારો કરતા જઇયે છિયે, પણ ધર્મ અને રસમોની બાબતમાં જેવા આપણા નજદીકના વડિયલો હતા તેવાજ છિયે. જો આપણે એ હાલતમાં પડી રહીશું તો આપણા હકમાં અને આપણી આવતી ઓલાદોના હકમાં સારૂ કરીશું નહિ. વાસ્તે આપણી ફર્જ છે કે પેગમ્બર સાહેબ અશો સપેંતમાન જરતોસ્તે શીખવેલો મૂળ મજદયસ્ની ધર્મ શું છે તેને તેની ખાલેસ હાલતમાં સમજવો; તેમાં પાછળથી

જે જે યજદાંપરસ્તીના તથા બીજી રાહરસમોના ઉમેરા થયા છે તેઓને બરાબર સમજવા; તેઓમાં ફાયદાકારક રસમો કઈ છે અને નુકશાનકારક રસમો કઇ છે તે સમજવું; તેઓના સંબંધમાં ઘટતાં પગલાં ભરીને ઘટતા સુધારા કરવા; આપણા લોકોમાં વેહમો અને પારકા લોકોની રસમો શું શું દાખલ થઇ છે તે છોડવું; અને પેગમ્બર સાહેબે ગાથામાં (યજશને હા ૪૬, ફ૦ ૧૫) એક જગે તાકીદ કીધેલી છે, જે હું હમણા તમોને કહી જણાવીશ, તે તાકીદ પ્રમાણે ધર્મ અને નીતિ સિવાયની બાપદાદાની રસમોમાંથી ઘટતી રસમોને અણઘટતી રસમોથી જુદી પાડીને જેટલું પસંદ કરવાજોગ હોય તેટલુંજ પસંદ કરવું; અને આપણા સમજુ ઇરાની વડિયેલો દરએક જમાનામાં તક મલવે પોતાની ચાલુ રાહરસમોને દેશ, કાળ, સ્થિતિ વગેરેને ઘટે તેમ બંધબેસતી કરતા હતા, તેઓમાંથી જે છોડવું ઘટે તે છોડતા હતા, જે બદલવું ઘટે તે બદલતા હતા, અને જે ઉમેરવું ઘટે તે ઉમેરતા હતા તેમ કરવું. દીનદાર જરતોસ્તીઓ! આજે સાધારણપણે આપણા લોકોમાં એટલી બધી ધર્મ સંબંધી બેખબરી છે કે ખાલેસ ભક્તિ અને કરડી નીતિથી તે નજીવા આચારો બલકે ખરેખરી રીતે નુકશાન કરતા રિવાજો લગીની દરએક બાબત જાણે ખુદાતાલાએ અને પેગમ્બર સાહેબે પોતે ફરમાવી હોય તેમ સમજવામાં આવે છે અને તેથી અનેક તરેહના ગેરફાયદાઓ ખમવામાં આવે છે. અને ધર્મને થોડી અને ધર્મને નામની રસમોને વધારે અગત્યતા સમજવામાં આવે છે. એ હાલતમાં આપણુ ક્યાં સુધી પડી રહીશું? જે જે હકીકતો તમે સાંભળી છે તે ઉપરથી તમે જોઇ ચુકયા હશો કે આજે જે દરએક બાબતને આપણુ ધર્મને લગતી કહિયે છિયે તે ધર્મને લગતી હોય અથવા પુરાતન રિવાજને લગતી હોય. માટે તે કેટલે દરજ્જે ધર્મને લગતી છે અથવા નથી તે વિશેની તે દરએક બાબતમાં પુછપરછ કરતા રહો. જે ધર્મગુરૂઓ પાસે તમે પવિત્ર ભણતરે અને ક્રિયાઓ કરાવો છો તેઓ પોતે શું ભણે છે અને કરે છે તે સમજવાની તેઓને ફર્જ પાડો. તમે તેઓને પુછતા નથી તેથી તેઓ તે સમજવાની દરકાર રાખતા નથી. તેથી આખા ટોળાને અનેક ગેરફાયદા થાય છે. સાહેબો! ધર્મને લગતી કરી ગણવામાં

આવતી દરેક બાબતમાં પુછપરછ વધવાથી તે બાબતોનું ખરૂં જ્ઞાન વધારીશું અને ખરૂં જ્ઞાન ફેલાવીને ઘટતી રીતે ધર્મ સિવાયેની રસમોમાં સુધારો કરવામાં આપણે કાંઇજ નહિ પણ આપણા પુરાતન વડિયેલોનેજ પગલે ચાલીશું, અને તે સાથે આપણા પેગમ્બર સાહેબનાં ફરમાન મુજબ અમલ કરીશું. ધર્મ સિવાયેની રાહરસમોમાંથી ઘટતી અને અણઘટતી વચ્ચે પસંદગી કરીને ઘટતીનેજ એખ્તયાર કરવા વિશે ઉશ્તવત ગાથામાં એક ફકરો આવેલો છે (યજશ્ને હા ૪૬, ફ૦ ૧૫), તેમાં પેગમ્બર સાહેબ ફરમાવે છે કે ધર્મ સિવાય આગલા જમાનામાં જે જે ધારા અને શરેસ્તા હોય તેઓનાં ચાલુ જમાનામાં ઘટિતપણાં અથવા અઘટિતપણાંની તપાસ કરીને જે કાંઇ ઘટીત હોય તેટલુંજ બહાલ રાખવું."

એરવદ શેહરિયારજીનાં ભાષણોની હારમાળા મધેના ત્રીજી માળાનાં ત્રણ ભાષણો હતાં, અને તે "અશો જરતોસ્તની કેટલીએક બુલંદ ખાસિયતો અને કામો" એ વિષય ઉપર ગાથાને આધારે અપાયાં હતાં. આ વેળા પ્રમુખપદ શેઠ ખ. રૂ. કામાએ લીધું હતું. આ ભાષણોની છેવટે એરવદ શેહરિયારજીએ જણાવ્યું હતું કે :—

"વેહમ અને ગુમરાહીના સાગરમાંથી છુટા થયલા પારસી જુવાનો અને બાનુઓ આજે સ્વતંત્રપણે પોતાના મત અને એતેકાદ બાંધવાને તૈયાર થયાં છે તેઓની સન્મૂખ આપણા પેગમ્બર સાહેબની પવિત્ર વાણીએ જે વહેમ અને યંત્રમંત્રથી તદન વેગળી છે તે ખુલ્લી મુકવાથી તેઓ તે સ્વિકારી લેશે એમાં મને જરાએ શક લાગતો નથી. આ ગાથાવાણીની ધર્મપોથી આપણને ક્રિયામાર્ગ ઉપરાંત નીતિ અને ફક્ત એકજ ખુદાની પરસ્તેશ કરવા શીખાડે છે. એ પોથી દેવ પરસ્તીથી યજદાંપરસ્તીને દૂર રાખવા શીખાડે છે, અને જગતની સઘળી શક્તિઓનો જે એકજ શક્તિવાન બાપ તેની અને તેનીજ આરાધના કરવા આપણુ ઇનસાનને ફરમાવે છે. જ્યારે ઇનસાન જગતની ઘણીખરી શક્તિઓને ખુદાનાં બક્ષેલાં બહમન યાને ભલાં મનની મારફતે પોંહચી વળ્યું છે અને તે શક્તિઓને સમજવા, કામે લગાડવા અને વશ કરવા શીખ્યું છે, ત્યારે તે સઘળાં ઉપર સરદારી ભોગવવા

સાથે નમનતાઇ અને કમીનાપણાથી તે શક્તિઓને નહિ પણ તેમને પેદા કરનાર પિતા તરફજ જરથોસ્તનાં ખુદ ફરમાન મુજબ વળવું સજાવાર છે."

જુની રીતિઓમાં ફેરફાર કરવાની ધર્મની છુટ.

એ પછી બીજાં ચાર ભાષણો "જરતોસ્તીઓમાં તનની પાકી જગી" એ નામના અતિ અગત્યના વિષય ઉપર અપાયાં, જેમાં તનની ચોખ્ખાઇને લગતી ઘણીએક રસમોની હકીકત સમાવવામાં આવી છે. અને ત્રીજું ભાષણ તો આખું ઓરતોના અટકાવ અને સુવાવડના સંબંધમાં વંદીદાદની શહાદતોને અનુસરીને રોકયું છે, આ ભાષણોની છેવટે સાર ખેંચતાં વિદ્વાન ભાષણકર્તાએ જણાવ્યું હતું કે "એ રીતે આપણને જણાય છે કે હરએક જમાનામાં આગલી રાહરવેશોમાં બંધબેસતા અને વધારે ફાયદો કરતા ફેરફારો કરવામાં આપણો ધર્મ તો અટકાવ નાખતો નથી...માટે સમજુ માણસોએ આગલાં તથા હાલનાંની સરખામણી અને તપાસ કરીને જે વધારે સારૂં અને ફાયદેમંદ હોય તો અખ્તિયાર કરવું જોઇયે." વળી તેઓએ કહ્યું હતું કે "ઓલેઓલ અથવા ચાલતી આવેલી રીતને વલગી નહિ રહીને મુગ મતલબ પ્રમાણે કેટલીએક વખ્તે આપણી કોમમાં અમલ થતા રહ્યા છે," અને તે બાબતના કેટલાક દાખલા આપી પોતાના સાંભળનારાઓ અને વાંચનારાઓની ખાતરી કરીને આપણા એરવદ સાહેબે જણાવ્યું હતું કે "ખુદ વંદીદાદબી પોતાના બોલો કરતાં પોતાના કાનુનની મતલબો મુજબ અમલ કરાવા માંગે છે, બલકે જો પોતે આપેલી રીતીથી જે ફાયદો થાય તેથી વધારે ફાયદો કોઈ બીજી રીતે થતો જણાય તો પોતાનો કાયદો તોડવાની વટીક રજા આપે છે." આગળ ચાલતાં એ૦ શેહરિયારજી કહે છે કે "કેટલાએક દાખલાઓમાં દેશ, કાળ અને સ્થિતિને અનુસરીને અવસ્તાની જુની રીતિને બદલે માત્ર તેના કાનુનોને વળગી રહીને આપણે આજેબી અમલ કરિયે છિયે." આ બાબેના દાખલાઓ આપીને તેમણે જણાવ્યું હતું કે :—

"એવા એવા બીજા ઘણાએક દાખલાઓ દેખાડી આપે છે કે વંદીદાદના તથા બીજા આપણા કાયદાઓ બાંધનારાઓનો અભિપ્રાય

પોતાના કાયદાઓને બોલેબોલ વલગી રેહવાથી ગમે તેટલી તંગી, ધજા, અને સખ્તી વેઠવી પડે તોબી તેઓમાં કશી છુટ મુકાયજ નહિ એવો નથી. વંદીદાદની બલકે અવસ્તાનાં ઘણાં ખરાં લખાણોની વળણ તથા નેમ માણસોને સખ્તીમાં રાખીને જેમ વેરાગીઓ અને બીજાઓ ધર્મ-વેહમથી દેહકષ્ટ વેઠેછે તેમ ધર્મના ખોટા ખ્યાલથી જીંદગીને જેહમત આપવાની અને બરબાદ કરવાની મુતલક નથી. માટે તનની પાકીજગી વિશેના આજના રિવાજોની ચાલતી આવેલી રીતિઓમાં ઘટતો ફેરફાર નહિ કરવો અને ધર્મના ખોટા ખ્યાલ અને ખોટી સમજથી તનપર નાહક અજાબ પાડવો અને ફોકટ સખ્તી વેઠવી, એ ધર્મથી ઉલટુંજ નહિ પણ તેને ખોટી બદનામીમાં રાખીને ઉધરતી ઓલાદનો વિશ્વાસ તેપરથી ઓછો કરવા જેવું છે. અને એ સબબથી એ રીતિઓમાં કાનુનોની મૂળ મકસદ પ્રમાણેના ઘટતા ફેરફારો હવે થવા જોઇએ."

હવે આપણી સભા મારફતે એ૦ શેહરિયારજી એક તબકકો આગળ વધયા અને જરતોસ્તીઓને સમજ પાડીકે આપણ જે પુરાણી ભાષામાં બંદગી કરિયે છિયે તે જેમ દાદાર હોરમજદને બારની ભાષા નથી, તેમ એ બંદગીઓ એકલા પેગમ્બર સાહેબે પોતેજ રચેલી નથી; અસલ પછી એ બંદગીઓમાં અનેક વધારા થતા ગયા છે; સમજાતી ભાષામાં બંદગી કીધાથી ગુનાહ થતો નથી; બંદગી જોડે વાઅજનો રવૈયો જોઇયે, અને એ વેળા ગાયનમાં પણ બંદગી હોયતો તેથી વધારે ઉંડી અસર થવા પામે છે; તથા એ તરીકો કાંઈ નવો ઉભો થતો નથી, પણ આપણા પુરાતન નિયાગાનો પણ તેમજ કરી ગયા છે.

"બંદગી" બાબે સમજણ.

એરવદ સાહેબે ૧૮૮૯ નાં સાલનાં સભા તરફથી "બંદગી"ની બાબતમાં ત્રણ ભાષણો આપ્યાં. પેહલાં ભાષણમાં તેમણે સમજાવ્યું કે સમજાતી ભાષામાં બંદગી કરવાથી ઘણા ફાયદા થાયછે, પણ હાલના જરતોસ્તીઓને તે ઝાઝા મળતા નથી કેમકે આપણા લોકો જે ભાષામાં બંદગી કરે છે તે તેઓ સમજીને કરતા નથી. બીજા ભાષણમાં એરવદ સાહેબે સમજાવ્યું કે અવસ્તા સિવાયની

બીજી ભાષામાં કીધેલી બંદગી નારવા નથી પણ રવા છે, અને આપણા નિયાગાનોથી તેમ થતું આવેલુંછે. ત્રીજા ભાષણમાં કામેલ કર્તાએ બંદગીને અસરકારક બનાવનારાં સાધનો કયાં કયાં છે તે વિશે સમજણ પાડી. આ ભાષણો પુરાં કરતી વેળા એ૦ શેહરિયારજીએ જે સાર ખેંચ્યો હતો તે આ મતલબનો હતોઃ—

"બંદગી સંબંધી આપણી એ પ્રમાણેની હાલત થવાનું કારણ શોધતાં જણાયછે કે તેનું મૂળ ઘણું કરીને આપણી પાદશાહી ગયા પછી આપણાં લોકોમાં બેખબરીથી ફેલાયલા ચોકસ વિચારો છે. એ વિચારો એ છે કે પેગમ્બર સાહેબ સિવાય બીજા કોઇથી બંદગી બનાવી શકાય નહિ; આપણી પાસે યશ્તો, ન્યાયશો, ગેહો વગેરે જે ભણતરો છે તે ખુદ અશો અહુરમજદે અને જરતોસ્તે બનાવેલાંછે; અને અવસ્તા સિવાય બીજી કોઇબી ભાષામાં કીધેલી બંદગી આપણી દીનની રૂએ રવા નથી."

આ વિચારો ખરા છે કે ખોટા તેની તપાસ કરી છેક ગાથાના જમાનાથી તે આપણા પુર્વજો હિંદુસ્તાનમાં આવ્યા ત્યાંસુધીમાં તેઓએ જુદીજુદી ભાષાઓ, જેવી કે પેહલવી, પાજંદ, સંસ્કૃત અને ફારસીમાં રચેલી બંદગીઓ અને ભણતરોના દાખલાઓ આપીને એ૦ શેહરિયારજીએ સમજાવયું કેઃ—

"હિંદુસ્તાનમાં આવ્યા પછીબી એવો એક દાખલો બનેલો મોજુદ છે. આજે ઘણે ઠેકાણે સંસ્કૃત આશીરવાદ નખાય છે, જે સંસ્કૃત ભાષા જરતોસ્તી ભણતરો ફકત અવસ્તા અથવા પેહલવી પાજંદમાં બનેલાં જોનારની નજરમાં તો ગુજરાતી જેવીજ ભણતરને માટે નારવા ગણાય, તોપણ તેમાંબી એક ગંભીર અવસરને લગતું ભણતર ભણવાની આપણા હિંદી નિયાગાનોને હરકત જણાઇ હતી નહિ. એ દાખલા દેખાડે છે કે એજ પ્રમાણે આજના જરતોસ્તીઓની ભાષામાં તેઓને સમજ પડવા સારૂં બંદગીઓ બનવામાં હરકત નથી. આ પેહલવી તથા પાજંદ ભણતરો અને સંસ્કૃત આશીરવાદ વગેરે કદીમ જમાનાથી તે આપણે હિંદમાં આવ્યા ત્યાં લગીની જુદી જુદી જબાનોની બંદગીઓની તવારીખ ઉપરથી કહી શકાય

છે કે અવસતા ભાષાની બંદગીઓ કાયમ રાખીને તેઓ સિવાય બીજી કોઇબી ભાષામાં નવી બંદગી આપણા ઇરાની નિયાગાનોના વખ્તમાં બની શકતી હતી. જો અવસ્તા સિવાય બીજી ભાષામાં બંદગી નારવા હતે તો તે ભણુતરો બનતેજ નહિ અને અમલમાં આવતાં રેહતે નહિ. અને નવી બંદગી જે બને તે પઢનારને સમજ પડવા માટેજ બને અને બીજાં કોઇ કારણે બને નહિ.... જે જમાનામાં અવસ્તા ભાષા ઇરાનીઓની ચાલુ જબાન હતી તે વખ્તે તેઓની તે બંદગીઓ તે ભાષામાં થતી હતી. તે બંદગીઓ વિશે ખુદ અવસ્તામાં કે કોઈ પાછળી જબાનની મોતેબર કેતાબમાં કોઈ ઠેકાણે કહ્યું નથી કે અવસ્તા ભાષા આસ્માની છે તેથી એજ ભાષા સિવાય બીજી કોઇ ભાષામાં બંદગી કરવી નહિ. આ વિચાર પેહલ વેહલો જે મળે છે તે આપણી પાદશાહી જવા પછી લખાયલી એક ફારસી રવાયતમાં મળે છે."

માંથ્ર વાણી એટલે શું?

આપણા લોકો આખાં અથવા સઘળાં અવસ્તાઇ ભણુતરને "માંથ્ર"નું નામ આપેછે અને એવું સમજે છે તથા સમજાવેછે કે આ પવિત્ર માંથ્ર વાણી સિવાય બીજી બંદગી હોઇ શકેજ નહિ. આના સંબંધમાં એ૦ શેહરિયારજીએ આ રવેશે સમજ પાડી:—

" 'માંથ્ર' અવસ્તા ભાષાનું નામ નથી, એટલુંજ નહી પણ ખુદ તમામ અવસ્તા ભણુતરનુંબી નામ નથી. તેતો ફકત અવસ્તાઇ જમાનામાંના એક ચોકસ પ્રકારનાં કેટલાંએક વચનોનું નામ છે, કે જે પ્રકારનાં વચનોનો આખો વર્ગ અથવા તેમાંની કોઇબી એક લીટી અથવા બેત 'માંથ્ર' કરી કેહવાતું હતું. હરએક 'માંથ્ર' માં ઘણું કરીને કોઇ મીનોની બાબત અથવા કોઇ ટુકામાં સમાવેલો ભેદવાળો કાનુન અથવા કાયદો (mystical formula) હતો......ધર્મને લગતી ચોકસ બાબતોનાં સુત્રો જે અવસ્તાઇ જમાનામાં ભેદવાળાં ગણાતાં હતાં તેઓને 'માંથ' કરી કેહતા હતા...'માંથ્ર' એ ફકત ભેદી વચનને કેહ છે તે ઘણા દાખલાઓ ઉપરથી માલુમ પડે છે...આ ઉપરથી જણાય છે કે આપણા તમામ અને હરએક બંદગી કલામ જે

દરએક જરતોસ્તીને શીખવવામાં અલબતે કશો અટકાવ હોઇ નહિ શકે તે 'માંથ્ર' કરી કેહવાતા નહિ હતા. પણ માત્ર ચોકસ બાબતોના ભેદી કલામો કે જેમાંની છુપી અકકલ લાયક આદમી સિવાય બીજાને શીખવવાની છુટ નહિ હતી, અને જે કલામો તેવા ચુનંદાઓનેજ શીખવવામાં આવતા હતા તેજ કલામો 'માંથ્ર' કેહવાતા હતા... જેમાં સમાવેલી અકકલ સમજવા સારૂ તેના જાણકાર પાસે જવું પડતું હતું, અને તેઓ જો તેને પોતાનો લાયક બિરાદર અથવા બંધુ જેવો જોતો હતો તોજ તેથી નહિ છુપાવતાં તેને તે શીખવતો હતો."

કેટલાક જરથોસ્તીઓ વળી એમ પણ સમજતા જણાય છે કે સમજાતી ભાષામાં બંદગી દાખલ થવાથી અસલ અવસ્તાઇ ભણતર રદ થશે. આના સંબંધમાં એ૦ શેહરિયારજીએ એવી સમજણ પાડી કે—

"સમજાતી અને અસર કરતી બંદગીથી ધર્મને નુકસાન થશે એવો વિચાર તદન ભૂલભરેલો છે. નહિ સમજાતી બંદગીથી ધર્મ સુસ્ત થઇ રેહ છે, અને સુસ્તી નાશનું મૂળ છે. પણ સમજાતી બંદગી ધર્મને તેજી આપશે અને તેજીમાં લાંબી હયાતીની આશા છે. સમજાતી બંદગીની ભલામણ કરતાં આપણે કોઇબી આગલાં ભણતરને વગર કારણે તદન રદ બાતલ કરવા કેહતા નથી. જે વખ્તે પાજંદ વગેરે પાછળી ભાષાઓમાં નવાં ભણતરો બન્યાં તે વખ્તે તે બનાવનારાઓએ જુનાં ભણતરોને રદ કરવા સારૂ તે બનાવ્યાં નહિ હતાં, પણ પોતાના જમાનાના માણસોને પોતાની સ્વભાષામાં બંદગી કરીને તેની અસર મેળવવા સારૂ બનાવ્યાં હતાં. તેજ પ્રમાણે આ જમાનામાં જેમ સમજ પડતી બંદગીઓ બનાવવાને આપણને કશી હરકત નથી તેમજ આગલાં જે ભણતરો જરતોસ્તના ભાવાર્થને મળતાં હોય તેઓને બંધ પાડવાનીબી આપણી મકસદ નથી. આપણી મકસદ માત્ર સમજાતી અને અસર કરતી બંદગીની હાલની હાજત પુરી પાડવાની છે."

"આમુજગાહ" યાને વઅજનો રવૈયો.

પણ એ હાજત જોડે બીજુંબી કરવાનું છે અને તે "આમુજગાહ" યાને વઅજનો રવૈયો છે. એ બાબતમાં આપણા એરવદ સાહેબે આ પ્રમાણેના વિચારો જણાવ્યા:—

"આજે આપણી આસપાસના સંજોગો અને આપણી કેળવણી આગળ કરતાં જુદી થઇ છે, અને તેથી આપણી બંદગીઓમાં તથા બંદગીની રાહ રવેશમાં જે ઉમેરો કરવાની હાજત કદાચ આપણા બાપ બપાવાઓને નહિ જણાઇ હશે તે આપણને જણાવા લાગી છે, અને આવતી ઓલાદને તો તે વગર નહિ ચાલે એવું છે. માટે જો આપણે આપણા બુજર્ગોના જુદા જુદા જમાનાઓમાં જમા કીધેલાં પણુ વખ્તો વખ્ત જમાનાના જાલેમ દસ્તથી તારાજ થતાં આવેલાં બંદગીઓનાં તથા બીજાં દીનનાં લખાણોના બાકી રહેલા થોડા ભાગમાં અને બંદગીની રાહ રવેશમાં આપણી તરફથી હાલ જમાનાને અનુસરતો ઉમેરો નહિ કરીયે તો આપણે આપણી તરફની તેમજ આવતી ઓલાદ તરફની ફરજ બજાવવામાં ખામી કરીશું. જે કરવાને માટે આપણા બુજર્ગોએ આપેલા દાખલા છે, જે દાખલા પ્રમાણે અમલ કરવાની જરૂર થઇ છે અને અનુકુળ તક મળી છે, તે વગર વખ્ત ખોવે કરવું જોઇયે છે. અસર કરતી બંદગી અને 'આસુજગાહ' (Pulpit) ના સ્થાપના થવી જોઇયે છે. આ ભાષણોમાં જે રીતે બંદગીને અસરકારક કરવા વિશે સમજાવવામાં આવ્યું છે તે ઉપર ઉંડો ગોર કરશો તો માલુમ પડશે કે તેમાં આપણું જે જે કાંઇ આગલું નેક અને બરહક છે તેને તર્ક કરવા કહ્યું નથી, પણ તેમાં ઉમેરો કરવાની ભલામણ કીધી છે, તેઓમાંનો એક રવૈયો વઅજનો છે, અને તે વિશે તો અલબતે કોઇબી જરતોસ્તીને વાંધો હશે નહિ. સમજાતી ભાષાની બંદગીઓબી જેમ ખાનગી તેમજ જાહેરમાં થવા માંડી છે. કવિતા, ગાયન અને વઅજની મદદબી તેઓમાં લેવાવા લાગી છે. પણ તે સઘળું જાથુક અને નિયમસર થતું રેહવાની શુરૂઆત થઇ નથી. માટે, દાનેશમંદ જરતોસ્તીઓ ! એલતેમાસ એ છે કે એ સઘળું કોઇ કદાચ માત્ર નવી નવાઇ તરીકે થતું મા રાખો, પણ જાથુક અને નિયમસર થતું કરો."

વઅજો બાબે નવી ગોઠવણ.

૧૮૮૮ થી સભાએ ભાષણો જોડે વાઅજોનું કામ માથે ઉઠાવ્યું. એ બાબતમાં તેને નડેલી શુરૂઆતની મુશ્કેલી પછી અને દસ્તુર પે. બે. સંજાણાએ તેના તરફથી ૧૮૬૧ માં આપેલી પહેલી વાઅજ પછી કોઇ

લાયક દસ્તુર કે એરવદ નહિ મળી આવવાને સબબે એ અગત્યનું કામ ખોરંબે પડ્યું હતું. ઉપલાં વરસમાં કારોબાર મંડળીએ એક કારોબારી શેઠ કાવસજી ખરશેદજી મેહતાની સૂચના ઉપરથી શેઠ કે૦ ન૦ કાબરાજી શેઠ દા૦ ર૦ ચીચગર, એરવદ તે૦ દી૦ અંકલેસરિયા, શેઠ દી૦ જી૦ સોલિસિટર અને શેઠ એ૦ દો૦ તલાટી (કારોબારીઓ) ની એક સબ-કમિટી એવી મકસદથી ઠરાવી કે "આપણી સભા તરફથી ચાલુ ગુજરાતી ભાષામાં જોડેલી બંદગીની સાથે આપણી દીનની નીતિ સંબંધી બાબતો ઉપર વાઅજ કરાવવાને બની શકે તેવી સૂચનાઓ કરવી."

આ પછી ૧૮૮૯ ના સાલમાં સભા તરફથી એ૦ શેહરિયારજીએ "બંદગી"ના વિષય ઉપર આપેલાં ત્રણ ભાષણોમાંનું છેલ્લું પુરૂં થયા પછી સરનશીન શેઠ ખ૦ ર૦ કામાની સૂચના ઉપરથી ઉપલી સબ-કમિટીમાના એક શેઠ કે૦ ન૦ કાબરાજીએ એ કમિટીએ ધર્મનીતિ સંબંધી વાઅજ વેળા ગાયનનું તત્વ કેવી રીતે દાખલ કરવાનું ઠરાવ્યું હતું તે બાબે કેટલાક સખુનો કહી સંભળાવ્યા, જેમનો ભાવાર્થ એવો હતો કે-બંદગીની ફર્જ કુલ માણસ જાત ઉપર આવી પડે છે એ ધોરણ ધ્યાનમાં રાખીને રાહનુમા સભાની સબકમિટીએ આપણી કોમના સર્વ માણસો બંદગી કરવાની ફર્જમાં શામેલ થઇ શકે એવી જાહેર મજલિસો ભરવા અને તેમાં સર્વને સમજાય એવી સાદી તથા અસરકારક બંદગી નીતિના બોધવાળી વાઅજ સાથે કરાવવા માટે કેટલીક ગોઠવણો પોતાના રીપૉર્ટમાં સૂચવી છે, જેમાં દાદારની: બંદગી, સેતાયશ અને નીતીબોધની વાઅજ કરાવવામાં આવશે. આવી જાહેર મજલિસનું નામ એ૦ શેહરિયારજીએ "નેમો હંજમન" યાને "નમાજનું અંજુમનું" એવું સૂચવ્યું છે, અને તેમાં રાહનુમા સભાની આગેવાની અને દેખરેખ હેઠળ મહિનામાં એક યા વધુ વેળા અને જશનના હિંગામો ઉપર ધર્મગુરૂઓ મારફતે વાઅજ અને બંદગી થશે. તુરત વેળા ચાર કેળવાયલા એરવદ સાહેબોએ આ કામ માથે લેવાની હા પાડી છે, જેઓ પોતપોતાની વાઅજને દિને પ્રથમ અવસ્તાવાણીમાંથી વાઅજના વિષયને અનુસરતા બંદગીના ફકરા પઢશે અને પછી તેમના અર્થ કહી સંભળા-વશે અને પછી ટુંક, સાદી, અસરકારક વાઅજ કરશે, અને છેવટે

અવસ્તામાંથી ભણતર તેના અર્થ સાથ ભણીને તે દિવસની વાઅજનું કામ ખલાસ કરશે. આ વાઅજ દરમિયાન તે કરનાર ભણેલા એરવદ સાહેબને દરૂરત લાગે ત્યાં લાગુ પડતાં ગાયનો મજલિસમાં આવનારાં જરતોશ્તીઓ કને ગંભીર અને અસરકારક રાગમાં કરાવવામાં આવશે, કેજે ખુદાઇ અને નીતિ સંબંધીજ પસંદ કરવામાં આવશે. સભા તરફથી બનાવવામાં આવેલા "જરતોસ્તી ધર્મનીતિ" ના અંકોમાં આ કિસમનાં સારાં ગાયનો મોજુદ છે તે અને બીજાં તેવાંજ ખાસ જોડાવીને આ મજલિસો દરમિયાન ગવાશે. તુરત વેળા આ કામની શુરૂઆત માટે એક નાનાં ગીતમંડળ પાસે આ ગાયનો ગવડાવવામાં આવશે, અને તે ગાવામાં ભેગી થયલી અનજુમનમાંથી જેને ગમે તેને શામેલ થવાની છુટ રેહશે. છેવટે મી૦ કાબરાજીએ કહ્યું કે "એ ગાયનોને કાંઇ બંદગી યા વાઅજનો મુખ્ય ભાગ ગણવો નહિ, પણ બંદગી યા વાઅજમાં અસર વધારવા અને ટેકો આપવાના સાધન લેખે ખુદાઇ નીતિનાં એ ગાયનો રાખવાં. એટલીજ ગોઠવણો વિશે હાલ તુરત સબ-કમીટીએ રીપૉર્ટ કીધો છે અને સભાએ તે બહાલ રાખ્યા પછી એ નેક કામ હાર પાડવામાં દરેક જરતોસ્તી દિલોજાનીથી શામેલ થઇ મદદ કરશે એવી આશા રાખવામાં આવે છે."

એરવદ શેહરિયારજીએ આ પછી સભા તરફથી અનેક અસરકારક વાઅજો કીધી અને ઉપલી ગોઠવણ મુજબ શુરૂઆતમાં તથા છેવટે અવસ્તાના ફકરાઓ ભણવા તથા તેમના ખુલાસાર ભાવાર્થ સમજાવવામાં આવ્યા, જે વેળા તેમની જોડે આખી મજલિસ ખુદાઇ બંદગીમાં હમશરીક થવામાટે ઉભી થતી હતી. સાથે સાથે ખુદાઇ અને નીતિનાં ગાયનો પણ ગવાવા લાગયાં જેથી બંદગી અને વાઅજની અસરમાં બેશક વધારો થતો હતો. પણ આમ થોડીક મુદત સુધીજ ચાલુ રહ્યું અને પછી તે બંધ પડયું.

આ બાબતના સંબંધમાં એ૦ શેહરિયારજીએ બંદગી વિશેનાં પોતાનાં ભાષણો દરમિયાન બંદગીની ખરી અસર કરવાનાં સાધનો વિશે બોળતાં આ પ્રમાણેના વિચારો જાહેર કીધા હતા:-

"અવસ્તાના અભ્યાસીઓને જણાઇ ચુકેલુંછે કે આપણી બંદગીમાં ગાયનના હુનરની મદદ લેવાની મનાઈ કીધેલી નથી, એટલુંજ નહિ

પણ એ હુનરને બંદગીમાં કામે લગાડેલો હતો. આ પ્રમાણે સિદ્ધ થાયછે કે બંદગીમાં ગાયનની મદદ લેવામાં આપણી દીનની રૂએ કશી હરકત નથી, બલકે તેમ કરવું એ આપણા પુરાતન નિયાગાનો-ને પગલે ચાલવું છે. જો બંદગીમાં ગાયનની મદદ લેવાતી થાય તો તેથી આપણા ટોળાની નીતિ ઉપર આડકતરી રીતે સારી અસર થવાની આશા રહેછે. આપણા લોકોમાં ફરિયાદ કરવામાં આવેછે કે ટોળામાં વાંધા ભરેલાં ગાયનો વધી પડયાં છે અને નીતિ તથા ખુદાઇ બાબતોનાં ગાયનો બહુ થોડાં છે. જો એ વાત ખરી હોય તો એ હાલતનો સુધારો બંદગીનાં ગાયનની મદદ લેવાથી ઠીક થઇ શકે. બંદગીનાં ગાયનો જો વધારે ગવાતાં થાય તો ખરાબ ગાયનોના ફેલાવામાં ઘણો અટકાવ થઇ શકે."

વળી એ૦ શેહરિયારજીએ એમ પણ સમજાવ્યું હતું કે—

"અશો જરતોસ્તે આપણુ માટે જે ધર્મજ્ઞાનની પેહલી બાંધણી તૈયાર કીધી હતી તે દિલને ઉસકેરે તેવી રાગણીઓમાં રચેલી હતી. તે ગવાય એવી હતી. ગાવાની રૂઢી માઠાં ભાગ્યે લાંબો વખત તેનો ઉપયોગ નહિ થવાથી ભુલાઇ ગઇછે. તોપણ ગાયનની હાલની રૂઢી કામે લગાડી અસલ મતલબ આપણુ અખ્તિયાર કરવા માંગીયે છિયે. એ રીતે કીધેલું પેગમ્બર સાહેબની પુર સત્તા સાથનું કહેવાય ... હવે સર્વે સમજદાર જરતોસ્તીઓ સમજેછે કે ગાયન બંદગીનો જોડિયો ભાઇ છે, અને તે એકબીજાને એટલીતો નિસ્બત છે કે તેઓને એકબીજા વગર ચાલે નહિ. એકની ગેરહાજરીમાં બીજાંને ખુટ લાગેછે, જે પોતાની મંદ હાલતથી તે ખુટ જાહેર કરેછે. એ સાધન આપણી બંદગીનાં સાધનો ભેગું આપણે રાખવા માંગિયે છીયે તેમાં નવું કાંઇજ નથી. એતો આપણી અસલ બાપીકી રૂઢી પાછી અખ્તિયાર કરવા માંગીએ છિયે."

આ પછી એ૦ શેહરિયારજી મારફતે સભાએ પેદરપે વાએજો કરાવવા માંડી, અને જુદીજુદી ધર્મ અને નીતિની બાબતો ઉપર આ ભણેલા સાહેબે ઘણી વાએજો જરતોસ્તી નરનારીઓના મોટા

મોટા મેળાવડાઓમાં અવસ્તાઇ બંદગી અને ગાયનની મદદ સાથ આપી. આ સઘળી વઅજોની જુદી ટીપ બીજા ભાગ ઉપર ઉતારી લેવામાં આવીછે.

"ઑનરરિ" ભાષણ કર્ત્તાઓ.

તા. ૧ લી સપ્ટેમબર ૧૮૯૬ થી સભા તરફનાં ભાષણો અને વાઅજોનાં કામમાં ફેરફાર થયો. તેમ કરવાની સભાને બહુ દિલગીરી ભરેલી ફરજ પડી. ૧૮૮૨ નાં સાલમાં જે જાહેર ફંડ ધર્મશિક્ષણ અને ભાષણો તથા વાઅજને માટે ઉભું થયું હતું તે ખુટી ગયું. આથી એરવદ શે. દા. ભરૂચા સાથ ૧૧ વરસ આગમજ માસિક લવાજમથી જે બંદોબસ્ત કરવામાં આવ્યો હતો તે બંધ કરવો પડયો. આ દુખ ભરેલી ફરજ ઉપરથી કારોબાર મંડળીએ એં૦ શેહરિયારજીની કીમતી સેવાઓના સંબંધમાં એક ઠરાવ કીધો, જેમાં જણાવવામાં આવ્યું કે—

"જરતોસ્તી ધર્મ સંબંધી ભાષણો અને વાઅજો કરાવવા તથા પુસ્તકો રચાવવા સારૂ એરવદ શેહરિયારજી દાદાભાઇ ભરૂચાનો માસિક લવાજમ ચાલુ રાખી શકાય એવી સભા હસતક ઉભાં થયલાં જરતોસ્તી ધર્મને લગતાં જ્ઞાનનો ફેલાવો કરવા માટેનાં ફંડની હાલત નહિ હોવાથી આ સભા દિલગીરી સાથ એવો ઠરાવ કરેછે કે એરવદ શેહરિયારજીને મજકુર કામો માટે મળતો દરમાયો આવતી તા. ૧ લી સપ્ટેમબર ૧૮૯૬ ના દિવસથી બંધ કરવો. એમ છતાં સભા ઉમેદ રાખે છે કે મજકુર ફંડની હાલત પાછી આબાદ થયા બાદ એરવદ શેહરિયારજી સાથનો હાલનો સંબંધ પાછો ચાલુ કરવામાં આવશે. તેમ થાય ત્યાં સુધીની મુદતમાં સભા તરફથી જાહેર ભાષણો અને વાઅજો આપવાની જરૂર જણાશે તો તે માટે ખાસ લવાજમ આપીને નવાં ભાષણો અને વાઅજો એરવદ શેહરિયારજી પાસે કરાવવાને સભા ઘણી ખુશી થશે.

"આ તકે સભા ખાસ નોંધ લેવાને ઘણી ખુશી છે કે સભા સાથના પોતાના ૧૧ વરસોના સંબંધમાં એરવદ શેહરિયારજી દાદાભાઇ ભરૂચાએ પોતાનું કામ બહુ ઉલટ અને ચાલાકીથી સભા તરફ પુરી દિલસોજી બતાવીને બજાવ્યુંછે, જેથી સભાને પૂરતો સંતોષ મળયોછે.

અને તેવણુ જેવા એક ભણેલા એરવદ સાહેબ, સભાએ માથે ઉઠાવેલાં જરતોસ્તી ધર્મ નીતિની સાત પોથીઓ બનાવી સંપૂર્ણ કરવાનાં કામમાં મોટા મદદગાર થઇ પડયા તે માટે સભા મગરૂર છે."

સભા સાથના પોતાના ૧૧ વરસના ઘાડા સંબંધ દરમિયાન એરવદ શેહરિયારજીએ ધર્મનીતિના બીજાથી સાતમા અંક સુધીના છ ભાગો રચ્યા હતા, જેમાંનો સાતમો ભાગ તો બે વિભાગોમાં વેંહચાયો હતો અને તેનાં બે જુદાં પુસ્તકો થયાં હતાં. આ ઉપરાંત એ મુદતમાં એ૦ શેહરિયારજી એ સભા તરફથી ભાષણો અને વાઅજો આપીને, તથા ચિકાગોવાળી ધર્મોની કોંગ્રેસ માટે "જરતોસ્તી ધર્મ અને રાહરસમોના ટુંક ઈતિહાસ" એવાં નામથી એક મોટો નિબંધ ઈંગ્રેજીમાં રચ્યો હતો. આ બધાંથી સભાએ આ ભણેલા કાબેલ એરવદ સાહેબ મારફતે પારસી કોમનો ચાહ તેમના બુલંદ ધર્મની મોતેબરી તરફ બહુજ ખેંચીને પોતાનું નામ વધારે આશકારા કીધું હતું અને પોતાની હસ્તીની અગત્યતા અચૂક આકારમાં બતાવી આપી હતી.

ઉપર મુજબ ધર્મજ્ઞાન માટેનાં ફંડની હાલત બતંગ થઇ પડયા ને લીધે સભાના સરનશીન શેઠ ખ. રૂ. કામાની સૂચના ઉપરથી "ઑનરરિ" ભાષણકર્ત્તાઓ ઉભા કરવાની ગોઠવણ થઈ, અને તે મુજબ કારોબાર મંડળીના થોડાક સાહેબો ભાષણો આપવાને અને શમ્સ ઉલ ઓલમા એરવદ જીવનજી જમશેદજી મોદી, બી. એ., તેવીજ વઅજો આપવાને તૈયાર થયા. આ નવી ગોઠવણ મુજબ પેહલાં વરસમાં મેશર્સ ખ. રૂ. કામા, દારાશાહ રતનજી ચીચગર, નાનાભાઇ રૂસ્તમજી રાણીના, બહમનજી બેહરામજી પટેલ અને એરવદ જી. જ. મોદીએ ભાષણો તથા વઅજો આપીને સભાનાં એ જાતનાં ધર્મ જ્ઞાનનો ફેલાવો કરવાનાં શુભ કામને ચાલુ રાખ્યું.

પણ પાછળથી આ કામ સુસ્ત પડતું જણાયાથી સભાએ દર ભાષણ દીઠ રૂ ૨૫) નું "હોનોરેર્યમ" આપવાનો ઠરાવ કીધો (૧૯૦૯-૧૯૧૦ માં), અને તે મુજબ, ભાષણો અપાવવામાં આવે છે. આ ભાષણો સભાના કારોબારીઓ કે સભાસદો તરફથીજ અપાય છે, કારણ કે બાહેરથી ચંચળ ભાષણકર્ત્તાઓની જાહેર ખબર મારફતે

માંગણી કરવા છતાં તેઓમાંથી કોઇ સારા વકતાઓ કે ખાસ અભ્યાસીઓ મળી આવ્યા નહિ, તો જોકે સભા તરફથી તેમને ભાષણ માટેનો વિષય પસંદ કરવાના સંબંધમાં બોહળી છુટ મુકી હતી કે "જરતોસ્તી કોમની હરપ્રકારની ભલી રાહનુમાઇ થઈ શકે એવી ધર્મ, સંસાર, કેળવણી, સુધારા, રાહરસમ, વગેરે બાબતો ઉપર" કર્ત્તાએ પોતાનાં ભાષણો તૈયાર કરવાં. આવાં ઉત્તેજન છતાંબી કોઇ ગ્રૃહસ્થો બાહેર પડયા નહિ, અને જે થોડાકોએ ભાષણ આપવા માંગ્યાં તે સભાની નેમને બંધ બેસતાં ન હતાં.

ધર્મશિક્ષણ અને વાઅજનાં કામો ચાલુ રાખવા માટે જરતોશ્તીઓને અર્જ.

૧૮૮૧ થી સભાએ ધર્મશિક્ષણનું અને ત્યારબાદ જાહેર વઅજનું કામ માથે ઉઠાવી આગળ ચલાવ્યું તેને કેટલાંક વરસ પસાર થવા બાદ જ્યારે તે વેળા ભેગાં કરવામાં આવેલાં નાણાં લગભગ પુરાં થવા આવ્યાં ત્યારે ૧૮૯૫ માં સભાના સરનશીન શેઠ ખ૦ રૂ૦ કામાની સહીથી એક ખાસ અપીલ નવી મદદ મેળવવા માટે બાહેર પાડવામાં આવી હતી. તેમાં સભાની સ્થાપના ૧૮૫૧ માં થઇ ત્યારથી પચાસ વરસ સુધી તેણે જરતોસ્તીઓની બેહતરી કરવામાં પોતાની જિંદગી ગુજારી છે એમ જણાવીને સમજાવવામાં આવ્યું હતું કે આપણા નિયાગાનો આ દેશમાં આવ્યા પછી અહીંના વતનીઓ સાથ ભેળાઇ ગયાને લીધે કુદરતી રીતે પોશાક, જબાન તથા ઘેરબારની રીતભાત સાથે તેઓએ તે વતનીઓની કેટલીએક ધર્મ સંબંધી રસમો પણ બેમાલુમ રીતે પોતાની કરી લીધી હતી અને તે એટલા જુના જમાનાથી આમેજ થયલી હતી કે તે ગોયા પોતાનીજ હોય તેમ તેઓ સમજવા લાગ્યા હતા. આ રસમોને આપણા ધર્મના કાયદા કાનુનો તથા ક્રિયાઓથી છુટી પાડવાનું કામ રાહનુમા સભાએ માથે ઉઠાવ્યું ત્યારે આપણું શું અને જુદદીન શું હતું તે જેઓ પોતાની અક્કલના બળથી જોરતેજોઇ કરી છુટું પાડી શકયા નહિ તેઓ એવું ગુમાન લઇ ગયા કે રાહનુમાવાળા આપણી ચાલુ રીતભાત અને ક્રિયા છોડાવવા માગે છે તે જો છોડીયે તો ધર્મ છોડવા બરાબર થાય. આથી તેઓ રાહનુમા

સભાને વગોવવા લાગ્યા, "પણ જમાનાએ રાહનુમા સભાની નેક કોશેશને યારી આપી છે, અને શુકર છે પરવરદેગારના! કે જેઓ સભાને વગોવતા હતા તેઓ પોતે અને તેઓના નમીરાઓ રાહનુમાએ બતાવેલા રસ્તા ઉપર આજે આવ્યા છે."

આમ જોઇ સભા પોતાનું પ્રથમ કામ પુરૂં થયલું સમજી, અને પછી તેણે કોમનાં લોકોને ધર્મનું જ્ઞાન આપવાનું કામ માથે લીધું અને ટોળાના સમજુ ભાગની દિલસોજી તથા મદદથી એ કામ ચાલુ કીધું. જાહેર સભાઓ ભરાઇ, ફંડ ભેગું થયું, પાઠમાળા રચાઇ, જાહેર ભાષણો અને વચનો અપાવા લાગ્યાં, અને આઠ નિશાળોમા ૧૨૫૪ છોકરાંઓને ધર્મનીતિના સબકો અપાયા. પાછળથી એ મોટી નિશાળોએ આ સબકો સભા તરફના ઉસ્તાદને બદલે પોતાનાજ ઉસ્તાદો મારફતે આપવા માંડયાથી સભાને માથેનો એટલો બોજો ઓછો થયો, પણ શીખનારાં બાળકોની સંખ્યા ૫૭૫ સુધી ઘટી ગઇ. પાઠમાળાના પાંચ અંકો આટલી મુદતમાં છપાઇ પ્રગટ થયા, અને સભાએ એ૦ શેહરિયારજી દાદાભાઇ ભરૂચા મારફતે ૧૭ ભાષણો અને ૧૬ વાચનો કરાવ્યાં. આ ભાષણો દરમિયાન કેટલાકો એવું ગુમાન લઇ બેઠા કે સભા અવસ્તા ભાષામાં બંદગી કરવા ના પાડે છે, પણ સભાએ તેવું કોઇ દાહડે કહ્યુંજ નથી. સભાએ તો પોતાની તરફની વચનોમાં પ્રથમ અવસ્તા ભાષાની બંદગી કરવા જોડેજ તેનો તરજુમો કરી બતાવવાનો રિવાજ ચલાવ્યો છે, એવી મતલબથી કે અવસ્તામાં કીધેલી બંદગીની અસરનો વધારે ખાતરીભરેલો છાપ મન ઉપર પડે.

આ સઘળું જણાવીને છેવટે અપીલમાં વિનંતી કરવામાં આવી હતી કે જરતોસ્તી ધર્મને લગતું જ્ઞાન ટોળામાં ફેલાવવાને અર્થે છેલ્લાં ૧૫ વરસમાં સભા હસ્તક રૂ. ૩૧૨૦૦ ખર્ચાયા છે, હાથમાં રૂ. ૧૪૦૦ બાકી રહ્યા છે, અને રૂ. ૧૩૫૦૦ ની રકમ માત્ર વ્યાજ વાપરવા માટે અનામત છે, "માટે સભા તરફથી સર્વ જરતોસ્તીઓને એલ્તેમાસ કરવામાં આવે છે કે ધર્મની વાકેફી વધારવાનું આ કામ ચાલુ રાખવા દેવાને કીજે પૈસાની મદદ કરવી."

મી૦ કામાજીની ઉપલી જરતોસ્તીઓ જોગી અપીલના જવાબમાં જે બાનુઓ અને ગૃહસ્થોએ નાની મોટી રકમો ભરી હતી તેઓમાં તે વેળાના રાજકોટવાળા બેરિસ્ટર અને આજના સર હોરમજજી અરદેશર વાડિયાએ પોતાના ફરજંન્દોની નવજોતની ખુશહાલીમાં રૂ. ૫૦૦૦)ની રકમ ભરી હતી, એવી શર્તે કે એ રકમનાં વ્યાજમાંથી જરતોસ્તી મજહબના વધારે સારા ફેલાવા માટે કાબેલ અભ્યાસીઓ અથવા વિદ્વાનો પાસે વઅજ અથવા ભાષણ કરાવવાં.

તેજ વરસમાં ઉપલી ઉપરાંત બીજી રકમો સભાને નીચલાં ત્રણ ફંડોને હિસાબે મળી હતી:—

ધર્મનીતિની કેળવણીનું ફંડ...	... ...	રૂ. ૬૧૯૧
ભાષણો અને વઅજનું ફંડ...	... ...	રૂ. ૬૬૫
જેનરલ ફંડ	... ...	રૂ. ૩૫૦

પ્રથમ સભાનું માત્ર એકજ યાને જેનરલ ફંડ હતું; ત્યારબાદ કેળવણી માટે નવું ફંડ થયાથી તે નવું અને ઉપલું જુનું ફંડ એ નામે ઓળખાતાં હતાં. પાછળથી (૧૮૯૬-૯૮ માં) ભાષણો અને વઅજો માટેનું ફંડ બરપા થયું, અને કારોબાર મંડળીએ શેઠ ફરામજી એદલજી કોલાપુરવાળાની યાદગારીવાળી રૂ. ૧૦ હજારની રકમને જેનરલ ફંડમાંથી છુટી પાડીને તેનું ચોથું ફંડ બનાવ્યું, અને ઠરાવ્યું કે તેનાં વ્યાજમાંથી પાઠમાળાની છપામણીનો ખર્ચ બાદ જતાં જે રકમ વધે તે ભાષણો, વઅજો અને કેળવણીને લગતાં ચોપાનિયાં વગેરે છાપવાના ખર્ચમાં વાપરવી.

સભા તરફનાં નિબંધો, ભાષણો અને વઅજો.

આપણી સભાનાં કામનું પ્રથમ મંડાણ શેઠ નવરોજજી ફરદુનજીએ વાંચેલા પેહલ વેહલા નિબંધથી થયું હતું. ૧૮૫૧ થી કેટલાંક વરસ સુધી જુદાજુદા ગૃહસ્થો નિબંધો અને રેસાલાઓ વાંચતા અને તે ઉપર તકરાર ચલાવતા, અને એ સઘળું કોમમાં દાખલ થયલી જુદદીન રસમો કાહડી નખાવવા માટે થતું તેથી જરતોસ્તીઓમાં તેથી મોટી ચર્ચા ચાલતી. સભાએ જુદદીન રાહરસમ દુર કરાવવાની સુધરાઈ પ્રથમ હાથ ધરી તેમાં ફતેહ પામ્યા પછી દરવરદેગાનનો સવાલ પકડયો અને તે બાબેના ખુલાસા દરસાલ કોમમાં બાહેર પાડવા માંડયા. આથી સભાને બહુ ખમવું

પડયું તેની દરકાર વિના એ બાબેની ચર્ચા જુદેજુદે પ્રસંગે ભાષણો અને નિબંધો મારફતે ચાલુજ રહી. સભા તરફની પેહલી વઅજ દસ્તુર પેશોતનજી સંજાણાએ આપી, ત્યારબાદ એરવદ શે૦ દા૦ ભરૂચાએ સંખ્યાબંધ વઅજો અને ભાષણોથી કોમનાં ધર્મ સંબંધી જ્ઞાનમાં ઘણો વધારો કીધો. અગ્યાર વરસો સુધી આમ ચાલ્યા બાદ "ઑનરરી" ભાષણ કર્તાઓ ઉભા થયા અને છેવટે તેમને નાનુ "હોનોરેર્યમ" આપવું કરવામાં આવ્યું. આ રીતે ૧૮૫૧ થી ૧૯૧૯ સુધીમાં સભા તરફથી એકંદર ૧૩૯ જાહેર ભાષણો વગેરે અપાયાં છે, જેમાંના ૨૬ નિબંધો, ૩૦ વઅજો અને ૮૩ ભાષણો છે. એ સર્વ કઈ કઈ અને કેવી અગત્યની બાબતો ઉપર આપવામાં આવ્યાં હતાં તે દર્શાવવા માટે તે સર્વની ટીપ તે આપનારા સાહેબોનાં નામ સુધાં પાસેનાં સફાઓ ઉપર છપાવી કાહડવામાં આવી છે, જે એકજ નજરે રાહનુમા સભાએ માઝદયસ્નાનોની રાહનુમાઈ માટે શું કીધું છે તેનો કાંઈક ખ્યાલ આપશે.

ભાષણો અને વચ્ચેનોની ટીપ.

સભાની નેમ અને મતલબ.	નવરોજજી ફરદુનજી.
સભાની ખરી મતલબ અને તેથી ટોળાને થનારો ફાયદો.	,,
સભાની વિરૂધમાં જરતોસ્તીઓમાં ચાલેલા ખોટા વિચારોનો ખુલાસો.	કુવરજી રૂસ્તમજી મોદી.
આગલી પંચાયતના અકાબરોએ રવાનનો અને લગનનો ખર્ચ કમી કરવા વિશે કીધેલી કોશેશ અને આજની આપણી ફરજ.	દાદાભાઇ નવરોજજી.
જરતોસ્તીઓમાં રિવાજ પામેલી જુદદીન રસમો, તેમની ઉત્પત્તિ, ગેરફાયદા અને ગુનાહ.	સોહરાબજી શાપુરજી બંગાળી.
આપણા ફિર્કાના લોકોએ હિંદુ ધર્મમાંથી એખ્તિયાર કીધેલી કેટલીએક રસમો.	એદલજી નશરવાનજી પૃશયા
આપણા લોકોએ મુસલમાન લોકોના ધર્મમાંથી એખ્તિયાર કીધેલી રસમો.	સોહરાબજી હોરમજજી મેહતા
જરતોસ્તીઓમાં રિવાજ પામેલી લગનની ક્રિયા, રસમ તથા ખર્ચ.	નવરોજજી નાનાભાઈ ફરામજી
ફરવરદેગાનના દાહડા ઉપર દીનનાં ફરમાન મુજબ જરથોસ્તીઓની ફરજ, તથા અણુ-જાણપણાને લીધે તે કેવી રીતે અદા થાય છે તે.	સભા તરફનો મુખ્તેસર ખુલાસો. (નવ મરતબે અપાયા કીધેં હતો.)
મુકતાતની બાબતમાં.	
અન્જુમનના અકાબર સાહેબોનો આશરો મેળવવા તથા મદદ માગવા બાબે.	નવરોજજી ફરદુનજી. સભા તરફની અરજીઓ.
તાબુત તથા હોળીની માનતાનો અટકાવ કરવા માટે અન્જુમનના અકાબરોને અર્જ	સભા તરફનાં કાગળો.
રવાન પછવાડે દીનના હુકમ મુજબ થી ક્રિયા તથા ખર્ચ કરવાં જોઇયે.	દસ્તુરો જોગા સભા તરફના પત્રો તથા સવાલો.

મુકતાતના દાહડાપર શી શી ક્રિયા કરવાની દીનની રાહે ફરજ છે, તથા હાલ એ દાહડાઓ ઉપર જરતોસ્તીઓમાં જે રસમ જાએજ છે તેનું દીનમાં ફરમાન છે કે નહિ તે બાબેના ફતવા મેળવવા મુંબઇ તથા દેશાવરોના દસ્તુરોને અર્જ.	સભા તરફથી લખાયલાં પત્રો.
આતશકદેહોના મુતવલીઓ જોગી અર્જ.	સભા તરફનો પત્ર.
માજદયસ્નની દીનના અથોરનાન તથા બેહદીન લોકોની ફરજ.	નવરોજજી રૂસ્તમજી લૉર્ડ.
દસ્તુર પેશોતનજી બેહરામજી સંજાણાએ મુકતાતની બાબતમાં બનાવેલાં "હેકાએતે ફરવરદેગાન" નામનાં ચોપાનિયાંના અંક ૧ લાનો, તથા એરવદ કાવસજી મનચેરજી મોદીએ રચેલાં "બાગે અનોશેરવાન" નામનાં ચોપાનિયાના અંક ૧ લાનો જવાબ.	સભા તરફની ખાસ તપાસ.
રા૦ બા૦ સભાની વિરૂધમાં જરતોસ્તીઓમાં ફેલાયલા ખોટા વિચારોની બાબતમાં.	સભા તરફનો ખુલાસો.
બાગે અનોશેહરવાન અંક ૨જા તથા ૩જાના રદ જવાબ.	સભા તરફની ખાસ તપાસ.
જરતોસ્તી ફિર્કાના લોકોમાં ચાલતી આવેલી રસમ મુજબ રવાનની પછવાડે અણઘટતી ક્રિયા તથા બેજા ખર્ચ કરવામાં આવે છે તે બાબે.	સભા તરફનો ખુલાસારૂપી નબંધ.
"રાહે રાસ્તનુમાએ જરતોસ્તીઆંન" સભાનાં ૨જા તથા ૩જા અંકવાળાં ચોપાનિયાંનો રદિયો.	સભા તરફથી અપાયલો.
મજદયસ્નાન લોકોની ખોદાપરસ્તી યાને પારસીઓ એકજ ખોદાને માનનારા છે તે બાબે વચન	દસ્તુર પેશોતનજી બેહરામજી સંજાણા.

ઈરાન મધે પુરાતન જમાનાના જરતોસ્તી લોકોમાં શાદી કરવાની રીત અને હિંદુસ્તાનનાં પારસીઓમાં રિવાજ પામેલી લગનને લગતી કેટલીક બેજા અને નામુનાસેબ રસમો.	જમશેદજી લીમજીભાઈ અપુ.
પરસ્તેશ કરવાને લાયક એકલો પરવરદેગાર છે (ઇનામી નિબંધ)	એરવદ ખુરશેદજી મનચેરજી કટેલી.
પેગમ્બર અશો જરતોસ્તના જન્મારાનો હેવાલ—અવસ્તા પ્રમાણે (ચાર ભાષણો)	ખરશેદજી રૂસ્તમજી કામા.
આપઘાતના ગુનાહ વિશે (ભાષણ)	જાંહગીર મેહરવાનજી પ્લીડર.
આવાં અર્દિવસુરનું જશન (ભાષણ).	ખ૦ રૂ૦ કામા
ફરોહર વિશે (ભાષણ)	,,
આદરનાં જશન બાબે (બે ભાષણ)	,,
જરતોસ્તીઓની સંસારી તથા ધર્મ સંબંધી હાલત, તથા તેઓને પોતાના ધર્મ અને ધર્મનીતિનાં જ્ઞાનની અગત્ય (ભાષણ)	,,
રીમની વિશે (૭ ભાષણો)	,,
જરતોસ્તીઓમાં નવાં વરસની શરૂઆત જમશેદી નવરોઝથી થાય છે. (ભાષણ)	,,
જરથોસ્તી ધર્મનીતિની પાઠમાળાનું સાંકળિયું, રિસાલા સહિત.	એરવદ શે૦ દા૦ ભરૂચા અને હોરમજજી નવરોજજી લૉર્ડ.
જરતોસ્તીઓમાં ધર્મની કેળવણીની હાલની હાલત, તથા સારા પાયા ઉપર ધર્મની કેળવણી આપવાની અગત (ભાષણ)	ખ૦ રૂ૦ કામા.
જરતોસ્તી ગુજરેલાંઓની ક્રિયાઓ (પાંચ ભાષણો)	એરવદ શેહરીયારજી દાદાભાઈ ભરૂચા.
જરતોસ્તીઓનો ધર્મ અને તેઓમાં ધર્મ તરીકે ગણાતી રસમો-	એરવદ શે૦ દા૦ ભરૂચા.

જરતોસ્તી પુસ્તકોની તપાસ ઉપરથી (બે ભાષણો)	
અશો જરતોસ્તની કેટલીએક બુલંદ ખાસીએતો અને ક્રામો–ગાથા પ્રમાણે (ત્રણ ભાષણો)	એરવદ શે૦ દા૦ ભરૂચા.
જરતોસ્તીઓમાં તનની પાકીજગી. (ચાર ભાષણો.)	”
“બંદગી” ઉપર ત્રણ ભાષણો:-	
સમજાતી બંદગીના ફાયદા–અને હાલના જરતોસ્તીઓને તે કેટલા મળે છે?	”
અવસ્તા સિવાયની ભાષામાં કીધેલી બંદગી જરતોસ્તી દીનમાં રવા છે કે નારવા?	”
બંદગીની અસર કરવાનાં સાધનો.	”
પાક ગાથાનો પેહલો કલામ (વઅજ)	”
જરતોસ્તી પરસ્તેશ (ભાષણ).	”
અશોઓની યાદ (વઅજ)	”
અશોઓનાં નામગરણ (વઅજ)	”
જમશેદી નોરોજ (વઅજ)	”
આતશ (વઅજ)	”
દુખમાં દિલાસો (વઅજ)	”
સુલેહસંપજ (વઅજ)	”
સરોષ (વઅજ)	”
આવાં અરદુઇસૂર (વઅજ)	”
અવસ્તાઇ ફરેસ્તાઓ (ભાષણ)	”
હલાલ પેશો, એક જરતોસ્તીની ફરજ (વઅજ)	”
સંઘરાઉ થવાનો સદગુણ (વઅજ)	”
લગનની મોતેબરી (વઅજ)	”
મરણ (વઅજ)	”
બદગોઇ (વઅજ)	”

અશોનાં ફ્રેરોહરની યાદનાં જશન (ભાષણ)	એરવદ શે૦ દા૦ ભરૂચા.
માણુસના જન્મ મરણના ભરમનો જરતોશ્તી ખુલાસો (વઅજ)	"
ખુદાનો ડર (વઅજ)	"
૧૮ મી સદીની આખરી સુધીનાં નામીચા પારસી નરનારીઓની યાદ (ભાષણ)	બહમનજી બેહરામજી પટેલ.
રાહનુમા સભા તરફની ધર્મ કેળવણી અને તે વિશે પારસીઓની ફરજ (ભાષણ)	દારાશાહ રતનજી ચીચગર.
સાલ મુબારક ! (વઅજ)	એરવદ જીવનજી જમશેદજી મોદી.
મુક્તાદ (ભાષણ)	ખ૦ રૂ૦ કામા.
મરકી નહિ ફેલાવવાના, ઘેર-ખાલી કરી જવાના, પાણી ઓછું ઘોળવાના, અને અર્મેસ્તગાહ બનાવવાનાં જરતોશ્તી ફરમાનો (ભાષણ)	"
પતેત બાબે સમજણ (ભાષણ)	"
એક ગુજરેલા જરતોશ્તી પછવાડેની ક્રિયાઓ (ભાષણ)	"
જશન (ભાષણ)	એરવદ જી૦ જ૦ મોદી.
૧૯ મી સદીનાં નામીચાં પારસી નરનારીઓની યાદ (ભાષણ)	બહમનજી બેહરામજી પટેલ.
છેલ્લી પા સદીના અરસામાં ગુજર પામેલાં થોડાંક જાણીતાં નરનારીઓનાં ફ્રેરોહરોની યાદ (ભાષણ)	નાનાભાઈ રૂસ્તમજી રાણીનાં
૧૯ મી સદીના નામીચાં પારસી નરનારીઓની યાદ—૨ (ભાષણ)	બહમનજી બેહરામજી પટેલ.
ગાહામ્બારની આફ્રીનમાં વર્ણવેલી પેદાયશ એક પછી એક દાદારને હાથ પ્રગટી નિકળી તેનું કુદરતી વિદ્યા પ્રમાણે વર્ણન (બુન્દેહશ્ને) અને તે ઉપરથી ઉપજતા વિચારો (ભાષણ)	એરવદ જી૦ જ૦ મોદી.

જરતોસ્તી મરણ પુઠે કરાતી વાજબી તેમજ ગેરવાજબી ક્રિયાઓ ઉપર થતા ખરચો વશે રેસાલો	એરવદ શે૦ દા૦ ભરૂચા.
અશો ફ્રોહરોને યાદ કરવાના પવિત્ર દવસો (હસ્તપત્ર)	સભા તરફથી.
ફ્રવરદેગાનના દિવસો દસજ છે, અને અઢાર નથી (હસ્તપત્ર)	,,
ફ્રવરદેગાનના દીવસો ઉપર અશોઓનાં ફ્રોહરોને ખુશનુદ કરવાં (હસ્તપત્ર)	,,
આદતાં પુણ્યથી તારણ નહિ મલે (હસ્તપત્ર)	,,
સભાએ બજાવેલાં કામોની એક મુખ્તેસર નોધ	,,
ફ્રવરદેગાનના તેહવારોનાં સંબંધમાં દસતુરો, એરવદો, વગેરે જોગો પત્ર	,,
બીડીની બદી (વઅજ)	એરવદ જી૦ જ૦ મોદી.
મજદાંની યાદ (વઅજ)	,,
મુક્તાદના તેહવારો–તે કેમ ગુજારવા (વઅજ)	,,
મી સદીનાં નામીચાં પારસી નર નારીઓની યાદ – ૩	બ૦ એ૦ પટેલ.
જરતોસ્ત, આપણી જીંદગી (વઅજ)	એરવદ મા. નો. ધાલા.
દાદાર હોરમજદની બે શકિતઓ સપેનામીનો અને ગનામીનો બે (ભાષણો)	ખ. રૂ. કામા.
બેબીલોન્યન લેખોને લગતી છેલ્લી સદીમાં થયલી શોધ ખોળો અને તે ઉપરથી જરતોસ્તી મજહબના પુરાતનપણાં વશે મળતી શહાદતો. (બે ભાષણો)	મેહરજીભાઇ નોશરવાનજી કુકા.
ઉસ્તવદતી ગાથા (ભાષણ)	મેહરાબગોર તેહમુરસ અંકલેસરીઆ.
ફ્રવરદેગાનના દવસો દસજ છે તેના સંબંધમાં ભેગી કરેલી	

શહાદતોનો સંગ્રહ (ચોપાનિયું)	
ફરવરદેગાનના દિવસો દસજ છે તેના સંબંધમાં જબાનશનાસી અને વ્યાકરણને આધારે દસ્તુર દારાબજી પેશોતનજી સંજાણાની તકરારનો આપવામાં આવેલો રદ જવાબ (ચોપાનિયું)	સભાને જવાબ લખી મોકલનારા દસ્તુરો વગેરે જોગા સભા તરફના બે પત્રો.
હમાજોર (વઅજ)	એરવદ જીવનજી જમશેદજી મોદી.
પાદશાહ તરફ ખરી વફાદારી (વઅજ)	,,
ગાહમ્બાર (વઅજ)	,,
સરોશ ખુજસ્તે બાદ ! (વઅજ)	,,
સલ યજદની સ્રષ્ટ (વઅજ)	,,
સાલમુબારક કેમ નવડે! (વઅજ)	,,
દરેક જરતોસ્તીએ રાસ્ત સુધારક થવું જોઇયે (ભાષણ)	એરવદ શે. દા. ભરૂચા.
રાહનુમાએ મજદયસ્નાન સભાની ઉત્પત્તની તવારીખ (ભાષણ)	બ. બે. પટેલ.
રેહનુમાઇ (ભાષણ)	એરવદ જી. જ. મોદી.
રાહનુમાએ માજદયસ્નાન સભાએ બજાવેલી સેવા (ત્રણ ભાષણો)	ખ. રૂ. કામા.
આતશ નિયાએશ અને તેની શરેહ (ભાષણ)	,,
આફ્રીનગાનના કર્દામાં આવેલી જરતોસ્તી પાદશાહ માટેની દુવા, તેની સમજણ અને શરેહ (ભાષણ)	,,
ફરવરદેગાનના તેહવારો બાબે સમજણ (ચાર ભાષણો)	,,
અહુરમજદ, જ્ઞાનનો અખૂટ ઝરો (વઅજ)	એરવદ મા. નો. ધાલા.
'કામ નેમોઈ જામ,' યાને અશો જરતોસ્તની જીંદગીના એક બનાવ ઉપરથી ઉપજતા વિચારો (ભાષણ)	એ૦ તે૦ અંકલેસરીઆ.

અહુનવઇતિ ગાથા (ભાષણ)	બે૦ તે૦ અંકલેસરીઆ.
ઉશતા અહ્માઈ (ભાષણ)	એરવદ જી. જ. મોદી.
સતુમ (વઅજ)	„
રોજ મુબારકા વઅજ)	„
નવાં સાલની વૃદ્ધ (વઅજ)	„
આતશ કદેહોમાં કપાલે લગાડવામાં આવતી રખ્યા- તે ઉપરથી ઉપજતા થોડાક નીતિજનક વિચારો (વઅજ)	„
મીનોઇ જીંદગી (વઅજ)	„
રોજ ફરરોખ બાદો (વઅજ)	„
ખુર્દેહ અવસ્તા બાએ વિવેચન (ભાષણ)	બે૦ તે૦ અંકલેસરીઆ.
નવાં વર્ષની વૃદ્ધ (વઅજ)	એરવદ જી. જ. મોદી.
ગોર્જ ખોરેહ અવજાયાદ (વઅજ)	„
રેવાજ સાથનો ધર્મનો સંબંધ (ભાષણ).	દસ્તુર ડૉ૦ માણેકજી નોશરવાનજી ધાલા.
રાહનુમા સભાના પેહલા સુકાનીઓ-તેમની મુશ્કેલીઓ અને ફતેહ (ભાષણ)	પાહલનજી બરજોજી દેસાઇ.
પારસીઓમાં પેવસ થયલા વેહમો અને તે ઉપરથી બંધાયલા રેવાજો (ભાષણ).	બે. તે. અંકલેસરીઆ.
મહુર્મ શેઠ ખરશેદજી રૂસ્તમજી કામા- તેમની જીંદગી પરથી મળતા ધડા-૧ (ભાષણ)	એરવદ જી. જ. મોદી
(ઉપલીજ બાબત)-૨ (ભાષણ)	„
સંપુર્ણ જીંદગી (ભાષણ)	„
મરહુમ શેઠ ખ. રૂ. કામા- ખુદાની ખુદાવંદી બાએનો તેવણનો એતેકાદ અને તે ઉપરથી મળતો ધડો (ભાષણ)	„
જરતોસ્તી દીનનાં મત મુજબ મરણ પાછળ થવી જોઇતી ધરતી ક્રિયાઓ (ભાષણ)	બેહરામગોર તે. અંકલેસરીઆ

જરતોસ્તી ક્રીયાઓ અને બંદગીની અસર વશે અપાતી સમજણ (ભાષણ)	ધનજીશાહ મેહરજીભાઇ માદન.
જીંદગીનો ખ્યાલ (વઅજ) (View of Life)	ડૉ૦ જી. જ. મોદી
ખરી ધાર્મિક જીંદગી (વઅજ)	,,
જીંદગીમાં લેવી જોઇતી મોજ (વઅજ)	,,
જીંદગી સફળ કેમ કરવી તે માટે ઉમદા નેમોની અગત્ય (વઅજ)	એરવદ નોશરવાન બરજોરજી દેશાઇ.
જરતોસ્તી ધર્મનું આત્મિક બંધારણ (ભાષણ)	દસ્તુર ડૉ૦ મા. નો. ધાલા.
જરતોસ્તી ધર્મનું તવારીખી બંધારણ (ભાષણ)	,,
જરતોસ્તી ધર્મનું આર્થિક બંધારણ (ભાષણ)	,,
જરતોસ્તી ધર્મના બચાવ માટેની લડાઈ અને તેનો બોધ (ભાષણ)	પા. બ. દેશાઇ
મરણ સંબંધી થોડાક વિચારો અને પેગમ્બર જરતોસ્તનાં શિક્ષણ મુજબ વૃદ્ધિ અને સુધારો	ડૉ૦ જી. જ. મોદી.
એક જરતોસ્તીની ફર્જ અને તેના જુદા જુદા પ્રકાર (વઅજ)	એરવદ નો. બ. દેશાઇ.
The Creed of a Zoroastrian: Parts I & II. (બે ભાષણો)	Prof. Pestanji Ardeshir Wadia.
ગાથાની અસલ મોતેબર દીન અને જરતોસ્તીઓની દીની માન્યતાઓ	બે. તે. અંકલેસરીઆ
જરતોસ્તી દીની વચારો અને માન્યતાઓ સાથે સંસારી રેવાજોનો સંબંધ	,,
જરતોસ્તીઓના ફ્રવરદેગાનના તેહવારો અને તેમની માન્યતાઓ	,,

"નવરોજજી ફરદુનજી ઇનામી નિબંધો."

સભાએ જેમ પોતાની તરફથી કેટલાક નબંધો છપાવી પ્રગટ કીધા છે, તેમ સભા મારફતે શેઠ ખ. રૂ. કામાએ અને બીજા ગૃહસ્થોએ સભા મારફતે કેટલાક નિબંધો ઇનામો આપી જાહેર હરીફાઇથી લખાવી મંગાવ્યા હતા. વળી સભાના ૧ લા સરનશીનની યાદગારીમાં સભાએ "નવરોજજી ફરદુનજી પ્રાઇજ ફંડ" ઉભું કરીને પોતાનાં ફંડમાંથી સારા સારા નિબંધો લખાવ્યા હતા તે નીચે પ્રમાણેના સભા તરફથી છપાઇ જાહેર પડયા હતાઃ—

૧—"પરસ્તેશ કરવાને લાયક એકલો પરવરદેગાર છે"—
બનાવનાર એરવદ ખુરશેદજી મીનોચેહરજી કટેલી.

૨—"દુવા નામ સેતાએશ્ની"—તરજુમો તથા શરેહ સાથે—
બનાવનાર એરવદ ખુરશેદજી મીનોચેરજી કટેલી.

૩—"રીસ્તીસ્તાન" યાને ગુજરનાર જરતોસ્તી પાછળની ક્રિયાઓ—
બનાવનાર એરવદ શેહરીયારજી દાદાભાઇ ભરૂચા.(*)

(*) આ ગ્રંથ ૧૯૧૮ માં ફોરટ પ્રિંટીંગ પ્રેસમાંથી મી॰ હોશંગ લેહમુરસ્પ અંકલેસરિયાએ પોતાને ખરચે છાપી પ્રગટ કીધો હતો જે કામમાં સભાનાં ફંડમાંથી તેમને રૂ ૫૦૦) ની રકમ મદદ તરીકે આપવામાં આવી હતી.

પ્રકરણ ૯ મું.
સભાની જયુબિલીએ.

રાહનુમાએ માજદયસ્નાન સભા અનેક રીતે ભાગ્યશાળી છે. આજે તે નજદીક ૭૦ વર્ષની લાંબી બુજર્ગીદાર ઉમરે પુગી છે. એ મુદતમાં તેણે બીજી કોઇ પણ હરીફ મંડળીઓ કરતાં ઘણાં ધરખમ, સંગીન અને લાભકારી કામો બજાવ્યાંછે. એ કામ બજાવવામાં તેને કોઇ દસ્તુરો કે દાવરોને બદલે તેનાજ ધર્માભ્યાસી કારોબારીઓની મદદ મળીછે. વળી જુદા જુદા શમ્સઉલઓલમા દસ્તુરો, બેરોનેટ જેવા શેઠિયાઓ અને યુનિવર્સિટિના ઉંચી પદવી મેળવનારા કેળવાયલા ગૃહસ્થોએ તેની જાહેર મજલિસોમાં પ્રમુખસ્થાનેથી તેનાં રૂડાં કામની સ્તુતિ ગાઇછે.

આ લાંબી જિંદગી દરમિયાન સભાએ બે મરતબે પોતાની જયુબિલી યાને મહોત્સવ ઉજવ્યાછે. તેનો જન્મ ૧૮૫૧માં થયલો હોવાથી ૧૯૦૧ના સાલમાં તેણે પોતાનો કનક મહોત્સવ યાને "ગોલ્ડન જ્યુબિલી"નો ઓછવ પાળ્યો હતો, અને ત્યારબાદ દશ વર્ષે ૧૯૧૧માં તેણે ૬૦ વર્ષની જિંદગીની ખુશહાલીમા હિરક મહોત્સવ યાને "ડાયેમંડ જયુબિલી"નો અવસર પાળ્યો હતો.

૧૯૦૧ની ગોલ્ડન જયુબિલી.

આ ગોલ્ડન જ્યુબિલી વેળા સભાની કારોબાર મંડળીએ એક આખું અઠવાડિયું આ મહોત્સવ પાળવાનો ઠરાવ કીધો હતો, તે પ્રમાણે તા. ૨૪મી નવેમ્બરથી તા. ૧લી ડીસેમ્બર ૧૯૦૧ સુધી ભાષણો, વઅજો અને ધર્મશિક્ષણના ઇનામના મેળાવડાઓ કરીને આ મહાન અવસર ઉજવવામાં આવ્યો હતો. એ વેળા થયલાં કામકાજ વગેરેની તફસીલ નીચે પ્રમાણેની હતી:—

૧—રવિવાર તા. ૨૪મી નવેમ્બરની સાંજે એરવદ શેહરિયારજી દાદાભાઇ ભરૂચાએ "દરેક જરતોસ્તીએ ખરો સુધારક થવું જોઇયે," એ વિષય ઉપર એક વઅજ આપી, જે વેળા પ્રમુખ સ્થાન દસ્તુર સાહેબ કેખુસરો જામાસ્પજી જામાસ્પઆસાનાને આપવામાં આવ્યું હતું.

૨—સોમવાર, તા૦ ૨૫ મી એ દિને સાંજે શમ્સુલ ઓલમા એરવદ જીવનજી જમશેદજી મોદી, બી. એ. એ "રેહનુમાઇ," એ વિષય ઉપર વઅજ આપી હતી.

૩—મંગળવાર, તા૦ ૨૬ મી. એ દિને સાંજે ખાન બહાદુર બહમનજી મેહરામજી પટેલે તૈયાર કરેલું "રાહનુમાએ માજદયસ્નાન સભાની ઉત્પત્તિની તવારીખ" એ નામનું ભાષણ વાંચી સંભળાવવામાં આવ્યું હતું.

૪—૫—૬—બુધવારનો દિવસ ખાલી ગયા પછી, ગુરૂ, શુક્ર અને શની, એ ત્રણુડે દિવસો ઉપર સભાના સરનશીન શેઠ ખ. રૂ. કામાએ "રાહનુમાએ માજદયસ્નાન સભાએ બજાવેલી સેવા" એ નામથી, સભા સામે ખાલી પુકાર ઉઠાવનારાઓની તકરારોનું ખંડન કરવા માટે, ત્રણ ભાષણો આપ્યાં હતાં.

પેહેલાં ભાષણ વેળા સર જમશેદજી જીજીભાઇ (ચોથા બેરોનેટ), બીજાં વેળા દખણુના નાયબ દસ્તુર કૈકોબાદ આદરબાદ જામાસ્પઆસાના અને ત્રીજાં વેળા સર જાંહગીર કાવસજી જાંહગીર નાઇટ (હાલ બેરોનેટ) ને સરનશીનની ખુરસી આપવામાં આવી હતી.

આ સઘળા છ જરતોસ્તી મેળાવડાઓ ધોબી તળાવ ઉપરનાં અન્જુમનનાં આતશબેહરામનાં દીવાનખાનામાં થયાં હતાં, જે વેળા બાનુઓ અને ગૃહસ્થો મોટી સંખ્યામાં હાજર થયાં હતાં, જેમની સમક્ષ સઘળા પ્રમુખ સાહેબોએ સભાને મુબારકબાદી આપી તેનાં કામની તારીફ કીધી હતી.

૭— રવિવાર, તા.૧લી ડીસમ્બર. એ દિને પાછલા પોહરે ૪ કલાકે મર્હુમ શેઠ દાદીશેઠના આતશબેહરામનાં ચોકમાં એક ખાસ મંડપ બનાવીને ત્યાં, સભા તરફથી અપાતી ધર્મ નીતિની કેળવણી લેનારાં ચંચળ બાળકોને ઇનામો આપવાનો એક મોટો ભવ્ય મેળાવડો થયો હતો. સભાની ખુરસી સર દીનશાહ માણુકજી પીટિટ (બીજા બેરોનેટ) ને આપવામાં આવી હતી, જેમણે તથા લેડિ જાંહગીર કાવસજી જાંહગીરે ૧૧૪ બાળકોને ઇનામો વેંહચી આપ્યા પછી, બે સુભાષિત ભાષણો કીધાં હતાં.

ઉપર મુજબ આખાં અઠવાડિયાંમાં સભા તરફથી જે કામો થયાં તે દરમિયાન પહેલે દિને એરવદ શહેરિયારજીની વઅજ શુરૂ થયા આગમજ અત્રેની "જરતોસ્તી ભાઇબંધોની મંડળી" તરફથી સભાની જ્યુબિલીના હિંગામની ખુશહાલીમાં શુક્ર ગુજારીનું જશન કરવામા આવ્યું હતું.

એજ રીતે જ્યુબિલીનો અવસર પુરો થયા બાદ અત્રેની "બજમે જશને રોજે હોરમજદ મંડળી"ના સ્થાપક શેઠ દીનશાહ મેહરવાનજી પુરાની તરફથી ઉપલાજ શુભ હિંગામના સંબંધમાં એક જાહેર ખાણું કરવામાં આવ્યું હતું. આ બન્ને કામો આપણી સભાથી તદ્દન અલગ અને સ્વતંત્રપણે થયાં હતાં, જે બતાવે છે કે સભા અને તેનાં કામો તરફ જરતોસ્તી ખાસ વ આમનો ચાહ આસ્તે આસ્તે કેટલો બધો વધ્યો હતો.

૧૯૧૧ ની ડાયમંડ જ્યુબિલી.

એમ કરતાં એક દાયકો પુરો થઇ ગયો અને ૧૯૧૧ નું સાલ આવી પુગ્યું. તે આપણી સભાની "ડાયમંડ જ્યુબિલી" (હીરક મહોત્સવ) નું વરસ હતું. આ વેળા સભાનું પ્રમુખપદ ખાન બહાદુર દારાશાહ રતનજી ચીચગરના હાથમાં હતું, અને શેઠ કામાજી પછી સભાએ તેમને પોતાના સરનશીન પસંદ કીધા હતા, જેઓ સભાના પુરાણા મેમ્બર અને કારોબાર મંડળીના જુના અધિકારી હતા. શેઠ દારાશાહનાં વડપણ હેઠળ કારોબાર મંડળીએ ઠરાવ્યું કે આ વેળા જ્યુબિલીના મેળાવડા ત્રણ દહાડા સુધી ઉજવવા, અને તે માટે અંજુમનના આતશબેહરામનું દીવાનખાનું પસંદ કરવામાં આવ્યું. આ વેળા સભાના હૈયાત સ્થાપક શેઠ દાદાભાઇ નવરોજજી પોતાની પ્રજાસેવા માટે અર્પણ કરેલી લાંબી જિંદગીની સાંજ પોતાનાં વતનમાં ગુજારવાની મતલબથી વરસોવા (વેસાવા) ખાતે આવી રહેલા હતા, ત્યાં તેમને જ્યુબિલી વેળા પ્રમુખપદ સ્વીકારવાનું માનપૂર્વક ઇજન કરવા માટે સભાના પ્રમુખ, સભાના મુનશી અને બીજા થોડાક કારોબારીઓનું એક ડેપ્યુટેશન આગમજથી ખબર આપીને વેસાવે ગયું હતું, પણ શેઠ દાદાભાઇને તબીબોની સલાહ ન હોવાથી તેઓએ જ્યુબિલી દરમિયાન શામેલ થવાની દિલગીરી સાથ ના પાડી, પણ સભા જોગો એક પેગામ આ મુબારક અવસર વેળા મોકળી આપવાની મેહરબાની કીધી. આવોજ એક પેગામ સભાની પેહલી જ્યુબિલી વેળા શેઠ દાદાભાઇએ પોતાને તે વેળા થયલાં ઇજનના જવાબમાં ઇંગ્લંડથી મોકળી આપ્યો હતો. આ બન્ને પેગામો સભાના મુનશીએ પહેલા દિવસના મેળાવડા દરમિયાન વાંચી સંભળાવ્યા હતા, અને તે બેઉ દસ્તાવેજો આ બાબતની છેવટે ઉતારી લેવામાં આવ્યા છે. આ જ્યુબિલી દરમિયાન થયલાં કામકાજની ટુંક નોંધ નીચે પ્રમાણે છેઃ—

૧ લો દિવસ—શુક્રવાર, તા૦ ૧૦ મી નવેમ્બર ૧૯૧૧.

આ દિને સાંજે સ્ટૅ. ટા. ૬ કલાકે સભા તરફથી ખાસ બનાવવામાં આવેલા તખ્તા ઉપર દખણના વડા દસ્તુર સાહેબ સરદાર કેકોબાદ આદરબાદ દસ્તુર નોશેરવાનજી જામાસ્પઆસાના પ્રમુખ તરીકે બિરાજ્યા હતા, જે વેળા દીવાનખાનું બાનુઓ અને ગૃહસ્થોથી ચીકાર ભરાઇ ગયું હતું, શુરૂઆતમાં "ખલકનો ખાવંદ ખુદા" આ નામનું ગાયન ગવાયા બાદ ખા. બ. દારાશાહ ચીચગરે દસ્તુર સાહેબને ખુરસી લેવા માટે અર્જ[૧] કરતાં ભેગાં થયલાંઓને આવકાર દઇ એક ભાષણ કીધું, જેમ કરતાં સભાએ પોતાની ૬૦ વરસની જિંદગીમાં ખમેલાં દુખો અને મેળવેલી ફતેહ બાબે ઇશારો કીધો હતો.

આ પછી પ્રમુખ દસ્તુર કેકોબાદે એક બહુ ટુક ભાષણ[૧] કરી સભાને મુબારકબાદી આપી અને ભલી દુઆ ચાહી. આ પછી બાળકી અને મોટી ઉમરની છોડીઓનાં તૈયાર રાખેલાં ગીતમંડળે શેઠ દાદાભાઇ નવરોજજી અને રાહનુમા સભાની જ્યુબિલીને લગતાં ખાસ ગાયનો ગાઇ સંભળાવ્યાં. ત્યારબાદ શેઠ દારાશાહ ચીચગરે બીજી વાર ભાષણ કરી સર્વનો ઉપકાર માન્યો, જે પછી પ્રમુખ દસ્તુરજીના હુકમથી સભાના મુનશી મી૦ પા૦ બ૦ દેશાઇએ પોતે તૈયાર કરેલું સભાના શુરૂઆતનાં કામ કાજને લગતું બયાન કરનારૂં ભાષણ સભામાં રજુ કીધું. "રાહનુમા સભાના પેહલા સુકાનીઓ—તેમની મુસ્કેલી અને ફતેહ," એ વિષય ઉપર આ ભાષણ[૨] હતું, જેનું છાપેલું ચોપાનિયું ૩૯ સફા જેટલું થવા ગયું હતું. આ ચોપાનિયું મજલિસમાં સર્વના હાથમાં મુકવામાં આવ્યા પછી મી. દેશાઇએ તે લંબાણ ભાષણનો ટુંક સાર મોહડેથી કહી સંભળાવ્યો; જેમ કરતાં સભાના પ્રથમ આગેવાનો નવરોજજી ફરદુનજી, દાદાભાઇ નવરોજજી, સોહરાબજી બંગાળી વગેરેને પારસી કોમનાં ભોળાં

---

૧ આ ભાષણ બીજા ભાગ ઉપર હતારી લીધું છે. જુઓ પ્ર૦ ૧૦ મું.

૨ આ ભાષણ સભાનાં પુ૦ ૭ માના અંક ૬ મા તરીકે પ્રગટ થયલું છે.

લોકોમાંથી હિંદુઓના અને બીજા જુદદીન વેહમો અને રસમો કાહડી નખાવતાં કેટલી બધી મુશ્કેલી વચ્ચેથી કામ લેવું પડયું હતું, હરીફોની કેવી તાનાજની ખમવી પડી હતી, અને કોઇના પણ આશરા કે મદદ વિના તેઓએ એકસે હાથે કામ લઇને છેવટે કેવી ફતેહ મેળવી હતી તેનો મુખ્તેસર સાર કહી સંભળાવ્યો.

આ કામ પુરૂં થવા બાદ પ્રમુખ દસ્તુરજીએ ઉપલાં ભાષણના સંબંધમાં વિવેચન કરતાં સભાનાં કામોની યોગ્ય સ્તુતિ ગાઇ. તેમનું ભાષણું[1] ખતમ થયા બાદ તથા તેમનો ઉપકાર મનાયા બાદ પેહલા દિવસનું કામ પુરૂં થયું હતું હતું.

૨ જો દિવસ—શનિવાર, તા૦ ૧૧ મી નવેમ્બર ૧૯૧૧.

આ દિને એક મોટા મેળાવડા દરમિયાન પ્રમુખપદ કરાંચીના દસ્તુર ડૉ૦ માણકજી નશરવાનજી ધાલા, એમ. એ, પીએચ. ડી. ને શેઠ દારાશાહ ચીચગરની દરખાસ્ત ઉપરથી આપવામાં આવ્યું. પ્રથમ ગીત મંડળે જ્યુબિલીનું જશન અને શાહાનશાહની તાજપોશીને લગતાં ગાયનો ગાઇ સંભળાવ્યા પછી ગોઠવણ રાખવામાં આવી હતી તે મુજબ પ્રમુખ સાહેબની ફરમાયશ ઉપરથી સભા અને તેનાં કામકાજના સંબંધમાં નીચલાં બાનુઓ અને ગૃહસ્થોએ વિવેચન કીધાં:—એરવદ શેહરિયારજી દાદાભાઇ ભરૂચા, ડૉ૦ જીવનજી જમશેદજી મોદી, મિસ ભીખાઇજી અરદેશર એન્જીનિયર, શેઠ કેરશાસ્પજી રૂસ્તમજી દાદાચાંનજી, શેઠ રૂસ્તમ પેસ્તનજી મસાની, મિસ શીરીનબાઇ બેહરામજી મેહતા અને મીશીસ ગુલબાઇ દાદાભાઇ રાણીનાં.[1]

આ સઘળાં વિવચનો ટુંકાં હતાં, જે પુરાં થયા બાદ પ્રમુખ ડૉ૦ ધાલાએ પણ તેવુંજ એક ટુકું ભાષણ કીધું અને સભાનાં કામને વખાણ્યું. છેવટે પ્રમુખ દસ્તુર સાહેબનો સભાના સરનશીને ઉપકાર માન્યા બાદ મેળાવડો વીખરાયો.

૩જો દિવસ—રવિવાર, તા. ૧૨મી નવેમ્બર ૧૯૧૧

એ દિને સભા તરફથી અપાતી ધર્મનીતિની કેળવણીનું શિક્ષણ લેનારાં બાળકોને ઇનામો આપવાની ક્રિયા થઇ હતી. એ દિવસના મોટા

૧ આ સઘળાં ભાષણો માટે જુઓ પ્ર૦ ૧૦ મું.

મેળાવડાનું પ્રમુખપદ ખાનબહાદુર સરદાર ફીરોજ હોશંગ દસ્તુરને આપવામાં આવ્યું હતું, જે વેળા પાછળા પોહરે આતશબેહરામમાં બાનુઓ અને ગૃહસ્થો મોટી સંખ્યામાં હાજર થયાં હતાં. પ્રથમ ખા૦ બ૦ દારાશાહ ચીચગરે સર્વેને આવકાર દઈ સભા તરફનો સંતોષ જાહેર કીધા બાદ, સભા તરફથી ધર્મ નીતિની કેળવણી લેનારાં બાળકોએ આ કેળવણીનો ખ્યાલ આપનારૂં અસરકારક પ્રોગ્રામ રજુ કીધું. પ્રથમ "મજદયસ્નો અહિ" ની એક ખુદાને પીછાનવાની બંદગી તથા ખુદાઇ ગાયન થયા પછી, રૂ ૬૦ની સ્કૉલરશિપ મેળવનાર જવાન બાઈ મિસ શીરીન ભીખાજી પાવરીએ "નેકીનું સુખ ખરે માર્ગે લઇ જાયછે," એ નામની ટુંકી વઅજમાં કેટલુંક બોધદાયક વિવેચન કીધું, તેમજ રૂ ૪૦ની સ્કૉલરશિપ મેળવનાર મિસ ગુલબાઇ દાદાભાઇ ચોકસીએ "સુખ દુખમાં ખોદાની શુક્ર ગુજારી" બાબે કેટલુંક સુંદર વિવેચન કહી સંભળાવ્યું. કેટલાંક વધુ સુંદર ગાયનો મધુર હલકે ગવાયા પછી પ્રમુખ સાહેબની અર્જ ઉપરથી મિસિસ કુંવરબાઇ ધાલાએ ફતેહમંદ છોકરાંઓને ઇનામો વેંહચી આપ્યાં. આ પછી સરદાર ફીરોજે પ્રમુખસ્થાનેથી ભાષણ કીધું અને શેઠ દારાશાહે તેમનો યોગ્ય શબ્દોનાં ઉપકાર માન્યા બાદ ફુલ તોરા લઇને તથા રાજગીત ગાઇને કાયમંદ જ્યુબિલીનો આ ત્રીજો—મેળાવડો ભારે હર્ષ સાથ વિખરાયો.

જ્યુબિલી વેળાનાં ભાષણો.

સભાની ૧૯૦૧ માં અને ૧૯૧૧ માં ઉજવવામાં આવેલી જ્યુબિલીઓ ટાંકણે તે વેળાના પ્રમુખ સાહેબો વગેરેએ કરેલાં ભાષણોની નોંધ આ ઠેકાણે ભેગી ઉતારી લેવામાં આવે છે.

સોનેરી જ્યુબિલી વેળા અપાયલાં ભાષણો જુદા જુદા ચોપાનિયાંઓમાં પ્રગટ થઇ ચુકેલાં છે, તેમને બાદ કરતાં તા. ૧ લી ડીસેમ્બર ૧૯૦૧ ને દિને ઇનામો આપવાના મેળાવડાનાં પ્રમુખસ્થાનેથી સર દીનશાહ માણેકજી પીટિટ (બીજા) બેરોનેટે નીચે પ્રમાણે ભાષણ કીધું હતું:—

સર દીનશાહ માણેકજી પીટિટ (બીજા બેરોનેટ)નું ભાષણ.

(તા. ૧ લી ડીસેમ્બર ૧૯૦૧)

"બાનુઓ અને ગૃહસ્થો,

રાહનુમાય સભા આજ દિને પોતાની જ્યુબિલી પાળવાને સામર્થવાન થઇ છે તે માટે સભાને તથા તેના સુકાનીઓને મુબારકબાદી

આપું છું. ૫૦ વરસ દરમ્યાન સભાએ શું શું સારાં કામો કર્યાં છે તે વીશે, તથા તેની એ લાંબી કારકીર્દી વિશે ચાલુ અહવાડિયાંમાં પુશકળ બોલાયલું તથા લખાયલું હોવાથી, એ બાએ મારે ઝાઝું બોલવાની જરૂર રહી નથી, તોપણ આ તકે મારે આટલું તો કેહવું જોઇયે કે એ સભાએ પુરવાર કરી આપ્યું છે કે એવી એક સભાની પારસી કોમને ઘણી જરૂરીયાત છે. આ સભાને ઘણી દુશમનાઇ તથા ગેરસમજુતી ખમવી પડી છે. તેનું કારણ એ છે કે તેણે ઉઠાવેલાં કેટલાંક કામો ઘણાં બીકટ છે. સેંકડો વરસો સુધી પારસી કોમપર બીજી કોમોએ રાજ ચલાવ્યું છે, તેથી પારસી કોમની ધર્મક્રિયા સાથે પારકી કોમની રાહરસમો ભેળાઇ ગઇ છે. પારકી કોમની રાહરસમોના પારસી કોમમાં થયલા મજબુત પગપેસારાને લીધે તેને ખરી પારસી ધર્મક્રિયાથી છુટી પાડવાનું બીકટ કામ કરતાં સભાને ઘણી ગેરસમજુતી અને દુશમનાઇ ખમવી પડી છે. આ સભા સ્થાપવામાં આવી ત્યારથી કોમમાંથી શીખેલા તથા આગેવાન ગ્રહસ્થોને તે પોતા તરફ ખેંચતી રહી છે, જે આ સભાની નેમ સારી અને ફાયદાકારક છે તેનો એક અચ્છો પુરાવો છે. આ સભા સાથે કેટલાંક એવાં નામો જોડાયલાં છે કે જે નામોજ એક ખાત્રી છે કે એ સભાની નેમ ઉમદા હોવીજ જોઇયે. મી. દાદાભાઇ નવરોજજી, મરહુમ મી. સોરાબજી શાપુરજી બંગાલી અને મરહુમ મી. નવરોજજી ફરદુનજી જેવા ગ્રહસ્થોનાં નામો આ સભા સાથે જોડાયલાં છે. એ સભાએ પોતાને માથે ઉઠાવેલી કેટલીએક ફરજોમાં મુખ્ય ફરજ કોમનાં બાળકોને ધર્મ કેળવણી આપવાની છે. તે કેવી સંગીન રીતે આપવામાં આવે છે તે આજે બાળકોએ કરેલા સવાલ જવાબો પરથી જણાઇ આવે છે. આ દલગીરીની વાત છે કે સભા હસ્તક ધર્મ કેળવણી લેતાં છોકરાંઓની સંખ્યા જે એક વખત ૧૨૦૦ ની હતી તે આજે ૬૦૦ પર આવેલી છે. એ સંખ્યા જોકે નાની છે, તોપણ જે કેળવણી આપવામાં આવે છે તે સંગીન છે, માટે આપણે તે સારૂં શુકરગુજારી કરવી જોઇએ છે. એ છોકરાંઓ માત પિતા થવાની હાલતે આવશે ત્યારે ધર્મ કેળવણીનાં ફળો પોતે ચાખેલાં હોવાથી તે પોતાનાં છોકરાંને આપવા તેઓ પછાત પડશે

નહી એમ હું ખાતરીથી માનું છું. એ રીતે ધર્મ કેળવણીનો પગપેસારો કોમમાં વધતો જશે. એવાં ભલાં કામ માટે રાહનુમાએ સભાનો આખી પારસી કોમ તરફથી ઉપકાર માનવો જોઇયે છે. પારસી કોમનો ઉપકાર સભા સાથે ગ્રહસ્થ જેવણ તેનાં લોહી અને જીવ સમાન છે, તેવણને પણ ઘટે છે. મારા આ શબ્દો મારા બુઝોર્ગ મિત્ર મી. ખરશેદજી રૂસ્તમજી કામા માટે છે. એવણ જેવા ભણેલા, શીખેલા અને કામેલ ગ્રહસ્થ સભાને સરનશીન તરીકે મલ્યા છે તે માટે સભાને હું મુબારકબાદી આપું છું. તેણે પોતાને એ માટે નસીબવાન સમજવો જોઇયે છે. મારી બેઠક લેવા આગમજ હું દુવા ચાહીશ કે મી. ખરશેદજી રૂસ્તમજી કામાને પોતાની કેટલાંક સારાં કામો પાછલની ભલી નેમમાં ફતેહ પામવા તે કીરતાર એવણને લાંબી જીંદગી બક્ષે!"

લેડી જાંહગીર કાવસજી જાંહગીરનું ભાષણ.

ઉપલાજ પ્રસંગ દરમિયાન ઇનામો વેંહચી આપ્યા બાદ આ બાનુએ નીચલા સખુનો કહી સંભળાવ્યા હતા:—

"ધર્મ કેળવણી લેનારાં બાળકોને ઇનામ આપવાના આજના મેળાવડામાં ભાગ લેતાં મને મોટી ખુશી ઉપજી છે. ધર્મ કેળવણીમાં હું જો પછાત હોઉં તો તેમાં મારો કસુર નથી, કારણકે આગળ બાળકોને ધર્મ કેળવણી આપવાની કશી ગોઠવણ હતી નહી. પણ આજના મેળાવડાએ મને અચ્છો ધડો આપ્યો છે, અને મારાં બાળકોને ધર્મ કેળવણી આપવાની હું ખચીત સંભાળ રાખીશ. આજના મેળાવડામાં હાજર થઇ મેં તમોને કોઇ રીતનું માન આપ્યું નથી, પણ ઇનામો વેંહચવાની તક આપી તમોએ સામું મને માન આપ્યું છે, જે માટે હું તમારો ઉપકાર માનું છું."

ડાયમંડ જ્યુબિલી પ્રસંગે અનેક ભાષણો થયાં હતાં. તા૦ ૧૦ મી નવેમ્બર ૧૯૧૧ ને દિને દખણના વડા દસ્તુર સાહેબને મેળાવડાનું પ્રમુખસ્થાન આપવાની દરખાસ્ત કરતાં સભાના તે વેળાના સરનશીન ખાનબહાદુર દારાશાહ રતનજી ચીચગરે નીચે પ્રમાણેના સખુનો કહી સંભળાવ્યા હતા:—

રાહનુમા સભાના સરનશીનનું ભાષણ.

" માનવંત દસ્તુર સાહેબો અને મિજલસનાં બાનુઓ અને ગૃહસ્થો, આજ દીને આપણી રાહનુમાએ મજદયસ્નાન સભાની ૬૦ મા વરસની ડાયમંડ જુબીલીનો ખુશાલી ભરેલો મુબારક તેહેવાર આપણને પાળવાનો છે, જે ખુશબખતીભરેલો તેહેવાર ઉજવવાને આજે આપણ સર્વે ભેગાં મળ્યાં છીએ. એ અવસરનો મહોત્સવ ત્રણ દીવસો સુધી પાળવાનો રાહનુમાએ મજદયસ્નાન સભાએ પોતે ઠરાવ કીધો છે. રાહનુમાએ માજદયસનાન સભા જે ૬૦ વરસની ઉમરે પુગીછે તે સભા સ્થાપવાનું માન જે પારસી ગ્રહસ્થોને ઘટેછે તેઓ કાંઇ દોલતમંદ નરો હતા નહીં, પણ તેઓ મધ્યમ વર્ગના કેળવાયલા સાહેબો હતા. તેઓ તવંગર આસામીઓ હતા નહીં, પણ તેઓએ જે કેળવણી હાંસલ કીધી હતી તેનાં પ્રતાપથી પોતાની હમદીન કોમની બેહતરી અને ભલાં માટે બળતવારીથી માનભરેલી કોશેશ કરવાની તેઓને ગોયા એક જાતની ખુદાઈ બશારત થઇ હતી, તેથી તેઓ પૈસે પુર નહીં હોવા છતાં ગોયા ખરી તવંગરી હાલતમાં દીપી નીકળ્યા હતા. તરેહવાર કીસમની રંજ અને મુશકેલીથી ભરપુર તેઓની તે વેળાની ખરાં દીલની સાચી મકકમ કોશેશોનું પરીણામ આજે જોઇને તમો ખુશી અને મગરૂર થશો, અને તે માનવંત નરોનાં રૂહપર સદહજાર આફ્રીન કરશો. આપણી તે વેળાની અભણ બાનુઓમાં જે વેહેમો પેવશ થયલા હતા અને કઢંગી જુદદીન બુતપરસ્તી રસમો આપણા પાક ખાલેસ મજહબને નામે આમેજ થયલી હતી તે દુર કરવાની ફરજ તે વેળાના તે ખરા મહાન નરોની ખરાં દીલની કોશેશમાં સમાયલી હતી. તમો જોશો કે એક વેળા જે ઠેકાણે બાનુઓ પગ મુકે નહીં તેવો હીંગામ હતો તે ઠેકાણે યાને આજના જેવા મેળાવડામાં આજે અહીં આપણી કોમની આટલી બધી બાનુઓ વગર દેહેશતે હાજર થઇછે,

તે કાંઈજ નહીં પણ કેળવણીનાં મીઠાં ફળોની બરકત છે કે જે કેળવણીનો પાયો આપણી કોમની બાનુઓમાં આપણી રાહનુમાએ સભાના દુરઅંદેશ સુકાનીઓએજ નાખ્યો હતો. રાહનુમાએ મજદયસ્નાન સભાનો પાયો નાખનાર એક સિવાય બધા નરો હવે ગુજરી ગયાછે એમ જણાવતાં મને દલગીરી ઉપજેછે. તોપણ મને જણાવતાં બેહદ ખુશાલી ઉપજેછે કે સભાના જે એકલા કીર્તિવંત સ્થાપક હજી હઇયાત છે તે આપણા ભલા, પરમાર્થી, દેશભક્ત અને એક ખરેખર મહાન વીરલા માનવંત બુજોરગ શેઠ દાદાભાઇ નવરોજજી છે (જોશબંધ તાલીઓ). આપણી સભાના ડાયમંડ જયુબીલીના ખુશબખ્તીભરેલાં મહોત્સવના સંબંધમાં એક ડેપ્યુટેશન તેવણ સનમુખ ગયું હતું, જે ઉપરથી તેવણે એક માયાકુળ પત્ર લખ્યોછે. (અત્રે ખા૦ બા૦ ચીચગરે મી૦ દાદાભાઇ નવરોજજીએ રાહનુમા સભાના સરનશીનજોગ તેની "ડાયમંડ જયુબીલી" ટાંકણે લખેલો પત્ર વાંચી સંભળાવ્યો હતો, જેની છાપેલી નકલો મેળાવડામાં વેંહેંચવામાં આવી હતી.) આજના આપણા તેહેવારથી તમો સર્વેને ખુશાલી ઉપજેછે, પણ મને તો તેથી સૌથી વધુ ખુશાલી ઉપજેછે, કારણકે એ સભાનો હું પ્રમુખ છું, અને મને કેહેવામાં આવેછે કે સભાના પ્રમુખની ખુરસી મારે છોડવીજ નહી. આ સભાના હાલના કારોબારીઓની જે છાપેલી ટીપ આજે તમોને પુરી પાડવામાં આવીછે તે ઉપરથી તમારા જોવામાં આવશે કે એ કારોબારીઓની સંખ્યામાં ૧૧ ધર્માભ્યાસીઓ તથા તેટલાજ અથોરનાનો છે, જ્યારે આજથી ૬૦ વરસની વાતપર એકજ અથોરનાન જેવણ કાંઈ ધર્મનું જ્ઞાન ધરાવતા હતા નહી અને જેવણ હઇયાત છે તેવણે યાને માનવંત શેઠ દાદાભાઇ નવરોજજીએ મરહુમ શેઠ નવરોજજી ફરદુનજીની સાથે મળીને આ સભા સ્થાપી હતી. શેઠ દાદાભાઇ નવરોજજીએ આવી રીતે મરહુમ શેઠ નવરોજજી ફરદુનજીની સાથે આ સભાનો પાયો નાખ્યા પછી મરહુમ શેઠ ખરશેદજી રૂસ્તમજી કામાજી પાછલથી આ સભાના મોટા સ્થંભ થઇ પડયા હતા, અને તેની બેહેતરી માટે હમેશાં તન, મન ધનથી અતી ખંતીલી કોશેશ ધીરજથી પીઠ પેહોળી રાખીને કરતા રહ્યા હતા. માનવંત શેઠ દાદાભાઇ નવરોજજી જેવા જે અથોરનાને આખી દુનિયામાં આટલીબધી વાખવાખી મેળવીછે, અને જેવણને માટે આપણી

આખી પારસી કોમ તથા બીજી તમામ દેશી પ્રજા આટલીબધી મગરૂર છે તેવણે કહ્યુંછે કે બધા કામાવાળાઓનાં ગુમખા વગર અમો આગળ પડી શકતે નહી. મરહુમ શેઠ ખરશેદજી કામાજીની અને રાહનુમાએ સભાની રૂડી કોશેશનાં પરીણામમાં આજે ધર્મના અનેક અભ્યાસીઓ તો અમારી કારોબાર મંડળીમાંજ છે. મરહુમ શેઠ ખરશેદજી કામાની એક મુખ્ય અને ભલી નેમ આપણા અથોરનાનોને યાને મોબેદ સાહેબોને ચઢતી ઉપર લાવવાની હતી. તેવણે એરવદ શેહેરીઆરજી દાદાભાઇ ભરૂચા, એરવદ આંટીઆજી, એરવદ તેહમુરસ અંકલેસરીઆ વગેરેનો હાથ પકડયો હતો, અને તેઓની બેહેતરી માટેનાં ભલાં પગલાં ભર્યાં હતાં. તેવણ જો આજે હઇયાત હતે બેશક મગરૂર થતે કે તેવણની કોશેશના પ્રતાપથી આટલાબધા ચેલાઓ ઉભા થવા પામ્યાછે. આજે એક દસ્તુર સાહેબે પુનાથી અહીં આવીને અને બાજા એક દસ્તુરજી સાહેબે છેક કરાંચી વેરથી અહીં આવીને આપણને મોટું માન આપ્યુંછે. હું પુણાવાળા સરદાર દસ્તુર કેકોબાદ આદરબાદ તથા કરાંચીવાળા દસ્તુર ધાલા વિશે બોલું છું. બધા અથોરનાન સાહેબો ધર્માભ્યાસીઓ ગણાવ એ ખુશી ખુશાલીની વાત છે. મરહુમ શેઠ કામાજીની પરમાર્થી કોશેશનું એ રૂડું પરીણામ છે. આપણે બધાએ મળીને આપણું કામ ધર્માભ્યાસીઓને આજે સોંપી દીધુંછે, અને આટલા બધા ધર્માભ્યાસીઓ આજે તરી આવ્યાછે, તે બતાવેછે કે અથોરનાન વર્ગને ઉંચી હાલતપર લાવવાની મરહુમ શેઠ કામાજીની નેમ આજે પાર પડીછે. તેવણ સાહેબ આ દુનીયામાંથી વાસો ઉઠાવી ગયાછે એટલે તેવણ સાહેબની કીમતી સેવાઓની કદરશનાસીમાં આજે આપણે એવી દુવા ચાહીશું કે તેવણ સાહેબનાં અશો રૂહપર દરૂદ હોજો. દસ્તુરજી સાહેબ સરદાર કેકોબાદ આદરબાદને હવે હું માનપુર્વક અરજ કરૂંછું કે આજના મેળાવડાનું પ્રમુખસ્થાન લેવાની તેવણે મેહેરબાની ફરમાવવી. આજે પ્રમુખની ખુરશીપર બેસવાની અને ગુજર પામેલા અમારા ભલા માત્રા માટે કાંઇ વિવેચન કરવાની એવણ સાહેબને હું અરજ કરૂંછું. એવણ સાહેબના બીરાજવાથી અમોને મોટું માન મળશે.” (ખુશહાલીની તાલીઓ.)

સરનશીન દસ્તુર સાહેબનું વિવેચન.

આ પછી સરનશીન દસ્તુર કેકોબાદે પ્રમુખપદ સ્વિકારતાં નીચે પ્રમાણે કહી સંભળાવ્યું કે—

" આજના પ્રસંગે તમો બાનુઓ અને ગૃહસ્થોએ મુજ કમતીનને તમારી આજની આ મિજલસનું પ્રમુખપદ આપ્યું તે માટે હું તમો સર્વેનો અંતઃકરણથી ઉપકાર માનું છું. રાહનુમાએ મજદયસ્નાન સભાની ૬૦ વર્ષની ડાયમંડ જ્યુબીલીના સરખા આવા ખુશાલીના પ્રસંગે આજના આ મેળાવડાનું પ્રમુખપદ લેવા માટે અત્રે આવવાથી મને જે મોજ મળીછે અને મારામાં જે જોમ ઉત્પન્ન થયુંછે તે હું સારી રીતે પ્રદર્શીત કરી શકતો નથી. આવાં નેકી અને ખુશીનાં કામમાં જે કોઇ જોડાય તે ખરેજ ભાગ્યશાળી હોવો જોઇએ. તેથી હું મને પોતાને આજે ઘણો ભાગ્યશાળી સમજું છું. આ મંડળીના દુરઅંદેશ સ્થાપનારાઓએ બેશક ઘણી નેક નઇયત અને સારી દિયાનત રાખી હશે, કારણકે તેઓ આપણાથી છુટા પડવા છતાં તેઓનાં નામ આપણી પોતાની કોમમાંજ નહીં પણ બીજી કોમોમાં અને દુનિયામાં મશહુર છે. તેઓમાંના એક આપણા હીંદના માનવંત દાદા આપણા સારાં નસીબે અશો અહુરમજદની મેહેરબાનીથી હજી હઇયાત છે, તેવણ જો આજે અત્રે હાજર હતે તો આપણે મોટી ખુશાલીથી તેવણને સાષ્ટાંગ દંડવત પ્રણામ કરતે. તોપણ તેવણની સંમતીથી આજે આપણે આ મેળાવડો કીધોછે, અને તેવણનો " સ્પીરીટ " આજે અત્રે હાજર છે તે મોટી ખુશાલીની વાત છે. હવે તેવણની સીફતમાં એક ગાયન ગાવાની અત્રે ભેગી મળેલી બાળકીઓને હું એલતેમાસ કરૂં છું."

ખા૦ બા૦ દારાશાહ ચીચગરની વધુ નુકતેચીની.

ખા૦ બા૦ દારાશાહ રતનજી ચીચગર ત્યારપછી ફરીથી બોલ્યા કે—

"માનવંત દસ્તુરજી સાહેબો, બાનુઓ અને ગૃહસ્થો, હું તમારો કીમતી વખત વધારે વાર લેવા નથી માંગતો, પણ મને એટલું તો કેહવાનું છે કે રાહનુમાએ મજદયસ્નાન સભાની ૬૦ વર્ષની ડાયમંડ જ્યુબીલીની જ્યાફતમાં આપણે ખુશાલીનું કામ હાથ ધર્યુંછે. અમારા કાબેલ, લાયક મુનશી સાહેબ શેઠ પાહલનજી બરજોરજી દેશાઇ કે જેવણના

તવારીખના ખંતીલા અભ્યાસ માટે આજે બે મત છેજ નહીં તેવણે કોઇનું પણ દીલ નહીં દુખાય તેવી રીતે આજનો મોકો નોંધવાનો જે તકલીફ લીધીછે તે માટે હું તેવણનો ઉપકાર માનું છું. તેવણની એ નોંધ જ્યાં સુધી અમારાં દફતરમાં નોંધાયલી રહેશે ત્યાં સુધી તેવણનું નામ અમર રહેશે. દસ્તુરજી સાહેબે કહ્યું છે તેમ દિયાનત પાક રાખવાથી બધો તીરસ્કાર વીખેરાઇ ગયોછે, અને આજે નવા જમાના તથા નવી ખુશાલી વચ્ચે આપણે ભેગા મળ્યા છીએ, અને આપણો અથોર્નાન પંથ જે નીચે ઉતરી ગયલો હતો તે આજે ઉંચી પંકતીપર આવતો જાયછે, તે માટે આપણે દાદાર અહુરમજદની નહીં તો કોણની શુકરગુજારી કરીએ? કદાચ તેમાં શેઠ દાદાભાઇ નવરોજજીનો હાથ હોય, પણ એ બાબદમાં ખરી મેહેનત મરહુમ શેઠ ખરશેદજી કામાજીની છે. મરહુમ શેઠ નવરોજજી ફરદુનજી, મરહુમ શેઠ સોરાબજી શાપુરજી બંગાળી, મરહુમ શેઠ ખરશેદજી રૂસ્તમજી કામા, વગેરે કોમનાં સપુતોએ પારસી કોમની જે અમુલ્ય સેવા બજાવી તે હું કહું છું કે ખોદાતાલાની તેઓને પ્રેરણા થવાથી તેઓએ માથે ફહાવી હતી, અને કોમનાં ભલાં માટે તેની બેહેતરીનું કામ આરંભ્યું હતું...અમારા મિત્ર શેઠ પાહલનજી બરજોજી દેશાઇએ આજના ખુશાલીભરેલા અવસર માટે જે નોંધ લખીછે તે માટે હું તેવણને પાછી મુબારકબાદી આપું છું. એવાં અરધો ડજન તવારીખનવેશો જો આપણી કોમમાં ઉગી નિકળે તો કોમની ઘણી બેહેતરી થવા પામે...મારા મિત્ર પાહલનજીએ નોંધનાં છાપેલાં ચોપાનિયાં આજે અત્રે વેહેંચવામાં આવ્યાંછે, અલબતાં વખતની કોટાઇને લીધે તે બધું અત્રે વાંચી સંભળાવવાનું બની શકે તેમ નથી, તોપણ તેમાંથી લાયક ભાગો તમો સનમુખ તેવણ કહી સંભળાવશે."

મેળાવડાના સરનશીનનું ભાષણ.

મુનશી મી૦ પા. બ. દેશાઇના ભાષણ પછી પ્રમુખ સરદાર દસ્તુર કેકોબાદ આદરબાદ દસ્તુર નોશેરવાનજીએ ભાષણ કરતાં જણાવ્યું કે—

" મિજલસનાં બાનુંઓ તથા ગૃહસ્થો, રાહનુમાએ મજદયસ્નાન સભાએ પોતાની ૬૦ વર્ષની હૈયાતી દરમિયાન શું શું કામો બજાવ્યાં છે, અને કેવી સંપૂર્ણ રીતે બજાવ્યાંછે તેની તવારીખ તેના ચંચળ

અને ઉદ્યોગી મુનશી શેઠ પાહલનજી બરજોરજી દેશાઇએ તમોને કહી સંભળાવીછે, તે ઉપરથી તમારી ખાતરી થઇ હશે કે એ સભા દરેક રીતે પોતાનાં નામને લાયક નિવડી છે. "રાહનુમા" એટલે "રસ્તો બતાવનાર". રસ્તો બતાવનારા સોશયંતોને આપણે આપણા અવસ્તામાં યાદ કરિયે છિયે. તેમાં પેહેલા આપણા અશો પેગમ્બર જરતોસ્ત છે, જેવણને દેવની સામે લડત લડનારનો ખેતાબ મળ્યોછે. તેવણે દુનિયામાં ચાલતી અવ્યવસ્થા તોડી મજદયસ્નની અહુરેતકેશનો કાયદો જાહેર કીધો. જે મજહબને આપણે પ્યારથી પાળિયે છિયે, તેનું જે કામ તેજ કામ આ સભાનું છે. જે ગુમરાહ દીનનો તરીકો ભુલી જઇ ઉલટી રીતે ચાલતા તેઓને રાસ્ત રાહપર મુકવાનું કામ આ સભાએ ઉપાડી લીધું. તેની ૬૦ વર્ષની તવારીખ જરતોશ્તી ઇતિહાસમાં સોનેરી હરફે નોંધી લેવા જેવી છે. "Survival of the fittest" નો અચુક કાયદો દુનિયામાં જાએજ છે. ૬૦ વર્ષો સુધી રાહનુમા સભા ટકી રહી તે બતાવેછે કે આ દુનિયામાં સરબસર ચાલવાને તે સામર્થવાન છે. આ કાયદો આપણે દુનિયાની દરેક ચીજમાં જોઇયે છિયે. જેબી કાંઇ મુસ્તકીમ પાયાપર રચાયછે તે આ દુનિયામાં ઘણાં વર્ષો કાહડેછે. મંડળીઓ આજે નિકળી કાલે સુઇ જાયછે. આપણી પુરાની પવિત્ર દીનનો વાવટો આજે તેના થોડા પાળનારા હોવા છતાં દુનિયામાં ઝગકી રહયોછે. તેનું કારણ "Survival of the fittest" નો અચુક કાયદો છે. આપણો તે બુલંદ મજહબ સ્થાપનારનો નિયમ ખરી રાહનુમાઇ કરવાનો હતો. તેજ નિયમ આ સભાનો પણ છે. આ સભાએ શું બીજાં વધારે સારાં લોકોપયોગી કામ કીધાં તે વિશેની ટુંક તવારીખ હું રજુ કરીશ. આપણા લોકોમાં ધર્મને માટેના વિદ્યાઅભ્યાસનો આ સભાએ ઉત્તેજન આપવાથી પ્રસાર થયોછે. મર્હુમ શેઠ ખરશેદજી રૂસ્તમજી કામાજીએ તનમન અને ધનથી એટલોજ કસદ કીધો હતો કે અથોરનાનો આગળ વધે. એ નિષ્ટામાં તેવણ થોડા પણ પાર પડયાછે. એ ટોળામાં પેહેલાં થોડાજ દસ્તુરદાવરો ધર્મનો અભ્યાસ કીધેલા હતા ત્યારે મર્હુમ શેઠ કામાજીએ એરવદો શેહેરીયારજી ભરૂચા, તેહેમુરસ્પ અંકલેસરીઆ, કાવસજી કાંગા, એદલજી આંટીઆ, જીવનજી મોદી, વગેરે જેવા અથોરનાન ધર્માભ્યાસીઓ પુરા પાડયાછે. તેઓએ આપણી ભલી

દીનનાં દફતરો ખોળી જે જેહેમત ખેંચીછે તે તમોને દીવાની માફક રોશન છે. ભણીને આગળ વધતા એવા અથોરનાનોને ટેકો આપવાની જરૂર છે. એક સંસ્કૃત કવી કહેછે કે એક અમુલ્ય માણક તમો હાથમાં ધરો તો તે તમને શોભા આપશે નહિ, સિવાય કે તેને સોનામાં મઢી લીધું હોય. તેજ મિસાલ લાકડીના ટેકા વગર એક સુંદર વેલો બગીચામાં ખીલે નહી, તેમજ ભરથારના આશરા વગર ઓરત સૌભાગ્યવંતી કહેવાય નહિ. તેજ મિસાલ શિખેલાઓ રાજા તથા બીજાઓના ટેકા વગર વધી શકે નહી. એવા અભ્યાસીઓને જેટલો જોઇએ તેટલો આશરો મળતો નથી. જે કોશેશ આ સભાએ કીધીછે તેને પગલે ચાલી બીજાઓએ તેવી કોશેશ કરી વધુ શીખેલા અથોરનાનો બાહેર પાડવા જોઇએ. રાહનુમાં સભાએ વળી ઉપયોગી દફતરો પણ બાહેર પડયાંછે. આ સભા ટકી રહેવાનું કારણ એ છે કે તેની પાસે ૩૪૦ થી રૂ. ૪૨ હજારનું ધરખમ ફંડ છે. સભાએ હજારો રૂપિયા ખરચી ૭ ચોપડીઓ બાળકોના ધર્માભ્યાસ માટે એરવદ શેહેરીઆરજી ભરૂચા પાસે તૈયાર કરાવીછે, તેમજ કાબેલ ઓલમાઓ પાસે તેણે ધર્મની બાબતો ઉપર ઉપયોગી ભાષણો કરાવ્યાંછે. તેનું એ બધું કામ બહુ સ્તુતીપાત્ર છે, જે માટે તેના કારોબારીઓને હું શાબાશી આપુંછું. આજના શુભ અવસર માટે રાહનુમાએ મજદયસ્નાન સભાના સુકાનીઓને હું ખરાં દીલથી મુબારકબાદી આપુંછું, અને દુઆ ચાહુંછુ કે ભવિષમાં તે હજી વધુ ઊપયોગી કામો બજાવવાને અને બીજી અનેક જ્યુબિલીઓ ઉજવવાને ભાગ્યશાળી થવા પામે."

તા૦ ૧૧ મી નવેમ્બર ૧૯૧૧ ને દિને યાને જ્યુબિલીને બીજે દાહડે દસ્તુર ડૉ૦ માણેકજી નશરવાનજી ધાલાના પ્રમુખપદ દરમિયાન એ સાહેબ માટેની દરખાસ્ત ખા૦ બ૦ દારાશાહ ચીચગરે મુકયા પછી દસ્તુર સાહેબની એલતેમાસ ઉપરથી "રાહનુમા સભાએ બજાવેલી પારસી કોમની સેવા" બાબે નીચલાં ભાષણો થયાં હતાંઃ—

૧—એરવદ શેહરિયારજી ભરૂચાનું ભાષણ

એરવદ શેહરિયારજી દાદાભાઇ ભરૂચાએ સરનશીન દસ્તુર ધાલાની ફરમાશથી પોતાના વિચારો નીચે મુજબ કહી સંભળાવ્યાઃ—

"સરનશીન સાહેબ, બાનુઓ અને ગૃહસ્થો, જ્યુબિલીના આ શુભ પ્રસંગે ઘણું બોલવાનું સર્વેનાં મનમાં હોય, પણ બીજા વિદ્વાન

ઉલટમંદ જવાન બોલનારા હવે બાહેર આવે તેથી મારા જેવા જૈફ, નાતવાને ટુંકમાં બે ચાર સાધારણ રીતે વિચાર કહી જવા એમ હું ધારૂંછું. એટલા માટે હું ટુકમાં બોલીશ. ગઈ કાલે જ્યુબિલીનો પેહલો દિવસ હતો અને આજે બીજો દહાડો છે. જ્યુબિલી એટલે શું? એક શુભ બનાવની યાદગારીનો વાર્ષિક દિવસ—તેનું જશન—તે જ્યુબિલી કેહવાયછે. જ્યુબિલીના વિચારો સાલગિરેહ સાથે મળતા આવેછે. સાલગિરેહને દહાડે પરવરદેગારે સલામત રાખ્યા તે માટે તે બારેહકતાલાનો ઉપકાર માની કીધેલાં કામોનો વિચાર કરવો જોઇએ અને હવે પછી શું કરવું તેનો દરિયાફ્ત કરવો જોઇએ. તેજ મિસાલ રાહનુંમાએ માજદયસ્નાન સભાએ આજે શુક્રાના કરવાના છે કે તે ૬૦ વર્ષો સુધી ટકી રહી. તે માટે તેણે તે કિર્તારનો ઉપકાર માનવો સજાવાર છે. ગયાં ૬૦ વર્ષોમાં શું થયું તે જો વિસ્તારીને બોલવા બેસિએ તો કલાકો નિકળી જાય, તેથી હું ટુંકમાંજ બોલીશ. ૬૦ વર્ષના અરસામાં જે મુદત વહી ગઇ તે બે તબકકામાં વહેંચાયલી છે. તેમાંનો એક આગળો તબકકો છે, અને બીજો પાછલો તબકકો છે. આગળા તબકકાની મુદત ૧૮૫૧થી ૧૮૮૬ સુધીની છે, અને પાછલા તબકકાની મુદત ૧૮૮૬ થી આજ સુધીની છે. આગળા તબકકાની તવારીખ આ સભાના કાબેલ મુનશી અને નામીચા તવારીખનવેશ શેઠ પાહલનજી બરજોજી દેશાઇએ તમો સન્મુખ ગઇ કાલે રજુ કીધી હતી. પાછલા તબકકાની હકીકત તમોને કહી સંભળાવવાની ઘણી આનાકાનીથી હું પરવાનગી માગુંછું, કારણકે કોઇક વખત કાંઇ અંગત જો આવી જાય તો તે સારૂં લાગે નહી. પાછલા તબકકાના રાહનુમાએ માજદયસ્નાન સભાના Moving spirit, સરદાર, સિપાહસાલાર, કમાન્ડર-ઇન-ચીફ, જે કહો તે, બેહેસ્તનશીન શેઠ ખરશેદજી રૂસ્તમજી કામાજી હતા, જેવણનાં રૂહપર હજારોહજાર દરૂદ હોજો! તેવણે આ સભાને પોતાનું તન, મન અને ધન અર્પણ કીધેલું હતું, અને અમોને કાંઇપણ રીતની કાંઇબી ચિંતા મુદ્દલ હતી નહી. ફલાણું તો કામાજી જોશે, ફલાણું તો કામાજી કરશે, ફલાણું તો કામાજી ઉપાડી લેશે, એવી અમોને નચિંતાઇ હતી. તેવણ જો હૈયાત હતે તો આજનો આ મેળાવડો જોઇને તેવણ બેશક ઘણા ખુશી થયા હતે. પણ આપણે એટલું તો ખાતરીથી માનીશું કે જ્યુબિલીનાં જશનના આજના

ખુશખબ્બીભરેલા મેળાંવડાથી તેવણનું ફ્રોહર ખચીતજ ખુશી થશે. મહુંમ શેઠ ખરશેદજી કામાજી સાથે એવણના જેવાજ ખંતીલા કેટલાક હમશરીકો હતા. પેહલાં તો મને મહુંમ શેઠ કેખુશરો નવરોજજી કાબરાજીનું નામ યાદ આવેછે. તેવણનું આ જેહાનથી જવું તે આપણી કોમને મોટા ગેરલાભ સમાનનું છે. બીજા બેહેસ્તનશીન શેઠ નાનાભાઇ રૂસ્તમજી રાણીના હતા. તેવણ ગુજરાતીના મોટા ઉસ્તાદ અને ડીક્ષનરી બનાવનાર હતા. ત્રીજા મહુંમ ખાં૦ બા૦ બહમનજી બેહરામજી લપટે હતા. એ પારસી તવારીખનવેશના જેવા મેહનતુ અને ખંતીલા, અથાક રીતે કામ કરનારા બીજા થોડાજ નરો આપણામાં હશે. ત્યારપછી અમારા અથોરનાન શેઠ જામારપજી એદલજી દાદાચાંદજી આવેછે. તેવણ સાચવટ-વાળા, બાહોશ, હિમતવાન, કોઇથી ડરે નહિ તેવા, અને ખરૂં લાગે તેજ કરનારા ગૃહસ્થ હતા. એક અમારી તરફના શિક્ષક એરવદ મેહર-નોશજી હતા. તેવણેબી રંજ ખેંચવામાં કાંઇ બાકી રાખ્યું હતું નહિ. એટલા સાહેબો રાતદિવસ મહુંમ શેઠ કામાજીની રાહબરીમાં કામ કરતા હતા. એ સાહેબો બેહેસ્તમુકામ પોહોંચ્યાછે. હૈયાત સાહેબોમાં એક અમારા ખાં૦ બા૦ દારાશાહ ચીચગર છે. હું કાંઇ એવણને માખણ લગાડવા માંગતો નથી, પણ એવણના જેવા કારેસાજી કરનારા ન હોય તો મહુંમ શેઠ ખરશેદજી કામા એટલું બધું કરી શકે નહિ. ખાં૦ બા૦ દારાશાહ પછી મારા ઇક મિત્ર અમારા મુનશી શેઠ પાહલનજી દેશાઇ આવેછે. હું એવણ સાહેબને માનપૂર્વક અર્જ કરૂંછું કે જેમ એવણ સાહેબે રાહનુમા સભાના આગળા તબકકાના મુખ્ય અગ્રેસરોની તવારીખ આપીછે, તેમ ૧૮૮૬ થી આજસુધી જે જે બનાવો બન્યાછે તેની તવારીખ આપવાનું એવણે માથે લેવું. એવણ જો એ વાત માથે લે તો ઘણું "Misunderstanding" તથા "Misrepresentation" નિકળી જઇ ખરી "Facts" આપણી કોમની જાણમાં આવવા પામે. એ તો ગઇગુજરીની વાત થઈ. આપણી સભાએ તથા કોમે હવે પછી શું કરવાનુંછે તે વિશે મારા ઉધરતા જવાન મિત્રો જેઓ અમારી જગા લેશે તેઓને મારે બે સુચના કરવી છે. સર્વે જવાનિયાઓને હું કહુંછું કે "public affair" યાને કોમનું જાહેર કામ તે કાંઇ આવાની ચીજ નથી. તે એક ઘણું ભારી ગાડું છે. તે ગાડું જેનામાં

શકિત હોય તેણેજ ઘસડવું. "પબ્લીક" નાં ગાડાં ઘસડવાં એ કાંઇ ખાવાનું કામ નથી. "પબ્લીક"માં આવનારા સાહેબોએ લખી રાખવું કે તમોને જે કરવાનું તે "પબ્લીક"ની ખાતરજ કરવાનું છે, પણ તમારો બધો વિશ્વાસ તે સર્વશકિતમાન દાદારપર રાખવાનો છે. તમોને દુઃખ, સતાવણી, વગેરે તો બહુ બહુ થશે, પણ અંતે તે સાહેબ આ જેહાનમાં નહિ તો પેલી જેહાનમાં ચહારમની બામદાદે બદલો આપશે એમ પકકી ખાતરીથી માનવું, એ મારી નમ્ર ભલામણ છે. તે કિર્તાર જે કામ પસંદ કરે તે કરવું, પછી ભલેને લોકોને તે ગમતું હોય કે નહિ હોય. કબીરે કહ્યુંછે કે તું તારા ખુદાને યાદ કર, અને અહિં ગમે તે બને તેની દરકાર ના કર. ખરેખર, મારાં ભાગ્ય હશે કે મને એવા મુરબીઓ મળ્યા કે જેઓએ મને લાખોની દોલત નહી, પણ સારી સલાહ આપી. મર્હુમ શેઠ સોહરાબજી શાપુરજી બંગાળી જેવા કારસાજ અને દુર અંદેશ કોઇ નહિ. તેવણ મને કેહતા કે 'કેમ શેહરિયારજી ભાષણ નહિ કરતા કે?' હું તે ઉપરથી મારા બખાળા કાહડું ત્યારે તેવણ કેહતા કે 'એક ભાષણ કરો, પણ જે બાબતપર ભાષણ કરો તેપર પુખ્ત અભ્યાસ કરીને બોલો.' તેવણ તથા મર્હુમ શેઠ કામાજી કેહતા હતા કે તરેહવાર ટીકા થાય અને સતાવણી થાય તેની દરકાર ના કરો—એ બધું વીટી જશે. બસ તમે જે કામ માથે લીધું છે તે બધો વખ્ત ખંતથી કરો."

૨-એરવદ જીવનજી જમશેદજી મોદીનું વિવેચન.

શમ્સ ઉલ ઓલમા એરવદ જીવનજી જમશેદજી મોદી બી. એ. એ એ પછી જણાવ્યું કે—

"દસ્તુર ડૉ૦ ધાલા, બાનુઓ અને ગૃહસ્થો,

"આજે આપણે રાહનુમાએ મજદયસ્નાન સભાની ડાયમંડ જ્યુબીલીના મુબારક પ્રસંગે ભેગા મળ્યા છિયે. કહેછે કે જ્યુબીલી શબ્દ એક હીબ્રુ શબ્દ છે, જેના ધાતુને "trumpet" યાને સીસોડી સાથે સંબંધ છે તેથી આજે આ સભાએ પોતાની "trumpet" ફુંકી ખુશહાલી જાહેર કરવાની છે. અસલી યહુદીઓના, સાત સાત વર્ષના, અઠવાડયાંની માફક મુકરર કીધેલા હીંમામો હતા. ૫૦ વર્ષે તેઓ

જ્યુબિલીનું "trumpet" વગાડતા હતા. આજે રાહનુમાએ મજદયસ્નાન સભાની ૬૦ વર્ષની ડાયમંડ જ્યુબિલીનો જે અવસર છે તે અવસરપર હું તમો સન્મુખ ખાસ ખુશાલીની લાગણી સાથે ઉભો છું. મેં આજ મહીનામાં અહુરમજદ રોજે મારૂં ૫૭ મું વર્ષ પુરૂં કીધું છે. તેથી આ સભાના શરૂઆતના પેહેલા તબકકા માટે હું કાંઇ બોલી શકતો નથી. પણ પાછલા તબકકા માટે હું બોલી શકીશ. જેમ વિધ્યા સંબંધી અભ્યાસનાં સંબંધમાં હું "જ્ઞાન પ્રસારક મંડળી" ને મારી માતા તરીકે લેખું છું, તેમ ધર્મ સંબંધી મારાં ભાષણો તથા અભ્યાસના સંબંધમાં આ સભા તરફ હું મારી માતા તરીકે જોતો આવ્યોછું. હું એ સભાઓને ઘણો આભારી છું. મારી જાહેર જિંદગીનાં ૪૦ વર્ષમાંનાં ૧૦ વર્ષ થયાં હું આ સભા સાથે સીધી રીતે જોડાયલોછું. એક મંડળી તરફ મારી દીલસોજી હોવા છતાં મારા વિચારો મંડળીના વિચારો સાથે બંધાઇ નહી જવા માટે હું મંડળીઓથી છુટો રેહતો આવ્યોછું, તેમ હું આ સભાથી દૂર રહયો હતો; પણ મહુર્મ મી૦ ખરશેદજી કામાએ ૧૦ વર્ષપર મને પત્ર લખ્યો કે રાહનુમા સભાની કમિટીમાં મહુર્મ મી૦ કટેલીનાં મરણથી જગા ખાલી પડીછે, તે ખાલી પડેલી જગા મારે પુરવી. તેવણે જણાવ્યું કે સભાના હૈયાત મેંબરો ઘણીક બાબતોમાં અકેકથી ઘણા જુદા પડેછે. કદીબી સંપુર્ણ એકમતી તો હોઇ શકે નહિ એવણના આ શબ્દોથી હું એ મંડળીની કમિટીમાં જોડાયો હતો, તો જોકે એક ભાષણકર્તા તરીકે હું ઘણો લાંબો વખત થયો તેની સાથે જોડાયલો હતો. એવણે મને કહ્યું કે "broad principle" માં આપણે એકમત થઇ શકયે, પણ વિચારોમાં છુટા પડી શાકયે. તે "broad principle" પર આ સભાની ૫૦ વર્ષની જ્યુબિલીપર મારી વાઅજોની એક ચોપડી મેં તેને અર્પણ કીધી હતી. તે "broad principle" તે "progress" છે. કાળ, સ્થિતિ અને સંજોગને શરણ થઇને, અચળ નિયમને તોડયા વગર આપણે આગળ વધવું જોઇયે. આ સભા તરફ હું મમતાથી જોઉંછું તેનો એક સબબ એ છે કે એ સભા તરફથી મેં જેટલાં ભાષણો આપ્યાંછે તેટલાં બીજા કોઇએ આપ્યાં નથી. મેં તેની તરફથી ૨૮ ભાષણો આપ્યાંછે. મારા ભલા અને ભણેલા મિત્ર એરવદ શેહરિયારજીનાં ભાષણોને હું ગણુતો નથી, કારણકે તેવણ આ

મંડળીના એક અમલદાર હતા. હું સંતોષ સાથે કહુંછું કે મેં જે ભાષણો આપ્યાં છે તે અભ્યાસ સાથે આપ્યાંછે અને તે સઘળાં મેં પ્રગટ કીધાંછે. સભાની ૫૦ વર્ષની જ્યુબિલીપર મારી વાઅજોનું પેહેલું પુસ્તક મેં આ સભાને અર્પણ કીધું તે પછી તેવા બીજા ત્રણ ભાગો હું બાહેર પાડી શકયોછું. હું મારૂં પાંચમું પુસ્તક રાહનુમા સભાને તેની ૬૦ વર્ષની જ્યુબિલી માટે અર્પણ કરૂંછું, જેના પ્રુફો હું આ તકે એ સભાના સરનશીનને આપવાની રજા લઉંછું. સભા તરફ હું માતાની મમતાથી જોતો આવ્યોછું. એક ભાષણકર્ત્તા સભાપર કાંઇ ઉપકાર કરતો નથી, પણ જે સભા ભાષણકર્તાને અભ્યાસ કરી ચપળ બનવાની તક આપેછે તેનો તે આભારી છે. "આપણ તો કેહેનેવાળા પણ કરનેવાળા નહિ". આ મંડળી હજુરનાં ભાષણોથી મારી 'કેરેકટર' પર અસર થઇછે, જે માટે હું આ મંડળીનો આભારી છું. હું એરવદ શેહરિયારજીએ જણાવેલા ગૃહસ્થો સાથે સંબંધમાં આવ્યો હતો, પણ હું સૌથી વધુ મર્હુમ શેઠ કામાજી સાથે સંબંધમાં આવ્યો હતો. મર્હુમ મી૦ નવરોજજી ફરદુનજીનાં પ્રમુખપણાં હેઠલ હું ફ૦ કા૦ ઇન્સ્ટિટયુટમાં ઉભો હતો. મારા મિત્ર શેઠ પાહલનજી દેશાઇએ કહ્યુંછે તેમ આગળનું ઝનુન તથા જોર નરમ પડયુંછે, પણ મને યાદ છે કે સભા સાથના મારા સંબંધને લીધે મારી ઉપર શક દેખાડવામાં આવ્યો હતો. આ સભામાં પેહલવેહલો ભાગ લીધા પછી એક ધર્મગુરૂ તરીકે મને એક મરનારની બાજની ક્રિયામાં જવું પડયું હતું. તે ક્રિયા કરાવનાર ગૃહસ્થે મને તે વેળા એવું કહીને દિલગીર કીધો હતો કે 'કેમ જીવનજી, તમે તો રાહનુમા સભામાં ભાગ લઇ આવ્યા, ત્યારે પછી કેવાં અંતઃકરણથી તમો ક્રિયાકામ કરશો ? બાજની ક્રિયા તો એ સભા ભુસી નાખવા માંગેછે.' તે શબ્દો મેં મોટી દિલગીરી સાથે સાંભળ્યા હતા. રાહનુમા મજદયસ્નાન સભાના સભાસદોની એક મૂખ્ય નેમ ધર્મગુરૂઓને ચહડતી સ્થિતિમાં લાવવાની કોશેશ કરવાની હતી. મર્હુમ શેઠો કામા, બંગાળી, પ્રુશિયા, નવરોજજી ફરદુનજી, એ સઘળા મધ્યમવર્ગના ગૃહસ્થો હતા. તેઓ પૈસાની 'એરીસ્ટોક્રસી' નહિ પણ 'મૅન્ટલ એરીસ્ટોક્રસી' ધરાવતા હતા. તેઓ ધર્મગુરૂઓના વર્ગના સાચા મિત્ર હતા તે યાદ રાખજો. ઉધરતા જવાન મોબેદોને ઉતેજન આપવાની

તેઓ કોશેશ કરતા. તેવી કોશેશ સર્વથી વધુ મારા મર્હુમ મિત્ર શેઠ કામા કરતા હતા. સભાની ગઇ જ્યુબિલી ટાંકણે શેઠ દાદાભાઈ નવરોજજીએ લખેલા પત્રમાંના બે શબ્દો મારૂં ખાસ ધ્યાન ખેંચે છે. તે શબ્દો તે 'spiritual and social life' progress માટે તેવણે કીધેલા ઇશારાને લગતા છે. મારા મિત્ર એરવદ શેહેરિયારજીએ ભવિષ્ય માટે સુચના કીધી છે. મારી સુચના એ છે કે આપણા ટોળાની 'spiritual and social life' આગળ વધારવા માટે હવે પછી સભાએ કામ કરવું છે. વિચારઆચારની 'કનજર્વેટિવ' અને 'લિબરલ' એવી બે ટોળી છે. હું 'કનજર્વેટિવ લિબરલ' છું. સુધારા માટે આપણને જુના વખ્તપર નજર કરવાની છે. સભાએ ભાવષ્યમાં 'spirial and social life' ના 'progress' માટે અને ખાસ કરીને 'spiritual liie ના 'progress' માટે કોશેશ કરવાની છે. ક્રિયાઓ તથા રિવાજો માટે ઘણું બોલાયુંછે. હું એવું માનુંછું કે ક્રિયાઓ અને રિવાજો કેટલીક હદે જાળવી રાખવાની જરૂર છે. તે ઉપરનો કીટ કાહડીને તે જાળવી રાખવાની જરૂર છે. લોખંડના સળ્યાપર કીટ ચહડવાથી આપણે સળ્યો કાહડી નહિ નાખતાં કીટ કાહડી નાખવો જોઇયે. તેજ મિસાલ ક્રિયાઓ અને રિવાજો ફેંકી નહિ દેતાં તે ઉપરનો કીટ કાહડીને ફેંકી દેવો જોઇયે. વળી યાદ રાખવું કે તમારા ધર્મના રીતરિવાજો ઉપરથી બીજી કોમોમાં તમારી પ્રતિષ્ઠા નહિ થશે. પણ એક જરતોસ્તી પોતાની 'કેરેકટર' માં કેવો છે, તેની વર્તણુક કેવી છે, અને ખુદાતાલાની પીછાનમાં તે કેવો છે તેપર જરતોસ્તી કીર્તિનો આધાર છે. માટે જરતોસ્તી કોમના નીતિમાન જિંદગીના સુધારાવધારા માટે વધારે કોશેશ કરવી જોઇયે, અને તે માટે આ સભાએ ભવિષ્યમાં મજબૂત કોશેશ કરવી જોઇયે....મર્હુમ મી૦ કામાને પેહલી પંકિત આપવી જોઇયે કે જેવણે આ મંડળીનાં કામોને આગળ વધારવાની પુખ્ત કોશેશ કીધીછે. આજના ડાયમંડ જ્યુબિલીના પ્રસંગે મારૂં પાંચમું પુસ્તક જેમાં રાહનુમા સભા તરફનાં મારાં ભાષણો છે તે હું એ સભાને અર્પણ કરૂંછું. ખુદાતાલા જો મને જીવતો રાખે તો બીજાં ૧૦ વર્ષ પછીની જ્યુબિલીપર હું એક બીજું વધુ પુસ્તક એ સભાને અર્પણ કરવાની આશા રાખુંછું."

૩—મિસ ભીખાઇજી એન્જીનિયરનું ભાષણ.

મિસ ભીખાઇજી અરદેશર એન્જીનિયર, એમ. એ. એલએલ. બી. એ ત્યારપછી ભાષણ કરતાં જણાવ્યું કે—

"આજે જ્યારે આપણે રાહનુમાએ મજદયસ્નાન સભાની ડાયમંડ જ્યુબિલી ઉજવવાને એકઠાં થયાં છિયે ત્યારે હું તમો સન્મુખ ટુંક વિવેચન કરવાની રજા લઉંછું. રાહનુમાએ સભાના સ્થાપકો, તેઓની નેમ અને હેતુ, તેઓની મુશ્કેલી અને ફતેહ વિશે મી૦ પાહલનજી દેશાઇ આપણી આગલ વિવેચન કરી ગયાછે, એટલે તે સઘળું ફરીથી નહી બોલતાં હું ફક્ત એકજ બાબત જેના સંબંધમાં આ સભાએ સર્વથી બળતવાર લડત ચલાવીછે તે ઊપર બે બોલ બોલવા માંગુછું. એ બાબત એવી છે કે જે વિષે બે મત છેજ નહી અને તે બાબત આપણામાં પેવસ થયલા ખોટા વેહમો છે, જેવાકે સહિયેડ તથા ગોવરા વખતે ભુલેશ્વર માનતા મોકળવી, હોળી અને તાબુત વખતે રોજા પાલવા, છઠ્ઠી, રાંડેલ ચોખિયાર ભરવી, કાળી ચૌદસપર તાડી છાંટી ઇંડા બાંજવાં, પોતાના ધણી કે સાસુ અથવા નણંદને વશ કરવાને વેહેજાં હાથ ધરવાં અને એમ એવા અનેક બીજા વેહમો જે દરેક સાચ્ચા જરથોસ્તીને લજાવનારાં છે. કદાચ તમે કહેશો કે આ એકનોએક પીંજનપાટલો છે. મારા વિચાર એ બાબત એવી છે કે જેમ એની ઉપર વધારે નિબંધો લખાય અને ભાષણો થાય અને લોકોનાં મગજ ઉપર એ રશમો પાલવાથી થતી બુરી અસરોનો છાપ જેમ વધુ પડે તેમ વધુ ફાયદો થાય. ઘણાં બાનુઓ અને ગ્રહસ્થો એ વેહમોની ખોટી અસરો જાણેછે અને પિછાનેછે અને તે છતાં તેઓ તેમાં મશગુલ થાયછે એ ખેદકારક છે. તમારામાંના ઘણાઓ એવાં હશે કે જેવો એવા વેહમોને જાણવા છતાં તેથી હાથ ઉઠાવતાં નથી, પણ હું આશા રાખીશ કે જો આપણી ઉગ્રતી ઓલાદને એ વેહમોથી દુર રાખવાને ઘટતાં પગળાં લેવામાં આવે તો તેઓને આપણી કોમમાંથી નાબુદ કરવાને બની આવશે. એ વિશે બોલતાં મને યાદ આવેછે કે આશરે ચાર પાંચ વર્ષની વાત ઉપર આપણા શેહરના જાણીતા રહીશ શેઠ દીનશાહ મેહરવાન ઇરાનીએ નવસારીનાં બાનુઓ પાસે એ માટે એક ઇનામનો રેસાલો લખાવ્યો હતો. તે રેશાલાની બાબત નવસારીનાં બૈરાંઓમાં

વેહમ અને તેને અટકાવવા માટે શું શું ઉપાયોની જરૂર છે એ હતી. તે મારી ઉપર તપાસ માટે આવ્યા હતા અને ત્યારેજ મેં જાણ્યું કે હજુ પણ મુંબઇ કરતાં દેશાવરમાં એવા ખોટા વેહમો ઘણા જોવામાં આવે છે.

"આપણે વગર આંચકીએ કબુલ કરીશું કે આપણામાંથી એ વેહમો ટાળવાને રાહનુમા સભાના સુકાનીઓએ હિમતથી લડત ચલાવીછે અને તેનાં શુભ પરિણામમાં એ વેહમો આપણામાંથી ઘણે દરજ્જે ઓછા થવા પામ્યાછે, પણ દિલગીરી સાથ કેહવું પડેછે કે એ ખોટી રસમો અને નઠારા વેહમો આપણામાંથી તદન નાબુદ થયા નથી, અને તેમ કરવાને માટે રાહનુમા સભા સાથ મળીને આપણે પણ તેને મદદ કરવામાં ફાલો આપવો જોઇયે. જ્યાંજ્યાં એ ખોટા વેહમો જોવામાં આવે ત્યાંત્યાં એ સભાએ અખ્તિયાર કરેલી રૂઢીએ, એટલે નરમાસ, ધીરજ, અને ભલમનસાઇથી કામ લઇ, લોકોના શકો દુર કરી, તેમને દાખલા દલીલોથી સમજણ આપીને આપણે સર્વ જણ કામ કરિયે તો હું ખાતરીથી કહુંછું કે એ ખોટી રસમોને હવે સેહજ વખતમાં નાબુદ કરવાને આપણે ઘણાં ફતેહમંદ થઇશું.

"શું દસ્તુર કે શું બેહદીન દરેક જણ એક અવાજે કબુલ કરેછે કે એ ખોટા વેહમો આપણા ધર્મનાં ફરમાનમાં નથી એટલુંજ નહિ, પણ એ રસમો આપણુંને આપણા ધર્મથી ર ખેંચેછે, અને તેઓ ધર્મથી તદન ઉલટાજ છે, તે છતાં તેઓમાં હર બહાને તેઓ મશગુલ રહેછે એજ દિલગીરીભરેલું છે. આપણે એ રસમો પાળવાથી એકજ ચીજ સાબેત કરિયે છિયે, કે જે પરવરદેગાર ઉપરનાં આપણાં યકીનની કોતાહીનો પુરાવો છે, અને ધીમે ધીમે એક ખોદામાં માનવાને બદલે આપણે બુતપરસ્તી તરફ ઘસડાઇ જઇયે છિયે અને તેથી ખુદામાં આપણો વિશ્વાસ દિનપરદિન ઓછો થાયછે. શું આપણો ધર્મ આપણુને એવું શિક્ષણ આપેછે? શું ત્યારે આપણુ દરેક જરતોસ્તીની ફરજ નથી કે આપણા ધર્મનાં ફરમાનોનેજ વળગી રહી, ખુશી યા ગમીના વખ્તે એવાં ખોટાં ફાંફાં મારવાનાં મુકી દઇ, અહુરમજ્દપર યકીન રાખી તેની અને તેનીજ બંદગી કરવી? કટલાંક બાનુઓ કોઇ કોઇવાર ઘીનો દીવો બાળવાની અવારનવાર માનતા લેછે. અહીં પણ આજે મારા પ્રભા હાથ

ઉપરના ખુનાંમાં હું એક એવો દીવો જોઉંછું. એ રાહનુમાએ સભાનો તો નથી. પણ શું આતશબેહરામમાં એવી માનતા ચડાવવાની ગોઠવણ અને સગવડ કરવામાં આવેછે? એ બહુ દિલગીરીભર્યું છે.

"આ સભાનાં પહેલાં વર્ષના હેવાલમાં માનવંત શેઠ દાદાભાઇ નવરોજજીએ જાહેર કીધું હતું કે આ સભાએ ઉઠાવેલું કામ જેમ અતીઘણું અગત્યનું અને ગુનગારૂં છે તેમ ઘણુંજ મુશકેલ તથા બદનામીભરેલું છે.' અને એ સભાની ૬૦ વર્ષની કારકીરદી દરમિયાન એ સભાએ કોમી મત ફેરવવામાં શું શું ફતેહ મેલવીછે તેનું તોલ કરવાને હું તમારીજ મુનસફી ઉપર છોડુંછું, અને તમારો વધુ વખ્ત નહી લેતાં એ સભાના એક સ્થાપક માનવંત શેઠ દાદાભાઇ નવરોજજી જેઓ એ સભાનાં શુભ પરિણામો જોવાને અતિ ભાગ્યશાળી નિવડયાછે તેઓને એ સભાની હજુ વધુ ફતેહો જોવાને લાંબી, સુખી અને તંદરોસ્ત જિંદગી ઇચ્છીશું. આપણે આશા રાખીશું કે ફકત ખુશહાલીના પોકારો કરી અહીં તમો સન્મુખ દરશાવવામાં આવતા વિચારો તરફ ખાલી પસંદગી દેખાડીને બેસી ન રેહતાં એ વિચારોને કરણીમાં ફેરવવાની અને તે વિચારોનો કોમમાં ફેલાવો કરવાની કોશેશ તમે બજાવતાં રહેશો.

"જરતોસ્તી ધર્મનું તમોને ફરમાન છે કે સારાં કામ કરનારાઓને તમોએ મદદ કરવી અને ખોટું કરનારાઓને તેથી પાછાં હટાડવાં. શું તમો સઘળાં સમજુ જરતોસ્તીઓ તમારી ફરજ બજાવવાને તૈયાર થઇ, શેઠ ભાઇ દાદાભાઇ નવરોજજીનાં ખાલી વખાણ ગાઇ બેસી ન રેહતાં તેઓને પગલે ચાલી આખી જિંદગી નહી તો તેનો થોડો ભાગ તમારી કોમ અને દેશ તરફની ફરજ બજાવવામાં નહિ રોકો!"

૪–ખા૦ બ૦ કેરશાસ્પજી દાદાચાંદજીનું વિવેચન.

વડોદરાના માજી દીવાન ખાનબહાદુર કેરશાસ્પજી રૂસ્તમજી દાદાચાંદજી એમ. એ. એલએલ. બી. એ ત્યારબાદ પોતાના વિચારો દર્શાવતાં જણાવ્યું કે—

"રાહનુંમાએ મજદયસ્નાન સભા જોડે હું કાંઇ જોડાયલો નથી. હું કાંઇ તેનો સભાસદ નથી. તેમ છતાં સભાના સરનશીને મને સુચના કીધી

કે આ મોટા પ્રસંગે મારે કાંઇ બોલવું. ગઇ કાલે તથા આજે જે બ્યાન કરવામાં આવ્યું છે તેમાં સભાના સભાસદોએ ભાગ લીધોછે. હું તેની બાહેરનો છું, એટલે એ લોકોએ જે કાંઇ સમજાવ્યું તેમાં મારે કાંઇ વધુ ઉમેરવાનું નથી. મારી જિંદગીનો કેટલોક ભાગ મેં બાહેર કાહડેલો હોવા છતાં એ સભાનાં કામોનો સારો ખ્યાલ બાંધી શકાય એમ છે, જેથી હું આજે તમો સન્મુખ આવી ઉભોછું. આ સભાનાં કામ તથા હેતુનો કાબેલ્યભરેલો હેવાલ મી૦ પાહલનજી દેશાઇએ આપણને ગઇ કાલે કહી સંભળાવ્યો હતો, તે માટે પ્રમુખે તેવણની કીધેલી પ્રસંશાને તેવણ પુરતી રીતે લાયકછે. તેથી બાહેરના એક આસામીપર શું અસર થઇછે તે હું જણાવીશ. મારી ઉપર જે પેહલી અસર થઇ તે એ કે જે આગળ થયું છે તે હાલ પણ થાયછે. સારા હેતુથી એ સભા સ્થાપવામાં આવી હતી, તે છતાં તેની સામે વિરૂધતા ઉભી થઇ હતી. તે વિરૂધતા કોણની તરફથી ઉભી થઇ હતી તે જાણવા લાયકછે. એક તો છાપા તરફથી, અને બીજું તો અથોરનાન વર્ગ તરફથી વિરૂધતા ઉભી થઈ હતી. ધર્મની ચર્ચા એવી છે કે જેમાં જુસ્સો અને કડવાસ બરપા થયા વગર રહે નહી. એ તો કુદરતનો કાયદોજ છે. આ જે જુસ્સો થાયછે તે તે કાંઇ એકલા આપણા પારસીઓમાંજ નહિ, પણ બીજી બધી કોમોમાં અને બધા જમાનામાં થાયછે. માટે એ વિરૂધતા માટે અજબ થવા જેવું કાંઇપણ નથી. પણ દિલગીર થવા જેવું એ છે કે વિરૂધતાની પણ હદ હોયછે. આગળા વખતની વિરૂધતા માટે કેહવાયછે કે તે વેળા અજ્ઞાપણું હસ્તી ધરાવતું હતું, અને કેળવણીની કોતાઇ હતી. પણ આજે તો કેળવણીનો વધારો થયોછે, માટે સલુકાઇ અને વિવેક રાખવો જોઇયે. તે છોડી દેવામાં આવે તો તે કોઇપણ રીતે વાજબી કેહવાય નહિ. આજે આપણામાં કાંઇક સલુકાઇની જરૂર છે. બીજો વિરૂધ થનારો ટોળો અથોરનાનોનો હતો, પણ તેઓની વિરૂધતા આગળના જેટલી આજે જોવામાં આવતી નથી. તેમનાજ વર્ગનો મોટો ભાગ આજે કેળવણી લઇ જુદા જુદા ધંધાઓમાં પડી કોમની આબાદીમાં હિસ્સો આપી તેને સુધારામાં આગળ પાડવાની કોશેશ કરે છે. બે ચીજ કોમ માટે અગત્યની છે તે ધ્યાનમાં રાખવી જોઇયે. ધર્મની તથા સંસારી ચર્ચામાં મતફેર તો હોય, પણ તે બતાવવાની રીતમાં ઘણો ફર્ક છે. સલુકાઇથી

અને શાંતિથી તે બતાવવામાં આવે તો ફાયદો થાય. તેમ કરવામાં આવતું નથી એ નીચું જોવાડનારી વાત છે, પણ ખુશહાલી તથા મગરૂરી ઉપજાવનારી વાત એ છે કે સુધારાને પાર ઉતારવા માટે જરૂરના બધા ગુણો આ સભાના સ્થાપકોમાં હતા. અમુક બાબદની માહિતી મેળવવી, બીજાઓને તે વિશે પુછવું, અંતઃકરણ કહેતું હોય તે મુજબ ચાલવું, સામાવાળાઓનું સાંભળવું, તેઓને બોલવાની તક આપવી, તે પછી જે ખરૂં જણાય તેને ચીવટપણે વળગી રેહવું—એ બધું તેઓ કરતા હતા. તે માટે માણસમાં હિંમત જોઈયે, જેની પણ તેઓમાં ખૂટ નહિં હતી. કેટલાકો અપ્રિય થવામાં ફાયદો જોતાં નથી. કેટલાકો મોટી સંખ્યાની વિરૂધતાથી નિરાશ થાય છે. પણ એ બધું બાજુએ મુકી કેટલાક માણસે હિંમત, મક્કમપણું, ચીવટપણું તથા ખંત બતાવી પોતાના વિચારો બાહેર પાડવા જોઇયે. આ સભાના સુકાનીઓએ તેજ મુજબ કીધું છે. એ લોકોએ જે સુધારા માથે લીધા હતા તેનાં ફળ આજે આપણે ચાખિયે છિયે. આગળી અને હમણાની સ્થિતિમાં ઘણો ફર્ક થઇ પડયો છે, પણ આગળો અનુભવ નહી ધરાવનારા જણાવે છે કે આ સભાએ સારૂં કીધું નથી. તેઓ વિચાર આપે છે કે આપણામાં સુધારાની શું જરૂર છે? આપણા બાપદાદાને જે માફક આવ્યું તે આપણને કેમ નહિ માફક આવે? કેટલાકો ધીમો સુધારો કરવા કહેછે, કેટલાકો "line of least resistance" પર આગળ વધવા કહે છે. પણ તેમાં તેઓ ગોતું ખાયછે. જે સુધારો કરવો હોય તેને વળગીજ રેહવું જોઇયે. બેશક આપણે પાછલું કાંઇ વિસરી જવાનું નથી. પાછલા વખતમાં જે બનેલું છે તેમાંથીજ સુધારા થાય છે, માટે જેઓ સુધારો કરવા ના કહેછે, સુધારો ધીમો કરવા કહેછે, અને સુધારાની જરૂર નથી એમ કહે છે તેઓ ગોતું ખાય છે. મહાન નર શેઠ દાદાભાઇ નવરોજજી તથા તેવણના હમશરીકોની માફક આપણે સહનશીલતાથી અને હિમતથી કામ કરવાનું છે."

૫–મી૦ રૂસ્તમ મસાનીનો ખુલાસો.

મી૦ રૂસ્તમ પેસ્તનજી મસાની એમ. એ. એ ત્યારબાદ નીચે પ્રમાણે ભાષણ કીધું:—

" એરવદ જીવનજી મોદીએ આપણને જણાવ્યું છે કે શાં કારણસર તેવણની મમતા આ સભા તરફ દોડે છે. મારી મમતા એ સભા

તરફ શા માટે દોડે છે તે હું પણ તમોને જણાવીશ. મને એ સભા મારી બચગીથીજ વહાલી છે. તેનું કારણ એ છે કે મારી નવજોત પેહલાં તો રાહનુમા સભાના વિચાર પ્રમાણે થઇ હતી. તે વેળા મોહડેથી પતેત ભણાવવાને બદલે સવાલ જવાબ થતા હતા. દાખલા તરીકે મોબેદ સવાલ પુછતા હતા કે આજે શું થનાર છે? તેનો બાળક જવાબ આપે કે નવજોત. ત્યારબાદ પુછવામાં આવતું કે નવજોત એટલે શું, વગેરે. આવી રીતે મને જે સવાલો પુછવામાં આવ્યા હતા તેના મેં જવાબ આપ્યા હતા. મારી નવજોત આગમજ મને કેહવામાં આવ્યું હતું કે નિરંગ પીવો પડશે. ત્યારે હું ગભરાટમાં પડયો. પણ મને કેહવામાં આવ્યું કે નહી ગમે તો ના પીતો. રાહનુમા સભાના વિચાર પ્રમાણે નિરંગ પીવાની કાંઇ જરૂર નથી. તેથી મને સધ્યારો મળ્યો. જેઓ કોમની રાહનુમાઇ કરવા બાહેર પડયા હતા તેઓની ખમીર નાદર હતું. તેઓની રીતભાત અક્કલ પસંદ હતી, તેઓમાં સહનશીલતા હતી, અને તેઓમાં બીજા સદગુણો હતા. આજે સૌ કોઇ જાણેછે કે દેશની તથા પ્રજાની બેહેતરી માટે સ્ત્રીપર આધાર રાખતો પડે છે. બેહન, માતા, મોહરદાર, અને બેટીની મમતા તથા સાહ્યતાને બધું આભારી છે. પણ રાહનુમા સભા સ્થાપવામાં આવી ત્યારે એ વિચાર કોણને સઝ પડયો? માત્ર એ સભાના સ્થાપકોનેજ. આપણે ભણિયે છિએ કે અશોઇની સરદાર ઘરધણિયાણીને અમો આરાધિયે છિયે. પણ તે વેળા તેણીને કેવી આરાધવામાં આવતી હતી! માટિન લુધીરની દીકરી ગુજરી ગઇ ત્યારે તેના મિત્રે તેને એવો સધ્યારો આપ્યો કે ફીકર નહિ. સ્ત્રીઓ માટે જમાનોજ એવો છે. ગુજરી તે છુટી ૬૦ વર્ષપર એજ શબ્દો આપણી સ્ત્રીઓને આબાદ લાગુ પડતા જણાય છે. તે વખ્તે આપણીજ નહિ, પણ આખી દેશી કોમની અબળાઓ અજ્ઞાનતાના અંધકારમાં સબડતી હતી. તેમાંથી તેઓને રોશનીમાં લાવનાર કોણ હતું? એજ રાહનુમા સભાવાળા "સીસોટીના પોર્યાઓ." તેઓએ રાહનુમાં સભા સ્થાપી અને પોતાની હિંમતનાં બખ્તરનાં બળે તેને ટકાવી રાખી. ૭૦ વર્ષની વાતપર કેળવણીનાં બી ચાખી આપણા જુવાનિયાઓ પેહલા સંસારની રંગભુમીપર બાહેર પડયા. ત્યારે તેઓને લાગ્યું કે આપણી મુસિબત ટાળવા માટે ઘરની બાનુંઓને કેળવણી આપવી જોઇએ. એ કામ

તેઓએ ઉલટ, ઉમંગ અને ખંતથી હાથ ધર્યું, અને મોટા ઉત્સાહ સાથે તેઓએ તે આગળ વધાર્યું. ૧૮૪૯ ના ઓગસ્ટ માસની ૨૪ મી તારીખનો દિવસ મુંબઇની તવારીખમાં યાદગાર રેહવો જોઇએ. તે વેળા કન્યા કેળવણીનો પાયો રચાયો હતો. એ દીવસે મહુર્મ મી૦ બેહરામજી ખરશેદજી ગાંધીએ 'સ્ટુડંટસ લિટરરી સોસાયટી' તરફથી એક રેસાલો વાંચીને જણાવ્યું કે બોલીને બેસી રેહવાનો નહિ પણ કામ કરી બતાવવાનો વખ્ત આવી લાગ્યો છે. ઘરની સ્ત્રીઓને હવે કેળવણી આપવી જોઇએ. પ્રમુખ પ્રોફેસર પાટને તેવણના એ વિચારને ટેકો આંપ્યો. તેનાં પરિણામમાં કન્યા કેળવણીનો વર્ગ ઉઘાડવામાં આવ્યો, અને એ રીતે સ્ત્રી કેળવણી પાયો નખાયો. તે વેળા એક એક એક છોકરી એ વર્ગમાં લાવ્યા તે ગોયા એક એક શેહર જીતવા બરાબર હતુ. આ જવાનો જેઓ કેળવણી લઇ સંસારમાં આગળ પડવાની હોંશમાં બાહેર પડયા તેઓ છોકરીઓને કકો ઘુંટાવે તે કામ તેઓ માટે કેવું કંટાળાભરેલું હશે! એ કામ તેઓએ જાતિ ભોગે અને ગાંઠના ગોપીચંદ કરીને ઉત્સાહથી બજાવ્યું. તેઓ ઉપર અપજશના ટોપલા વરસ્યા, પણ એવા અપજશ વચ્ચે પણ અંતે તેઓને જશજ મળ્યો. કોમનો કેટલોક ભાગ તેના ફાયદા સમજવા લાગ્યો. અને તેઓનાં કામની કદર બુજવા લાગ્યો, અને જેથી શિક્ષકોના પગાર માટે ફંડો પુરાં પાડવામાં આવ્યાં, અને 'જરતોસ્તી છોકરીઓની નિશાળ મંડળી' સ્થાપવામાં આવી. તે સાથે સભાઓ, ભાષણો તથા લખાણો મારફતે ઉમરે પુગેલી સ્ત્રીઓને કેળવવાનું બ... ઝંપવામાં આવ્યું. એ કામ બજાવનારા શરવીરો એકજ વીરલા શેઠ દાદાભાઇ નવરોજજી સિવાય બધા શાંતીની ઉંઘમાં સુતા છે. શેઠ દાદાભાઇ તે વેળાના ઉગતા સેતારા હતા. મહુર્મ શેઠ કામાજીએ દિલસોજી અને ખંતથી કન્યાકેળવણીની અતિ નાદર સેવા બજાવી હતી. તેવણના નમુનેદાર સદ્ગુણોનો ગંભીરાઇથી ખ્યાલ કરો. આજે કોમની સેવા બજાવવા જે ઉમંગી ગ્રહસ્થો બાહેર આવે છે, તેઓ નજીવી બાબતોમાં ઉશ્કેરાઇ જઇ મગજનું સમતોલપણું ખોઇ દઇ સત્યતાને વિસારી મુકેછે. એ પ્રસંગે મહુર્મ શેઠ કામાજીની જીંદગી યાદ કરો. તેવણની કરવામાં આવેલી સતાવણી છતાં, તેવણના શબ્દોને મરડીમોચડીને ખોટું રૂપ આપી તેવણને કરવામાં આવેલા ધાટકી ગેરઇનસાફ છતાં, તેવણ કોઇ દાહડો પણ ઉશ્કેરાઇ ગયા નહી અને

પોતાનું મગજ હંમેશાં શાંત રાખ્યું. તેવણને થતા ગેરઇનસાફથી મિત્રો વટીક જ્યારે ગુસ્સાથી લાલચોળ થઇ જતા હતા, ત્યારે તેવણનો પોતાનો ચેહરો તો હંમેશાં શાંતજ માલુમ પડતો હતો. તેવણે સહનશીલતા બતાવીને ખંતથી તથા અક્કલપસંદ રીતે કામ બજાવ્યું હતું. હું ઇચ્છું છું કે તેમને પગલે ચાલીને આજના સુધારકો પણ એવાજ ગુણો અખત્યાર કરે કે જેથી આપણી કોમમાં એવીજ રીતે સુલેહસંપજ જળવાઇ રહે અને કોમ આગળ વધવાને સામર્થવાન થાય."

૬-મિસ શીરીનબાઇ મેહતાનું ભાષણ.

જરતોસ્તી છોકરીઓની નિશાળ મંડળી હસ્તકની કોટ ખાતેની નિશાળોના સુપ્રીન્ટેંડેંટ મિસ શીરીનબાઇ બેહરામજી મેહતાએ ત્યારબાદ પોતાના વિચારો દર્શાવતાં જણાવ્યું કે—

" આપણા પારસીઓની શાહાનશાહતના પડી ભાગવા સાથ પારકા દેશમાં આવી પચરંગી પ્રજા સાથ વસ્વાટ કરવાથી, આપણા ધર્મ સંસાર, વગેરેની ચઢઉતર પડતી આવી હતી. તે સાથ ધર્મને નામે અને બાહને ઘણાક વેહમ વતાંડરો અને ખોટા રીવાજો આસપાસના સંજોગોને લીધે આપણામાં પેવશ થઇ ગયા હતા, કે જે ધર્મનાં મૂળ ફરમાનોને તોડનાર હતા. તે ડામાડોળ હાલતમાંથી તેઓને તેરવી કાંઢી ખરે રસ્તે મુકવા રાહનુમા મંડળી તથા સ્ત્રીકેળવણી અને એવાંજ બીજાં ખાતાંઓની શુરૂઆત આજથી લગભગ ૬૦ વર્ષની વાતપર થઇ હતી.

"રાહનુમા મંડળીએ બીજી કોશેશો ભેગું રફતેરફતે ધર્મકેળવણી બાળપણથી ચાલુ કરવાનું માન હાંસલ કીધું. તે વેળાએ અજ્ઞાન સ્ત્રી તેમજ મર્દ વર્ગ તરફથી પુષ્કળ આંધળાં ઝનુન અને તિરસ્કારથી એ મંડળને સતાવવામાં કાંઇ બાકાત રાખવામાં આવ્યું હતું નહી. સ્ત્રીકેળવણી સાથના મારા લાંબા અનુભવથી જોતાંજ મને લાગેછે કે ધર્મને એબ લાગે એવા રીવાજ નાબુદ કરવાની આ નેક મંડળીની કોશેશોને વગોવવા તથા તેનાપર ધર્મને ચુંથવાના પાયા વગરના બોહતાનો મુકવાનું ઝનુન ચોમેર કેમ ફેલાયું હશે ?

"આ તકે એક આગળ સાંભળેલો એવાંજ આંધળાં ઝનુનનો દાખલો મને યાદ આવેછે, કેજે વેળા શાહાનશાહી કદીમીની ખટપટ ચાલતી હતી. તે વેળા શીખેલાભણેલા કેટલાક શાહાનશાહીઓ ચંનદવાડીના રોપામાં ફરતાં ગોધાને વિંધતા અને પરાંણી ભોંકી બોલતાં કે "બોલ ગોધા, ચુરીગર !" ને જ્યારે તે હથિયારનાં દુઃખથી તે જાનવર છેડાઇને મારવા દોડે ત્યારે તે લોકો કહે કે "જુઓ, જુઓ, આ જાનવર વટીક ચુરીગર થવા ના પાડે છે !" આજે એ વાતપર આપણને હસવું આવેછે અને સાથે તાજુબી લાગેછે કે એ તે કઇ જાતનો ધર્મ અંધાપો હશે ! આવાં આંધળાં ઝનુનથી તો બન્ને પક્ષનાં દોખમા, અગીઆરીઓ વગેરે છુટાં થયાં, ને વણવેહેવાઇ થવાનું પણ બંધ પડયું. પણ આજે જ્ઞાનરૂપી રોશનીનાં બળથી તે બધું ભૂલી જવાઇ એકમેક સાથની સગાઇ વગેરેથી સઘળું એકત્ર થતું આવેછે.

"આવી જાતનું ઝનુન તથા અજ્ઞાનપણું દૂર કરી ઉજાશ ફેલાવવા રાહનુમા મંડળના તથા કન્યાકેળવણીખાતાંના મુઠીભર બાહોશ સુકાનીઓએ કોમનું હીત હૈયે ધરીને કોમની રાહનુમાઇ કરવાનું બીડું ઝડપ્યું, યાને અંધકાર દુર કરવા તથા ખોટાંને ભાંજફોડ કરી તોડવા. એબોને ટાળવા, સાબુત પણ ધીમે પગલે આગળ વધવાની તેઓએ કોશેશ કીધી હતી, અને તે તેઓની જીવતોડ ખરાં દીલની લડતનાં પરિણામે આજે કન્યા-કેળવણીનો બોહળો પ્રસાર થવા સાથે, પારસીઓમાંથી મોટે ભાગે માનતા-સુનતા, તરેહવારજાતતી બુતપરસ્તી અને પૂજા પાત્રી વગેરે નાબુદથવા પામ્યાંછે.

"અલબતાં એકવાર જર ઘાલી બેઠેલા વેહમી વિચારો જમાના સુધી ફેરવવા મુશકેલ થઇ પડેછે. અને ભરતી ઓટની માફક તે ચાલું આવતા જતા રહેછે, યાને જેમ ભરતીમાં કચરો તણાઇ આવેછે તેમ હજીબી થોડો-ઘણો કચરો તો ચોક્કસ સંજોગો વચ્ચે તણાઇ આવ્યા વગર રેહનાર નહિ, અને એ રીતે જોતાં શીખેલાંભણેલાંઓબી ઘણીવાર સંસારી આફતો યા મુશકેલી નહિ ખમી શકવાને લીધે અને એવાં બીજાં કારણે વેહમમાં પડી એકલા અહુરમજદને ભૂલી જઇ ખોટે રસ્તે દોરવાઇ પૈસાટકા વગેરેની બરબાદી કરેછે. પણ આવી ચાલુ લડતથી યાને કેળવણી તેમજ રાહનુમા સભાથી એ બધું સદંતર નહિ તો ઘણે મોટે ભાગે નાબુદ થવા પામ્યુંછે.

"વખ્ત પોતાનું કામ કર્યો જશે એમ બોલીને વગર તજવીજે બેસી રેહવામાં ડહાપણ નથી. એમ હતે તો મલ્બેરી ઝાડનાં પાદડાં ચીનથી મુસાફરી કરી બધેબધ ફરી આવી આજે તરેહવાર જાતનાં રેશમી કપડાં આપણને પેહરાવતે નહિ.

"એ મુજબ રાહનુમા મંડળે માથે ઉઠાવેલી લડતને ચીવટાઇથીવળગી રહીને કોમની રાહનુમાઇના સવાલના છેક ભીતરમાં જઇને પુરતી તેહકીક કરી તેના કારગત ઇલાજો લીધા, જેનાં રૂડાં ફળ હાલની ઓલાદ ચાખવા ભાગ્યશાળી નિવડીછે અને ભવિષ્યની ઓલાદ પણ ચાખશે એમાં કશો શક નથી. એ રીતે એ મંડળે સ્થાપેલું શુભ કામ હંમેશ સુધી કાયમ રહી એ શરૂઆત કરનાર મહુંમ નરોની ભલી યાદ સદાકાળ કાયમ રાખશે. એ મંડળના એક માનવંત હૈયાત આગેવાન શેઠ દાદાભાઇ નવરોજજી એમ. પી. કોમના મિત્રચારીભર્યા પનોતા પુત, કે જેવણ હિંદની સઘળી પ્રજાઓમાંથી સૌથી પેહલા બાદશાહી રાજસભામાં બીરાજવાનું અનુપમ માન મેળવવા પામ્યાછે તેમને આ તકે આ ભલાં કામની આગેવાની માટે દીલોજાનથી મુબારકબાદી આપિયે છિયે.

"એક વેપારી વર્ષ આખેરીએ સરવાયું કાઢી પોતાની હાલત સમજી શકેછે અથવા એક ધારાશાસ્ત્રી પોતે પોતાના કુલની કીધેલી હિમાયતનું પરિણામ જજના અભિપ્રાય પછી તુર્ત જોઇ શકેછે. એક ડૉકટર દવા તથા દર્દની પરિક્ષાપરથી થોડા વખ્તમાં કાંઇ અનુમાનપર આવી શકેછે. પણ શિક્ષણની ખરી પરીક્ષા લાંબે જમાને સંસારવેહવારની તપાસ પછી લોકસ્થતિ જોતાં માલુમ પડેછે. અને એ રીતે આજની હાલત જોતાં રાહનુમા મંડળે ખેંચેલી જેહમતનાં પરિણામ તરીકે ઘણાક હાનીકારક રિવાજો અને વેહમોની હસ્તી એટલે દરજજે નાબુદ થઇછે કે આજની ઉધરતી ઓલાદને તે વિશે કશો ખ્યાલબી નથી.

"શેવટે તમારી મંડળીએ કોમની ખરી દાઝ હૈડે ધરી રાહનુમાઇ કરી તેમજ કેળવણીની રોશનીથી વેહમમાં લપટાયલાં અમારાં મેલાં કપડાં ઉતરાવી અમને જ્ઞાનરૂપી તીલી કસબના પોશાકો પેહરાવી બાહેર લાવવાને સામર્થવાન કીધાંછે તે માટે અંતઃકરણની દિલસોજ લાગણી જાહેર કરતાં આશિર્વાદ દઇયે છિયે કે તમોએ કીધેલી ભલાઇ અને મેલવેલી નામનાનો વારસો તમો સદાકાળ વાપરો અને ભવિષ્યની ઓલાદને તે વારસો આપવાને સામર્થવાન થાઓ!

૭–મિસિસ ગુલબાઈ રાણીનાની નુકતેચીની.

ઉપલીજ નિશાળ મંડળીની ચંદનવાડી ખાતેની નિશાળનાં વડાં શિક્ષક મિસિસ ગુલબાઇ દાદાભાઇ રાણીનાં પોતાનાં ભાષણમાં બોલ્યાં કે—

"આજ આપણે રાહનુમા સભાની ૬૦ વર્ષની જ્યુબીલીનો આનંદમય મોહત્સવ ઉજવવાં ભેગાં મળ્યાં છિયે. આવી બુઢી ઉમરની એ સભાએ પોતાની જિંદગીમાં ઘણું સાંભળ્યું છે, અને ઘણી રીતથી વગોવાઇછે. તોપણ એના ભલા સ્થાપકો જેઓ ગુજર પામ્યા તેઓનાં રૂહ ઉપર દરૂદ હોજો ! અને જેઓ હૈયાત છે,—ફક્ત એકજ વીરલા નર શેઠ દાદાભાઇ નવરોજજી—તમને ધન્ય હોજો કે તેઓએ એવા મુસ્તકીમ પાયાપર તેની સ્થાપના કરી કે સઘળી વિરૂધતાઓ છતાં તે પોતાની જિંદગીમાં કાંઇક ભલાં કામો કરી આપી બુઢી ઉમરે પણ પોતાની જવાનીનું જોમ જાળવી રાખી કયકાંઇ જુવાન મંડળો ઉપર સરસાઈ ભોગવી રહીછે.

"૬૦ વર્ષનો આખો ઐયામ નજર સામે ધરો. શુરૂઆતે લોકો અજ્ઞાનપણાને લીધે વેહમ વતાંડરમાં ઘેરાઇ ગયલા, ખરા યજદાંપરસ્તી છતાં તરેહવાર બુતપરસ્તીઓ પોતામાં આમેજ કરી લઇ દેહડે જાય, અને નમાજ ભણવા હાજરબી થાય, એવી જાતની ઢંગધડા વગરની કેહવાતી ધાર્મિક જિંદગી ગુજારવાની તે વખતની સ્થિતિનો ખ્યાલ કરો. કયો ખરો જરતોશ્તી બચ્ચો આજે અશો ફરોહરનાં પવિત્ર નામે, જરતોશ્ત સાહેબનાં ખરાં ફરમાનો તર્ક કરીને શેરડીના હાથપગ અને નાળીયેરનાં માથાંવાળી મુર્તિને નમન કરવા તૈયાર થશે ? કઇ ખરી ધર્મી જરતોસ્તીબાનુ આતશબેહરામ પોલીનાં ફુલારાં પરથાવવા કે મામાઅરજાની અને માઉંટ મેરીને મરઘાં બતકાં કે મીણના હાથપગ કે સોનારૂપાંની આંખો ચઢાવવાનો ખ્યાલ વટીક કરશે ? હોળીના હોમમાં કે ધણીદીકરાને હાથમાં લેવાની દોરાચીઠ્ઠીની, કે બ્રાહ્મણ સેવડાને બારણે ધુણવાની કે તાબૂતમાં ઘરનાં બચ્ચાંઓને સાંઇકવાલા બનાવવાની વાત આજના ઉધરતાં બચ્ચાંઓને સ્વપ્ને પણ ખબર નથી. તે બધું ખરા જરતોસ્તીઓ પોતાના ધર્મનાં કાનુન અને ફરમાનો હોય તેમ ખરા ભાવથી માનતા અને પૂજતા હતા, અને એ રીતે સત જરતોસ્તી ધર્મ પોતાની ખરી ખુબીઓ છતાં

પોતાના ભક્તોની આવી વર્તણુકથી છેકજ નીચી પંક્તિએ ઉતરી ગયો હતો. તેને તે અપવિત્રાઇઓમાંથી ગાળી કાઢી તેની અસલ નિર્મળ સ્થિતિમાં ઉંચી પંક્તિપર લાવવાને કેટલાક કેળવાયલા ગહસ્થોએ મન ઉપર લીધું, અને તેઓએ આ સભાને જન્મ આપ્યો.

"જે રિવાજો ધર્મને નામે આસ્થાથી પળાતા હતા, તેને જડમૂળથી ખણી કાઢવા એ કામ કાંઇ સેહલું કે નાનુંસુનું નહિ હતું. પણ એ કામ આ સભાના પહેલા સુકાનીઓએ તેહમંદી સાથ બજાવ્યું. તે સાહેબોએ પોતાની પીઠ ઘણી પહોળી ને ચામડી ગેંડાનાં ચામડાં સરખી સખ્ત બનાવી, ધીમે પણ સાબુત કદમે પોતાનું કામ આગળ ચલાવ્યું. એ મુઠ્ઠીભર સાહેબોની સામે આખી પારસી પ્રજાનું લશ્કર યુદ્ધે ચઢયું. કલમ, સાહી અને શબ્દના પ્રહાર અને ફટકાઓ આમનસામન ચાલુ થયા, અને આખરે લાખો ઘાઓ ખમી લોહીના લાલ માર્કાવાળું મોઢું ઉપર રાખી એ મુઠ્ઠીભર કેળવાયલા જવાનો પોતાની નેમમાં ફાવ્યા અને હવે આજે તેના હાલના સુકાનીઓ, એ મંડળીની બલી નિષ્ટાંને વગોવવામાં ભૂતકાળના ભૂતમામાઓએ જે કાંઇ તાનાજાની અને ટીકાના બાણો વરસાવ્યા હતા, તે સઘળા વહી ગયલા બનાવોપર હસીને મજાહ મેળવેછે, કારણકે તેઓએ ફેલાવેલાં જ્ઞાનની રૂડી અસર જેમ આજની ઉઘરતી ઓલાદપર તેમ ખુદ એ વિરોધીઓ ઉપર પણ થઇછે.

"ધર્મમાં ભેલાયલા નાસ્તિ કરિવાજોનું ખંડણ કરી, જેમ આજે ઘણાંક બાહેરથી શોભીતાં ટકોરાબંધ ઘરો માંહેથી મરકીની નાશકારક ખરાબીઓમાં લપેટાયલાં હોવાને લીધે તેને ભાંજીફોડી તારાજ કરવામાં આવેછે, તેમ આ સભાએ ધર્મમાં ભેલાયલા નાસ્તીક રીવાજોની ભાગતુટ કરી નાખી. એટલુંજ કરી એ સભા ધરાઇ નહિ, પણ હવે ખરૂં સ્વચ્છ શિક્ષણ લોકોમાં દાખલ કરવાને ઉપાયો તેણે લેવા માંડયા. તે એવી રીતે કે જેમ કાબેલ ડૉક્ટરો એક દર્દની ઉત્પતિનું મૂળ કારણ બારીકીથી શોધી કાઢી પછી તેના ઇલાજો કરી તે દફે કરી શકેછે, તેમ આ મંડળના મુખીઓએ વેહમરૂપી દર્દોનું મૂળ કારણ જે અજ્ઞાનતાનો અંધકાર હતો, તેને મટાડવા કેળવણીની રોશનીનો ફેલાવો કરવાનું શુરૂ કર્યું, ભાષણો અને લખાણો ઉપરાંત ઉઘરતાં બાળકોને ખરી ધર્મનીતિની

કેળવણી આપવાનો વિચાર તેઓએ કર્યો. તમારી મંડળીના કાબેલ ગુરૂ મહુર્મ એરવદ જામાસ્પજી દાદાચાંદજીની મારફતે મહુર્મ શેઠ ખરશેદજી રૂ. કામાજીની ભલામણથી તે કામ નીશાળમાં ચાલુ કરવાની પેહલવેહલી શુરૂઆત અમારી જરતોસ્તી છોકરીઓની નિશાળ મંડળીએ કરી, અને તેમના ગુજરવા પછી તેમની તરફથી તાલીમ પામેલી અમારી શિક્ષક બેહનોએ આજતુલીક તે કામ તમારી મંડળીના ઉસ્તાદ એરવદ શેહરી· યારજી દાદાભાઇ ભરૂચા તરફથી બાહેર પડતી ધર્મ નીતિની ચોપડીઓ મારફતે ચાલુ રાખ્યું છે એટલુંજ નહી, પણ જર્મન અને અમૅરીકન રૂઢી· ઓને મળતાં થઇ ધર્મ અને નીતીના ખરા પાયા ઉપર એ ગ્નાનને સાથે જોડી આગળ વધારવામાં આવ્યું છે.

"જોકે હાલ કેટલેક ઠેકાણે ગાયત વગોવાયછે, પણ ગાયનની અસર ન્યારીજ છે. એક વગર સમજનું પશુ બાળક માતાનાં મીઠાં હાલરડાંથી પોતાની રડ ને દુઃખી ભૂલી જઇ મીઠી નિંદમાં પોઢેછે. જેહરી અઝદહ સરખું કાતેલ જાનવર ગારૂડીની વાંસલીના અવાજપર મોહી પડી દરમાંથી બાહેર આવી તેને સ્વાધીન થાયછે, તેમ ખરાં ગાયનરૂપી શિક્ષણથી ગમે એવાં ઝાહેલ મગજોપર પણ ઉંડો છાપ બેસેછે, અને ધારેલી અસર ચોવડાં જોરથી થાયછે, એવું અમે અમારા નાના અનુભવમાં જોઇ શકયા છિયે. આપણા પવિત્ર જરતોસ્ત સાહેબના રચેલા ગાથા ભણતરો કવિ-તાઇ એબારતમાં છે, અને તે ગાઇને પઢવાના છે, તે તો હવે આપણી કોમના દરેક આદમીને જાણીતી વાત છે, અને જ્યારે તે અશો સાહેબને પગળે આપણને ચાલવાનો બોધ જો ડગળે ને પગળે મળેછે, તો પછી આ બાબતમાં તેઓથી ઉલટા જવાનું કારણ સમજમાં ઉતરી શકે એવું નથી.

લોકખવાસજ છે કે 'એક બોટું મળ્યું તો તે લઈ દોડી તેપર હુલકું પાડવું'. વાતમાં કેટલી સચ્ચાઇ છે, અને શું નફોનુકશાન છે તે કાંઇ સામાન્ય લોકો સમજવા જોવા બેસતાં નથી. દાખલા તરીકે જો અર્ધાં ભેજાંના લોકો મારફતે ગામમાં વાત ફેલાય કે માંછલી કોહેલી આવે છે, અને તેથી 'ટાઇ ફોઇડ' તાવ ફેલાય છે, 'માટે માછલી ખાવી નહિ. ખરી વાત છે કે ઘણીક માછલીઓ કોહેલી પણહશે, પણ જો

ઘર ધણિયાણીને સોજી કે કોહેલી મચ્છીની પરીક્ષા હોય, તો તેઓ એવાં હુલકામાં શામેલ થશે નહિ. તેઓ તપાસ કરી માછલીનો ઉપયોગ કરશે. સઘળાં નવાં કાનની શરૂઆત વખ્તે ખળભભાટ તો થાય છેજ. વિચારોનાં તડાં પડે છેજ, દાખલા તરીકે હાલ આતશબેહામમાં ઇલેક્ટ્રિક લાઇટ દાખલ કરવા સામે ઉઠેલો પોકાર મોજુદ છે. પણ વખ્ત વખ્તનું કામ કર્યો જશે, અને કેળવણીના ફેલાવા સાથે કેળવાયલું લોકમત બાહેર પડશે ત્યારે એ બધાં ગુલખાનો આપો આપ નરમ પડશે એને ત્યારેજ તેઓની આપેલી રૂઢિની ખુબીનું તોલ થશે. માટે તેની તજવીજો હાલથીજ ચાલુ કરવી જરૂર છે.

અમારી નિશાળે કરેલી ધર્મશિક્ષણની આ શુરૂઆતના ફાયદા જોઇ ઘણી નિશાળના મુખીઓએ પણ તમારા મંડળીના કેળવાયલા મોબેદ સાહેબો મારફતે પોતાની નિશાળોમાં એ જ્ઞાન આપવા ચાલુ કર્યું.

એવું ધર્મજ્ઞાન ફેલાવવાને આ સભાના પરમાર્થિ સુકાનીઓએ પોતાનાં કામકાજ છોડી જાતિ ભોગ આપી જે જેહમત ઉઠાવી છે, અને આ મંડળીના સ્થાપનાર હૈયાત મુખી અને આપણા સકર્મી વીરા જેઓ ગરીબાઈમાં જનમી પોતાનાં કેળવાયલાં મનોબળ વડે શાહનશાહ દરબારને શોભાવી આપણા અને આપણી કોમનાજ નહિ, પણ આખા હિંદની ત્રીશ કરોડની પચરંગી પ્રજાના માનિતા દાદાએ અમને અજ્ઞાનતાની ગંધીલી ગટરમાંથી બાહેર કાઢી જ્ઞાનરૂપી ફુલોના સુગંધી બાગમાં રમતાં કર્યાં છે તેમનો અમારી સ્ત્રીજાતની સર્વ બેહનપણીઓ તરફથી આવા શુભ પ્રસંગે ઉપકાર માનવાની રજા લઇએ છીયે, અને એવાં કામ માટે એ સર્વ બેહનપણી બાનુઓનાં નામની છુટ તેમની રજા વગર લેવા માટે દરગુજર ચાહિયે છિયે, અને શેવટે આ ખાતાંની લાંબી જિંદગી અને સર્વ પ્રકારની ફતેહરીગેજી ઇચ્છિયે છિયે."

રાહનુમા સભાના પ્રમુખનું વિવેચન.

ચંચળ બાળકોને ઇનામો આપવાના મેળાવડા વેળા ખા૦ બ૦ દારાશાહ રતનજી ચીચગરે શુરૂઆતમાં જણાવ્યું કે—

રાહનુમાએ મજદયસ્નાન સભાની ડાયમંડ જ્યુબીલીના મુબારક મોહત્સવની ઉજાણીનો આજે છેલ્લો દિવસ છે કે જે વેળા સર્વેનાં દીલ

આનંદમાં લીન થયલાં છે. અહીં વૃદ્ધ વયના અનુભવી ગ્રહસ્થો કેટલા છે અથવા નથી તેનો ઇનસાફ અમો તમોનેજ સોંપ્યે છિયે. જેમ જવાન્યાઓનો પંથ વધુ અને વધુ ઉપર તરી આવતો જશે તેમ રાહનુમાએ સભાની ઓર વધુ અને વધુ ફત્તેહ થતી જશે. આપણા આજના જવાન્યાઓનું જોર તે આવતા જમાનાની આપણી ફત્તેહ છે. રાહનુમાએ સભા તરફથી જે વાવણી તથા કાપણી કરવામાં આવીછે, અને ધર્મનાં જ્ઞાનનો ફેલાવો કરવાનો જે પાયો નખાયોછે, તેનાં મિઠાં ફળો આવતાં પાંચ પચીસ વર્ષમાં ચાખવાની પારસી કોમને તક મળશે. આપણા છેલ્લા બે મેળાવડાઓમાં માનવંત કામેલ દસ્તુરજી સાહેબોએ જે કાંઇ કહયુંછે તેપરથી જણાયછે કે રાહનુમાએ મજદયસ્નાન સભાનું કામ જેમ કેટલીક તરફથી જણાવવામાં આવેછે તેમ કાંઇ મરી નથી ગયું, પણ તે ખરેખર તો ચાલુજ છે, અને વળી દૃઢ ઠરાવથી ચાલુ રાખવામાં આવેલુંછે. જવાનીનાં જોરથી જે કીર્તિવંત કામ બજાવી ફાવવાનું છે તે કામનો શુભ પાયો શેઠ દાદાભાઇ નવરોજજી, મહુમ શેઠ નવરોજજી ફરદુનજી, મહુમ શેઠ સોરાબજી શાપુરજી બંગાળી, મહુમ શેઠ ખરશેદજી રૂસતમજી કામાજી, વગેરે માનવંત ગ્રહસ્થોએ મુસ્તકીમ રીતે નાખ્યો હતો, અને તે મકકમ પાયાપર આજે તેવીજ ધરખમ ઇમારત ઉભી થયલી તમારા જોવામાં આવેછે. મહુમ શેઠ કામાજીએ અથોરનાન ટોળાની ઉન્નતી કરવા માટે અને તેની બેહતરી ચાહવા માટે તેનો હાથ તન, મન અને ધનના ભોગે ખંતથી પકડયો હતો. એરવદો શેહરિયારજી ભરૂચા, જામાસ્પજી, અને તેહમુરસ્પ અંકલેશ્વરીયા તથા બીજા કામેલ એરવદોનો હાથ પ્રથમ તેવણે પકડયો હતો, અને તેઓમાં ધર્મનાં જ્ઞાન તથા અભ્યાસનો ફેલાવો કરી તેઓની સ્થિતિ સુધારી તેઓને ઉંચી મોતેબર પંકિત ઉપર લાવી મુકયા હતા, જેથી તેઓ કામેલ અને અનુભવી ધર્માભ્યાસીઓ તથા બાહોશ ઉસ્તાદો તરીકે આજે પંકાઇ જઇને કીર્તિની ટોંચે ચહડીને મશહુર થવા પામ્યાછે. જે સાહેબોએ દરીયાની સફર કીધી હશે તેઓએ ભુમધ્ય સમુદ્ર ઓળંગતાં જોયું હશે કે સ્ટીમરનો કેપ્ટન જ્યારે બે બાજુના રોહમાંથી પોતાનું વાહણ ચલાવેછે ત્યારે તે કેવી સંભાળથી બારીક નજર રાખેછે, અને તેને સલામત હંકારી લઇ જાયછે. બે બાજુના રોહની વચ્ચેથી કરવામાં આવેલી વાહણની એ

ફતેહમંદ સફર બતાવેછે કે તેના સુકાનીઓના હાથમાં વાહણનું સુકાન બરાબર મજબુત હોવું જોઇએ. તેજ મિશાલ રાહનુમાએ સભાએ સામસામાં બે રોહની વચ્ચેથી ૬૦ વર્ષો સુધી સંભાળથી ફતેહમંદ મંજળ કાપીછે, જે આપણને દેખાડી આપેછે કે એ સભાના સુકાનીઓના હાથમાં તેનું સુકાન બરોબર મજબુત હોવુ જોઇએ. ખરેખર તેથીજ એ સભા ૬૦ વર્ષો સુધી સામસામા બે રોહની વચ્ચેથી ફતેહમંદીથી તરી શકી છે. આજે ભેગાં મળેલાં આ બચ્ચાંઓને જોઇને આપણે ખુશી થવાનું છે. કોણનું ઘર રોશન કહી શકાય? જેનાં બચ્ચાંકચ્ચાં હસતાં રમતાં હોય તેનું ઘરબાર રોશન અને બખ્તાવર કેહવાય. ત્યારે આજે આટલાં-બધાં બચ્ચાંઓને અહીં હસતાં રમતાં ભેગાં મળેલાં જોવાથી આપણને મોટી ખુશહાલી ઉપજે એ તદન ખુદરતીજ છે. એ બધાં બચ્ચાં રાહનુમાએ સભાની શુભ કોશેશથી ધર્મનીતિની અગત્યની કેળવણી મેળવવાને ભાગ્યશાળી થવા પામ્યાંછે, જે માટે આપણે તે કિર્તારના શુકરાન કરીશું. ધર્મ સંબંધી નવી જાગૃતિની શુરૂઆતનો પાયો જામાસ્પઆશાના, મર્જબાન. મુલ્લાંફીરોજ, એદલજી સંજાણા, વગેરે સાહેબોએ નાખ્યો હતો. એ નવી જાગૃતિનો લાભ લઇને રાહનુમાએ સભાએ પોતાનું કામ બરાબર રીતે મક્કમ પાયાપર હિમત, ધીરજ અને ખંતથી બજાવ્યું છે. એરવદ શેહરિયારજી વગેરે જે સાહેબોએ રાહનુમાએ મજદયસ્નાન સભાને પોતાનો હાથ આપી તેને ધરખમ મદદ આપી તેઓ માટે કાંઇ થોડું બોલાયું નથી. એવું વટીક કેહવામાં આવ્યું કે એ તો રાહનુમાએ સભાના પગારદાર માણસ એટલે શેઠ કામાજી જે બોલ એઓનાં મોંહપર મુકે તે એઓ બોલે. પણ મર્હુમ શેઠ કામાજી તો પોતે ઉસ્તાદ હોવા છતાં પોતાના ચેલા શેઠ શેહરિયારજી પાસે તેવણનો વિચાર લેવા ઘણી વેળા જતા હતા. આપણે ખોરશેદ અને માહબોખ્તારની નિયાયેશ કરિયે છિયે. એ માહબોખ્તાર અને ખોરશેદને આધારે દુનિયામાં ગણતરીઓ ચાલેછે. પણ આજે માહબોખ્તારની ગણતરી એક કોરે મૂકી ખોરશેદની ગણતરીપર દુનિયા આવીછે. એ ગણતરીના સંબંધમાં મર્હુમ શેઠ કામાજીએ તથા એરવદ શેહરિયારજીએ ઘણીક રીતનું નવું અજવાળું પાડયું છે, જે માટે તેઓ બન્નેને મોટી શાબાશી ઘટેછે. પુણાના દસ્તુરજીનાં માનવંત ખાનદાનના નેક નામદાર અને લોકપ્રિય સરકારી અમલદાર ખા૦ બ૦ ફીરોજ હોશંગ દસ્તુર જેવણ

તરફ આખું મુંબઇ શેહર મોટાં માનની નજરથી જોયછે. તેવણે આજના આ ઇનામના મેળાવડાનું પ્રમુખપદ લેવા મેહરબાનીની રાહે કબુલ કીધું છે તે માટે અમારી સભા તરફથી તેવણ સાહેબોનો આ તકે મોટો ઉપકાર માનવાની હું માનપુર્વક રજા લઉં છું. ખા૦ બ૦ ફીરોજ હોશંગ દસ્તુર સુધારાનાં કામમાં પોતાના પુણાના મહુંમ વડવાઓનાં મશહુર ખાનદાનને પગળે ચાલી માનભરેલી રીતે આગળ વધેલાછે. તેવણ જોયછે કે સુધારાવધારામાં આગળ વધવાથી કોમને ફાયદો છે. માટે તેવણે એવો કસદ કીધેલો જણાઇ આવેછે કે કોમને પાછલ પગળાં કોઇપણ રવેશે ભરવાં દેવાં નહિ, પણ કોમની રાહનુમાઇ કરવી અને આગળ વધવું તથા બાજુનાં બળથી સંગીન કામ કરી બતાવવું.

પ્રમુખનું ભાષણ.

પ્રમુખ ખા૦ બા૦ ફીરોજ હોશંગ દસ્તુરે ત્યાર પછી ભાષણ કરતાં જણાવ્યું કે—

મારા બુજોર્ગ મિત્ર ખા૦ બ૦ દારાશાહ રતનજી ચીચગરે આપણુને જેમ કહ્યું છે તેમ આજે રાહનુમાએ મજદયસ્નાન સભાની ૬૦ વર્ષની ડાયમંડ જ્યુબિલીનો ત્રીજો અને છેલ્લો મેળાવડો છે. સભાએ પોતાની ડાયમંડ જ્યુબિલીની ખુશહાલીમાં ઉપરાસાપરી કીધેલા ત્રણ ત્રણ મોટા મેળાવડા પુર ઉલટ અને ઉમંગથી ફતેહમંદ નિવડયા છે તે માટે તેના ભલા કારોબારીઓને મુબારકબાદી અને ધન્યવાદ ઘટેછે. આ સભાએ આપણી પારસી કોમની અને ખસુસ કરીને આપણા પુરાણા ખાલેસ પવિત્ર જરતોસ્તી ધર્મની ઘણી અચ્છી બલકે અમુલ્ય સેવા બજાવી છે તે વિશે ઘણું બોલાઇ ચુક્યું છે, તેમજ વળી ઘણું લખાઇ પણ ચુક્યું છે. માટે તે વિશે હવે કાંઇપણ વધારે નહિ બોલતાં હું એટલુંજ કહીશ કે રાહનુમાએ મજદયસ્નાન સભાએ જુદી જુદી પચરંગી કોમોમાં આપણી મુઠીભર કોમને હરોળમાં મુકી છે તથા તેને સુધારાવધારામાં તારીફ લાયક રીતે આગળ પાડી છે. આપણાં બચ્ચાંઓ નીતિ શીખે છે તથા આપણે આપણો ધર્મ સમજતાં શીખ્યા છિયે તે આ સભા-

નાજ પ્રતાપ છે. આજથી ૬૦ વર્ષની વાતપર હિંદના પેલા મહાન પ્રતાપી લોકપ્રિય દાદાએ આ સભા સ્થાપી ત્યારે તેવણુનો હેતુ આપણી કોમમાં પેવશ થયલી બુતપરસ્તી દુર કરવાનો તથા ક્રિયાકામોના અઘટીત ખર્ચ અટકાવવાનો હતો. પોતાની તે ભલી નેમ એ સભાએ કેટલી હદ સુધી પાર પાડી છે તે હમણુનો જમાનો ૩૦ વર્ષની વાતપરના જમાના સાથે સરખાવવાથી તમોને બરાબર રોશન થશે. સુધારાવધારાને જેટલું ઉત્તેજન આપવું જોઇયે તેટલું આ સભા આપી ચુકી છે, જે માટે તે વાજબી રીતે મગરૂરી લઇ શકે. તોપણુ તેને હજી વધુ કામ બજાવવાનું છે. તે કામ ધર્મનું શિક્ષણ જવાન છોકરાઓને જેમ બને તેમ વધુ આપવાનું છે કે જેથી તેઓ વેહમથી દૂર રહીને નીતિમાન સારી અને ભલી તથા ઉપેગી જિંદગી ગુજારી શકે. આજે આપણી સન્મુખ સુંદર ગાયનોમાં બાળકોએ બંદગી કીધી છે તથા અવસ્તાવાણી તેના ગુજરાતી અર્થ સાથે તેઓએ આપણી સન્મુખ કહી સંભળાવી છે. તે શું બતાવે છે? તે જે કાંઇ બતાવી આપે છે તે એ છે કે વેહમો મૂકી દઈ જરતોસ્તીઓ ધર્મની ખરી ખુબી પિછાણવા લાગ્યાછે, અને સમજ પડતી ભાષામાં બંદગી કરવા તયાર થયા છે. મોબેદ સાહેબોને હજી વધારે ઉત્તેજન આપી તેઓ પાસે ધર્મનો અભ્યાસ કરવાનું કામ આ સભાએ બજાવવું જોઇયે છે. એ કામ આ સભાના મુખી મર્હુમ શેઠ ખરશેદજી રૂસ્તમજી કામાજીએ ઉમંગ, ઉલ્લટ અને અથાક ખંતથી ઉપાડી લીધું હતું. ઘટતી અને પુરતી મદદ વગર મોબેદો પોતાના ધર્મગુરૂના પેશામાં રેહતા નથી. શીખેલા ભણેલા મોબેદો જો એ પેશામાં રહે તો આ સભા બીજા સુધારા વિજળીની જડપે કરી શકે. રવાનની ક્રિયા પાછલના વગર અર્થના અઘટીત ખર્ચ આ સભાએ કમી કરાવ્યા છે, જે માટે તેને બેશક મોટી શાબાશી ઘટે છે. તોપણુ હાલનો આપણો પારસી સંસાર એવો છે કે આપણી કોમમાં બિનજરૂરના ખર્ચો ઘણા વધી પડયા છે. દેખાદેખીથી જે નકામો ખર્ચ આપણી કોમમાં કરવામાં આવે છે તે જો ચાલુ રહે તો કોમમાં કંગાળપત આવી પડે. માટે એ બદી લોકોનાં મનપર મજબુતીથી ઠસાવી તે નાબુદ કરવી જોઇએ. તે માટે આ સભાએ ઘટતી કોશેશ મહકમ ઠરાવથી કરવી

જોઇયે છે. હું જે કાંઇ અત્રે બોલું છું તે મારી કમીની શક્તિ મુજબ બોલું છું. કેટલીક બાનુઓએ અત્રે છટાથી જે બોધકારક અને નીતિમાન ભાષણો અસરકારક રીતે કીધાં છે તેથી મને લજવાવું પડે છે કારણ કે તેવાં ભાષણો કરવાની મારામાં શક્તિ નથી. આ સભા ઘણું જીવે અને હવે પછી દર દાયકે મોહત્સવ ઉંજવે અને ઘણી જ્યુબિલીઓ કરે તથા આયંદે તે ૧૦૦ વર્ષની જ્યુબિલી કરવાને ભાગ્યશાળી થવા પામે, કે જે જ્યુબિલીને શું નામ આપવામાં આવશે તે હું કહી શકતો નથી, તેમજ તેનો જશ મુંબઇમાંજ નહિ પણ મોફસિલમાં પણ પંથરાય એવી હું ખરાં અંતઃકરણથી તે કિર્તાર પાસે દુવા ચાહું છું. જે નીતિમાન કેળવણી એ સભા મારફતે અપાય છે તે આપણામાં જાએજ રહી આપણામાં શોભા અને ખુશબખ્તી ફેલાય એવી મારી દુવા પાક પરવરદેગાર આમીન કરે! ખા૦ બ૦ દારાશાહ રતનજી ચીચગરે અને શેઠ પાહલનજી બરજોરજી દેસાઇએ સભાની કીર્તિ વધારવા માટે જે ખંતીલી કાળજી બતાવી છે તે માટે તેઓને હું શાબાશી તથા મુબારકબાદી આપું છું. અલબતાં એ સાહેબોને સોસવું પડે છે, કારણ કે હમણા એક રીતનો જાહેર પવન ફેલાયલો છે. આ સભાને વગોવવા જાહેર લખનારાઓ તથા ચીબાવલા ચર્ચાપત્રીઓ બાહેર પડયા છે. કોઇએ તો વળી આગળ વધીને એવું પણ લખ્યું છે કે રાહનુમાએ ડોસાં મરવા પડયાં છે! પણ રાહનુમાએ ડોસાં તો હજી તદન સુખરૂપ સંપુર્ણ જીવતાં જાગતાં અને પુર તનદરોસ્ત તથા રાતાંમાતાં છે. ખોદા એ ભલાં માતાને હજી ઘણાં વર્ષ જીવાડે!

શેઠ દાદાભાઇ નવરોજજીના સંદેશા.

સભાની ડાયમંડ જ્યુબિલી ટાંકણે તેના સ્થાપક શેઠ દાદાભાઇ નવરોજજીએ સભાના સરનશીન ખાનબહાદુર દારાશાહ રતનજી ચીચગર ઉપર લખેલો પત્ર જે એ ગૃહસ્થે ડાયમંડ જ્યુબિલીના પહેલા દિવસના મેળાવડા વેળા વાંચ્યો હતો તે નીચે પ્રમાણેનો છે:—

Vesava (via Andheri, B. B. & C. I. Ry.),
8th November 1911

Dear Darasha Chichgar,

I am heartily thankful to you, Miss B. A. Engineer, and other gentlemen of the Deputation from the Rahanumai Mazdiashna, for your kind and generous sentiments for the part I have had in the work of the Rahanumai.

I am much grieved that my dear friend K. R. Cama has not lived to receive acknowledgments due to him on the present occasion of the Diamond Jubilee.

I do not think that I can say anything more than what have done in my letter of October 31st 1901, on the occasion of the Golden Jubilee. With my best wishes for the future success of the Rahanumai,

Yours truly,
DADABHAI NAOROJI.

સભાની ગોલ્ડન જ્યુબિલી ટાંકણે શેઠ દાદાભાઇએ સભાના મર્હુમ સરનશીન શેઠ ખ. ર. કામા જોગ લખેલો તે પત્ર જે ઉપલાજ મેળાવડાને દિને સભાના મુનશી મી૦ પાહલનજી બરજોરજી દેશાઇએ પોતાના ભાષણ દરમિયાન વાંચ્યો હતો તે નીચે મુજબનો છે:—

Washington House.
72, Anerley Park.
London, S. E.
October 31, 1901

Dear Khurshedji.

I have received your letter of the 12th inst. informing me that " The Rahanumai " was going to celebrate its Jubilee on the 18th November. I thank you very much for writing this to me. It has sent me back to think of the old days and the efforts, or, what I may call, the

struggles of a few young enthusiasts to advance in our spiritual and social life. My share in that work extends to only 4 years; but at that beginning what vicissitudes have we gone through ! and even up to the present day what continuous struggles against opposition has the society had to make ! It is a great gratification to think that " The Rahanumai " has remained staunch and true to its mission, and is now able to celebrate its Jubilee. The first central idea of " The Rahanumai " at its start was to restore the Zarthosti religion to its pristine purity and simplicity. That object, as far as I understand, has been faithfully adhered to under diffculties enough to damp any enthusiasm. But I think nobody will deny that not a little of this success, so far as it has been achieved is owing to you, to your knowledge of the Avesta at first hand, and to your untiring exertions to bring out and encourage more workers in the field.

We had to make the start without personal knowledge of the Avesta at first hand; but thanks to you and "The Rahanumai," how many Avesta students there are now, and how much intelligent interest is created in the whole community ! This result alone is worthy of much congratulation.

I hope "The Rahanumai" will go on with the same steadfastness. enthusiasm and singleness of purpose in their work—no easy work—that has yet to be done. Kindly communicate to "The Rahanumai" my best wishes for the successful continuation of their energies.

Yours truly,

DADABHAI NAOROJI.

K. R. CAMA, ESQ.

પ્રકરણ ૧૦ મું.

સભાનાં કામ તરફ દસ્તુરો અને શેઠીઆઓની પસંદગી.

ધર્મ શિક્ષણ લેનારાં બાળકોને ઇનામો આપવાના મેળાવડાઓ વેળા નામીચા સાહેબોએ આપેલાં ભાષણો.

દસ્તુર પેશોતનજી બેહરામજી સંજાણાનું ભાષણ
(તા. ૨૯ મી માર્ચ ૧૮૮૪)*

[ઇનામો આપવાના પેહલા મેળાવડામાં ધર્મ શીક્ષણને લગતા તથા પરીક્ષકો તરફના રીપોર્ટો વાંચી સંભળાવવામાં આવ્યા પછી દસ્તુરજી સાહેબ પેશોતનજી બેહરામજી સંજાણા જેઓ મજલિસમાં હાજર હતા તેઓએ એક ભાષણ કરીને પોતાના વિચારો નીચે પ્રમાણેની મતલબના જણાવ્યા હતા.]

"તેઓએ રાહનુમાએ માજદાયશના સભા કેવી રીતે અને કીહાં સ્થાપવામાં આવી હતી તેનો એહવાલ આપીને જણાવેઉં જે આગલ તેઓ એ સભામાં સાંમેલ હતા પણ તેમને કેટલાક સંજોગોને લીધે, દબાણથી એ સભામાંથી નીકલી જવું પડીઉં હતું પણ આ સભા હસતકથી જે સરસ કાંમ ચાલે છે તે જોઇને આજે તેઓ એ સભામાં પાછા દાખલ થાએછે. કારણ કે એ સભા જરથોશતી ધર્મને ખીલવવાને લગતાં સારાં કામમાં ઘણીજ જેહમત અને તસદી ખેચીને અપમાન ખમવા છતાં મશગુલ રહી છે, અને હાલ એ સભાએ પોતાની એ મેહેનતનો જે સારો બદલો મેલવેઓ છે તેથી દસ્તુર પેશોતનજીને ઘણી ખુશી ઉપજે છે. તેઓ વધારે એમ બોલેઆ જે જે કાંમ અથોરનાન મંડલીઓ તથા જરથોશતી ટોલાના વડા અકાબરોને હાથથી થવું જોઇએ તે કાંમ રાહનુમાએ માજદીયશના સભાએ માથે લેઇ તેનો પાએઓ રચી હાવી સરસ રીતે તે પાર ઉતારીઉં છે. એ સભા પોતાના અનુભવને આગલ વધારી હેવીજ રીતે કાંમ

* સભાનું પુ૦ ૪ થું અંક ૧૧ મા ઉપરથી.

ચલાવતી જશે તો જરતોશતીઓમાં ધરમની માહીતગારીનો ઘણો વધારો થાશે. એ મંડલીનાં હાવાં શુભ પરીનામ માટે સરવેથી શરસ માન એ મંડલીના વડા શેઠ નવરોજજી ફરદુનજીને ઘટે છે, કારણ કે સરૂઆતથી એ સેઠ એ મંડલીને માટે ઘણીજ ખંતથી મેહેનત કરતા આવેઆ છે.''

૨.

શમ્સ ઉલ ઓલમા દસ્તુર પે. બે. સંજાણાનું બીજું ભાષણ.

(તા. ૨૬ મી એપ્રીલ ૧૮૯૦)*

"આગળ આ સભા તરફથી થયલા ઇનામના મેળાવડામાં હું હાજર થયો હતો, અને મારા તે વખત પછીનાં અનુભવ ઉપરથી કહું છું કે આ સભા તરફથી જેવી દુર અંદેશીથી ધર્મને લગતું ગ્નાન બાળકોને આપવામાં આવે છે તે સર્વે જરતોસ્તીઓને પસંદ કરવા જોગ છે. હું જણાવું છું કે જો આ ખાતું ચાલુ રહ્યું તો ધર્મને લગતું જેટલું કામ આખી પારસી કોમ બજાવશે નહી, તેટલું આ ખાતું એકલું બજાવશે. આજનો દીવસ મને મરહુમ શેઠ નવરોજજી ફરદુનજીની યાદ આપે છે, જેઓએ ચાલીસ વરસની વાત ઉપર આ સભા ઉભી કરવાનાં કામમાં આગેવાની કરી હતાં. તે માટે શરૂઆતમાં મી૦ અરદેશર ફરામજી મુસનાં ઘરમાં એક મીજલસ મળી હતી, જ્યાં બીજાઓ ઉપરાંત હું કમતરીન સેવક અને મુંબઇના સઘલા દસ્તુરો હાજર થયા હતા. પણ ધર્મને લગતી ક્રીયા કરવાના સંબંધમાં ચાલેલા મતફેરો તેમજ પોતાના મુરબ્બીઓ તરફથી થયલાં દબાનને લીધે તે કામમાં ભાગ નહી લેવાને કેટલાક દસ્તુરોને ફરજ પડી હતી. મારે કહેવું જોઇએ કે શેઠ નવરોજજી ફરદુનજી જેવા ખંતી, દુરઅંદેશ અને જરથોસ્તી મજહબ તથા કોમને ચાહનારા જરથોસ્તીઓ ઘણા થોડા હશે અને આ સભાએ તેમનાં રૂવાનને માટે નેક દુઆ ચહાવી જોઇએ છે. જો તેઓ આજે સભામાં હાજર હોતે તો મારી ખાતરી છે કે તેમને મહોટી ખુશાલી ઉપજતે, પણ તેમનું

*સભાનાં પુ૦ ૫ માંના અંક ૬ ઠા ઉપરથી.

રહ મીનોઈ દુનીયામાંથી આ મેળાવડો જોઇ ખુશહાલ થશે એમ નહી માનવાને કોઇને પણ કારણ નથી. દસ્તુર મેહેરનોશજી વજીફદારે આજે જે વિધયાર્થીઓની ધર્મને લગતી બાબતોના સંબંધમાં મહોડેથી પરીક્ષા લીધી છે તેઓમાંથી કેટલાંક નાનાં બાળકોએ અલબત આગળથી મોઢે કીધેલા જવાબો આપ્યા હોય, એ સ્વભાવિક છે, પણ મહોટી ઉમરના વિદયાર્થીઓએ સમજીનેજ જવાબો આપ્યા છે તેમાં કાંઇબી શક નથી. મારી ખાતરી છે કે પચાસથી સાઠ વરસની ઉમરના ઘણા પારસીઓ ધર્મને લગતું કાંઇબી જ્ઞાન ધરાવતા નથી, અને તેમને જો આજે આ બચ્ચાંઓને પુછેલા સવાલો પુછવામાં આવશે, તો તેઓના જવાબોથી આ છોકરાંઓને હસવું આવશે."

(૩)

શમ્સઉલ ઓલમા દસ્તુર પેશોતનજીનું સભા તરફે દિલસોજ પસંદગી દર્શાવનારૂં ત્રીજું ભાષણ.

(તા. ૨૦ મી માર્ચ ૧૮૯૨)*

"આજ રોજે સભા તરફથી આ મેળાવડામાં પ્રમુખસ્થાને બિરાજવાનું જે માન મને શેઠ ખરશેદજી રૂસતમજી કામાજીએ આપ્યું છે તે માટે હું તેમનો ઉપકાર માનું છું. માજદીયસ્ની જરથોસ્તી ધર્મનું તત્વ આપણાં બચ્ચાંઓને આપવાની આપણી તરફથી જે કોશેશો થાય છે તે કાંઇ થોડી ઉપયોગી નથી. જે ગ્રહસ્થો ૩૦ અને ૪૦ વરસની ઉંમરના હશે, તેઓને માલમ પડશે કે તેઓની જવાનીમાં જે કેળવણી આપવામાં આવતી હતી તેની સાથે સરખાવતાં હાલ તે કેળવણી કેટલી બધી બચ્ચાઓમાં વધી ગઇ છે અને કેટલો બધો ફાયદો કરે છે તે વિચારવાનું સેહલ છે. કેટલીક તરફથી ફરયાદ કરવામાં આવે છે કે માબાપો પોતાનાં બચ્ચાંઓને ધર્મ જ્ઞાનની કેળવણી આપવા કરતાં દુનિયાઇ કેળવણી ઉપર તેમનો વખત ગુજારવાનું વધારે પસંદ કરે છે. અલબતાં પોતાનાં બાળકોને દુનિયાઇ કેળવણી આપી તેમને દુનિયાને લાયક કરવા માંગતાં હોય તો તે

*સભાનાં પુ૦ ૫ માનાં અંક ૧૩ મા ઉપરથી.

વાજબી છે, પણ જો તેઓ પોતાનાં બાળકોને ભવિષમાં સુખી બનાવવા માંગતાં હોય તો તેઓએ ધર્મ સંબંધી કેળવણી પોતાનાં બચ્ચાંઓને પેહલાં આપવી જોઇયે અને પછી દુનિયાઇ કેળવણી આપવી, કારણ કે ધર્મને લગતી કેળવણી બેઉ દુનિયામાં સુખ આપનારી છે અને તેમ હોવાથી તે ઉપર પેહલું ધ્યાન આપવું જોઇયે છે. બચગીમાં બાળકોને ધર્મ સંબંધી કેળવણી આપવાથી તેઓ ઉપર ધર્મ સંબંધી બહુ સારી અસર થશે, અને તેનો છાપ જીંદગી સુધીમાં તેઓનાં મગજમાંથી જશે નહી. વળી તેથી હવે પછીની આપણી ઓલાદ ધર્મ ઉપર ચુસ્ત રહી જાનફેશાની બતાવશે પણ જો માબાપો પૈસાને લોભે પોતાનાં બાળકોને ફકત દુનિયાનીજ કેળવણી આપે, અને ધર્મનીતીની કેળવણી વીસારી મુકે તો આગળ ચાલતાં બચીત પસ્તાવો થશે, કારણ કે ધર્મની કેળવણી વગર નીતિ નથી, અને નીતિ ન હોય તો દુનિયામાં બાળકો સુખી થાયજ નહી. આપણો ધર્મ શું છે અને તેનાં ફરમાનો શું છે તેથી તેઓ અંજાણ્યાં રેહશે, અને કોમને કશોબી લાભ તેઓ કરી શકનાર નથી. તેટલા માટે દરેક માબાપની ફરજ છે કે ધર્મનીતિનાં કામ તરફ અંદરખાનેથી દિલસોજી બતાવીને તેનો વધારો કરવામાં પાછળ પડવું નહિ. જે માબાપો ધર્મનીતિની કેળવણી તરફ દિલસોજી ધરાવતાં નથી અને પોતાનાં બાળકોને તેવી કેળવણી નથી આપતાં તે દરેકને તેવા ફાયદાઓ સમજાવવાની સ્કુલના માસ્તરની ફર્જ છે. માસ્ટરોએ પોતે યા પોતાની તરફથી માણસોને મોકલીને આવાં માબાપો ઉપર ધર્મનીતિની કેળવણીના ફાયદા વિશે અસર કરવી જોઇયે છે. રાહનુમાય સભા તરફથી જે ધર્મ સંબંધી કેળવણી આપવાનું કામ જે મુખ્ય આગેવાન સાહેબોએ હાથમાં ધર્યું છે તેનો વહિવટ સારી, રૂડી, ડાહપણ ભરેલી રીતે ચલાવવામાં આવે છે તેથી મને સંતોષ ઉપજે છે. અને સર્વે માબાપો તરફથી હું તેઓની એ કોશેશ માટે ઉપકાર માનું છું. વળી જે સ્કુલના ઉપરીઓ ધર્મને લગતું ગ્નાન આપવામાં ઉલટ અને ઉત્તેજન આપે છે તેમનો પણ હું ઉપકાર માનું છું.

ગાયન રૂપી બંદગી.

"બીજું, આપણા ટોળામાં હાલ જે ધર્મજ્ઞાનને લગનાં ગીતો ગાવામાં આવે છે, તથા ગાયનનાં આકારમાં જે બંદગી ભણવામાં આવે છે તે સામે કેટલાકો વાંધો લે છે અને જણાવે છે કે તે ચીજ ખરાબ છે. પણ મારે જણાવવું જોઇએ કે ગાયનના આકારમાં ધર્મનીતિની કેળવણી આપવાથી બચ્ચાંઓનાં મગજ ઉપર જેવી અસર થાય છે તેવી અસર બીજી કોઇ રીતે અપાતી કેળવણીથી થતી નથી. વાસ્તે ગાયનના આકારમાં ઇશ્વર સ્તુતિ, તે પેદા કરનારની સિફત તથા પેગમ્બર સાહેબના સારા ગુણો વિશે બચ્ચાંઓ પર સારી અસર થવાથી તથા સારા વિચારો તેઓમાં ઉત્પન્ન થવાથી, તેઓ પોતાના એ વિચારો ઘરમાં જઇ માબાપો આગળ ગાયનના આકારમાં જાહેર કરે તો તેથી કેટલી ખુબી વધે, તથા તે કુટુંબમાં કેટલો આનંદ પેદા થાય, તે તમો સારી રીતે જાણો છો. જે જરથોસ્તીઓ એમ ધારે છે કે ગાયન ખરાબ ચીજ છે, તેમાં તેઓની ભુલ છે. અલબતાં અનીતિના ગાયનો ધિક્કારવા જોગ છે, પણ સારી નીતિનાં ખોદાની સિફતના ગાયનની સામે થવું એ એક મુર્ખાઇ છે. ભાઇ પીરોજજી જેવણ આ રાહનુમાએ માજદ-યસ્નાંન સભાને ગાયનો જોડવામાં તથા તેના સંબંધમાં જરતોસ્તી બચ્ચાંઓને શીખવવાની જે મદદ કરે છે તે કામ દોલતની બક્ષેસથી કીધેલાં સવાબ જેવું છે. મી૦ પીરોજશા ગાયનના આકારમાં જે ધર્મને લગતી કેળવણી આપી સવાબનું કામ કરે છે તે માટે તેવણને શાબાશી ઘટે છે.

"અર્જ કરવાની બાકી રહે છે કે જે કામ રાહનુમા સભાએ ઉંચકી લીધું છે, અને જે કામ આપણા ટોળામાં ધર્મ તથા સુખ વધારવાને વાસ્તે તથા સલાહ અને આબાદી જળવાય તેટલા માટે તેના અહબર સાહેબોએ હાથ ધર્યું છે, તેને પોતાના પૈસાથી, કામોથી તથા કોશેશોથી મદદ આપો. વળી એવું નહિ થવું જોઇએ કે જ્યાં મદદ ઘટે ત્યાં ન આપવી અને જ્યાં ન ઘટે ત્યાં આપવી.

આ રાહનુમા સમાંન આગલા સભાસદો જેઓએ આ સભાનું સુકાન પોતાના હાથમાં લીધું હતું તેઓ ઘણા કાબેલ, દાનેશમંદ તથા

દૂરઅંદેશી હતા. જ્યારે આ સભા ઉભી કરવામાં આવી ત્યારે તેની નેમ એવી હતી કે જરતોસ્તીઓમાં ફેલાયલી જુદદીનોની રાહરસમ, રેવાજ તથા વેહમ નાબુદ કરવા. આ રેવાજો તથા વેહમો નાબુદ કરવા માટે તેઓએ કોશેશ કીધી અને તેથી જરતોસ્તી ટોળામાં ઘણાં ફાયદા થયા. જરતોસ્તીઓમાં આગળ મુસલમાનો, હિંદુઓ તથા ખ્રિસ્ટીઓની ક્રિયા થતી હતી, જેનો નાશ કરવા માટે આ સભાના આગળા મેમ્બરોનો ઉપકાર માનવો જોઇયે. હાલના સભાસદો કરતાં તેઓએ ઘણું ખમ્યું છે. તેઓની ઉપર શેઠિયાઓ તરફથી જુસ્સો ઉતરેલો છે, હમારા તરફથી જુસ્સો ઉતરેલો છે, તેઓને વગોવવામાં આવ્યા છે, પણ તેઓની ખંતીલી મેહનતથી હાલ જે પરિણામ આવ્યું છે તે માટે તેઓને તમો શાબાશી આપશો. ૩૬ યા ૩૭ વરસની ઉપર જે મામલો હતો તેનું હાલ જે પરિણામ આવ્યું છે તે ઘણું સંતોષકારક છે. જે કાંઇ કામ આરંભવામાં આવ્યું છે તેનો લાભ જરતોસ્તી માબાપોએ લેવો. અને આ સભા તરફથી જે ધર્મનીતિને લગતી ચોપડીઓ બાહેર પડે તેનો અટકાવ ન થાય અને આગળ ચાલે તેવી કોશેશ કરવી. આવાં કામને મદદ કરવાની પારસી ટોળામાં ખાહેશ ઉત્પન્ન થશે તો તેથી આયંદેહ ફાયદો થશે ".

(૪)

ગુજરાતી ભાષાની બંદગી વિષે દસ્તુર પેશોતનજીના વિચારો.

(તા૦ ૧૬ મી એપ્રીલ ૧૮૯૩)

ઇનામનો એક મેળાવડો ઉપલે દિને ફરામજી કાવસજી ઇન્સ્ટિટ્યુટમાં થયો હતો, " તે વેળાએ શમસુલ ઓલમા દસ્તુરજી સાહેબ પેશુતન બેહરામજી સંજાણાને સભાપતીની કુરસીએ બીરાજવાની એલતેમાસ કરવામાં આવી હતી. ધર્મનીતિના કેટલાક સવાલો છોકરાંઓને પુછાયા પછી દસ્તુરજી સાહેબે ફત્તેહમંદ છોકરાંઓને ઇનામો વેંહેંચી આપ્યાં હતાં અને એક સુંદર ભાષણ કરીને આપણી સભાનાં કામ અને કારોબારને પસંદ કીધાં હતાં, તથા સભા તરફથી થતી વઅજો તથા ધર્મનીતિની કેળવણીને બરહક અને વાજબી ગણી હતી.

"દસ્તુરજી સાહેબે બંદગી વિશે એવો ખુલાસો કીધો હતો કે હાલમાં ગુજરાતી ભાષામાં જે બંદગી જોડીને કરવામાં આવે છે તેને કેટલાકો ગુનાહ ભરેલું સમજે છે, પણ તેઓની તે ભુલ છે. અલબત ખુદ અવસ્તા ભાષાની બંદગીઓ ચઢીઆતી છે, છતાં બીજી ભાષાઓમાં કીધેલી બંદગીઓ કાંઈ ખોટી નથી. સાસાન્યન વખતમાં પેહેલવી તેમજ પાજંદ ભાષાઓમાં તથા પાછલથી કાએલ દસ્તુર સાહેબોએ ફારસીમાં મોનાજાતો તથા બંદગીઓ જોડેલી આપણી પાસે છે. એ વગેરે ઘણાક લંબાણ વિચારો જણાવીને દસ્તુર સાહેબે પોતાનું ભાષણ ખતમ કીધું હતું."[૧]

(૫)

સર જમશેદજી જીજીભાઇ (૩ જા બેરોનેટ)નું ભાષણ.

(તા. ૮મી એપ્રિલ ૧૮૯૪)[૨]

"મીજલસનાં બાનુઓ તથા ગ્રહસ્થો, જ્યારે રાહનુમાએ માજદયસ્નાન સભાના આજના કેળવણીના મેળાવડામાં પ્રમુખસ્થાન લેવાનું અમને મેહેરબાની કરી આમંત્રણ કરવામાં આવ્યું ત્યારે અલબતે તે કબુલ રાખવા પેહેલાં અમને પેહેલો વિચાર આવ્યો કે એ સભાના કેહવાતા વિચાર આચારો સાથ સર્વ પ્રકારની દિલસોજી જાહેર કરવા વિના એ મેળાવડામાં કોઇથી હાજર થઇ શકાય કે નહિ? તે ઉપર વિચાર કરતાં અમે એવાં અનુમાન ઉપર આવ્યા છિયે કે એ સભાના, અથવા તેના સભાસદોના વિચારો અને આપણા વિચારો વચ્ચે ગમે તેવો મતફેર હોય તોપણ આપણા ટોળાનાં ઉધરતાં બચ્ચાંઓને ધર્મ સંબંધી અને નીતિની કેળવણી આપવાનું જે નવું કામ આ સભાએ માથે લીધું છે, તે સઘળા ભલા જરતોસ્તીઓની દિલસોજીને લાયકનું છે, અને એ સભાનાં કાએલ કારોબારી સાહેબોને કેહવાની જરૂર નથી કે તેઓનું એ કામ સર્વે જરતોસ્તી ભાઇઓની દીલસોજીને વધુ અને વધુ લાયક થતું જશે, જો તેઓ ખાસ કાળજી રાખશે કે એ બચ્ચાંઓને

૧ સભાનાં પુ૦ ૬ ઠાંના અંક ૧૧ા ઉપરથી.

૨ સભાનું પુ૦ ૬ ઠ, અંક ૩ જો, પાનું

જે કેળવણી આપવામાં આવે તે ધર્મના સામાન્ય મૂળ તત્વો ઉપર હોય, અને કોઇ મતફેરના સવાલો અને બાબત ઉપર નહિ હોય. બચ્ચાંઓનાં કુમળાં મગજ જ્યારે સારૂં માઠું શું તે પીછાનવાની શક્તિથી હજી બરાબર ખીલેલાં નહિ હોય ત્યારે મતફેર અથવા તકરારી સવાલોથી તેઓની ધર્મ સંબંધી કેળવણી અલગ રાખવીએ જેમ બચ્ચાંઓના ફાયદા માટે તેમ ટોળાના ફાયદા માટે અગતનું છે. રાહનુમાય સભાએ બચ્ચાંઓની ધર્મનીતિની કેળવણી માટે ચહડ ઉતર ચોપડીઓના જે ૪ અંકો બાહેર પાડયા છે તે ઉપર ટુંક નજર કરતાં આપણને ખુશી ઉપજે છે કે એ ચોપડીઓમાં ઉપર પ્રમાણેની કોશેશ કરયામાં આવી છે, અને મતફેરના યા તકરારી સવાલોથી વેગળા રહી નીતિના સાધારણ સબકો બચ્ચાંઓને સમજાવવાની કોશેશ કરવામાં આવી છે. રાહનુમાય સભાનું એ કેળવણી આપવાનું કામ ત્યારે સર્વે જરતોસ્તી ભાઇઓની દિલસોજીને લાયકનું છે, અને જાણીને ખુશી ઉપજે છે કે એ કામ ઉપર આ સભા હાલ કેટલાંક વરસ થયાં વધુ ધ્યાન આપે છે.

"ધર્મ સંબંધી નીતિની કેળવણીની આવી હીલચાલોને બચ્ચાંનાં માબાપોએ પોતે વધુ ટેકો આપવો જોઇએ, પણ કેહવાને દિલગીર છિયે કે અમારા મર્હુમ મુરબીજીનાં નામથી ચાલતી સ્કુલોના સંબંધમાં અને પંચાયતના ટ્રસ્ટી સાહેબો હસ્તકથી ચાલતી બાહેરગામની જંદ અવસ્તાની નિશાળોના સંબંધમાં વારેઘડીએ એ ખાતાંઓના ઉપરી સાહેબો તરફથી અમારે કાને ફરિયાદ આવે છે કે બચ્ચાંનાં માબાપો પોતે પોતાનાં બચ્ચાંઓની આવા પ્રકારની ધર્મ સંબંધી નીતિની કેળવણી બાબે બેદરકાર રેહ છે. પણ એ બેદરકારી આયદેહ જેમ એ બચ્ચાંઓને તેમ આપણા આખા ટોળાને નુકશાનકારક નીવડશે. બચ્ચાંઓ સદગુણી સપૂત નિવડે એવી ધર્મ સંબંધી નીતિની કેળવણી ઉપર જેટલું પણ ધ્યાન અપાય તેટલું થોડું છે. આ સભાનો જે હેવાલ હાલ આપણી સનમુખ સેક્રેટરી ભાઇએ વાંચી સંભળાવ્યો છે તે ઉપરથી આપણને દીસે છે કે ધર્મ સંબંધી કેળવણી માટેની માબાપોની અફસોસકારક બેદરકારી માટે આ સભા પણ ફરિયાદ કરે છે. માબાપો તરફથી પુરતું ઉત્તેજન ન મળવા છતાં

સભાએ ગયાં સાલમાં છોકરાંઓના લવાજમની આવક ઉપરાંત આશરે રૂ. ૬૦૦ વધુ ખરચી પોતાનું કામ હિમતથી આગળ ચલાવ્યું છે, એ ખુશીની વાત છે. માટે રાહનુમાએ માજદસ્નાન સભાનાં આ નવાં કામને અમો આવકારદાયક ગણિયે છિએ અને તેમાં સર્વ પ્રકારનો વધારો ઇછિયે છિયે."

સર જમશેદજી જીજીભાઇ (૪થા બેરોનેટ)નું ભાષણ.

(તા૦ ૧લી એપ્રિલ ૧૯૦૦)*

"બાનુઓ અને ગ્રહસ્થો,

રાહનુમાએ માજદયસ્નાન સભા પોતાની હઇઆતીના બીજા તબક્કામાંથી હાલ પસાર થતી દીસે છે. એ સભાનાં કામનો પહેલો તબકકો તે હતો કે જ્યારે આપણા ટોલાના રીવાજો અને આચારવીચારમાં દાખલ થયલું પારકું તત્વ દુર કરવાનું કામ તેણે માંથે લીધું હતું. આપણું પોતાનું શું છે અને આપણામાં પારકું શું દાખલ થયું છે તે મુકરર કરવાનું કામ અલબતે કેટલેક દરજ્જે મુશકેલ હતું અને છે, તેથી તે બાબતમાં કેટલીક રીતે આપણામાં મતફેર કુદરતી રીતે હોય એ બનવાજોગ છે, પણ હાલ એ સભા પોતાની જીંદગીના બીજા તબકકામાં જે કામ બજાવે છે તેમાં હું ધારૂં છું કે મતફેરની થોડીજ જગ્યા રહેવી જોઇએ. આ સભાએ હાલ હાથ ધરેલાં જે કામ માટે હું બોલું છું તે આપણા ટોલાનાં ઉધરતાં બાલકોને ધરમનો ઉપદેશ આપવાની બાબત છે કે જે કામ કેવી રીતે બજાવવામાં આવે છે તે તમોએ આજ તમારી નજરે જોયું છે. આપણે વારે ઘડીએ ફરીઆદ થતી સાંભળીએ છઇએ કે આપણાં બાળકોને ધરમ સંબંધી કેલવણી બચપણમાં આપવી જોઇએ તે અપાતી નથી. એ ફરીઆદનો ઉપાય કરવા માટે બીજા ખાતાંઓ સાથે આ રાહનુમાએ સભાએ સ્તુતી પાત્ર પગલું ભરીઉં છે. અને તે એ કે આપણાં જરથોસ્તી બચ્ચાંઓને કેળવણી આપવા માટે ધરમ શીક્ષકોને સ્કુલે સ્કુલ મોકલવાની ગોઠવણ કીધી છે, અને તેઓની એવી પ્રકારની કેળવણી માટે પુસ્તકો તઇયાર કરાવીઆં છે, પણ અફસોસની વાત છે કે કેટલી વાર

* સભાનાં પુ૦ ૬ ઠાનાં અંક ૧૫મા માંથી

આપણામાં બને છે તેમ ઘણુંકો લાંબી લાંબી ફરીઆદ કરવાને બાહેર પડે છે, પણ જ્યારે તે ફરીઆદ ટાલવાને ઉપાયો હાથ ધરવામાં આવે છે ત્યારે તે કામ તરફ પુરતી દીલસોજી દેખાડવામાં આવતી નથી. આપણા સનમુખ વંચાએલા એહવાલ પરથી આપણે જોયું છે કે આ સભાની મુખ્ય ફરીઆદ આ છે કે તેના આ સુભ કામમાં આપણા લોકો તરફથી અને ખાસ કરી કેલવણી લેનારાં બાલકોનાં માબાપો તરફથી પુરતો ટેકો મલતો નથી. પોતાનાં બચ્ચાં પાછલ ધરમ સંબંધી કેલવણીને માટે વરસ દાહડે ફકત એક રૂપીઓ ફાજલ પાડવાને જરથોસ્તી માબાપો આનાકાની કરેછે. એ ઘણું દલગીરીભરયું છે. કોઇ કેહશે કે એ સભા તરફની કેલવણીની રીતમાં કાંઇ ખામી હશે, પણ જો એમ હોય તો એ ફરીઆદ કાંઈ ફકત એજ ખાતાંની નથી, પણ બીજાં ખાતાંઓની પણ છે...એ ઉપરની દીશે છે કે બચ્ચાંઓની ધર્મ સંબંધી કેલવણી આપવા માટેની માબાપોની બેદરકારીની ફરીઆદ સાધારણ છે."

"રીપોર્ટ ઉપરથી દીશે છે કે રાહનુમાયના ધર્મ શિક્ષકોએ સર જમશેદજી મદરેસામાં તાલીમ લીધીછે. મારા મરહુમ મુરબ્બીજીનાં નામ સાથે જોડાએલાં એ કેળવણી ખાતાંના ચેલાઓ આપણા ટોલાનાં બચ્ચાંઓને કેળવણી આપવાનાં રૂડાં કામોમાં એમ રોકાએ તે જોઇ હું ઘણો ખુશી છું. રાહનુમાએ સભાનું કામ ભલા અને ઉમંગી ગ્રહસ્થોના હાથમાં છે. તેઓમાં જ્યારે સરનશીન તરીકે આપણે શેઠ ખરશેદજી રૂસ્તમજી કામાજીનું નામ જોઇએ છઇએ ત્યારે આપણને એક રીતની ખાતરી મલેછે કે તેવણ સાંહેબ ગમે તેવી મુશકેલી વચ્ચે પણ આ સભાએ હાથ ધરેલાં આ શુભ કામનું પૈડું ગબડતું રાખશે. વલી તેવણ જેવા ધર્મ અભેઆસીની રેહબરી તલે બચ્ચાંઓને ધર્મ અને નીતિની સદગુણી કેલવણી મલતી રેહશે તેની પણ આપણને ખાતરી રેહછે. આપણી મુંબઇની પચરંગી વસ્તીમાં આપણાં બચ્ચાંઓ તરેહવાર ખેંચાણો અને અશરો તલે ઉછરે છે, તથા ઉગરી પોતાની જવાની પસાર કરે છે તે સંજોગો વચ્ચે અતી ઘણું જરૂરતું છે કે તેઓનાં કુમળાં મગજો ઉપર પોતાના બાપીકા ધરમના અને ધરમે શીખવેલી નીતીના રૂડા છાપ

જલદીથી પડે અને મજબુત રીતે પડે. માટે આપણ શરવે પુછીશું કે હાલમાં રાહનુંમાએ સભાએ હાથ ધરેલું કામ વધુ ફેલાવો પામે અને વધારે ફત્તેહમંદ થાએ.

"મારી બેઠક લેવા આગમજ હું આ રાહનુમાય સભાના કારોબારી શાહેબોનો ઉપકાર માનું છું કે તેઓએ મને નોતરૂં દઇ આજની સભામાં શામેલ થવાની તક આપી છે."

શેઠ જમશેદજી અરદેશર દલાલનું ભાષણ.

(તા૦ ૨૯ મી એપ્રીલ ૧૯૧૪)

ધર્મ નીતિની કેળવણી લેનારાં બાળકોને ઇનામો આપવાની ક્રિયા બાદ પ્રમુખસ્થાનેથી મી૦ દલાલે ભાષણ કરતાં વિશેષમાં નીચલા મતલબના સખુનો કહ્યા હતાઃ—

એવી ફરિયાદ કરવામાં આવેછે કે માબાપો છોકરાંઓને ધર્મનીતિની કેળવણી આપતાં નથી, પણ આજના પ્રસંગ ઉપરથી એમ જણાયછે કે માબાપો પોતાનાં બચ્ચાંઓને ધર્મનીતિની કેળવણી આપેછે, એટલુંજ નહિ પણ તેઓ કયાંસુધી ભણ્યાંછે અને કેટલું ભણ્યાંછે તે તરફ પણ નજર રાખતાં માલમ પડેછે. નીતિની કેળવણી કેવા પ્રકારે અપાયછે તેપર સરકાર પણ ધ્યાન અપતી જાયછે. મારા વિચાર પ્રમાણે નીતિનું ઉંચ શિક્ષણ શાળાનાં કરતાં ઘરમાંજ આપવાનું ઠીક પડેછે. જ્યારે સ્ત્રીઓ નીતિની કેળવણી લઇ સાથે સાથે ધાર્મિક બનેછે ત્યારે તેઓ ઘેરના શણગાર જેવાં થઇ પડેછે, એટલુંજ નહિ પરંતુ જિંદગીના દરેક તબક્કામાં પણ તેઓપર સારી અસર થાયછે. સ્ત્રીકેળવણી હાલમાં આગળ વધીછે, અને દિનપ્રતિદિન તેમાં સારા વધારાઓ થતા જાયછે. હાલમાં બાળકોમાં ચાલતા અભ્યાસક્રમ વિશે મને કાંઇક હજી શક રહી ગયો છે. જે વાંચન પાઠમાળાઓ સ્કુલમાં ચાલેછે તે બંધબેસતી નથી ને તેમાં કાંઇ ફેરફાર થવો જોઇયે. હાલનાં અભ્યાસક્રમને એવી ભાષામાં ગોઠવવામાં આવ્યોછે કે મર્દ તેમજ સ્ત્રીશિક્ષકો વટીક તે સમજી શકતાં નથી. નીતિનાં શિક્ષણ બાબે તેમજ ધર્મ બાબે હું ઘણું બોલનાર હતો, પણ વખ્ત અનુસરતો ન હોવાથી

બીજી તકે વધુ બોલીશ. શેવટે આજે મને જે માન આપવામાં આવ્યું છે તે માટે આભાર માનું છું."

શેઠ મેહરવાનજી મનચેરજી કામાનું ભાષણ.

(તા૦ ૯ મી અકટોબર ૧૯૧૫)

ઉપલે દિને થયલા ઇનામનાં મેળાવડાનાં પ્રમુખસ્થાનેથી શેઠ મે૦ મં૦ કામાએ આપેલાં પોતાનાં ભાષણમાં નીચે પ્રમાણે કેટલાક સખુનો કહી સંભળાવ્યા હતા:—

આ સભા સ્થાપનારા નેક વિચારવાળા અને નેક લાગણીવાળા હતા. તે સ્થાપનારા મોટે ભાગે પુલગુજાર થયાછે; પણ તેમાંના એક મી૦ દાદાભાઇ નવરોજજી આપણી વચ્ચે હૈયાત છે, જેઓ આ સભા સ્થાપનારાઓ મધેના એક હતા, જેઓ સભાએ વાવેલાં બીનાં આવાં રૂડાં ફળ ચાખવાને આજસુધી સલામત રહ્યાછે, અને ખુદાતાલા તેમને વધુ વર્ષ સલામત રાખે એવી આપણે દુઆ ચાહીશું. જ્યારે હું બાળક હતો, અને સદરો પેહરવાની હાલતમાં હતો, ત્યારે મને કાંઇ ધર્મનું આવડતું હતું નહિ, પણ આજે આ મંડળીનાં પરિણામે જુદુંજ જ્ઞાન પ્રસરી રહ્યું છે. એક વેળાએ આ મંડળીનો લાભ મોટી સંખ્યામાં બાળકો લેતાં હતાં, પણ હાલમાં એ સંખ્યા ઘણી ઓછી થઇછે. આ સભાનાં ફંડોમાં હવે ખુટ પડતી જાયછે, પણ તેમાં તેનો કંઇ કસુર નથી. માબાપો પોતાનાં બચ્ચાંઓને પુરતું ઉત્તેજન ધર્મની કેળવણી માટે આપતાં નથી. માબાપોને વર્ષે દહાડે ફકત બાર આના ધર્મકેળવણીને માટે આપવાના ભારી પડી ગયા હતા, એમ સેક્રેટરિના કહેવાથી તમોએ જાણ્યુંછે. મુફત કેળવણી આપવા કરતાં થોડાબી પૈસા લઇને કેળવણી આપવાથી માબાપો કાળજી રાખશે એ ધોરણ ઉપર ફી લેવાનું ઠરાવ્યું હતું, પણ તેનું પરિણામ કાંઇ ફત્તેહમંદ આવ્યું હતું નહિ. દરેક પારસી સ્કુલમાં આ સભાથી કેળવણી આપવાનું બની શકેજ નહિ, તે છતાં આપણે જોઇયે છિયે કે પારસી માલેકોની શાળાઓ તરફથી ધર્મકેળવણી માટે કાંઇ માંગણી થતી નથી. સભાની નાણાં સંબંધી હાલત એવી નથી કે તે ધર્મકેળવણી

માટે તેમાંથી મોટા પાયા ઉપર હિલચાલ કરી શકે, પણ જો તમો સર્વે જરતોસ્તીઓ તેને નાણાંની થોડે દરજ્જે પણ મદદ કરતા રહો તો તે ઘણું કરી બજાવવાની આશા રાખી શકે. એવું જણાયછે કે જેમ આ સભાની નિશાળોમાં તેમ બીજી એક મંડળીની નિશાળોમાં છોકરાઓ કરતાં છોકરીઓ વધારે પ્રમાણમાં કેળવણી લેછે. એ દેખાડેછે કે છોકરાઓ ઈંગ્રેજી અને બીજી વેહવારૂ કેળવણી માટે વધારે દરકાર કરેછે, પણ માબાપોની ફરજ છે કે તેઓએ પોતાનાં બાળકોને ધર્મની કેળવણી આપવાની પણ કાળજી રાખવી."

પ્રકરણ ૧૧ મું.

સભાના સરનશીનો.

૧—શેઠ નવરોજી ફરદુનજી—તેમને માનપત્ર.

સભાની જિંદગીનાં ૧૩ માં વર્ષની આખેરીએ એક અગત્યનો બનાવ બન્યો. તેની સ્થાપના થઇ ત્યારથી ૧૮૬૪ સુધી તેના એક મુખ્ય સ્થાપક અને પહેલ વહેલા સરનશીન તરીકે શેઠ નવરોજજી ફરદુનજીએ ઓહદો ભોગવ્યા પછી એ ગૃહસ્થ પોતાના ધંધાને સર ઇંગ્લંડ રવાના થયા ત્યારે સભાએ તેમને એક માનપત્ર આપીને તેમની કીમતી સેવાઓની કદરશનાશી લાયક શબ્દોમાં કીધી હતી. શેઠ નવરોજજીની જગા ઉપર આ વેળા શેઠ સોહરાબજી શાપુરજી બંગાળી સરનશીન હતા, જેઓએ પોતાની તે જમાનાને છાજતી, સાદી પણ સંગીત ભાષામાં આ માનપત્ર ઘડ્યું હતું. તેમાંથી થોડાક ઉતારા નીચે આપીશું તો તે વખતની પારસી કોમની હાલત, ધર્મ અને રિવાજ તથા વડેમોના સંબંધમાં કેવી હતી તેની થોડીક જાણવાજોગ માહિતી મલ્યા વિના રેહેશે નહિ. આ માનપત્ર તા૦ ૧૧ મી મે ૧૮૬૪ ને દિને અપાયું હતું, જેમાં આપણી સભાની નેમ અને મતલબ બાબે શેઠ સો૦ બગાળી આ પ્રમાણે લખેછે :-

"એ બંધે કોમ (હિંદુ તથા મુસલમીન)ના આપણા લોકોએ અખતીઆર કરેલા કેટલાએક રેવાજો મજદીઅશની દીનની બુજોરગીને એબ લગાડે છે, તથા એ પવીતર દીનના તરીકાને જાંખ પોહોચાડે છે, તે સંગલી રસમો એ પાક અને ખાલેસ દીનની કીરીઆઓ અને બશતેકુશતીઆંન ટોલાના લોકોમાંથી નાબુદ કરવાને સારૂં 'રાહનુમાએ માજદીઅસના' સભાં આજ તેર વરસ થાએઆં અતરે અસથાપેઆમાં આવી છે. એ સભાની મારફતે આપણા મજહબને તેની અસલ ખાલેશી તથા સફાઇ અને પાકીજગી ઉપર લાવવાની જે નેમ રાખેઆમાં આવી છે, તેજ નેમથી આપણા ટોલાના લોકોએ એખતીઆર કીધેલી જુદદીનની રસમોને, મલતી કીરીઆઓનો, નાસ થવાની આસા છે."

આ મતલબના દીબાચા પછી માનપત્રમાં શેઠ નવરોજજીની સેવાઓના સંબંધમાં આ પ્રમાણેનું વિવેચન કરવામાં આવ્યું છેઃ—

"તે સભાના સરનશીનના માન ભરેલા ઓધ્ધા ઉપર કોઇ ઘણાજ ખબરદાર અને દીન આઇનના કાનુનોથી સારી પેઠે વાકેફગાર, ગ્રહસ્થની નેમનુક કરવાની ભારે જરૂર જણાઇ......તમોએ તમારો સરનશીન તરીકેનો અધીકાર ઘણીજ ચાલાકી તથા ખબરદારીથી લાગત તેર વરસ શુધી ચલાવેઆ પછે...તમારેથી છુટા પડતી વેલાએ, તમારે વીશે હમારાં ખરાં જીગરથી હમો જે ઉચું મત ધરાવીએ છે તે કહી શંભલાવવાને સારૂં આજ દીન હમો આએ જગો ઉપર ભેગા થાએઆ છઇએ.

" જાણવું જે આપણી સભા જેઆરે પેહલ વેહલી અતરે ઉભી થાઇ તેઆરે એ સભાની નીરદોશ મતલબની સાંમણે ઘણાએક હુજતી અને અનશહમજ લોકો, ખોટા અને નાપાયદાર વીચારો ફેલાવવાને સારૂં અતી ઘણી મેહનત કરતા માલુમ પડેઆ હતા, અને હરએક ખાંનગી અથવા જાહેર મજલેશોમાં બરખેલાફ વાતો જાહેર પાડીને, આપણાં કાંમને હરકત પોહોંચાડવાની ઇઉકતીઓ કરતા હતા. તથા કેટલાએક જહનુની લોકો ઉશકેરાઇને આપણી સભાની જાહેર મજલશોમાં તોફાન કરેતા હતા તથા હરએક બાંહાંને આપણો અણુઘટતો ગીલલો કરતા હતા, એટલુંજ નહી પણ પોતાના મોહોડાંમાંથી ગલીચ શબદો આપણી તરફ ઓચરતા હતા, તથા નાલાએક કોશેશો કરીને આપણું શુભ કામ ભાંજી પાડવાની પેરવીઓ ચલાવતા હતા. તેવા હીંગાંમમાં તમારી જગો ઉપર જો કોઇ ઓછી સકતી અને નબલી માહીતગારીવાલો પુરૂશ એ સભાના પરમુખની કુરશીએ બીરાજેલો હતે તો બચીત તે શખસ અગનેઆંની લોકોની એદીલી અને બરખેલાફીની શાંમણે પોતાના પગ થોભાવી રાખતે નહી, પણ તમોએ તે તકલીદી હીંગાંમની કશથી દરકાર કીધી નહી અને મોહોટી હીમત તથા ભારે મરદાંનગીથી અગનેઆંની લોકોની જીત અને કરાહીઅતની શાંમણે 'રાહનુમાએ માજદીઅશના' શભાની કાઓતીને થોભાવી રાખી. એમ કરેઆથી તમોએ ઘણાએક વગવાલા તથા કાબુ ધરાવનારા શખશોની દુશમની માથે ખેંચી લીધી અને તેથી તમારા ઘણાએક ખાંનગી હકોને નુકશાન થવા દીધું."

સભા તરફના અભણ લોકોના જુસ્સા અને ગુસ્સા સામે શેઠ નવરોજજીએ તેનાં નાવને સલામત ચલાવ્યું તે બાબે ઉપર મુજબ લખ્યા પછી માનપત્રમાં સભા ઉપરનાં એક બીજાં વધારે જબરદસ્ત વાક્ય બાબે આ રવેશે ઇશારો કરવામા આવ્યો છે :–

"આટલા બનાવ બનેઆ પછેબી કેટલાએક અગનેઆની અને જહનુની લોકોની તરફથી આપણી સભાની આસપાસ બીજી વરતાએ ગુશ્શાનું વાદલ ફરી વલેલું હતું. એ બીજી બાબત મુકતાતની કીરીઆની તકરારને લગતી હતી. બારીકીથી જોતાં, તથા દીનની શરીઅતથી તપાશીને મુકાબલો કરતાં સંગલા ફાજેલ, દીનદાર અને દીનઆગાહ જરતોસ્તીઓની ખાતરી થઇ છે કે વરશની આખેરીના, ફરવરદેગાંનના દીવશોમાં પારસીઓનાં ઘરમાં મુકતાત સંબંધી થાતી કેટલીએક કીરીઆઓ, જુદદીન લોકોના બુતપરશતી રેવાજો ઉપરથી ઉતપન થાઇ છે. એ કીરીઆ જરતોસ્તી મજહબની ખોદા પરશતીથી તદન ઉલટી અને બીલકુલ ગુનાહ ભરેલી છે. એ કીરીઆઓને જેઆરે 'રાહનુમાએ માજદીઅસનાં' સભાએ ગીરેબાનમાંથી પકડીને પારસી ગનેઆતમાંથી નાબુદ કરવાની પેરવી કીધી તેઆરે પારસીઓમાં કાંઇએક ચોંક પેદા થાઈ, અને જહનુની લોકોએ એ સભાનાં આ વાજબી કાંમ વીશે પોકાર ઉઠાવેઓ અને 'રાહનુમાએ માજદીઅસના' સભાની સામણે થાવા સારૂ......... એક મંડલી ઉભી કરી."

આ મંડળી તે આગળ જણાવી ગયા તે "રાહે રાસ્તમાએ જરતોશતીઆન" નામની સભા હતી, જેની "બેઠકમાં આપણા ટોલાના કેટલાએક સઉથી વધારે વગ અને મોહોભાવાલા સેઠીઆઓ હાજર થાએઆ હતા," પણ આ "શેઠીઆઓ તેઓની પેહેલી બેઠક પછી ફરીને તેહની પાસે આવેઆ નહી," જે વજન એ સભાને મલશે હેવું ધારતા હતા ને મલેઉ નહી અને સવા બે વર્ષની મુદતમાંજ તે સભા કબરવાસ થઇ ગઇ. છતાં આટલી ટુક મુદતમાં, અને અગત્ય કરીને "એ સભાએ પોતની હઇઆતીની સરૂઆતમાં આપણી સભાની સામણે મોહોટું તોફાન ઉઠાવેઉં હતું, અને મુકતાતની તકરાર કરવાને બાહાને એક બે વાર જાહેર મજલશોમાં આપણી સાથે ઘણીજ નાલાએક અને ગેરશલુકાઇ ભરેલી

ચાલ ચલાવી હતી.” આ “ખેજાતલ અને હીણુપણતી ભરેલી ચાલની ઇઆદદાશત” રાહનુમા સભાના મજલિસીઓના મનમાંથી ભુસાઇ નથી એમ જણાવીને શેઠ સો૦ બંગાલી ઉપલી સભા સાથની આપણી સભાની તકરારો દરમિયાન શેઠ નવરોજજી ફરદુનજીએ કેવી બળતવારી ભરેલી બાથ ભીડી હતી અને કેવી જીત પોતાના હરીફો ઉપર મેળવી હતી તે આ પ્રમાણે; વર્ણવે છેઃ—

“મુકતાતની ફીરીઆની તકરારની વેલાએ, રાહે રાશતનુમાએ જરતોશતીઆન સભાએ જે વીચારો પોતાની તરફથી જાહેર કરેઆ હતા, તે વાજબી રાહે તપાસી જોતાં ઘણાજ નબલા, બીલકુલ નજીવા, અને વગર પાએઆના હતા, તેથી તે સભાના આગેવાનો તમારા હાથ ઉપર બીલકુલ કાએલ અને આજેજ થાએઆ હતા. એ વખતમાં તમોએ મોહોટી ધીરજ અને ભારે ડાહાપણથી ‘રાહાનુમાએ માજદીઅસના’ સભાનું શુકાન રાસતી મારગ ઉપર થોભાવી રાખેઉં હતું અને તેથી આપણે સંઘલી ફતેહમંદી સાથ પાર પડેઆ હતા.”

આ ફતેહ ખરેખર થઇ હતી તે આ ઉપરથી જણાય છે કે શેઠ સોહરાબજીના જણાવ્યા પ્રમાણે સભાના ૧૩ માં વરસમાં તે તુફાની વખ્ત વહી ગયો હતો, અને જનુની લોકોની સંખ્યા આસ્તે આસ્તે ઓછી થઇ હતી અને “આપણાં લોકો આગલનાં કરતાં સરસ રીતે વેહેમને તજવા લાગ્યાં” હતાં, અને “સંગલી વેહેમી અને ધરમથી ઉલટી રસમો કચડાતી” ગઈ હતી. છતાં તેઓ જણાવે છે કે હજી પણ આપણી “સભાની ખાલેશ મતલબની શામણે કેટલીએક તરફથી ગેરશલુકાઇનો ધુંવો પજરેઆ કરે છે, પણ એ ખરાબ વીકારની આપણને દરકાર રાખવી જોઇએ નહી.” હવે આ સઘળી ફતેહનું માન તેના સરનશીનનેજ ઘટે છે એમ ભાર મુકીને જણાવતાં મી૦ બંગાળી શેઠ નવરોજજીને આ રવેશે લખે છેઃ—

“આ સભાએ આજ દીન શુધી જે પોતાનું માન જાલવી રાખેઉં છે, તેની મુખીઅ સાબાશી સરનશીન સાહેબ તમોને પોતાને પોંહોંચે છે. તમારી મેહેનત અને કોશેશથી આપણાં ફેરકાનાં લોકોને અગર ઘણો નહી તો થોડોબી ફાએદો હાંશેલ થાએઓ છે. તમારી કાબે-

લીઅત અને ભલી સોચનાથી જરતોશતીઓની ધરમ શંબંધી માઠી હાલત કેટલેએક દરજ્જે સુધરાઈનાં નુકતા ઉપર આવી છે. તમોએ દીનદોશતીથી કરેલી મેહેનતને લીધે જરતોશતી મજહબની પવીતરાઇ અને પ્યાલેશી ઉપર થતા હોમલાઓ, આજનાં વખતમાં અતી ઘણા કમતર થઇ ગએઆ છે, અને તમોએ એખતીઆર કીધેલા મારગનાં દાખલા ઉપરથી જવાંન જરતોશતીઓને પોતાનાં બુજોરગ મજહબની ભાશાઓનો અભેઆશ કરવાની ઉલટ થાએ છે. તમોએ એક ખરા જરતોશતી તરીકે આપણું ઇઅજદાં પરશતી ધરમની તાલીમનો ફેલાવો કરવાની કોશેશ કીધી છે. આ સંગલી બીનાં તમોએ બીનગરજપણે કરેલાં તારીફલાએક કાંમોને ઘણી જેબ આપે છે. એથી ખરેખર તમારૂં નેકનાંમ આગલ ચાલતાં સુધારાના ઇતીહાશનાં સફા ઉપર જલકાટ ભરેલી રીતે નજર પડશે હેવું હમો અંતકરણથી માનીએ છે."

આ રીતે જરતોસ્તીઓની સંસારી તથા ધર્મ સંબંધી હાલત સુધારવા માટે શેઠ નવરોજજીએ કરેલી સ્તુતિપાત્ર કોશેશ બાબે સાચે સાચી નોંધ લીધા પછી આ સભાની કારોબાર મંડળીએ તે સુપ્રસિધ્ધ ગૃહસ્થનું નામ સભા સાથ સદા જળવાઇ રહે એવા શુભ હેતુથી તેમને નામનું એક ઇનામ દર સાલ આપતું કરવાનો ઠરાવ કર્યો હતો. એ બાબતમાં શેઠ સો૦ બંગાળી માનપત્રની છેવટે આ પ્રમાણે લખે છે:—

"તમોએ કરેલી કીમતી મેહેનતનાં અવેજમાં તમારૂં નાંગ આએ સભા સાથે જોડેલું રાખવાની હમોએ ગોઠવણ કરી છે. તે ગોઠવણ હેવી રીતે કરેઆમાં આવી છે કે 'રાહનુમાએ માજદીઅશના' સભાના સંબંધમાં તમારા નાંમથી દર વરશે ઇનાંમનો એક રેશાલો લખવાની છુટ સંગલા જરતોશતીઓને આપેઆમાં આવશે, અને જે કોઇ જરતો-શતી શરવેથી શરશ નીબંધ લખે તેહેને 'રાહનુમાએ માજદીઅશના' શભાનાં ફંડ ખાતેથી દર શાલે રૂ. ૧૫૦) નું ઇનાંમ આપશે."

શેઠ નવરોજજીનો જવાબ.

આ માનપત્રનો જવાબ તા. ૧૭–૮–૧૮૬૪ ને દિને ગ્રેશમ હાઉસ (લંડન) થી લખતાં શેઠ નવરોજજીએ ભાર મુકીને જે શબ્દો લખ્યા છે તે નીચે મુજબના છે:—

"આપણા ટોલાના ઘણાએક લોકો પોતાના બુજોરગોથી ઉતરતી આવેલી અણુઘટતી અને નુકશાનીએત ભરેલી રશમો છોડવાને નારાજી

હોવાના શબબથી તથા આપણી શભાના શતરઓએ આપેલા ભુલાવાના શબબથી આપણી શભાએ ઉઠાવેલું કાંમ આંમ લોકોને પરથમમાં અણુગમતું થાઇ પડેઉં. તે કારણને લીધે આપણી કોમના કેટલાએક લોકો આપણી શભાનો ખોટો ગીલલો કરતા હતા તથા માહારી શંગાથે દુશમની અને કીનો રાખીને માહારી બદગોઇ કરતા તેથી મહને જે દુખ ખમવું પડેઉં હતું તે આપણા લોકોના ફાએદાને કાજે હુંએ શબુરીથી ખમીઉં, અને ખંતથી મેહેનત ચાલુ રાખી તેથી અંતે ઘણીએક અડચણો પાર પડી, અને જેમ જેમ આપણા લોકોની ખાતરી થતી ગઇ તેમ તેમ આપણી શભા વીશે શેઆનાં જરતો-સતીઓ સારૂં મત રાખવા લાગા, અને આપણી મેહેનતની કદર પીછાંણવા લાગા, અને આપણી શભાએ કરેલી ભલાંમણ ઉપર અમલ કરવા લાગા તેથી માહારી શબુરી અને મેહેનતનો બદલો મહને મલી ચુકો."

પોતાના જવાબની છેવટે શેઠ નવરોજજીએ સભાની ફતેહ માટે આ રીતે દુવા ચાહી હતી:—

"પાક પરવરદેગારની હજુરમાં હું હેવી દોઆ માંગું છઉં જે આપણી શભાની નેક મોરાદ પુરતી રીતે ફતેહમંદી શાથે પાર પડે અને આપણા જરતોશતી ટોલાના લોકોની શંનશારી હાલતમાં જોઇતી શુદ્યરાઇ થાએ, જુદદીનની તથા બીજી અણુઘટતી રાહા રશમોને તેઓ તરક કરે, અને તેઓનાં પોતાના પવીતર ધરમનાં ગનેઆંનનો ફેલાવો થાએ."

શેઠ નવરોજજી ઉપર હુમલા અને તેમના રદ જવાબ.

શેઠ નવરોજજી ફરદુનજીએ રાહનુમા સભા સ્થાપ્યા પછી જુદદીન રસમો ઉપરાંત ફરવદેગાનના દિવસો અને ક્રિયાઓનો સવાલ બરપા કીધો ત્યારે આપણી સભાની વિરૂધમાં ઉભી થયલી "રાહે રાસ્ત" સભાની સ્થાપના થઇ તે દિને કેટલાક હરીફોએ આપણા આ સરનશીનની

વિરૂધમાં કેટલાક હલકા સખુનો વાપરી તેમના ઉપર હુમલો કીધો હતો. આવોજ હુમલો સભાના બીજા અધિકારીઓ ઉપર પણ થયલો હોવાથી તેનો રદ જવાબ આપવા માટે ઉપલી સ્થાપનાની બીજેજ દિને આપણી સભા તરફથી એક ખાસ બેઠક કરવામાં આવી હતી, જેમાં શેઠ બેહરામજી ખરશેદજી ગાંધીએ અને શેઠ કેખુસરૂ હોરમજજી આલપાઇવાળાએ તેમજ બીજાઓએ શેઠ નવરોજજીએ પારસી કોમની એક મોતેબર સેવા બજાવવાના સંબંધમાં નીચે પ્રમાણેના સખુનો પોતાનાં ભાષણોમાં કહ્યા હતા. મી૦ ગાંધી બોલ્યા હતા કે—

"મારા નેક જાતભાઇઓને શારી પેઠે જાણીતું છે જે પારસી લોકો હીનદુસ્તાનમાં આવી વશેઆ તારપછી તેઓને ખરીશટી ધરમના 'મીશનરી'ઓ શરખા કાબેલ, બુધીવાંન અને દલીલખોર હરીફો શાથે ધરમ આચારની તકરાર કરવી પડી તેહેવી બીજી કોઇની સાથે કધી કરવી પડી હતી નહી. એ 'મીશનરી'ઓએ ગએઆં આશરે પંદર વરશ ઉપર પારશીઓના મજહબ ઉપર જેહેવી બલતવારી ભરેલો હુમલો કરેલો હતો તેહેવો ગએઆં બારશો વરસની લાંમબી મુદત શુધીમાં બીજા કોઇ શખશોએ કરઓ હતો નહી. મીશનરીઓએ મંનતકી બોલવું નથા ઇઉકતી ભરેલી ટીકા તથા ખબરદારી ભરેલી ઉલટપાલટ તકરારો કરીને જારે પારસીઓના ધરમની આકાશી ઉતપતતી ઉંપર હોમલો કરેઓ તથા તેઓના વડા ગુરૂ અશો જરતોશતના પેગમબરી દાવાનો ઇનિકાર કરઓ અને તે પેગમબરથી મલેલા ધરમનાં ફરમાનોને હીણુ લગાડવા શરખી તજવીજ કરી તારે એ મીશનરીઓના તેહેવા હુંમલાની શાંમને થવાની કોઇની તાકાત રહી નહી. જારે આપણા શેઠીઆઓ તે હુમલાથી ધુજવા શેવાએ બીજું કશું કરી શકેઆ નહી, તથા જારે આપણા દશતુર દાવરો જેઓ શદા દીન આગાહ તથા દીનના પેશવાઓ થવાની બડાઇ ભરેલી વાતો કરતા હતા તેઓ ખુણે ભરાઇ બેઠા અને આપણો ખરો મજહબ (કોઇ કાબેલ હીમાએતીઓ નહી હોવાના શબબથી) જારે જોખમમાં પડેઓ તારે જે કાબેલ, શમજુ તથા દીનદાર મરદ પોતાના પેગમબરનાં નાંમને પેઆરૂં કરી પોતાના મજહબની ફીકર રાખી

તે મજહબનાં બ'ચાવને શારૂ બાહેર પડેઓ, જે ધણીએ તે બ'ચાવ કરતાં ઘણા વગવાલા તથા કાબુ ધરાવનાર ધણીઓના ગુશશાનો જોખમ પોતાને માંથે ખે'ચી લીધો, જેણે આપણા મજહબના ફાએદાને ખાતર દુનીઆના શશારથને એક કોરે પડતો મેલેઓ, અને પોતાનાં પાક પેગમ્બરની હશતીને અને તે સાહેબની મારફતે મલેલા આકાશી ધરમને રાશત વ દરૂશત ઠેરવી આપીને પોતાના શીકશતે ખાધેલા હરીફોને હીણુ લગાડેઉ, તથા તે કારણશર તેઓની દુશમની કરી પોતાનાં ઘણાએક લાભને ધોકો લગાડી પોતાના ટોલાનું માન જાલવેઉ, જે ધરશત આએ મોહોટી અને આબરૂ-વાલી શભાની આગલ માન સાથે બીરાજે છે અને જેહેને વરશ પછી વરશો શુધી પોતાનો શરનશીન જોવાથી રાહનુમાએ માજદીઅશના શભા મધન અને મગરૂર રેહેચ, તે દીનદાર દીનચાહીદાર ધરહશથને તથા તેહેનાં લાએકીવાલા હમશરીકોને કુફર તથા નાપાક તથા દીન દુશમન કેહેવામા આવેઆ છે, અને તેહેવા નાંલાએક શખુનો જરતોશતીઓએ થ'ડે હઇએ શાંખેઆ છે એ કેહેવુ' અફ-શોશ કરવા જોગ છે!"

ઉપલીજ સભામાં શેઠ એદલજી નશરવાજી પ્રુશિયાએ ભાષણ કરીને ઉપલા સખુનોને આ રીતે ટેકો આપ્યો હતો:—

"માહરા મીતર ભાઇ બેહરામજી ખરશેદજીએ કહેઉ તે મીશાલે જે શખશને હવદાં આપણી શભાની શરનશીનની ખુરશીએ બીરાજવાનુ' માન છે તે શખશે આપણાં ધરમને 'મીશનરી' ઓનાં હોમલાઓનાંથી બ'ચા વેઓચ, અને હવડાં તરણ ચેઆર વરશ ઉપર જેવારે પેગમબર જરતોશત ઉપર હુમલો થાએઓ હતો અને હેવું કેહેવામાં આવેઉ હતુ' જે જરતોશત જેવો શખશ આએ દુનીઆમાં પેદા થાએઓતોજ નહી, તે વેલાએબી એજ શખશે પોતાની ખુશીથી અને કોઇનાબી ઉશકેરેઆ વગર દાખલા દલીલોથી શાબેત કરી આપેઉ હતુ' કે હજરત જરતોશત હેવે નામનો હમારો પેગમબર ખરેખર થાઇ ગએઓચ, અને હવડાં તેજ શખશ વીશે આએ શભાના દુશમનોની તરફથી આટલું માઠું' બોલાએચ અને તેમની તથા જે મીજલશના તેઓ

શરનશીન છે તે મીજલશ ઉપર દીનની ખરાબી કરવાનું ઓહોતાંન મેલેઆમાં આવેચ એ કહેવું અફશોશ કરવા જોગ છે !"

શેઠ કેખુસરૂ હોરમજજી આલપાઇવાળાએ ઉપલીજ રાહનુમાવાળી સભામાં શેઠ નવરોજજીના સંબંધમાં આ પ્રમાણે કહ્યું હતું:—

"જુવો શાહેઓ, એ મજલેશ (નવી મંડળીવાળાઓની) માં આશરે ૨૦૦ થી વધારે ગરહશથો બીરાજેઆ હતા તે શભામાં આપણા માનવંતા શરનશીન શેઠ નવરોજજી તથા આપણા ચાલાક મુનશી[1] બીરાજવાને લાએક ઠડેઆ! નહી તે તાઅજુબ શરખું છે. એ બે ગરહશથોએ પારશીની કોમમાં ગનેઆંન તથા વીદેઆનો ફેલાવો કરવામાં જે મેહેનત કીધી છે. તે શરવેને આશકારા છે. ગુજરાતીમાં પેહેલું ચોપાંનીઉં[2] ઉભું કરવામાં, તથા અંગરેજી 'મીશનરીઓ'ના હોમલામાંથી આપણા નેક અને બુજોરગી પાંમેલા ધરમનો બંચાવ કરવામાં વગર શવારથે આપણાં શરનશીને જે કોશેશ કીધી હતી તે વીશે આપણા ચંનચલ ભાઇ બેહરાંમજી ખરશેદજીએ હેવી કાબેલીઅત, હેવી હીમત અને હેવા ખોલાશા તથા શાબેતીથી હવર્ણ તમોને કહી શંભલાવેઉચ કે તેથી શરશ રીતે માહારેથી કાંઇ પણ કેહેવાઇ શકાએ નહી."

તેમનાં મરણ માટે શોક.

શેઠ નવરોજજીએ સભાની હસ્તીનાં ૩૫ માં વર્ષમાં તા૦ ૨૨ મી સપ્ટેમ્બર ૧૮૮૫ ને દિને આ ફાની જેહાન છોડી તે માટે પોતાની દિલગીરી જાહેર કરનારો ઠરાવ સભાની કારોબાર મંડળીએ પોતાનાં દફતરમાં નોંધતી વેળા ઠરાવ્યું હતું કે સભાના સર્વ મજલિસીઓની એક ખાસ સભા બોલાવી તથા ત્યાં સભાનાં કામને પસંદ કરનારા સર્વ જરતોસ્તી સાહેબોને નોતરીને શેઠ નવરોજજીનાં મરણથી જેમ "સભાને અને બોહળી રીતે લેતાં જરતોસ્તી ફિર્કાને જ મોટી ખોટ ગઇ છે તેની નોંધ લેવી".

આ ઠરાવ મુજબ ઉપર પ્રમાણેની એક ખાસ મોટી સભા તા૦ ૫ મી અક્ટોબરને દિને ફરામજી કાવસજી ઇનસ્ટિટયુટમાં શેઠ દાદાભાઇ

---

૧ શેઠ સો૦ ચા૦ બંગાળી.

૨ "જગત મીતર." "વીદેઆ સાગર."

નવરોજજીનાં પ્રમુખપદ હેઠળ મળી હતી, જે વેળા શુરૂઆતમાં ભાષણ કરતાં પ્રમુખે મરહુમના સંબંધમાં કેટલાક જાણવા જોગ સખુનો કહી સંભળાવ્યા હતા. તેમણે જણાવ્યું કે-

"રાહનુમાએ માજદયસ્નાન સભા ઉભી કરવાને જ્યારે મેં મહુંમ શેઠ નવરોજજી તથા બીજા દોસ્તોને પેહલ વેહલી સુચના કીધી ત્યારે મરહુમ મુહસ્થે દિલોજાનિથી તે સ્વીકારીને એ સભાની આગેવાની લીધી, અને તેઓજ તેના સરનશીન પેહલેજ દિવસથી ઠર્યા. ત્યાર પછી પોતાનાં મરણ દિવસ સુધી કીમતી વખ્ત રોકી તેમાં મુખ્ય ભાગ લીધો હતો. શેઠ નવરોજજી પોતાની સમજણ શક્તિમાં આવ્યા ત્યારથીજ તેઓએ ઠરાવ કર્યો હતો કે તેમણે પ્રજા ઉપયોગી થવું. પણ તેમ થવા સારૂં તેમણે કોઇની રાહ જોઇ ન હતી કે કોઇ વડીલો બાહેર આવી તેમને મદદ કરે. પોતેજ પોતાનાં દિલની ઉલટથી તથા પોતાના જાતી ઉદયોગથી બાહેર પડી 'વીદેઆ સાગર' અને 'રાહાનુમાએ જરથોસ્તી' ચોંપાનિયાં જેવાં લખાણો બાહેર પાડયાં હતાં. પોતાનાં દિલના જુસ્સા મુજબ કામની તેઓએ શુરૂઆત કરી હતી, એટલુંજ નહી પણ જેબી કોઇ શખ્સ તેમને ઉપયોગી અને ઉદ્યોગી દીસે તેને પોતાનો હાથ આપવાને તેઓ વિલંબ લગાડતા નહિ હતા....પોતાની આખી જિંદગી એમણે પરમાર્થમાં ગુજારી હતી તે તો સર્વેને રોશન છે. આ રાહનુમાએ માજદયસ્નાન સભાનાં કામ ઉપરાંત શેહેરને લગતાં બીજાં કામો, પછી તે સંસારી કે રાજદ્વારી કે નીતિ સંબંધી જેબી કાંઇ હોય તેમાં તેઓ હમેશ શામેલ હતા. પણ ધર્મ જેવી બાબતોમાં મધ્યમપણું વાપરવું, એ કામ કાંઇ સેહલું નથી, અને તે કામ માટે લાયક શખ્સો આપણી કોમમાં શોધતાં કદાચ ઘણાજ થોડા મળશે. અને એવું બિકટ કામ જ્યારથી શેઠ નવરોજજીએ માથે લીધું ત્યારથી તેઓએ બતાવી આપ્યું કે જે લોકોએ તેમને પ્રમુખ તરીકે પસંદ કર્યા હતા તેમના ભરસાને તેઓ તદન લાયક હતા. શેઠ નવરોજજી છેલ્લી ઘડી સુધી મક્કમ સ્વભાવ-ના રહયા હતા. કોઇબીવાર સભામાં તેઓએ પોતાનો મિજાજ ખોયો ન હતો, અને કોઈ બીજાઓ જો ખોયે તોપણ પોતાનો

ઓધો તેઓ લાયકીથી અને બાહોશીથી બજાવી કશી કસુર ન થાય તેની તપાસ રાખતા હતા... શેઠ નવરોજજી પોતે પોતાનું કામ આરંભ્યું ત્યારથીજ તેનો જોખમ સારી રીતે સમજતા હતા અને છેલ્લી ઘડી સુધી તેને કેવી રીતે વળગી રહયા તે આપણુ જાણિયે છિયે...રાહનુમાએ માજદયસ્નાન સભાના વિચારથી કોઇ કોઇ લોકો ગમે એવા ઉલટા છતાં એ સભા તરફ તેઓ માનથી જોય છે અને એ તે મરનારની ખુબી સમજવાનું એક સરસ સાધન છે".

આ પછી શેઠ હોરમજજી દાદાભાઇએ નીચલી દરખાસ્ત સભામાં રજુ કીધી, કે જે રાહનુમા સભાની કારોબાર મંડળીએ આગમજથી પસાર કરી પોતાનાં દફતરમાં નોંધેલા ઠરાવને મળતીજ હતી:—

"આ સભા મોટાં દુઃખ સાથે નોંધ લેવાને ઠરાવ કરે છે કે રાહનુમાએ માજદયસ્નાન સભાના સરનશીન શેઠ નવરોજજી ફરદુનજી, સી. આઇ. ઇ., જેઓ રોજ ૫ મો માહ ૧ લો શેહનશાહી, માહ ૨ જો કદીમી, સને ૧૨૫૫ યજદજર્દી, તા૦ ૨૨ મી સપ્ટેમ્બર સને ૧૮૮૫ ઇસ્વીને દિને આ જેહાનથી બેહસ્તનશીન થયા છે, તેઓએ આ સભા સને ૧૮૫૧ માં પ્રથમ ઉભી કરવામાં આગેવાની લીધી તે વખ્તથી પોતાનાં અકાળ મરણની ઘડી સુધીની ૩૫ વરસની અતિ લાંબી મુદતમાં આ સભા સાથેના પોતાનો ઉલટ અને દિલસોજી ભરેલો સંબંધ જારી રાખ્યો, તથા એ કીર્તિ ભરેલી લાંબી મુદત દરમિયાન આ સભાના સરનશીનનો ઓધ્ધો જે હિમત, ખેરખાહી, બાહોશી, ઉદયોગ, અભ્યાસ અને ખંતીપણાથી લાયકી તથા સ્વતંત્રપણાં સાથ બજાવ્યો, તથા પોતાની આખી જાહેર જિંદગી વચ્ચે આ સભાની મારફતે અને બીજા અનેક ઉપાયોથી જરતોસ્તી ફિર્કાની સંસારી, ધર્મ સંબંધી રાહનુમાઇ, સુધરાઇ અને ચહડતી કળા કરવામાં, તથા એ ફિર્કાના પાક મજહબની હિમાયત અને બચાવ કરવામાં, તથા પોતાના હમજાતીઓનું હર પ્રકારનું ભલું ઇછવામાં તથા કરવામાં એ સાહેબે ભારી જેહમત લીધી છે અને દુખો ખમ્યાં છે, તેથી કરીને એઓને ખોહવાથી આ સભાને અને જરથોસ્તી

આલમને જે નહિ ભુલાય એવી નુકશાની અને ખોટ ગઇ છે તેની દુખ ભરેલી યાદ સાથ આ સભા પોતાની દિલગીરી નોંધે છે."

ઉપલી દરખાસ્તના સંબંધમાં ભાષણ કરતાં શેઠ હોરમજજી બોલ્યા કે—

"શેઠ નવરોજજી મધ્યમ હાલતના આદમી હતા, અને તોપણ જે આબરૂ અને માન તવંગર લોકને મળે છે તે તેઓને મળતું હતું, અને સર્વે લોકો તેવણ તરફ પ્યારની નજરથી જોતાં હતાં. પૈસાની મદદ વગર, કોઇના પણ આભાર કે આધાર વગર પોતાનાં મગજનાં બળથી—જાલમી મગજનાં બળથી—(જાલમી એટલે અભ્યાસ અને હિમ્મતમાં જાલમી)—નેક ગુણોથી, સ્વતંત્રપણાંથી પારસી પ્રજાનીજ નહિ પણ સર્વે કોમોની બિનગરજ સેવાઓ તેમણે બજાવીછે.... એવો એક તુરરો નર બીજાં પચાશ વરસ સુધી આપણને મળવો મુશ્કેલ છે....અલબતાં હાલમાં પારસીઓમાં ઘણા કેળવાયલા શખ્સો છે ખરા, પણ કેળવણી એ એક ચીજ છે, અને જાહેર કેળવણી, જાહેર હિમ્મત ધરાવવી અને માંથે લીધેલું કામ પાર ઉતારવું, એ બીજી ચીજ છે. લોકોના ટીકા, ઠપકા કે ઠઠ્ઠા મશ્કરીની દરકાર નહિ રાખતાં ઠંડે પેટે ગોયા આઇસનું માટલું થાઇ, સભ્યતાથી હાથ ધરેલાં મુસ્કેલ કામો એવણે શેવટે પાર ઉતાર્યાં હતાં. એવા નરો આપણામાં હાલમાં મળશે નહિ, અથવા જો મળે તો તે બહુ જવળેજ. અને તેથી એમને પગળે ચાલવાની કોશેશ જો આપણા જુવાનિયાઓ કરશે તો આગળ જતાં મોટો ફાયદો થશે."

એરવદ શે૦ દા૦ ભરૂચાએ જણાવ્યું કે—

"શેઠ નવરોજજીએ આટલી બધી નામદારી કરી તેનું કારણ શું? તેનું કારણ ત્રણ અક્ષરનો એક શબ્દ 'ફરજ' છે. એ શબ્દ આપણ બધા સમઝિયે છિયે, પણ તે મુજબ આપણામાંના કેટલા જણ પુરે પુરા ચાલે છે?...જ્યારે આપણામાંના ઘણાકોનો જન્મ પણ ન હશે, અથવાં જ્યારે તેઓ ઝોલીમાં હિંચકા ખાતા હશે, ત્યારે શેઠ નવરોજજીએ પોતાનાં મન સાથે અગમચેતી કરી હતી કે આપણો જરતોસ્તી ટોલો કેળવણીમાં વધીને રાજદ્વારી અને બીજી બધી

બાબતોમાં આગળ વધશે, માટે તેની સંસારી રીતભાત અને ધર્મ સંબંધી હાલત તે વખ્તને અનુસરતી કરવી જોઇયે. એ આગમચેતીથી તેઓએ સ્ત્રી સુધારાનાં, ધારા સભાને લગતાં અને ધર્મ સુધારા માટે, આ રાહનુમાએ માજદયસ્નાન જેવી સભા સ્થાપવાનાં કામો કર્યાં હતા. આ સભાની મુખ્ય બે નેમો હતી. એ કે ધર્મમાં જુદદીનોની અને બીજી રાહ રસમ અને વેહમો આમેજ થયાં હોય તે કાહડી નાખીને તેને સ્વચ્છ કરવો; અને બીજી એ કે તેમાં જે ખુબીઓ સમાયલી છે તે પ્રકાશીત કરીને તેનું ખરૂં જ્ઞાન આપણા લોકોમાં ફેલાવવું. પ્રથમ ધર્મમાં આમેજ થયલાં વેહેમો દૂર કરવા સામે એ મરનાર ગૃહસ્થે મજબુત્ત લડત ચલાવી હતી, અને તે પછી તેમાંની ખુબીઓ અજવાળાંમાં આપવાની મેહનત કરવાની શુરૂઆત કરવા માંડી હતી."

શેઠ ખ. રૂ. કામાએ એરવદ શેહરિયારજી સાથ મળતા થઇ કહ્યું કે મહુમ સઘળાં કામ પોતાની ફરજ સમજીને બજાવતા હતા; "પણ," મી૦ કામાજીએ પુછ્યું કે:—

"પણ સવાલ અતરે એ છે કે એવણ શેઠ એ સર્વે બાબદો ઉપર એવડું ધ્યાન શા માટે આપતા હતા? છોડીઓની કેળવણી વધારવાનાં, વર્તમાનપત્રો ચલાવવાનાં, ચોપાનિયાં રચવાનાં વગેરે કામો તેવણે કર્યા છે. એવણ જેવા શૂરા મર્દો થોડાજ થયા છે અને થશે. એવણ હંમેશાં જે કામ કરતા તેમાં બે મતલબ સમાયલી હતી. પેહલું તો ફરજ બજાવવી, અને બીજું એ કે કોઇ પણ કામમાં કશી ખાનગી મતલબ નહિ રાખવી. કેટલાક જણોની માફક પોતાની મતલબ પાર પડી કે પછી તેમાંથી અળગા થઇ ખીસી નહિ જતા હતા. મરનાર શેઠ નવરોજજી તો જે કામ પોતાને સારૂં સુઝતું તે તેની દાઝ રાખીને બજાવતા. એઓની એવી મક્કમ ખસિયતને લીધે એઓ જે કાંઇ બોલતા તે ઉપર લોકો બેફિકર વિશ્વાસ લાવતા હતા. મનમાં વિચારવું જુદું અને બોલવું જુદું એવું એવણનામાં હતું નહિ, વાસ્તે એવણનો નકલ કરવા જોગ જીવતો દાખલો લઇને સર્વ કોઇએ તનમનથી સારાં કામો કરવા પાછળ લાગવું જોઈયે."

શેઠ હોરમજજી મનચેરજી ચીચગરે જણાવ્યું કે—

"મહુ્મ મહસ્થે જેમ રાહનુમાએ માઝદયસ્નાન સભાનું કામ પાર પાડ્યું છે તેમ પારસીઓના લગન તલાકના અને વગર વસિયત કરવે મરણ પામેલાંઓની મિલ્કતને લગતા કાયદા ઘડાવી આપવાનું માન મેળવ્યું છે. અલબતાં તેમાં એવણને એવણના જોડિયા શેઠ સોહરાબજી શાપુરજી બંગાલીની મદદ હતી, પણ એ સઘળાંને લગતા રીપોર્ટ તથા દસ્તાવેજો એવણે વડી સરકારને તથા હિંદના વજીરને મોકલ્યા હતા તેમાં એવણે દેખાડેલી અથાગ મહેનત અને બાહોશી ખચીત ઘણીજ વખાણવાજોગ છે. એ વખ્તે કેટલેક ઠેકાણેથી ઘણાં સખ્ત લખાણો થયાં હતાં કે પારસી જેવી મુઠીભર કોમને સારૂ ખાસ ધારો તે કેવો બંધાય? પણ શેઠ નવરોજજીએ હિમ્મતથી લડત ચલાવી, સામી બાજુની તકરારોના રદિયા આપી, એ મહાભારત કામ પાર પાડી આપ્યું હતું. હાઈ કોર્ટમાં પારસી સંસારી મુકદમાઓની અંદર હમેશ નવરોજજી માસ્ટરની ઉપર નેગાહ કરવામાં આવતી હતી, અને એવણની શાક્ષી વજનદાર ગણાતી હતી. એજ માસની વાત ઉપર એવાજ એક મુકદમા મધે પોતે ધુજતા ધુજતા, અને મોતના સપાટામાં હોવા છતાં બે માણસના ટેકાને આધારે ખુરસી ઉપર બેસીને જુબાની આપી ગયા હતા......એવા નરો કાંઇ વારેવાર પેદા થતા નથી."

શેઠ કેખુસરો નવરોજજી કાબરાજીએ જણાવ્યું કે—

"જે સુધરાઈ આજે આપણામાં જણાય છે તે આગળ નહિ હતી તેવા વખ્તમાં આ ધર્મ સંબંધી સભા ઉભી કરવા તથા ચલાવવામાં શેઠ નવરોજજીને કેટલું ખમવું પડયું હતું તે તો આજના જમાનામાં સુધારાની સહેલાઇઓથી આપણે ભુલી ગયા છિયે. તે વખ્ત ઉપર પારસીઓ જુવાનિયાઓની આ સભા તરફ દુસ્મનીની નજરથી જોતા હતા. ટોળાનો ઝનુની ભાગ, જે તે વખ્તે ઘણો મોટો હતો તે આ મંડળીના સભાસદોને હસતા અને બુરૂં બોલતા હતા. તે વખ્ત ઉપર રાહનુમા સભાની જીકરો વચ્ચે કોઇ વાર તો શેઠ નવરોજજીનો જીવ ધાસ્તીમાં હતો; અને ઝનુનીઓના ફેસાદની

બીકથી સરનશીનની ખુરસીને પોલિસના બોડિગાર્ડોની ચોકી જોઇતી હતી. માટે તેવા વખ્તમાં જે માનવંતે આ સભાને ઉભી કરી તથા તેનું સુકાન ધરી તેને તુફાની સમુદ્રમાંથી પાર ઉતારી તેની છાતીને ધન્ય છે... ...તેવણુ રાહનુમા સભાના બાપ અને મુરબ્બી જેવા હતા. તેવણુથી આ સભાને મોભો અને દરજ્જો હતો......રાહનુમા સભાની સઘળી સંભાળ, સઘળી ઇજત અને સઘળી ફતેહ શેઠ નવરોજજી ફરદુનજીથી હતી, બલકે પારસી ટોળાની પણ ઇજત અને શોભા તેવણુથી હતી......"

આ પછી એરવદ ખુ૦ મી૦ કટેલી, એરવદ જી૦ જ૦ મોદી, શેઠ ના૦ ર૦ રાણીના, શેઠ ખ૦ દી૦ ખંભાતા અને શેઠ ક્રા૦ દા૦ નાયગામવાળાએ મહુંમના સંબંધમાં કેટલાક સખુનો કહી સંભળાવ્યા પછી ખાસ સભા સરનશીનનો ઉપકાર માની બરખાસ્ત થઇ હતી.

૨–શેઠ દાદાભાઇ નવરોજજી.

(સભાના બીજા સરનશીન.)

આપણી સભાની સ્થાપનાનો પહેલો ખ્યાલ કરનાર આ ગૃહસ્થ હતા, અને શેઠ નવરોજજી ફરદુનજીને તે વિચાર જાહેર કરતાં તેઓએ તે એકદમ પસંદ કરીને તેની આગેવાની કબુલ રાખી હતી. શેઠ નવરોજજી ૧૮૫૧ થી સભાના પહેલા સરનશીન અને શેઠ દાદાભાઇ તેના પેહલા મુનશી નેમાયા. થોડાંક વરસ સુધી મુનશી તરીકે અનેક વહેમો વગેરે દુર કરવાને લગતાં સુધરાઇનાં કામો બજાવ્યા પછી શેઠ દાદાભાઇને ઇંગ્લંડ જવું થયું.

ઇંગ્લંડથી ૧૮૬૯ માં મુંબઇ પાછા ફર્યા ત્યારે તેઓ ફરીથી કારોબાર મંડળીમાં જોડાયા, અને શેઠ નવરોજજી ફરદુનજીનાં મરણ પછી સભાના બીજા સરનશીન શેઠ દાદાભાઇ ૧૮૮૫માં નેમાયા. એ અધિકાર ઉપર થોડાં વરસ રહ્યા પછી તેઓ પાછા ઇંગ્લંડ ગયા અને ત્યાંની પાર્લામેંટ સભામાં પહેલવહેલા હિંદી ઉમેદવાર તરીકે દાખલ થવામાં રોકાયા. બે વારની નિષ્ફળતા પછી ત્રીજી મરતબે સેંટ્રલ ફિન્સબરિ તરફથી એ મહાન રાજસભામાં દાખલ થવામાં ફતેહ પામ્યા. ઇંગ્લંડના તે વેળાના માજી

વડા પ્રધાન લોર્ડ સૉલ્સબરીએ શેઠ દાદાભાઈ હિંદુસ્તાનના વતની હોવાથી તેમને "કાળા આદમી" (Black Man) ગણીને પાર્લમેંટમાં બિરાજવાને લાયકના કબુલ રાખવાની ના પાડેલી હોવાથી શેઠ દાદાભાઇની ઉપલી ફતેહ બહુજ કીમતી અને યાદગાર થઇ પડી. આ મહાન અવસર ઉપર આપણી સભાની કારોબાર મંડળીએ શેઠ દાદાભાઇના આપણી સાથના નિકટના સંબંધને લીધે તેમના ઉપર એક પત્ર લખીને તે સાહેબને ખાસ મુબારકબાદી આપી હતી.

ત્યારબાદ પાર્લમેંટની રજા દરમિયાન શેઠ દાદાભાઇ હિંદુસ્તાનમાં આવ્યા ત્યારે આખા દેશમાં જ્યાં જ્યાં તેઓ ફરવા નીકળ્યા ત્યાં ત્યાં તેમને ભારે આવકાર મળ્યો અને માનપત્રો અપાયાં. આવાં ઠેકાણે ઠેકાણેનાં માનપત્રો આપવાનો એક વગવાળો મોટો મેળાવડો મુંબઇના ટાઉન હોલમાં થયો, ત્યારે રાજદ્વારી, સંસારી, ધર્મ સંબંધી સભાઓ અને મંડળીઓ તેમજ સ્થાનિક સ્વરાજ્યને લગતી મ્યુનિસિપલ સભાઓ વગેરે તરફથી મુબારકબાદીના સંખ્યાબંધ માનપત્રો શેઠ દાદાભાઇને એનાયત થયાં હતાં, તેઓ મધેનું એક આપણી ગરીબડી સભા તરફનું પણ હતું, કે જે સરનશીન શેઠ ખ. રૂ. કામા અને બીજા છ ગ્રહસ્થોનાં ડેપ્યુટેશન મારફતે આપવામાં આવ્યું હતું.

૧૯૦૧ માં સભાની ગોલ્ડન જ્યુબિલી વેળા, તથા ૧૯૧૧ માં તેની ડાયમંડ જ્યુબિલી વેળા શેઠ દાદાભાઇએ સભાને મુબારકબાદી આપવા માટેના સંદેશા મોકલ્યા હતા. છેલ્લી જ્યુબિલી વેળા તો તેઓ આપણી પડોશમાં વેસાવા ખાતે વસતા હતા માટે તેમને પ્રમુખસ્થાન આપવાનું ખાસ નોતરૂં દેવા માટે સભા તરફનું એક ડેપ્યુટેશન ત્યાં ગયું હતું.

એમનાં મરણ વેળા સભાએ એક લંબાણુ ઠરાવ પસાર કરી પોતાનાં દફતરમાં નોંધ્યો હતો. એમ કરવા માટે બોલાવવામાં આવેલી ખાસ સભામાં તેના સરનશીન શેઠ નશરવાનજી ફરામજી કપાનીએ મહૂમની સ્તુતિમાં કેટલુંક વિવેચન કીધા બાદ નીચલો ઠરાવ એકમતે પસાર થયો હતો:—

ઠરાવ.

"હિંદના દાદા" અથવા "Grand Old Man of India" ને નામે આખા હિંદુસ્તાન અને ઇંગ્લંડમાં મશહુર થયલા અને મોટું માન

પામેલા—બલકે હિંદી કોમો તરફથી પુજાતા—મહાન શેઠ દાદાભાઇ નવરોજજી, એલએલ. ડી. જેઓ ગઇ તા૦ ૩૦ મી જુન ૧૯૧૭ ને દિને શનિવારે સાંજે ૯૨ વર્ષની પાકટ ઉમરે બેહેસ્તનશીન થયા છે તેમનાં ભારે દિલગીરી ઉપજાવનારાં મરણની દુખભરી નોંધ રાહનુમાએ માજદયસ્નાન સભા પોતાનાં દફતરમાં દુખની ભારે લાગણી સાથ લેવાનો ઠરાવ કરે છે.

"રાહનુમાએ માજદયસ્નાન સભાનો ૧૮૫૧ માં પાયો નાખનાર પહેલવહેલા ચુનંદા નરો મધેના એક, નામીચા શેઠ દાદાભાઈ નવરોજજી હતા–બલકે આ સભા સ્થાપવાની પહેલી સુચના શેઠ દાદાભાઇની પોતાની હતી–અને મરહુમ શેઠ નવરોજજી ફરદુનજીએ તેની આગેવાની લીધી હતી. શેઠ નવરોજજી સભાના પહેલા સરનશીન હતા અને શેઠ દાદાભાઇ તેના પહેલા મુનશી યાને સૅક્રેટરિ હતા, કે જે અધિકાર આ મહુમ મહાપુરૂષે ૧૮૫૪ સુધી બજાવ્યો હતો.

"એ મુદતમાં શેઠ દાદાભાઇએ આ સભાની બેહતરી અને પારસી કોમ માટેનાં તેનાં ઉપયોગીપણાં માટે તે જમાનાને છાજતી બહુ જેહમત ઉઠાવી હતી. તે વેળા, યાને આજ ૬૬ વર્ષની વાત ઉપર જરતોસ્તી ટોળામાં જુદદીન વહેમો અને રસમોનું ગોયા રાજ્ય ચાલતું હતું, સંસારનો તાળો બિગડી ગયો હતો, ભુતભમાડા અને સેવડા બ્રાહ્મણ અને રાંડેલ અને પંચક અને મોટમાવલી અને દરગાહ અને તાબુત વગેરેને માનવા જેવી મૂર્તિપૂજા ઘણી વધી પડેલી હતી, આતશબેહરામનાં પવિત્ર મકાનમાં ફુલારાં જોડે બકરાં અને મરઘાં ચઢાવવામાં આવતાં હતાં, અને લગ્નની ક્રિયા લગભગ હિંદુના જેવીજ થતી હતી, તથા તે પાછળ તેમજ મરણ પાછળ મોટા બેજા ખર્ચ થતા હતા. આ અને એવાજ બીજા વહેમો અને રસમો અને બુતપરસ્તી સામે મહુમ શેઠ દાદાભાઇએ આપણી સભા તરફથી પંચાયતના શેઠિયાઓ ઉપર કાગળો લખીને, તથા જાહેરમાં નિબંધ પોતે વાંચીને તેમજ બીજા હમશરીકો પાસે વંચાવીને પારસી કોમની મોટી સેવા બજાવી હતી, તથા અનેક જુદદીન રસમો બંધ કરાવવામાં ફતેહ મેળવી હતી. શેઠ દાદાભાઇએ તા૦ ૨૩ મી

ફેબ્રુઆરિ ૧૮૫૨ ને દિને સભા તરફથી નીચલી બાબત ઉપર એક નિબંધ વાંચ્યો હતોઃ– "પંચાએતના અકાબર સાહેબોએ ફવાન અને લગનનો ખરચ કમ કરવા વીશે આગલ શું શું કોશેશો કીધીચ? તથા આપણી ફરજીઆત શું છે ?" આ નિબંધમાં મરણ અને લગનના ખર્ચો ઓછા કરવા માટે છેક ૧૮૨૦ માં અને ૧૮૨૩ માં પારસી પંચાયતના તે વેળાના અકાબરોએ "રેગ્યુલેશનો" ઘડીને પોતાને દરૂસ્ત જણાયા તેવા બંદોબસ્ત કોમના ભાભને માટે ઘડયા હતા, જે થોડીક મુદત સુધી અમલમાં મુકાયા પછી બંધ પડયા હતા, તે માટે તે અકાબરોને યોગ્ય શાબાશી આપીને શેઠ દાદાભાઇએ તેમને મળતા નવા બંદોબસ્તો ઘડવા અને તે મુજબ ચાલવાની પારસી કોમને વિનંતિ કીધી હતી.

"રાહનુમા સભા સ્થાપવાનાં કામમાં મુખ્ય ભાગ લેનારા એકલા મહુંમ શેઠ દાદાભાઇજ અથોરનાન ટોળાના નબીરા હતા. નવસારીનાં એક જાણીતાં અથોરનાન ખાનદાનમાં તેઓ જન્મ્યા હતા, જેઓએ મુંબઈમાં પોતાનાં વિધવા માતાજીની મહેનત અને મદદથી કેળવણી લઇને ૨૬ વર્ષની ઉમરે આપણી સભાની સ્થાપના કીધી ત્યારે પારસી કોમમાં, અને અગત્ય કરીને અથોરનાન વર્ગમાં ભારી હોહા થઇ રહી, અને શેઠ દાદાભાઇને તેમના અથોરનાન ટોળા તરફથી ઘણું સાંભળવું પડયું. તેમના જેવા જવાનિયાઓ માજદયસ્ની ધર્મની રાહનુમાઇ કરવા નીકળે તે તે જમાનાના પારસીઓને ગમ્યું નહિ, જેથી તેમના સંબંધમાં તરેહવાર વિશેષણો વાપરવામાં આવ્યાં. "ચાબુક" નામે પારસી પત્રમાં શેઠ દાદાભાઇ અને તેમનાં કુટુંબ સામે નાલાયક હુમલા થવા લાગ્યા, જેમનો જવાબ આ અશો નર, જેઓ પ્રથમથીજ નેક નૈયત અને સાફ ઇાનતના હતા, તેઓ બહુ સભ્યતાથી અને સત્યતાથી પોતાનાંજ સ્થાપેલાં "રાસ્ત ગોફતાર" પત્રમાં આપતા હતા અને પોતાના હરીફોને ખોટા પાડી તેમના ઉપર ફત્તેહ મેળવતા હતા. આમ છતાં શેઠ દાદાભાઇએ સભા સામે કોમ તરફની ભારી વિરૂધતા જોઇને એકવાર એમ કબુલ કીધું હતું કે રાહનુમા "સભાએ ઉઠાવેલું કામ જેમ અતી ઘણી અગતનું અને ગુણગારૂં છે તેમ ઘણુંજ મુશ્કેલ અને બદનામીભરેલું છે."

"આ મુશ્કેલીની યાદ શેઠ દાદાભાઇને છેક ૧૯૦૧ નાં સાલ સુધી સારી પેઠે હતી. એ વર્ષમાં સભાની Golden Jubilee ("કનક મહોત્સવ") ઉજવવામાં આવી ત્યારે શેઠ દાદાભાઇએ છેક ઇંગ્લંડથી એક પત્ર સભાના તે વેળાના સરનશીન મર્હુમ શેઠ ખ. રૂ. કામા ઉપર લખીને તે આગળી જે.હમતોની વાત આ શબ્દોમાં પાછી તાજી કીધી હતીઃ—

" I thank you very much for writing this to me. It has sent me back to think of the old days and the efforts or, what I may call, the struggles of a few young enthusiasts to advance in our spiritual and social life. My share in that work extends to only 4 years, but at that beginning what vicissitudes have we gone through ! and even upto the present day what continuous struggles against opposition has the Society had to make ! It is a great gratification to think that the 'Rahanumai' has remained staunch and true to its mission, and is now able to celebrate its Jubilee. The first central idea of 'the Rahanumai' at its start was to restore the Zarthosti religion to its pristine purity and simplicity. That object, as far as I understand, has been faithfully adhered to under difficulties enough to damp any enthusiasm."

"પણ આગળી સઘળી બદનામી કે મુશ્કેલીની દરકાર વિના શેઠ દાદાભાઇએ એક તરફથી આપણી સભાની અને બીજી તરફથી "રાસ્ત ગોફ્તાર" પત્રની સ્થાપના કરીને એ બેઉની શુભ નેમ પારસી કોમનું અને દેશી પ્રજાનું ભલું કરવાની રાખી. આ નેમ ધ્યાનમાં રાખીને, માજદયસ્ની મજહબનાં ફરમાનોને ચીવટપણે વળગી રહીને, પોતાનાં રૂડાં અને પરોપકારી કામો શેઠ દાદાભાઇએ બહોળા વિસ્તારમાં કેવાં લંબાવ્યા અને પોતાનાં ભવિષનાં બહેસ્તનો તોશો આ દુનિયામાંજ કેવો મેળવી લીધો, તેથી કોઇ અજાણ્યું નથી.

"પંચાયત મારફતે જુદદીન વહેમો અને રસમો વગેરે દુર કરાવવા માટે શેઠ દાદાભાઇએ રાહનુમા સભા તરફથી મહુંમ ૧ લા સર જમશેદજી જીજીભાઇ વગેરે ઉપર લખેલા પત્રોથી શુરૂઆતમાંજ કેટલીક રૂડી અસર થઇ, અને અન્જુમનના અકાબરોએ તાબુત વેળા પારસી સ્ત્રીઓ તેમાં ભાગ લેતી હતી તેનો અટકાવ કરાવ્યો, નસેસાલારોનો જુલમ આસ્તે આસ્તે બંધ પડાવ્યો, ઇત્યાદિ. તે સાહેબની છેલ્લી જેહમત મરણ પાછળનો બિનજરૂરી ખર્ચ ઓછો કરાવવાને લગતી હતી, જે ભલાં કાર્ય માટે સભાના મુનશી દાખલ તેઓએ એક સામાન્ય પત્ર દસ્તુરો, મોબેદો, અકાબરો અને બેહદીનો ઉપર લખીને તેમનાં મતો માંગ્યાં હતાં.

"આ વછી ૧૮૫૪ થી શેઠ દાદાભાઇનો સભા સાથનો ધાડો સંબંધ બંધ થયો, પણ ૧૮૬૯ માં તેઓ કારોબાર મંડળીમાં પાછા જોડાયા, અને ૧૮૮૫ માં સભાના સરનશીન શેઠ નવરોજજી ફરદુનજી સી. આઇ. ઇ. જન્નતગુજીન થયા ત્યારથી તેના સરનશીનનો ઓધ્ધો કબુલ રાખીને ૧૮૮૭ સુધી શેઠ દાદાભાઇએ તે ભોગવ્યો.

"દેશ અને દેશીઓની બેહતરીને લગતી અનેક બીજી તરફની રોકાણોને લીધે તથા વારંવાર યુરોપ ખાતેના વસ્વાતને લીધે શેઠ દાદાભાઇ આપણી સભા સાથના ધાડા સંબંધમાં ફરીથી રહી શક્યા નહિ, તોપણ તેની તરફની તેમની દિલસોજી તો સદા ચાલુ હતી. ૧૯૦૧ ની ગોલ્ડન જ્યુબિલી પછી ૧૯૧૧ માં સભાએ પોતાની Diamond Jubilee ("હિરક મહોત્સવ") ઉજવી ત્યારે તે વેળાના સરનશીન ખાનબહાદુર દારાશાહ રતનજી ચીચગરનાં વડપણ હેઠળ સભાના ઓનરરિ સેક્રેટરિ અને બીજા થોડાક કારોબારીઓનું એક ડેપ્યુટેશન શેઠ દાદાભાઇને સભાના મેળાવડાઓનું પ્રમુખપદ સ્વીકારવા માટે ખાસ ઇજન કરવા વરસોવા ખાતે ગયું હતું, પણ તબિયતની નાદરસ્તીને લીધે શેઠ દાદાભાઇએ તે વેળા શામેલ થવાની દિલગીરી સાથ ના પાડવા છતાં સભાનાં કામ તરફ પોતાના સંપુર્ણ દિલસોજી દેખાડનારો એક પત્ર લખી મોકળાવ્યો હતો, જેમાં સભાની ભવિષ્યની ફતેહ માટે ભલી દુવા ચાહી હતી.

"છાસટ વર્ષની ઉમરે પુગેલી આપણી સભાના આવા હિમતવાન, ઉલટમંદ, અને દુરઅંદેશ સ્થાપક, તેના પહેલા મુનશી, તેના એક વેળાના સરનશીન, તથા તેના શેવટ સુધીના દિલસોજ, દોસ્ત શેઠ દાદાભાઇ નવરોજજીનાં દુખભરેલાં મરણને માટે રાહનુમા સભા ભારે ગમગીની બતાવે એ કેવળ સ્વાભાવિક છે. જ્યારે આજે પણ આ સભાના વિરોધીઓ તેનાં રૂડાં કામોને તોડી પાડવાને આતુર છે, ત્યારે ૧૮૫૧ થી ૧૮૫૪ સુધીનાં વર્ષોમાં શેઠ દાદાભાઈ અને શેઠ નવરોજજી ફરદુનજી સામે કેટલીબધી વિરૂધતા બતાવીને તેમનાં નેક મનશાનીનાં કામોને તોડી પાડવાની કોશેશો કરવામાં આવી હતી તે જેઓએ જાણવી હોય તેમને માટે તેની નોંધ આ સભાનાં જુનાં દફતરોમાં મોજુદ છે. પણ તે સઘળાં તુફાનો સામે સભાની કિસ્તીને બાહોશીભરેલી કુનેહથી આગળ ચલાવવામાં ફતેહ મેળવીને શેઠ દાદાભાઈ અને તેમનાં સાથીઓએ પારસી કોમને આભારી બનાવી છે. શેઠ દાદાભાઈનાં કેળવણી અને સુધારા અને રાજદ્વારી ઉન્નતિનાં કામો અને લડતો અને ફતેહ ઘણાં છે, પણ આ સભાને જે બાબતે સાથ લાગતુંવળગતું છે તેજ બાબતોની આ ઠરાવમાં નોંધ લેતાં એમનાં સંસારી સુધારાનાં કામો પારસી કોમની આજની અનેક તરેહની બેહતરી માટે ઘણાં કીમતી થઈ પડયાં છે એમ બાપુકાર જાહેર કરીનેજ રાહનુમાએ માજદયસ્નાન સભા સંતોષ પામે છે.

"આ સભા વિશેષ એમ ઠરાવે છે કે આ ઠરાવની એક નકલ મહુર્મ શેઠ દાદાભાઇનાં કુટુંબીઓની જાણ માટે તેમના ઉપર ઘટતા લેખ સાથ ઑનરરિ સેક્રેટરિએ આજની સભાના પ્રમુખની અને પોતાની સહી સાથ મોકલી આપવી."

૩–શેઠ ખ. રૂ. કામા.

(સભાના ત્રીજા સરનશીન.)

સભાના પેહલા સરનશીનનાં મરણ બાદ તેના બીજા સરનશીન તરીકે શેઠ દાદાભાઇ નવરોજજીએ ઓહધો થોડીજ મુદત ભોગવીને ૧૮૮૮ માં ઈંગ્લંડ ગયા ત્યારે તેમની જગા ઉપર જે ઘણાજ લાયક પુરૂષની નેમણુક થઇ તે શેઠ ખરશેદજી રૂસ્તમજી કામા હતા. એ સાહેબ વિદ્યાર્થિઓના વિદ્યાર્થિ,

અભ્યાસીઓના અભ્યાસી અને વિદ્વાનોના વિદ્વાન હતા. તેમના જેવા જરતોસ્તી દીનની બુલંદી અને મોતેબરી બરાબર રીતે પીછાનનારા જરતોસ્તીઓ થોડાજ હશે. અગરજો તેઓ યુરોપ જઇ જર્મનીથી પ્રો૦ સ્પીગલ વગેરે ઉસ્તાદો કનેથી જરતોશ્તી ધર્મના ખરા અભ્યાસની ચાવી લાવ્યા ન હોત, અને મુંબઇ પાછા ફરીને પ્રથમ પોતાનાં મકાનમાં થોડાક જવાન મોબેદજાદાઓનો વર્ગ ઉઘાડીને તેમને યોગ્ય તાલીમ આપી ન હોત, તથા પોતાની ખંત અને કોશેશથી તેમના જેવા બીજા અભ્યાસીઓને માટે અવસ્તા અને પેહલવી જબાનોની તાલીમ માટે સર જ. જી. મદ્રેસા ઉંધરાવી ન હોત, તો આજે આપણા લોકોમાં દીન-આઇનનું જે શુદ્ધ જ્ઞાન ફેલાવો પામ્યું છે તે કદાચજ ફેલાત.

શેઠ કામાજીએ આપણી સભાની સેવા તરીકે જે કામો બજાવ્યાં છે તેમનો ઇંતેખાબ સભાએ તેમને માટેની પોતાની ખાસ મજલિસમાં પસાર કરેલા નીચલા ઠરાવમાં દર્શાવ્યાં છે:—

ઠરાવ—"રાહનુમાય માજદયસ્નાન સભાના માનવંત સરનશીન શેઠ ખુરશેદજી રૂસ્તમજી કામાજી, જેઓ શેહેનશાહી રોજ ૧૨ મો માહ ૧૨ લો સને ૧૨૭૮ યજદેગર્દી, કદમી રોજ ૭ મો માહ ૧ મો સને ૧૨૭૯ યજદેગર્દી, તા૦ ૨૦ મી ઑગસ્ટ સને ૧૯૦૯ ઇસ્વી, અને વાર શુક્રને દિને સહવારે આ ફાની જેહાન એકાએક છોડી ગયાછે, તેમનાં દુખદાયક મરણથી આ સભાને ગયલી કદી નહિ પુરાય એવી ખોટની નોંધ દુખની ભારી લાગણી સાથ પોતાનાં દફતરમાં લેવાનો રાહનુમા-એ મજદયસ્નાન સભા ઠરાવ કરેછે, અને તેમ કરતાં પોતાની બેહદ દિલગીરી જાહેર કરેછે.

"મર્હુમ શેઠ ખુરશેદજીનો આ સભા સાથનો સંબંધ લગભગ ૫૫) વર્ષ જેટલો લાંબો છે. એઓ સાહેબ આ સભા સાથ પેહલવેહલા છેક ૧૮૫૪ નાં સાલમાં જોડાયા હતા, અને યુરોપથી પાછા ફર્યા પછી સભાની કરોબાર મંડળીમાં ૧૮૫૫ થી શામેલ થયા હતા. સભાના પેહલા સ્થાપક અને સરનશીન શેઠ દાદાભાઇ નવરોજજી ૧૮૮૮ માં તેના બીજી વારના સરનશીન તરીકેનો ઓધ્ધો છોડી ફરીથી ઇગ્લંડ સિધાર્યા ત્યારથી મર્હુમ શેઠ ખુરશેદજી આ સભાના સરનશીન નેમાયા હતા; અને તે વખ્તથી પોતાની જિંદગીની છેલ્લી ઘડી સુધીનાં

૨૧ વર્ષ તુલીક શેઠ કામાજીએ આ અધિકાર ઘણી બાહોશી અને ખબરદારી, તથા ખંત અને ઉદ્યોગથી ચલાવ્યો હતો.

"મહુર્મ શેઠ ખુરશેદજી આ સભાના જીવ અને જાન જેવા હતા. પોતાનાં તનમનધનથી આ સભામાં કામને એઓ સદા મદદ આપતા હતા અને તેની બેહતરીને માટે વારંવાર કીમતી ભાષણો આપીને અને બીજી રીતે યોગ્ય ઉપાયો યોજતા હતા. સભા તરફથી શેઠ કામાજીએ છેક ૧૮૬૮ થી ૧૯૦૨ સુધીમાં નીચે જણાવ્યા પ્રમાણે ૩૨ ભાષણો આપ્યાં હતાં,[1] જેઓમાંના કેટલાંએક બેથી છ બેઠકો સુધી ચાલુ રહ્યાં હતાં.

" આ ભાષણોમાંના અશો જરતોસ્તની જિંદગીને લગતાં ચાર પાછળથી સભા તરફનાં પુસ્તક ૩ જાં દાખલ એક મોટાં દફતરનાં આકારમાં સભાએ પોતાની તરફથી છપાવી પ્રગટ કીધાં હતાં. ૧૯૦૧ ના નવેમ્બર માસમાં સભાનાં ૫૦ વર્ષ પુરાં થવાથી તેની જ્યુબિલીનો અવસર એક અઠવાડિયાં સુધી પાળવામાં આવ્યો હતો, તે વેળા મહુર્મ શેઠ કામાજીએ " સભાએ બજાવેલી સેવા " ને લગતાં ત્રણ ભાષણો પોતાની માંદગી છતાં હાજર થઇને મોહડેથી આપ્યાં હતાં. ધર્મનીતિની કેળવણી સારા પાયા ઉપર આપવાની અગત્યતા બાબેનાં શેઠ કામાજીનાં ભાષણ વેળા ચહડ–ઉતર તબકકાની ચોપડીઓ પ્રગટ કરવા માટે એક બુક ફંડ સ્થાપવામાં આવ્યું હતું તેમાં આજસુધીમાં રૂ. ૨૧,૭૨૦ ભેગા થયા છે, જેમનાં વ્યાજમાંથી જરતોસ્તી માલેકી હેઠલ ચાલતી નિશાળોમાં આપણા મજહબને અનુસરતી ધર્મનીતિની તાલીમ ચહડ–ઉતર ધોરણની સાત ચોપડીઓ તૈયાર કરાવીને ખાસ ઉસ્તાદ મારફતે આપવામાં આવે છે. આ નિશાળોમાં આવી તાલીમ લેતાં ચંચળ બાળકોને ઇનામો આપવાના જાહેર મેળાવડા કરવાનું મહુર્મ શેઠ કામાજીએ પ્રથમ ચાલુ કર્યું હતું. વળી આ બાળકોમાં બેને રૂ ૬૦ અને રૂ ૪૦ ની કીમતની સ્કોલરશિપો પોતાની તરફથી આપવાનું શેઠ કામાજીએ ચાલુ કર્યું હતું, જેમ હજુસુધી અપાય છે.

---

[1] આ ભાષણોની સામટી ટીપ આગળા ભાગમાં આપી છે.

૪૦

"આટલેથી નહિ ધરાતાં જરતોસ્તી ટોળામાં ધર્મનીતિની કેળવણીનો ફેલાવો કરવા માટે વિચાર ચલાવવા અને ઠરાવ પર આવવા માટે મહુંમ શેઠ ખુરશેદજીએ રાહનુમા સભા તરફથી ધર્મ કેળવણીની એક કૉન્ફરન્સ ૧૯૦૧ માં બોલાવી હતી, જેની કમિટીએ એક દરખાસ્તમાં મહુંમ શેઠ કામાજીની ઉપલી હીલચાલ માટે તેમનો ખાસ મોટો ઉપકાર માન્યો હતો.

"વળી જરતોસ્તી આલમને ઉપયોગી થઇ પડે એવી બાબતો ઉપર શેઠ ખુરશેદજી કામાએ નિબંધો લખાવીને નીચલાં ઇનામો પોતાની તરફથી આ સભાની મારફતે અપાવ્યાં છે:—

૧ લું—" અશો જરતોશ્તની શાગેર્દી. " (" જરતોસ્તી જવાહિરો ")—ઇનામ રૂ. ૧૨૫.

૨ જું—Zoroastrian Sanitary Code (ઇંગ્રેજીમાં)—ઇનામ રૂ. ૨૫૦

૩ જું--Ahura Mazda, as conceived by Zoroaster in the Gathas (ઇંગ્રેજીમાં)-ઇનામ રૂ. ૨૫૦).

" આ ઉપરાંત બીજા અનેક નિબંધો મહુંમ શેઠ કામાજીએ પોતાની તરફથી સભા મારફતે લખાવી માંગ્યા હતા, જેમાંનો એકજ લખાઇ આવ્યો છે, અને તે " અવસ્તાઇ જમાનાનું રાજગીત " વિશેનું ગુજરાતી બેતમાં રચેલું ગાયન છે, જે માટે રૂ. ૧૫૦ નું ઇનામ ઠરાવ્યું છે.

"મહુંમ શેઠ કામાજીએ ૧૮૮૧ માં ધર્મનીતિની કેળવણી માટે બુક-ફંડ થયું તે વેળા રૂ. ૧૦૦૦) ની રકમ વ્યાજ વાપરવાની શર્તે આપીને આ કેળવણીનાં કામમાં મદદ કરી આપી છે.

"આ રીતે રાહનુમાએ મજદયસ્નાન સભાનાં કામ તરફ હમેશાં ઉલટ, ઉમંગ અને કાળજી બતાવીને, તથા તેના સુધારા વધારા માટે કોશેશ જારી રાખીને, મહુંમ શેઠ કામાજીએ એ સભાને આજસુધી જીવતી અને જાગતી રાખી છે. એ સર્વ અને એવાંજ બીજાં એહસાનને માટે સભા એમના દુખદાયક મોતથી પોતાને નહિ પુરાય એવી ખોટ ગયલી સમજે છે.

"વળી આ સભા ઠરાવે છે કે સભાની અંતઃકરણની દિલગીરી જાહેર કરનારા એક પત્ર સાથ ઉપલા ઠરાવની એક નકલ મર્હુમ શેઠ ખુરશેદજી રૂસ્તમજી કામાજીના વડા બેટા શેઠ રૂસ્તમ ખુ. રૂ. કામા ઉપર તેમનાં કુટુંબની જાણ માટે આ સભાનાં સરનશીને મોકુળી આપવી."

મરણ માટે ખાસ સભા.

શેઠ કામાજી સંબંધી ઉપલો ઠરાવ મજલિસીઓની જે ખાસ સભામાં પસાર થયો તેમાં તેના સરનશીન એરવદ સાહેબ શેહરિયારજીએ તે રજુ કરતાં કેટલુંક વિવેચન કરી કહ્યું હતું કે—

"સભા ચાલુ થયા પછી તે ચાર મૂખ્ય તબકકામાંથી પસાર થઈ છે. સભાનું મૂખ્ય કામ પારસી કોમમાંથી પરકોમની રાહરસમ કઢાવવાનું હતું. જુદદીન રસમ સામેની સભાની લડત પ્રથમમાં સર્વેને પસંદ હતી. પાછલથી સભા સુસ્ત થઇ અને મી૦ કામાજીના જોડાવાથી સભાને જાણે નવું લોહી આવ્યું હતું. મી૦ કામાજીનું જોડાવું એ સભાની હસ્તીનો બીજો તબકકો હતો. ત્રીજા તબકકામાં મારી મારફતે જરતોસ્તી ધર્મ સંબંધી ભાષણો અપાવ્યાં અને કેટલીક ચોપડીઓ રચાવી પ્રગટ કરવામાં આવી હતી. ચોથો તબકકો અવસ્તા પેહેલવીના અભ્યાસીઓની શામેલગીરીનો હતો."

મી૦ ફરામરોજ રૂસ્તમજી જોષિએ દરખાસ્તને ટેકો આપ્યા બાદ ખાનબહાદુર દારાશાહ રતનજી ચીચગરે સભાના જુનામાં જુના સભાસદ તરીકે જણાવ્યું હતું કે "મી૦ કામાજી માટે જે બોલાયું છે તે દરોબસ્ત છે. તુફાનીઓથી ડરી જવા વગર મી૦ કામાજીએ પોતાની લડત ચલાવી હતી અને આજે એવા નરની ખુટ વધુ માલમ પડે છે. તેમનાં માનમાં આપણે એટલુંજ કરી શકિયે કે તેમને પગલે ચાલી ચાલુ જમાનાને અનુસરતાં સંસાર સુધારાના કામો ચાલુ રાખિયે."

મી૦ પાહલનજી બરજોરજી દેસાઇએ જણાવ્યું કે સભાના સેક્રેટરિ તરીકે તેઓ મી૦ કામાજીના ધાડા સંબંધમાં હતા અને તેઓને મી૦ કામાજીનાં ઉલટ અને ઉમંગ અજાબ સરખાં લાગતાં હતાં. તેમનીજ ઉલટથી જરતોશ્તી ધર્મનીતિનાં પુસ્તકો હસ્તીમાં આવ્યાં હતાં. જેઓ

સભાનાં બીજાં કામોની વિરૂધ્ધ હતા તેઓ પણ ધર્મ—કેળવણીના પ્રસાર માટેની મી૦ કામાજીની ઉલટ વખાણતા. રાહનુમા સભા સામે ઘણું બોલાયું છે અને લખાયું છે જે સઘળું મી૦ કામાજી વાંચતા અને સાંભળતાં તોપણ તેનો જવાબ આપવામાં વખ્ત ગુમાવવાને બદલે તેઓ કામ અને કામ પર મચ્યા રેહવાની સર્વને ભલામણ કરતા."

આ પછી ઉપલી દરખાસ્ત ઉપર મતો લેતાં તે એકમતે પસાર થઇ, અને શેઠ ફરામરોજ જોષિની દરખાસ્ત ઉપરથી સરનશીન એરવદ શેહરિયારજીનો ઉપકાર માની સભા બરખાસ્ત થઇ હતી.

"જરતોશ્ત નામું—અવસ્તા પ્રમાણે."

શેઠ કામાજીનાં સઘળાં ભાષણોમાં સૌથી અગત્યનાં પેગમબર સાહેબ અશો જરતોશ્ત બાબેનાં હતાં. એ ભાષણોના સંબંધમાં સભાની કારોબાર મંડળીએ સભાનાં ૧૩ માંથી ૧૬ માં વરસ સુધીના એહવાલમાં નીચે મુજબની નોંધ કીધી હતી:—

"ઉપર જણાવેલા કારોબાર સીવાએ તમારી કારોબાર મંડલીનો ઘણો ખરો વખત આ મંડલીના એક મજલસી શેઠ ખુરશેદજી રૂશ્તમજી કામાજીએ અવસતા પરમાંણે ઉપજાવી કાહાડેલાં જરતોશ્ત નામાને વાંચીને નકી કરવામાં રોકાએઓ હતો. કારોબાર મંડલી હેવું વીચારે છે કે આ શભાની શોલ વરસની હઈઆતીમાં આ શભાની તરફથી નીકળેલી ચોપડી અથવા ચોપાનીઆઓમાં શેઠ ખુરશેદજી રૂસ્તમજી કાંમાજીનો બનાવેલો આ નીબંધ સર્વેથી કીમતી અને આ સભાનાં કાંમને જેબ આપે હેવો છે, અને ધરમ સંબંધી બાબતોમાં જાતી ખોલ તથા નવી શોધો ઉપરથી કોઇજ વેલા હેવી કેતાબો આપણા લોકોમાં બનાવેઆમાં આવે છે.

"આપણા અશો અને બરેહક પેગમબર સાહેબ હજરત જરતોશ્તના જનમારાનો હેવાલ અવસતા ઉપરથી જેટલો મળી આવેઓ છે, તે ઉપજાવી કાહાડીને તે હેવાલને પાછલની તવારીખો તથા કેતાબો સાથે મેલવવાનાં કાંમમાં શેઠ ખુરશેદજી રૂશ્તમજી કાંમાજીએ જે મેહેનત લીધી છે, તે મેહેનત ઘણીજ વખાંનવા જોગ અને તારીફ લાએક છે, એમ તમારી કારોબાર મંડલી ચોકકસ મત ધરાવે છે. એ

કીમતી રેસાલા ઉપરથી જાહેર સભામાં ભાસણ કેહી સંભલાવાને કીજે તમારી કારોબાર મંડલીએ ગોઠવણ કરી હતી. અને તે પર-માંણે મેદાનને નાંકે 'ફરાંમજી કાવશજી ઇનસ્ટીટીઉટ' ના દેવાનખાના મધે ચાર વેલાએ જાહેર સભાઓ ભરીને જરતોશતીઓની નજદીક 'જરતોશત નામું—અવસતા પરમાંણે' એ બાબતમાં શેઠ ખુરશેદજી રૂશતમજી કાંમાજીએ ભાશાંનો કીધાં હતાં. ચાર વાર મલીને એ દેવાલ પુરો કરેઓ હતો, અને એ કીમતી ભાસણો શાંભલવાને શારંદર વેલાએ જરતોશતીઓની મોટી ઠઠનો જમાવ થાએઓ હતો."

આ પછી શેઠ કાંમાજીની યાદગીરી રાખવા માટેની હીલચાલ થઇ ત્યારે આપણી સભાની નાણા સંબંધી મદદની માંગણી થવાથી એ બાબતમાં મજલિસીઓની એક વધુ ખાસ સભા બોલાવવામાં આવી, જેમાં પ્રમુખસ્થાનેથી સરનશીન ખાન બહાદુર દારાશાહ રતનજી ચીચગરે મહુર્મ સભાની બજાવેલી સેવાઓના સંબંધમાં કેટલુંક વિવેચન કીધા પછી નીચલો ઠરાવ એકમતે પસાર થયો હતો :—

"મહુર્મ શેઠ ખરશેદજી રૂસ્તમજી કામાજીએ રાહનુમાએ માજદ-યસ્નાન સભા સાથના પોતાના ૫૪ વર્ષના લાંબા સંબંધ દરમિયાન તેની જે અતિ ઘણી કીમતી સેવાઓ બજાવી છે તેની કદરશના-સીની એક અદના ઇધાણી દાખલ એ મહુર્મ શેઠની યાદગારી રાખવા માટે ઉભાં થયેલાં જાહેર ફંડો મધેનું જે મદદ કરવા માટે યોગ્ય જણાય તેમાં પોતાની તરફના હિસ્સા તરીકે રૂ. ૨૫૦) ની રકમ ભરવાની રાહનુમા સભાની આજની સભા એ સભાની કારોબાર મંડલીને સત્તા આપે છે."

૪–ખાનબહાદુર દારાશાહ રતનજી ચીચગર. સભાના ચોથા સરનશીન.

શેઠ ખ. રૂ. કામાનાં મરણ પછી તેમની જગા ઉપર સભાના સર-નશીન તરીકે આ ગૃહસ્થ ઉપર તેની પસંદગી ઉતરી હતી. તેઓ સભાના જુના મેમ્બર અને પુરાણા કારોબારી હતા તેટલા માટેજ નહિ, પણ તેઓ સભાની આગળી તવારીખથી સારી પેઠે જાણીતા હતા અને સભાના

સુધારા વધારાનાં કામો માટે ભારે ખંતથી કામ લેનારા હતા, માટે જ્યારે એરવદ શહેરિયારજી દાદાભાઇ ભરૂચાએ સરનશીનનું માન સ્વીકારવાની દિલગીરી સાથ ના પાડી અને તે સાહેબે પણ શેઠ દારાશાહ માટેજ ભલામણ કીધી, ત્યારે એ ગૃહસ્થને સરનશીન પસંદ કરવામાં આવ્યા. સભાની બન્ને જ્યુબિલીઓનું કામ સરંજામ ઉતારવામાં શેઠ દારાશાહે ભારે મહેનત લીધી હતી, સભાનાં ધર્મ શિક્ષણ માટેનાં તથા ભાષણો અને વિવેચનો માટેનાં ફંડોના સંબંધમાં પણ તેમની મેહનત જેવી તેવી ન હતી. સભાનાં કામમાં અનેક જણ અનેક વેળા તેમની સલાહ અને મદદ પુછતા અને મેળવતા હતા. એ સાહેબનાં મરણની નોંધ સભાનાં દફતરમાં નીચે પ્રમાણે લેવામાં આવી હતી:—

"રાહનુમાએ માજદયસ્નાન સભાના સરનશીન ખાન બહાદુર દારાશાહ રતનજી ચીચગર રોજ ૩ જો, માહ ૭ મો સને ૧૨૮૧ યજદેગર્દી, તા૦ ૧૩ મી માર્ચ ૧૯૧૨ અને વાર બુધને દિને બેહસ્તનશીન થયા તે બનાવની નોંધ પોતાનાં દફતરમાં લેતાં કારોબાર મંડળીને મોટી દિલગીરી પેદા થાય છે. મરહુમ ખાન બહાદુર દારાશાહ ચીચગરે આ સભાના છેક ૧૮૬૬ નાં સાલથી મજલિસી હતા, અને ૧૮૭૫નાં સાલથી એઓ કારોબાર મંડળીના અધિકારી નેમાયા હતા. આ વખ્તથી સભાનાં કામમાં એઓ પોતાથી બનતી દરેક મદદ આપતા રહ્યા હતા. સભા તરફથી એઓએ કેટલાંક ભાષણો પણ આપ્યાં હતાં, અને ૧૯૦૮ માં સભાના મહુર્મ સરનશીન શેઠ ખ. ર. કામાનાં મરણ પછી એઓ તેમની જગા ઉપર સરનશીન નેમાયા હતા. આ રીતે મહુર્મ શેઠ દારાશાહનો આ સભા સાથનો સંબંધ ૪૬ વર્ષ જેટલો જુનો અને ધાડો હતો. સભાનાં કામને આગળ વધારવા માટે ખંતથી મેહનત લેનારા કારોબારીઓ મધેના તેઓ એક હતા. તેઓ કુનેહ અને કારસાજીથી સભાનાં કામને ઘણી મદદ કરતા હતા. એવા એક ઉલટમંદ મજલિસી, કારોબારી અને સરનશીનના મરણથી આ સભાએ પોતાનો મોટો ખેરખાહ અને કારોબાર મંડળીએ પોતાનો દિલસોજ હમશરીક ખોયો છે. એમનાં મરણની દુખભરી નોંધ કારોબારી મંડળી એક મતે પોતાનાં દફતરમાં દાખલ કરતાં ઠરાવે છે કે તેની એક નકલ

ઘટતાં દિલાસા પત્ર સાથ સેકરેટરિએ મહુંમનાં કુટુંબની જાણ માટે એમનાં વિધવા અને બેટા ઉપર મોકલી આપવી."

કારોબાર મંડળીના અધિકારીઓ

સભાની કારોબાર મંડળીમાં ૧૮૫૧ થી ગણવા બેસિયે તે એક શોથી વધારે અથોરનાન તથા બેહદીન ગૃહસ્થો કારોબારી તરીકે બિરાજી ગયલા જણાશે. આ ગૃહસ્થોનાં મરણની નોંધ પોતાનાં દફ્તરમાં લેવાનો શીરેસ્તો આગળ ન હતો તે મંડળીએ ૩૧ માં વરસથી પાડયો. તે મુજબ નીચલા કારોબારીઓનાં મરણ માટે કારોબાર મંડળીએ પોતાની દિલગીરી દર્શાવનારી નોંધ લીધી છેઃ—

ડૉ૦ ખરશેદજી ફરામજી બોરી-૧૮૭૬ થી તા૦ ૨૦ મી જુલાઇ ૧૮૮૩ માં નિપજેલા મરણ સુધી કારોબારી હતા.

શેઠ જાંહગીરજી મેહરવાનજી પ્લીડર-૧૮૭૫ થી તા૦ ૧૪ મી ડીસેમ્બર ૧૮૮૩ માં નિપજેલાં મરણ સુધી કારોબારી હતા. સભા તરફથી "આપઘાતના ગુનાહ" બાબે એઓએ એક ભાષણ આપ્યું હતું.

શેઠ કુંવરજી રૂસ્તમજી મોદી-સભાની સ્થાપના થઇ ત્યારથી કારોબારી હતા. તા૦ ૨૨ મી ફેબ્રુઆરિ ૧૮૮૪ માં મરણ નિપજ્યું ત્યાં સુધી તેમની દિલસોજી હતી.

શેઠ ખુરશેદજી નોશરવાનજી કામાજી-એઓ સભાના મજલિસી, કારોબારી, ખજાનચી તથા સભાનાં ફંડોના એક ટ્રસ્ટી હતા. સભા હસ્તીમાં આવી ત્યારથી તેના કારોબારમાં શામેલ થયા હતા. અને ૧૮૫૯ થી ખજાનચી તથા ટ્રસ્ટી નેમાયા હતા. તા૦ ૨૪ મી જાન્યુઆરિ ૧૮૮૫ ને દિને મરણ પામ્યાથી " સભાને અતિશય નુકશાન થયું છે," એવા શબ્દોમાં કારોબાર મંડળીએ નોંધ લીધી હતી.

શેઠ નવરોજજી ફરદુનજી-સભાના એક સ્થાપક, પહેલા સરનશીન અને પોતાનાં મરણ સુધી તનમનધનથી તેની બેહતરી માટે ખંત અને ઉદ્યોગથી એ ઓહ્દા ઉપર કાયમ રેહનાર અને તેના તરફથી બળવારીથી લડનાર જોધ્ધા તા. ૨૩ મી સપ્ટેમ્બર ૧૮૮૫ને દિને ગુજર પામ્યા હતા. તેમના સંબંધમાં મજલિસીઓની એક ખાસ સભામાં થયલો ઠરાવ "સભાના સરનશીનો" વાળાં મથાળાં વાળી બાબતમાં નોંધ્યો છે.

શેઠ ખરશેદજી માણેકજી શેઠના—એઓ ૧૮૭૯ થી કારોબારી અને ૧૮૮૫ થી ખજાનચી તેમજ સભાનાં ફંડોના એક ટ્રસ્ટી હતા. તા૦ ૯ મી ફેબ્રુઆરિ ૧૮૯૦ ને દિને મરણ પામ્યા હતા.

શેઠ પેસ્તનજી દાજીભાઇ—એઓ ૧૮૫૨ થી સભાના કારોબારી અને ૧૮૭૧ થી તા. ૧૭ મી માર્ચ ૧૮૯૦ ને દિને નિપજેલાં મરણ સુધી ઑનરરિ સેક્રેટરિ હતા. "આ સભાનાં કામમાં એવણુની ભારે દીલસોજી તથા મેહેનત હતી," અને ઓગણીસ વરસની "લાંબી મુદ્દત સુધી એક સરખી રીતે એવણને સેક્રેટરી તરીકે ચુંટી કાહડવામાં આવ્યા હતા એજ એવણુની દેખાઇતી ખરી લાયકાતની નોંધ ઠરી ચુકી છે."

શેઠ સોહરાબજી શાપુરજી બંગાળી સી. આઈ. ઇ.—સભાની સ્થાપનાથી તે પોતાનાં મરણ સુધી તેની સાથ ઘાડો સંબંધ ધરાવનાર આ ગૃહસ્થ તા. ૩ જી એપ્રીલ ૧૮૯૩ ને દિને ગુજર પામ્યા હતા. તેઓ સભાનાં ફંડોના પોતાના મરણ સુધી એક ટ્રસ્ટી હતા. ૧૮૫૩થી ૧૮૫૬ સુધી સભાના મુનશીનો અને ૧૮૬૪ થી ૧૮૬૯ સુધી તેના સર નશીનનો અધિકાર તેઓએ ભોગવ્યો હતો. કારીબારી તરીકે તો તેઓએ ઘણા વરસ ગુજાર્યાં હતાં આ સઘળાં કામો તેમણે ઘણી ઉલટ, બાહોશી અને લાયકીથી બજાવ્યાં હતાં. પોતાની આખી જાહેર જિંદગી સભાની મારફતે અને બીજી અનેક રીતે તેઓએ જરતોસ્તી ફિર્કાની સંસારી તથા ધર્મ સંબંધી રાહનુમાઈ, સુધરાઇ અને ચઢતી કળામાં ગુજારી હતી.

એરવદ જામાસ્પજી એદલજી દાદાચાંદજી.—મહુંમ શેઠ પેસ્તનજી દાજીભાઇનાં મરણ બાદ ;એ. શેહરિયારજી દાદાભાઇ ભરૂચાએ સભાના મુનશીનો કામચલાઉ અધિકાર થોડાક માસ સુધી ચલાવ્યા પછી ઉપલા એરવદ સાહેબને મુનશી નેમવામાં આવ્યા હતા. તેમના ચાર વરસના કરોબાર પછી તા. ૧૧ મી જાન્યુઆરિ ૧૮૯૫ ને દિને નિપજેલાં મરણ માટે કારોબાર મંડળીનાં દફતરમાં દિલગીરીની નોંધ લેતાં જણાવવામાં આવ્યું હતું કે ૧૮૮૮ થી તેઓ મંડળીના કારોબારી અને ૧૮૯૦ થી ઑનરરિ સેક્રેટરી હતી, જે મુદ્દત દરમિઆન તેઓએ ઉલટ અને દિલસોજીથી કીમતી સેવા બજાવી હતી.

એરવદ જામાસ્પજીએ ધર્મનીતિના સબકો આપવાનું કામ સભા તરફથી જરતોસ્તી નિશાળોમાં ૧૮૮૦ થી શુરૂ કીધું હતું, જે વેળા

શિક્ષણ માટેની પાઠશાળા હસ્તીમાં ન હતી. તેમનાં એ કામથી કારોબાર મંડળીએ તથા સભાના સરનશીન શેઠ નવરોજી ફરદુનજીએ વારંવાર સંતોષ જાહેર કીધો હતો.

શેઠ નાનાભાઇ રૂસ્તમજી રાણીના.—આ ગૃહસ્થ ૧૮૬૪ થી તા. ૧૦ મી જાન્યુઆરિ ૧૯૦૦ ને દિને ગુજર પામ્યા ત્યાં સુધીના ૩૬ વરસ તુલીક કરોબારી તરીકે આપણી સભા સાથ જોડાયલા હતા. સભા તરફથી એઓએ બે ભાષણો આપ્યાં હતાં, અને તેના કામકાજમાં ભારે દિલસોજી બતાવતા હતા.

શેઠ જમશેદજી ખુરશેદજી કામા—સભાના મહુંમ ખજાનચી અને મોટા મદદગાર શેઠ ખુરશેદજી નશરવાનજી કામાના આ બેટા પોતાના પિતાનાં મરણ પછી તેમની જગા ઉપર કરોબારી નેમાયા હતા, અને તા. ૧૯ મી માર્ચ ૧૯૦૦ ને દિને મરણ પામ્યા ત્યાં સુધીનાં ૧૫ વરષ કારોબારી તરીકે સભાનાં કામમાં ઉલટ ભરેલો ભાગ લેતા હતા.

શેઠ માણકશાહ જેહાંગીરશાહ તાલેયારખાન બી. એ., એલ. એલ. બી. જેમનું મરણ ૧૯૦૦ નાં સાલની શરૂઆતમાં ઇંગ્લંડ ખાતે નિપજ્યું હતું તેઓ પણ એક કારોબારી તરીકે ઘણા ઉપયોગી હમશરીક હતા.

એરવદ ખુરશેદજી મીનોચેહરજી કટેલી—સભાના અથોરનાનજ નહિ પણ કેળવાયલા ધર્માભ્યાસી અથોરનાન કારોબારીઓ મધેના આ એરવદ સાહેબ તા. ૪ થી ફેબરઆરિ ૧૯૦૨ ને દિને ગુજર પામ્યા ત્યારે તેમનો કારોબાર મંડળી સાથનો ત્રીસ વરસનો લાંબો સંબંધ છુટો થયો હતો. ૧૮૭૧ માં કારોબારી નેમાયા પછી ૧૮૭૨માં "નામ સેતાયશને" નામનો કીમતી ઇનામી નિબંધ એઓએ લખ્યો હતો, અને તે આગમજ ૧૮૬૬ માં એક બીજો નાનો નિબંધ રચ્યો હતો. આ બન્ને માટેનાં ઇનામ સભાના સરનશીન "શેઠ નવરોજી ફરદુનજી પ્રાઇજ" તરીકે આપવામાં આવ્યાં હતાં.

એરવદ તેહમુરસ દીનશાહજી અંકલેસરીઆ—આ એરવદ સાહેબ તા. ૧૯ મી અકટોબર ૧૯૦૩ ને દિને ગુજર પામ્યા હતા. ૧૮૭૫માં કારોબારી નેમાયા હતા અને ૨૮ વરસ સુધી સભાનાં કામમાં ઉલટ અને ઉમંગથી પુર દિલસોજી સાથ ભાગ લીધો હતો. અવસ્તા અને

પેહલવી ભાષાઓનાં પોતાનાં બોહળાં જ્ઞાનનો લાભ સભાને આપ્યો હતો, અને સભા તરફથી અપાતી ધર્મનીતિની કેળવણી લેનારી નિશાળોના સુપરીન્ટેંડેંટ તરીકે ૪૫ા વરસ સુધી એઓએ કામ બજાવ્યું હતું તથા શીખતાં બાળકોની અનેક વાર પરીક્ષા લીધી હતી.

શેઠ કેખુસરો નવરોજજી કાબરાજી—તા. ૨૫મી એપ્રિલ ૧૯૦૪ ને દિને સભાના આ ચુસ્ત હિમાયતી મરણ પામ્યા ત્યારે ૪૦ વરસ જેટલી લાંબી મુદ્દત તેઓએ કારોબારી તરીકે ગુજારીને સભાનાં કામોમાં પોતાથી બનતી મદદ આપવી ચાલુ રાખી હતી. "રાસ્ત ગોફતાર" ના તેઓ અધિપતિ હોવાથી તે પત્ર મારફતે મી. કાબરાજીએ સભાના બચાવમાં સદા ખડા ઉભા રહીને તેનાં રૂડાં કામો જાહેરમાં લાવી વાંચનારી આલમને સભાના શત્રુઓના પ્રપંચોથી ચેતેલી રાખી હતી.

શેઠ હોરમજજી મનચેરજી ચીચગર—આ ગૃહસ્થ તા. ૩૦મી ડીસેમ્બર ૧૯૦૫ને દિને મરણ પામ્યા ત્યાં સુધી તેઓએ સભાના એક કારોબારી તરીકે તેનાં કામમાં ઉલટથી ભાગ લેવો ચાલુ રાખ્યો હતો.

ડૉ. હીરજીભાઇ જમશેદજી અપુ—આ ગૃહસ્થ તા. ૩૧મી જુલાઈ ૧૯૦૮ને દિને મરણ પામ્યા હતા, અને ૧૮૯૦ થી કારોબારી નેમાયા હતા, જે ઓધ્ધો તેમ મરણ સુધી ચાલુ રહ્યો હતો. સભાનાં કામમાં તેઓ ઘણી દિલસોજી અને ઉમંગથી ભાગ લેતા હતા. એ સાહેબ સભાનાં ફંડમાં રૂ. ૫૦૦) બક્ષેશ દાખલ આપી ગયા છે.

ખાન બહાદુર બહેમનજી બેહરામજી પટેલ—આ ગૃહસ્થ તા. ૯ મી સપ્ટેમ્બર ૧૯૦૮ ને દિને મરણ પામ્યા તેથી સભાને બેવડી ખોટ ગઇ. તેઓ ૧૮૭૫ થી કારોબારી નેમાયા હતા અને ૪૫ા વરસ સુધી સભાનાં ફંડોનાં ખજાનચીનો અખિત્યાર બજાવ્યો હતો. વળી સભા તરફથી તેઓએ હિંદુસ્તાનના પારસી નિયાગાનોના સંબંધમાં અનેક ભાષણો આપ્યાં હતાં. તેઓ સભાના સંબંધમાં ભારે ઉલટ અને હોંસ બતાવતા હતા અને ૩૩ વરસ સુધી કારોબારી તરીકે વારંવાર ચુંટી કહડાયા હતા.

શેઠ ખ. રૂ. કામા—"સભાના સરનશીનો" વાળાં મથાળાં હેઠલ આ ગૃહસ્થની સેવાઓની વિગત આપવામાં આવી છે.

શેઠ મેહરવાનજી ફરદુનજી મર્જબાન—આ ગૃહસ્થ છેક

૧૮૫૪થી સભા સાથ જોડાયલા હતા, માટે તેની સાથનો એમનો સંબંધ ૫૭ વરસ જેટલો જુનો હતો. વળી તે બહુ ઘાડો સંબંધ હતો, કારણ કે સભાની કારોબાર મંડળીની બેઠકો એમનીજ ઑફીસમાં મોટે ભાગે થતી હતી અને એમનાંજ દફતર આશકારા છાપખાનામાં સભાનું તમામ કામકાજ કિફાયતે છપાતું હતું. શેઠ મેહરવાનજી કારોબાર મંડળીમાં ૧૮૬૪ થી પોતાનાં મરણ સુધી રહ્યા હતા. એઓ તા. ૧૪ મી જુલાઇ ૧૯૧૧ને દિને ગુજર પામ્યા ત્યારે સભાનાં દફતરમાં એમની ચાલુ દિલસોજી અને ઉલટની નોંધ લેવામાં આવી હતી.

ખા. બ. દારાશાહ રતનજી ચીચગર—આ ગૃહસ્થનાં મરણની નોંધ "સભાનાં સરનશીનો" વાળાં મથાળાં નીચે આપવામાં આવેલી છે.

એરવદ મેહરનોશજી બરજોરજી દસ્તુર મેહરજીરાણા—સભા તરફથી ધર્મનીતિની કેળવણી આપનાર પેહલા શિક્ષક એરવદ જા. એ. દાદાચાંદજીએ પોતાના અધિકારનું રાજીનામું આપ્યા બાદ જેમને નવા શિક્ષક નેમવામાં આવ્યા તે આ એરવદ સાહેબ હતા. તેઓએ એરવદ શે. દા. ભરૂચા અને બીજાઓ આગળ શિક્ષણ લીધું હતું, તેઓ જોકે સભાના કારોબારી ન હતા, તો પણ કારોબાર મંડળીની બેઠકો વેળા હાજરી આપી ત્યાં ચાલતી શિક્ષણ સંબંધી તકરારો સાંભળવાની શેઠ ખ. રૂ. કામાએ તેમને પરવાનગી આપી હતી. તેમનો સંબંધ મંડળીથી છુટો પડતી વેળા તેણે પોતાનાં દફતરમાં જણાવ્યું હતું કે "એઓએ શિક્ષક દાખલ જે ખંત અને ઉલટથી સભાના આચાર-વિચાર સાથ મળતા રહીને શિક્ષણનું કામ બજાવ્યું છે તે માટે મંડળી આ તકે પોતાની ખુશી દર્શાવે છે." એરવદ મેહરનોશજી અકટોબર ૧૯૧૦ માં મરણ પામ્યા હતા.

શેઠ જીજીભાઇ પેસતનજી મીસ્ત્રી—આ કારોબારી તા. ૧લી મે ૧૯૧૩ ને દિને મરણ પામ્યા તે આગમજ ૧૮૮૫ માં સભાસદ થયા હતા અને ૧૯૦૬ માં કારોબારી નેમાયા હતા. મર્હુમે સભાનાં કામમાં ઘણી ઉલટ અને દિલસોજીથી ભાગ લીધો હતો અને સભાનાં ફંડોના તેઓ એક ત્રસ્ટી હતા.

એરવદ એદલજી કેરશાસ્પજી આંટિયા—આ એરવદ સાહેબ તા. ૨૭મી ડીસેમ્બર ૧૯૧૩ ને દિને ગુજર પામ્યા ત્યારે

સભાના કારોબારી તરીકેનો તેમનો સંબંધ ૧૧ વરસ જેટલો જુનો હતો. સભાનાં કામથી કેટલાક ભણેલા સાહેબો પણ દૂર રેહવા માંગતા હતા તેઓ મધેના એક મહુંમ આંતિયાજી ન હતા, જેમનો ધર્માભ્યાસ એરવદ શેહરિયારજી અને એરવદ તેહમુરસ જેટલો જુનો હતો. એઓ બેક ૧૯૦૨ માં સભાસદ થયા અને ૧૯૦૫ માં કારોબારી નેમાયા હતા. દસ્તુર દા. પે. સંજાણાએ કરેલી "નવી શોધ" ના સંબંધમાં સભાને તેમની સાથ જિક ઉઠી ત્યારે જે બે જવાબ પત્રો સભા તરફથી તૈયાર કરવામાં આવ્યા તેમાં બીજા કારોબારી એરવદ સાહેબો જોડે એરવદ આંટિયાની પણ શામેલગીરી અને મદદ હતી. મહુંમે સભાનાં કામમાં ઘણી ઉલટ અને દિલસોજીથી ભાગ લીધો હતો.

એરવદ શેહરિયારજી દાદાભાઈ ભરૂચા—આ એરવદ સાહેબનો સભા સાથનો સંબંધ જેમ લાંબો તેમજ ઘણોજ ધાડો હતો. વળી તે એટલો કીમતી હતો કે સભાને એઓએ ગેયા પોતાનાં ધર્મ-જ્ઞાનને લીધે તેની બુલંદીએ પુગાડી હતી. એ બાબદમાં સભાએ એમનાં મરણના સંબંધમાં જે ઠરાવ પોતાનાં દફતરમાં નોંધ્યો હતો તે આખોજ આ ઠેકાણે ઉતારી લેવા જોગ છે:—

ઠરાવ.

"રાહનુમાએ માઝદયસ્નાન સભાના એક કારોબારી એરવદ સાહેબ શેહરિયારજી દાદાભાઇ ભરૂચા ગઇ તા. ૨ જી સપ્ટેમ્બર ૧૯૧૫ ને દિને આ દુનિયાથી ગુજર પામ્યા તેમનાં દુખભરેલાં મરણની નોંધ પોતાનાં દફતરમાં લેતાં એ સભાની કરોબાર મંડળીને ભારે દિલગીરી ઉપજેછે. મહુંમ એરવદ શેહરિયારજી આ સભાના એક આગેવાન સભાસદ અને કારોબારી હતા. ૧૮૮૦ નાં સાલથી સભાએ જરતોસ્તી માલેકો હસ્તક ચાલતી છોકરાઓ અને છોકરી-ઓની નિશાળોમાં ધર્મનીતિની કેળવણી આપવાનું માથે લઇ એ બાબેની પહેલ કહાડી, તથા તે માટે જરતોસ્તીઓની જાહેર સભાઓ બોલાવી, તકરારો ચલાવીને એક મોટું ફંડ ભેગું કીધું ત્યારથી એરવદ શેહરિયારજી આ સભાને માટે બહુ કીમતી મદદગાર થઇ પડયા હતા. સભાએ આ તાલીમ આપવા માટે ઇનામ આપીને નવી

પાઠમાળાનું એક સાંકળિયું તૈયાર કરાવ્યું તેમાં જેમ એરવદ શેહરિયારજીનો હાથ હતો, તેમ ત્યારબાદ સભાએ બાળકોને શિક્ષણ આપવા માટે રચેલી ચઢઉતર નંબરની સાત નાની મોટી પોથીઓમાંની બીજાથી સાતમા નંબર સુધીની પોથીઓ એરવદ શેહરિયારજીએ પોતે રચી હતી. આ કામ બજાવવા માટે તેમજ સભા તરફથી જરતોસ્તી ધર્મની સાચી રાહનુમાઇ કે જે આ સભાનો મૂળ હેતુ છે તે કરવા માટે જુદી જુદી વાઅજો અને ભાષણો આપવા થકી સભાએ મહુર્મને પોતાની મદદમાં લીધા હતા. આ અધિકારની રૂએ એરવદ શેહરિયારજીએ સંખ્યાબંધ જાહેર વાઅજો અને ભાષણો સભા તરફથી જરતોસ્તી બાનુઓ અને ગૃહસ્થોની મોટી મજલિસો સન્મૂખ આપ્યાં હતાં, જે તેમનાં પુખ્ત જ્ઞાન અને ખબરદારીને માટે ઘણાં વખણાયાં હતાં. એરવદ શેહરિયારજીએ લખેલા ધર્મનીતિના અંકોમાં આવેલાં ગાયનોની એક કેતાબ સભા તરફથી હાલ થોડાંજ વર્ષ ઉપર જુદી છપાવી પ્રગટ કરવામાં આવીછે. આ ગાયનો અને કાવ્યો મહુર્મે પોતે બનાવેલાં હતાં અને તે સભા તરફના મેળાવડાઓ વેળા હજી પણ વજંત્ર સાથ ગવાયછે. મહુર્મે સભા તરફથી બીજાં બે પુસ્તકો તૈયાર કીધાં હતાં, જેમાંનું એક ૧૮૯૩ માં ચિકાગો ખાતે મળેલી "Religious Congresses of the World" માં વાંચવા માટે સભા તરફથી તૈયાર કીધેલો ઇંગ્રેજી નિબંધ "A brief Sketch of the Zoroastrian Religion and Customs" છે, અને બીજી "પતેતે બર ગુજીદેહ" નામની "અવસ્તાનાં ભણતરમાંથી કલામો ચુંટી કહાડીને બનાવેલી પતેત" છે. આ ઉપરાંત એરવદ શેહરિયારજીએ ૧૮૯૦ નાં સાલમાં સભાના સૅક્રેટરિ તરીકે પણ થોડાક મહિના કામ ચલાવ્યું હતું. એઓ ૧૮૮૫ થી સભાની કારોબાર મંડળીમાં દાખલ થયા હતા અને ત્યારથી પોતાનાં મરણ સુધી તેમાં શામેલ હતા.

"મહુર્મ એરવદ શેહરિયારજી અવસ્તા, પેહલવી, ફાર્સી અને સંસ્કૃત ભાષાઓમાં ઘણા કુશળ હતા, અને પોતાનાં આ પુખ્ત ભાષાજ્ઞાનનો લાભ આ સભાને આપતા રહ્યા હતા. જોકે ધર્મનીતિના અંકો અને ભાષણો તથા વાઅજોને માટે સભા તરફથી તેમને યોગ્ય

મોજદ મળતો હતો, તોપણ કારોબાર મંડળીને જોઇને સંતોષ ઉપજેછે કે એમના પોતાના જે વિચારો હતા તે સભાના વિચારોને પેહલાંથી છેલાં સુધી મળતા આવતા હતા. મહુંમ એકમાર્ગી સ્વભાવના, નમ્ર અને મુગે મોઢે કામ કરનારા હતા, માટે પોતાના કે સભાના હરીફો તરફની ખોટી નાલેસી કે ગીબતની તેઓ દરકાર કરતા કે જવાબ આપવાની જરૂર જોતા ન હતા. એમના જેવા એક વિદ્વાનની ખોટ જલદીથી પુરાવી મુશ્કેલ છે. એમનાં મરણથી આ સભાએજ નહિ પણ પારસી કોમે એક સાચા, સ્વતંત્ર વિચાર ધરાવનાર અને વિદ્વાન રાહબરને ખોયોછે. કારોબાર મંડળી શેવટે ઠરાવેછે કે મહુંમના સંબંધમાં થયલા આ ઠરાવની એક નકલ તેમનાં કુટુંબની જાણ માટે, તેમના વડા બેટા ઉપર, ઘટતા પત્ર સાથ મુનશીએ મોકલી આપવી."

સભાના દિલસોજ દોસ્તો અને મદદગારો.

શેઠ ધનજીભાઇ નોશેરવાનજી કામાજી.

સભાની સ્થાપનાથી ૧૮૬૦ માં પોતાનાં દુખ ભરેલાં મરણ સુધી સુધારા અને કેળવણીના આ મોટા હિમાયતી અને મદદગાર શેઠિયાએ આપણી સભાના એક માનવંત મુરબ્બી તરીકે તેને માથે વાંસે રહીને આપેલી સાહેતાને લીધે તેમનાં મરણ બાબે સભાએ પોતાના સાતમાં અને આઠમાં વરસની ઉપજ્ નીપજના એહવાલમાં નીચે મુજબની નોંધ લીધી હતીઃ—

"તમારી કારોબાર મંડળી આએ હેવાલ મધે શેઠ ધનજીભાઇ નોશરવાનજી કાંમાંજીના ગુજરવા વીશે પોતાની દલગીરી જણાંવાની જોગવાઇ લીએ છે, અને એ દુખભરેલા બનાવની નોધ મોહોટા સંતાપ સાથે આએ સદ્ઘા મધે ટાંકવાને તેઓ પોતાની ફરજ જાંણેછે. તમો સંગલા સાહેબોને સારી પેઠે રોશન છે, કે જે રોજથી 'રાહનુમાએ માજદીઅસના' સભાએ આએ આબાદ ટાપુમાં પોતાનો જનમ લીધો તે દીવસથી મરહુમ શેઠ ધનજીભાઇએ પોતાની હએઆતીની છેલલી ઘડી શુધી આ સભાને ઘણો મોહોટે

અને કીમતી આશરો આપેઓ હતો, અને પોતાના જાતભાઈ જર-થોશતીઓનાં મગજ ઉપરથી લાંબી મુદતના ગાલેબ થાએલા વસવસાને દુર કરવા સારૂ, એ બેહેશતનશીન ગહરસથે આપણી સભાને પોતાનાં ખરાં જીગરથી ઘણી સારી મદદ કીધી હતી. તે કારણને લીધે એ જીનતગુજીન શેઠીઆનું નાંમ હમેશ શુધી શુધારાના ઇતીહાસમાં પરકાશતું રેહેશેં, હેવું માંનવાને તમારી કારોબાર મંડળી કસસી અડચંણ જોતી નથી."

શેઠ ધનજીભાઇ આપણી સભાને દરસાલ રૂ. ૩૦૦ ની બક્ષેશ કરતા હતાં. સભાનાં ફંડમાં તેઓએ રૂ. ૧૦૦૦ બક્ષેશ દાખલ આપ્યા હતા.

શેઠ પેસ્તનજી હોરમજી કામા, સી. આઇ. ઇ.

આ પરોપકારી અને કેળવણી તથા સુધારાના મોટી હિમાયત કરનાર ગૃહસ્થ તા. ૧૮ મી જાન્યુઆરી ૧૮૯૩ ને દિને પુણા ખાતે મરણ પામ્યા હતા. તેમનાં મરણની દિલગીરી ભરેલી નોધ આપણી સભાનાં દફતરમાં લેતાં જણાવવામાં આવ્યું છે કે "એ મહુર્મ શેઠ સભાની શુરૂઆતથી તે હાલ સુધી સભાના મેમ્બર હતા, અને સભાનાં કામમાં નાણાં, પુસ્તકો તથા બીજી મદદો કરવાનું કામ શેવટ સુધી ચાલુ રાખ્યું હતું, તથા સભાનાં કામ તરફ હમેશાં પસંદગી બતાવતા હતા."

પ્રકરણ ૧૨ મું.
પરચુરણ.

૧-સભા તરફનાં ખાસ પુસ્તકો, નિબંધો, બંદગીઓ, વગેરે.

આપણી સભા મારફતે તેમજ સભાની તરફથી ઇનામો આપીને અનેક ઇંગ્રેજી તેમજ ગુજરાતી ભાષામાં જાહેર હરીફાઇથી નિબંધો લખાવવા અને પ્રગટ કરવામાં આવ્યા છે, તેમની એક ટીપ બીજા ભાગ ઉપર જોવામાં આવશે. પણ ૧૮૯૩નાં સાલમાં સભાએ એક ખાસ ઇંગ્રેજી નિબંધ નીચલા ખાસ સબબને માટે લખાવ્યો હતો. એ વર્ષમાં અમેરિકાનાં યુનાઇટેડ સ્ટેટસનાં ચીકાગો શેહેર ખાતે ભરાયલાં મોટાં જગપ્રસિદ્ધ પ્રદર્શન વેલા ત્યાં The Parliament of the Religions of the world નામની દુનિયાના ધર્મોને લગતી મહાસભા મળી હતી તેના-સરનશીન તરફથી આપણી સભાના એક સ્થાપક શેઠ દાદાભાઇ નવરોજજી જેઓ ઉપલાં વરસમાં ઇંગ્લંડમાં પાર્લામેંટમાં બિરાજતા હતા તેમને અર્જ થઇ હતી કે ઉપલી મહાસભામાં જરતોસ્તી ધર્મના કોઇ લાયક પ્રતિનિધિની ભલામણ કરવી. મહુંમ શેઠ દાદાભાઇએ ઉપલા સરનશીનને આપણી સભાનું નામ આપવાથી તે માનવંત ગૃહસ્થે આપણી કારોબાર મંડળીને આ પ્રતિનિધિ ચીકાગો ખાતે મોકળવાની વિનંતી કીધી. વળી શેઠ દાદાભાઇએ પોતે આ ભલામણ સભાના પ્રમુખ શેઠ ખ. રૂ. કામાને કરતાં એમ સુચવ્યું હતું કે જો કોઇ લાયક પ્રતિનિધિ મોકળવાનું બની શકતું ન હોય તો આપણા ધર્મના ઓહળા કાનુનો ઉપર એક નિબંધ લખાવીને મોકળી આપવો. કારોબાર મંડળીએ એરવદ સાહેબ શે૦ દા૦ ભરૂચાને પારસી કોમના પ્રતિનિધિ તરીકે અમેરિકા મોકલવાની ખાહેશ બતાવી, અને તેમનાં કરતાં વધારે લાયક ધર્માભ્યાસી બીજો કોઇ મળી શકે એમ હતુંજ નહિ. પણ તેમ નહિ બની શકવાથી કારોબાર મંડળીએ એ કાબેલ એરવદ પાસે આપણા ધર્મને લગતી સર્વ પ્રકારની સમજણ મળી શકે એવો એક નિબંધ લખાવીને તેની પચાશ છાપેલી નકલો સાથ મોકલી આપ્યો હતો. આ નિબંધ

A Brief Sketch of the Zoroastrian Religion and Customs.

એ નામથી ઓળખાય છે, અને તેની બે આવૃત્તિઓ પ્રગટ કરવામાં આવીછે,

સભા તરફની ખાસ પતેત.

"પતેતે બર-ગુજીદેહ, યાને" પાક ભણતરમાંથી કલામો ચુંટી કહાડીને બનાવેલી પતેત," આ નામથી એક પતેત એરવદ શે૦ દા૦ ભરૂચાએ તૈયાર કીધી હતી તે રાહનુમા સભાએ પ્રગટ કીધી હતી. તેની બે આવૃત્તિઓ. પ્રગટ થઇ છે.

ગુજરાતી ભાષામાં ગાયન રૂપી બંદગીઓ.

શેઠ બેહરામજી પેસ્તનજી સુખડિયા નામના એક ગૃહસ્થે વલસાડથી એક પત્ર લખીને સભાની કારોબાર મંડળીને એવી અર્જ કીધી હતી કે "પારસીઓમાં ગજરાતી ભાષામાં એવી એક પણ બંદગી જોડાયલી મારા જાણવામાં નથી કેજે ઉપરથી સર્વે પારસીઓમાં ધર્મનાં કામવાળાં ખાનગી મકાનોમાં છુટથી ગવાતી હોય. પારસીઓ જે હાલ બંદગી કરે છે તે ભાષા બીલકુલ તેઓ સમજતા નથી, પણ જેમ એક પોપટને શીખવી રાખેલા શબ્દો તે બોલી જાય અને તેનો કાંઇબી અર્થ સમજે નહી, તેમ પારસીઓ બંદગીનો સારાઉંશ સમજતા નથી, તેમજ સર્વે ભેગા મળી તે ગાઇ કે બોલી શકતા નથી, માટે ગુજરાતી ભાષામાં બંદગી જોડાયલી હોય તો એક વખત મોહડે શીખી તેની ખુબી શમજીને તેઓ ઉલટથી પોતાની ફરજ ગુજારે. એવી ખાસ બંદગીઓ જોડાઇ હોય અને તે ગાયનની ઢબમા ગવાતી હોય તો કેવું સારૂં, કે જેથી તે જગત કર્તાની યાદમાં જુવાનો કે બુઢા એક સરખી રીતે પોતાની ફરજ ગુજારી શકે."

ઉપલી મતલબને અનુસરતી બંદગી જોડાવવા માટે મજકુર ગૃહસ્થે રૂ. ૧૫૦) નું ઇનામ આપવાની ખાહેશ બતાવેલી હોવાથી સભાએ જાહેર હરીફાઇથી તેવી બંદગીઓની માગણી કીધી હતી, અને જણાવ્યું હતું કે અવસ્તાવાણીની રૂઢીને મળતી ગાયન રૂપી ઓછામાં ઓછી પચીસ બંદગીઓ, સાદી અને સમજ પડે એવી તોપણ અસરકારક ભાષામાં, જુદાજુદા બનાવો તથા હિંગામો અને દરરોજની વખતે વખતની ફરજોને બંધબેસતી, બંદગીની ગંભીરાઇ અને જુદા જુદા પ્રસંગોને છાજતા જુદાજુદા રાગોમાં બનાવવી. આ શર્ત મુજબ લખાઇ આવેલી બંદગીઓમાંથી "હુબાબ" ની નિશાનીવાળી બંદગી તપાસ

નાર કમિટીને ઇનામને લાયક જણાયાથી કારોબાર મંડળીએ તેના બનાવનાર શેઠ ફીરોજશાહ રૂસ્તમજી બાટલીવાળાને ઉપલું ઇનામ આપ્યું હતું. આ બંદગીનાં ગાયનો બબે આનાની કીમતે વેચાયાં હતાં, જેમની છપાઈનો ખર્ચ પણ ઉપલાજ ગૃહસ્થે આપ્યો હતો.

" જરતોશ્તી ધર્મનીતિ " માંના ગાયનો.

સભા તરફથી ગાયનોની એક બીજી ચોપડી ૧૯૧૧ માં પ્રગટ કરવામાં આવી હતી. તેના તરફથી બાહેર પડેલી " જરતોસ્તી ધર્મ નીતિ " ના સાત અંકોમાં આવેલાં ગાયનોનો આ સંગ્રહ છે, જેમાં દાદાર હોરમજદ સંબંધી ૩૧, શુક્રગુજારી અને મોનાજાતનાં ૫, ઇજદ અમશાસ્પંદોની સેતાયશનાં ૯, પેગમ્બર જરતોસ્તની સિફતનાં ૫, અને નીતિની શીખામણ સંબંધી ૪૧ ગાયનો છે. તેની કીમત માત્ર રૂ. ૦। છે.

જુદા જુદા ગૃહસ્થો તરફના નિબંધો.

૧૮૯૫ માં શેઠ ખ. રૂ. કામાએ પોતાની તરફથી રૂ. ૩૦૦ નું ઇનામ આપીને સભા મારફતે જાહેર હરિફાઇથી નીચલી બાબત ઉપર નિબંધ માંગ્યો હતો:—

અવસ્તામાંથી મળી આવતા નેકીની રાહ ઉપર ચાલવાની ઉસ્કેરણી કરનારા કલામો.

આ નિબંધ માટે વારંવાર મુદત વધારી આપ્યા છતાં તે લખાઇ આવ્યો ન હતો:—

તેજ વરસમાં ડાο હોરમજજી લીમજીભાઇ બાટલીવાળાએ રૂ. ૧૦૦ નું ઇનામ આપીને નીચેલી બાબત ઉપર જાહેર હરીફાઇથી સભા મારફતે નિબંધ લખાવી માંગ્યો હતો:—

" ધુપનીરંગ અને આફ્રીનગાનમાં યાદ કરવામાં આવતાં નામીચાં નરનારીઓનાં ભલાં કામોની નોંધ. "

આ નિબંધ બે ગૃહસ્થો તરફથી લખાઇ આવ્યા હતા, અને તપાસનાર કમિટીને તે બન્નેને ચઢ ઉતર ઇનામને લાયક જણાયાથી ખાο બο બહમનજી બેહરામજી પટેલને રૂ. ૧૦૦) નું અને એરવદ મીનોચેહરજી માણેકજી રાવને રૂ. ૫૦ નું ઇનામ ડૉο બાટલીવાળાએ આપ્યું હતું.

રૂ. ૫૦૦) નું ઇનામ આપીને શેઠ ખ. રૂ. કામાએ એક ઇંગ્રેજી નિબંધ નીચલા વિષય ઉપર જાહેર હરીફાઇથી લખાવ્યો હતો :—

જરતોશતી પવિત્રાઇઃ

યાને જરતોસ્તી મજહબ પ્રમાણે, માણસો અને વસ્તુઓને સ્વચ્છ રાખવાના કાયદા; અથવા તબીબી વિદ્યા મુજબના ખુલાસાવાર સબબો સાથનો

Zoroastrian Sanitary Code.

આ નિબંધ ડૉ૦ સોહરાબજી એદલજી દુબાશ, એલ. એમ. એન્ડ એસ. એઓએ લખ્યો, કે જે માટે તપાસનારી કમિટીની ભલામણ ઉપરથી તેમને ઉપલું ઇનામ મળ્યું હતું.

શેઠ કામાજી તરફનો ત્રીજો નિબંધ રૂ. ૧૨૫) નાં ઇનામનો આ સમજણ પ્રમાણેનો હતોઃ—

અશો જરતોશતની શાગેર્દીઃ

યાને પેગમ્બર સાહેબનાં ફરમાનોમાંનાં થોડાં થોડાં જરતોસ્તીઓને દરરોજ વાંચવાને તથા મનન કરવાને બની આવવા માટે વરસના ૩૬૫ દાહડામાંના દરેક દહાડાનાં નામની મતલબને વધતાં યા ઓછાં બંધબેસતાં આવે એવાં ફરમાનો અવસ્તાવાણીમાંથી ટાળવી કાહડી તેમને બારે મહિનાના દરેક રોજની નીચે લાગુ પડે એવી રીતે ગોઠવીને એક સંગ્રહ બનાવવો.

બે તરફથી આ નિબંધ લખાઇ આવ્યો હતો, જેમાંનો એક તપાસનાર કમિટીને સારો જણાયાથી તેના લખનાર મી૦ પા. બ. દેશાઇને ઉપલું ઇનામ મળ્યું હતું. આ નિબંધ તેના લખનારે "જરતોસ્તી જવાહીરો," એ નામે પ્રગટ કીધો હતો.

"અવસ્તાઇ જમાનાનું રાજગીત"

આ વિષય ઉપર શેઠ ખ. રૂ. કામાએ એક ઇનામી કાવ્ય જાહેર હરીફાઇથી લખાવી માંગ્યું હતું. તેના સંબંધમાં એવી માંગણી થઇ હતી કે જરતોસ્તી જશનો વેળા આફ્રીનગાન ભણાય છે તેમાં 'આફ્રીનામી ક્ષથીઆને દંધુપઇતિ' નામનો એક કરદો આવે છે, જેમાં દેશના પાદશાહને માટે દુઆ પઢવામાં અને આફ્રીન કરવામાં આવે છે, તથા

તેને માટે ઉત્તમ ચીજો દાદાર હોરમજદ પાસેથી માંગવામાં આવે છે. એ કર્દા ઉપરથી શાહનામાંની બેતોના વજન ઉપર ગુજરાતી બેતોનું ગાણું બનાવવું. આ માટે પ્રથમ રૂ. ૫૦ નું ઇનામ ઠરાવ્યું હતું, અને નવ કાવ્યો લખાઇ આવ્યાં હતાં, તેમાંનું એક પણ તપાસનાર કમિટીને પસંદ નહિ પડવાથી ઇનામની રકમ રૂ. ૧૦૦) ની કરવામાં આવી હતી. બીજીવાર સાત ધણીઓએ હરીફાઇ કીધી, પણ કમિટીને એમાંનું પણ એકે કાવ્ય ફતેહમંદ જણાયું નહિ. અંતે ઇનામની રકમ રૂ. ૧૫૦) ની કરીને એક જાણીતા કવિને તે રચવાનું કામ સોંપવામાં આવ્યું. તે બાબે છેવટનો અભિપ્રાય અપાય તે આગમજ શેઠ કામાજી મરણ પામવાથી કારોબાર મંડળીએ સભાનાં ફંડમાંથી ઉપલું ઇનામ આપવાની ખાહેશ બતાવીને અસલ કાવ્યમાં કાંઇક સુધારો કરવા ચાહ્યું. પણ તેનો કશો નિવેડો આવ્યો નથી.

"પારસી ઓરતોની માસિક અડચણ; તે બાબેનાં જરતોશ્તી ફરમાન અને તે સંબંધી ચાલતી આવેલી રસમ."

આ બાબેનું રૂ. ૧૫૦) નું ઇનામ ડૉ૦ હોરમજજી લીમજીભાઇ બાટલીવાળાએ આપવાનું સભા મારફતે જાહેર કરાવ્યું હતું.. દશ ગૃહસ્થો તરફથી લખાઇ આવેલા નિબંધોમાંથી ડૉ૦ સોહરાબજી એદલજી દુબાશ, એલ. એમ. એન્ડ એસ. નો નિબંધ તપાસનાર કમિટીને ઇનામને લાયક જણાયાથી તેમને તે આપવામાં આવ્યું હતું. આ નિબંધ છપાઇ પ્રગટ થયલો છે.

"Ahura Mazda as conceived by Zoroaster in the Gathas."

અશો જરતોશ્તે પોતાના ગાથા રચતી વેળા અશો હોરમજદ વિશે કેવા વિચારો બાંધ્યા હતા અને કેવા સખુનો વાપર્યા હતા તે વિશે.

શેઠ ખુ. રૂ. કામા તરફનો રૂ. ૨૫૦) નાં ઇનામનો ઉપલો ઇંગ્રેજી નિબંધ બે ધણીઓએ લખ્યો હતો તેમાંથી મી૦ ધનજીશાહ મેહરજીભાઇ માદન એમ. એ. નો લખેલો તપાસનાર કમિટીને પસંદ પડવાથી તેમને ઉપલું ઇનામ મળ્યું હતું.

અશો જરતોશતના ગાથા અહુનવદતિઃ તરજુમો તથા સમજણ.

આ નામથી રૂ. ૪૦૦ નાં ઇનામનો એક ઇંગ્રેજી નિબંધ સભાએ પોતાની તરફથી લખાવી માગ્યો હતો. સભાના મહુંમ સરનશીન શેઠ નવરોજજી ફરદુનજીની યાદગારી માટેનો આ નિબંધ હતો, જે માટેની માંગણી એટલીજ હતી કે હોનવદ ગાથાના સાત હાઓનો સમજ પડે એવી ભાષામાં ઇંગ્રેજીમાં તરજુમો આપવો, અને દરેક ફકરાનો વિગતવાર ખુલાસારૂપી ભાવાર્થ સમજાવવો."

આ નિબંધ બે ગૃહસ્થોએ લખ્યો હતો, પણ તપાસનાર કમિટીને તેઓમાંથી જે એક પસંદ પડયો તે શેઠ ધનજીશાહ મેહરજીભાઇ માદનનો લખેલો જણાયો, જેમણે ઉપલું ઇનામ આપવામાં આવ્યું હતું. આ ઇંગ્રેજી નિબંધ નીચલે નામે સભા તરફથી છપાવી બાહેર પાડવામાં આવ્યો છેઃ—
" Study of the Gathas : Part I—Gatha Ahunavaiti."

[આ ઇંગ્રેજી પુસ્તકનો ગુજરાતી તરજુમો સભાએ પોતાના મુનશી ભાઇ પા૦ બ૦ દેસાઇ પાસે લખાવી ૧૯૨૧નાં સાલમાં પ્રગટ કીધો છે.]

" ગુજરેલાંઓ પછવાડેની ક્રિયાઓ."

શેઠ અરદેશર સોહરાબજી દસ્તુર કામદીન જેઓ સભાના સભાસદ ન હોવા છતાં તેના તરફ દિલસોજી ધરાવતા હતા તેઓએ ૧૮૯૮ માં એક પત્ર લખી એવી ખાહેશ બતાવી હતી કે "ગુજરેલાંઓ પછવાડેની ક્રિયાઓ" એ નામનો એક નિબંધ જાહેર હરીફાઇથી લખાવી માંગવો અને જે રેસાલો સર્વેથી સરસ જણાય તેના લખનારને રૂા. ૨૫૦) નું ઇનામ આપવાને તેઓ ખુશી છે. આ અર્જ કારોબાર મંડળીએ સ્વીકારવાની દીલગીરી સાથ ના પાડી; કારણ કે એજ વિષય ઉપર સભા તરફથી એક નિબંધ તૈયાર થતો હતો અને તેનું કામ ઘણું આગળ વધ્યું હતું. આ ઉપરથી શેઠ કામદિને સભા ઉપર રૂ. ૫૦) ની રકમ એવું જણાવીને મોકલી આપી કે સભા તરફનો ઉપલો નિબંધ છપાવવાના ખર્ચમાં તે વાપરવી. આ બક્ષેશ કારોબાર મંડળીએ ઉપકાર સાથ કબુલ રાખી હતી.

" રીસ્તિસ્તાન, યાને ગુજરેલાં જરતોશતીઓની ક્રિયાઓનું વર્ણન."

આગલાં પ્રકરણમાં સફે ૨૦૪ થી ૨૧૦ સુધીમાં એરવદ શે૦ દા૦ ભરૂચાએ રચેલાં જે કીમતી પુસ્તક બાબે ખુલાસો આવી ગયો છે તે ઉપલે નામે ૧૯૧૭ નાં સાલમાં સભાની પરવાનગી મેળવીને શેઠ હોશંગ તેહમુરસ અંકલેસરિયાએ છપાવી પ્રગટ કીધો હતો.

૨–અન્જુમનનાં આતશ બેહેરામમાં સભા તરફનાં ભાષણો.

સભાનાં કામને વગોવવા માટે ઉભી થયલી એક નવી મંડળીના બે મધેના એક સેક્રેટરિ તેજ અન્જુમનનાં આતશબેહારામના બે સેક્રેટરીઓ મધેના એક હતા તે વેળા ૧૮૯૮ નાં સાલમાં આપણી સભાના સરનશીન શેઠ ખ. રૂ. કામાએ "એક ગુજરેલા જરતોસ્તી પછવાડેની ક્રિયાઓ" એ નામથી એક જાહેર ભાષણ આપનાર હોવાથી તે ઉપલા આતશબેહરામમાં આપવાના ઈરાદાથી તે માટેની રજા તેના સેક્રેટરિઓ કનેથી મંગાવવામાં આવી, પણ કશુંએ કારણ જણાવ્યા વિના તે ભાષણ માટે પરવાનગી આપવાની તે સેક્રેટરિઓએ ના પાડી. એજ રીતે એ બનાવની આગમજ શમ્સ ઉલ ઓલમા એરવદ જીવનજી જમશેદજી મોદીએ પણ આપણી સભા તરફથી આપવા માગેલાં એક ભાષણ માટેની રજા એજ સેક્રેટરિઓએ આપવાની ના પાડી હતી, જે વેળા તેઓએ સભાને "ચેતવણી" આપી હતી કે આતશબેહરામનાં મકાનમાં "ધર્મ વિરૂધની અથવા તકરારી બાબતમાં વિવેચન કરવાની મનાઇ છે." એટલા માટે કારોબાર મંડળીને લાગ્યું કે શેઠ કામાજીવાળાં મજકુર ભાષણને પણ "ધર્મ વિરૂધનું અથવા તકરારી બાબત" નું સમજીને તે માટે જોઇતી રજા આપવામાં આવી ન હશે.

આમ સમજીને મંડળી તુરત વેળા ચુપ રહી હતી, એટલામાં ઉપલા અટકાવ પછી થોડેજ દાહડે એક બીજા ભાષણ કર્તાને ઉપલાંજ

મકાનમાં ભાષણ કરવાની પરવાનગી મળી, કે જેનું મથાળુંજ કહી આપતું હતું કે તે તકરારી હતું. આ ભાષણ આપણી સભા તરફ ખુલ્લો શત્રુભાવ દેખાડનારૂં હોવું જોઇયે એવું તેનાં આ મુજબનાં નામ ઉપરથી જણાતું હતું કે—"રાહનુમાયવાળાઓની તરફથી અપાયલા ખોટા વિચાર આચારનો રદ જવાબ." આ ભાષણ અપાયા પછી તે છાપામાં પ્રગટ થયું; ત્યારે જણાયું કે તે માત્ર તકરારીજ ન હતું, પણ તેમાં આપણી "સભાના આગળા વખતનાં ખેરખાહો અને મદદગારે ઉપર તેમના ગુજરી જવા બાદ તેમની પીઠ પાછળ ઘણોજ ખોટો અને સરતાપા ગલત હુમલો કરવામાં આવ્યો હતો, એટલુંજ નહિ પણ તે મહુંમ ગૃહસ્થો જેઓ આપણી કોમના ચુનંદા અને દેશહિતકારી નર તરીકે આખી કોમના લોકોનું માન, ચાહ અને વિશ્વાસ મેળવી ગયાછે તેઓની ઉંચે દરજજેની આબરૂને હીણું લગાડનારૂં અને તેઓને બદ બોલનારૂં ઘણુંક બેલગામ અને બેજુબાન તે ભાષણકર્તાના મોંહમાંથી બોલાયું હતું." આ સઘળા ગલત અને બદનક્ષી ભરેલા સખુનોના ઉતારા કરીને એક ઘણોજ સભ્યતા ભરેલો પત્ર સભા તરફથી આતશ બેહરામની કમિટીના ઉપર જણાવેલા સેક્રેટરિઓ ઉપર લખવામાં આવ્યો, જેમાં છેવટે એમ જણાવવામાં આવ્યું હતું કે—

"તમો સાહેબોનું પાક મકાન એક જાહેર ખાતું છે તેને 'અનજુમનના આતશ બેહરામ' લેખે તમો સાહેબોએ નામ આપ્યું છે, તો એવાં એક જાહેર મકાનમાં 'તકરારી બાબત' હોવાને બાહણે તમો સાહેબો એક આપણા પાક મજહબની સાચી રાહનુમાઇનાં અને દીન આઇનને અનુસરતાં ભાષણનો અટકાવ કરો, અને બીજાં 'તકરારી' જ નહી પણ તકરારી કરતાં વધારે વાંધા ભરેલાં ભાષણની છુટ મુકો એ ગેરરીતી તરફ અમારી કારોબાર મંડળી તમારી કારોબાર મંડળીનું ધ્યાન ખેંચવા માગે છે."

આમ લખીને છેલ્લે આશા બતાવવામાં આવી હતી કે "અમારી "સભા સાથે તમો સાહેબો તરફથી જે ધોરણથી કામ લેવામાં આવ્યું "છે તેવી રીતે હવે પછી નહી થાય તે વિષે તમારી કારોબાર મંડળી "ઘટતો બંદોબસ્ત કરશે."

આ બહુજ સભ્યતા ભરેલા આપણા પત્રના જબાબમાં સાડાચાર મહિને આતશબેહરામના સેક્રેટરીઓએ પોતાની કમિટીની સભામાં એકમતે થયલો ઠરાવ ઉતારી મોકલ્યો, પણ સભાનાં ભાષણના સંબંધમાં થયલી ગેરરીતિ બાબે એક અક્ષર પણ લખવાના અખાડા કીધા. તે ઠરાવ ભવિષમાં કોઇને પણ ઉપયોગી થઇ પડશે એમ સમજી આ ઠેકાણે ઉતારી લઇશું:—

"ઠેરાવ—હવે પછી જે કોઇ ગ્રહસ્થ આતશ બેહરામ શાહેબનાં હૉલમાં કશીપણ બાબદ ઉપર ભાશણ કરવાની રજા માંગે તેઓને જણાવવું કે તેવણે પોતાનાં ભાશણમાં કોઇ પણ હઇઆત અથવા બેહેશતનશીન ગ્રહસ્થ ઉપર અણઘટતા ટીકા કરવા નહી તથા હલકા શબદો વાપડવા નહી. દરેક ભાશણ કાંઇ પણ રીતે આપણાં ધરમ તથા સંસાર વીગેરે સંબંધી હશે તોજ આ મુકામમાં ભાશણ કરવાની પરવાનગી આપવામાં આવશે. કાંઇબી તકરારી અથવા ધરમ સંબંધી બાબદપર બનતાં સુધી ભાશણ કરતાઓએ વીવેચન કરવું નહી."

પણ જેણે તુરતનાજ દિવસો આગમજ તેમ કીધું હતું તેનાં તે કામ તરફ કમિટીનું ધ્યાન ખેંચ્યા છતાં તેણે તેના સંબંધમાં કેવળ ચૂપકીદી પકડેલી રાખીનેજ સંતોષ મેળવ્યો !

૩-સભા તરફથી કદરશનાસી.

આપણી સભાનાં ૧૭ માંથી ૨૩ માં વરસ સુધીના કારોબાર મંડળીના એહવાલમાં નીચલી બે નોંધ જોવામાં આવે છેઃ–

(૧) "શેઠ જમશેદજી લીમજીભાઇ અપુએ ૧૧ વરસ સુધી આએ સભાના મુનસીનો હોધો તસદી લઇ બજાવેઓ હતો તેના બદલમાં તમારી કારોબાર મંડળીએ એ ગરહસથને રૂ ૫૦૦) ભેટ આપેઆ હતા."

(૨) "ભાઇ પેશતનજી દાજીભાઇ ઉનવાલાને સેક્રેટરીનો હોધો આપતી વેલા તમારી કારોબાર મંડલીએ હેવો ઠરાવ કીધો હતો જે સભાના ચડી ગએલા લવાજમ તથા હવે પછીના લવાજમ વગેરે વસુલ કરવા સંબંધી તથા રાહનુમાએ માજદીઅશના સભાના ખરચ સંબંધી

કામ ઉપર ઉપરીપણું ચલાવવા સારૂં સેક્રેટરીને દર સાલ રૂ. ૩૦૦) આપતા કરવા.

"બાઇ પેશતનજી હાજીબાઇ ઉનવાલાએ સેક્રેટરીનો હોદ્દો લીધા પછી તરીજે વરસે ઉપલો લવાજમ લેતો બંધ કીધો છે."

શેઠ ફીરોજશાહ રૂસ્તમજી બાટલીવાળા, જેઓ "ફીરોજ" ના તખલ્લુસથી લોકપ્રિય ગાયનો જોડનાર તરીકે પ્રખ્યાત હતા, તેઓ સભા તરફની વખતો દરમિયાન ગીત મંડળની ગાનારીઓને તેમજ બાળકોને ઈનામો આપવાના મેળાવડા વેળા ગાનારી બાળકીઓને ગાયન શીખવી તૈયાર કરવામાં જે કીમતી મદદ શુરૂઆતથી આપતા આવ્યા હતા તેમનાં એ કામની નજીવી પીછાન તરીકે કારોબાર મંડળીએ તેમને ઉપકાર પત્ર જોડે બે મરતબે "ઓનોરેયંમ" ભેટ કીધાં હતાં.

૪–સભાનાં ફંડો.

આપણી સભાની સ્થાપના પછીનાં પેહલાં વરસમાં તા. ૩૦ મી સપટેમબર ૧૮૫૨ ને દિને અત્રેના કમરસ્યલ બેંકમાં તેનું રૂ ૩૫૦૦ જેટલું નાણું જમા હતું. આ નાણું દર સાલ થોડું થોડું વધીને ૧૮૬૩-૬૪ નાં સાલમાં રૂ ૧૪૬૪૩ જેટલું થવા પામ્યું હતું. પણ એ નાણાંનો એક ભાગ શેરસટાના વખ્તમાં ડુબી ગયો તે બાબે કારોબાર મંડળી તરફના એહવાલમાં આ પ્રમાણેનો ખુલાસો આપવામાં આવ્યો હતો:—

"તમારી કારોબાર મંડલી જણાવવાને દલગીર છે કે અતરેની 'કમરશીઅલ બેંક કારપોરેશન' ભાગાથી એ બેંક મધે આ શભાને હીશાબે જે પંદર શેર રાખેલા હતા તે નાણું તદન ડુબી ગીઉં છે અને તે ઉપરાંત એ શેરના કાલના બીજા રૂ ૧૫૦૦) અંકે પંદરશોઓ તમારી શભાની પુંજી મધેથી આપવા પડેઆ છે. ખરચ તથા એ નુકશાન બાદ કરતાં આ શભાની નકી પુંજી રૂપીઆ ૧૦૯૯૯–૯–૦ ની રહી છે."

એ પછી ૧૮૬૮ થી ૧૮૭૦ સુધીના પોતાના એહવાલમાં ઉપલીજ ખોટના સંબંધમાં આ પ્રમાણેની નોંધ કરવામાં આવી હતી:-

"ઉપલો એહવાલ તમો સાહેબોને જણાવેઆ પછી તમારી કારોબારી મંડલી આ વેલા વધારે દીલગીરી સાથે જણાવેછે કે એ (યાને કમરસ્યલ) બેંકનો બીજી વારનો દર શેરે રૂ ૪૦) લખેનો કાલ કાડવાથી આપણાં ફંડ મધેથી ૧૫ શેરના બીજી વારના રૂ ૬૦૦ આપવા પડેઆ હતા. જેઓએ પોતાના શેરના બે વાર કાલ ભરેઆ હોએ તેઓને દર શેર દીથ પાંઉડ એકને હીસાબે વેંહેંચણી આપવાથી આપણા ૧૫ શેરના રૂ ૧૫૦) પાછા મલેઆ હતા તે બાદ કરતાં એ બેંક ભાગવાથી આપણી સભાને રૂ. ૫૭૦૦ નું નુકસાન થયું હતું."

તા. ૧ લી મે ૧૮૬૮ થી તા. ૩૦ મી એપરેલ ૧૮૭૫ સુધીનાં સાત વરસના આવક ખર્ચના ખજાનચી શેઠ ખુ૦ નો૦ કામાજી તરફના હિસાબ પ્રમાણે ઉપલા એહવાલમાં જણાવ્યું હતું તેમ-

"એ સાત વરસોમાં મીજલશીઓ પાસેથી મલેલા લવાજમના તથા બખશેશના અને ઉઠમણા વગેરેમાં ભરાએલા રૂ ૧૮૦૦) તથા વેઆજના રૂ ૧૫૩૭) અને 'જરતોશત નામુ' તથા 'દુવા નામ શેતાએશને' ના રીસાલાની નકલો વેચી તેના રૂ ૫૧૨ મલીને કુલે ઉપજ રૂ. ૪૬૪૯ ની થાઇ હતી, તથા એજ મુદતમાં એકંદર ખરચ ૫૫૨૭ નો થયો હતો. આ ખરચ કરતાં તથા કમરશીઅલ બેંકના શેર ૧૫ નું નાણું ડુબત જતાં હાલમાં આપણી નકી પુજીની સીલક બાકી રૂ ૫૫૩૧-૧૧-૯ પઇની રહી છે."

આ પછી ૧૮૮૨ માં સભા હસ્તક બે ફંડો થયાં, એક ઉપલું જુનુ, અને બીજું ધર્મશિક્ષણ અને વાઅજો માટેનું નવું. એ બન્ને મલીને તા. ૩૦ મી એપ્રેલ ૧૮૮૨ ને દિને આપણી કને એકંદર ૩૨૪૩૦૬ ની રકમ જમા થઇ હતી.

૧૮૮૨ માં સભાને રૂ. ૧૦,૦૦૦) ની બક્ષેશ શેઠ ફરામજી એદલજી કોહલાપુરવાળાએ કીધી, અને એ રકમ અનામત રાખીને તેનું ત્રીજું ફંડ બનાવવામાં આવ્યું, એવી મતલબથી કે તેનાં વ્યાજમાંથી જરતોસ્તી ધર્મને લગતાં પુસ્તકો રચાવવાં તથા છપાવી પ્રગટ કરવાં, તથા ધર્મની

કેળવણી આપવી. આ રકમના સંબંધમાં નીચે પ્રમાણેની મતલબની શર્ત કરવામાં આવી હતીઃ-

આ રકમ અનામત રાખી સભાનાં ખાતાંનાં દફતરમાં "મર્હુમ શેઠ ફરામજી એદલજી કોલાપુરવાળાની યાદગારી માટે કરેલું ધર્મ ખાતું" એવાં નામથી ખાતું પાડવું, અને તેનું જે વ્યાજ ઉપજે તે "જરતોસ્તી ધર્મને લગતાં જ્ઞાનનો ફેલાવો કરવા સારૂં ધર્મ સંબંધી પુસ્તકો રચાવવા છપાવી પ્રગટ કરવા તથા જરતોસ્તીઓનાં ફરજંદોને ધર્મની કેળવણી આપવાનાં" કારણસર વાપરવું. કોઈ વેળા કોઇબી કારણસર ઉપલી મતલબનો ખર્ચ કરવાને કદી બને નહિ તો હરેક જરતોસ્તી ધર્મનાં કારણસર એ રકમનું વ્યાજ વાપરવાનો રાહનુમાએ માજદયસ્નાન સભાની કારોબાર મંડળીને એખ્તિયાર છે. આ વ્યાજમાંથી "જરતોસ્તી ધર્મ તથા નીતિને લગતી કેળવણી આપવાને લાયકના ઇનામના રેસાલા તથા ચોપડીઓ રચવા તથા છપાવી પ્રગટ કરવા તથા જરતોસ્તીઓએ સ્થાપેલી નિશાળોને બરની પાઠમાળા બનાવી, નિશાળોમાં બનતાં સુધી દાખલ કરાવી તેની મારફતે જરતોસ્તી બાળકોને ધર્મનીતિની કેળવણી આપવાનાં કામોમાં વાપરવું."

શેઠ કોલાપુરવાળા=વાળી ઉપલી રકમનું વ્યાજ ૧૮૯૬ સુધી સભા તરફની પાઠમાળાના અંકો છાપવાના કામમાં ખર્ચીને બાકી વધેલી રકમ જનરલ ફંડમાં જમે થતી હતી. પણ એ પછી એવો ઠરાવ થયો કે છપામણી ઉપરાંત વધતી રકમ જનરલ ફંડમાં નહિ લેતાં રૂ. ૧૦ હજારનાં અસલ ફંડનો હિસાબ જુદોજ રાખવો, અને ઉપલી વધારાની રકમ સભા તરફથી અપાતાં ભાષણો અને વઅજો અને કેળવણીને લગતાં ચોપાનિયાં વગેરે છાપવાના ખર્ચમાં વાપરવી.

ઉપલાં ચાર ફંડોમાં ૨૯૨૦ થી એક નવું વધ્યું છે, કે જે મર્હુમ એરવદ શે૦ દા૦ ભરૂચાની યાદગીરી માટે સભાએ પોતે ઉભું કીધેલું ફંડ છે, જેની નેમ એવી રાખવામાં આવી છે કે જરતોસ્તી ધર્મ અને સાહિત્ય ખીલવે એવાં કોઇ પણ કામ સારૂં" તેનું વ્યાજ વાપરવું.

આમ થવાથી સભા હસ્તક નીચલાં પાંચ ફંડો ચાલુ થયાં છે જેમને ખાતે છેલ્લામાં છેલ્લા હિસાબ મુજબ નીચે પ્રમાણેની રકમ જમા થયલી છે:—

જૅનરલ ફંડ...	૧૦૭૫૮
ભાષણ અને વએજનું ફંડ	૫૮૪૬
કેળવણીનું ફંડ	૬૬૦૪
શેઠ કોલાપુરવાળાનું ફંડ	૧૩૫૮૦
એરવદ શેહરિયારજીની યાદગારીનું ફંડ	૭૩૧૭

એકંદર રૂ. ૫૧૧૪૬ ની ઉપલી રકમમાં રૂ. ૩૦૫૦૦ જુદાં જુદાં અનામત રાખેલાં ખાતાંઓના છે, જેમનું ફક્ત વ્યાજ વાપરવાની શરત છે.

સમાપ્ત.